શ્રી તીર્થંકર પ્રણિત ત્રીજું ઊપાંગ.

A6456

શ્રી

# જીવાભીગમ સૂત્ર

## સંપૂર્ણ ભાષાંત્તર—પ્રશ્નોત્તર રૂપે.

ભાષાંત્તર કર્તા અને છપાવી પ્રગટ કરનાર,

**કોઠારી નીમચંદ હીરાચંદ, ગોંડળ.**

આવૃત્તિ પહેલી

વીર સંવત ૨૪૩૯. વિક્રમ સંવત ૧૯૬૯.

ભાષાંત્તર કર્ત્તાએ સર્વ હક્ક સ્વાધિન રાખેલ છે.

ગોંડળ.

ધી "ગોંડળ ટાઉન પ્રીન્ટીંગ પ્રેસ."

માલેક પારેખ કાનજી હરસતજી

કિમ્મત રૂ.

751

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના.

સંવત ૧૯૩૬ની સાલમાં ગોંડળમાં મહાપુરૂષ શ્રી ૭ જેચંદજી સ્વામીનું ચતુર્માસું થવાથી શ્રી જીવાભીગમ સૂત્રની પ્રત ૧ તેમના તરફથી મને વાંચવા મળી જે પ્રત પોતે કચ્છમાંથી લાવેલ હતા; તે પ્રત મેં વાંચી તે ઉપરથી તેનું ગુજરાતીમાં પ્રશ્નોત્તરરૂપે આખા સૂત્રનું ભાષાંત્તર કરવાથી સાધારણ વર્ગના શ્રાવક ભાઇઓને ઉપયોગી થાય એમ જણાયાથી તેમ કરવા મારૂં મન ઉત્સુક થયું. જેથી સંવત ૧૯૩૮ની સાલમાં તેનું રફ કરવામાં આવ્યું.

ત્યાર બાદ ગોંડળ સંઘાડાના પટોધર પૂજ્ય સાહેબ શ્રી૭ દેવજી સ્વામીની પોતાની તેમજ તેમના ભંડારના પુસ્તકોની સાહાયથી સંવત ૧૯૪૦ ની સાલમાં રફ ઉપરથી ફેર કરવામાં આવ્યું જોકે તે પુસ્તક તરતમાં છપાવવાનો વિચાર હતો; પણ કેટલાએક સંયોગોને લઇને અત્યાર સુધી જેમનું તેમ પડતર રહ્યું હતું.

સંવત ૧૯૬૮ની સાલનું ચતુર્માસું ગોંડળ સંઘાડાના સુ સાધુ મહામુનિ જાદવજી સ્વામી સાથે તેમના સુ શિષ્ય મહાપુરૂષ નાનચંદજી સ્વામી તથા મહાપુરૂષ પુરૂષોત્તમજી સ્વામી તથા મહાપુરૂષ સવજી સ્વામી (મહાપુરૂષ જેચંદજી સ્વામીના શિષ્ય) નું ગોંડળમાં થતાં કેટલાએક શ્રાવક ભાઇઓ દરમ્યાન શ્રી જીવાભીગમ સૂત્ર વિષે ચર્ચા થતાં તેમનો અભિપ્રાય ને આગ્રહ છપાવી બહાર પાડવાનો થયો. લાંબી મુદ્દત થયાં પડતર રહેવાથી ફરી સંશોધન કરવા મહાપુરૂષ શ્રી૭ જાદવજી સ્વામીને વિનંતિ કરવામા આવી, તે હર્ષ સાથે સ્વીકારતાં પોતાના સુ શિષ્ય મહાપુરૂષ પુરૂષોત્તમજી સાથે ઘણા ખંત, ઉત્સાહ ને શ્રમથી સંશોધન કરી ઘણો ઉપકાર કર્યો છે તેને માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આવી રીતે બીજા મહાત્મા પુરૂષો તે મહાત્માનો ધડો લઇ ઉદ્યમી થઇ પોતાના વખતનો સદ્ ઉપયોગ કરે તો ઘણું પ્રસંશનિય ને જ્ઞાન વૃદ્ધિના કારણ બની ઘણો ઉપકાર કરી શકે.

ઘણા શ્રાવક ગૃહસ્થો લાભ લઇ શકે એ હેતુથી જોકે ગુજરાતીમાં કરવામાં આવ્યું છે, પણ મૂળ સૂત્ર સાથે મેળવતાં સુગમતાથી મેળવી શકાય તેટલા માટે ભાષાનો મોટો ફેરફાર કરવામાં આવ્યો નથી. એટલે કે શુદ્ધ ગુજરાતી હાલની શૈલીમાં કરવાથી મૂળ સિદ્ધાંત સાથે મુકાબલો કરવામાં ફેરફાર લાગે નહીં તેટલા માટે સિદ્ધાંતશૈલી કાયમ રાખવામાં આવી છે, તે જોકે આજના જમાનાવાળાને ઘડીભર ઉથડક લાગવા સંભવ માનીએ તોપણ મૂળમાં વિરૂદ્ધ ન આવે તે તરફ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.

વળી જીવાભીગમજી સૂત્રમાં જ્યાં જ્યાં શ્રી પનવણાજી સૂત્રની ભળામણ આપવામાં આવી છે ત્યાં ત્યાં જરૂર જણાતી બાબતો ત્યાંથી ઉમેરવામાં આવી છે, એટલુંજ નહીં પણ બની શકતા લગતા વિષયોનો બીજા સિદ્ધાંતો વિગેરેના આશ્રયથી ઉમેરો કરવામાં આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવંતે શાસ્ત્રોને વિષે ત્રણ પ્રકારના આગમ (સિદ્ધાંત) કહ્યા છે. **सूतागमे, अथागमे, तदुभयागमे.** સુતાગમે તે મૂળપાઠ અથાગમે તે મૂળપાઠનો અર્થ અને તદુભયાગમે તે મૂળ પાઠ અર્થ સાથે "આ શ્રી જીવાભીગમજી સૂત્રનું સંપૂર્ણ ભાષાંત્તર પ્રશ્નોત્તર રૂપે" એ અથાગમે કહેવાય એ સૂત્રસાખ સમજવી.

વળી કેટલાએક કહે છે કે—શ્રાવક સૂત્ર વાંચે તો અનંત સંસારી થાય. શ્રાવકને સૂત્ર વાંચવાનો અધિકાર નથી. શ્રાવકને તો **"लध्धठा, ग्रहीयठा, पुछीयठा"** એટલે લાધ્ધા છે. અર્થ જેને. ગ્રહ્યા છે અર્થ જેને ને પુછ્યા છે અર્થ જેને. એટલે મતલબ કે શ્રાવક અર્થરૂપે ગ્રહી શકે, પણ મુળપાઠ વાંચી શકે નહીં વિગેરે વિગેરે કહે છે, પણ તે સર્વે ખોટું કહે છે. કારણ કે તિર્થંકર પરમાત્માની વાણી અર્થરૂપે કહો કે પાઠરૂપે કહો કે અર્થપાઠ બન્ને રૂપે કહો એ બધું સિદ્ધાંતજ છે તેમાં ભેદ પાડવો તે ભરમાવવા જેવું છે માટે તાત્પર્ય તો એટલોજ છે કે તે તિર્થંકરની વાણી માટે ચારે તિર્થ, સાધુ, સાધવી, શ્રાવક ને શ્રાવિકા હકદાર છે. કોઇને પણ વાંચવાનો કોઇપણ સિદ્ધાંતમાં પ્રતિબંધ ભગવંતે કરેલ નથી.

વળી ભગવંત તિર્થંકરની વાણી કહેવી છે? અમીય સમાણી (અમૃત સરખી) અનંત અનંત, ભાવ, ભેદ, નય, નિક્ષેપની ભરેલી સકળ જગતને તારવાવાળી, સકળ જગતને હીતકારી, સકળ મોહને ટાળવા વાળી, ભવાબ્ધિને તારવા વાળી, મોક્ષને આપવા વાળી, શંશયને હરવાવાળી, જેનું માપ કોઇથી થઇ શકે નહીં, જેનું માપ કરતાં પોતાની બુદ્ધિ મપાય એવી, જેને કાંઇ ઉપમા આપી શકાય નહીં જેના વખાણ હજારો જીભ વડે થઇ શકે નહિ. અહાહા !!! એવી વાણી વાંચતાં અનંત સંસારી થાય !!! શું બુદ્ધિ !!! શું સમજણ !!! અમૃત ખાતાં કોઇને ઝેર ચડયું સાંભળ્યું છે? કદી કોઇ કારણે અમૃત ખાતાં ઝેર ચડે પણ નિરવીકારી તિર્થંકરની વાણી વાંચતાં અનંત શંશારી થાય !!! એતો અક્કલ બાહિરની વાત જણાય છે. ત્યારે તેમ કહેનારનો હેતુ શું હોવો જોઇએ–તેનો ઉત્તર એટલોજ કે કહેનારનો આશ્રય શ્રાવક વર્ગને અજ્ઞાનતા રાખવામાં કાંઇક પણ મોટો હેતુ હોવો જોઇએ! તે જેમ શ્રી જ્ઞાતા સૂત્ર નવમે અધ્યયને રયણા દેવીએ જીનરક્ષને જીનપાળને દક્ષણના વનમાં જવાની મનાઇ કરી તેમ! (મતલબ જીનરક્ષ ને જીનપાળ દક્ષણના વનમાં જાય તો રયણા દેવીના હાથમાં ન રહે ને હકીકત પણ એવીજ બની કે જીનરક્ષ ને જીનપાળ દક્ષણના વનમાં ગયા છે સૂળાયે પરોવેલ સખસને જોયો છે તેની હકીકતથી ને સીલંગ જક્ષની સાહાયથી રયણા દેવીથી છુટા થયા છે એ ઉપનય પણ સમજવા જેવો છે.) એમ સમજાય છે. એ બાબતની ચર્ચા ઘણી છે. પણ આ ઠેકાણે તે વિષયમાં ઉતરવા પ્રસંગ નથી. આંહી તો ફક્ત એટલુંજ કહેવું બસ છે કે એમ માનનારાને પણ આ પ્રશ્નોત્તર રૂપે ભાષાંત્તર વાંચવાથી અનંત સંસારી થવાની ભીતી (બીક) તેમની સમજણ પ્રમાણે નથી, જેથી તેમને પણ જો ઉપયોગી થઇ પડશે તો કૃતાર્થ થવા જેવું છે.

શ્રી જીવાભીગમજી સૂત્રના વિષયો જોવાને અનુકુળ પડે અને વાંચક વર્ગને કંટાળો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન ઉપજે તેટલા માટે તેને જુદા જુદા હેડીંગમાં ગોઠવવામાં આવ્યા છે, તો પણ કોઇ મૂળ વાત ત્રુટક કરવામાં આવી નથી (હેડીંગ બાદ કરતાં એક સરખી હકીકત નજરે આવશે.)

આ પુસ્તક વાંચક વર્ગને ઉપયોગી થશે તો લીધેલો શ્રમ ઉપયોગી ગણી હું મને પોતાને કૃતાર્થ માનીશ વળી ઉપયોગી થયાની ખાત્રી તેમના ખપ ઉપરથી જણાશે.

આ પુસ્તક કદમાં ને શોભામાં ધાર્યા કરતાં વિશેષ કરવામાં આવ્યું છે. છતાં તેની કીમત જેમની તેમ કાયમ રાખવામાં આવી છે તો આશા છે કે બે રૂપિયાની રાખેલી કીમત વાંચક વર્ગને વધારે નહીં લાગતા સહુ તેનો લાભ લઇ શકશે.

આ મારો પ્રથમ પ્રયાસ છે જેથી તેમાં ખામી અને ભૂલ તો હશેજ. પણ વાંચક વર્ગ કૃપા કરી દીર્ઘ દ્રષ્ટીથી ક્ષમા કરશે એમ આશા રાખું છું ને જે ખામી જણાય તે સુચવવામાં આવશે તો વખતે બીજી આવૃતિ કાઢવાનો પ્રસંગ આવશે તો ઉપકાર સાથે સુધારવામાં આવશે.

સુજ્ઞ વાંચક વર્ગો જાણે છે કે હમેશાં કામ કરવું ને ભૂલ કાઢવી એ એમાં ઘણો તફાવત રહેલો છે. ભૂલની દ્રષ્ટીએ જોવાય તો ભૂલ નીકળેજ, પણ જો ગુણગ્રાહી અને અમીની દ્રષ્ટીથી જોવાય તોજ અનુકુળ પડતું થવા સંભવ થાય. સ્વજાતિ સ્વજાતિને ગ્રહે એવો નિયમ છે તે મુજબ ગુણી ગુણને ગ્રહે ને દુર્ગુણી દુર્ગુણને ગ્રહે. ગુણથી ગુણી ભિન્ન નથી, તેમ ગુણીથી ગુણ ભિન્ન નથી. એ ગુણી અને ગુણ બન્ને એકજ છે દાખલા તરીકે સાકર અને સાકરની મીઠાશ ભિન્ન નથી ને તેથી કરી કેવળજ્ઞાન ઉપજે છે ત્યારે કોઇનો દોષ ગ્રહણ થતો નથી તેટલાજ કારણથી આચાર્ય પદવી કેવળી છતાં છદમસ્તને અપાય છે. માટે વાંચક વર્ગ પોતાનું ગુણગ્રાહીપણું નહીં છોડવા પ્રાર્થના છે.

આ પુસ્તકના હેન્ડબીલમાં સાદી ભાષા વાપરવામાં આવેલી એટલુંજ નહિ પણ પુસ્તકની કીમત પહેલાં અને પાછળથી ગ્રાહક થનાર પાસેથી એક સરખી લેવા રાખ્યા છતાં તેમજ દીનપરદીન પુસ્તકોના હેન્ડબીલોનો વર્ષાદ વરસવા છતાં જે ગૃહસ્થોએ ઉદારતા બતાવી અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપ્યો છે તેમનો અંતઃકરણથી ઉપકાર માનુંછું

પુસ્તક છાપવું પુરૂં થતાં સુધીમાં જેમના તરફથી ગ્રાહકોનાં નામ ભરાઇ હેન્ડબીલો પાછાં આવી પહોંચ્યાં છે તેઓ ગૃહસ્થોનાં મુબારક નામ પુસ્તકના પાછળના ભાગમાં દાખલ કરવામાં આવ્યાં છે. તક ગયા પછી આવેલાં ગ્રાહકોનાં નામ રહી ગયા સંબંધે મારી કસુર નહીં ગણવા વિનંતિ છે.

આ પ્રસંગે મારે જણાવવું જોઇએ કે રાજકોટના રહીશ કોઠારી અભેચંદ ગોપાળજી જે સ્વભાવે શાન્ત અને મીલનસાર છે તેણે પોતાના આપકર્મિપણાથી પોતાની બાહોશીથી થોડાં વરસ થયાં મુંબઇમાં કમિશન એજન્ટની પોતાથી દુકાન કરેલી છે તે મારા નજીકના કુટુંબી થાય છે તેણે આ પુસ્તકના સંબંધમાં પહેલેથી છેલ્લે સુધી તન મન ને ખંતથી પોતાના કિમ્મતી વખતનો ભોગ આપી વખતો વખત કિમ્મતી મદદ કરેલી છે તેને માટે તેમને ધન્યવાદ ઘટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વાંચવાને ખાસ વિનંતિ કરવામાં આવે છે કે—

સ્થાનકવાસીમાંથી ભાગ્યેજ મોટાં પુસ્તકો બહાર પડે છે તેનું કારણ ફક્ત પ્રમાદ અને ઉત્તેજનની ખામી છે. તે બન્ને ખામી એવી છે કે તેની જેમ જેમ ઉંડી જડ પડતી જાય તેમ તેમ અસ્ત થતો જાય ને નીકળી જાય તો ઉદય થતો જાય માટે ઉદય ને અસ્ત એમાં સમાણો છે એમ મારૂં માનવું છે. માટે તે ખામી દૂર થવા જરૂર છે.

વિશેષ વિનંતિ કે શ્રી પનવણાજી સૂત્ર જે શ્રી સમવાયંગ સૂત્ર ચોથું અંગ તેનું ચોથું ઉપાંગ છે તે સૂત્ર ઘણું મોટું અને ઘણીજ બારીક સમજણવાળું છે જેમાં ઘણાં બોલચાલના થોકડા સમાણાછે તે સૂત્ર ભાગ્યેજ પર્ષદામાં (વ્યાખ્યાનમાં) વંચાય છે. એટલુંજ નહીં પણ તેના જાણવાવાળા ને પોતાની સમજણથી વાંચી જાણી શકે એવા ગૃહસ્થ આંગળીને ટેરવે ગણ્યા નીકળશે. એવા બારીક કઠણ સમજણવાળા અને જ્ઞાનના ખજાનારૂપ સૂત્રનું સંપૂર્ણ ભાષાંતર સરળ ગુજરાતીમાં સહુ સમજી શકે એવી સહેલી ભાષામાં થાય તો ઘણાને ઉપયોગી થાય એવા હેતુથી તેનું આ જીવાભિગમ સૂત્ર જેવું પ્રશ્નોત્તર રૂપે ભાષાંત્તર કરવું શરૂ કરેલ છે તો જો આ જીવાભિગમ સૂત્ર પ્રશ્નોત્તર રૂપે વાંચક વર્ગને અનુકૂળ પડશે તો શ્રી પનવણાજી સૂત્રનું સંપૂર્ણ ભાષાંત્તર પ્રશ્નોત્તર રૂપે વિસ્તારવાળું કોઇ વિદ્વાન મુનિ મહાત્મા પાસે તપાસાવી શુદ્ધ કરાવ્યા બાદ છપાવી બહાર પાડી શ્રાવક ભાઇઓની સેવામાં મુકવા વિચાર છે. એજ વિનંતિ.

વીર સંવત ૨૪૩૯. વિક્રમ સંવત ૧૯૬૯ના<br>
માગશર શુદ ૧૦ વાર બુધવાર.<br>
તારીખ ૧૮-૧૨-૧૨, ગોંડળ.

હું છું ગુણીજનોનો દાસ,<br>
**નીમચંદ હીરાચંદ કોઠારી.**<br>
પ્રશ્નોત્તર રૂપે ભાષાંત્તર કરનાર.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા.


| નંબર. | અધિકાર. (બાબત.) | પૃષ્ટ. |
|---|---|---|
| ૧ | જીવાભિગમ તે શું? ... ... ... ... ... ... | ૨ |
| ૨ | અજીવનો અધિકાર. ... ... ... ... ... ... | ૨ |
| ૩ | જીવનો અધિકાર... ... ... ... ... ... ... | ૩ |
| ૪ | અસંસારી જીવનો અધિકાર. ... ... ... ... ... | ૪ |
| ૫ | સંસારી જીવનો અધિકાર. ... ... ... ... ... | ૮ |
| ૬ | બે પ્રકારના સંસારી જીવનો અધિકાર. ... ... ... ... | ૯ |
| ૭ | સ્થાવર જીવનો અધિકાર. ... ... ... ... ... | ૯ |
| ૮ | સુક્ષ્મ, બાદર પૃથ્વીકાયનો અધિકાર. ... ... ... ... | ૯ |
| ૯ | સુક્ષ્મ બાદર અપકાય (પાણી) નો અધિકાર. ... ... ... | ૧૭ |
| ૧૦ | સુક્ષ્મ, બાદર અને સાધારણ વનસ્પતિકાયનો અધિકાર. ... ... | ૧૮ |
| ૧૧ | ત્રસ જીવનો અધિકાર... ... ... ... ... ... | ૨૧ |
| ૧૨ | સુક્ષ્મ, બાદર અગ્નીકાયનો અધિકાર... ... ... ... ... | ૨૧ |
| ૧૩ | સુક્ષ્મ, બાદર વાયુકાયનો અધિકાર... ... ... ... ... | ૨૨ |
| ૧૪ | ઊદાર (મોટા) ત્રસ જીવનો અધિકાર. ... ... ... ... | ૨૩ |
| ૧૫ | બેઇંદ્રિ જીવનો અધિકાર .. ... ... ... ... ... | ૨૩ |
| ૧૬ | તેઇંદ્રિ જીવનો અધિકાર... ... ... ... ... ... | ૨૬ |
| ૧૭ | ચૌરેંદ્રિ જીવનો અધિકાર. ... ... ... ... ... | ૨૬ |
| ૧૮ | પચેંદ્રિ જીવનો અધિકાર... ... ... ... ... ... | ૨૭ |
| ૧૯ | નારકીનો અધિકાર. ... ... ... ... ... ... | ૨૭ |
| ૨૦ | પચેંદ્રિ તિર્યંચનો અધિકાર ... ... ... ... ... | ૨૯ |
| ૨૧ | સમુર્છિમ પચેંદ્રિ તિર્યંચનો અધિકાર.. ... ... ... ... | ૩૦ |
| ૨૨ | ગર્ભજ પચેંદ્રિ તિર્યંચનો અધિકાર. ... ... ... ... | ૩૬ |
| ૨૩ | ગર્ભજ પચેંદ્રિ તિર્યંચનો અધિકાર. ... ... ... ... | ૩૬ |
| ૨૩ | મનુષ્યનો અધિકાર. ... ... ... ... ... ... | ૪૦ |
| ૨૪ | દેવતાનો અધિકાર. ... ... ... ... ... ... | ૪૨ |
| ૨૫ | ત્રસ, સ્થાવર જીવની ભવસ્થિતિ, કાયસ્થિતિ, વિરહકાળ અને અલ્પ, બહુત્વનો અધિકાર. ... ... ... ... ... ... | ૪૬ |
| ૨૬ | ત્રણ પ્રકારના સંસારી જીવનો અધિકાર. ... ... ... ... | ૪૭ |
| ૨૭ | સ્ત્રીવેદ (તિર્યંચણી, મનુષ્યણી ને દેવાંગના) નો અધિકાર. ... ... | ૪૭ |
| ૨૮ | સ્ત્રીવેદ (તિર્યંચણી, મનુષ્યણી ને દેવાંગના) ની ભવસ્થિતિ, કાયસ્થિતિ, વિરહકાળ ને અલ્પ, બહુત્વનો અધિકાર.. ... .. ... ... | ૪૯ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નંબર. | બાબત. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૨૯ | સ્ત્રીવેદનો બંધ અને તેનો વિષય... ... ... ... ... | ૫૯ |
| ૩૦ | પુરૂષવેદ ( તિર્યંચ, મનુષ્ય ને દેવતા ) નો અધિકાર... ... ... | ૫૯ |
| ૩૧ | પુરૂષવેદ ( તિર્યંચ, મનુષ્ય ને દેવતા ) ની ભવસ્થિતિ, કાયસ્થિતિ, વિરહકાળ ને અલ્પ, બહુત્વનો અધિકાર. ... ... ... ... ... | ૫૯ |
| ૩૨ | પુરૂષવેદનો બંધ અને તેનો વિષય... ... ... ... ... | ૬૪ |
| ૩૩ | નપુંસકવેદ ( નારકી, તિર્યંચ ને મનુષ્ય ) નો અધિકાર.. ... ... | ૬૫ |
| ૩૪ | નપુંસકવેદ ( નારકી, તિર્યંચ ને મનુષ્ય ) ની ભવસ્થિતિ, કાયસ્થિતિ, વિરહકાળ ને અલ્પ, બહુત્વનો અધિકાર. ... ... ... ... ... | ૬૫ |
| ૩૫ | નપુંસકવેદનો બંધ અને વિષય .... ... ... ... ... | ૭૧ |
| ૩૬ | સ્ત્રી, પુરૂષ ને નપુંસક એ ત્રણે વેદનો ભેળો અલ્પ, બહુત્વ. ... ... | ૭૧ |
| ૩૬ | ત્રણ વેદની સ્થિતિ, અધિકતા ને સંગ્રહ. ... ... ... ... | ૭૬ |
| ૩૭ | ચાર પ્રકારના સંસારી જીવનો અધિકાર. ... ... ... ... | ૭૭ |
| ૩૮ | નારકીનો પ્રથમ ઉદ્દેશો... ... ... ... ... ... | ૭૭ |
| ૩૯ | નારકીનો બીજો ઉદ્દેશો... ... ... ... ... ... | ૮૮ |
| ૪૦ | પાંચ મહા પુરૂષોની કથા. ... ... ... ... ... | ૯૭ |
| ,, | ૧-૪ ફરશુરામ તથા સુભૂમની કથા. ... ... ... ... | ૯૭ |
| ,, | ૨ દ્રઢાયુ ( બીજું નામ દત્ત ) ની કથા. ... ... ... ... | ૧૦૧ |
| ,, | ૩ વસુ રાજાની કથા. ... ... ... ... ... ... | ૧૦૩ |
| ,, | ૫ બ્રહ્મદત્ત ચક્રવૃત્તિની કથા. ... ... ... ... ... | ૧૦૪ |
| ૪૧ | નારકીને ઉષ્ણ તથા સીત વેદના... ... ... ... ... | ૧૦૭ |
| ૪૨ | નારકીનો ત્રીજો ઉદ્દેશો.... ... ... ... ... ... | ૧૧૩ |
| ૪૩ | તિર્યંચનો પહેલો ઉદ્દેશો. ... ... ... ... ... | ૧૧૪ |
| ૪૪ | તિર્યંચનો બીજો ઉદ્દેશો... ... ... ... ... ... | ૧૨૧ |
| ૪૫ | મનુષ્યનો અધિકાર. ... ... ... ... ... ... | ૧૨૫ |
| ૪૪ | છપન અંતર દ્વીપના મનુષ્યનો અધિકાર. ... ... ... ... | ૧૨૬ |
| ૪૫ | દશ જાતના કલ્પવૃક્ષનો અધિકાર... ... ... ... ... | ૧૨૮ |
| ૪૯ | એકરૂક દ્વીપના મનુષ્યનો અધિકાર.. ... ... ... ... | ૧૩૨ |
| ૫૦ | ત્રીસ અકર્મભૂમિ મનુષ્યનો અધિકાર. ... ... ... ... | ૧૪૪ |
| ૫૧ | પંદર કર્મભૂમિ મનુષ્યનો અધિકાર. ... ... ... ... | ૧૪૪ |
| ૫૨ | દેવતાનો અધિકાર. ... ... ... ... ... ... | ૧૫૨ |
| ૫૩ | ભવનપતિ દેવતાનો અધિકાર. ... ... ... ... ... | ૧૫૨ |
| ૫૪ | વાણવ્યંતર દેવતાનો અધિકાર. ... ... ... ... ... | ૧૫૬ |
| ૫૫ | જ્યોતિષિ દેવતાનો અધિકાર. ... ... ... ... ... | ૧૫૭ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નંબર. | બાબત. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૫૬ | દ્વીપ, સમુદ્રનો અધિકાર. તેમાં પ્રથમ જંબુદ્વીપનો અધિકાર. દ્વીપ પેહેલો. | ૧૫૭ |
| ૫૭ | જંબુદ્વીપની જગતીનો વર્ણવ. ... ... ... ... ... | ૧૫૮ |
| ૫૮ | જંબુદ્વીપના દ્વારનો અધિકાર. ... ... ... ... ... | ૧૬૭ |
| ૫૯ | વિજય દેવતાની વિજય નામે રાજ્યધાનીનો અધિકાર. ... ... | ૧૭૫ |
| ૬૦ | વિજય દેવતાનું ઉપજવું. ... ... ... ... ... | ૧૮૬ |
| ૬૧ | વિજય દેવતાને રાજ્યાભિષેક. ... ... ... ... ... | ૧૮૭ |
| ૬૨ | વિજય રાજ્યધાનીના દેવતાના આનંદીત કૃત્ય. ... ... ... | ૧૯૦ |
| ૬૩ | વિજય દેવતાનાં કૃત્ય. ... ... ... ... ... ... | ૧૯૪ |
| ૬૪ | પુસ્તક રત્નનું વાંચવું. .... ... ... ... ... ... | ૧૯૫ |
| ૬૫ | પ્રતિમાદિકનું પુજવું. ... ... ... ... ... ... | ૧૯૬ |
| ૬૬ | દાઢાદિકનું પુજવું. ... ... ... ... ... ... | ૧૯૮ |
| ૬૭ | સુધર્મા સભાને વિષે સભાનું ભરવું. ... ... ... ... | ૧૯૯ |
| ૬૮ | સૂરિયાભ દેવતાનો (રાયપ્રસેણી સૂત્રથી) અધિકાર. ... ... ... | ૨૦૧ |
| ૬૯ | જંબુદ્વીપના દ્વારનો અધિકાર ચાલુ. ... ... ... ... | ૨૨૫ |
| ૭૦ | ઉત્તરકુરૂ ક્ષેત્રનો અધિકાર. ... ... ... ... ... | ૨૨૭ |
| ૭૧ | નિલવંત દ્રહનો અધિકાર. ... ... ... ... ... | ૨૨૯ |
| ૭૨ | પદ્મકમળનો અધિકાર વિસ્તાર સાથે. ... ... ... ... | ૨૩૧ |
| ૭૩ | જંબુ પીઠ ને જંબુ સુદર્શન વૃક્ષ. વિસ્તાર સાથે. ... ... ... | ૨૩૩ |
| ૭૪ | લવણ સમુદ્રનો અધિકાર. સમુદ્ર પહેલો. ... ... ... ... | ૨૩૯ |
| ૭૫ | ધાતકીખંડથી માંડીને સ્વયંભૂરમણ સમુદ્ર, તેના ચંદ્ર, સૂર્યના ચંદ્ર, સૂર્ય દ્વીપ ને ચંદ્ર, સૂર્ય રાજ્યધાનીની આમ્ના. ... ... ... ... | ૨૪૯ |
| ૭૬ | લવણ સમુદ્રની સાથે બીજા સમુદ્રનો મુકાબલો. ... ... ... | ૨૫૧ |
| ૭૭ | લવણ સમુદ્રના ડગમાળાનો અધિકાર. ... ... ... ... | ૨૫૩ |
| ૭૮ | ધાતકી ખંડ દ્વીપનો અધિકાર. દ્વીપ બીજો. ... ... ... | ૨૫૬ |
| ૭૯ | કાળોદધી સમુદ્રનો અધિકાર. સમુદ્ર બીજો. ... ... ... | ૨૫૭ |
| ૮૦ | પુષ્કરવર દ્વીપનો અધિકાર. દ્વીપ ત્રીજો.... ... ... ... | ૨૫૯ |
| ૮૧ | માનુષોત્તર પર્વત્ત ને મનુષ્ય ક્ષેત્ર. ... ... ... ... | ૨૬૦ |
| ૮૨ | પુષ્કરોદધી સમુદ્ર ત્રીજો. ... ... ... ... ... | ૨૬૭ |
| ૮૩ | વારૂણીવર દ્વીપ ચોથો. ... ... ... ... ... | ૨૬૮ |
| ૮૪ | વારૂણોદધી સમુદ્ર ચોથો. ... ... ... ... ... | ૨૬૯ |
| ૮૫ | ક્ષીરવર દ્વીપ પાંચમો... ... ... ... ... ... | ૨૭૦ |
| ૮૬ | ક્ષીરોદધી સમુદ્ર પાંચમો.. ... ... ... ... ... | ૨૭૦ |
| ૮૭ | ધૃતવર દ્વીપ છઠો. ... ... ... ... ... ... | ૨૭૧ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નંબર. | બાબત. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૮૮ | ધૃતોદધી સમુદ્ર છઠો. ... ... ... ... ... | ૨૭૧ |
| ૮૯ | ઇક્ષુવર દ્વીપ સાતમો. ... ... ... ... ... | ૨૭૨ |
| ૯૦ | ઇક્ષુવર સમુદ્ર સાતમો. ... ... ... ... ... | ૨૭૨ |
| ૯૧ | નંદીશ્વર દ્વીપ આઠમો. ... ... ... ... ... | ૨૭૩ |
| ૯૨ | ચાર અંજનગીરી પર્વત્તનો અધિકાર. ... ... ... ... | ૨૭૩ |
| ૯૩ | દ્વીપ સમુદ્રના નામ, વિષંભ, ને પરિધિપણાની સમજુતી.... ... | ૨૭૬ |
| ૯૪ | નંદીસ્વર સમુદ્ર આઠમો. ... ... ... ... ... | ૨૭૮ |
| ૯૫ | અરૂણદ્વીપ નવમો. ... ... ... ... ... ... | ૨૭૮ |
| ૯૬ | અરૂણોદધિ સમુદ્ર નવમો. ... ... ... ... ... | ૨૭૯ |
| ૯૭ | અરૂણવર દ્વીપ દશમો ... ... ... ... ... | ૨૭૯ |
| ૯૮ | અરૂણોવરદધિ સમુદ્ર દશમો. ... ... ... ... ... | ૨૭૯ |
| ૯૯ | અરૂણવરાવ ભાસ દ્વીપ અગ્યારમો. ... ... ... ... | ૨૭૯ |
| ૧૦૦ | અરૂણવરાવ ભાસ સમુદ્ર અગ્યારમો. ... ... ... ... | ૨૭૯ |
| ૧૦૧ | કુંડલ દ્વીપ બારમો.... ... ... ... ... ... | ૨૭૯ |
| ૧૦૨ | કુંડલોદધી સમુદ્ર બારમો ... ... ... ... ... | ૨૭૯ |
| ૧૦૩ | કુંડલવર દ્વીપ તેરમો... ... ... ... ... ... | ૨૭૯ |
| ૧૦૪ | કુંડલવર સમુદ્ર તેરમો. ... ... ... ... ... | ૨૮૦ |
| ૧૦૫ | કુંડલવરાવ ભાસ દ્વીપ ચૌદમો... ... ... ... ... | ૨૮૦ |
| ૧૦૬ | કુંડલવરાવ ભાસ સમુદ્ર ચૌદમો.. ... ... ... ... | ૨૮૦ |
| ૧૦૭ | રૂચક દ્વીપ પંદરમો. ... ... ... ... ... ... | ૨૮૦ |
| ૧૦૮ | રૂચકોદધી સમુદ્ર પંદરમો.. ... ... ... ... ... | ૨૮૦ |
| ૧૦૯ | રૂચકવર દ્વીપ સોળમો ... ... ... ... ... ... | ૨૮૦ |
| ૧૧૦ | રૂચકવરો દધી સમુદ્ર સોળમો ... ... ... ... ... | ૨૮૦ |
| ૧૧૧ | રૂચકવરાવ ભાસ દ્વીપ સતરમો.... ... ... ... ... | ૨૮૧ |
| ૧૧૨ | રૂચકવરાવ ભાસ સમુદ્ર સતરમો... ... ... ... ... | ૨૮૧ |
| ૧૧૩ | હારદ્વીપ અઢારમો ... ... ... ... ... | ૨૮૧ |
| ૧૧૪ | હાર સમુદ્ર અઢારમો ... ... ... ... ... | ૨૮૧ |
| ૧૧૫ | હારવર દ્વીપ ઓગણીશમો ... ... ... ... ... | ૨૮૧ |
| ૧૧૬ | હારવર સમુદ્ર ઓગણીશમો. ... ... ... ... ... | ૨૮૧ |
| ૧૧૭ | હારવરાવભાસ દ્વીપ વીસમો. ... ... ... ... ... | ૨૮૧ |
| ૧૧૮ | હારવરાવભાસ સમુદ્ર વીસમો. ... ... ... ... ... | ૨૮૧ |
| ૧૧૯ | દેવ દ્વીપ છેલેથી પાંચમો દ્વીપ..... ... ... ... ... | ૨૮૧ |
| ૧૨૦ | દેવોદધી સમુદ્ર છેલેથી પાંચમો સમુદ્ર. ... ... ... ... | ૨૮૨ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નંબર. | બાબત. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧૨૧ | સ્વયંભૂરમણ સમુદ્ર સહુ છેલો. ... ... ... ... ... | ૨૮૨ |
| ૧૨૨ | સર્વ દ્વીપ, સમુદ્ર આશ્રી અધિકાર.. ... ... ... ... | ૨૮૨ |
| ૧૨૩ | ઇદ્રિયનો વિષય અને દેવ સત્તા. ... ... ... ... ... | ૨૮૫ |
| ૧૨૪ | જ્યોતિષિ દેવતાનો અધિકાર ચાલુ. ... ... ... ... | ૨૮૮ |
| ૧૨૫ | વૈમાનિક દેવતાના અધિકારનો પહેલો ઉદેશો. ... ... ... | ૨૯૭ |
| ૧૨૬ | વૈમાનિક દેવતાના અધિકારનો બીજો ઉદેશો. ... ... ... | ૩૦૧ |
| ૧૨૭ | ચારે ગતિની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અબાધા કાળ અને અલ્પ, બહુત્વનો અધિકાર. ... ... ... ... ... ... ... | ૩૧૧ |
| ૧૨૮ | પાંચ પ્રકારે સંસારી જીવ તેમાં તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર. ... ... ... ... ... | ૩૧૨ |
| ૧૨૯ | છ પ્રકારે સંસારી જીવ તેમાં તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર અને અલ્પ, બહુત્વનો અધિકાર.... ... ... ... ... ... | ૩૧૫ |
| ૧૩૦ | સુક્ષ્મ જીવની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર. | ૩૧૮ |
| ૧૩૧ | બાદર જીવની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર. | ૩૧૯ |
| ૧૩૨ | સુક્ષ્મ, બાદર જીવનો ભેળો અલ્પ, બહુત્વ... ... ... ... | ૩૨૨ |
| ૧૩૩ | નિગોદનો અધિકાર અલ્પ, બહુત્વ સાથે. ... ... ... ... | ૩૨૪ |
| ૧૩૪ | સાત પ્રકારના સંસારી જીવ તેમાં તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર.. ... ... ... ... ... | ૩૨૮ |
| ૧૩૫ | આઠ પ્રકારે સંસારી જીવ તેમાં તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર.. ... ... ... ... ... | ૩૨૯ |
| ૧૩૬ | નવ પ્રકારે સંસારી જીવ તેમાં તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર.. ... ... ... ... ... | ૩૨૯ |
| ૧૩૭ | દશ પ્રકારે સંસારી જીવ તેમાં તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર.. ... ... ... ... ... | ૩૩૪ |
| ૧૩૮ | સર્વ જીવનો અધિકાર..... ... ... ... ... ... | ૩૩૬ |
| ૧૩૯ | બે ભેદે સર્વ જીવના આળાવા ૧૩. તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર. ... ... ... ... ... ... | ૩૩૬ |
| ૧૪૦ | ત્રણ પ્રકારે સર્વ જીવ તેના આળાવા સાત તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર. ... ... ... ... ... | ૩૪૪ |
| ૧૪૧ | ચાર પ્રકારે સર્વ જીવના આળાવા ચાર તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર... ... ... ... ... ... | ૩૫૦ |
| ૧૪૨ | પાંચ પ્રકારે સર્વ જીવના આળાવા બે તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર... ... ... ... ... ... | ૩૫૫ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નંબર. | બાબત. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧૪૩ | ૭ પ્રકારે સર્વ જીવના આળાવા એ તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર.. ... ... ... ... ... ... | ૩૫૬ |
| ૧૪૪ | સાત પ્રકારે સર્વ જીવના આળાવા એ તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર... ... ... ... ... ... | ૩૫૮ |
| ૧૪૫ | આઠ પ્રકારે સર્વ જીવના આળાવા એ. તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર... ... ... ... ... ... | ૩૬૦ |
| ૧૪૬ | નવ પ્રકારે સર્વ જીવના આળાવા એ. તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર... ... ... ... ... ... | ૩૬૩ |
| ૧૪૭ | દશ પ્રકારે સર્વ જીવના આળાવા એ. તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર... ... ... ... ... ... | ૩૬૭ |
| ૧૪૮ | આશ્રય પત્ર.... ... ... ... ... ... ... | ૩૭૩ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



કોઠારી નીમચંદ હીરાચંદ.

શ્રી. જીવાભિગમજી સૂત્રનું પ્રશ્નોત્તર રૂપે ભાષાંતર કરનાર.

The 'Lakshmi Art',—Bombay.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાષાંતર કરનારનો નાહનો ભાઇ.



**સ્વર્ગસ્થ કોઠારી માનસંગ હીરાચંદ.**

| | |
|---|---|
| જન્મ-સંવત ૧૯૧૯ | દેહત્યાગ-સંવત ૧૯૫૮ |
| ના અશાડ માસ, | ના આસો સુદ ૨. |
| ગોંડલમાં. | ગુંદાળા-ગોંડલ સ્ટેટ. |

The 'Lakshmi Art',—Bombay.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી જીવાભીગમસૂત્રનું ભાષાંત્તર

## પ્રશ્નોત્તર રૂપે.

### પ્રથમ પીઠકા (મંગળાચરણ).

**શ્રી જીનાય નમ: નમો અરિહંતાણં**—રાગદ્વેષ વૈરીના હણનાર તથા જેણે ચાર ધાતીકર્મ (જ્ઞાનાવર્ણિ,૧ દર્શનાવર્ણિ,૨ મોહની,૩ અને અંતરાય૪) ક્ષય કર્યા તથા કોઇ રહસ્ય (છાનું) નથી તથા ચોત્રિશ અતિસય કરી સહીત પાંત્રિશ પ્રકારની વાણીએ બીરાજમાન એવા અરિહંત દેવને નમસ્કાર કરૂંછું. **નમો સિદ્ધાણં**—નમસ્કાર હો સિદ્ધાણં—સકલ કાર્ય સાધ્યા આઠ કર્મ ખમાવી પંચમ ગતિને પ્રાપ્ત થયા, અને એકત્રિશ ગુણે કરી સંયુક્ત એવા સિદ્ધ ભગવાનને નમસ્કાર કરૂં છું. **નમો આયરિયાણં**—પોતે પાંચ આચાર પાળે, બીજાને પળાવે, આઠ સંપદાએ કરી બીરાજમાન એવા આચાર્યજીને નમસ્કાર કરૂં છું. **નમો ઉવઝાયાણં**—જે સુદ્ધ સુત્રાર્થ ભણે ભણાવે બહુ સૂત્રિની ઉપમાએ કરી બીરાજમાન એવા શ્રી ઉપાધ્યાયજીને નમસ્કાર કરૂંછું. **નમો લોયે સવ્વ સાહુણં**—સર્વ મનુષ્ય લોકને વિષે સાધુજી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપના સાધનાર સત્તાવીશ ગુણે કરી બીરાજમાન એવા સાધુજીને નમસ્કાર કરૂંછું.

વળી નમસ્કાર હુઓ રૂષભાદિક ચોવીશ તિર્થંકરને. એટલાને નમસ્કાર કરીને શ્રી ગણધરદેવ શ્રી જીવાભીગમસૂત્ર પ્રત્યે રચે છે. એ જીનપ્રવચન દ્વાદસાંગી રૂપ નિશ્ચય જીન શ્રી મહાવીરને સમત છે. જીન તિર્થંકર કેવળી પ્રમુખને અનુકુળ છે, વળી અતીત અનાગત અને વર્ત્તમાન રૂપ તિર્થંકર સર્વને સમત છે. એ દ્વાદસાંગી જીન શ્રી મહાવીર પ્રણીત કથીત છે, જીન શ્રી મહાવીરે પરૂપીત છે, જીન શ્રી મહાવીરે આખ્યાત ભાષીત છે, જીન કેવળી ગણધર પ્રમુખે અનુચીર્ણુ છે, આચરીત છે, જીન શ્રી તિર્થંકરે પ્રજ્ઞપ્ત કથીત છે, અંગોપંગાદિ જીન શ્રી તિર્થંકરે દેખાડયું છે, એ પ્રવચન દ્વાદસાંગી રૂપ શ્રી તિર્થંકરે પ્રસસ્ત ઉત્તમ ભાંખ્યો છે. તેહવો સિદ્ધાંત અનુક્રમે તેહને વિષે સદૃહતાંથકાં વિશ્વાસ રાખતાં થકાં મનને વિષે તે સીદ્ધાંત માથે રૂચી રાખતાં થકાં એહવા સ્થિવર પુર્વ ભવના અંતના કરણહાર તે શ્રી જીવાજીવાભિગમ નામે અધ્યયન કહે છે. તિવારે શિષ્ય શ્રી સદ્ગુરૂ પ્રત્યે કહે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧. જીવાભિગમ તે શું?

**પ્રશ્ન**—સ્વામી જીવાભિગમ તે શું કહીએ?

**ઉત્તર**—હે શીષ્ય જીવાભિગમના બે ભેદ કહ્યા છે, પ્રથમ જીવની હકીકત જ્ઞાનરૂપ અને બીજી અજીવની હકીકત જ્ઞાનરૂપ.

## ૨. અજીવનો અધીકાર.

**પ્રશ્ન**—સ્વામી અજીવની હકીકત તે શું છે?

**ઉત્તર**— હે શિષ્ય અજીવની હકીકત તેહના વળી બે ભેદ છે, એક રૂપીઅજીવની હકીકત અને બીજી અરૂપી અજીવની હકીકત.

**પ્રશ્ન**—સ્વામી અરૂપી અજીવની હકીકતના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે શિષ્ય અરૂપી અજીવની હકીકતના દશ ભેદ છે તે કહે છે. ધર્માસ્તિકાય (ખંધ૧ દેશ૨ પ્રદેશ૩. અધર્માસ્તિકાય ખંધ૧ દેશ૨ પ્રદેશ૩. આકાસ્તિકાય ખંધ૧ દેશ૨ પ્રદેશ૩. એમ નવ અને કાળ ૧૦ એ અધિકાર પનવણા સુત્રથી જાણવો).

હવે ઉપરના દશ ભેદનો વિવરો કહે છે—ધર્માસ્તિકાય દ્રવ્યથી એક ૧, ક્ષેત્રથી લોક પ્રમાણે ૨, કાળથી આદય, અંત રહિત ૩, ભાવથી વર્ણ ગંધ, રસ, સ્પર્શ રહીત (અરૂપી)૪, ને ગુણથી ચલન સહાય (ચાલવામાં સાહાજ્ય આપે જલ મિનવત્) ૫.

અધર્માસ્તિકાય દ્રવ્યથી એક ૧, ક્ષેત્રથી લોક પ્રમાણે ૨, કાળથી આદ્ય, અંત રહિત ૩, ભાવથી અરૂપિ ૪, ને ગુણથી સ્થિર ગુણ ૫ (સ્થિર રહેવામાં સાહાજ્ય આપે ઝાડ પંથી ને ન્યાયે).

આકાસ્તિકાય દ્રવ્યથી એક ૧, ક્ષેત્રથી લોકાલોક પ્રમાણે ૨, કાળથી આદ્ય, અંત રહિત ૩, ભાવથી અરૂપી ૪, ને ગુણથી અવકાશ ગુણ ૫ (મારગ આપવાને સાહાજ્ય આપે ભીંત ખીલી ને ન્યાયે).

કાળ દ્રવ્યથી અનેક (અનેક વસ્તુ ઉપર વર્ત્તે માટે) ૧ ક્ષેત્રથી અઢીદ્વીપ પ્રમાણે ૨ (અઢી દ્વીપમાંજ સૂર્યચંદ્રનું ફરવું છે તેથી ત્યાંજ દિવસ રાતની ગણતરી છે બધે ઠેકાણે કાળની ગણત્રી અઢી દ્વીપનીજ લેવાય તે માટે) કાળથી આદ્ય અંત રહિત૩ ભાવથકિ અરૂપિ૪ અને ગુણથકી વર્ત્તના લક્ષણ (નવાને જુના કરે ને જુનાને નવા કરે).

એટલે એ ચાર અજીવ અરૂપિ દ્રવ્યના વીશ ભેદ થયા ને ઉપરના દશ ભેદ મળી ૩૦ ભેદ અરૂપિ અજીવના થાય. એટલે અરૂપિ અજીવની હકીકત પુરી થઇ. હવે રૂપી અજીવની હકીકત કહે છે.

**પ્રશ્ન**—સ્વામી રૂપી અજીવની હકીકતના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે શિષ્ય, રૂપી અજીવની હકીકત ચાર ભેદે કહી છે, પુદ્ગલારતીકાયનો ખંધ૧ ખંધનો દેશ૨ ખંધનો પ્રદેશ૩ અને પરમાણુયા૪ એમ ચાર ભેદ. વળી તે પુદ્ગલાસ્તિકાયના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચ ભેદ કહ્યા છે તે કહેછે.

પાંચ વરણે કરી પ્રણમીત, બે ગંધે કરી, પાંચ રસે કરી, આઠ સ્પર્શે કરી, ને પાંચ સંસ્થાને કરી, ઇત્યાદિકે પ્રણમીત તેહનો વિસ્તારથી વર્ણન કરે છે-

(જે વર્ણપણે રહેલા છે તે પાંચ પ્રકારે—કાળો, લીલો, રાતો, પીળો, ને સ્વેતવર્ણે પરણમીત.

ગંધપણે રહેલા છે તે બે પ્રકારે સુગંધ ને દુર્ગંધપણે પરણમીત.

રસપણે જે રહેલા છે તે પાંચ પ્રકારે. તીખો, કડવો, કસાયલો, (કાચાફળ), ખાટો, ને મીઠો.

સ્પર્શપણે જે રહેલા છે તે આઠ પ્રકારે. કર્કશ, (ખરસટ), સુંહાળો (લીસો) ભારે, હળવો, ટાઢો, ઉનો, ચોપડયો ને લુખો.

સંઠાણ (આકૃતિ) પણે જે રહેલા છે તે પાંચ પ્રકારે. પરિમંડલ (ચુડીવત્), વૃત્ત (ગોળ લાડુવત્), તંસ (ત્રણખુણીયા), ચૌરસ (ચારખુણીયા), ને આયત (લાકડીવત્).

હવે જ્યાં એક કાળો વર્ણ હોય ત્યાં તેમાં બીજા વીશ ભેદ હોય તે કહે છે. ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ ને ૫ સંસ્થાન એ ૨૦ જેમ કાળા વર્ણમાં કહ્યા, તેમ ૨૦ નીલામાં, ૨૦ રાતામાં, ૨૦ પીળામાં ને ૨૦ ધોળામાં એમ ૧૦૦ ભેદ પાંચ વર્ણના થાય.

એક દુર્ભિગંધમાં ૨૩ ભેદ હોય. તે ૫ વર્ણ, ૫ રસ, ૮ સ્પર્શ ને ૫ સંઠાણ, એમ ૨૩ (જ્યાં દુર્ભિગંધ હોય ત્યાં સુભિગંધ ન હોય ને જ્યાં સુભિગંધ હોય ત્યાં દુર્ભિગંધ એકબીજાના પ્રતિપક્ષી ન હોય) એજ રીતે સુભિગંધના પણ ૨૩ ભેદ મળી ૪૬ ભેદ બે ગંધના થાય.

એક તીખા રસમાં, ૫ વર્ણ, ૨ ગંધ, ૮ સ્પર્શ ને ૫ સંઠાણ, મળી ૨૦ ભેદ થાય. એજ રીતે પાંચે રસના મળીને ૧૦૦ ભેદ થાય.

એક કર્કશ સ્પર્શમાં. ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૬ સ્પર્શ, (૭ સ્પર્શ કહેવાનું કારણ કે એક કર્કશ નહીં. તેમ જ્યાં કર્કશ હોય ત્યાં તેનો પ્રતિપક્ષી સુંહાળો હોય નહીં, એમ દરેકમાં પોતે ને તેનો પ્રતિપક્ષી મુકી દેવા) ને ૫ સંસ્થાન. એમ ૨૩ ભેદ એકેક સ્પર્શના ગણતાં આઠેમાં થઇને ૧૮૪ ભેદ થાય.

એક પરિમંડલ સંસ્થાન. તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ને ૮ સ્પર્શ. એ ૨૦ ભેદ હોય. એમ ૫ સંસ્થાનના મળી ૧૦૦ ભેદ થાય.

ઉપર પ્રમાણે ૫ વર્ણના ૧૦૦, ૨ ગંધના ૪૬, ૫ રસના ૧૦૦, ૮ સ્પર્શના ૧૮૪ ને ૫ સંસ્થાનના ૧૦૦, મળી ૫૩૦ ભેદ રૂપી અજીવના શ્રી પનવણા સુત્રના પેલા પદથી જાણવા) એટલે રૂપી અજીવની હકીકત પુરી થઇ. હવે જીવની હકીકત કહે છે.

## ૩ જીવનો અધિકાર.

**પ્રશ્ન**—સ્વામી? જીવની હકીકત તે શું?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર—હે શીષ્ય, જીવની હકીકતના બે ભેદ છે, પ્રથમ સંસારી જીવની હકીકત અને બીજા અસંસારી તે સિદ્ધ તેહની હકીકત.

## ૪ અસંસારી જીવનો અધિકાર.

**પ્રશ્ન**—સ્વામી! અસંસારી જીવના કેટલા ભેદ કહ્યા છે?

**ઉત્તર**—હે શીષ્ય! અસંસારી જીવ તે સિદ્ધ, તેના બે ભેદ કહ્યા છે, એક અનંતરસિદ્ધ અસંસારી જીવ અને બીજા પરંપરા સિદ્ધ અસંસારી જીવ.

**પ્રશ્ન**—સ્વામી! અનંતરસિદ્ધ અસંસારી જીવ તેના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે શીષ્ય અનંતર સિદ્ધ અસંસારી જીવના પંદર ભેદ છે.

૧ શ્રી તિર્થંકર વિદ્યમાન છતાં જે સંસારને તરીને મુકિતને પામ્યા છે તે ચતુર્વિધ સંઘ અથવા પ્રવચનવકતા પ્રથમ ગણધરાદિક જાણવા.

**॥यदुक्तं सिद्धांते॥ तिथं भंते तिथं तिथंकरे तिथं गोयमा, अरहा तात्र नियमा तिथंकरे तिथं पुणो वा उवणो समण संघो पढम गणहरोवा** એવી રીતે તિર્થસિદ્ધ જાણવા.

૨ જે તિર્થ ઉપના વિનાં તથા તિર્થનો વિછેદ થયા પછી મુકિતને પામ્યા છે તે મરૂદેવી પ્રમુખ. શ્રી ચંદ્રપ્રભુ તથા શ્રી સુવિધનાથ સ્વામીના મધ્ય સમયને વિષે ધર્મ વિછેદ થયો છતાં કેટલાએક જાતિ સ્મર્ણથી દીક્ષા લીધી ને સિદ્ધ થયા તે અતિર્થસિદ્ધ જાણવા.

૩ જે ચોત્રીશ અતિશય પાંત્રીશ વાણી ગુણે તિર્થંકરપદ ભોગવીને સિદ્ધ થયા તે ઋષભદેવ ભગવાન પ્રમુખ સર્વ તિર્થંકર સિદ્ધ જાણવા.

૪ જે તિર્થંકરપદ પામ્યા વિના સિદ્ધાવસ્થાને પામ્યા તે સામાન્ય કેવળી અતિર્થંકરસિદ્ધ જાણવાં.

૫ જે જાતિ સ્મરણાદિકે બોધ પામીને મોક્ષે ગયા. તે સ્વયંબુધસિદ્ધ જાણવા.

૬ જે કોઇ બાહ્ય પ્રત્યય (અમુક વસ્તુ) દેખીને તે નિમિત્તે બોધને પામીને મુકત થયા. તે પ્રત્યેકબુધસિદ્ધ જાણવા.

**આશંકા**—ત્યારે સ્વયંબુધ અને પ્રત્યેક બુધમાં વિશેષતા શું છે?

**નિરાકરણ**—બોધી, શ્રુતિ, લીંગ, તથા ઉપધી એ ચાર પ્રકારના ભેદ છે. સ્વયંબુધ તે જાતીસ્મરણે કરી અથવા અવધીજ્ઞાને કરી બાહ્ય પ્રત્યય દીઠા વિના બોધને પામ્યા છે, તે જેમ તિર્થંકર તથા અતિર્થંકરમાં વ્યતિરેકપણું છે તે અધિકાર આંહીપણ જાણી લેવો. (તિર્થંકર સાક્ષાત ત્રીજે ઠામે કહ્યા છે માટે) અને પ્રત્યેક બુધ તો બાહ્ય કારણ વૃષભ તથા ઇંદ્રિધ્વજાદિક દેખીને બોધ પામ્યા છે, પણ તે નિયમે એકાકી વિચરે છે, એ પ્રથમ પ્રત્યેક બોધી ભેદ છે. અને સ્વયંબુધને પુર્વાધીત શ્રુત હોય તો તેને દેવતા લીંગ આપે અથવા ગુરૂની સમીપે જઇને લીંગ ધારણ કરેછે. (લીંગ તે સાધુવેષ રજોહરણ મુહપ-

ત્યાદિક જાણવા). તથા તે જો એકાકી વીચરવાને સમર્થ હોય તો એકાકી વિચરે છે, નહીં તો ગચ્છમાંજ વિચરે છે. અને જો પુર્વાધીત શ્રુત ન હોયતો અવશ્ય ગુરૂની પાસે જઇને વેષ ગ્રહણ કરે; અને તેની સાથે વીચરે એ નિયમ છે. અને પ્રત્યેકબુધ તો પુર્વભવાધીત શ્રુતજ્ઞાનીજ હોયછે, ( તે જઘન્યથી અગીઆર અંગ તથા ઉત્કૃષ્ટથી કાંઇક ન્યુન દશ પુર્વ ભણેલો જાણવો). એને લીંગ દેવતા દીયે છે અથવા લીંગ રહીત પણ હોય છે. એમ શ્રુતિ તથા લીંગ એ ભેદ મળી ત્રણ ભેદ થયા. અને સ્વયંબુધને પાત્રાદિક દશવિધ ઉપધી હોય છે એમ કહ્યું છે ને પ્રત્યેકબુધને તો જઘન્યથી બે પ્રકારનોજ ઉપધી કહ્યો છે. તથા ઉત્કૃષ્ટથી નવ પ્રકારનો પણ ઉપધી કહ્યો છે. એ વસ્ત્ર વિના પણ ઉપધીના ભેદ જાણવા.

૭ જે બુધ એટલે આચાર્યના કહેલા ઉપદેશથી બોધને પામીને દિક્ષા લઇ અનુક્રમે મોક્ષને પામે. તે બુધબોધિત સિદ્ધ જાણવા.

૮ જે સ્ત્રીનું લીંગ (ચિન્હ) છતાં મુકિતલક્ષ્મિ વર્યા છે. તે સ્ત્રીલીંગ સિદ્ધ. તે લીંગ ત્રણ પ્રકારનું છે.—એક જેને ધુંમ્રદાહની પેઠે પુરૂષની અભિલાષા હોય; બીજું શરીર નિર્વૃતિ, નિતંબ તથા સ્તન ભાગાદિક જેને હોય; અને ત્રીજું નૈપથ્ય તે તિલક તંબોલ, નેત્રાંજન, વસ્ત્ર, હાર, ડોર અને નુપુરાદિ લક્ષણ બાહ્યકૃત શૃંગારરૂપ હોય છે, એ ત્રણ લીંગ છે. તેમાંનું અત્ર શરીર નિર્વૃતિ લક્ષણ લીંગ ગ્રહણ કરવું. તે છતાં ચારીત્રની પ્રાપ્તિ થઇને જે કેવલાવસ્થા પામીને મોક્ષે જાય તે સ્ત્રીલીંગ સિદ્ધ કહેવાય છે.

**આશંકા**—વેદની વર્જના શા સારૂ કરી છે?

**નિરાકરણ**—વેદ છતાં યથાખ્યાત ચારીત્ર તથા કેવળજ્ઞાનની પ્રાપ્તી થતી નથી. માટે તેનો નવમે ગુણઠાણે અભાવ થાય, તોજ ઉપરલા ગુણઠાણા પ્રત્યે આરોહ થઇ શકે છે, અને ત્યારપછી સર્વ ઘાતીક કર્મોનો ક્ષય કરેછે માટે વેદ લક્ષણ લીંગ વર્જ્યું છે, અને શૃંગાર લક્ષણ પણ કાંઇ પ્રધાન નથી, કેમકે સોળે શૃંગાર સજીને સિંહાસન ઉપર બેઠેલી છતાં શુભ ધ્યાને ભાવના ભાવતિ થકી સ્ત્રી કેવળજ્ઞાન પામેછે. તેમ શૃંગાર રહીત થઇથકી પૂર્વોકત અવસ્થાએ કરીને પણ કેવળજ્ઞાન પામેછે. માટે શૃંગાર મોક્ષનો રોધક નથી. શરીરનો આકાર તો વિશેષે કરી રોધક હોયજ નહીં, કેમકે જ્યાંસુધી મનુષ્યગતિને વિષે મનુષ્યનું આયુષ્ય હોયછે, ત્યાં સુધીજ એ ચિન્હ હોયછે.

**આશંકા**—(**દિગંબરી**) સ્ત્રીને મોક્ષની પ્રાપ્તિ થતીજ નથી, કેમકે મોક્ષ થવું તે ચારિત્રને આધીન છે, તે ચારીત્ર સ્ત્રીને ઉદય આવે નહીં, કેમકે સ્ત્રીને સર્વથા પુરૂષ વિના રહેવાઇ શકાતું નથી. સ્ત્રીના અંગોપાંગ સર્વથા પુરૂષને અભિનવકારી છે; તેથી તે ઉઘાડાં રખાઇ શકાતાં નથી; અને તે ઢાંકવાને અર્થે વસ્ત્રધારણ કરવાં પડેછે. વસ્ત્ર રાખવાથી પરીગ્રહ થાયછે, અને પરીગ્રહવાળા મનુષ્યને મુર્છાનો સંભવ હોયછે. જ્યાંસુધી જેને મુર્છા છે ત્યાંસુધી તેને સંજમની પ્રાપ્તિ થતી નથી; માટે સ્ત્રીને ચારીત્રની પ્રાપ્તિ ન થાય; અને ચારીત્ર વિના મોક્ષની પ્રાપ્તિ તે કેમ થાય? વળી સંસારમાં સર્વોત્કૃષ્ટ પદવીની પ્રાપ્તિ સર્વોત્કૃષ્ટ અધ્યવસાયથી થાય છે, એ વાત બધાને સમ્મત છે. તે સર્વોત્કૃષ્ટ પદ બે પ્રકારનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે—એક સર્વોત્કૃષ્ટ પદ દુઃખનું સ્થાનિક છે, અને બીજું સર્વોત્કૃષ્ટ પદ સુખનું સ્થાનિક છે. તેમાં સર્વોત્કૃષ્ટ દુઃખનું પદ સાતમી નરક પૃથ્વીની પ્રાપ્તિ છે, અને સર્વોત્કૃષ્ટ સુખ તે મોક્ષપદની પ્રાપ્તિ છે. તેમાં સપ્તમ નરક પૃથ્વીનેવિષે સ્ત્રીનું ગમન થઇ શકે નહીં એમ સિદ્ધાંતોમાં કહ્યું છે. જ્યારે એવું પાપ ઉપાર્જિત-વીર્ય સ્ત્રીને હોતું નથી ત્યારે મોક્ષપદનું ઉપાર્જન કરવા જેવું મનોવીર્ય તે સ્ત્રીને ક્યાંથી હોય? માટે સ્ત્રીને મોક્ષનો સંભવ નથી. વળી સ્ત્રીએ પુર્વ ભવાંતરને વિષે માયા મોહની કર્મનું ઉપાર્જન કર્યું હોયછે કે જેથી સ્ત્રીવેદ મળેછે માટે સ્ત્રી માયાવીજ હોયછે. તે કારણ માટે તે સ્વભાવે કુટીલજ હોયછે. એવા ન્યાયે કરીને સ્ત્રીને ચારીત્રની પ્રાપ્તિ થાય નહીં. વળી સાધુ તો વનવાસી હોયછે. જ્યાં ઘણા મનુષ્યાદિકનો સંઘટ હોય ત્યાં સાધુ રહે નહીં કેમકે ત્યાં જ્ઞાન ધ્યાનનો વ્યાઘાત થાયછે. અને સ્ત્રીથી તો એકાકી રહે-વાતું નથી. જ્યાં વસ્તી હોય ત્યાંજ રહી શકાય છે. કેમકે સ્ત્રીને એકાકી વીચરતાં તેના શીલમાં વીઘ્ન પડેછે, ઘણામાં રહેતાં પ્રતિબંધ નડેછે, અને રાગદ્વેષમાં પડેછે, માટે સ્ત્રીને ચારીત્ર પણ નહીં તો ચારીત્રના અભાવે મોક્ષ તે ક્યાંથીજ હોય?

**નિરાકરણ.**—(સિદ્ધાંતી). સ્ત્રીને વસ્ત્રનો પરીગ્રહ કહેવો નહીં જેની ઉપર મુર્છા હોય છે તેજ પરીગ્રહ કહેવાય છે મુર્છા વિના પરીગ્રહ કહેવાય નહીં ॥**यत:**॥ **मुछा परीग्गहोवुत्तो,** એમ શ્રી દસવિકાલીક સિદ્ધાંતમાં કહ્યું છે તે કારણ માટેજ ભરત ચક્ર-વર્તિ ખટ (છો) ખંડનો ભોક્તા, ચોસઠ હજાર અંતેઉરી સહીત દર્પણ સદનમાં બેઠો છતાં તથા સર્વ અલંકારે કરી અલંકૃત છતાં કેવળજ્ઞાન પામ્યો છે. કેમકે, તે વસ્તુથકી મુર્છાથી રહીત હતો તે માટે જીવને મોટો પરીગ્રહ તો મમત્વ ભાવ છે. અને જે મમત્વ ભાવ થકી રહીત છે તેને તો ધન્ય ધાન્યાદિ સંપત્તિ પણ બાધ કરી શક્તિ નથી. જો એમ ન માનીએ તો સંસારને વિષે સર્વ દારીદ્રી મનુષ્યોને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇને મોક્ષનો પ્રસંગ આવશે, કેમકે, તેની પાસે કોઇ સમયે એક કોડી માત્રનો પણ પરીગ્રહ હોતો નથી, તેમ છતાં તેવા પ્રાણીઓ તો સંસારમાં ઘણા રઝળતા દીઠામાં આવે છે, પણ તેઓની પાસે મુર્છારૂપ મોટો પરીગ્રહ હોય છે, માટે તેઓને શુભ દશા પ્રગટ થતી નથી વળી શ્રી વિત્તરાગે બે કલ્પ કહ્યા છેઃ—એક જીનકલ્પ ને બીજો સ્થિવરકલ્પ, તેમાં જીનકલ્પનો સ્ત્રીને સંભવ નથી, પરંતુ સ્થિવર કલ્પનો સંભવ છે.

પુર્વ પક્ષમાં કહ્યું છે કે, ઉત્કૃષ્ટપદનું બાધક મનોબળ છે, તે સ્ત્રીને હોતું નથી, માટે જેમ સ્ત્રી સાતમી નરકે જતી નથી, તેમ તે મોક્ષને વિષે પણ ન જઇ શકે. એ યુક્તિ પણ યોગ્ય નથી, એવો પણ કાંઇ નિયમ નથી, કેમકે, કેટલાએક પુરૂષાદિકને ક્ષેત્ર ખેડવાનું સામર્થ્ય હોય છે, પણ શસ્ત્રાભ્યાસ કરવાનું સામર્થ્ય નથી હોતું તેથી શું થયું? કોઇને કોઇ એક કર્મની સ્ફુરણા ન થયાથી શું બીજા કર્મોની સ્ફુરણાનો પણ અભાવ સમજવો કે? એમ છતાં જો હઠ કરી બેસશો તો બીજી ઘણી વાતોમાં વિરોધ આવશે. જેમકે વધુમાં વધુ પાપ ઉપાર્જિને ભૂજપર સર્પ નીચે બીજી નરક સુધીજ જાય છે અને પક્ષીઓ ત્રીજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરક સુધી જાય છે. અને વધારેમાં વધારે પુન્ય ઉપાર્જિને ઉપર તે બંને જાતિવાળા પ્રાણીઓ સહસાર આઠમા દેવલોક સુધી જાય છે. ઇહાં મનોબળ તો બંનેનું સરખું છે. ત્યારે અધોગમન થોડું અને ઉર્ધ્વગમન ઘણું કેમ થાય છે? માટે એવો નિયમ ન કહેવો. એવી રીતે સ્ત્રી જાતીનો પણ એવો સ્વભાવ જ છે કે ઉત્કૃષ્ટ પાપ ઉપાર્જન કરેતો છઠી નરક પૃથ્વી સુધીજ જાય; પરંતુ ઉત્કૃષ્ટ સંવરની પ્રાપ્તિ થયાથી મોક્ષની પ્રાપ્તિ તો થાયજ.

વળી પુર્વપક્ષમાં કહ્યું છે કે, સ્ત્રીને માયા મોહનીય કર્મની અધિકતાને લીધે ચારિત્ર ઉદય આવે નહી. એ વાત અદ્યપી સત્ય છે, તથાપી સ્ત્રીને મોહનીય કર્મનો ઉપસમ તથા ક્ષય હોય છે; એનો કોઇનાથી અનંગીકાર થાય નહીં, અને સર્વથા સ્ત્રીને મોહનીય કર્મનો ક્ષય અથવા ઉપસમ થતોજ નથી એવું તો તમારાથી પણ કહેવાશે નહીં, કેમકે અનંતાનુંબંધી કષાયનો ઉપસમ અથવા ક્ષય થાય ત્યારે જ સમ્યક્તની પ્રાપ્તિ થાય છે, અને અપ્રત્યાખ્યાનીય કષાયનો ઉપસમ અથવા ક્ષય થાય ત્યારે જ દેસવિરતીપણું પ્રાપ્ત થાય છે, એમ તો તમે પણ અંગીકાર કરો છો, ત્યારે સ્ત્રીમાં સર્વવિરતીપણું કેમ માનતા નથી? વળી ગોમટસારની ગાથામાં સ્ત્રીને મોક્ષ કહ્યો છે:—

**अडयाला पुंवेया इत्थीवेयायहुंती चालीसा; वीस नपुंसगवेया, समए एगेण सिझंति ॥१॥** એવો પાઠ તમારા સિદ્ધાંતોમાં પણ દીઠામાં આવે છે. તેમજ કર્મગ્રંથ તથા ગુણસ્થાન ક્રમારોહણનો વિચાર કરતાં પ્રસિદ્ધપણે સ્ત્રીને મોક્ષનો સંભવ થાય છે. જેમકે, નવમા અનિવૃતિકરણ ગુણસ્થાનક સુધી ત્રણે વેદનો ઉદય હોય છે, ત્યાં છાસઠ પ્રકૃતિઓ ઉદયને પામે છે. પછી સુક્ષ્મ સંપરાય દશમા ગુણસ્થાનકમાં પણ છાસઠ પ્રકૃતિઓનોજ ઉદય હોય છે; એમાં ત્રણ વેદ તથા સંજ્વળનો ક્રોધ, માન ને માયા, એ છ પ્રકૃતિઓ હોતી નથી એવી રીતે ઉદયાધિકારમાં કહ્યું છે. એ ઉપરથી જાણવું જોઇએ કે જો સર્વ વિરતી ચારીત્ર સ્ત્રીને ન હોય તો નવમા ગુણસ્થાન સુધી કેમ પહોંચી શકે? માટે સ્ત્રીને સર્વ વિરતીપણું માનવું જ જોઇએ છીએ. એ વિષે સારી રીતે વિચાર કરી જોજો.

વળી પુર્વપક્ષમાં કહ્યું કે સ્ત્રીને એકાકી વિચરવાનો અધિકાર નથી, કેમકે, એકાકી વિચર્યાથી તેના શીળમાં વિઘ્ન પડવાનો સંભવ થાય, અને જો પંચની સાથે વિચરે તો મમત્વભાવ થાય. એ યુક્તિ પણ વિચાર રહીત છે, કેમકે એકાકી વિચરતાં પણ જો મન શુદ્ધ હોય તો કાંઇપણ શીળનો ભંગ થતો નથી. સ્ત્રીઓને વિષે તો એવું ધૈર્ય હોય છે કે તેને દેવો પણ ડોલાયમાન કરી શકતા નથી. તેમ પંચને વિષે વિચરતાં મમત્વ પણ સંભવે નહીં, કેમકે, જો તેના મનમાં વિત્તરાગ દશા હોય, તો સંસારમાં જીવને જે સરાગપણું બંધનનો હેતુ છે, તે જો ઉપસમને પામ્યો તો પછી તેને વન તથા ઘર બન્ને સરખાં છે. એ કાંઇ જીવને બંધનના હેતુ થતા નથી. બંધ તે એક રાગાદિ લક્ષણ અશુદ્ધ ઉપયોગ છે. ઇત્યાદિક વિચાર કરતાં તથા શ્રી વિત્તરાગ દેવની આજ્ઞા જોતાં તો સ્ત્રીને મોક્ષ થાય છે. એવી રીતે સ્ત્રીસિદ્ધ જાણીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯ જે પુરૂષના લીંગવડે સિદ્ધસ્થાને પહોંચે છે તે પુરૂષલીંગ સિદ્ધ. તે લીંગ પણ પુર્વની પેઠે ત્રણ પ્રકારનાં છે,—વેદ, શૃંગાર ને આકાર, તેમાં વેદ ત્યાગ કરવા યોગ્ય છે, કેમકે વેદ છતાં નિશ્ચે કરી મોક્ષની પ્રાપ્તિ થાય જ નહીં. શૃંગાર છતાં કવચીત મુક્તિ થાય છે, ને કવચીત નથી પણ થતી, તથાપી શૃંગાર અપ્રધાન જ છે, અને આકાર છતાં મોક્ષ થાય છે, માટે તે પુરૂષલીંગ સિદ્ધ કહીએ.

૧૦ જે નપુંસકલીંગે સિદ્ધત્વ પામે છે તે નપુંસક સિદ્ધ; તે લીંગ પણ પૂર્વોક્ત રીતે ત્રણ પ્રકારનાં છે;-વેદ, શૃંગાર ને આકાર. તેમાં વેદ અને શૃંગાર એ ત્યાગ કરવા યોગ્ય છે અને આકારને વિષે મોક્ષ થાય છે, માટે ગ્રહણ કરવા યોગ્ય છે. એવા કૃતિમ નપુંસક લીંગે જે મોક્ષ થયા તે નપુંસકલીંગ સિદ્ધ કહેવાય છે (ગાંગેય પ્રમુખ કૃત્તિમ નપુંસક).

૧૧ જે રજોહરણ તથા મુખવસ્ત્રીકા પ્રમુખ છતાં કેવળપદ પામે તે સ્વલીંગ સિદ્ધ કહેવાય છે.

૧૨ જે તાપસાદિક પ્રમુખ બીજા ચિન્હવાન છતાં લોકોત્તર સ્થિત થયા છે તે અન્યલીંગ સિદ્ધ જાણવા.

૧૩ જે મરૂદેવા પ્રમુખ ગૃહસ્થ વેષધારી છતાં સિદ્ધ થયા તે ગૃહલીંગ સિદ્ધ જાણવા.

૧૪ જે એક સમયને વિષે એકલોજ સર્વોત્કૃષ્ટ સુખના ધામને પામ્યા હોય તે એક સિદ્ધ જાણવા.

૧૫ જે એક સમયને વિષે અનેક જીવો સિદ્ધત્વ પામ્યા હોય તે અનેક સિદ્ધ જાણવા—એ અનંતર સિદ્ધના પંદર ભેદ કહ્યા.

**પ્રશ્ન**—સ્વામી! પરંપરા અસંસારી જીવના કેટલા ભેદ છે.

**ઉત્તર**—હે શિષ્ય! તેના અનેક ભેદ છે, પ્રથમ સમયના સિદ્ધ. બે સમયના સિદ્ધ જાવત્ શબ્દે અનંત સમેસિદ્ધ. એટલે જેને સિદ્ધાવસ્થા પામ્યાને એક સમયથી ઉપરાંત કાળ થઇ ગયો હોય તે પરંપરાસિદ્ધ. એટલે પરંપરા અસંસારી જીવ તેહની હકીકત સંપૂર્ણ થઇ. એટલે અસંસારી તે સિદ્ધ તેહનો અધિકાર સંપૂર્ણ થયો. હવે સંસારી જીવનો અધિકાર કહે છે.

## ૫ સંસારી જીવનો અધિકાર.

**પ્રશ્ન**—સ્વામી! સંસારાશ્રીત સંસારી જીવ તેહના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે શિષ્ય! સંસારી જીવને વિષે એહવી નવ પ્રકારે વાર્તા આચાર્ય કહે છે. એક આચાર્ય એમ કહે છે જે, બે પ્રકારે સંસારાશ્રીત જીવ કહ્યા છે. વળી એક આચાર્ય એમ કહે છે જે, ત્રણ ભેદે સંસારાશ્રીત જીવ કહ્યા છે. એક આચાર્ય એમ કહે છે. જે, ચાર ભેદે સંસારાશ્રીત જીવ કહ્યા છે. એક આચાર્ય એમ કહે છે. જે, પાંચ ભેદે સંસારાશ્રીત જીવ કહ્યા છે. એમ એણે અભિપ્રાયે છ ભેદે, સાત ભેદે, આઠ ભેદે, નવ ભેદે જાવત દશ ભેદે સંસારી જીવ કહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૬ બે પ્રકારે સંસારી જીવનો અધિકાર.

**પ્રશ્ન**—સ્વામી! જે આચાર્ય એમ કહે છે જે, બે પ્રકારે સંસારી જીવ તે કેવી રીતે કહેછે?

**ઉત્તર**—હે શિષ્ય! તે એમ કહે છે જે, એક ત્રસ અને બીજા સ્થાવર જીવ.

## ૭. સ્થાવર જીવનો અધિકાર.

**પ્રશ્ન**—સ્વામી! સ્થાવર જીવના કેટલા ભેદ કહ્યા છે?

**ઉત્તર**—હે શીષ્ય! તેના ત્રણ ભેદ કહ્યા છે, પૃથ્વીકાયના ૧, અપકાયના ૨, અને વનસ્પતિકાયના ૩ (અગ્નીકાય અને વાયુકાય એ બે ગતીત્રસ કહ્યા છે, માટે તે આંહી નથી લીધા.)

## ૧ સુક્ષ્મ, બાદર પૃથ્વીકાયનો અધિકાર.

**પ્રશ્ન**—સ્વામી! પૃથ્વીકાયના કેટલા ભેદ કહ્યા છે?

**ઉત્તર**—હે શિષ્ય! તેના બે ભેદ કહ્યા છે, સુક્ષ્મપૃથ્વીકાયના જીવ અને બાદર પૃથ્વિકાયના જીવ તેમાં વળી સુક્ષ્મ પૃથ્વિકાયના બે પ્રકાર કહ્યા છે, ચાર અપર્યાપ્તે અપર્યાપ્તા, અને ચાર પર્યાપ્તે પર્યાપ્તા.

હવે સંગ્રહણી ગાથા કહે છે.—॥ગાથા॥—**शरीरो गाहण संघयण ॥ संठाण कसाय तहचहोति सन्नाओ ॥ लेसिं दिय समुघाए ॥सन्नी वेएय पजत्ति॥ १॥ दिठी दंसण नाणे ॥ जोगुवऊगे तहा किमाहारे ॥ उववाय ठिई समुघाय ॥ चवण गई रागई चेव ॥ २ ॥**

**અર્થ**—શરીર પાંચ ૧, (ઉદારીક ૧, વૈક્રે ૨, તેજસ ૩, કાર્મણ ૪, આહારક ૫). અવગાહના ૨, (કાયમાન) ઉદારીકની જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગને ઉત્તકૃષ્ટી એકહજાર જોજન ઝાઝેરી (કમળના ડોડાને ન્યાયે). વૈક્રિય શરીરની ભવધારણી જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ ને ઉતકૃષ્ટી પાંચસો ધનુષ્યની તથા ઉત્તર વૈક્રયની અવગાહના જઘન્ય આંગળનો અસંખ્યાતમો ભાગ ને ઉત્તકૃષ્ટિ લાખ જોજન ઝાઝેરી આહારકની અવગાહના જઘન્ય મુંઢાહાથની ઉત્તકૃસ્ટી એક હાથની અને તેજસ કાર્મણ શરીરની અવગાહના જઘન્ય આંગળનો અસંખ્યાતમો ભાગ ને ઉત્તકૃષ્ટિ ચૌદ રાજલોક પ્રમાણે (કેવળ સમુદ્ઘાતની અપેક્ષાએ તથા પોતપોતાના શરીર પ્રમાણે) સંઘયણ ૭ ૩ (વજ્રૠખભનારાચ ૨ ૠખભનારાચ ૩, અર્ધનારાચ ૪, કીલકા ૫, અને છેવટ્ટુ, ૬). સંસ્થાન ૭ ૪ (સમચઉરસ ૧ નગ્રોધપરી મંડલ ૨, સાદી ૩, કુબજ ૪, વામન ૫, અને હંડ ૬). કષાયચાર ૫ (ક્રોધ ૧ માન ૨, માયા ૩, અને લોભ ૪), તેમ સંજ્ઞાચાર ૬, (આહાર ૧, ભય ૨ મૈથુન ૩, અને પરિગ્રહ ૪, લેસ્યા ૭ ૭, (કૃસ્ન ૧, નીલ ૨, કાપોત ૩, તેજુ ૪, પદમ ૫, અને સુકલ ૬), ઇંદ્રીપાંચ ૮, (શ્રોતેંદ્રી ૧, ચક્ષુંદ્રી ૨, ઘ્રાણેંદ્રી ૩, રસેંદ્રી ૪, અને સ્પર્શેંદ્રી ૫), સમુદ્ઘાત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાત ૯, (વેદના ૧, કષાય ૨, મારણાંતીક ૩, વૈક્રીય ૪, તેજસ ૫, આહરક ૬, અને કેવલ ૭) સંગ્ની (મનસહીત) અસંગ્ની (મનરહીત) ૧૦. વેદ ત્રણ ૧૧. (સ્ત્રી ૧, પુરૂષ ૨, અને નપુંસક ૩), પર્યાપ્તી ૭ ૧૨. (આહાર ૧, શરીર ૨, ઇંદ્રી ૩, શ્વાસોશ્વાસ ૪, ભાષા ૫, અને મન ૬), દ્રષ્ટીત્રણ ૧૩. (સમક્તિ ૧, મિથ્યાત ૨, અને મિશ્ર ૩,) દર્શન ચાર ૧૪. (ચક્ષુ ૧, અચક્ષુ ૨, અવધ ૩, અને કેવલ ૪), ગ્નાન પાંચ ૧૫. (મતિ ૧, શ્રુત ૨, અવધ ૩, મનપર્યવ ૪, અને કેવલ ૫), જોગ ત્રણ ૧૬. (મન ૧, વચન ૨, અને કાયા ૩), ઉપયોગ બે ૧૭ (સાકાર ૧, અને અનાકાર ૨), તેમ શેનો આહાર કરેછે તે ૧૮ કઇ ગતિ માંહેથી ઉપજેછે, તે ૧૯. આવખું ૨૦. મારણાંતીક સમુદ્દઘાત ૨૧. બે (સમોહીયા ૧, અને અસમોહીયા ૨), ચવન ૨૨. કેટલી ગતિથી આવે ૨૩. (તે ગતી ચાર છે નારકી ૧, તિર્યંચ ૨, મનુષ્ય ૩, અને દેવતા ૪), મરીને કેટલી ગતે જાય ૨૪.

એમ ચોવીશદ્દાર સૂક્ષ્મ પૃથ્વીકાય પ્રમુખ સર્વ સ્થાનકે પુછશે તેમાં પ્રથમ સુક્ષ્મ પૃથ્વિકાયનો અધિકાર શ્રી ગૌતમસ્વામી શ્રી મહાવિર સ્વામી પ્રત્યે પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ પૃથ્વીકાયના જીવને કેટલાં શરીર કહ્યાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ત્રણ શરીર કહ્યાં છે ઉદ્દારીક ૧, તેજસ ૨, અને કાર્મણ ૩, એમ ત્રણ શરીર છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ પૃથ્વીકાયના જીવને કેવડી મોટી શરીરની અવગાહના છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય (નાહનામાં નાહની) અંગુલને અસંખ્યાતમે ભાગે અને ઉત્કૃષ્ટી (મોટામાં મોટી) પણ અંગુલને અસંખ્યાતમે ભાગે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવના શરીર ૭ સંઘયણમાં કયા સંઘયણનાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના છેવટા સંઘયણના શરીર છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તેના શરીર કયે સંસ્થાને છે?

**ઉત્તર**—હે ગૌતમ, મસુરની દાળને આકારે તે જીવના સંસ્થાન છે.

**પ્રશ્ન**— હે ભગવંત, તે જીવને કેટલા કષાય છે?

**ઉત્તર**—હે ગૌતમ, ક્રોધ ૧ માન ૨ માયા ૩ લોભ ૪ એ ચાર કષાય સહીત છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી સંગ્ના છે?

**ઉત્તર**—હે ગૌતમ, આહારસંગ્ના ૧, ભયસંગ્ના ૨, મૈથુનસંગ્ના ૩, અને પરીગ્રહસંગ્ના ૪, એ ચાર સંગ્ના છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી લેશ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, ક્રશ્ન ૧, લીલ ૨, અને કાપોત ૩, એ ત્રણ લેશ્યા છે,

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી ઇંદ્રી છે?

**ઉત્તર**—હે ગૌતમ, એક સ્પર્શ ઇંદ્રી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા સમુદ્ઘાત છે.

**ઊત્તર**—હે ગૌતમ, તેને ૩ સમુદ્ઘાત છે તે વેદની ૧, કષાય ૨, અને મારણાંતીક ૩.

**પ્રશ્ન**—હે ભગવંત તે જીવ સંજ્ઞી છે? કે અસંજ્ઞી છે?

**ઉતર**—હે ગૌતમ સંજ્ઞી નથી (તેને મન નથી) પણ અસંજ્ઞીજ છે. (મન રહીત છે).

**પ્રશ્ન**—હે ભગવંત તે જીવ સ્ત્રી વેદી છે? કે પુરૂષ વેદી છે? કે નપુંસક વેદી છે?

**ઉતર**—હે ગૌતમ સ્ત્રીવેદી નથી, તેમ પુરૂષવેદી પણ નથી, કેવળ એક નપુંસકવેદી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી પર્યાપ્તી છે?

**ઉતર**—હે ગૌતમ ચાર પર્યાપ્તે પર્યાપ્તા કહ્યા છે, આહાર કરે તે આહાર પર્યાપ્તી ૧, શરીર બાંધે તે શરીર પર્યાપ્તી ૨, ઇંદ્રી બાંધે તે ઇંદ્રી પર્યાપ્તી ૩, અને શ્વાસોશ્વાસ લીએ તે શ્વાસોશ્વાસ પર્યાપ્તી ૪, એ ચાર પર્યાપ્તી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી અપર્યાપ્તી છે? (પર્યાપ્તે પર્યાપ્તો નહીં તે અપર્યાપ્તો).

**ઉતર**—હે ગૌતમ ચાર અપર્યાપ્તી છે આહાર ન લીધો હોય તે આહાર અપર્યાપ્તી, જાવત્ શ્વાસોશ્વાસ ન બાંધ્યા હોય તે શ્વાસોશ્વાસ અપર્યાપ્તી.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સમ્યક્ત્વ દ્રષ્ટી છે? કે મીથ્યાદ્રષ્ટી છે? કે મીશ્રદ્રષ્ટી છે?

**ઉતર**—હે ગૌતમ સમ્યક્ત્વદ્રષ્ટી નથી. મીથ્યાદ્રષ્ટીજ છે, પણ **સમમિથ્યાત** ( તે મીશ્ર ) દ્રષ્ટી નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું ચક્ષુદર્શની એટલે આંખે દેખે છે? કે બીજી ચાર ઇંદ્રી તે અચક્ષુ દર્શન છે તેણે જાણે છે? કે અવધી દર્શને દેખે છે? કે કેવળ દર્શને દેખે છે?

**ઉતર**—હે ગૌતમ ચક્ષુ દર્શની નથી (આંખે દેખતા નથી), અચક્ષુ દર્શન છે. ( સ્પર્શેંદ્રી તુચ્છ બળ છે) અવધ દર્શને દેખતા નથી તેમ કેવળદર્શને પણ દેખતા નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું જ્ઞાની છે? કે અજ્ઞાની છે?

**ઉતર**—હે ગૌતમ જ્ઞાની નથી, અજ્ઞાની છે. નિશ્ચે મતિ અજ્ઞાની અને સુત અજ્ઞાની એ બે અજ્ઞાનવંત છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું મન જોગી છે? કે વચન જોગી છે? કે કાય જોગી છે?

**ઉતર**—હે ગૌતમ મન જોગી નથી, તેમ વચન જોગી પણ નથી. કેવળ કાય જોગી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ સાકારપયોગી ( જ્ઞાનોપયોગ ) છે? કે અનાકારપયોગી છે? (દર્શનોપયોગ છે) ?

**ઉતર**—હે ગૌતમ, સાકારપયોગી છે, (મતિ, સુત અજ્ઞાનવંત છે) ને અનાકારોપયોગી પણ છે. (અચક્ષુ દર્શને કરી.)

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શેનો આહાર કરે છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, દ્રવ્યથી અનંત પ્રદેશી દ્રવ્ય, ક્ષેત્રથી અસંખ્યાતા આકાસ પ્રદેશોગાઢ, કાળથી અન્યંતર કાળના, અને ભાવથી પાંચ વરણવંત, બે ગંધવંત, પાંચ રસવંત, અને આઠ સ્પર્શવંત આહાર કરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જે ભાવથી વરણવંત આહાર કરે છે, તે શું એક વરણી દ્રવ્યનો આહાર કરે છે? કે બે વરણી દ્રવ્યનો આહાર કરે છે? કે ત્રણ વરણી દ્રવ્યનો આહાર કરે છે? કે ચાર વરણી દ્રવ્યનો આહાર કરે છે? કે પાંચ વરણી દ્રવ્યનો આહાર કરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, સ્થાન માર્ગણા આશ્રી પુછીએ તો એક વરણી, બે વરણી, ત્રણ વરણી ચાર વરણી, પાંચ વરણી પણ પુદગળનો આહાર કરે છે. અને વિધાન માર્ગણા પડીવર્જિ પુછીએ તો કાળા દ્રવ્યનો આહાર કરે છે એમ લીલા, પીલા, રાતા, જાવત્ ઉજળા દ્રવ્યનો પણ આહાર કરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જે વર્ણથી કાળા દ્રવ્યનો આહાર કરે છે તે એક ગુણ કાળા દ્રવ્યનો આહાર કરે છે? બે ગુણ કાળા દ્રવ્ય ત્રણ ગુણ કાળા દ્રવ્ય જાવત્ અનંત ગુણ કાલા દ્રવ્યનો આહાર કરેછે?

**ઉત્તર**—હે ગૌતમ, એક ગુણ કાળા દ્રવ્યનો પણ આહાર કરેછે. એમ જાવત્ અનંત ગુણ કાળા દ્રવ્યનો પણ આહાર કરેછે. એમ પીળા, લીલા, રાતા જાવત્ શુક્લ વર્ણ સુધી એ રીતેજ જાણવું.

**પ્રશ્ન**—હે ભગવાન જે ભાવથી ગંધવંત આહાર કરેછે. તે શું એકગંધી દ્રવ્યનો આહાર કરેછે? કે બે ગંધી દ્રવ્યનો આહાર કરેછે?

**ઉત્તર**—હે ગૌતમ સ્થાન માર્ગણા પડીવર્જિ પુછીએ તો એક ગંધ દ્રવ્યનો પણ આહાર કરેછે ને બે ગંધી દ્રવ્યનો પણ આહાર કરેછે. અને વિધાન માર્ગણા પડીવર્જિ પુછીએ તો સુગંધી દ્રવ્યનો પણ આહાર કરેછે, અને દુર્ગંધી દ્રવ્યનો પણ આહાર કરેછે.

**પ્રશ્ન**—હે ભગવંત જે ગંધથી સુગંધી દ્રવ્યનો આહાર કરે છે, તે શું એક ગુણ સુગંધી દ્રવ્યનો આહાર કરેછે? કે જાવત્ અનંત ગુણ સુગંધી દ્રવ્યનો આહાર કરેછે?

**ઉત્તર**—હે ગૌતમ એક ગુણ સુગંધી દ્રવ્યનો પણ આહાર કરેછે, અને જાવત્ અનંત ગુણ સુગંધી દ્રવ્યનો પણ આહાર કરે છે. એવીજ રીતે જેમ સુગંધ તેમ દુર્ગંધ પણ જાણવી. અને પાંચ રસ તે જેમ પાંચ વર્ણ કહ્યા તેમ જાણવા.

**પ્રશ્ન**—હે ભગવંત, જે ભાવથી સ્પર્શવંત દ્રવ્યનો આહાર કરેછે, તે શું એક સ્પર્શિ દ્રવ્યનો આહાર કરેછે? કે બે સ્પર્શિ દ્રવ્યનો આહાર કરેછે? કે જાવત્ આઠ સ્પર્શિ દ્રવ્યનો અહાર કરેછે?

**ઉત્તર**—હે ગૌતમ સ્થાન માર્ગણા પડીવર્જિ પુછીએ તો એક સ્પર્શિ દ્રવ્યનો પણ આહાર નથી કરતા, તેમ બે સ્પર્શિ દ્રવ્યનો પણ આહાર નથી કરતા, તેમ ત્રણ તથા ચાર સ્પર્શિ દ્રવ્યનો પણ આહાર નથી કરતા, પણ પાંચ સ્પર્શિ, છ સ્પર્શિ, સાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્પર્શિ, જાવત્, આઠ સ્પર્શિ દ્રવ્યનો આહાર કરેછે. અને વિધાન માર્ગણા પડીવર્જિ પુછીએ તો કર્કસ સ્પર્શનો પણ આહાર કરેછે એમ કોમળ, સીત, ઉશ્ણ, હળવો, ભારી, ચોપડયો, જાવત્ લુક્ષ દ્રવ્યનો પણ આહાર કરેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, જે સ્પર્શથી કર્કસ દ્રવ્યનો આહાર કરેછે, તે એક ગુણ કર્કસ દ્રવ્યનો આહાર કરે છે? કે બે ગુણ કર્કસ દ્રવ્યનો આહાર કરેછે? કે જાવત્ અનંત ગુણ કર્કસ દ્રવ્યનો આહાર કરેછે.

**ઉત્તર**—હે ગૌતમ, એક ગુણ કર્કસ દ્રવ્યનો પણ આહાર કરેછે. જાવત્ અનંત ગુણ કર્કસ દ્રવ્યનો પણ આહાર કરેછે, એમ જાવત્ લુક્ષ દ્રવ્ય સુધી જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ સ્પર્સ્યા દ્રવ્યનો આહાર કરેછે? કે અણસ્પર્સ્યા દ્રવ્યનો આહાર કરેછે?

**ઉત્તર**—હે ગૌતમ, સ્પર્સ્યા દ્રવ્યનો આહાર કરેછે, પણ અણસ્પર્સ્યા દ્રવ્યનો આહાર નથી કરતા.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શરીરાવગાઢ પુદગલનો આહાર કરે છે? કે શરીરને અવગાઢ નથી એવા પુદગલનો આહાર કરેછે?

**ઉત્તર**—હે ગૌતમ, શરીરને અવગાઢ પુદગલનો આહાર કરેછે. પણ અણાવગાઢ પુદગલનો આહાર નથી કરતા.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું અનંતરોવગાઢ પુદગલનો આહાર કરેછે; કે પરંપરાવ-ગાઢ પુદગલનો આહાર કરેછે?

**ઉત્તર**—હે ગૌતમ, અનંતરાવગાઢ પુદગલનો આહાર કરે છે, પણ પરંપરાવગાઢ પુદગલનો આહાર નથી કરતા.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સુક્ષ્મ પુદગલનો આહાર કરેછે? કે બાદર પુદગલનો આહાર કરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, સુક્ષ્મ પુદગલનો પણ આહાર કરેછે, અને બાદર પુદગલનો પણ આહાર કરેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ ઉર્ધ્વદિશનો આહાર કરે છે? અથવા અધોદિશનો આહાર કરે છે કે ત્રીચ્છી દિશનો આહાર કરેછે?

**ઉત્તર**—હે ગૌતમ, ઉર્ધ્વદિશનો પણ આહાર કરે છે. અધોદિશનો પણ આહાર કરેછે અને ત્રીચ્છી દિશનો પણ આહાર કરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું શરીને આદે આહાર કરે છે? કે શરીરને મધ્ય પ્રદેશે આહાર કરે છે? કે શરીરને અંતે આહાર કરે છે.

**ઉત્તર**—હે ગૌતમ, શરીરને આદે પણ આહાર કરે છે, શરીરને મધ્યે પણ આહાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે છે, અને શરીરને અંત પ્રદેશે પણ આહાર કરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શરીરના વિષય સહિત આહાર કરે છે? કે શરીરના વિષય રહિત આહાર કરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, શરીરના વિષય સહિત આહાર કરે છે, પણ શરીરના વિષય રહિત આહાર નથી કરતા.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ અનુક્રમે આહાર લીએ છે? કે અનુક્રમે રહિત આહાર લીએ છે?

**ઉત્તર**—હે ગૌતમ, અનુક્રમે પુદગળનો આહાર લીએ છે, પણ અનુક્રમ રહિત આહાર નથી લેતા.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ ત્રણ દિશિનો આહાર કરે છે? કે ચાર દિશિનો આહાર કરે છે? કે પાંચ દિશિનો આહાર કરે છે? કે છ દિશિનો આહાર કરે છે?

**ઉત્તર**--હે ગૌતમ, અલોકની વ્યાઘાત વિના છ દિશિનો આહાર કરે છે, અને વ્યાઘાત પડી વર્જિને પુછીએ તો કોઇક સ્થાનકે ત્રણ દિશિનો, કોઇક સ્થાનકે ચાર દિશિનો, કોઇક સ્થાનકે પાંચ દિશિનો પણ આહાર કરે છે. (તે એમ જે જે જીવ લોક માંહે અલોકને અડી રહ્યા છે તેને આહાર પુદગળનું વ્યાઘાતપણું હોય, ત્યાં જે ત્રણ દિશિ અલોકને અડી રહ્યા છે તે ત્રણ દિશિનો આહાર લીએ છે, અને જે બે દિશિ અલોકને અડી રહ્યા છે તે ચાર દિશિનો આહાર લીએ છે, અને જે એક દિશે અલોકને અડી રહ્યા છે તે પાંચ દિશિનો આહાર લીએ છે.) અને ઉપન (સ્વભાવિક) કારણ પડીવર્જિ પુછીએ તો વર્ણથી કાળો, લીલો, પીળો, રાતો, જાવત ધોળો એ પાંચ વર્ણિ આહાર કરે છે. ગંધથી સુગંધી ને દુર્ગંધી એ બે ગંધવંત આહાર કરે છે. તીક્ત, કટુક, મધુર, આંબીલ, અને લવણ. એમ પાંચ રસનો આહાર કરે છે. સ્પર્શથી કઠણ, કોમળ, ભારી, લઘુ, ઉશ્ન, સીત, સ્નિગ્ધ અને લુક્ષ એ આઠ સ્પર્શિ આહાર કરે છે. વળી તે જીવ પુર્વલો, વર્ણગુણ, જાવત્ ગંધગુણ રસગુણ, સ્પર્શગુણ, પરીણમાવીને, તેહને પરીસાટ કરીને, તેહને વિદ્ધંસના પમાડીને અનુક્રમે અપુર્વગુણે ગંધગુણ, રસગુણ, જાવત્ સ્પર્શગુણ ઉપજાવીને આત્મ શરીરને અવગાઢ પુદગળ સર્વ પ્રદેશે આહારને આહાર કરે છે,

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કહી ગતીમાંહેથી આવી સુક્ષ્મ પૃથ્વીકાયને વિષે ઉપજે? શું નારકીની ગતિમાંહીથી આવી ઉપજે? કે તિર્યંચની ગતીમાંહીથી આવી ઉપજે? કે મનુષ્યની ગતીમાંહેથી આવી ઉપજે? કે દેવતાની ગતી માંહેથી આવી ઉપજે?

**ઉત્તર**—હે ગૌતમ, નારકી, દેવતાની ગતીમાંહેથી આવી ઉપજે નહીં? પણ તિર્યંચ મનુષ્યની ગતીમાંહેથી આવી ઉપજે, તે પણ તિર્યંચ જોનિયા પર્યાપ્તા અપર્યાપ્તા બંનેમાંહેથી ઉપજે, પણ અસંખ્યાતા વર્શાયુના ધણી જે જુગલીયા તે માંહેથી સુક્ષ્મ પૃથ્વીમાં ઉપજે નહીં, તેમ જે મનુષ્ય ગતીમાંહેથી ઉપજે તે પણ અકર્મભૂમિયા અસંખ્યાતા વર્ષના આયુના ધણી જુગલીયા માંહેથી ઉપજે નહીં. (કેમકે જુગલીયા તો મરીને દેવગતી માંહેજ જાય બીજે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાય નહીં ) એ અધિકાર શ્રી પનવણાજી સૂત્રના છઠા વ્યુક્રાંતનામા પદથી સવીસ્તાર પણે જાણવો,

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનું કેટલું આવખું છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું ને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્તનું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ મારણાંતિક સમુદ્ઘાતે સમોહત મરે છે? કે અસમોહત મરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, સમોહત પણ મરે છે અને અસમોહત પણ મરે છે. (જે જીવ પોતાના સર્વાત્તમ પ્રદેશ એક સમયે બંધુકના ભડાકાની પેરે સામટા લઇ જાય તે સમોહત મરણ કહીએ, અને જે જીવ ઇલકાગતી (કીડીની લાર પેઠે મરે તે ઇલકગતી) મરે તે અસમોહત મરણ કહીએ.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ આંતરા રહિત ચવીને ( મરીને ) કઇ ગતિમાં ઉપજે? શું નારકી માંહે ઉપજે? કે તિર્યંચ માંહે ઉપજે? કે મનુષ્ય માંહે ઉપજે? કે દેવતા માંહે ઉપજે?

**ઉત્તર**—ગૌતમ, નારકી માંહે ઉપજે નહીં. તિર્યંચ, અને મનુષ્ય એ બે ગતિ માંહેજ ઉપજે પણ દેવતા માંહે ઉપજે નહીં,

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચ ગતિમાંહે ઉપજે તો શું એકંદ્રી માંહે ઉપજે? કે બેઇંદ્રી માંહે ઉપજે? કે તેઇંદ્રી માંહે ઉપજે? કે ચૌરેંદ્રી માંહે ઉપજે? કે પંચેંદ્રી તિર્યંચજોની માંહે ઉપજે?

**ઉત્તર**—હે ગૌતમ, એકંદ્રી તિર્યંચમાંહે પણ ઉપજે, જાવત પંચેંદ્રી તિર્યંચજોની માંહે પણ ઉપજે પણ જે અસંખ્યાતા વર્ષના આવખાના ધણી જુગલીયા તે મધ્યે ઉપજે નહીં. શેષ સર્વ અપર્યાપ્તા, પર્યાપ્તા મધ્યે ઉપજે અને જે મનુષ્યગતિ મધ્યે ઉપજે તે પણ ત્રીશ અકર્મભૂમિના ને છપન અંતરદ્વીપાના અસંખ્યાતા વરસના આવખાના જુગલીયા વરજીને પર્યાપ્તા અપર્યાપ્તા મધ્યે ઉપજે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી ગતિ છે? અને કેટલી આગતી છે?

**ઉત્તર**—હે ગૌતમ, તે જીવ મરીને બે ગતે જાય ( મનુષ્ય, તિર્યંચ. ) અને એજ બે ગતેથી આવે.

એ સુક્ષ્મ પૃથ્વીકાયના પ્રત્યેક શરીર છે અને અસંખ્યાતા જીવ છે. ચઉદ રાજલોક મધ્યે એ સુક્ષ્મ પૃથ્વીકાયા જીવ મસની કુંપલીની પરે ભર્યા છે. અહો સાધુ માનભાવો! એ સુક્ષ્મ પૃથ્વીકાયનો અધિકાર કહ્યો.

હવે બાદર પૃથ્વીકાયનો અધિકાર કહે છે. ॥

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર પૃથ્વીકાયના કેટલા ભેદ છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે, એક સુંહાળી (કોમળ) બાદર પૃથ્વિકાય (મૃતિકા પ્રમુખ) અને બીજી કઠણ બાદર પૃથ્વિકાય (હીરા પ્રમુખ).

**પ્રશ્ન**—હે ભગવંત, સુંહાળી પૃથ્વીના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના સાત ભેદ છે, કાળી માટી ૧, લીલી માટી ૨, રાતી માટી ૩, પીળી માટી ૪, ધોળી માટી ૫, પંડુ માટી ૬, (ગોપાચંદનાદિક) ને પણગમાટી ૭, (તળાવના કાંપાદિક).

**પ્રશ્ન**—હે ભગવંત, કઠણ પૃથ્વીના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ કહ્યા છે તે કહેછે. ૧ પૃથ્વી, ૨, કાંકરા, ૩ વેળુ, ૪ ઉપર ટાંકવા યોગ્ય, ૫ શિલા ઘડવા યોગ્ય, ૬ લોણ તે મીઠું, ૭ ઉશ દેશ વિશેષ, ૮ અષ્ઠલોહજાતિ' ૯ ત્રાંબુ, ૧૦ તરૂયો ૧૧ સીશું, ૧૨ રૂપું, ૧૩ સોનું, ૧૪ વજ્ર હીરો, ૧૫ હરતાલ, ૧૬ હીંગળો, ૧૭ મણુસીલ, ૧૮ પારો, ૧૯ સુરમો, ૨૦ પરવાળાં, ૨૧ અબરખ, ૨૨ અબરખ મીશ્રીત વેળુ, એ બાદર પૃથ્વી. હવે મણીના ભેદ કહેછે. ૧ ગોમેદમણી, ૨ રૂચકમણી, (ચક્રરત્ન, છત્ર રત્ન, દંડ રત્ન, મણિરત્ન, કાંગણિરત્ન, ચર્મ રત્ન, સુયરના મસ્તકની મણિ, મનુષ્યના મસ્તકની મણી, મનુષ્યના પેટ માહેલી પથ્થરી, મગરમચ્છના ડાઢ મસ્તકની મણિ, સુયરના ડાઢની મણિ, હાથીના મસ્તકના મોતી, વાંશ માહીલા મોંતી, છીપના મોતી, એ સર્વ સચીત પૃથ્વીકાય છે. કેમકે પાણીના બિંદુથી ઉપજેછે. ત્રસકાયના સંજોગેં પાણીના જીવ પૃથ્વી પણે પ્રણમેછે તે લુણપાણીવત) અંક રત્ન ૩, સ્ફટિક રત્ન, ૪, લોહીતાક્ષ રત્ન, ૫, મર્કટ મણિ રત્ન, ૬, મસાર્ગલ ૭, ભુજ મોચક રત્ન, ૮, ઈંદ્રનિલ રત્ન ૯, ચંદન રત્ન, ૧૦, ગૌરિક રત્ન, ૧૧, હંસ ગર્ભ, ૧૨, પુલીક રત્ન, ૧૩, સૌગંધિક રત્ન, ૧૪, ચંદ્રપ્રભ રત્ન, ૧૫, વૈડુર્ય રત્ન, ૧૬, જલકાંત રત્ન, ૧૭, સુર્યકાત ૧૮, એ આદ દેઇને કઠણ પૃથ્વી જાણવી.

તે પૃથ્વિકાયના ભેદ જેમ શ્રી પનવણાજી સૂત્રમધ્યે કહ્યા છે, તેમ સવિસ્તારપણે જાણવા. જાવત્ તેના સંક્ષેપે બે ભેદ છે, એક ચાર પર્યાપ્તે પર્યાપ્તા હોય તે પર્યાપ્તા. અને બીજો ભેદ તે ચાર અપર્યાપ્તે અપર્યાપ્તા હોઇ તે અપર્યાપ્તા કહીએ.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર પૃથ્વીકાયા જીવને કેટલાં શરીર છે.

**ઉ-તર**—હે ગૌતમ, તેને ત્રણ શરીર છે, ઉદારીક ૧, તેજસ ૨, ને કામર્ણ ૩, જેમ સુક્ષમ પૃથ્વિકાયનો અધિકાર છે તેમ જાણવો, પણ એટલો વિશેષ જે બાદર પૃથ્વિકાયને લેસ્યા ચાર છે તે કહે છે. ક્રસ્ન ૧, નીલ ૨, કાપોત ૩, અને તેજુ ૪, (કોઇ દેવતા તેજુ લેસ્યાવંત બાદર પૃથ્વિમાંહે ઉપજે તેને ઉપજતી વેળાએ એટલે અપર્યાપ્તાપણે હોય ત્યાંસુધી તેજુ લેસ્યા હોય.) બીજો સર્વ જેમ સુક્ષ્મ પૃથ્વિકાયને કહ્યો તેમ જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ આહાર કેટલી દિશિનો લીએ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને આહાર નિશ્ચે ૭ દિશિનો હોય. (કેમકે બાદર પૃથ્વીકાયા જીવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકને છેડે નથી રહ્યા જેથી કરી વ્યાઘાત ન હોય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, કયા જીવ બાદર પૃથ્વીકાયપણે આવી ઉપજે?

**ઉ-તર**—હે ગૌતમ, તિર્યંચ, મનુષ્ય અને દેવતા આવીને ઉપજે. તેમાં તિર્યંચ, મનુષ્ય જુગલીયા વરજીને ઉપજે અને દેવતા તે પણ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, સુધર્મા દેવલોક, ઇસાન દેવલોક સુધીના આવીને ઉપજે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનું આવખું કેટલું છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે બાવીશ હજાર વરસનું (ખર પૃથ્વીનું) છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ મારણાંતિક સમુદઘાતે સમોહત મરે છે? કે અસમોહત મરે છે?

**ઉ-તર**—હે ગૌતમ, સમોહત પણ મરે છે. અને અસમોહત પણ મરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ આંતરા રહીત ચવીને કઇ ગતે જાય? કઇ ગતિમાં ઉપજે? શું નારકી મધ્યે ઉપજે? કે તિર્યંચ, મનુષ્ય, દેવતા મધ્યે ઉપજે?

**ઉ-તર**—હે ગૌતમ નારકી મધ્યે ઉપજે નહીં. તિર્યંચ અને મનુષ્યમાં ઉપજે. પણ દેવતામાં ઉપજે નહીં. જેમ સુક્ષ્મ પૃથ્વીના જીવ તેમ જ જાવત્ મનુષ્ય, તિર્યંચ મધ્યે જુગલીયા વરજી ઉપજે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી ગત અને કેટલી આગત છે?

**ઉ-તર**—હે ગૌતમ, બે ગત (મનુષ્ય, તિર્યંચ.) ને ત્રણ આગત છે (દેવતા, મનુષ્ય ને તિર્યંચ.)

એ જીવના પ્રત્યેક શરીર કહ્યાં છે અને ચઉદ રાજલોક મધ્યે અસંખ્યાતા જીવ છે. અહો સાધો માનભાવો! એટલે બાદર પૃથ્વીકાયનો અધિકાર કહ્યો એટલે પૃથ્વીકાયનો અધિકાર સંપૂર્ણ થયો–હવે અપકાયનો અધિકાર કહે છે. ॥

## ૯ સુક્ષ્મ, બાદર. અપકાય (પાણીનો) અધિકાર

**પ્રશ્ન**—હે ભગવંત, અપકાય (પાણી)ના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. એક ભેદ સુક્ષ્મ અપકાય, અને બીજો ભેદ બાદર અપકાય, તેના વળી બે ભેદ છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં પ્રથમ સુક્ષ્મ અપકાયનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ અપકાયા જીવને કેટલાં શરીર છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ત્રણ શરીર છે. ઉદારિક ૧, તેજસ ૨, અને કાર્મણ ૩.

શેષ અધિકાર જેમ સુક્ષમ પૃથ્વિકાયનો કહયો તેમ જાણવો. પણ એટલો વિશેષ છે જે પાણીના જીવનું સંસ્થાન (આકાર) પાણીના પરપોટાને આકારે છે. જાવત બે ગતી અને બે આગતી (તિર્યંચ, મનુષ્યની) છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સુક્ષ્મ પાણીના જીવના પ્રત્યેક (જુદા જુદા) શરીર છે અને ચઉદ રાજલોકમધ્યે અસંખ્યાતા જીવ છે. એટલે એ સુક્ષ્મ પાણીનો અધિકાર કહ્યો.

હવે બાદર અપકાય (પાણી) નો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર અપકાયા જીવના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે. ઠાર, હીમ, જાવત્ જે વળી બીજા પણ પાણી તથાપ્રકારના તેહના શંક્ષેપથી બે ભેદ છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા. એમ સર્વ અધિકાર સુક્ષમ પૃથ્વીકાયના સરખો જાણવો પણ એટલો વિશેપ કે તેનું સંસ્થાન પાણીના પરપોટાને આકારે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને લેશ્યા કેટલી છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ચાર લેશ્યા છે, કસ્ન ૧, નીલ ૨, કાપોત ૩, અને તેજુ ૪, (દેવતા આવી ઉપજે તે આશ્રી),

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કેટલી દિશિનો આહાર કરે છે?

**ઉ-તર**—હે ગૌતમ, આહાર નિશ્ચે છ દિશિનો કરે છે.

**પ્રસ્ન**— હે ભગવંત, બાદર અપકાયપણે જીવ કઇ ગતિના આવી ઉપજે?

**ઉ-તર**—હે ગૌતમ, તિર્યંચ, મનુષ્ય અને દેવતા માંહેથી આવી ઉપજે. તે પણ મનુષ્ય તિર્યંચ જુગલીયા વીરજી ને ઉપજે અને દેવતા તે પણ બીજા દેવલોક સુધીના ઉપજે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનું આવખું કેટલા કાળનું છે?

**ઉ-તર**—હે ગૌતમ જઘન્યથી અંતર્મુહુર્ત્તનું છે અને ઉત્કૃષ્ટપણે સાત હજાર વર્ષનું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ મરીને કેટલી ગતિમાં જાય, અને કેટલી ગતીના આવે?

**ઉ-તર**—હે ગૌતમ, બે ગતે જાય (મનુષ્ય, તિર્યંચ.) અને ત્રણ ગતના આવે. (મનુષ્ય, તિર્યંચ અને દેવતા,)

શેપ અધિકાર જેમ બાદર પૃથ્વિકાયનો કહ્યો તેમ જાણવો. એ જીવ પ્રત્યેક શરીરના ધણી છે અને ચઉદ રાજલોક મધ્યે અસંખ્યાતા જીવ છે. અહો સાધુ માનભાવો? એટલે બાદર અપકાયનો અધિકાર કહ્યો એટલે અપકાયનો અધિકાર સંપુર્ણ થયો. હવે વનસ્પતિ કાયનો અધિકાર કહે છે.

## ૧૦ સુક્ષ્મ, બાદર અને સાધારણ વનસ્પતિકાયનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત વનસ્પતિકાયના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. એક સુક્ષ્મ તે ચઉદ રાજલોક મધ્યે ભર્યા છે તે સુક્ષ્મ વનસ્પતિકાય. અને બીજો ભેદ ઝાડ પ્રમુખ તે બાદર વનસ્પતિકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ વનસ્પતિના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ કહયા છે, પર્યાપ્તા સુક્ષ્મ વનસ્પતિકાય અને અપર્યાપ્તા સુક્ષ્મ વનસ્પતિકાય, તેમાં હવે સુક્ષ્મ વનસ્પતિકાયનો અધિકાર કહે છે.

સુક્ષ્મ વનસ્પતિકાયનો અધિકાર તે જેમ સુક્ષ્મ પૃથ્વિકાયનો કહયો તેમજ જાણવો પણ એટલો વિશેષ છે. તેના સંસ્થાન નાના પ્રકારના છે. જાવત્ બે ગતિના આવે ( મનુષ્ય, તિર્યંચ. ) અને તેજ બે ગતિમાં જાય.

એ જીવના પ્રત્યેક શરીર નથી, પણ સાધારણ (સહિયારા) શરીર છે. તે એક શરીરે અનંતા જીવ છે. 'વળી સુક્ષ્મ વનસ્પતિ મધ્યે' **एग शरीरे एगो जीवो जेसंतु तेय पत्तेयाः इतिः** (પ્રત્યેક લક્ષણ લોચને દેખીએ તે બાદર અને ન દેખીએ તે સુક્ષ્મ જાણવા).

શેષ અધિકાર જેમ પૃથ્વીકાયનો કહ્યો તેમ જાણવો, એટલે સુક્ષ્મ વનસ્પતિકાયનો અધિકાર થયો. હવે બાદર વનસ્પતિકાયનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર વનસ્પતિકાયના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે, પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાય, અને સાધારણ શરીર બાદર વનસ્પતિકાય. (એક શરીરે એક જીવ હોય તે પ્રત્યેક શરીર, અને એક શરીરે અનંતા જીવ હોય તે સાધારણ શરીર જાણવાં.

તેમાં વળી પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાય તેહના બાર ભેદ છે તે કહેછે. **गाथा रुखा १, गुछा २, गुम्मा ३, लयाय ४, वलिय ५, पावगा चेव ६, तण ७, वलय ८, हरिय ९, उसहि १०, जलरुह ११, कुहणाय १२, बोधवा, ॥१॥**

**અર્થ**—વૃક્ષ ૧, ગુચ્છ ૨, ગુલ્મ ૩, લતા ૪, વેલડી ૫, પર્વ ૬, તૃણ ૭, વલયે છાલી ઉતરે તે વલય ૮, હરીત ૯, ઔષધી ૧૦, કમળ ૧૧, અને કુહણ ૧૨. એ બાર જાતિની પ્રત્યેક વનસ્પતિ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, વૃક્ષની જાત તે શું?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે, જે એક ફળમાં એક ઠળીઓ હોય તે, એકરિથક (બીજ) કહીએ, અને જે ફળમાં ઝાઝી કળી હોય તે બહુબીજ કહીએ.

**પ્રશ્ન**—હે ભગવંત, તે એકસ્થિક (બીજ)ના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે, લીંબડાનું ફળ (લીંબોળી), એકસ્થિક જાણવું. તેમ જાંબુનું ફળ (જાંબુડાં) એકસ્થિક, એમ જાવત્ પુનાગવૃક્ષ, સીચનવૃક્ષ, અશોકવૃક્ષ, એમ જે વળી એ સરીખા બીજાં વૃક્ષ હોય તે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે વૃક્ષના મુળમાં, સ્કંધમાં, ત્વચા (છાલ)માં, તેમ સાખા, પર્વ, પાન, ફુલ પ્રમુખમાં કેટલા જીવ છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, તે વૃક્ષના મુળમાં અસંખ્યાતા જીવ છે. એમ સ્કંધ મધ્યે, ત્વચા મધ્યે, શાખા, પર્વ, પ્રમુખે અસંખ્યાતા જીવ છે, ને પાન પાન દીઠ એકેકો જીવ છે, તેના ફુલ મધ્યે અનેક જીવ છે, અને ફળ મધ્યે એક બીજ એટલે એક જીવ છે, એટલે એ એકાસ્થિક વૃક્ષ કહ્યાં. હવે બહુ બીજ વૃક્ષ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બહુ બીજ વનસ્પતિકાયના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે, અસ્થિક વૃક્ષ (ભાષા વિશેષ), તંદુક વ્રક્ષ, ઉબર, પીપલ પ્રમુખ કોઠ વૃક્ષ, આલાના વૃક્ષ, ફણસનું વ્રક્ષ, દાડીમ વૃક્ષ, વડવૃક્ષ, કાદુબરી વ્રક્ષ, તીલક વ્રક્ષ, લીંબુના વ્રક્ષ ઇત્યાદિક બીજાં પણ એ સરખાં વ્રક્ષ હોય તે જાણવા.

**પ્રશ્ન**—હે ભગવંત, એ વૃક્ષના મુળમાં, સ્કંધ પ્રમુખમાં કેટલા જીવ છે?

**ઉ-તર**—હે ગૌતમ, એહના મુળ, સ્કંધ પ્રમુખમાં અસંખ્યાતા જીવ છે. જાવત્ ફળ મધ્યે બહુ બીજ છે. એટલે બહુબીજનો વિચાર કહ્યો. એટલે વૃક્ષનો અધિકાર કહ્યો. એમ શ્રી પનવણાજી સૂત્ર મધ્યે વનસ્પતિનો અધિકાર કહ્યો છે તેમ જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, જાવત્ કુહણ પ્રમુખ ભેદનો અધિકાર શી રીતે છે?

**ઉ-તર**—હે ગૌતમ, જેમ વૃક્ષનો કહ્યો તેમ જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, વૃક્ષના જીવના સંસ્થાન કેવે આકારે છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના નવ નવા પ્રકારના સંસ્થાન છે. વૃક્ષમાં એક જીવ, (પણ તેની નેશ્રાએ બીજા અનેક જીવ હોય.) અને પાનદીઠ અકેકો જીવ છે, સ્કંધમાં પણ એક જીવ છે. તાલવૃક્ષ, સરલ વૃક્ષ. નાલેરી પ્રમુખ મધ્યે જાણવું. હવે પ્રત્યેક વનસ્પતિના શરીર કેવી રીતે જુદા જુદા રહેછે તેનો દૃષ્ટાંત દેખાડે છે. જેમ સર્વ સરસવનો ગોળ મીશ્રીત લાડવો વાળીએ, તે લાડવા મધ્યે જેમ સરસવ સર્વે પોત પોતાના શરીર જુજુયા રાખે, તેમ પ્રત્યેક શરીરી જીવના પણ જુજુયા શરીર છે. વળી જેમ તલની ગોળ મીશ્રીત તલસાંકળી કરીએ તે મધ્યે જેમ તલ પોત પોતાના શરીર જુજુયા રાખે તેમ પ્રત્યેક વનસ્પતિના જીવ પણ પોતાના શરીર જુજુયા રાખેછે. એટલે પ્રત્યેક બાદર વનસ્પતિ-કાયનો અધિકાર કહયો. હવે સાધારણ શરીર જે અક શરીરને વિષે અનંતા જીવ તેનો અધિકાર કહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, સાધારણ શરીર બાદર વનસ્પતિકાયના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે, આલુક, (દેશ વિદેશ.)મૂળા, આદુ, હીરલીનામે વનસ્પતિ, સીરલી નામે વનસ્પતિ, સિસ્સીરીલી, કિર્તિકાક્ષિરક, ક્ષિરીક વિટાલિકા, ક્રસ્નકંદ, વજ્રકંદ, સુરણકંદ, ખેલુડા, તિલિમોથ, લીલી હળદર, લોહરી નામે અપ્રસિદ્ધ. અસ્વકરણી, સીંહ કરણી, સિકુડી, મુખુડી ઇત્યાદિક કોઇક દેશ પસીદ્ધ નામ અને કોઇક દેશ અપ્રસિદ્ધ નામ. તેના સંક્ષેપે બે ભેદ છે, પર્યાપ્તા જીવ વનસ્પતિકાયા અને અપર્યાપ્તા વનસ્પતિકાયા.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા શરીર છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, ત્રણ શરીર છે, ઉદારીક ૧, તેજસ ૨, અને કાર્મણ ૩. શેષ અધિકાર પુર્વની પેરે, જેમ બાદર પૃથ્વીકાયનો કહ્યો તેમ જાણવો. પણ જે વિશેષ છે તે કહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત તે જીવની અવઘેણા કેવડી છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંગુલને અસંખ્યાતમે ભાગે અને ઉત્કૃષ્ટપણે એક હજાર જોજન કાંઇક ઝાઝેરૂં કાયાનું માન છે.

**પ્રશ્ન**—હે ભગવંત તે જીવના શરીરના સંસ્થાન કેવે આકારે છે?

**ઉત્તર**—હે ગૌતમ, વનસ્પતિકાયા જીવના નવા નવા સંસ્થાન છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનું આવખું કેટલા કાળનું છે?

**ઉત્તર**—હે ગૌતમ જઘન્યથી અંતર્મુહુર્તનું છે. અને ઉત્કૃષ્ટપણે દશ હજાર વરસનું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કેટલી ગતમાં મરીને જાય, અને કેટલી ગતિમાંથી આવે ?

**ઉ-તર**—હે ગૌતમ, બે ગતિમાં જાય (મનુષ્ય તિર્યંચ.) અને ત્રણ ગતના આવે (મનુષ્ય તિર્યંચ, ને દેવતા). એ જીવ પ્રત્યેક શરીરના ધણી પણ છે, અને સાધારણ શરીરના ધણી પણ છે. વનસ્પતિ મધ્યે અનંતા જીવ કહ્યા છે, એટલે બાદર વનસ્પતિકાયનો અધિકાર થયો એટલે સર્વ વનસ્પતિકાયનો અધિકાર થયો, એટલે સ્થાવર જીવનો અધિકાર પુરો થયો. હવે ત્રસ જીવનો અધિકાર કહેછે.

## ૧૧ ત્રશ જીવનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત,ત્રસ જીવના કેટલા ભેદ છે ?

**ઉ-તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. અગ્નીકાય, (ગતીત્રસ) વાઉકાય, (ગતીત્રસ) અને બેંદ્રીયાદિક, (ઉદાર મોટા ત્રસ) એ ત્રણભેદ ત્રસ જીવના છે. તેમાં પ્રથમ અગ્નીકાય (ગતીત્રસ)નો અધિકાર કહેછે.

## ૧૨ સુક્ષમ, બાદર. અગ્નીકાયનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, અગ્નીકાયના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ,તેના બે ભેદ છે, એક સુક્ષ્મ અગ્નીકાય, અને બીજો ભેદ બાદર અગ્નીકાય. તેમાં પ્રથમ સુક્ષ્મ અગ્નીકાયનો અધિકાર કહેછે.

સુક્ષ્મ અગ્નીકાયનો અધિકાર જેમ પુર્વે સુક્ષ્મ પૃથ્વીકાયનો કહ્યો છે તેમ જાણવો, પણ તેમાં જે વિશેષ, છે તે કહે છે. સુક્ષ્મ અગ્નીકાયના જીવના સંસ્થાન સુઇની અણી સરખાં છે. જાવત્ એક ગતી (તિર્યંચ) મધ્યે જાય, અને બે ગતી (મનુષ્ય તિર્યંચ) મધ્યેથી આવે. એ જીવ પ્રત્યેક શરીરના ધણી છે, ને લોક મધ્યે અસંખ્યાતા જીવ છે.

શેષ અધિકાર સર્વ પુર્વલીજ પરે જાણવો, અટલે સુક્ષ્મ અગ્નીકાયનો અધિકાર થયો. હવે બાદર અગ્નીકાયનો અધિકાર કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર અગ્નીકાય જીવના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે, ઇંગાળા, ઝાળા, કણીયા અગ્નીના જાવત્ સૂર્ય-કાન્તિ, મણી, પ્રમુખ, વળી જે તથાપ્રકારના અગ્નીના ભેદ તેના સંક્ષેપે બે ભેદ છે તે કહે છે. પર્યાપ્તા અગ્નીના જીવ, અને અપર્યાપ્તા અગ્નીના જીવ.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલાં શરીર છે?

**ઉત્તર**—હે ગૌતમ, ત્રણ શરીર છે ઉદારીક ૧, તેજસ ૨, કાર્મણ ૩. એમ સર્વે તેમજ સુક્ષ્મ અગ્નીકાયની પરે સંસ્થાન સુધીની અણી સરખાં છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને લેશ્યા કેટલી છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ત્રણ લેશ્યા છે, કૃશ્ન ૧, નીલ ૨. ને કાપોત ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનું આવખું કેટલા કાળનું છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું, ને ઉત્કૃષ્ટપણે ત્રણ અહોરાત્ર (રાતદિવસ) નું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કયાંથી આવી ઉપજે? અને મરીને કયાં જાય?

**ઉત્તર**—હે ગૌતમ, તે જીવ તિર્યંચ અને મનુષ્ય માંહેથી આવી ઉપજે અને એક તિર્યંચ ગતિમાં મરીને જાય. શેષ અધિકાર સર્વ પુર્વલીપરે જાણવો. જાવત્ બે ગતીના આવે અને મરીને એક ગતીમાં જાય.

એ જીવ પ્રત્યેક શરીરના ધણી છે, અને લોક માંહે અસંખ્યાતા જીવ કહ્યા છે. એટલે બાદર અગ્નીનો અધિકાર કહ્યો. એટલે અગ્નીકાયનો અધિકાર પુરો થયો. હવે વાઉ-કાયનો અધિકાર કહે છે.

## ૧૩ સુક્ષ્મ, બાદર. વાયુકાયનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, વાયુકાય જીવના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે, સુક્ષ્મ વાયુકાય અને બાદર વાયુકાય. તેમાં પ્રથમ સુક્ષ્મ વાયુકાયનો અધિકાર કહે છે.

સુક્ષ્મ વાયુકાયનો અધિકાર તો જેમ સુક્ષ્મ અગ્નીકાયનો કહ્યો તેમ જાણવો. પણ એટલો વિશેષ છે તે કહે છે. તે જીવનું સંસ્થાન (શરીરનો આકાર) ધ્વજાને આકારે છે. જાવત્ એક ગતિમાં મરીને જાય, અને બે ગતિ માંહેથી આવે. એ જીવ પ્રત્યેક શરીરના ધણી છે, અને લોક મધ્યે અસંખ્યાતા જીવ છે. એટલે સુક્ષ્મ વાયુકાયનો અધિકાર થયો. હવે બાદર વાયુકાયનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર વાયુકાયના જીવના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે, પુર્વ દિશિનો વાય, પશ્ચિમ દિશિનો વાય. એમ જાવત બીજા પણ વાય, તથાપ્રકારના તેના સંક્ષેપે બે ભેદ છે, પર્યાપ્તા અને અપર્યાપ્તા.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા શરીર છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, તેને ચાર શરીર છે, ઉદારીક ૧, વૈક્રીય ૨, તેજસ ૩ ને કાર્મણ ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવના શરીરનું સંસ્થાન કેવે આકારે છે?

**ઉત્તર**—હે ગૌતમ, ધ્વજા (પતાકા) ને આકારે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી સમુદઘાત છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ચાર સમુદઘાત છે, વેદના સમુદઘાત ૧, કષાય સમુદઘાત ૨, મારણાંતિક સમુદઘાત ૩, અને વૈક્રીય સમુદઘાત ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કેટલી દિશિનો આહાર લીએ છે?

**ઉત્તર**—હે ગૌતમ, નિર્વ્યાઘાતપણે છ દિશિનો આહાર કરે છે, અને વ્યાઘાત પડીવરજીને કયાંઇક તીન દિશિનો, કયાંઇક ચાર દિશિનો, અને કયાંઇક પાંચ દિશિનો પણ આહાર કરેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ મરીને કઇ ગતે જાય?

**ઉત્તર**—હે ગૌતમ, દેવગતી, મનુષ્યગતી, અને નરકગતી, એ ત્રણ મધ્યે ન ઉપજે. એક તિર્યંચગતિ મધ્યે ઉપજે.

**પ્રશ્ન**—હે ભગવંત તે જીવનું આવખું કેટલા કાળનું છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્તનું, અને ઉત્કૃષ્ટપણે ત્રણ હજાર વરસનું છે,

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કેટલી ગતિમાં મરીને જાય અને કેટલી ગતના આવી ઉપજે.

**ઉત્તર**—હે ગૌતમ, એક તિર્યંચ ગતિમાં મરીને જાય, અને મનુષ્ય, તિર્યંચ એ ગતિના આવી ઉપજે.

શેષ અધિકાર સર્વ પુર્વલીપરે જાણવો. એ જીવ પ્રત્યેક શરીરના ધણી છે અને વાયુકાય મધ્યે અસંખ્યાતા જીવ છે. અહો શ્રમણો! (સાધુ) એટલે બાદર વાયુકાયનો અધિકાર થયો. એટલે વાયુકાયનો પણ અધિકાર પુરો થયો. હવે ઉદાર ત્રસ જીવનો અધિકાર કહેછે.

## ૧૪ ઉદાર (મોટા) ત્રસ જીવનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, ઉદાર ત્રસ જીવના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ચાર ભેદ છે, બેઇંદ્રિ ૧, તેઇંદ્રિ ૨, ચૌરેંદ્રિ ૩, અને પચેંદ્રિ ૪, તેમાં પ્રથમ બેઇંદ્રિનો અધિકાર કહે છે.

## ૧૫ બેઇંદ્રિ જીવનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, બેઇંદ્રિ જીવના કેટલા ભેદ છે.

**ઉત્તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે, વાળા, પુરા, કરમીયા, જળો, કોડી, છીપ, છીપલા, જાવત સમુદ્ર લિક્ષા પ્રમુખ જે વળી બીજા તે સરખા જીવ તેના સંક્ષેપે બે ભેદ છે, પર્યાપ્તા ને અપર્યાપ્તા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલાં શરીર છે ?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ત્રણ શરીર છે, ઉદારીક ૧, તેજસ ૨, ને કાર્મણ ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેવડી મોટી શરીરની અવગાહના છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્ય અંગુલને અસંખ્યાતમે ભાગે, અને ઉત્કૃષ્ટપણે બાર જોજનની છે. **(बारस जोयण संखो)** ઇતિ વચનાત્.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવના શરીર કયા સંઘયણના છે,

**ઉત્તર**—હે ગૌતમ, તેના શરીર છેવટા સંઘયણના છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવના શરીર કયે સંસ્થાને છે?

**ઉ-તર**—હે ગૌતમ, હુંડ સંસ્થાને તેના શરીર છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તેને કેટલા કષાય છે?

**ઉત્તર**—હે ગૌત્તમ, ક્રોધ ૧, માન ૨, માયા ૩, ને લોભ ૪, એ ચાર કષાય સહીત છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી સંજ્ઞા છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ચાર સંજ્ઞા છે, અહાર ૧, ભય ૨, મૈથુન ૩, ને પરીગ્રહ ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી લેશ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ત્રણ લેશ્યા છે, ક્રસ્ન ૧, નીલ ૨, ને કાપોત ૩.

**પ્રશ્ન**—હે ભગવંત તે જીવને કેટલી ઇંદ્રી છે ?

**ઉત્તર**—હે ગૌતમ, તેને બે ઇંદ્રી છે. સ્પર્શેંદ્રી ૧, ને રસેંદ્રી ૨.

**પ્રશ્ન**—હે ભગવંત તે જીવને કેટલી સમુદઘાત છે?

**ઉત્તર**—હે ગૌતમ, ત્રણ સમુદઘાત છે. વેદના સમુદઘાત ૧, કષાય સમુદઘાત ૨, ને મારણાંતીક સમુદઘાત ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સંજ્ઞી છે (મન સહીત છે) કે અસંજ્ઞી (મનરહીત) છે?

**ઉત્તર**—હે ગૌતમ, સંજ્ઞી નથી, અંસજ્ઞીજ છે (મન રહીત છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા વેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને એક નપુંસક વેદજ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી પર્યાપ્તિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, પાંચ પર્યાપ્તે પર્યાપ્તા છે, અને કોઇક પાંચ અપર્યાપ્તે અપર્યાપ્તા પણ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સમ્યક દૃષ્ટિ છે? કે મિથ્યાદૃષ્ટિ છે? કે મિશ્રદૃષ્ટિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, સમ્યકદૃષ્ટિ પણ છે, (કોઇ મનુષ્ય, તિર્યંચ બે ઇંદ્રિમાં ઉપજે તે માટે).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિથ્યાદૃષ્ટિ પણ છે, પણ મિશ્રદૃષ્ટિ નથી. (તે કેમજે મિશ્ર પ્રણામિથકો કોઇ મરી ઉપજે નહીં તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું ચક્ષુદર્શણી છે? કે અચક્ષુદર્શણી છે? કે અવધદર્શણી છે? કે કેવળદર્શણી છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચક્ષુદર્શણી નથી, (આંખે દેખતા નથી). અચક્ષુદર્શણીજ છે, (સ્પર્શેંદ્રી, રસેંદ્રીએ કરી જાણે), પણ અવધદર્શણી નથી, તેમ કેવળદર્શણી પણ નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું જ્ઞાની છે? કે અજ્ઞાની છે?

**ઉત્તર**—હે ગૌતમ, જ્ઞાની પણ છે (ઉપજતી વેળાએ લગારેક અપર્યાપ્તાપણે હોય તે માટે) અને અજ્ઞાની પણ છે. તેમાં જે જ્ઞાની છે તે નીશ્ચે બે જ્ઞાનના ધણી છે, મતિજ્ઞાનના ધણી, અને શ્રુતજ્ઞાનના ધણી, અને જે અજ્ઞાની છે તે નીશ્ચે બે અજ્ઞાનના ધણી છે, મતિઅજ્ઞાન ને શ્રુતઅજ્ઞાન.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું મન જોગી છે? કે વચન જોગી છે? કે કાય જોગી છે?

**ઉત્તર**—હે ગૌતમ, મન જોગી નથી, પણ વચન જોગી અને કાય જોગી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સાકારોપયોગી છે? કે અનાકારોપયોગી છે?

**ઉત્તર**—હે ગૌતમ, સાકારોપયોગી પણ છે અને અનાકારોપયોગી પણ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કેટલી દિશિનો આહાર કરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, ૭ દિશિનો નિશ્ચે આહાર કરે છે (એહને વ્યાઘાત નથી કેમકે લોકને છેડે ત્રસજીવ કોઇ ન હોય તે માટે).

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કયાંથી આવી ઉપજે?

**ઉત્તર**—હે ગૌતમ, તિર્યંચ, મનુષ્યમાંહેથી આવી ઉપજે, પણ નારકી, અને દેવતા, તેમજ જુગલીયા એટલામાંહેથી ઉપજે નહીં.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનું આવખું કેટલા કાળનું છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટપણે બાર વરસનું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ **શું** સમોહત મરણે મરે છે, કે અસમોહત મરણે મરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, સમોહત પણ મરે છે, અને અસમોહત પણ મરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ મરીને કયાં જાય ? કયાં ઉપજે?

**ઉત્તર**—હે ગૌતમ, નારકી, દેવતા અને જુગલીયા મધ્યે ઉપજે નહીં. શેષ ઉપજે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કેટલી ગતીમાંહેથી આવે? અને કેટલી ગતીમાંહે જાય?

**ઉત્તર**—હે ગૌતમ, બે ગતીમાંહેથી આવે, અને મરી બે ગતીમાંહે જાય.

4

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જીવ પ્રત્યેક સરીરના ધણી છે, અને અસંખ્યાતા જીવ છે એટલે બે ઇંદ્રિ જીવનો અધિકાર પુરો થયો. હવે તેંદ્રિ જીવનો અધિકાર કહે છે.

## ૧૬. તેઇંદ્રિનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, તેઇંદ્રિ જીવના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે, ઉપરીત, રોહણીક, હસ્તીશોક, ચાંચડ, માંકડ, જુ, લીખ, પ્રમુખ જે, વલી તથાપ્રકારના જીવ તેના સંક્ષેપે બે ભેદ છે, પર્યાપ્તા અને અપર્યાપ્તા. તે જેમ પુર્વે બેઇંદ્રિનો અધિકાર કહ્યો છે તેમ જાણવો, પણ એટલો વિશેષ છે તે આગળ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવના શરીરની અવગાહના કેવડી છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટપણે ત્રણ ગાઉનીછે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને ઇંદ્રી કેટલી છે?

**ઉ-તર**—હે ગૌતમ, ત્રણ ઇંદ્રી છે. સ્પર્શેંદ્રી ૧, રસેંદ્રી ૨, ને ઘાણેંદ્રી ૩.

**પ્રશ્ન**—હે ભગવંત તે જીવનું આવખું કેટલા કાળનું છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્તનું, અને ઉત્કૃષ્ટપણે ઓગણપચાશ દિવસનું છે.

શેષ અધિકાર સર્વ પુર્વલીપરે જાણવો. જાવત્ બે ગતિમાંહે મરીને જાય, અને બે ગતિમાંહેથી આવે. એ જીવ પ્રત્યેક શરીરના ધણી છે અને અસંખ્યાતા જીવ છે. એટલે તેઇંદ્રીનો અધિકાર પુરો થયો, હવે ચૌરેંદ્રીનો કહે છે.

## ૧૭ ચૌરેંદ્રી જીવનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, ચૌરેંદ્રી જીવના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે, અંધિયા, પોતીયા, વીછુ, ઢંકણ, ભમરા, ભમરી, તીડ, ડંસા, મંસા, કંસારી, પૂર્તિક, જાવત્ છાણામાહીલા જીવ ઇત્યાદિક તે સરખા જીવ તેહના સંક્ષેપે બે ભેદ છે, પર્યાપ્તા અને અપર્યાપ્તા.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલાં શરીર છે?

**ઉ-તર**—હે ગૌતમ, ત્રણ શરીર કહ્યાં છે, જાવત્ જેમ પુર્વે તેઇંદ્રિનો અધિકાર કહ્યો છે તેમ જાણવો. પણ એટલો વિશેષ છે. તે કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવના શરીરની અવગાહના કેવડી છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્ય આંગુલને અસંખ્યાતગે ભાગે, અને ઉત્કૃષ્ટપણે ચાર ગાઉની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને ઇંદ્રિ કેટલી છે.

**ઉ-તર**—હે ગૌતમ, ચાર ઇંદ્રિ છે, સ્પર્શેંદ્રિ ૧, રસેંદ્રિ ૨, ઘાણેંદ્રિ ૩, ને ચક્ષુંદ્રિ ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને દર્શન કેટલા છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊ-તર—હે ગૌતમ, તેને બે દર્શન છે, ચક્ષુદર્શન ૧, ને અચક્ષુદર્શન ૨.

પ્રશ્ન—હે ભગવંત, તે જીવનું આવખું કેટલા કાળનું છે?

ઊ-તર—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્તનું અને ઉત્કૃષ્ટપણે ૭ માસનું છે.

શેષ અધિકાર જેમ તેઈંદ્રિનો કહ્યો તેમ જાણવો. જાવત્ પ્રત્યેક શરીરના ધણી અસંખ્યાતા જીવ છે. એટલે ચૌરેંદ્રિનો અધિકાર કહ્યો, હવે પચેંદ્રિનો કહે છે.

## ૧૮ પચેંદ્રિ જીવનો અધિકાર.

પ્રશ્ન—હે ભગવંત, પચેંદ્રિ જીવના કેટલા ભેદ છે?

ઊ-તર—હે ગૌતમ, તેના ચાર ભેદ છે, નારકી ૧, તિર્યંચ ૨, મનુષ્ય ૩, અને દેવતા ૪, તેમાં પ્રથમ નારકીનો અધિકાર કહે છે.

## ૧૯ નારકીનો અધિકાર.

પ્રશ્ન—હે ભગવંત, નારકીના કેટલા ભેદ છે?

ઊ-તર—હે ગૌતમ, તેના સાત ભેદ છે, રતનપ્રભા પૃથ્વીના નારકી જાવત્ સાતમી, તમતમા પૃથ્વીના નારકી, તેના સંક્ષેપે બે ભેદ કહ્યા છે, ૭ પર્યાપ્તે પર્યાપ્તા, અને ૭ અપર્યાપ્તે અપર્યાપ્તા.

પ્રશ્ન—હે ભગવંત, તે જીવને કેટલાં શરીર છે?

ઊ-તર—હે ગૌતમ, તેને ત્રણ શરીર છે, વૈક્રીય ૧, તેજસ ૨, ને કાર્મણ ૩.

પ્રશ્ન—હે ભગવંત, તે જીવના શરીરની કેવડી મોટી અવગાહના છે?

ઉ-તર—હે ગૌતમ, તેના શરીરની અવગાહના બે ભેદે છે, એક ભવધારણીક તે પુર્વલું કુંભીનુંબંધ, અને બીજો ભેદ જે ઉત્તરવૈક્રીય તે નવું શક્તિએ કરી કરે તે. તેમાં જે ભવધારણીય શરીર છે તે જઘન્યથી અંગુલને અશંખ્યાતમે ભાગે, (ઉપજતી વેળાએ) અને ઉત્કૃષ્ટપણે પાંચસે ધનુષ્યનું છે. અને જે ઉત્તર વૈક્રીય શરીર તે જઘન્યથી અંગુલને સંખ્યાતમે ભાગે, અને ઉત્કૃષ્ટપણે હજાર ધનુષનું છે.

પ્રશ્ન—હે ભગવંત, તે જીવનાં શરીર કયા સંઘયણનાં છે?

ઉત્તર—હે ગૌતમ, ૭ સંઘયણ થકી રહીત છે. કેમકે હાડ, રૂધિર, નસ નથી, તે કારણે સંઘયણ નથી. અને જે પુદગળ અનીષ્ટ, અમનોહર, અપ્રીતિકારીયા, અશુભ, અમનોજ્ઞ, અણગમતા એવા જે પુદગળ તે તેહના સંઘાત (શરીર) પણે પરીણમે છે.

પ્રશ્ન—હે ભગવંત, તે જીવના શરીર કેવે સંઠાણે છે?

ઉ-તર—હે ગૌતમ, તેના બે ભેદ કહ્યા છે, એક ભવધારણીક અને બીજો ઉતરવૈક્રિય શરીર તેમાં જે ભવધારણીક શરીર તે હુંડ સંસ્થાને છે. અને જે ઉતરવૈક્રિય શરીર તે પણ હુંડ સંસ્થાને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી કષાય છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ચાર કષાય છે. ક્રોધ ૧, માન ૨, માયા ૩, ને લોભ ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી સંજ્ઞા છે?

**ઉ-તર**—હે ગૌતમ, ચાર સંજ્ઞા છે. આહાર સંજ્ઞા ૧, ભય સંજ્ઞા ૨, મૈથુન સંજ્ઞા ૩, ને પરીગ્રહ સંજ્ઞા ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી લેશ્યા છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ત્રણ લેશ્યા છે. ક્રસ્ન ૧, નીલ ૨, ને કાપોત ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી ઇંદ્રિ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને પાંચ ઇંદ્રિ છે. સ્પર્શેંદ્રિ ૧, રસેંદ્રિ ૨, ધ્રાણેંદ્રિ ૩, ચક્ષુદ્રિ ૪ ને શ્રોતેંદ્રિ ૫.

**પ્રશ્ન**—હે ભગવંત, તેને કેટલી સમુદધાત છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ચાર સમુદધાત છે. (પ્રથમની).

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સંજ્ઞી છે, કે અસંજ્ઞી છે?

**ઉ-તર**—હે ગૌતમ, સંજ્ઞી પણ છે અને અસંજ્ઞી પણ છે. (સંજ્ઞી પચેંદ્રિ જીવ મરીને જે નારકીમાં ઉપના છે. તે સંજ્ઞી કહીએ. અને જે સમુર્છમ એટલે અસંજ્ઞી મરીને જે નારકીમાં ઉપના છે તે અસંજ્ઞી કહીએ એ ભાવ.)

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા વેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, એક નપુંસક વેદજ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી પર્યાપ્તિ છે?

**ઉ-તર**—હે ગૌતમ, ૭ પર્યાપ્તે પર્યાપ્તિ છે અને ૭ અપર્યાપ્તે અપર્યાપ્તિ પણ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી દ્રષ્ટિ છે?

**ઊ-તર**—હે ગૌતમ, ત્રણ દ્રષ્ટિ છે: સમકિત દ્રષ્ટિ ૧. મિથ્યાત્વ દ્રષ્ટિ ૨, અને મિશ્રદ્રષ્ટિ ૩.

**પ્રસ્ન**—હે ભગવંત, તે જીવને કેટલાં દર્શન છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેને ત્રણ દર્શન છે. ચક્ષુ દર્શન ૧, અચક્ષુ દર્શન ૨, અને અવધી દર્શન ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ જ્ઞાની છે, કે અજ્ઞાની છે?

**ઊ-તર**—હે ગૌતમ, જ્ઞાનીપણ છે, અને અજ્ઞાની પણ છે. તેમાં જે જ્ઞાની છે, તે નીશ્ચે ત્રણ જ્ઞાનના ધણી છે. તે કહેછે. મતીજ્ઞાની ૧, શ્રુતજ્ઞાની ૨, અને અવધિ જ્ઞાની ૩. અને જે અજ્ઞાની છે. તેમાં કેટલાએક બે અજ્ઞાની છે. (જે સમુર્છમ માંહેથી નારકીપણે ઉપજે તેહને ઉત્પતિ સમયે બે અજ્ઞાન હોય અપર્યાપ્તા સુધી અને પર્યાપ્તા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયા પછી વીભંગ અજ્ઞાન પામે. અને ગર્ભજ માંહેથી નારકી પણે ઉપજે તેતો નિશ્ચે ત્રણ અજ્ઞાન અથવા ત્રણ જ્ઞાનવંત હોય છે એટલે જે બે અજ્ઞાન કહ્યા તે અપર્યાપ્તાપણે કહ્યા ઇતિ.)અને કેટલાએક ત્રણ અજ્ઞાનના ધણી હોયછે. તેમા જે બે અજ્ઞાનના ધણી તે નિશ્ચે મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની જાણવા. અને જે ત્રણ અજ્ઞાનના ધણી છે. તે નિશ્ચે મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની અને વીભંગ અજ્ઞાની જાણવા.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા જોગ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ત્રણ જોગ છે. મન ૧, વચન ૨, અને કાયા ૩.

**પ્રશ્ન**—હે ભગવંત તે જીવને કેટલા ઉપયોગ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ઉપયોગ બે છે. સાકારોપયોગ ૧, અને અનાકારોપયોગ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કેટલી દિશિનો આહાર કરેછે?

**ઉ-તર**—હે ગૌતમ, ૭ દિશિનો આહાર કરે છે. પુર્વ ૧, પશ્ચિમ ૨, ઉત્તર ૩, દક્ષિણ ૪. ઉંચી ૫, ને નીચી ૬, એ ૭ દિશિનો આહાર કરેછે, અને ઉસનકારણ પડીવર્જિને વર્ણથી કાળો વર્ણ જાવત્ પાંચ વર્ણિ આહાર કરેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ ક્યાંથી આવી ઉપજે?

**ઉતર**—હે ગૌતમ, તિર્યંચ અને મનુષ્ય મધ્યેથી ઉપજે. (જુગલીયા વરજીને).

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનું આવખું કેટલા કાળનું છે?

**ઉતર**—હે ગૌતમ, જઘન્યથી દસ હજાર વરસનું અને ઉત્કૃષ્ટપણે તેત્રીસ સાગરોપમનું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સમોહત મરે છે, કે અસમોહત મરે છે?

**ઉ-તર**—હે ગૌતમ, સમોહત પણ મરે છે અને અસમોહત પણ મરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ મરીને કયા જઇ ઉપજે?

**ઉતર**—હે ગૌતમ, તિર્યંચ અને મનુષ્ય. એ બે મધ્યે જઇ ઉપજે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કેટલી ગતિના આવે, અને કેટલી ગતિમાં જાય?

**ઉતર**—હે ગૌતમ, બે ગતિના આવે, અને બે ગતિમાં જાય.

એ જીવ પ્રત્યેક શરીરના ધણી અસંખ્યાતા જીવ છે. અહો સાધુ માનભાવો! એટલે નારકીનો અધિકાર થયો.

## ૨૦ પચેંદ્રી તિર્યંચનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, પચેંદ્રી તિર્યંચના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. એક સમુર્છિમ પચેંદ્રી તિર્યંચ. અને બીજો ભેદ ગર્ભજ પચેંદ્રી તિર્યંચ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૧ સમુર્છિમ પચેંદ્રી તિર્યંચનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, સમુર્છિમ પચેંદ્રી તિર્યંચના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. જળચર તે જળ મધે ચાલે ૧. થળચર તે સ્થળ (જમીન) ઉપરે ચાલે ૨. અને ખેચર તે આકાસે ચાલે ૩. એ ત્રણ ભેદ તેમાં પ્રથમ જળચર સમુર્છિમ પચેંદ્રી તિર્યંચનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જળચર સમુર્છિમનાં કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના પાંચ ભેદ છે. માછલા ૧. કાચ્છબા ૨, મગરમચ્છ ૩, ગ્રાહક (સુડ) ને ૪ સુસમાર ૫ (તે મધ્યે માછલા વગેરેનો અધિકાર જેમ પનવણાજી સૂત્ર મધ્યે કહ્યો છે તેમ જાણવો.) જાવત્ જે વળી બીજા તથા પ્રકારના માછલાં તેના સંક્ષેપે બે ભેદ છે. એક પર્યાપ્તા અને બીજે ભેદ અપર્યાપ્તા.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલાં શરીર છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ત્રણ શરીર છે. ઉદારીક ૧, તેજસ ૨ ને કાર્મણ ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવના શરીરની અવગાહના કેવડી છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંગુલને અસંખ્યાતમે ભાગે અને ઉત્કૃષ્ટપણે હજાર જોજન છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવના શરીર કયા સંઘયણનાં છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના શરીર છેવટા સંઘયણના છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવના શરીર કયે સંસ્થાને છે?

**ઉ-તર**—હે ગૌતમ, એક હુંડ સંસ્થાંને છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી કષાય છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ચાર કષાય છે. ક્રોધ ૧, માન ૨, માયા ૩, અને લાભ ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી સંજ્ઞા છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ચાર સંજ્ઞા છે. આહાર ૧, ભય ૨, મૈથુન ૩, ને પરીગ્રહ ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી લેશ્યા છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ત્રણ લેશ્યા છે. ક્રશ્ન ૧, નીલ ૨, અને કાપોત ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી ઇંદ્રી છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને પાંચ ઇંદ્રી છે, સ્પર્શેંદ્રિ ૧, રસેંદ્રિ ૨, ઘાણેંદ્રિ ૩, ચક્ષુઇંદ્રિ ૪, ને શ્રોતેંદ્રિ ૫.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી સમુદઘાત છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, તેને ત્રણ સમુદ્ઘાત છે. વેદની ૧. કષાય ૨, ને મારણાંતિક ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સંજ્ઞી છે, કે અસંજ્ઞી છે?

**ઉ-તર**—હે ગૌતમ, સંજ્ઞી નથી, અસંજ્ઞીજ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા વેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, એક નપુંસક વેદજ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી પર્યાપ્તી છે?

**ઉ-તર**—હે ગૌતમ, પાંચ પર્યાપ્તે પર્યાપ્તા છે, અને પાંચ અપર્યાપ્તે અપર્યાપ્તા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી દૃષ્ટિ છે?

**ઉ-તર**—હે ગૌતમ, બે દૃષ્ટિ છે. સમકિત ૧, અને મિથ્યાત ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા દર્શન છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને બે દર્શન છે. ચક્ષુદર્શન ૧, અને અચક્ષુદર્શન ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા જ્ઞાન છે?

**ઊત્તર**—હે ગૌતમ, તેને બે જ્ઞાન છે. મતિજ્ઞાન ૧, અને શ્રુતજ્ઞાન ૨. (અપર્યાપ્તા આશ્રી)

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા અજ્ઞાન છે?

**ઊત્તર**—હે ગૌતમ, તેને બે અજ્ઞાન છે. મતિઅજ્ઞાન ૧, અને શ્રુતઅજ્ઞાન ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા જોગ છે?

**ઊત્તર**—હે ગૌતમ, તેને બે જોગ છે. વચનજોગ ૧, ને કાયજોગ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા ઉપયોગ છે?

**ઊત્તર**—હે ગૌતમ, તેને બે ઉપયોગ છે. સાકારોપયોગ ૧, અને અનાકારોપયોગ.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કેટલી દિશિનો આહાર કરે છે?

**ઊત્તર**—હે ગૌતમ, તેને છ દિશિનો આહાર છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ ક્યાંથી મરીને ઉપજે?

**ઊત્તર**—હે ગૌતમ, તિર્યંચ, મનુષ્ય મધ્યેથી (જુગલીયા વર્જિ) ઉપજે, પણ નારકી, દેવતા ઉપજે નહીં.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનું કેટલા કાળનું આયુષ્ય છે?

**ઊત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે ક્રોડ પુર્વનું આયુષ્ય છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સમોહત મરે છે? કે અસમોહત મરે છે?

**ઉ-તર**—હે ગૌતમ, સમોહત પણ મરે છે, અને અસમોહત પણ મરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ આંતરા રહીત મરીને ક્યાં જઈ ઉપજે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા મધ્યે ઉપજે. તેમાં નારકી મધ્યે એક પેલી રત્નપ્રભા પૃથ્વીએ ઉપજે, પણ બીજી નરકે ઉપજે નહીં, અને તિર્યંચ સર્વે સંખ્યાતા વરસના અને અસંખ્યાતા વરસના (જુગલીયા) મધ્યે ઉપજે, તેમાં વળી અસંખ્યાતા વરસના જે જુગલીયા, તેમાં પણ ચતુષ્પદ અને પંખી મધ્યે ઉપજે, અને મનુષ્યમાં સંખ્યાતા વરસના આવખાના ધણી તેમાં પણ ઉપજે, અને અસંખ્યાતા વરસના ધણી (જુગલીયા) તેમાં પણ ઉપજે, પણ એટલું જે ત્રીસ અકર્મભૂમિ વર્જીને છપન અંતરદ્વીપ મધ્યે ઉપજે. વળી દેવતા મધ્યે પણ ભવનપતિ, વ્યંતર મધ્યે ઉપજે. શેષ ન ઉપજે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ મરીને કેટલી ગતિમાં જાય, અને કેટલી ગતિમાંથી આવે?

**ઉ-તર**—હે ગૌતમ, ચાર ગતિમાં મરીને જાય, અને બે ગતિમાંથી મરીને આવે.

એ જીવ પ્રત્યેક શરીરના ધણી અસંખ્યાતા છે, એ જળચર, સમુર્છિમ પચેંદ્રિ તિર્યંચનો અધિકાર થયો; હવે થળચર સમુર્છિમ પચેંદ્રિ તિર્યંચનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, થળચર સમુર્છિમ પચેંદ્રિ તિર્યંચ તેહના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે, એક ચતુષ્પદ થળચર સમુર્છિમ પચેંદ્રિ તિર્યંચ, અને બીજો ભેદ પરીસર્પ સમુર્છિમ પચેંદ્રિ તિર્યંચ, તેમાં પ્રથમ થળચર, ચતુષ્પદ સમુર્છિમ પચેંદ્રિ તિર્યંચનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, થળચર ચતુષ્પદ સમુર્છિમ પચેંદ્રિ તિર્યંચ તેના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના ચાર ભેદ છે. એક ખુરા (એક ખુરી ડાબલાને આકારે) તે અશ્વ, રાસભ (ગધેડા) પ્રમુખ ૧, દો ખૂરા તે (બે ખરીવાળા) ગાય, ભેંસ, બળધ, બકરી, પ્રમુખ ૨, ગંડીપદ તે (એરણને આકારે સુંહાળા પગે) હરતી ગેંડા પ્રમુખ ૩, અને સનપદા (નોરવાળા) તે સીંહ, ચીત્રા, કુતરા, મીનડા પ્રમુખ ૪. જે વળી બીજા તથા પ્રકારના જીવ તેહના સંક્ષેપે બે ભેદ છે. એક પર્યાપ્તા અને બીજો ભેદ અપર્યાપ્તા.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલાં શરીર છે?

**ઊ-તર**—હે ગૌતમ. તેને ત્રણ શરીર છે. ઉદારીક ૧, તેજસ ૨, ને કાર્મણ ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવના શરીરની અવગાહના કેવડી છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી આંગુલને અસંખ્યાતમે ભાગે અને ઉત્કૃષ્ટપણે ગાઉ પ્રથક્ત્વ (તે બેથી નવ સુધી).

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનું કેટલું આવખું છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્તનું અને ઉત્કૃષ્ટપણે ચોરાસી હજાર વરસનું છે.

શેષ અધિકાર જેમ જળચરનો કહ્યો તેમ જાણવો. જાવત્ મરીને ચાર ગતિમાં જાય અને બે ગતિમાંથી આવે. એ જીવ પ્રત્યેક શરીરના ધણી અસંખ્યાતા છે. એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થળચર ચતુષ્પદ સમુર્છિમ તિર્યંચ પચેંદ્રિનો અધિકાર પુરો થયો. હવે થળચર પરીસર્પ સમુર્છિમનો અધિકાર કહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, પરીસર્પ થળચર સમુર્છિમ તિર્યંચ પચેંદ્રિ તેના કેટલા ભેદ છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. એક ઉરપર સર્પ સમુર્છિમ, અને બીજા ભૂજપર સર્પ સમુર્છિમ તેમાં પ્રથમ ઉરપર સર્પ સમુર્છિમનો અધિકાર કહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, ઉર્પર સર્પ સમુર્છિમના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના ચાર ભેદ છે, સર્પ ૧, અજગર ૨, અશાળિયા ૩, અને મહેાેરગ ૪. તેમાં પ્રથમ સર્પનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સર્પના કેટલા ભેદ છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. એક દર્વિકર (ફણીધર) અને બીજા મયોલીયં (ફણથકી રહીત) તેમાં પ્રથમ દર્વિકર સર્પ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, દર્વિકર સર્પના કેટલા ભેદ છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે. આશીવિષ ૧ (જેની દાઢમાં ઝેર હોય તે) દ્રષ્ટિવિષ ૨ (જેની આંખમાં ઝેર હોય તે) ઉગ્રવિષ ૩ (આકરૂં જેનું વિષ હોય તે) ભોગવિષ ૪ (જેના શરીરમાં વિષ હોય તે) ત્વચાવિષ ૫ (તે જેની ચામડીમાં વિષ હોય તે) લાળવિષ ૬ (તે જેની લાળમાં ઝેર હોય તે) નિસ્વાસવિષ ૭ (તે જેની ફુંકમાં ઝેર હોય તે) અને કાળાસર્પ ૮ પ્રમુખ અનેક જાણવા. એટલે દર્વિકરના ભેદ કહ્યા હવે મયોલીયં (મકુલીણ) ના ભેદ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, મયોલીયં સર્પના કેટલા ભેદ છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે. દીવ્ય, ગોણસ ઇત્યાદિક એટલે મયોલીયં કહ્યા એટલે સર્પનો અધિકાર થયો. હવે અજગરનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, અજગરના કેટલા ભેદ છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેનો એકજ આકાર છે (અજગર હોઇ તે માણસને ગળે) એ અજગર કહ્યા. હવે અશાળીયાનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, અશાળીયાનો અધિકાર શી રીતે છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેનો અધિકાર જેમ શ્રી પનવણાજી સૂત્રમાં કહ્યો છે તેમ જાણવો. એ અશાળીયો સમુર્છિમ, મનુષ્યક્ષેત્રમાં ઉપજે, પણ મનુષ્યક્ષેત્રથી બહાર ન ઉપજે. તેમાં પણ સર્વ મનુષ્યક્ષેત્રમાંહે ઉપજે નહીં. અઢીદ્વીપમાં ઉપજે એમ કહ્યું, પણ સમુદ્રમાં ઉપજે નહી. વળી નિર્વ્યાઘાતપણે એટલે વ્યાઘાત રહીતપણે ઉપજે તો પાંચ ભરત, પાંચ ઐરવત ને વિષે ઉપજે. પહેલો, બીજો, પાંચમો અને છઠો એ ચાર આરા તે વ્યાઘાત કહીએ. તે વ્યાઘાત ન હોય ત્યારે પંદર કર્મભૂમિને વિષે ઉપજે. અને વ્યાઘાત હોય ત્યારે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચ મહાવિદેહ ક્ષેત્રને વિષેજ ઉપજે. મતલબ કે અકર્મભૂમિને વિષે ઉત્પન્ન થાય નહીં. જે પંદર કર્મભૂમિને વિષે તથા મહાવિદેહને વિષે ઉપજવાનું કહ્યું તે સર્વ જગાએ સમજવું નહીં. પણ જ્યાં ચક્રવૃત્તિ, વાસુદેવ, બલદેવ, મંડલીક, મહામંડલીકની સૈનાનો જ્યાં ઘણી મુદત પડાવ હોય એવી જગેએ ઉપજે. તેમ ગામ નગરાદિકને હેઠલ એ અશાળીયો સમુર્છિમ ઉપજે છે. ગામ ૧ એટલે બુદ્ધિયાદિક ગુણને ગળે, નાસ કરે, માટે ગામ કહીએ, અથવા અઢાર પ્રકારના કર લેવાને યોગ્ય તે ગામ કહીએ. નગર ૨ જ્યાં કોઇ જાતનો કર નહીં તે. નિગમ ૩ ઘણા વાણીયા (વેપારી) જેમાં રહેતા હોય તે. ખેડ ૪. ચારે પાસે ધુડનો કોટ (ગઢ) મોટો હોય તે. કવડ ૫. નાના કીલાએ કરી વીટેલું તે. મંડપ ૬. અઢી ગાઉમાં ગામ રહીત હોય તે. દોણમુહ ૭. જળ રસ્તો તથા પગ રસ્તો હોય તે. પટ્ટણ ૮. જ્યાં વહાણ આગબોટથીજ જવાય પણ ઘોડે ગાડે ન જવાય તે. આગર ૯. જ્યાં ધાતુની ખાણો હોય તે. આસમ ૧૦. તાપસાદિકને રહેવાના ઠેકાણાં તે, આશ્રમ. સંબાહ ૧૧. જ્યાં ઘણા લોક ભેળા થતા હોય તે. રાયહાણી ૧૨. જેમાં રાજા રહેતા હોય તે રાજ્યધાની કહીએ. એ સર્વનો વિનાશકાળ પ્રાપ્ત થયો હોય, ત્યારે તે જગેએ અશાળીયો સમુર્છિમ જીવ ઉત્પન્ન થાય છે. તેનું શરીર ઉત્પન્ન થતી વખતે જઘન્ય (નાનો) આંગળના અસંખ્યાતમે ભાગે ને ઉત્કૃષ્ટપણે (મોટો) બાર જોજન પ્રમાણે લાંબો પહોળો હોય તે ચક્રવૃત્તિ આદિકની સૈનાની ભૂમિમાં નીચે ઉપજે તે ભૂમિ (ધરતી) ફોડીને નીકળે. તે અશાળીયો અસંજ્ઞી છે (મન નથી). મિથ્યા દ્રષ્ટિ છે, અજ્ઞાની છે ને અંતર્મુહુર્ત્તને (બે ઘડીને) આવખે મરે છે. (એ અધિકાર શ્રી પન્નવણાજી સૂત્ર પ્રથમ પદે છે).

એ અશાળીયાનો અધિકાર કહ્યો. હવે મહોરગનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, મહોરગનો અધિકાર શી રીતે છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેનો પણ અધિકાર જેમ શ્રી પનવણા સુત્રમાં કહ્યો છે તેમ જાણવો. એ મહોરગ અનેક પ્રકારના (અવગાહના આશ્રી) છે તે કહેછે. કેટલાએક આંગુલના, કેટલાએક આંગુલ પૃથકત્વના (બેથી માંડીને નવ સુધી તે પૃથક કહીએ) કેટલાએક વેંતના, પૃથકત્વ વેંતના; હાથના, પૃથક હાથના; કુક્ષી (બે હાથ)ના, પૃથક કુક્ષિના; ધનુષ્ય (ચાર હાથના,) પૃથક ધનુષ્યના; ગાઉના, પૃથક ગાઉના; જોજનના, પૃથક જોજનના; શો જોજનના, પૃથક સો જોજનના; ઉત્કૃષ્ટ હજાર જોજનની શરીરની અવગાહના (કાયા) વાળા થાય છે. તેમાં જે જમીન ઉપર ઉપના હોય તે જમીન ઊપર રહે અને જે જળને વીષે ઉત્પન્ન થયા હોય તે જળમાં રહે. એ જીવ અઢીદ્વીપમાં નથી, પણ અઢીદ્વીપની બાહાર છે. આ હકીકત સુમુર્છિમ અને ગર્ભજ બનેને માટે જાણવી. (એ અધિકાર શ્રી પનવણાજી સુત્ર પ્રથમ પદે છે.

એ મહોરગનો અધિકાર કહ્યો. વળી જે તથાપ્રકારના ઉરપર સર્પ જીવ તેના સંક્ષેપે બે ભેદ છે, એક પર્યાપ્તા ને બીજો ભેદ અપર્યાપ્તા. શેષ અધિકાર પૂર્વની પરે જાણવો. પણ એટલો વિશેષ છે જે ઉર્પરસર્પની અવગાહના જઘન્યથી આંગુલને અસંખ્યાતમે ભાગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ઉત્કૃષ્ટપણે જોજન પ્રથકત્વ (પ્રથકત્વ તે બેથી તે નવ સુધી જાણવું) અને તેનું આવખું જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે ત્રેપન હજાર વરસનું છે. શેષ અધિકાર સર્વ જળચર સમુર્છિમની પરે જાણવો. જાવત્ મરીને ચારે ગતિમાં જાય. અને એ ગતિમાંહેથી આવે, એ જીવ પ્રત્યેક શરીરના ધણી અસંખ્યાતા છે. એ ઉરપર સર્પનો અધિકાર પુરો થયો. હવે ભૂજપર સર્પ સમુર્છિમ થળચર તિર્યંચ પચેંદ્રિનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ભૂજપર સર્પ થળચર સમુર્છમના કેટલા ભેદ છે?

**ઊતર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે. ગોહ, નકુલ (નોલીયા) ઊંદર, ગરોલી, કાકીડા; ખીલખોડા, પ્રમુખ બીજા વળી જે તથાપ્રકારના જીવ તેના સંક્ષેપથી બે ભેદ. એક પર્યાપ્તા અને બીજો ભેદ અપર્યાપ્તા.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવના શરીરની અવગાહના કેવડી છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી આંગુલને અસંખ્યાતમે ભાગે, ને ઉત્કૃષ્ટપણે ધનુપ પ્રથકત્વ.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનું આવખું કેટલા કાળનું છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું, અને ઉત્કૃષ્ટપણે બેતાળીશ હજાર વરસનું છે.

શેષ અધિકાર સર્વ જળચર સમુર્છિમ જીવની પરે જાણવો. જાવત્ ચારે ગતે મરીને જાય, અને એ ગતિમાંહેથી આવે. એ જીવ પ્રત્યેક શરીરના ધણી અસંખ્યાતા છે. એ ભૂજપર સર્પ સમુર્છિમનો અધિકાર થયો. એ થળચર સમુર્છિમ તિર્યંચ પચેંદ્રિનો અધિકાર પુરો થયો. હવે ખેચર સમુર્છિમ તિર્યંચ પચેંદ્રિનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ખેચર સમુર્છિમ તિર્યંચના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના ચાર ભેદ છે. ચર્મપક્ષી ૧, (ચામડાની પાંખવાળા જીવ) રોમપક્ષી ૨, (રૂંવાડાં હોય તે) સમુગપક્ષી ૩, (દાબડાની પેરે જેની પાંખ બીડેલી હોય તે). અને વિતત પક્ષી ૪. તે લાકડીની પેરે જેની પાંખ ઉઘાડી હોય તે).

**પ્રશ્ન**—હે ભગવંત, ચર્મપક્ષીના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે, વડવાંગુલ, છાપા, ભારંડ, પ્રમુખ. વળી બીજા જીવ, તે જીવ સરખા હોય તે ચર્મપક્ષી કહીએ.

**પ્રશ્ન**—હે ભગવંત, રોમ પક્ષીના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના પણ અનેક ભેદ છે. ઢંક, કંખ, મોર, પારેવા, સુડા, પોપટ, હંસ, કોયલ, કાગડા, પ્રમુખ જે વલી તથાપ્રકારના બીજા જીવ તે રોમ પક્ષી કહીએ.

**પ્રશ્ન**—હે ભગવંત, સમુગપક્ષીના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેનો એકજ ભેદ છે. તેનો અધિકાર જેમ પનવણાજી સુત્રમાં કહ્યો છે તેમ જાણવો. જાવત્ વિતતપક્ષી પણ એકજ ભેદે જાણવા. (એ સમુગપક્ષી, ને વિતતપક્ષી અઢીદ્વીપ બહાર છે એમ પનવણામાં છે).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વલી જે તથાપ્રકારના જીવ તેના સંક્ષેપે બે ભેદ કહ્યા છે. એક પર્યાપ્તા અને બીજો ભેદ અપર્યાપ્તા. તેમાં એટલો વિશેષ જે ખેચરના શરીરની અવગાહના જઘન્ય આંગુલના અસંખ્યાતમે ભાગે, અને ઉત્કૃષ્ટપણે ધનુષ પ્રથકત્વ. અને તેનું આવખું જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે બહોંતેર હજાર વરસનું છે.

શેષ અધિકાર સર્વે જળચર સમુર્છમની પરે જાણવો. જાવત્ મરીને ચારે ગતિમાં જાય, અને બે ગતિમાંથી આવે. એ જીવ પ્રત્યેક શરીરના ધણી અસંખ્યાતા છે. એ ખેચર સંમુર્છિમ તિર્યંચ, પચેંદ્રિ કહ્યા. એ સમુર્છિમ પચેંદ્રિ તિર્યંચનો સર્વ અધિકાર પુરો થયો.

## ૨૨ ગર્ભજ પચેંદ્રિ તિર્યંચનો અધિકાર.

**પ્રશ્ન—હે** ભગવંત, ગર્ભજ પચેંદ્રિ તિર્યંચ તેના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. જળચર ૧, થળચર ૨, ને ખેચર ૩. તેમાં પ્રથમ જળચર ગર્ભજ પચેંદ્રિ તિર્યંચનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જળચર ગર્ભજ તિર્યંચ પચેંદ્રિના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના પાંચ ભેદ છે. માછલાં ૧, કાચ્છબા ૨, મગરમચ્છ ૩, ગ્રાહક૪, અને સુસમાર ૫. એ સર્વના ભેદ જેમ શ્રી પનવણાજી સૂત્રમાં કહ્યા છે તે આગળ કહેલછે તેમ જાણવા. જાવત્ વળી તે સરખા જીવ તેના સંક્ષેપે બે ભેદ છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા.

**પ્રશ્ન**— હે ભગવંત, તે જીવને કેટલાં શરીર છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ચાર શરીર છે. ઉદારીક ૧, વૈક્રિય ૨, તેજસ ૩, અને કાર્મણ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવના શરીરની અવગાહના કેવડી છે?

**ઉત્તર—હે** ગૌતમ, જઘન્યથી આંગુલને અસંખ્યાતમે ભાગે, ને ઉત્કૃષ્ટપણે હજાર જોજનનીછે.

**પ્રશ્ન—હે** ભગવંત, તે જીવને કેટલા સંઘયણ છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેને ૭ સંઘયણ છે, વજ્રરૂખભનારાચ સંઘયણ ૧, રૂખભનારાચ ૨, નારાચ ૩, અર્ધનારાચ ૪. કીલક ૫, ને છેવટુ સંઘયણ ૬. એ ૭ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા સંસ્થાન છે?

**ઉ-તર—**હે ગૌતમ, તેને ૭ સંસ્થાન છે, સમચતુરસ સંસ્થાન ૧, નગ્રોધ પરિમંડળ ૨, સાદિ ૩, કુબ્જ ૪, વામન ૫, ને હુંડ ૬. સંસ્થાન એ ૭ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ જીવને કેટલી કષાય છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ચાર કષાય છે, ક્રોધ ૧, માન ૨, માયા ૩, ને લોભકષાય ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી સંજ્ઞા છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, તેને ચાર સંજ્ઞા છે, આહારસંજ્ઞા ૧, ભય ૨, મૈથુન ૩, ને પરીગ્રહ.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી લેશ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ૭ લેશ્યા છે, કૃશ્ન ૧, નીલ ૨, કાપોત ૩, તેજુ ૪, પદ્દમ ૫, ને સુકલલેશ્યા ૬.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી ઇંદ્રિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને પાંચ ઇંદ્રિ છે. સ્પર્શ ૧, રસ ૨, ઘ્રાણ ૩, ચક્ષુ ૪, ને શ્રોતેંદ્રિ.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી સમુદ્દ્ઘાત છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને પાંચ સમુદ્દ્ઘાત છે. વેદની ૧, કષાય ૨, મારણાંતિક ૩, વૈક્રિય ૪, ને તેજસ મુદઘાત ૫.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સંજ્ઞી છે, કે અસંજ્ઞી છે?

**ઉ-તર**—હે ગૌતમ, સંજ્ઞી છે પણ અસંજ્ઞી નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા વેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ત્રણ વેદ છે. સ્ત્રીવેદ ૧, પુરૂષવેદ ૨, ને નપુંસકવેદ ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી પર્યાપ્તી, ને કેટલી અપર્યાપ્તી છે?

**ઉત્તર**—હે ગૌતમ, ૭ પર્યાપ્તી છે, અને એ ૭ અપર્યાપ્તી પણ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી દ્રષ્ટી છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ત્રણ દ્રષ્ટી છે. સમ્યકત્વ ૧, મિથ્યાત્વ ૨, ને મિશ્ર ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા દર્શન છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ત્રણ દર્શન છે. ચક્ષુ ૧, અચક્ષુ ૨, ને અવધીદર્શન ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું જ્ઞાની છે કે અજ્ઞાની છે?

**ઉ-તર**—હે ગૌતમ, જ્ઞાની પણ છે, અને અજ્ઞાની પણ છે, તેમાં જે જ્ઞાની છે તેમાં કેટલાએક બે જ્ઞાનના ધણી છે, અને કેટલાએક ત્રણ જ્ઞાનના ધણી છે, તેમાં વળી જે બે જ્ઞાનના ધણી છે તે નિશ્ચે મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની છે, અને જે ત્રણ જ્ઞાનના ધણી છે, તે મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની ને અવધિજ્ઞાની છે, એમ અજ્ઞાન પણ એવીજ રીતે બે અથવા ત્રણ જાણવા. તે બે હોય તો મતિઅજ્ઞાની, ને શ્રુતઅજ્ઞાની; ને ત્રણ હોય તો મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની ને વિભંગજ્ઞાની.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા જોગ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ત્રણ જોગ છે. મનજોગ ૧, વચનજોગ ૨, ને કાયજોગ ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા ઉપયોગ છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર—**હે ગૌતમ, તેને બે ઉપયોગ છે. સાકારોપયોગ ૧, ને અનાકારોપયોગ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કેટલી દિશિને। આહાર લીએ છે?

**ઉ-તર**—હે ગૌતમ, ૭ દિશિનો આહાર લીએ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કયાંથી આવી ઉપજે છે?

**ઉત્તર—**હે ગૌતમ, નારકી, તિર્યંચ, મનુષ્ય ને દેવતામાંહેથી આવી ઉપજે. તેમાં નારકી માંહેથી ઉપજે તે જાવત્ સાતમી સુધીના આવી ઉપજે, અને તિર્યંચ જોનિયા સર્વ, પણ જુગળીયા વરજીને ઉપજે, તેમજ મનુષ્યમાંહેથી ઉપજે તે પણ જુગળીયા વરજીને શેષ ઉપજે, અને દેવતા તે પણ ભવનપતિ, વ્યંતર, જોતીષી અને વૈમાનીક તે આઠમા દેવલોક સુધીના મરીને ઉપજે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનું આવખું કેટલા કાળનું છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટપણે ક્રોડ પુર્વનું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું, સમોહત મરણે મરે છે કે અસમોહત મરણે મરેછે?

**ઊ-તર—**હે ગૌતમ, સમોહત મરણે પણ મરે છે, ને અસમોહત મરણે પણ મરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ મરીને કયાં જઇ ઉપજે?

**ઉત્તર**—હે ગૌતમ, નારકી, તિર્યંચ, મનુષ્ય ને દેવતા મધ્યે ઉપજે. તેમાં નરકે ઉપજે તે પ્રથમ નરકથી તે જાવત્ સાતમી નરક સુધી ઉપજે, ને તિર્યંચ, મનુષ્ય, સર્વ મધ્યે ઉપજે, ને દેવતામાં જાવત્ આઠમા દેવલોક સુધી ઉપજે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવની કેટલી ગતિ, અને કેટલી આગતિ કહી છે?

**ઉત્તર—**હે ગૌતમ, તેની ચાર ગતિ, ને ચાર આગતિ છે.

એ જીવ પ્રત્યેક શરીરના ધણી છે. અને અસંખ્યાતા છે. એટલે ગર્ભજ જળચર પચેંદ્રીય તિર્યંચનો આધકાર કહ્યો. હવે થળચર ગર્ભજ પચેંદ્રી તિર્યંચનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, થળચર ગર્ભજ તિર્યંચ પચેંદ્રી જીવના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. એક ચતુષ્પદ ને બીજો પરીસર્પ. તેમાં પ્રથમ ચતુષ્પદનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચતુષ્પદ તિર્યંચના કેટલા ભેદ છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેના ચાર ભેદ છે. એક ખુરા. એમ પુર્વલી પરે અસંજ્ઞીમાં કહ્યા તેમ જાણવા. વળી જે તથાપ્રકારના જીવ તેના સંક્ષેપે બે ભેદ છે. પર્યાપ્તા ને અપર્યાપ્તા.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા શરીર છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેને ચાર શરીર છે. ઉદારીક ૧, વૈક્રીય ૨, તેજસ ૩, ને કાર્મણ ૪.

**પ્રશ્ન—**હે ભગવંત, તે જીવના શરીરની અવગાહના કેવડી છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી આંગુલને અસંખ્યાતમે ભાગે, તે ઉત્કૃષ્ટપણે છ ગાઉની છે. (જુગલ આશ્રે).

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનું આયુષ્ય કેટલા કાળનું છે?

**ઉ-તર**--હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહર્ત્તનું ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમનું છે, (જુગલઆશ્રે).

શેષ અધિકાર પુર્વલીપરે જાણવો, પણ એટલો વિશેષ છે જે મરીને ચોથી નરક પંકપ્રભા સુધી જાય. શેષ સર્વ જળચર જીવની પેરે જાણવો. જાવત્ ચાર ગતિમાં મરીને જાય ને ચાર ગતિથી આવી ઉપજે. એ જીવ પ્રત્યેક શરીરના ધણી છે. ને અસંખ્યાતા થળચર જીવ છે. એ ચતુષ્પદનો અધિકાર કહ્યો. હવે ગર્ભજ પરીસર્પનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ગર્ભજ પરિસર્પના કેટલા ભેદ છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. ઉરપરસર્પ ૧ ને ભૂજપરસર્પ ૨ તેમાં પ્રથમ ઉર-પર સર્પનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ઉરપર સર્પનો અધિકાર શી રીતે છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેનો અધિકાર અશાળીયા વરજીને (કેમકે અશાળીયા ગર્ભજ હોય નહીં) પુર્વની પરે જાણવો, પણ એટલો વિશેષે જે ઉરપર સર્પની અવગાહના (શરીર) જઘન્યથી આંગુલને અસંખ્યાતમે ભાગે, ને ઉત્કૃષ્ટપણે હજાર જોજનની છે. ને તેનું આયુષ જઘન્યથી અંતર્મુહુર્તનું, ને ઉત્કૃષ્ટપણે ક્રોડ પુર્વનું. (ઉરપર જુગળીયા હોય નહીં માટે) ને તે મરીને પાચમી નરક (ધુમ પ્રભા) સુધી જાય. તેમજ તિર્યંચ, મનુષ્ય, સર્વ મધ્યે ઉપજે. ને દેવતામાં યાવત્ સહસાર આઠમા દેવલોક સુધી ઉપજે. શેષ અધિકાર ગર્ભજ જળચરની પરે જાણવો. યાવત્ મરીને ચાર ગતિમાં જાય, ને ચાર ગતિ માંહેથી આવે.

એ જીવ પ્રત્યેક શરીરના ધણી અસંખ્યાતા છે. એ ઉરપર સર્પનો અધિકાર થયો. હવે ભૂજપર સર્પનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ભૂજપર સર્પનો અધિકાર શી રીતે છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેનો અધિકાર ઉરપર સર્પની પેરે જાણવો. જાવત્ ચાર શરીર છે. ને કાયમાન જઘન્યથી આંગુલને અસંખ્યાતમે ભાગે, અને ઉત્કૃષ્ટપણે પ્રથત્વ ગાઉનું છે. તેનું આયુષ્ય જઘન્યથી અંતર્મુહુર્ત્તનું, ને ઉત્કૃષ્ટપણે ક્રોડ પુર્વનું છે. (ભૂજપરમાં પણ જુગળીયા હોય નહીં) શેષ અધિકાર સર્વ જેમ ઉરપર સર્પનો કહ્યો તેમજ જાણવો. પણ એટલો વિશેષ જે ભૂજપર સર્પ મરીને બીજી નરક સુધી જાય. એ ભૂજપર સર્પનો અધિકાર થયો. એ પરીસર્પનો અધિકાર પણ થયો. એ થળચર ગર્ભજનો અધિકાર પણ પુરો થયો. હવે ગર્ભજ ખેચર તિર્યંચનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ગર્ભજ ખેચર તિર્યંચ પચેંદ્રિના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના ચાર ભેદ છે. ચરમ પક્ષી યાવત વિતત પક્ષી. પુર્વની પરે જાણવા. ખેચરની અવગાહના જઘન્યથી આંગુલને અસંખ્યાતમે ભાગે, ને ઉત્કૃષ્ટપણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથકત્વ ધનુષની છે. તેનું આવખું જઘન્યથી અંતર્મુહુર્તનું ને ઉત્કૃષ્ટપણે પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું (જુગલ આશ્રી) છે. શેષ અધિકાર જેમ જળચરનો કહ્યો તેમ જાણવો. પણ એટલો વિશેષ જે મરીને ત્રીજી નરક સુધી જાય. એ ગર્ભજ ખેચર પચેંદ્રિ તિર્યંચ જોનીયા કહ્યા. એ તિર્યંચનો અધિકાર પુરો થયો.

## ૨૩ મનુષ્યનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત,મનુષ્યના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ,તેના બે ભેદ છે. એક સમુર્છિમ મનુષ્ય ૧, ને બીજો ભેદ ગર્ભજ મનુષ્ય ૨, એના ભેદ જેમ શ્રી પનવણાજી સુત્રમાં કહ્યા છે તેમ જાણવા ( તેનો વિસ્તાર ચતુરવિધ પ્રતિપતિમાં આવશે.) જાવત્ છદમસ્તને કેવળી સુધી નિરવિશેષ જાણવા, તેના સંક્ષેપે બે ભેદ છે. પર્યાપ્તા ને અપર્યાપ્તા.

**પ્રશ્ન**— હે ભગવંત, તે જીવને કેટલાં શરીર છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને પાંચ શરીર છે. ઔદારીક ૧. વૈક્રીય ૨, આહારક ૩, તેજસ ૪, ને કાર્મણ શરીર ૫.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવના શરીરની અવગાહના કેવડી છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી આંગુલને અસંખ્યાતમે ભાગે ને ઉત્કૃષ્ટપણે ત્રણ ગાઉની (જુગલ આશ્રે).

**પ્રશ્ન**—હે ભગવંત,તે જીવને કેટલા સંઘયણ છે?

**ઉત્તર**—હે ગૌતમ તેને છ સંઘયણ છે. તે વજ્ર રૂપભનારાચ સંઘયણ ૧, રૂપભનારાચ ૨, નારાચ ૩, અર્ધ નારાચ ૪, કીલકુ ૫, ને છેવટુ સંઘયણ ૬ એ છ.

**પ્રશ્ન**—હે ભગવંત,તે જીવને કેટલા સંસ્થાન છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને છ સંસ્થાન છે, સમ ચૌરસ સંસ્થાન ૧ ન્યગ્રોધ પરિમંડલ ૨ સાદિ ૩, વામન ૪, કુબજ ૫, ને હુંડ સંસ્થાન ૬.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું ક્રોધ કષાઇ છે, માનકષાઇ છે, માયા કષાઇ છે, લોભ કષાઇ છે કે અકષાઇ છે?

**ઉત્તર**—હે ગૌતમ, ક્રોધ કષાઇ છે; જાવત્ અકષાઇ પણ છે. ( દશમાગુણ સ્થાનક ઉપરે અકષાઇ).

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને શું આહાર સંજ્ઞા છે? ભય સંજ્ઞા છે? મૈથુન સંજ્ઞા છે? પરીગ્રહ સંજ્ઞા છે કે સંજ્ઞા રહીત છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને આહાર સંજ્ઞા, જાવત્ સંજ્ઞા રહીત એ સર્વ બોલ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું કૃષ્ણ લેશી છે? નીલ લેશી છે? કાપુત લેશી છે? તેજુ લેશી છે? પદમ લેશી છે? શુકલલેશી છે? કે અલેશી છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઊત્તર**—હે ગૌતમ, તે જીવ કૃષ્ણ લેશી પણ છે જાવત્ અલેશી એ સર્વ બોલ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સોતેંદ્રિયા છે? ચક્ષુદ્રિયા છે? ઘ્રાણેંદ્રિયા છે? રસેંદ્રિયા છે? સ્પર્શઇંદ્રિયા છે કે નો ઇંદ્રિયા છે?

**ઊત્તર**—હે ગૌતમ, તે જીવ શ્રોતેંદ્રિયા પણ છે, જાવત્ ઇંદ્રિયના વિકાર જીત્યા માટે નોઇંદ્રિયા પણ છે.

**પ્રશ્ન**—હે ભગવંત તે જીવને કેટલી સમુદઘાત છે?

**ઉતર**—હે ગૌતમ, તેને સાત સમુદઘાત છે. વેદના ૧. કષાય ૨. મારણાંતિક ૩, વૈક્રિય ૪ આહારક ૫. તેજસ ૬, ને કેવળસમુદઘાત ૭.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સંજ્ઞી છે, કે અસંજ્ઞની છે, કે નોસંજ્ઞી નોઅસંજ્ઞી છે?

**ઉતર**—હે ગૌતમ, સંજ્ઞી પણ છે, અસંજ્ઞી પણ છે, ને નોસંજ્ઞી નોઅસંજ્ઞી પણ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સ્ત્રીવેદી છે, પુરૂષવેદી છે, નપુંસકવેદી છે, કે અવેદી છે?

**ઉતર**—હે ગૌતમ, સ્ત્રીવેદી પણ છે, જાવત્ અવેદી પણ છે. (નવમા ગુણઠાણા ઉપર અવેદી).

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું પર્યાપ્તા છે કે અપર્યાપ્તા છે?

**ઉતર**—હે ગૌતમ, પાંચ પર્યાપ્તે પર્યાપ્તા છે, ને એ પાંચ અપર્યાપ્તે અપર્યાપ્તા છે, (ભાષા ને મન ભેળું બાંધે માટે) પણ પર્યાપ્તા છજ કહેવાય.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી દ્રષ્ટી છે?

**ઉતર**—હે ગૌતમ, તેને ત્રણ દ્રષ્ટી છે. સમ્યક્ત્વ ૧, મિથ્યાત્વ ૨ અને મિશ્ર ૩ દ્રષ્ટી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલાં દર્શન છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ચાર દર્શન છે, ચક્ષુ ૧, અચક્ષુ ૨, અવધી ૩, ને કેવળદર્શન ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું જ્ઞાની છે, કે અજ્ઞાની છે?

**ઉત્તર**—હે ગૌતમ, જ્ઞાની છે, ને અજ્ઞાની પણ છે. તેમાં જે જ્ઞાની છે તે કેટલાએક બે જ્ઞાનના ધણી છે, કેટલાએક ત્રણ જ્ઞાનના ધણી છે, કેટલાએક ચાર જ્ઞાનના ધણી છે, ને કેટલાએક એક જ્ઞાનના ધણી છે, તેમાં જે બે જ્ઞાનના ધણી છે તે નિશ્ચે મતિજ્ઞાની ને શ્રુતજ્ઞાની છે, અને જે ત્રણ જ્ઞાનના ધણી છે, તે મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની ને અવધીજ્ઞાની છે, અથવા મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની ને મનપર્યવજ્ઞાની પણ છે, ને જે ચાર જ્ઞાનાના ધણી છે તે નિશ્ચે મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધીજ્ઞાની ને મનપર્યવજ્ઞાની છે. ને જે એક જ્ઞાનના ધણી છે. તે નિશ્ચે કેવળજ્ઞાની છે. એમજ અજ્ઞાની પણ જાણવા. તેમાં કેટલાએક બે અજ્ઞાનના ધણી છે. તે મતિઅજ્ઞાની ને શ્રુતઅજ્ઞાની. ને કેટલાએક ત્રણ અજ્ઞાનના ધણી છે તે મતિ-અજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, ને વિભંગજ્ઞાની.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું મનજોગી છે? વચનજોગી છે? કાયજોગી છે? કે અજોગી છે?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, મનજોગી પણ છે, વચનજોગી પણ છે, કાયજોગી પણ છે ને અજોગી પણ છે. (ચઉદમાં ગુણસ્થાનકના ધણી અજોગી જાણવા.)

**પ્રશ્ન**— હે ભગવંત, તે જીવને કેટલા ઉપયોગ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને બે ઉપયોગ છે. સાકારોપયોગ ને અનાકારોપયોગ.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કેટલી દિશિનો આહાર કરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, તે છ દિશિનો આહાર કરે છે. (નિર્વ્યાઘાતપણા માટે).

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ મધ્યે કોણ આવી ઉપજે?

**ઉત્તર**—હે ગૌતમ, નારકી, તિર્યંચ, મનુષ્ય ને દેવતા આવી ઉપજે. તેમાં નારકી છઠ્ઠી નરક સુધીના ને તિર્યંચજોનીયા તેઉ, વાઉ, ને અસંખ્યાતા વરસના આયુષ્યના ધણી જુગળીયા તિર્યંચ વર્જીને સર્વ ઉપજે. ને મનુષ્ય તે પણ ત્રીશ અકર્મભૂમિ, છપન અંતર-દ્વીપના જુગળીયા વર્જિ ઉપજે ને દેવતા સર્વ ઉપજે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનું આવખું કેટલા કાળનું છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્તનું ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમનું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સમોહત મરણે મરે છે, કે અસમોહત મરણે મરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, સમોહત મરણે પણ મરે છે, ને અસમોહત મરણે પણ મરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ મરીને કયાં જાય?

**ઉ-તર**—હે ગૌતમ, નરક પ્રમુખથી લઇને સર્વાર્થસિદ્ધ સુધી જાય, ને કેટલાએક જાવત્ મોક્ષપણ જાય.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી ગતિ છે, ને કેટલી આગતિ છે?

**ઉ-તર**—હે ગૌતમ, પાંચ ગતિમાં જાય. તે નરક, તિર્યંચ, મનુષ્ય, દેવગતિ ને પાંચમી ગતિ તે મોક્ષની જાણવી. ને ચાર ગતિમાંથી આવે.

એ જીવ પ્રત્યેક શરીરના ધણી છે. ગર્ભજ સંખ્યાતા છે ને સમુર્છિમ સહિત અસંખ્યાતા જીવ છે. એ મનુષ્યનો અધિકાર પુરો થયો.

## ૨૪ દેવતાનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતાના કેટલા ભેદ છે?

**ઊત્તર**—હે ગૌતમ, તેના ચાર ભેદ છે. ભવનપતિ ૧, વ્યંતર ૨. જોતિષી ૩, ને વૈમાનિક ૪. તેમાં ભવનપતિના દશ ભેદ છે. વ્યંતરના આઠ ભેદ, જોતિષીના પાંચ ભેદ, ને વૈમાનિકના બે ભેદ છે (॥ યથાઃ ॥ **दसविहा भवणा हवइ ॥ अठविहा वाणमंतरा होइ ॥ जोइसीया पंचाविहा ॥ दुविहा विमाणिया देवा ॥ १ ॥**)

તે વિસ્તારે પનવણા સુત્રથી કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ભવનપતિ દેવતાના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના દશ ભેદ છે તે કહેછે. અસુરકુમાર ૧, નાગકુમાર ૨, સુવર્ણકુમાર ૩, વિદ્યુતકુમાર ૪, અગ્નીકુમાર ૫, દ્વીપકુમાર ૬, ઉદધિકુમાર ૭, દિશાકુમાર ૮, પવનકુમાર ૯, ને સ્થનિત કુમાર ૧૦ (પંદર પરમાધામી અસુરકુમારની જાતમાં ગણાયછે, તેથી તેના નામ કહેછે. અંબ ૧, અંબરીસ ૨, સામ ૩, સબલ ૪, રૂદ્ર ૫, વૈરૂદ્ર ૬, કાળ ૭ મહાકાળ ૮, અસિપત્ર ૯, ધનુષ્ય ૧૦, કુંભ ૧૧, વાલુક ૧૨, વૈતરણી ૧૩, ખરસ્વર ૧૪, ને મહાઘોષ ૧૫.)

**પ્રશ્ન**—હે ભગવંત, વાણવ્યંતર દેવતાના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના સામાન્ય પ્રકારે આઠ પ્રકાર છે ને વિસ્તારે સોળ ભેદ છે તે કહેછે. પ્રિશાચ ૧, ભુત ૨, જક્ષ ૩, રાક્ષસ ૪, કિન્નર ૫, કિંપુરૂષ ૬, મહોરગ ૭. ગંધર્વ ૮. આણુપન્નિ ૯, પાણુપન્ની ૧૦, ઇસીવાય ૧૧, ભુયવાય ૧૨, કંદીય ૧૩, મહાકંદીય ૧૪, કોહંડ ૧૫. ને પયંગ દેવ ૧૬, (દશ જાતના જંભકા દેવતા વાણવ્યંતર દેવતાની જાતના ગણ્યા છે માટે તેના નામ કહેછે. આણુજંભકા ૧, પાણુજંભકા ૨ લયણુજંભકા ૩, શયણુજંભકા ૪, વથજંભકા ૫, પુષ્પજંભકા ૬, ફલજંભકા ૭, બીયજંભકા ૮, વિજુજંભકા ૯ ને અવ્યંતજંભકા ૧૦).

**પ્રશ્ન**—હે ભગવંત, જ્યોતિષી દેવતાના કેટલા ભેદ છે?

**ઊત્તર**—હે ગૌતમ, તેના પાંચ ભેદ છે તે કહે છે. ચંદ્ર ૧, સૂર્ય ૨, ગ્રહ ૩, નક્ષત્ર ૪, ને તારા ૫. (એ પાંચ અઢીદ્વીપમાં ચર ને અઢીદ્વીપ બાહીર અચર (સ્થીર) મળી જ્યોતિષીના દશ ભેદ થાય છે.

**પ્રશ્ન**—હે ભગવંત, વૈમાનીક દેવતાના કેટલા ભેદ છે?

**ઊત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે, કલ્પોત્પન ૧, ને કલ્પાતિત ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, કલ્પોત્પન દેવતાના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બાર ભેદ છે. સૌધર્મ દેવલોક ૧, ઇશાન દેવલોક ૨, શનત કુમાર ૩, માહેંદ્ર ૪, બ્રહ્મલોક ૫, લાંતક ૬, શુક્ર ૭, સહસાર ૮, આણુંત ૯, પ્રાણુંત ૧૦, આરણ ૧૧, ને અચુત ૧૨. (પાંચમા દેવલોકમાં નવ લોકાંતિક દેવ છે તેના નામ કહેછે, સારસ્વત ૧, આદિત્ય ૨, વિન્હી ૩, વરૂણ ૪, ગર્ધતોયા ૫, તોષીયા ૬, અવ્યાબાધ ૭, અગ્ગીચા ૮ ને રીઠા ૯.) તેમજ ત્રણપલીયા, ત્રણ સાગરીયા ને તેર સાગરીયા એ ત્રણ કીલ્વિષી પણ વૈમાનિકમાં ગણાયછે)

**પ્રશ્ન**—હે ભગવંત, કલ્પાતીત દેવતાના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. ગ્રૈવેયક ૧. ને અનુત્તર વિમાન ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, ગ્રૈવેયક દેવતાના કેટલા ભેદ છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ભગવંત, તેના નવ ભેદ છે તે કહેછે. ભદ્દે ૧, સુભદ્દે ૨, સુજાયે ૩, સુમાણુસે ૪, પ્રીયદંસણે ૫, સુદંસણે ૬, આમોહે ૭, સુપડીબુધે ૮, ને જસોધરે ૯.

**પ્રશ્ન**—હે ભગવંત, અનુત્તર વિમાનના દેવતાના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના પાંચ ભેદ છે. વિજય ૧, વિજયંત ૨, જયંત ૩, અપરાજીત ૪ ને સર્વાર્થ સિદ્ધ ૫.

એ કુલ ૯૯ જાતના દેવતા થયા. તેના સંક્ષેપે બે ભેદ છે. પર્યાપ્તા ને અપર્યાપ્તા.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલાં શરીર છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ત્રણ શરીર છે. વૈક્રિય ૧, તેજસ ૨, ને કાર્મણ ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવના શરીરની અવગાહના કેવડી છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેની અવગાહના બે ભેદે છે. એક ભવધારણીક ને બીજી ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીક તે જઘન્યથી આંગુલને અસંખ્યાતમે ભાગે (ઉપજતી વેળાએ) ને ઉત્કૃષ્ટપણે સાત હાથની છે. ને ઉત્તરવૈક્રિય તે જઘન્યથી આંગુલને સંખ્યાતમે ભાગે ને ઉત્કૃષ્ટપણે લાખ જોજનની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનાં શરીર કયા સંઘયણનાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેનાં શરીર ૭ સંઘયણથી રહીત છે. એટલે તેને સંઘયણ નથી. કેમકે તેમાં હાડ, રૂધીર ને નસાજાળ નથી તે કારણે સંઘયણ નથી. ને જે પુદ્ગળ ઇષ્ટ, કાંત, મનોહર. તે તેના શરીરપણે પરણમે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનાં શરીર કયા સંસ્થાને છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેનાં શરીર બે પ્રકારનાં છે. એક ભવધારણીક (તે મુળ શરીર) ને બીજા ઉત્તરવૈક્રિય. (તે બીજું રૂપ બનાવતી વખતનું) તેમાં જે ભવધારણીક શરીર છે તે સમચતુરસ સંસ્થાને છે. ને જે ઉત્તરવૈક્રિય શરીર છે તે નવનવે સંસ્થાને છે. (જેહવાં કરવાં હોય તેહવાં કરે તે માટે).

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કષાય, સંજ્ઞા, લેશ્યા, ઇંદ્રિ ને સમુદઘાત કેટલી છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ચાર કષાય, ચાર સંજ્ઞા, ૭ લેશ્યા, પાંચ ઇંદ્રિ ને પાંચ સમુદઘાતછે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સંજ્ઞી છે, કે અસંજ્ઞી છે?

**ઉત્તર**—હે ગૌતમ, સંજ્ઞી પણ છે, ને અસંજ્ઞી પણ છે. (સમુર્છિમ તિર્યંચ માંહેથી આવી ભવનપતિ, વ્યંતરમાં ઉપજે છે તેને અપર્યાપ્તા સમયઆશ્રી અસંજ્ઞી બાકી સર્વ સંજ્ઞી જાણવા.)

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું સ્ત્રીવેદી છે, પુરૂષવેદી છે, કે નપુંસકવેદી છે?

**ઉત્તર**—હે ગૌતમ, સ્ત્રીવેદી પણ છે. (બીજા દેવલોક સુધી) પુરૂષવેદી પણ છે. પણ નપુંસકવેદી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું પર્યાપ્તી છે કે અપર્યાપ્તી છે?

**ઉત્તર**—હે ગૌતમ, પાંચ પર્યાપ્તે પર્યાપ્તા છે. ને પાંચ અપર્યાપ્તે અપર્યાપ્તા પણ છે, (ભાષા ને મન એ બે પર્યા એક સમયે સમકાળે બાંધે તે માટે પાંચ પર્યાપ્તી કહી છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી દૃષ્ટિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ત્રણ દૃષ્ટિ છે. સમ્યક્ત્વ ૧, મિથ્યાત્વ ૨, ને મિશ્રદૃષ્ટિ ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલાં દર્શન છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ત્રણ દર્શન છે. ચક્ષુ ૧, અચક્ષુ ૨, ને અવધિદર્શન ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ શું જ્ઞાની છે, કે અજ્ઞાની છે?

**ઉત્તર**—હે ગૌતમ, જ્ઞાની પણ છે ને અજ્ઞાની પણ છે. તેમાં જે જ્ઞાની છે, તે નિશ્ચે ત્રણ જ્ઞાનના ધણી છે. ને ત્રણ અજ્ઞાનની ભજના છે, કેમકે બે પણ હોય, ને ત્રણ પણ હોય. (જે સમુર્છિમ જીવ મરીને દેવતા થાય તેને ઉપજતી વેળાએ અપર્યાપ્તા સુધી બેજ અજ્ઞાન હોય તે માટે ત્રણની ભજના કહી.)

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલા ઉપયોગ છે? ને કેટલા જોગ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને બે ઉપયોગ, ને ત્રણ જોગ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ કેટલી દિશિનો આહાર કરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, ૬ દિશિનો આહાર કરે છે. ને ઉસન કારણ પડીવર્જિને (ક્ષુધા ઉપસમાવવાને કારણે આહાર લેવા આશ્રે) વર્ણથી કાળો જાવત્ ધોળો આહાર કરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કયા જીવ આવી દેવતાપણે ઉપજે?

**ઉત્તર**—હે ગૌતમ, તિર્યંચ પચેંદ્રિને મનુષ્ય મધ્યેથી આવી ઉપજે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવનું આવખું કેટલા કાળનું છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશ હજાર વરસનું ને ઉત્કૃષ્ટપણે તેત્રીશ સાગરોપમનું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ સમોહત મરણે મરેછે, કે અસમોહત મરેછે?

**ઉત્તર**—હે ગૌતમ, સમોહત પણ મરે છે, અને અસમોહત પણ મરેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવ મરીને ક્યાં જઇ ઉપજે?

**ઉત્તર**—હે ગૌતમ, નારકી મધ્યે ઉપજે નહીં, પણ તિર્યંચ ને મનુષ્ય મધ્યેજ ઉપજે. દેવતા દેવતામાં પણ ઉપજે નહીં.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી ગતિ છે, ને કેટલી આગતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને બે ગતિ છે, ને બે આગતિ છે (મનુષ્ય તિર્યંચની).

એ જીવ પ્રત્યેક શરીરના ધણી છે ને અસંખ્યાતા જીવ છે. એ દેવતાનો અધિકાર કહ્યો. એ પચેંદ્રિનો અધિકાર પુરો થયો. એ ઉદાર ત્રસ જીવનો અધિકાર પુરો થયો. એ સર્વ ત્રસ જીવનો અધિકાર પુરો થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૫. ત્રસ, સ્થાવર જીવની ભવસ્થિતિ, કાયસ્થિતિ; વિરહકાળ અને અલ્પ બહુત્વનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રસ જીવ એક ભવે કેટલા કાળ સુધી રહે?

**ઉત્તર**—હે ગૌત્તમ, જઘન્યથી અંતર્મુહર્ત્ત (સમુર્છિમ પ્રમુખ મધ્યે), ને ઉત્કૃષ્ટપણે તેત્રીશ સાગરોપમ સુધી રહે (સર્વાર્થસિદ્ધ તથા સાતમી નરક મધ્યે).

**પ્રશ્ન**,—હે ભગવંત, સ્થાવર જીવ એક ભવે કેટલા કાળ સુધી રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહર્ત્ત (સુક્ષ્મ મધ્યે), ને ઉત્કૃષ્ટપણે બાવીશ હજાર વરસ રહે (પૃથ્વીકાય મધ્યે).

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રસજીવ, ત્રસકાયનો ત્રસકાયપણે કેટલા કાળ સુધી રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહર્ત્ત (લઘુ ભવ આશ્રી), ને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો કાળ. તે પણ અસંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણી. એ કાળથી રહે, ને ક્ષેત્રથકી અસંખ્યાતા લોક મધ્યે જેટલા આકાશ, પ્રદેશ છે, તેટલી ઉત્સર્પિણી, અવસર્પિણી ત્રસનો ત્રસપણે રહે, પછી સ્થાવર થાય (અગ્ની તથા વાયુ ગતિત્રસ ગણ્યા છે તે આશ્રી એ કાળ જાણવો. અન્યથા બેઈંદ્રિયાદિકમાં તો બે હજાર સાગરોપમ સુધીજ રહે એ ભાવ જાણવો).

**आकास प्रदेस स्वरुप॥ यथानंदीः ॥ सुहुमोय होय कालो ॥ तत्तोसुहुमं हवइ खेत्तं ॥ अंगुल सेढी मीते ॥ उसपिणिओ असंखेजा ॥१॥**

**ભાવાર્થ**—કાળ સુક્ષ્મ છે, પણ તેથી ક્ષેત્ર અસંખ્યાતગણું સુક્ષ્મ છે કેમકે આંગુલ માત્રની એક શ્રેણીમાંથી સમય સમય એકેકો આકાશ પ્રદેશ હરતાં અસંખ્યાતી ઉત્સર્પિણિ અવર્સિપણિ કાળ જાય, માટે કાળથી ક્ષેત્ર અસંખ્યાતગણું સુક્ષમ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્થાવર જીવ સ્થાવરનો સ્થાવરપણે કેટલા કાળ સુધી રહે.

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત (અનંતકાય પ્રમુખમાં) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ. કાળથી અનંતી ઉત્સર્પિણી, અવસર્પિણી રહે. ને ક્ષેત્રથી અનંતા લોકના જેટલા આકાશ પ્રદેશ છે તેટલી ઉત્સર્પિણી, અવસર્પિણી રહે. તે મધ્યે અસંખ્યાતા પુદગળ પરાવર્તન થાય. (એક આવલીકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમય તેટલા પુદગળ પરાવર્ત્ત રહે, તે પણ અસંખ્યાતા પુદગળ થાય).

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રસજીવ ફરી ત્રસપણું પામે તો વચે કેટલા કાળનો અંતર પડે?

**ઊ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત માત્ર ભવ કરી પાછો ત્રસ થાય, ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ સ્થાવર જીવની કાયસ્થિતિ જેટલો અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્થાવર જીવ ફરી સ્થાવરપણું પામે તો વચે કેટલા કાળનો અંતર પડે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત માત્ર ભવ કરી પાછો સ્થાવર થાય, ને ઉત્કૃષ્ટપણે જેટલી ત્રસ જીવની કાયસ્થિતિ છે એટલો વચ્ચે વિરહ પડે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રસ જીવ, ને સ્થાવર જીવ. એ માંહે કયા કયા થકી અલ્પ (થોડા) છે, અથવા બહુ છે, (વધારે છે,) અથવા સરખા છે, અથવા વિશેષાધિક છે;

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથી થોડા ત્રસ જીવ છે, તે થકી સ્થાવર જીવ અનંત ગુણા અધિક છે. (વનસ્પતિ અનંતા માટે.) એ બે પ્રકારના સંસારી જીવનો અધિકાર સંપુર્ણ થયો. એટલે શ્રી જીવાભિગમ સુત્રે દુવિધ પ્રતિપતિ સંપુર્ણ થઇ.

## ૨૬ ત્રણ પ્રકારના સંસારી જીવનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત,જે આચાર્ય એમ કહે છે જે ત્રણ પ્રકારના સંસારી જીવ તે શી રીતે કહે છે?

**ઉ-તર**—હે ગૌતમ, તે આચાર્ય એમ કહે છે જે સ્ત્રીવેદી ૧, પુરૂષવેદી ૨, ને નપુસક વેદી ૩ એ ત્રણ પ્રકાર.

## ૨૭ સ્ત્રીવેદ (તિર્યંચણી, મનુષ્યણી ને દેવાંગ્ના) નો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્ત્રીવેદના કેટલા ભેદ છે?

**ઉ-તર**—ગૌતમ, તેના ત્રણ ભેદ છે. તિર્યંચજોનીની સ્ત્રી ૧, મનુષ્યની સ્ત્રી ૨, ને દેવતાની સ્ત્રી ૩, તેમાં પ્રથમ તિર્યંચજોનીની સ્ત્રીનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચ જોનીની સ્ત્રીના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે, જળચરી ૧, થળચરી ૨, ને ખેચરી ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, જળચરીના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના પાંચ ભેદ છે. માછલી ૧, જાવત્ સુસમારી ૫.

**પ્રશ્ન**—હે ભગવંત, થળચરીના કેટલા ભેદ છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. ચતુષ્પદ થળચર, તિર્યંચણી ને પરીસર્પ થળચર તિર્યંચણી.

**પ્રશ્ન**—હે ભગવંત, ચતુષ્પદ થળચર તિર્યંચણીના કેટલા ભેદ છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેના ચાર ભેદ છે. એક ખુરી ૧, જાવત્ સનીપયા ૪ એ ચતુષ્પદ થળચર તિર્યંચણી કહી. હવે પરીસર્પ થળચર તિર્યંચજોનીની સ્ત્રીના ભેદ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પરીસર્પ થળચરીના કેટલા ભેદ છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. ઉરપર સર્પણી ૧, ને ભુજપર સર્પણી ૨. તેમાં પ્રથમ ઉરપર સર્પણીના ભેદ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ઉરપર સર્પણીના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. સર્પણી ૧, અજગરી ૨, ને મહોરગી ૩. એ ઉર પર સર્પણીનો અધિકાર થયો. હવે ભૂજપર સર્પણીનો અધિકાર કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ભુજપર સર્પણીના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે. ગોહણી, નકુલણી, સેહલી, કાકીડી, ભાવા, સાવા, ખારા, પ્રવનાદિકા, ચતુષ્પદિકા, ઉંદરડી, ખિસકોલી, ઘરોળી, ગાધિકા, યોધિકા, ક્ષીરવિરાલિકા, ઇત્યાદિક ભુજપર સર્પણી જાણવી. હવે ખેચરી કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ખેચરીના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ચાર ભેદ છે. ચર્મપક્ષિણી પ્રમુખ જાવત્ પુર્વલી પરે જાણવા. એ ખેચરની સ્ત્રી કહી. એ તિર્યંચજોનીની સ્ત્રીનો અધિકાર પુરો થયો. હવે મનુષ્યની સ્ત્રીનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્યની સ્ત્રીના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. કર્મભૂમિની ઉપની ૧, અકર્મભૂમિની ઉપની ૨, ને અંતરદ્વીપની ઉપની ૩. તેમાં પ્રથમ અંતરદ્વીપની સ્ત્રી કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, અંતરદ્વીપની સ્ત્રીના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના અઠાવીશ ભેદ છે. અઠાવીશ અંતરદ્વીપ ચુલહીમવંતની ખુણમાં લવણ સમુદ્રમાં અંતરોદક છે, ને અઠાવીશ તેજ દ્વીપના નામે બીજા શિખરી પર્વતનીખુણમાં લવણ સમુદ્રમાં અંતરોદક છે. એમ છપન અંતરદ્વીપ છે. વળી એકરૂકદ્વીપ, આભાષીકદ્વીપ, જાવત્ સુધદંતદ્વીપ, એ અંતરદ્વીપની સ્ત્રી કહી. હવે અકર્મભૂમિની સ્ત્રી કહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, અકર્મભૂમિની ઉપની સ્ત્રીના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ત્રીશ ભેદ છે. પાંચ હેમવયક્ષેત્ર, પાંચ ઐરણ્યવયક્ષેત્ર, પાંચ હરીવર્ષક્ષેત્ર, પાંચ રમ્યકક્ષેત્ર, પાંચ દેવકુરૂ ને પાંચ ઉતરકુરૂ, એમ ત્રીશ અકર્મભૂમિના જુગળિક ક્ષેત્ર તીહાંની સ્ત્રી કહી. હવે કર્મભૂમિની કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કર્મભૂમિની ઉપની સ્ત્રીના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના પંદર ભેદ છે. પાંચ ભરતક્ષેત્ર, પાંચ ઐરવતક્ષેત્ર ને પાંચ માહાવિદેહક્ષેત્ર, એમ પંદર કર્મભૂમિની સ્ત્રી કહી. એ મનુષ્યની સ્ત્રીનો અધિકાર થયો. હવે દેવતાની સ્ત્રીનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતાની સ્ત્રીના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ચાર ભેદ છે. ભવનપતિની દેવાંગ્ના ૧, વ્યંતરીકની દેવાંગ્ના ૨, જ્યોતિષીની દેવાંગ્ના ૩, ને વૈમાનીકની દેવાંગ્ના ૪, તેમાં પ્રથમ ભવનપતિની કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ભવનપતિની દેવાંગ્નાના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના દશ ભેદ છે. અસુર કુમાર ભવનપતિની દેવાંગ્ના ૧, જાવત્ સ્થનિત કુમાર ભવનપતિની દેવાંગ્ના ૧૦ એ ભવનપતિની દેવાંગ્નાનો અધિકાર કહ્યો હવે વ્યંતરિકની દેવાંગ્ના કહેછે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, વ્યંતરીકની દેવાંગ્નાના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના આઠ ભેદ છે. પીસાચ વ્યંતરીકની દેવાંગ્ના ૧, ભૂત્તની દેવાંગ્ના ૨, યક્ષની ૩, રાક્ષસની ૪, કિન્નરની ૫, કિંપુરૂષની ૬, મહોરગની ૭, ને ગંધર્વની ૮ એ વ્યંતરીક દેવાંગ્ના કહી. હવે જ્યોતિષી દેવાંગ્ના કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જ્યોતિષીની દેવાંગ્નાના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના પાંચ ભેદ છે, ચંદ્ર જ્યોતિષીની દેવાંગ્ના, સૂર્યની. ગ્રહની, નક્ષત્રની ને તારા જ્યોતિષીની દેવાંગ્ના. એ જ્યોતિષીની દેવાંગ્ના કહી, હવે વૈમાનિકની દેવાંગ્ના કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, વૈમાનિકની દેવાંગ્નાના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. સુધર્મા દેવલોકવાસી દેવાંગ્ના અને ઇસાન કલ્પવાસી દેવાંગ્ના. એ વૈમાનિક દેવાંગ્ના કહી, એ દેવતાની સ્ત્રીનો અધિકાર થયો.

## ૨૮ સ્ત્રીવેદ (તિર્યંચણી, મનુષ્યણી, ને દેવાંગ્ના) ની ભવસ્થિતિ, કાયસ્થિતિ, વિરહકાલ, ને અલ્પ બહુત્વનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્ત્રીવેદે એકભવે કેટલા કાળ સુધી જીવ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, એક પ્રકારે જઘન્યથી અંતર્મુહુર્ત્ત (તિર્યંચ, મનુષ્ય મધ્યે.) ને ઉત્કૃષ્ટપણે પંચાવન પલ્યોપમ (તે એમ જે બીજા ઇશાન દેવલોકે અપરીગ્રહીત દેવીનું એટલું આયુપ છે તે ભણી કહ્યું) વળી એક પ્રકારે જઘન્યથી અંતર્મુહુર્ત્ત (તે પુર્વલીપરે) ને ઉત્કૃષ્ટપણે નવ પલ્યોપમ ૨ (તે એમ જે બીજા ઇશાન દેવલોકે પરીગ્રહીત દેવીનું એટલું આયુપ છે તે ભણી.) વળી એક પ્રકારે જઘન્યથી અંતર્મુહુર્ત્ત (તે પુર્વલી રીતે) ને ઉત્કૃષ્ટપણે સાત પલ્યોપમ ૩ (તે પ્રથમ સૌધર્મા દેવલોકે પરીગ્રહીત દેવીનું એટલું આયુપ છે તે માટે) વળી એક પ્રકારે જઘન્યથી અંતર્મુહુર્ત્ત (તે પુર્વલી રીતે) ને ઉત્કૃષ્ટપણે પંચાસ પલ્યોપમ ૪ (તે પ્રથમ સૌધર્મા દેવલોકે અપરીગ્રહીત દેવીનું એટલું આયુપ છે તે માટે) એ સમચે સ્ત્રીવેદની ભવસ્થિતિ કહી. હવે વીવરીને કહે છે તેમાં પ્રથમ તિર્યંચજોનીની સ્ત્રીની ભવસ્થિતિ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચજોનીની સ્ત્રી એકભવે કેટલા કાળસુધી રહે?

**ઉ-તર**—હે ગૌતમ,—જઘન્યતી અંતર્મુહુર્ત્ત (લઘુભવ આશ્રી) ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ. (જુગળણી આશ્રી) એ તિર્યંચણીની સમચે ભવસ્થિતિ કહી. હવે તિર્યંચણીની વીવરીને ભવસ્થિતિ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જળચર તિર્યંચણીનું એકભવે કેટલા કાળનું આયુપ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે ક્રોડપુર્વનું (જળચર જુગળ ન હોય).

**પ્રશ્ન**—હે ભગવંત, ચતુષ્પદ થળચર તિર્યંચણીનું એક ભવે કેટલું આયુપ છે?

**ઉ-તર**—હે ગૌતમ, જેમ સમચે તિર્યંચણીનું કહ્યું તેમ જાણવું (જુગળ માટે ત્રણ પલ્યોપમ.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ઉરપર સર્પ થળચર તિર્યંચણીનું કેટલું આયુપ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું, ને ઉત્કૃષ્ટપણે ક્રોડ પુર્વનું (તેમાં જુગળ ન હોય.)

**પ્રશ્ન**—હે ભગવંત, ભૂજપર સર્પણીનું કેટલા કાળનું આયુપ છે?

**ઉ-તર**—હે ગૌતમ, જેમ ઉરપર સર્પણીનું કહ્યું તેમ જાણવું (તેમાં પણ જુગળીયા હોય નહીં,)

**પ્રશ્ન**—હે ભગવંત, ખેચર તિર્યંચણીનું કેટલું આયુપ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત અને ઉત્કૃષ્ટપણે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જાણવો. (જુગળ માટે).

એ તિર્યંચણીની ભવસ્થિતિ વિવરીને કહી. હવે મનુષ્યણીની ભવસ્થિતિ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્યની સ્ત્રીની એક ભવે કેટલા કાળની સ્થિતિ છે?

**ઉ-તર**—હે ગૌતમ, ભરતાદિક ક્ષેત્ર આશ્રિ જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે દેવકુરૂ પ્રમુખ આશ્રિને ત્રણ પલ્યોપમ. ને વિરતિ સહીત પુછીએ તો જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે દેશે ઉણા ક્રોડપૂર્વ સુધી ચારીત્ર પ્રમુખ ધર્મ કરે (ક્રોડપુર્વ ઉપર જેનું આયુપ હોય તેને ધર્મ ઉદે આવે નહીં કેમકે તે જુગળ કહેવાય). એ મનુષ્યણીની સમચે ભવસ્થિતિ કહી. હવે તેની વિવરીને ભવસ્થિતિ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કર્મભૂમીની મનુષ્યની સ્ત્રીનું કેટલું આયુષ્ય છે?

**ઉત્તર**—હે ગૌતમ, ભરતાદિક ક્ષેત્ર આશ્રિને જઘન્યથી અંતર્મુહુર્ત્તનું ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમનું. ( પહેલે સુખમાસુખમ આરે જુગળીયાને હતું તે માટે કહ્યું.) ને ધર્મચરણ આશ્રિને જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે દેશેઊંણા ક્રોડ પૂર્વનું.

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચ ભરત ને પાંચ ઐરવત એ દશ ક્ષેત્રના કર્મભૂમિની મનુષ્યની સ્ત્રીનું કેટલું આયુષ્ય છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમનું (પ્રથમ આરે જુગળીયાને હોય માટે) ને ધર્માચરણ આશ્રિને જઘન્યથી અંતર્મુહુર્ત્તનું ને ઉત્કૃષ્ટપણે દેશે ઊંણા ક્રોડ પૂર્વનું જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, પુર્વ મહાવિદેહ ને પશ્ચિમ મહાવિદેહ કર્મભૂમિ મનુષ્યની સ્ત્રીનું કેટલું આયુષ્ય છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું ને ઉત્કૃષ્ટપણે ક્રોડ પૂર્વનું છે. (ત્યાં સદાય સરખો કાળ છે માટે) ને ધર્માચરણ આશ્રિને જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે દેશે ઊંણા ક્રોડ પૂર્વનું. (દેશે ઊંણા તે નવ વરસ ઊંણા જાણવા.)

**પ્રશ્ન**—હે ભગવંત, અકર્મભૂમિના મનુષ્યની સ્ત્રીનું આયુષ્ય કેટલું છે?

**ઉ-તર**—હે ગૌતમ, જનમ આશ્રિને પુછીએ તો જઘન્યથી દેશે ઊણા પલ્યોપમ (તે પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસંખ્યાતમે ભાગે ન્યુન જાણવું). ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમનું છે. અને સંહરણ આશ્રિને પુછીએ તો (ભરત પ્રમુખના મનુષ્યને કોઇક દેવતા ઉપાડીને અકર્મભૂમિમાં મુકે તે આશ્રિ.) જઘન્યથી અંતર્મુહુર્ત ને ઉત્કૃષ્ટપણે દેશે ઊંણા પૂર્વ ક્રોડ. (ઇહાંથી ઉપાડે તે કાળે તે મનુષ્યને જેટલાં વરસ થયાં હોય તેટલા વરસે ઊંણા ક્રોડ પૂર્વ ત્યાં તે મનુષ્ય જીવે તે માટે દેશે-ઊંણાં કહ્યાં).

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચ હેમવય ને પાંચ ઐરણ્વય એ દશ ક્ષેત્રના અકર્મભૂમિના મનુષ્યની સ્ત્રીનું કેટલું આયુષ્ય છે?

**ઉત્તર**—હે ગૌતમ, ત્યાં જેનો જનમ છે તે આશ્રિ પુછીએ તો જઘન્યથી દેશે ઊંણા પલ્યોપમનું (તે પણ પલ્યોપમને આઠમે ભાગે ઊણું એમ ટીકાકાર કહે છે), અસંખ્યાતમે ભાગે ઊણા જાણવું ને ઉત્કૃષ્ટપણે એક પલ્યોપમ પુરૂં જાણવું. પણ કોઇ કર્મભૂમિના મનુષ્યને દેવતા સંહરે તો સંહરણ આશ્રિ તેહને જઘન્યથી અંતર્મુહુર્તનું ને ઉત્કૃષ્ટપણે દેશે ઊંણાં ક્રોડ પૂર્વનું જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચ હરીવાષ ને પાંચ રમ્યકવાસ એ દસ ક્ષેત્રના અકર્મભુમિ મનુષ્યની સ્ત્રીનું આયુષ્ય કેટલું છે?

**ઉત્તર**—હે ગૌતમ, જનમ આશ્રિને પુછીએ તો જઘન્યથી દેશે ઊંણા બે પલ્યોપમનું તે પણ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ઊંણા ને ઉત્કૃષ્ટપણે બે પલ્યોપમ પુરાંનું છે. ને સંહરણ આશ્રિને પુછીએ તો જઘન્યથી અંતર્મુહુર્તનું ને ઉત્કૃષ્ટપણે દેશે ઊંણાં ક્રોડ પૂર્વનું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચ દેવકુરૂ ને પાંચ ઉત્તરકુરૂ, એ દશ ક્ષેત્રના અકર્મભૂમિનાં મનુષ્યની સ્ત્રીનું કેટલું આયુષ્ય છે?

**ઉત્તર**—હે ગૌતમ, જનમ આશ્રિ પુછીએ તો જઘન્યથી દેશે ઊણા ત્રણ પલ્યોપમ, તે પણ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ઉણા જાણવું. ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ પુરૂં જાણવું. ને સંહરણ આશ્રિ પુછીએ તો જઘન્યથી અંતર્મુહુર્ત ને ઉત્કૃષ્ટ પણે દેશે ઊંણા ક્રોડ પૂર્વનું જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, છપન અંતરદ્વીપ અકર્મભૂમિના મનુષ્યની સ્ત્રીનું કેટલું આયુષ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જનમ આશ્રિ પુછીએ તો જઘન્યથી દેશે ઉંણોપલ્યોપમનો અસંખ્યાતમો ભાગ તેપણ અસંખ્યાતમે ભાગે ઉણો જાણવો. (અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ છે તે માટે વિરૂદ્ધ નહીં.) ને ઉત્કૃષ્ટપણે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સંપુર્ણ જાણવો. ને સંહરણ આશ્રિ પુછીએ તો જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે દેશે ઉંણા ક્રોડ પુર્વનું જાણવું.

એ મનુષ્યની સ્ત્રીની ભવસ્થિતિ કહી. હવે દેવતાની સ્ત્રીની ભવસ્થિતિ કહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવાંગ્નાનું કેટલું આયુષ છે?

**ઉત્તર**—હે ગૌતમ, (સમુદાયપણે) જઘન્યથી દશ હજાર વરસનું (ભવનપતિ, વ્યંતરાદિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મધ્યે.) ને ઉત્કૃષ્ટપણે પંચાવન પલ્યોપમનું (ઇશાન દેવલોક અપરીગ્રહીત દેવીનું છે.) એ દેવાંગ્નાની સમચે ભવસ્થિતિ કહી. હવે તેની વીવરીને ભવસ્થિતિ કહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, ભવનપતિની દેવાંગ્નાનું કેટલું આયુપ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશ હજાર વરસનું ને ઉત્કૃષ્ટપણે સાડાચાર પલ્યોપમનું છે.

એમ અસુરકુમારની દેવાંગ્નાનું પણ આયુપ સાડાચાર પલ્યોપમનું જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, નાગકુમાર ભવનપતિની દેવાંગ્નાનું કેટલું આયુપ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશહજાર વરસનું ને ઉત્કૃષ્ટપણે દેશે ઉણા પલ્યોપમનું એમ સેપ નવનિકાયની દેવીને પણ જાણવું. એમ જાવત્ સ્થનિત કુમાર સુધી જાણવું,

**પ્રશ્ન**—હે ભગવંત, વ્યંતરિકની દેવાંગ્નાનું કેટલું આયુપ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશહજાર વરસનું ને ઉત્કૃષ્ટપણે અર્ધ પલ્યોપમનું છે.

**પ્રશ્ન**—હે ભગવંત,જ્યોતિપીની દેવાંગ્નાનુ કેટલું આયુપ છે?

**ઉત્તર**—હે ગૌતમ,જઘન્યથી પલ્યોપમનો આઠમો ભાગ ને ઉત્કૃષ્ટપણે અર્ધ પલ્યોપમ તે પણ પચાસ હજાર વરસે અધિક જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, ચંદ્ર વિમાને જ્યોતિપીની દેવાંગ્નાનું કેટલું આયુપ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ ને ઉત્કૃષ્ટપણે અર્ધ પલ્યોપમ તે પણ પચાસ હજાર વરસે અધિક છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૂર્ય વિમાને જ્યોતિપીની દેવાંગ્નાનું કેટલું આયુપ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ ને ઉત્કૃષ્ટપણે અર્ધ પલ્યોપમ, પાંચસે વરસે અધિક.

**પ્રશ્ન**—હે ભગવંત, શુક્રાદિક ગ્રહ વિમાને જ્યોતિપીની દેવાંગ્નાનું કેટલું આયુપ છે?

**ઉતર**—હે ગૌતમ, જઘન્ય પા પલ્યનું ને ઉત્કૃષ્ટપણે અર્ધ પલ્યનું.

**પ્રશ્ન**—હે ભગવંત, નક્ષત્ર વિમાને જ્યોતિપીની દેવાંગ્નાનું કેટલું આયુપ છે.

**ઉત્તર**—હે ગૌતમ,જઘન્યથી પલ્યોપમનો ચોથો ભાગ સંપુર્ણ ને ઉત્કૃષ્ટપણે પલ્યોપમના ચોથા ભાગ ઝાઝેરાનું.

**પ્રશ્ન**—હે ભગવંત, તારા વિમાને જ્યોતિપીની દેવાંગ્નાનું કેટલું આયુપ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી પલ્યોપમનો આઠમો ભાગ ને ઉત્કૃષ્ટપણે પલ્યોપમનો આઠમો ભાગ કાંઇક અધિક. એ જ્યોતિપી દેવાંગ્નાનું કહ્યું. હવે વૈમાનિક દેવાંગ્નાનું કહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, વૈમાનીક દેવાંગ્નાનું કેટલું આયુપ છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક પલ્યોપમનું ને ઉત્કૃષ્ટપણે પંચાવન પલ્યોપમનું.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ દેવલોકે વૈમાનીક દેવાંગ્નાનું કેટલું આયુષ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક પલ્યોપમ ને ઉત્કૃષ્ટપણે પરીગ્રહીતનું સાત પલ્યોપમનું (ને અપરીગ્રહીતનું પચાસ પલ્યોપમનું) છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ઇશાન દેવલોકે વૈમાનિક દેવાંગ્નાનું કેટલું આયુષ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક પલ્યોપમ ઝાઝેરાનું ને ઉત્કૃષ્ટપણે પરીગ્રહીત દેવીનું નવપલ્યોપમનું (ને અપરીગ્રહીતનું પંચાવન પલ્યોપમનું) જાણવું.

એ દેવતાની સ્ત્રીની ભવસ્થિતિ કહી. એ સ્ત્રીવેદની પણ ભવસ્થિતિ કહી હવે સ્ત્રી વેદની કાયસ્થિતિનો અધિકાર કહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્ત્રીવેદ સ્ત્રીવેદપણે એક જીવ કેટલા કાળ સુધી રહે?

**ઊત્તર**—હે ગૌતમ, એક પ્રકારે જઘન્યથી એક સમય (તે એમ જે કોઇ સ્ત્રી ઉપસમ શ્રેણી અવેદી થઇ તીહાંથી પડતાં એક સમય સવેદી થાતી કાળકરી દેવગતિમાં જાય. તિહાં પુરૂષવેદ પામે તે માટે) ને ઉત્કૃષ્ટપણે એકસો દશ પલ્યોપમ ક્રોડપૂર્વ પ્રથકત્વ ઝાઝેરાંનું. (તે એમ જે કોઇક જીવ મનુષ્યણી અથવા તિર્યંચણીપણે ક્રોડપુર્વને આવખે પાંચ ભવ ભમીને બીજા ઇશાન દેવલોકે અપરીગ્રહિત દેવીપણે પંચાવન પલ્યને આવખે ઉપજે, ત્યાંથી ચવીને મનુષ્ય અથવા તિર્યંચમાં ક્રોડપૂર્વને આવખે ઉપજે, વળી ફરીને ઇશાન દેવલોકે અપરીગ્રહીત દેવીપણે પંચાવન પલ્યને આવખે ઉપજે, પછી નિશ્ચે સ્ત્રીવેદ છાંડે તે માટે એકસો દશ પલ્યોપમ ક્રોડપૂર્વ પ્રથકત્વે અધીક જાણવું) એ પ્રથમ પ્રકાર.

વળી એક પ્રકારે જઘન્યથી એક સમય (તે પુર્વલીપરે) ને ઉત્કૃષ્ટપણે અઢાર પલ્યોપમ ક્રોડપૂર્વ પ્રથકત્વ અધીકનું (તે એમ જે કોઇ એક જીવ મનુષ્ય અથવા તિર્યંચપણે ક્રોડપૂર્વને આવખે પાંચ ભવ ભમીને ઇશાન દેવલોકે પરીગ્રહીત દેવીપણે નવ પલ્યને આવખે ઉપજે, વળી ફરીને મનુષ્ય અથવા તિર્યંચપણે ક્રોડપૂર્વને આવખે ઉપજે ત્યાંથી ચવીને ઇશાન દેવલોકે ઉપજે, તે માટે જાણવું). એ બીજો પ્રકાર.

વળી એક પ્રકારે જઘન્યથી એક સમય (તે પુર્વલીપરે જાણવું.) ને ઉત્કૃષ્ટપણે ચૌદ પલ્યોપમ ક્રોડ પૂર્વ પ્રથકત્વે અધીક જાણવું. (તે એમ જે મનુષ્ય, તિર્યંચના પાંચ ભવ કરીને બે વાર ભવાંતરે સૌધર્મા દેવલોકે પરીગ્રહીત સ્ત્રીપણે ઉપજે, પછે વળી અન્યવેદ પામે તે માટે કહ્યું, બે ભવ ઉપરાંત દેવાંગ્ના એકાંતરે ભવ ન કરે). એ ત્રીજો પ્રકાર.

વળી એક પ્રકારે જઘન્યથી એક સમય (તે પુર્વલીપરે) ને ઉત્કૃષ્ટપણે એકસો પલ્યોપમ પ્રથકત્વ પૂર્વ ક્રોડ અધિક જાણવું, (તે એમ જે બે વાર સૌધર્મા દેવલોકે અપરીગ્રહીત દેવીપણે ઉપજે, ત્યાં પચાસ પચાસ પલ્યોપમના આયુષ્યના બે ભવ કરે, એક ભવને આંતરે એમ સરવાળે એકસો પલ્યોપમ ક્રોડ પુર્વ પ્રથકત્વે અધિક પુર્વવત્ જાણવું). એ ચોથો પ્રકાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી એક પ્રકારે જઘન્યથી એક સમય. (તે પૂર્વલી રીતે) ને ઉત્કૃષ્ટપણે પલ્યોપમ પ્રથકત્વ ને ક્રોડપૂર્વ પ્રથકત્વે અધીક જાણવું. (તે એમજે સાત ભવ તિર્યંચની સ્ત્રીપણે પૂર્વ ક્રોડના આવખાના કરે ને આઠમા ભવને વિષે દેવકુરૂ, ઉત્તરકુરૂ, ક્ષેત્રે ત્રણ પલ્યોપમના આવખે જુગળણીપણે ઉપજે ત્યાંથી કાળ કરીને સૌધર્મ દેવલોકે જઘન્ય સ્થિતિએ ઉપજે એ પ્રકારે પ્રથકત્વ પલ્યોપમ ને પ્રથકત્વ પૂર્વક્રોડ અધીક થાય. તથા વળી એમ જે આઠ ભવ મનુષ્ય તિર્યંચના, ક્રોડપૂર્વને આવખે ઉપજીને અસુરકુમાર ભવનપતિની દેવીપણે સાડાચાર પલ્યને આવખે ઉપજે, ત્યાંથી ચવી પુનરપી (વળી) સ્ત્રીવેદે મનુષ્ય તિર્યંચ મધ્યે ઉપજી પૂર્વક્રોડીનું આયુષ પાળીને ફરી અસુરકુમાર મધ્યે સાડાચાર પલ્યને આયુષે સ્ત્રીપણે ઉપજે એ ભાવાર્થે જાણવું). એ પાંચમો પ્રકાર. એ સમચે સ્ત્રીની કાયસ્થિતિ કહી. હવે વીવરીને (વિસ્તારીને જુદી જુદી) કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચજોની તિર્યંચજોનીમાં સ્ત્રીવેદે કેટલો કાળ રહે?

**ઊત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત (મચ્છ પ્રમુખ મધ્યે) ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ ક્રોડ પૂર્વ પ્રથકત્વે અધીક. (તે એમ જે પુર્વે સાત ભવ ક્રોડપૂર્વના તિર્યંચણીમાં કરીને એક ભવ જુગળ તિર્યંચણીનો કરે તે માટે.) એ સમચે તિર્યંચણીનું કહ્યું. હવે વિસ્તારીને જુદું જુદું કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જળચરનો જળચર મધ્યે જીવ સ્ત્રીવેદે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત. (લઘુભવ આશ્રિ) ને ઉત્કૃષ્ટપણે ક્રોડપૂર્વ પ્રથકત્વે. (આઠ ભવ જળચરના જળચર મધ્યે ક્રોડપુર્વના કરે તે માટે).

**પ્રશ્ન**—હે ભગવંત, ચતુષ્પદ થળચળનો થળચર મધ્યે જીવ સ્ત્રીવેદે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ તિર્યંચણીની સમુદાયપણે સ્થિતિ કહી તેમ ત્રણ પલ્યોપમ પ્રથકત્વ પૂર્વ ક્રોડ અધિક જાણવી.

**પ્રશ્ન**—હે ભગવંત, ઉરપર સર્પણિ, ભૂજપર સર્પણિમાં સ્ત્રીવેદે કેટલો કાળ રહે?

**ઊ-તર**—હે ગૌતમ, જેમ જળચરનું કહ્યું તેમ પ્રથકત્વ પુર્વ ક્રોડનું જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, ખેચરમાં સ્ત્રીવેદે જીવ કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અતર્મુહુર્ત. (એક લઘુ ભવ આશ્રી)ને ઉત્કૃષ્ટપણે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પુર્વ ક્રોડ પ્રથકત્વે અધિક.(તે એમ જે પુર્વ પુર્વ ક્રોડીને આવખે ખેચરીના સાત ભવ કરીને તે ઉપર આઠમો ભવ પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં જુગળણી પણે ઉપજે ત્યારે એ માન થાય.)

એ તિર્યંચણીની કાયસ્થિતિ કહી. હવે મનુષ્યણીની કાયસ્થિતિ કહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્યની સ્ત્રી સ્ત્રીવેદે કેટલા કાળ સુધી રહે?

**ઉ-તર**—હે ગૌતમ, ક્ષેત્ર ભરતાદિક આશ્રિને જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે ત્રણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પલ્યોપમ ક્રોડ પુર્વ પ્રથકત્વે અધિક (તે એમ જે પુર્વે સાત ભવ મહાવિદેહ પ્રમુખના ક્રોડ પુર્વના કરીને તે ઉપર આઠમે ભવે દેવકુરૂ પ્રમુખ ક્ષેત્રમાં ત્રણ પલ્યને આવખે ઉપજે તે માટે.) ને ધર્માચરણ આશ્રિ પુછીએ તો જધન્યથી એક સમય (પ્રણામ આશ્રિ) ને ઉત્કૃષ્ટપણે દેસેઉણા ક્રોડ પુર્વ (તે એમ જે નવ વરસ ઉપરાંત દિક્ષા હોય માટે તે દેશેઉણા કહ્યું.)

એ સમચે કહ્યું. હવે વિસ્તારથી મનુષ્યણીની કાયસ્થિતિ કહે છે.

એમ કર્મભૂમિ ભરત, ઐરવત ક્ષેત્રના મનુષ્યની સ્ત્રીનું આયુષ્ય જાણવું પણ એટલો વિશેષ જે ક્ષેત્રે સમય આશ્રિને પ્રથમ સુખમાં સુખમ આરે જધન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ દેસેઉણા ક્રોડ પુર્વે અધિક (તે એમ જે પુર્વ માહાવિદેહ પ્રમુખનું મનુષ્ય દેવતા સંહેર (હરણ કરે) તે ભરતક્ષેત્રે પહેલા આરાના મનુષ્ય મધ્યે મુકે તેવારે તે દેશેઉણા ક્રોડ પુર્વ તીહાં જીવે, પછી તીહાં શુભ ધ્યાનના જોગે મરીને ફરી તીહાંજ સ્ત્રીવેદે જુગળણી ત્રણ પલ્યને આવખે થાય તે માટે કહ્યું,) ને ધર્માચરણ આશ્રિને પુછીએ તો જધન્યથી એક સમય (તે પુર્વ પરે), ને ઉત્કૃષ્ટપણે દેશેઉણા ક્રોડ પુર્વ ચારિત્ર પાળે.

**પ્રશ્ન**—હે ભગવંત, પુર્વ માહાવિદેહ, પશ્ચિમ માહાવિદેહની સ્ત્રીની કાયસ્થિતિ કેટલા કાળની છે?

**ઊત્તર**—હે ગૌતમ, ક્ષેત્ર આશ્રિને જધન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે ક્રોડ પુર્વ પ્રથક્ત્વ. (તે એમ જે આઠ ભવ ક્રોડ પુર્વના ત્યાંના ત્યાંજ ઉત્કૃષ્ટા કરે માટે) ને ધર્માચરણ આશ્રિ પુછીએ તો જધન્યથી એક સમય, ને ઉત્કૃષ્ટપણે દેશેઉણા ક્રોડ પુર્વ ચારિત્ર પાળે.

**પ્રશ્ન**—હે ભગવંત, અકર્મભૂમિ મનુષ્યની સ્ત્રીની કાયસ્થિતિ કેટલા કાળની છે?

**ઉત્તર**—હે ગૌતમ, જનમ આશ્રિને જધન્યથી દેશેઉણા પલ્યોપમ, તે પણ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ઉણુ (હેમવંત પ્રમુખે) ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ. (દેવકુરૂ પ્રમુખે) ને સંહરણ આશ્રિ પુછીએ તો જધન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ દેશેઉણા ક્રોડ પુર્વ અધિક (તે એમ જે માહાવિદેહ પ્રમુખના મનુષ્ય ને દેવતા સંહરી દેવકુરૂ પ્રમુખ ક્ષેત્રમાં મુકે તીહાં જધન્યપણે અંતર્મુહુર્ત્તે મરે, ને ઉત્કૃષ્ટપણે દેશે ઉણા ક્રોડ પુર્વે મરે. ત્યાં શુભધ્યાને મરી ફરી ત્યાંજ વળી સ્ત્રીવેદે ત્રણ પલ્યોપમને આવખે ઉપજે એ ભાવાર્થ જાણવો.)

એ અકર્મ ભૂમિની સમચે કાયસ્થિતિ કહી. હવે વીવરીને કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચ હેમવય, પાંચ ઐરણવય, અકર્મભૂમિની સ્ત્રી સ્ત્રીવેદે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જનમ આશ્રિને પુછીએ તો જધન્યથી દેશે ઉણા પલ્યોપમ. તે પણ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ઉણું જાણવું, ને ઉત્કૃષ્ટપણે પલ્યોપમ પુરૂં, ને સંહરણ આશ્રિ પુછીએ તો જધન્યથી અંતર્મુહુર્ત્ત (તે પુર્વની રીતે) ને ઉત્કૃષ્ટપણે એક પલ્યોપમ, દેશે ઉણા ક્રોડ પુર્વે અધિક. (તે પણ પુર્વની રીતે).

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચ હરીવર્ષ, પાંચ રમ્યકવાસ, અકર્મભૂમિના મનુષ્યની સ્ત્રીની કાય સ્થિતિ કેટલી છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, જનમ આશ્રિને જઘન્યથી દેશે ઉણા બે પલ્યોપમ. તે પણ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ઉણા જાણવા, ને ઉત્કૃષ્ટપણે બે પલ્યોપમ સંપૂર્ણ. ને સંહરણ આશ્રિને પુછીએ તો જઘન્યથી અંતર્મુહૂર્ત્ત ને ઉત્કૃષ્ટપણે બે પલ્યોપમ દેશે ઉણા ક્રોડ પુર્વે અધિક (એહની ભાવના (હકીકત) પુર્વવત્)

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચ દેવકુરૂ, પાંચ ઉત્તરકુરૂની સ્ત્રીને કાયસ્થિતિ કેટલા કાળની છે?

**ઉ-તર**—હે ગૌતમ, જનમ આશ્રિને જઘન્યથી દેશે ઊણા ત્રણ પલ્યોપમ ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ પુરા. ને સંહરણ આશ્રિને પુછીએ તો જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ દેસે ઊણા ક્રોડ પુર્વે અધિક. (એની ભાવના પુર્વવત્.)

**પ્રશ્ન**—હે ભગવંત, છપન અંતરદ્વીપના અકર્મભૂમી મનુષ્યની સ્ત્રીને કેટલા કાળની કાય-સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જનમ આશ્રિને પુછીએ તો જઘન્યથી દેશે ઊણા પલ્યોપમનો અ-સંખ્યાતમો ભાગ તે પણ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ઊણો ને ઉત્કૃષ્ટપણે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. ને સંહરણ આશ્રિ પુછીએ તો જઘન્યથી અંતર્મુહુર્ત ને ઉત્કૃષ્ટપણે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ને દેસે ઊણા ક્રોડપૂર્વ અધીક (ભાવના પુર્વવત્).

એ અકર્મભૂમિ મનુષ્યની સ્ત્રીની કાયસ્થિતિ કહી. હવે દેવાંગ્નાની કાયસ્થિતિ કહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવાંગ્ના દેવાંગ્ના પણે કેટલા કાળ સુધી રહે?

**ઉ-તર**—હે ગૌતમ, તેની જે જે ભવ સ્થિતિ છે તેજ તેની કાયસ્થિતિ જાણવી. કેમકે (દેવાંગ્ના મરી ફરી આંતરા રહીત દેવાંગ્ના થાય નહિ) એ દેવાંગ્નાની કાયસ્થિતિ કહી.

એ સ્ત્રીવેદની કાયસ્થિતિ કહી. હવે સ્ત્રીવેદનો વિરહકાળ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્ત્રીવેદ છાંડી ફરી સ્ત્રીવેદ કેટલે કાળે પામે, ને વિચે કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત. (વચે એકજ લઘુભવ પુરૂષ કે નપુંસકનો કરી પાછી સ્ત્રી થાય તે માટે.) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ અસંખ્યાતા પુદ્ગળ પરા-વર્તનનો (વનસ્પતિમાં જાય તો અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળથી. ને ક્ષેત્રથી અનંતા લોક અસંખ્યાતા પુદ્ગળ પરાવર્તન આવળકાને અસંખ્યાતમે ભાગે જેટલા સમય આવે તેટલા પુદ્ગળ પરાવર્તન).

એ સ્ત્રીવેદનો સમચે વિરહ કાળ કહ્યો. હવે વિસ્તારે કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચની સ્ત્રીને કેટલો વિરહ પડે?

**ઊ-તર**—હે ગૌતમ, પૂર્વલીપરે ઉત્કષ્ટો અનંતો કાળ જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્યની સ્ત્રીને વચ્ચે કેટલો વિરહ પડે?

**ઊ-તર**—હે ગૌતમ, ક્ષેત્ર આશ્રિને જઘન્યથી અંતર્મુહુર્ત ને ઉત્કૃષ્ટપણે વનસ્પતિનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(અનંતો) કાળ જાણવો. ને ધર્માચરણ આશ્રિ પુરૂષીએ તો જઘન્યથી એક સમય. (તે એમ જે કોઇ સ્ત્રી ઉપસમ શ્રેણી ચઢતાં અગીયારમે ગુણઠાણે એક સમય સ્ત્રીવેદ ઉપસમાવી અવેદી થઇને પાછી પડે તેવારે સ્ત્રીવેદ ઉદય પ્રાપ્ત થાય. એ યુક્તિએ એક સમય થાય.) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ. જાવત્ અર્ધ પુદ્ગળ પરાવર્ત દેશેઊણાં. (તે એમ જે સમકિત વમ્યા પછી કાળે કરી સમ્યક્ત્વ પામે તે કારણે અર્ધ પુદ્ગળ પરાવર્ત કહ્યું

**।।यथा।। अंत्तो मुहुत्तामित्तंपि।। फासियं हुइ जेहिं समत्तं।। तेसिं अवढ पुग्गल।। परियट्टो चेव संसारो।।१।।**

એમ જાવત કર્મભૂમિની; ભરત, ઐરવત, પુર્વ માહાવિદેહ, પશ્ચિમ માહાવિદેહે પણ એમજ જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, અકર્મભૂમિના મનુષ્યની સ્ત્રીને કેટલા કાળનો વિરહ પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જનમ પડી વરજીને જઘન્યથી દશ હજાર વરસને અંતર્મુહુર્ત્ત અધિક (તે એમ જે વિચે એક ભવ દેવતાનો ને એક ભવ મનુષ્ય, તિર્યંચનો ભવ કરી ફરી ત્યાં સ્ત્રીવેદે ઉપજે તે માટે કહ્યું) ને ઉત્કૃષ્ટપણે વનસ્પતિનો (અનંતો) કાળ અંતર પડે. અને સંહરણ આશ્રિને જઘન્ય અંતર્મુહુર્ત્ત અને ઉત્કૃષ્ટપણે વનસ્પતિ કાળ પ્રમાણે જાણવું. એમ જાવત્ અંતરદ્વીપની સ્ત્રીને પણ જાણવું. હવે દેવાંગ્નાનું કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતાની સર્વ સ્ત્રીને કેટલા કાળનો વચ્ચે વિરહ પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો (તે એમ જે તિર્યંચ મધ્યે ઉપજીને તેવામાં શુભ અધ્યવસાયથી મરી કરીને દેવી થાય તે માટે) ને ઉત્કૃષ્ટપણે વનસ્પતિનો (અનંતો) કાળ જાણવો.

એ પ્રમાણે અસુર કુમારની દેવાંગ્નાથી માંડીને બીજા ઇશાન દેવલોકની દેવાંગ્ના સુધી જાણવું.

હવે સ્ત્રીવેદનો અલ્પ બહુત્વ કહે છે.—તે અલ્પ બહુત્વ પાંચ પ્રકારનો છે, પ્રથમ સામાન્ય અલ્પબહુત્વ ૧, બીજો ત્રણ પ્રકારની તિર્યંચણીનો અલ્પબહુત્વ ૨, ત્રીજો ત્રણ પ્રકારની મનુષ્યણી સંબંધીનો અલ્પબહુત્વ ૩, ચોથો ચાર પ્રકારની દેવાંગ્ના સંબંધીનો અલ્પબહુત્વ ૪, અને પાંચમો મિશ્ર (તિર્યંચ, મનુષ્ય ને દેવતાની) સ્ત્રીનો અલ્પબહુત્વ ૫.

**પ્રશ્ન**—હે ભગવંત, એ તિર્યંચણી, મનુષ્યણી ને દેવાંગ્ના મધ્યે કોણ કોણથકી થોડી છે, અથવા ઝાઝી છે, અથવા સરખી છે, અથવા વિશેષાધિક છે?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડી મનુષ્યની સ્ત્રી ૧, (૨૯ આંકે સંખ્યાતીજ છે ઓગણત્રીશ આંક સુધીના મનુષ્ય છે માટે) તે થકી તિર્યંચણી અસંખ્યાત ગુણી વધતી છે ૨, તેથકી દેવાંગ્ના અસંખ્યાત ગુણી છે ૩. ।।૧।।

**પ્રશ્ન**—હે ભગવંત, એ તિર્યંચણીમાં જળચરી, થળચરી ને ખેચરીમાં કોણ કોણથકી થોડી છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, સર્વથી થોડી ખેચર તિર્યંચજોનીની સ્ત્રી ૧, તેથી થળચર તિર્યંચણી સંખ્યાતં ગુણી છે ૨, તેથી જળચર તિર્યંચણી સંખ્યાત ગુણી છે ૩. ॥૨॥

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્યની સ્ત્રી, તેમાં કર્મભૂમિની, અકર્મભૂમિની ને અંતર દ્વીપની મધ્યે કોણકોણ થકી થોડી છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઊ-તર**—હે ગૌતમ, સર્વથી થોડી છપન અંતરદ્વીપ મનુષ્યની સ્ત્રી ૧, તેથી દેવકુરૂ, ઉત્તરકુરૂ અકર્મભૂમિ મનુષ્યની સ્ત્રી એ બે સરખી પણ છપન અંતરદ્વીપના મનુષ્યની સ્ત્રીથી સંખ્યાત ગુણી વધતી છે ૨, તેથી હરીવર્ષ, રમ્યકવર્ષ ક્ષેત્રના જુગળીયાની સ્ત્રી એ બે સરખી પણ દેવકુરૂ, ઉત્તરકુરૂનાથી સંખ્યાત ગુણી વધતી છે ૩, તેથી હેમવંત, ઐરણ્યવંત અકર્મભૂમિની મનુષ્યણી એ બે સરખી પણ હરીવર્ષ, રમ્યકવર્ષ ક્ષેત્રથી સંખ્યાત ગુણી વધતી છે ૪, તેથી ભરત, ઐરવત ક્ષેત્રના કર્મભૂમિ મનુષ્યની સ્ત્રી એ બે ક્ષેત્રની સરખી પણ હેમવંત, ઐરણવંત ક્ષેત્રનાથી સંખ્યાત ગુણી વધતી છે. ૫. તેથી પૂર્વમહાવિદેહ, પશ્ચિમ માહાવિદેહ એ બે ક્ષેત્રની સ્ત્રી સરખી, પણ ભરત, ઐરવત ક્ષેત્રનાથી સંખ્યાત ગુણી વધતી છે ૬. ॥૩॥

**પ્રશ્ન**—હે ભગવંત, ભવનપતિની દેવાંગ્ના, વ્યંતરિકની દેવાંગ્ના, જ્યોતિષીની દેવાંગ્ના ને વૈમાનિકની દેવાંગ્ના મધ્યે કોણ કોણથકી થોડી છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉ-તર**—હે ગૌતમ, સર્વથકી થોડી વૈમાનિકની દેવાંગ્ના ૧, તેથી ભવનપતિની દેવાંગ્ના અસંખ્યાત ગુણી છે ૨, તેથી વ્યંતરીકની દેવાંગ્ના અસંખ્યાત ગુણી છે ૩. તેથી જ્યોતિષીની દેવાંગ્ના સંખ્યાતગુણી વધતી છે. ૪. ॥૪॥

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચણીમાં જળચરી, થળચરી, ને ખેચરીમાં મનુષ્યણીમાં કર્મભૂમિની, અકર્મભૂમિની ને છપન અંતરદ્વીપનીમાં. દેવાંગ્નામાં ભવનપતિની દેવાંગ્ના, વ્યંતરીકની દેવાંગ્ના, જ્યોતિષીની દેવાંગ્ના ને વૈમાનીકની દેવાંગ્નામાં એટલી મધ્યે કોણ કોણથકી થોડી છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉ-તર**—હે ગૌતમ, સર્વથકી થોડી છપન અંતરદ્વીપના મનુષ્યની સ્ત્રી છે ૧. તેથી દેવકુરૂ, ઊત્તરકુરૂ અકર્મભૂમિ એ બે ક્ષેત્રની સ્ત્રી સરૂખી પણ છપન અંતરદ્વીપના મનુષ્યની સ્ત્રીથી સંખ્યાત ગુણી વધતી છે ૨. તેથી હરીવર્ષ, રમ્યક્વર્ષ એ બે ક્ષેત્રના અકર્મભૂમીની સ્ત્રી સરખી પણ દેવકુરૂ, ઊતરકુરૂના મનુષ્યની સ્ત્રીથી સંખ્યાત ગુણી વધતી છે ૩. તેથી હેમવંત, ઐરણવંત એ બે ક્ષેત્રના અકર્મભૂમિની સ્ત્રી સરખી પણ હરીવર્ષ, રમ્યક્વર્ષ ક્ષેત્રની સ્ત્રીથી સંખ્યાતગુણી વધતી છે ૪. તેથી ભરત, ઐરવત એ બે કર્મભૂમિની સ્ત્રી સરખી પણ હેમવંત, ઐરણવંત ક્ષેત્રની સ્ત્રીથી સંખ્યાતગુણે વધતી છે ૫. તેથી પુર્વમાહાવિદેહ, પશ્ચિમ માહાવિદેહ એ બે ક્ષેત્રની સ્ત્રા સરખી પણ ભરત, ઐરવત ક્ષેત્રની સ્ત્રીથી સંખ્યાત ગુણી વધતી છે ૬. તેથી વૈમાનીક દેવાંગ્ના અસંખ્યાત ગુણી વધતી છે ૭. ( તે એમ જે મનુષ્યની સ્ત્રી સંખ્યાતી છે અને વૈમાનીકની દેવાંગ્ના અસંખ્યાતી છે તે માટે. ) તેથી ભવનપતિની દેવાંગ્ના અસંખ્યાત ગુણી વધતી છે ૮. તેથી ખેચર તિર્યંચણી અસંખ્યાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણી વધતી છે ૯. તેથી થળચર તિર્યંચણી સંખ્યાત ગુણી વધતી છે ૧૦. તેથી જળચર તિર્યંચણી સંખ્યાતગુણી વધતી છે ૧૧. તેથી વ્યંતરીકની દેવાંગ્ના સંખ્યાતગુણી વધતી છે ૧૨. તેથી જ્યોતિષીની દેવાંગ્ના સંખ્યાતગુણી વધતી છે ૧૩. ॥૫॥. એ પાંચ અલ્પ બહુત્વ સ્ત્રી વેદના કહ્યા.

## ૨૯ સ્ત્રી વેદનો બંધ અને તેનો વિષય કહે છે.

**પ્રશ્ન**—હે ભગવત, સ્ત્રી વેદ જે કર્મ તેહની કેટલા કાળની બંધની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સાગરોપમના સાત ભાગ કરીયે તે માંહેલો દોઢ ભાગ તે પણ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ઉણું ને ઉત્કૃષ્ટપણે પંદર ક્રોડાક્રોડ સાગરોપમની છે. તેહનો પંદરસે વરસ પર્યંત તે કર્મની અબાધા છે એટલે એટલા વરસ પછી તે કર્મ ઉદય પ્રાપ્ત થાય. તે અબાધા કાળે કર્મની સ્થિતિ ઉણી કહી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે સ્ત્રી વેદનો વિષય વિકાર શા પ્રકારે કહ્યો છે?

**ઉત્તર**—હે ગૌતમ, ફુંફમ તે કાષ્ટની અગ્ની તે સરખો સ્ત્રીનો વિષય છે. એ સ્ત્રી વેદનો અધિકાર પુરો થયો.

## ૩૦ પુરૂષવેદ (તિર્યંચ, મનુષ્ય ને દેવતા)નો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, પુરૂષના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે, તિર્યંચજોનીયા પુરૂષ, મનુષ્યજોનીયા પુરૂષ, ને દેવપુરૂષ ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચજોનીયા પુરૂષના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. જળચર ૧, થળચર ૨, ને ખેચર ૩. એ તિર્યંચના ભેદ જેમ તેની સ્ત્રીના કહ્યા છે તેમજ. જાવત્ ખેચરપર્યંત જાણવા. એ તિર્યંચજોનીયા પુરૂષ કહ્યા.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્ય પુરૂષના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે પંદર કર્મભૂમિના ૧, ત્રીશ અકર્મભૂમિના ૨, ને છપન અંતરદ્વીપના મનુષ્ય ૩. તેનો વિસ્તાર પુર્વલી રીતે જેમ તેની સ્ત્રીનો કહ્યો છે તેમ જાણવો. એ મનુષ્ય પુરૂષ કહ્યા.

**પ્રશ્ન**— હે ભગવંત, દેવપુરૂષના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ચાર ભેદ છે. તે જેમ દેવાંગ્નાના ભેદ પુર્વે કહ્યા છે તેમ જાણવા. જાવત્ સર્વાર્થસિદ્ધ દેવપુરૂષ. એ દેવપુરૂષ કહ્યા.

## ૩૧ પુરૂષવેદ (તિર્યંચ, મનુષ્ય ને દેવતા) ની ભવસ્થિતિ; કાયસ્થિતિ, વિરહકાલ, ને અલ્પ બહુત્વનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, પુરૂષવેદની એકભવે કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત (તંદુલ મચ્છ પ્રમુખ મધ્યે.) ને ઉત્કૃષ્ટપણે તેત્રીશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાગરોપમની (સર્વાર્થ સિદ્ધના દેવપુરૂષ આશ્રિ) એ સમચે સ્થિતિ કહી. હવે વિસ્તારે કહેછે.
**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચજોનીયા પુરૂષની એકભવે કેટલા કાળની સ્થિતિ છે?
**ઉત્તર**—હે ગૌતમ, સર્વ તિર્યંચ સ્ત્રીના આયુષ્યની પરે જાણવી. એટલે સમચે તિર્યંચ પુરૂષની જઘન્ય અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટી ત્રણ પલ્યોપમની ૧ જળચર પુરૂષની જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે પુર્વક્રોડની ૨ ચૌપદ થળચર પુરૂષની જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમની ૩ ઉર્પર પરિસર્પ થળચર પુરૂષની જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે ક્રોડપુર્વની ૪, ભૂજપર સર્પની જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે પુર્વક્રોડની ૫, ખેચર પુરૂષની જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ૬. એ તિર્યંચ પુરૂષની સ્થિતિ કહી.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્ય પુરૂષની કેટલા કાળની સ્થિતિ છે?
**ઉત્તર**—હે ગૌતમ, તેની સ્થિતિ પણ તેની સ્ત્રીની પેરે સર્વત્ર જાણવી. એટલે સમચે મનુષ્યની જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમની.–ધર્માચરણ પડીવરજીને જઘન્યથી અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે ક્રોડપુર્વ દેશે ઉણાની (ગર્ભના સહિત નવ વરસે ઉણી)૧, કર્મભૂમિ મનુષ્ય પુરૂષની જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટી ત્રણ પલ્યોપમની.–ધર્માચરણ આશ્રિને જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે દેશે ઉણા પુર્વક્રોડની ૨, ભરત, ઐરવત ક્ષેત્ર આશ્રિ મનુષ્ય પુરૂષની જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમની (પહેલા આરા આશ્રિ)–ધર્માચરણ આશ્રિને જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટી દેશે ઉણા પુર્વક્રોડની ૩, પુર્વ માહાવિદેહ ને પશ્ચિમ માહાવિદેહ ક્ષેત્રના મનુષ્ય પુરૂષ આશ્રિ જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટી પુર્વક્રોડની.–ધર્માચરણ આશ્રિને જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટી દેશે ઉણા પુર્વક્રોડની ૪, સમચે અકર્મભૂમિના મનુષ્ય પુરૂષની જનમ આશ્રિ જઘન્ય એક પલ્યોપમ તેમાં એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ઉણાની ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમની.–સંહરણ આશ્રિ જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે દેશે ઉણા પુર્વક્રોડની ૫, હેમવય, ઐરણવય અકર્મભૂમિના મનુષ્ય પુરૂષની જનમ આશ્રિ જઘન્ય એક પલ્યોપમ તેમાં પલ્યનો અસંખ્યાતમા ભાગ ઉણાની ને ઉત્કૃષ્ટપણે એક પલ્યોપમની.–સંહરણ આશ્રિ જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે દેશે ઉણા ક્રોડપુર્વની ૬, હરિવાસ, રમ્યકવાસ અકર્મભૂમિના મનુષ્ય પુરૂષની જન્મ આશ્રિ જઘન્ય બે પલ્યોપમ તેમાં પલ્યનો અસંખ્યાતમો ભાગ ઉણાની ને ઉત્કૃષ્ટપણે બે પલ્યોપમ પુરાની–સંહરણ આશ્રિ જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે દેશે ઉણા ક્રોડપુર્વની ૭, દેવકુરૂ, ઉત્તરકુરૂ અકર્મભૂમિના મનુષ્ય પુરૂષની જન્મ આશ્રિ જઘન્ય ત્રણ પલ્યોપમ, તેમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ઉણાની ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ પુરાની. સંહરણ આશ્રિ જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે દેશે ઉણા પુર્વ ક્રોડની ૮. છપન અંતરદ્વીપાના અકર્મભૂમિ મનુષ્ય પુરૂષની જન્મ આશ્રિ જઘન્ય દેશે ઉણા પલ્યોપમના અસંખ્યાતમા ભાગની ને ઉત્કૃષ્ટપણે પલ્યોપમના અસંખ્યાતમા ભાગની.–સંહરણ આશ્રિ જઘન્ય અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે દેશે ઉણા ક્રોડપુર્વની ૯. એ મનુષ્ય પુરૂષની સ્થિતિ કહી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, દેવ પુરૂષની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જાવત્ સર્વાર્થસિદ્ધ પર્યંત જેમ શ્રી પનવણાજી સૂત્રને વિષે સ્થિતિ કહી છે તેમ નિરવિશેષ જાણવી. તે એમકે સમચે દેવપુરૂષની જઘન્ય દશ હજાર વરસની ને ઉત્કૃષ્ટપણે ૩૩ સાગરોપમની ૧–અસુર કુમાર દેવ પુરૂષની જઘન્ય દસ હજાર વરસની ને ઉત્કૃષ્ટપણે એક સાગરોપમ ઝાઝેરાની ૧–નાગકુમાર ૧, સુવર્ણકુમાર ૨, વિધ્યુતકુમાર ૩, અગ્નીકુમાર ૪, દ્વીપકુમાર ૫, ઉદધિકુમાર ૬, દિશાકુમાર ૭, પવનકુમાર ૮, ને સ્થનિત કુમાર ૯, એ નવનિકાયના દેવપુરૂષની જઘન્ય દશ હજાર વરસની ને ઉત્કૃષ્ટપણે દેશે ઉણા બે પલ્યોપમની ૨–વાણવ્યંતર દેવ પુરૂષની જઘન્ય દસ હજાર વરસની ને ઉત્કૃષ્ટપણે એક પલ્યોપમની ૩–જ્યોતિષિ દેવપુરૂષની જઘન્ય પલ્યોપમના આઠમા ભાગની ને ઉત્કૃષ્ટપણે એક પલ્યોપમને એક લાખ વરસની ૪—વૈમાનિક દેવમાં પહેલે દેવલોકે દેવપુરૂષની જઘન્ય એક પલ્યોપમની ને ઉત્કૃષ્ટપણે બે સાગરોપમની—બીજે દેવલોકે દેવપુરૂષની જઘન્ય એક પલ્યોપમ ઝાઝેરાની ને ઉત્કૃષ્ટપણે બે સાગરોપમ ઝાઝેરાની;–ત્રીજા દેવલોકના દેવપુરૂષની જઘન્ય ૨ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૭ સાગરોપમની—ચોથા દેવલોકના દેવપુરૂષની જઘન્ય ૨ સાગરોપમ ઝાઝેરાની ને ઉત્કૃષ્ટપણે ૭ સાગરોપમ ઝાઝેરાની—પાંચમે દેવલોકે દેવપુરૂષની જઘન્ય ૭ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૧૦ સાગરોપમની—છઠે દેવલોકે દેવપુરૂષની જઘન્ય ૧૦ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૧૪ સાગરોપમની—સાતમે દેવલોકે દેવપુરૂષની જઘન્ય ૧૪ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૧૭ સાગરોપમની—આઠમે દેવલોકે દેવપુરૂષની જઘન્ય ૧૭ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૧૮ સાગરોપમની—નવમે દેવલોકે દેવપુરૂષની જઘન્ય ૧૮ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૧૯ સાગરોપમની—દસમે દેવલોકે દેવપુરૂષની જઘન્ય ૧૯ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૨૦ સાગરોપમની—અગ્યારમે દેવલોકે દેવપુરૂષની જઘન્ય ૨૦ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૨૧ સાગરોપમની—બારમે દેવલોકે દેવપુરૂષની જઘન્ય ૨૧ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૨૨ સાગરોપમની—નવગ્રીવેયકમાં પહેલી ગ્રૈવેયકના દેવપુરૂષની જઘન્ય ૨૨ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૨૩ સાગરોપમની—બીજી ગ્રૈવેયકના દેવપુરૂષની જઘન્ય ૨૩ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૨૪ સાગરોપમની—ત્રીજી ગ્રૈવેયકના દેવપુરૂષની જઘન્ય ૨૪ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૨૫ સાગરોપમની—ચોથી ગ્રૈવેયકના દેવપુરૂષની જઘન્ય ૨૫ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૨૬ સાગરોપમની—પાંચમી ગ્રૈવેયકના દેવપુરૂષની જઘન્ય ૨૬ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૨૭ સાગરોપમની—છઠી ગ્રૈવેયકના દેવપુરૂષની જઘન્ય ૨૭ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૨૮ સાગરોપમની—સાતમી ગ્રૈવેયકના દેવપુરૂષની જઘન્ય ૨૮ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૨૯ સાગરોપમની—આઠમી ગ્રૈવેયકના દેવપુરૂષની જઘન્ય ૨૯ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૩૦ સાગરોપમની—નવમી ગ્રૈવેયકના દેવપુરૂષની જઘન્ય ૩૦ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૩૧ સાગરોપમની—ચાર અનુત્તર વૈમાનિક (વિજય ૧ વિજયંત ૨ જયંત ૩ ને અપરાજીત ૪) દેવપુરૂષની—જઘન્ય ૩૧ સાગરોપમની ને ઉત્કૃષ્ટપણે ૩૩ સાગરોપમની—સર્વાર્થસિદ્ધ વૈમાનિક દેવપુરૂષની જઘન્ય ને ઉત્કૃષ્ટી સ્થિતિ ૩૩ સાગરોપમની જાણવી ૫. એ પુરૂષવેદની ભવ સ્થિતિ કહી. હવે પુરૂષવેદની કાયસ્થિતિ કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, પુરૂષવેદનો પુરૂષવેદપણે જીવ કેટલા કાળ સુધી રહે?

**ઊ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત. (તંદુલ મછાદીકમાં) ને ઉત્કૃષ્ટપણે પ્રથકત્વ સો સાગરોપમ ઝાઝેરી (તે મનુષ્ય, તિર્યંચ ને દેવતા મધ્યે પુરૂષવેદે ભવ કરે.) એ સમયે કાયસ્થિતિ કહી. હવે વીવરીને કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચજોનીમાં પુરૂષવેદનો પુરૂષવેદે જીવ કેટલો કાળ રહે?

**ઊ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત (તંદુલ મચ્છાદિકમાં) ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ પ્રથકત્વ ક્રોડપૂર્વ અધીક રહે. (તે એમ જે સાતભવ પુર્વક્રોડીના આયુષ્યના પુરૂષવેદે ભોગવીને આડમો ભવ જુગળ પુરૂષનો ત્રણ પલ્યને આવખે ભોગવે. એ ભાવાર્થ જાણવો.) એમ જે સ્થિતિનો કાળ જેમ સ્ત્રીનો કહ્યો છે તેમ ખેચર તિર્યંચ સુધી પુરૂષનો પણ જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્યમાં પુરૂષનો પુરૂષવેદે જીવ કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, મનુષ્યક્ષેત્ર આશ્રિ જઘન્યથી અંતર્મુહુર્ત્ત (તે એમ જે માતાના ઉદર (પેટ)માં આવીને અંતર્મુહુર્ત્તે મરે). ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ પ્રથકત્વ ક્રોડ પુર્વ અધિક. (તે એમ જે સાત ભવ ક્રોડ પૂર્વને આવખે પુરૂષવેદે ભોગવીને આઠમો ભવ ત્રણ પ્રલ્યોપમને આવખે દેવકુરૂ પ્રમુખ મધ્યે જુગળ પુરૂષપણે ભવ કરે, એ ભાવાર્થ), ને ધર્માચરણ આશ્રિ પુછીએ તો જઘન્યથી અંતર્મુહુર્ત (ચારીત્ર લેતી વેળાએ મૃત્યુ પામે તે માટે.) ને ઉત્કૃષ્ટપણે દેશે ઉણા ક્રોડપૂર્વ. એમ સર્વ ભરત, ઐરવત જાવત્ પૂર્વ મહાવિદેહ. પશ્ચિમ મહાવિદેહે પણ આપ આપણા ક્ષેત્રની સ્ત્રીની કાયસ્થિતિ કહી છે તેમજ જાણવી.

**પ્રશ્ન**—હે ભગવંત, અકર્મભૂમિના પુરૂષ, પુરૂષવેદે કેટલા કાળ સુધી રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જેમ અકર્મભુમિ મનુષ્યણીની સ્થિતિ કહી છે તેમ જાણવી. જાવત્ અંતરદ્વીપે પણ તેની સ્ત્રીની પરે જાણવું. એ મનુષ્ય પુરૂષની કાયસ્થિતિ કહી.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતા મધ્યે પુરૂષનો પુરૂષવેદે જીવ કેટલા કાળ સુધી રહે?

**ઉ-તર**—હે ગૌતમ, તેની જે ભવસ્થિતિ છે તેટલીજ કાયસ્થિતિ છે (કેમકે દેવતા મરી દેવતા થાય નહીં.) એ દેવપુરૂષની કાયસ્થિતિ કહી. એ પુરૂષવેદની કાયસ્થિતિ કહી, હવે પુરૂષવેદનો વિરહકાળ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પુરૂષવેદ છાંડી પાછો ફરી કેટલે કાળે પુરૂષવેદ પામે ને વચ્ચે કેટલો વિરહ પડે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમય (તે એમ જે કોઇ જીવ ઉપસમશ્રેણી એક સમય અવેદી થઇને પડતાં પાછો સવેદી થાય તે માટે.) ને ઉત્કૃષ્ટપણે વનસ્પતિનો (અનંતો) કાળ. (તે એમ જે વનસ્પતિમાં જાય તો અનંતે કાળે પુરૂષવેદ પામે.) એ સમચે કહ્યું.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચજોનીયા પુરૂષને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત. ને ઉત્કૃષ્ટપણે વનસ્પતિનો (અનંતો) કાળ. એમ જાવત્ ખેચર તિર્યંચ પુરૂષપર્યંત જાણવું. એ તિર્યંચનો કહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્ય પુરૂષને કેટલા કાળનો વિરહ પડે?

**ઉ-તર**—હે ગૌતમ, ક્ષેત્રઆશ્રિને જઘન્યથી અંતર્મુહુર્તનો ને ઉત્કૃષ્ટપણે અનંત (વનસ્પતિનો) કાળ અંતર પડે. ને ધર્માચરણ આશ્રિ પુછીએ તો જઘન્યથી એક સમય (તે પુર્વલી રીતે) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ, તે પણ અનંતી ઉત્સર્પિણી, અવસર્પિણી જાવત્ અર્ધ પુદગળ પરાવ-ર્તન દેશે ઉણુ અંતર પડે. (સમ્યકત્વ પામ્યા પછી એટલું સંસારમાં રહી મોક્ષ જાય) એમ કર્મભૂમિના ભરત, ઐરવત ને માહાવિદેહના મનુષ્યને પણ એમજ અંતર સ્ત્રીની પેરે કહેવો, ને ધર્મઆશ્રિ જઘન્ય એક સમય (અવેદી ગુણઠાણે ચડી ને પછે પડતાં એક સમય કહ્યો છે) તેમજ સ્ત્રીની પરે કહેવું. તેમજ અકર્મભૂમિના ને અંતર દ્વીપના પુરૂષને પણ તેની સ્ત્રીને પુર્વે કહ્યો છે તેમ અંતર કહેવો. એ મનુષ્ય પુરૂષનો વિરહકાળ કહ્યો.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવ પુરૂષને વચ્ચે કેટલા કાળનો અંતર પડે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્તનો (તે એમ જે દેવતા ચવીને તિર્યંચ મધ્યે માતાના ઉદરમાં આવી ઉપજે ત્યાં અંતર્મુહુર્ત મધ્યે સારા અધ્યવસાયથકી મરીને પાછો ફરી દેવતા પુરૂપવેદે થાય તે માટે) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ. (વનસ્પતિ મધ્યે) એમ ભવનપતિ, વ્યંતર, જોતિષી ને સહસાર આઠમા દેવલોક સુધી અંતર જઘન્યથી અંતર્મુહુર્ત ને ઉત્કૃષ્ટપણે વનસ્પતિનો કાળ જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, નવમા આણંત દેવલોકના દેવતાને કેટલા કાળનો વિરહ પડે?

**ઊ-તર**—હે ગૌતમ, જઘન્યથી વરસ પ્રથકત્વ (તે એમ જે નવ વરસની અંદર વૃત્ત ઉદય આવે નહીં તે માટે નવ વરસનો થઇ વૃત્ત લઇને નવમા દેવલોક પ્રમુખે ઉપજે) ને ઉત્કૃષ્ટપણે વનસ્પતિનો કાળ અંતર પડે એમ જાવત્ નવમા ગ્રૈવેયક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચ અનુત્તરવાસી દેવપુરૂષને કેટલો અંતર પડે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી વરસ પ્રથકત્વ (તે પુર્વપરે) ને ઉત્કૃષ્ટપણે સંખ્યાતા સાગરોપમ ઝાઝેરાનો અંતર પડે. એ દેવપુરૂપનો અંતર કહ્યો. એ પુરૂપવેદનો વિરહકાળ કહ્યો હવે પુરૂષવેદનો અલ્પબહુત્વ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચપુરૂપ, મનુષ્યપુરૂપ ને દેવપુરૂપ મધ્યે કોણ કોણથી થોડા છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, જેમ તેમની સ્ત્રીઓમાં અલ્પબહુત્વ કહ્યો છે તેમજ જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચમાં ને મનુષ્યમાં એ સહુ સહુમાં અલ્પબહુત્વ શી રીતે છે?

**ઉ-તર**—હે ગૌતમ, જેમ પુર્વે તેની સ્ત્રીઓને કહ્યો છે તેમજ જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતામાં ભવનપતિ ૧, વ્યંતર ૨, જ્યોતિષી ૩, ને વૈમાનિકમાં કોણ કોણથકી થોડા છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથી થોડા વૈમાનિક દેવતા પુરૂપવેદે છે ૧ તે થકી ભવનપતિ દેવતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૨, તેથી વ્યંતર દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૩, તેથી જ્યોતિષી દેવતા પુરૂષવેદે સંખ્યાત ગુણા છે ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચ જોનીયા પુરૂષમાં જળચર, થળચર, ને ખેચર. મનુષ્ય પુરૂષ મધ્યે કર્મભૂમિના, અકર્મભૂમિના ને અંતરદ્વીપના, દેવપુરૂષમાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી ને વૈમાનિક સૌધર્મા દેવલોક જાવત્ સર્વાર્થ સિદ્ધના દેવતા એટલા મધ્યે કોણ કોણથકી થોડા છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉ-તર**—હે ગૌતમ, સર્વથી થોડા છપન અંતરદ્વીપના મનુષ્ય પુરૂષવેદે છે ૧, તેથી દેવકુરૂ, ઉત્તરકુરૂ અકર્મભૂમિના મનુષ્ય પુરૂષવેદે એ બે ક્ષેત્રના સરખા પણ છપન અંતરદ્વીપનાથી સંખ્યાત ગુણા છે ૨, તેથી હરિવર્ષ, રમ્યકવર્ષ, એ બે ક્ષેત્રના મનુષ્ય સરખા પણ દેવકુરૂ, ઉતરકુરૂનાથી સંખ્યાત ગુણા છે ૩, તેથી હેમવંત, ઐરણવંત એ બે ક્ષેત્રના જુગળ સરખા પણ હરિવર્ષ, રમ્યકવર્ષ ક્ષેત્રથી સંખ્યાત ગુણા છે ૪, તેથી ભરત, ઐરવત એ બે ક્ષેત્રના પુરૂષ સરખા પણ હેમવંત, ઐરણવંતથી સંખ્યાત ગુણા છે ૫, તેથી પુર્વમાહાવિદેહ, પશ્ચિમ માહાવિદેહ એ બે ક્ષેત્રના પુરૂષ સરખા પણ ભરત, ઐરવતનાથી સંખ્યાત ગુણા છે ૬, તેથી પાંચ અનુત્તર વૈમાનના દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે૭, તેથી ઉપરની ત્રણ ગ્રૈવેયકના દેવતા સંખ્યાત ગુણા ૮, તેથી મધ્યમ (વચલી) ત્રણ ગ્રૈવેયકના દેવતા સંખ્યાત ગુણા ૯, તેથી હેઠલી ત્રણ ગ્રૈવેયકના દેવતા સંખ્યાત ગુણા ૧૦, તેથી અચ્યુત બારમા દેવલોકના દેવતા સંખ્યાત ગુણા ૧૧, તેથી અગ્યારમા દેવલોકના દેવતા સંખ્યાત ગુણા ૧૨, તેથી દશમા દેવલોકના દેવતા સંખ્યાત ગુણા ૧૩, તેથી નવમા દેવલોકના દેવતા સંખ્યાત ગુણા ૧૪, તેથી સહસાર આઠમા દેવલોકના દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ( તિર્યંચ મરી આઠમા દેવલોક સુધી જાય માટે ) ૧૫, તેથી સાતમા માહાશુક્ર દેવલોકના દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૧૬, તેથી લાંતક દેવલોકના દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૧૭, તેથી પાંચમા દેવલોકના દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૧૮, તેથી ચોથા દેવલોકના દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૧૯, તેથી ત્રીજા સનંતકુમાર દેવલોકના દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૨૦, તેથી બીજા ઇશાન દેવલોકના દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૨૧. તેથી પેલા સુધર્મા દેવલોકના દેવતા પુરૂષવેદે સંખ્યાત ગુણા છે ૨૨, તેથી ભવનપતિ દેવતા પુરૂષ વેદે અસંખ્યાત ગુણા છે ૨૩, તેથી ખેચર તિર્યંચ પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૨૪, તેથી થળચર તિર્યંચ જોનીયા પુરૂષ સંખ્યાત ગુણા છે ૨૫, તેથી જળચર તિર્યંચ જોનીયા પુરૂષ સંખ્યાત ગુણા છે ૨૬, તેથી વ્યંતરીક દેવતા પુરૂષવેદે સંખ્યાત ગુણા છે ૨૭, તેથી જ્યોતિષી દેવતા પુરૂષવેદે સંખ્યાત ગુણા છે ૨૮. એ પુરૂષવેદનો અલ્પબહુત્વ થયો.

## ૩૨ પુરૂષવેદનો બંધ અને તેનો વિષય કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પુરૂષવેદના બંધની સ્થિતિ કેટલા કાળની છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી આઠ વરસની ને ઉત્કૃષ્ટપણે દસ ક્રોડાક્રોડ સાગરોપમની છે. તે મધ્યે એક હજાર વરશનો અબાધાકાળ છે. એ અબાધા કાળે ઊણીંકર્મની સ્થિતિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, પુરૂષવેદ જે કર્મ તેનો વિષય વિકાર કેવો છે?

**ઉત્તર**—હે ગૌતમ, વન દવાગ્નિ જ્વાળા સમાન એહનો વિષય છે. એ પુરૂષનો અધિકાર પુરો થયો.

## ૩૩ નપુંસકવેદ (નારકી, તિર્યંચ ને મનુષ્ય) નો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, નપુંસકના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે, નારકી નપુંસક ૧, તિર્યંચ જોનીયા નપુંસક ૨, ને મનુષ્ય નપુંસક ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, નારકી નપુંસકના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના સાત ભેદ છે. રત્નપ્રભા પૃથ્વીના નારકી નપુંસક ૧, શકરપ્રભા ૨, વાલુપ્રભા ૩, પંકપ્રભા ૪, ધુમપ્રભા ૫, તમપ્રભા ૬, ને તમતમાપ્રભા પૃથ્વીના નારકી નપુંસક ૭.

**પ્રશ્ન—હે ભગવંત, તિર્યંચજોનીયા નપુંસકના કેટલા ભેદ છે?**

**ઉ-તર**—હે ગૌતમ, તેના પાંચ ભેદ છે. એકેંદ્રિ તિર્યંચ જોનીયા નપુંસક ૧, એમ બેઇંદ્રી ૨, તેઇંદ્રી ૩, ચઉરેંદ્રી ૪, ને પચેંદ્રી તિર્યંચ જોનીયા નપુંસક ૫.

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસકના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે, (પૃથ્વી ૧, પાણી ૨, અગ્નિ ૩, વાય ૪, ને વનસ્પતિકાયા એકેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસક ૫.)

**પ્રશ્ન**—હે ભગવંત, બેઇંદ્રિ તિર્યંચજોનીયા નપુંસકના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે. તે પૂર્વે કહ્યા છે તેમ જાણવા. એમ તેરેંદ્રિ, ચઉરેંદ્રિના પણ પૂર્વે ભેદ કહ્યા છે તેમ જાણવા.

**પ્રશ્ન**—હે ભગવંત, પચેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસકના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. જળચર ૧, થળચર ૨, ને ખેચર ૩. એ જળચર પ્રમુખના ભેદ જેમ પૂર્વે કહ્યા છે તેમ જાણવા. અશાળીયા સહીત કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્ય નપુંસકના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. કર્મભૂમિ ૧, અકર્મભૂમિ ૨, ને અંતરદ્વીપના ૩, એના ભેદ જેમ પૂર્વે કહ્યા છે તેમ જાણવા. એ નપુંસકના ભેદ કહ્યા.

## ૩૪ નપુંસક વેદ. (નારકી, તિર્યંચ ને મનુષ્ય) ની ભવસ્થિતિ, કાયસ્થિતિ, વિરહકાળ, ને અલ્પબહુત્વનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, નપુંસકવેદની એકભવે કેટલા કાળની સ્થિતિ છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત (સાધારણ વનસ્પતિકાય મધ્યે,) ને ઉત્કૃષ્ટપણે તેત્રિશ સાગરોપમની (સાતમી નરકના નારકીને). એ સમયે ભવસ્થિતિ કહી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, નારકી નપુંસકની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશ હજાર વરસની (પ્રથમ નરકને પ્રથમ પાઠડે), ને ઉત્કૃષ્ટપણે તેત્રિશ સાગરોપમની (સાતમી નરકે છે.) એ સર્વ નારકીની સ્થિતિ જાણવી. (એક, ત્રણ, સાત, દશ, સત્તર, બાવીશ ને તેત્રિશ સાગરની ઉત્કૃષ્ટી સ્થિતિ.) એ નારકી નપુંસકની ભવસ્થિતિ કહી.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચજોનીયા નપુંસકની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ભગવંત, જઘન્યથી અંતર્મુહુર્ત્ત (સુક્ષ્મ પ્રમુખ મધ્યે), ને ઉત્કૃષ્ટપણે ક્રોડપુર્વની (સમુર્છિમ પ્રમુખને.) એ તિર્યંચ નપુંસકની સમચે ભવસ્થિતિ કહી.

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસકની કેટલી સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તની (સુક્ષ્મ મધ્યે) ને ઉત્કૃષ્ટપણે બાવીશ હજાર વરસની (ખર-કઠણ પૃથ્વી મધ્યે). એ એકેંદ્રિ તિર્યંચ નપુંસકની સમચે કહી.

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વીકાય એકેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસકની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તની (સુક્ષ્મ પૃથ્વી પ્રમુખ મધ્યે,) ને ઉત્કૃષ્ટપણે બાવીશ હજાર વરસની. (ખર પૃથ્વી મધ્યે) એમ સર્વ પૃથ્વ્યાદિક નપુંસકનું આયુષ્ય જેટલું જેનું છે તેટલું તેનું કહેવું. એ એકેંદ્રિ નપુંસક કહ્યા.

**પ્રશ્ન**—હે ભગવંત, બેઇંદ્રિ તિર્યંચ નપુંસકનું આયુષ્ય કેટલા કાળનું છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેનું બાર વરસનું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તેઇંદ્રિ તિર્યંચ નપુંસકની સ્થિતિ કેટલી છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેની સ્થિતિ ઓગણપચાશ દીવસની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચૌરેંદ્રિ તિર્યંચ નપુંસકની એક ભવે કેટલી સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેની છ મહિનાની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પચેંદ્રિ તિર્યંચ નપુંસકની કેટલી સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે ક્રોડપુર્વની છે. એમ જળચર, ચતુષ્પદ થળચર, ઉરપરસર્પ, ભૂજપરસર્પ ને ખેચર તિર્યંચ. એ સર્વ નપુંસકની જઘન્ય સ્થિતિ અંતર્મહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે ક્રોડપુર્વની. એ તિર્યંચ નપુંસકની ભવસ્થિતિ કહી.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્ય નપુંસકની એક ભવે કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, ક્ષેત્રઆશ્રિને જઘન્યથી અંતર્મુહુર્ત્તની (સમુર્છિમ મનુષ્ય પ્રમુખને.) ને ઉત્કૃષ્ટપણે ક્રોડપુર્વની, ને ધર્માચરણ આશ્રિ પુછીએ તો જઘન્યથી અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે દેશેઉણા ક્રોડપુર્વ સુધી ધર્મ ચારિત્રરૂપ રહે. એ મનુષ્યની સમચે ભવસ્થિતિ કહી. હવે તેની વિવરીને કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, કર્મભૂમિ, ભરત, ઐરવત, પુર્વે માહાવિદેહ, ને પશ્ચિમ માહાવિદેહના નપુંસકની કેટલા કાળની સ્થિતિ છે?

**ઊત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે ક્રોડપુર્વની, ને ધર્માચરણ આશ્રિ પુછીએ તો જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે દેશેઊણા ક્રોડપુર્વની.

**પ્રશ્ન**—હે ભગવંત, અકર્મભૂમિના નપુંસકને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જન્મ આશ્રિ પુછીએ તો જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્તની છે (અકર્મભૂમિ મધ્યે ગર્ભજ મનુષ્ય નપુંસક નથી, તે માટે સમુર્છિમની સ્થિતિ કહી). ને સંહરણ આશ્રિ પુછીએ તો જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે દેશેઊણા ક્રોડપુર્વની. એહનો વિચાર પુર્વે કહ્યો છે તેમ જાણવો. એમ જાવત્ અંતરદ્વીપના મનુષ્ય નપુંસકને પણ જાણવું. હવે નપુંસક વેદની કાયસ્થિતિ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, નપુંસકવેદનો નપુંસકવેદપણે જીવ કેટલા કાળ સુધી રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમય (ઉપસમ શ્રેણીઆશ્રિ) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ રહે. (વનસ્પતિ મધ્યે) એ નપુંસકવેદની સમચે કાયસ્થિતિ કહી. હવે વિશેષથી કહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, નારકી નપુંસક નારકી નપુંસકપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશ હજાર વરસ, ને ઉત્કૃષ્ટપણે તેત્રિશ સાગરોપમ રહે. (તે નારકીને જે ભવસ્થિતિ છે તેજ કાયસ્થિતિ જાણવી, કેમકે નારકી મરી નારકી થાય નહીં માટે) એ નારકીની સમચે કાયસ્થિતિ કહી. એમ જે વળી સાતે નરકે જે જે નારકીને તેની જે ભવસ્થિતિ છે તેજ તેની કાયસ્થિતિ કહેવી. હવે તિર્યંચની કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચજોનીયા જીવ નપુંસકવેદના નપુંસકવેદે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ. એ સમચે કહ્યું.

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસક નપુંસકવેદે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ તિર્યંચ નપુંસકની સમુદાયપણે કાયસ્થિતિ કહી છે તેમ જાણવી.

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વી, પાણી, અગ્ની ને વાયુકાય એકેંદ્રિ નપુંસક નપુંસકપણે કેટલો કાળ રહે?

**ઊત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો કાળ રહે, તે પણ અસંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણી રહે. ને ક્ષેત્રથી અસંખ્યાતા લોક મધ્યે જેટલા આકાસ પ્રદેશ છે તેટલી ઉત્સર્પિણી, અવસર્પિણી પ્રથવ્યાદિક મધ્યે રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, વનસ્પતિકાય એકેંદ્રિ તિર્યંચ નપુંસક નપુંસકપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ. જેમ સમચે કહ્યુંછે. તેમ જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, બેઇંદ્રિ, તેઇંદ્રિ ને ચૌરેંદ્રિ નપુંસક નપુંસકવેદે કેટલો કાળ રહે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**--હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે સંખ્યાતો કાળ રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, પચેંદ્રિ તિર્યંચ નપુંસકવેદનો નપુંસકવેદે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે ક્રોડપૂર્વ પ્રથકત્વ. (આઠ ભવ ક્રોડપુર્વના થઇને.) એ સમયે પચેંદ્રિ તિર્યંચનું કહ્યું.

**પ્રશ્ન**—હે ભગવંત, જળચર, ચતુષ્પદ થળચર, ઉરપરસર્પ ને ભૂજપરસર્પ નપુંસકવેદી નપુંસકવેદપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત ને ઉત્કૃષ્ટપણે ક્રોડપૂર્વ પ્રથકત્વ સુધી રહે. એ તિર્યંચ નપુંસક વેદની કાયસ્થિતિ કહી. હવે મનુષ્ય નપુંસકની કાયસ્થિતિ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્ય નપુંસકવેદનો નપુંસકવેદપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, ક્ષેત્ર આશ્રિને જઘન્યથી અંતર્મુહુ-ર્ત ને ઉત્કૃષ્ટપણે ક્રોડપૂર્વ પ્રથકત્વ. ને ધર્માચરણ આશ્રિ પુછીએ તો જઘન્યથી એક સમય. (તે એમ જે નપુંસક મનુષ્ય અગ્યારમાં ગુણ સ્થાનક સુધીમાં અવેદી થઇને પાછો પડતો એક સમય નપુંસકવેદ અનુભવીને ત્યાંથી મરીને દેવગતીમાં જાય ત્યાં પુરૂષવેદ પામે એટલે એક સમય નપુંસકવેદપણે રહે) ને ઉત્કૃષ્ટપણે દેશે ઉણા ક્રોડપૂર્વ રહે. એ સમયે કહ્યું.

તેમજ કર્મભૂમિ ભરત, ઐરવત, પુર્વ માહાવિદેહ ને પશ્ચિમ માહાવિદેહે પણ જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, અકર્મભૂમિયા મનુષ્ય નપુંસકને નપુંસકપણે કેટલી કાયસ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જન્મઆશ્રિને જઘન્યથી અંતર્મુહુર્ત્ત (સમુર્છિમ છે માટે), ને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્ત પ્રથકત્વની (તે એમ જે તીહાંજ ફરી સમુર્છિમ મનુષ્યના આઠ ભવ કરે તે માટે. ગર્ભજ મનુષ્ય નપુંસક તો ત્યાં હોય નહીં માટે સમુર્છિમનું કહ્યું. એ ભાવ જાણવો). ને સંહરણઆશ્રિ પુછીએ તો જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે દેશેઉણા ક્રોડ પુર્વની સ્થિતિ છે. એ સમયે કહ્યું. તેમજ સર્વ અકર્મભૂમિનું. જાવત્ છપન અંતરદ્વીપ સુધીનું જાણવું. એ મનુષ્ય નપુંસકની કાયસ્થિતિ કહી. એ નપુંસકવેદની કાયસ્થિતિ કહી. હવે નપુંસકવેદનો વિરહકાળ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, નપુંસકવેદ છેદીને ફરી નપુંસકવેદ કેટલે કાળે પામે ને વચ્ચે કેટલો વિરહ પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ( લઘુભવ આશ્રિ ) ને ઉત્કૃષ્ટપણે પ્રથકત્વ સો સાગર ઝાઝેરંનો (તે સાગરોપમ સત પ્રથકત્વ એટલે નવસો સાગરોપમ ઉપરાંત સ્ત્રી કે પુરૂષ વેદમાં રહે નહીં તે માટે.) એ સમયે કહ્યું.

**પ્રશ્ન**—હે ભગવંત, નારકીનપુંસક નારકીપણે કેટલે કાળે ઉપજે, ને વચ્ચે કેટલો વિરહપડે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત (તંદુલ મચ્છ પ્રમુખમાં) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ. (વનસ્પતિ મધ્યે) એ સમયે નારકીનો કહ્યો. હવે જુદો જુદો કહેછે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, રત્નપ્રભા પૃથ્વીના નારકી નપુંસકને કેટલા કાળનો વિરહ પડે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત (તંદુલ મચ્છાદિકમાં) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ. (વનસ્પતિ મધ્યે). એમ જાવત્ સાતમી નરક પર્યંત વિરહકાળ જાણવો. હવે તિર્યંચનો વિરહકાળ કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચજોનીયા નપુંસકને વચ્ચે કેટલો વિરહ પડે?

**ઊ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે પ્રથકત્વ સો સાગરોપમ ઝાઝેરાનો.

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રિ તિર્યંચ નપુંસકને કેટલો વચ્ચે વિરહ પડે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે બે હજાર સાગરોપમ ને સંખ્યાત વરસે અધિક. એ સમયે એકેદ્રિનું કહ્યું.

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રિ પૃથ્વી, પાણી, અગ્ની ને વાયુકાયા નપુંસકને વચ્ચે કેટલો વિરહ પડે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ.

**પ્રશ્ન**—હે ભગવંત, વનસ્પતિકાયા નપુંસકને વચે કેટલા કાળનો વિરહ પડે ?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો ને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો કાળ જાવત્ જેટલા અસંખ્યાતા લોકના આકાશ પ્રદેશ છે તેટલી ઊત્સર્પિણી, અવસર્પિણીનો અંતર જાણવો. (વનસ્પતિ વર્જિ બાકી સર્વ જીવમાં એટલુંજ અવસ્થાન છે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, બે ઇંદ્રીથી માંડી ખેચર પર્યંત નપુંસકને કેટલા કાળનો વિરહ પડે ?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ. (વનસ્પતિમાં રહે તેટલો) એ તિર્યંચ નપુંસકનો વિરહકાળ કહ્યો. હવે મનુષ્ય નપુંસકનો વિરહકાળ કહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્ય નપુંસકને વચે કેટલા કાળનો વિરહ પડે ?

**ઉ-તર**—હે ગૌતમ, ક્ષેત્ર આશ્રિને જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ. ને ધર્માચરણ આશ્રિ ને પુછીએ તો જઘન્યથી એક સમય (તે નવમાથી ઉપલે ગુણસ્થાનકે એક સમય અવેદી થઇને પાછો પડી નપુંસક વેદ થાય તે માટે.) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ જાવત્ અર્ધ પુદગળ પરાવર્ત્તન દેશે ઉણું. (તે સમકિત પામ્યા પછી અર્ધ પુદગળ પરાવર્ત્તન સંસારમાંહે રહે.) એ સમયે વિરહ કહ્યો.

તેમજ કર્મભૂમીના ભરત, ઐરવત, પુર્વ માહાવિદેહ ને પશ્ચિમ માહાવિદેહ ક્ષેત્રે પણ પુર્વલા કાળનો અંતર જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, અકર્મભૂમીના મનુષ્ય નપુંસકને કેટલા કાળનો વિરહ પડે?

**ઉ-તર—હે ગૌતમ, જનમ આશ્રિને જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ. ને સંહરણ આશ્રિ પુછીએ તો** જઘન્યથી **અંતર્મુહુર્ત્ત** ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ છપન અંતરદ્વીપે પણ જાણવું. એ મનુષ્ય નપુંસકનો વિરહ કાળ કહ્યો. એ નપુંસક વેદનો વિરહ કાળ કહ્યો. હવે નપુંસક વેદનો અલ્પ બહુત્વ કહે છે:

**પ્રશ્ન**—હે ભગવંત, નારકી નપુંસક ૧ તિર્યંચ નપુંસક ૨ ને મનુષ્ય નપુંસક ૩ એટલા મધ્યે કોણ કોણથકી થોડા છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથી થોડા મનુષ્ય નપુંસક છે ૧ તેથી નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે. ૨ તેથી તિર્યંચજોનીયા નપુંસક અનંત ગુણા છે. ૩ (વનસ્પતિ કાય સાથે ગણાય માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, રત્નપ્રભા પૃથ્વીના નારકી નપુંસક. જાવત્ સાતમી તમતમા પૃથ્વીના નારકી નપુંસક તે માંહે કોણ કોણથી થોડા છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉતર**—હે ગૌતમ, સર્વથી થોડા સાતમી પૃથ્વીના નારકી નપુંસક છે ૧. તેથી છઠી નરકના નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે ૨. તેથી પાંચમી નરકના નારકી નપુંસક અસંખ્યાતગુણાછે ૩. તેથી ચોથી નરકના નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે ૪. તેથી ત્રીજી નરકના નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે ૫. તેથી બીજી નરકના નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે ૬. તેથી રત્નપ્રભા પૃથ્વીના નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે. ૭.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચ જોનીયા નપુંસક. તેમાં એકંદ્રી તિર્યંચ જોનીયા નપુંસકમાં. પૃથ્વીકાય જાવત્ વનસ્પતિકાય એકદ્રી તિર્યંચ જોનીયા નપુંસકમાં, બેઇંદ્રી નપુંસકમાં, તેઇંદ્રી નપુંસકમાં, ચોરેંદ્રી નપુસકમાં, પચેંદ્રી તિર્યંચ જોનીયા નપુંસકમાં, જળચર, થળચર ને ખેચર. એટલામધ્યે કોણ કોણથકી થોડા છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉતર**—હે ગૌતમ, સર્વથી થોડા ખેચર તિર્યંચ જોનીયા નપુંસક છે ૧ તેથી થળચર તિર્યંચ જોનીયા નપુંસક સંખ્યાત ગુણા છે ૨ તેથી જળચર તિર્યંચ જોનીયા નપુંસક સંખ્યાત ગુણા છે. ૩. તેથી ચૌરેંદ્રી તિર્યંચ નપુંસક વિશેષાધિક છે. ૪ (બમણા હોય તે વિશેષાધિક જાણવા.) તેથી તેઇંદ્રી નપુંસક વિશેષાધિક છે. ૫ તેથી બેઇંદ્રી નપુંસક વિશેષાધિક છે. ૬ તેથી અગ્નીકાય નપુંસક અસંખ્યાત ગુણા છે. ૭, તેથી પૃથ્વીકાય નપુંસક વિશેષાધિક છે. ૮, તેથી પાણીના જીવ નપુંસક વિશેષાધિક છે. ૯, તેથી વાયુકાયના જીવ નપુંસક વિશેષાધિક છે. ૧૦, તેથી વનસ્પતિકાય એકેંદ્રી તિર્યંચજોનીયા નપુંસકવેદે અનંત ગુણા છે. ૧૧.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્ય નપુંસકમાં. કર્મભૂમિ, અકર્મભૂમિ ને અંતરદ્વીપના નપુંસકમાં કોણ કોણથકી થોડા છે? ૧ જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉતર**—હે ગૌતમ, સર્વથી થોડા છપન અંતરદ્વીપના મનુષ્ય નપુંસક છે ૧, તેથી દેવકુરૂ, ઉત્તરકુરૂ અકર્મભૂમિના મનુષ્ય નપુંસક સંખ્યાત ગુણા છે. એમ જાવત્ પુર્વપરે જાણવું. જાવત્ અનુક્રમે પૂર્વે જેમ સ્ત્રીવેદે કહ્યું છે તેમ, પૂર્વ માહાવિદેહ ને પશ્ચિમ માહાવિદેહ એ બે ક્ષેત્રના મનુષ્ય નપુંસક સંખ્યાતગુણા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**– હે ભગવંત, નારકી નપુંસકમાં. રત્નપ્રભા પૃથ્વીના નારકી નપુંસક જાવત્ સાતમી નરકના નારકી નપુંસકમાં. તિર્યંચજોનીયા નપુંસકમાં, તેમાં વળી એકેંદ્રિ તિર્યંચજોનીયામાં. પૃથ્વીકાય એકેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસક એમ અપકાય, અગ્નીકાય, વાયુકાય ને વનસ્પતિ કાયમાં, વળી બેઈંદ્રિ, તેઇંદ્રિ, ચૌરેંદ્રિ, અને પચેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસકમાં. જળચર, થળચર, ને ખેચરમાં. વળી મનુષ્ય નપુંસક મધ્યે. કર્મભૂમિ, અકર્મભૂમિ ને અંતરદ્વીપમાં. એટલામધ્યે કોણ કોણથકી થોડા છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથી થોડા સાતમી નરકના નારકી નપુંસક છે ૧, તેથી છઠી નરકના નારકી નપુંસક અસંખ્યાત ગુણા ૨, તેથી પાંચમી નરકના નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે ૩. તેથી ચોથી નરકના નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે૪. તેથી ત્રીજી નરકના નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે. ૫, તેથી બીજી નરકના નારકી નપુંસકવેદે અસંખ્યાત ગુણા છે ૬, તેથી છપન અંતરદ્વીપના સમુર્છિમ મનુષ્ય નપુંસક અસંખ્યાત ગુણા છે ૭, તેથી દેવકુરૂ ઉત્તરકુરૂના સમુર્છિમ મનુષ્ય નપુંસક સંખ્યાત ગુણા છે. ૮, એમ જાવત્ પુર્વેનીપરે જાણવું. પૂર્વ માહાવિદેહ પશ્ચિમ માહાવિદેહના મનુષ્ય નપુંસક સમુર્છિમ સંખ્યાત ગુણા છે ૧૨, તેથી રત્નપ્રભા પૃથ્વીના નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે. ૧૩, તેથી ખેચર પચેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસક અસંખ્યાતગુણા ૧૪. તેથી થળચર તિર્યંચ નપુંસક સંખ્યાતગુણા ૧૫, તેથી જળચર તિર્યંચજોનીયા નપુંસક સંખ્યાતગુણા ૧૬, તેથી ચૌરેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસક વિશેષાધિક ૧૭, તેથી તેઇંદ્રિ વિશેષાધિક છે. ૧૮, તેથી બેઇંદ્રિ વિશેપષાધિક. ૧૯, તેથી અગ્નીકાય એકેંદ્રી અસંખ્યાતગુણા ૨૦ તેથી પૃથ્વીકાય એકેંદ્રિ જીવ વિશેષાધિક. ૨૧, તેથી અપકાય (પાણી) ના જીવ વિશેષાધિક. ૨૨, તેથી વાયુકાયના જીવ વિશેષાધિક ૨૩, તેથી વનસ્પતિકાયા એકેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસક અનંતગુણા છે. ૨૪, એ નપુંસક વેદનો અલ્પબહુત્વ કહ્યો.

### ૩૫ નપુંસક વેદનો બંધ અને તેનો વિષય કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, નપુંસકવેદનો કેટલા કાળનો બંધ કહ્યો છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યપણે સાગરોપમના સાત ભાગ કરીએ એહવા બે ભાગનો તે પણ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ઉણા એટલો જઘન્ય બંધકાળ. અને ઉત્કૃષ્ટપણે વીશ ક્રોડાક્રોડ સાગરોપમની બંધ સ્થિતિ છે. તે મધ્યે બે હજાર વરસનો અબાધાકાળ છે. એ અબાધાએ ઉણી કર્મની સ્થિતિ જાણવી.

**પ્રશ્ન**—હે ભગવંત, નપુંસકવેદનો કેવો વિષય વિકાર છે?

**ઊત્તર**——હે ગૌતમ, મોટા નગરના દાહ સમાન તેનો વિષય છે. એટલે નપુંસકવેદનો અધિકાર પુરો થયો.

### ૩૬ સ્ત્રી, પુરૂષ, ને નપુંસક એ ત્રણે વેદનો ભેળો અલ્પ બહુત્વ.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્ત્રીવેદી. પુરૂષવેદી ને નપુંસકવેદી એટલામાં કોણ કોણથકી થોડા છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, સર્વથી થોડા પુરૂષવેદી જીવ છે ૧, તેથી સ્ત્રીવેદી જીવ સંખ્યાતગુણા છે. ૨, ને તેથી નપુંસકવેદી જીવ અનંતગુણા છે. ૩, એ સમયે કહ્યો. હવે તિર્યંચનો કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચ મધ્યે તિર્યંચજોની સ્ત્રી, તિર્યંચજોનીયા પુરૂષ, ને તિર્યંચજોનીયા નપુંસક. એટલામધ્યે કોણ કોણથકી થોડા છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉ-તર**—હે ગૌતમ, સર્વથી થોડા તિર્યંચજોનીયા પુરૂષ છે ૧, તેથી તિર્યંચજોની સ્ત્રી સંખ્યાતગુણી છે ૨, (ત્રીગણી ઝાઝેરી.) તેથી તિર્યંચજોનીયા નપુંસક અનંતગુણા છે. ૩, (એકંદ્રિ અનંતા માટે.) એ તિર્યંચનો કહ્યો. હવે મનુષ્યનો કેહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્યમાં. મનુષ્ય સ્ત્રી, મનુષ્ય પુરૂષ ને મનુષ્ય નપુંસક. એટલામધ્યે કોણ કોણથકી થોડા છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉ-તર**—હે ગૌતમ, સર્વથી થોડા મનુષ્ય પુરૂષવેદે છે. ૧, તેથી મનુષ્ય સ્ત્રી સંખ્યાત ગુણી છે. ૨, (સતાવીશ ગુણી ઝાઝેરી.) તેથી મનુષ્ય નપુંસક અસંખ્યાત ગુણા છે. ૩, (સમુર્છિમ અસંખ્યાત ગુણા છે તે ભેળા માટે.) એ મનુષ્યનો કહ્યો. હવે દેવતાનો કહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવાંઙ્ગા, દેવપુરૂષ ને નારકી નપુંસક. એટલા મધ્યે કોણ કોણથકી થોડા છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉ-તર**—હે ગૌતમ, સર્વથી થોડા નારકી નપુંસક છે. ૧. તેથી દેવતા પુરૂષ અસંખ્યાત ગુણા છે. ૨, તેથી દેવાંઙ્ગા સંખ્યાતગુણી છે. (દેવપુરૂષથી દેવાંઙ્ગા બત્રીસ ગુણી છે માટે) ૩. એ દેવતાનો કહ્યો. હવે ચારે ગતીનો કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચજોની સ્ત્રી, તિર્યંચજોની પુરૂષ ને તિર્યંચજોનીયા નપુંસકમાં. મનુષ્ય સ્ત્રી. મનુષ્ય પુરૂષ ને મનુષ્ય નપુંસકમાં. દેવાંઙ્ગા દેવપુરૂષ ને નારકી નપુંસક એટલા મધ્યે કોણ કોણથકી થોડા છે? ૧, જાવત વિશેષાધિક છે? ૪.

**ઉ-તર**—હે ગૌતમ, સર્વથી થોડા મનુષ્ય પુરૂષ છે. ૧, તેથી મનુષ્ય સ્ત્રી સંખ્યાત ગુણી છે. ૨ તેથી મનુષ્ય નપુંસક અસંખ્યાત ગુણા છે, (સમુર્છિમ મનુષ્ય નપુંસક ભેળા માટે) ૩. તેથી નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે, ૪. તેથી તિર્યંચજોનીયા પુરૂષ અસંખ્યાત ગુણા છે, ૫. તેથી તિર્યંચજોની સ્ત્રી સંખ્યાતગુણી છે. ૬, તેથી દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે. ૭, તેથી દેવતાની સ્ત્રી સંખ્યાતગુણી છે. ૮, તેથી તિર્યંચજોનીયા નપુંસક અનંત ગુણા છે ૯. એ ચાર ગતિનો અલ્પબહુત્વ કહ્યો. હવે તિર્યંચનો વિસ્તારીને કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચજોનીની સ્ત્રીમાં. જળચરી, થળચરી, ને ખેચરી, તિર્યંચજોનીયા પુરૂષમાં. જળચર, થળચર, ને ખેચર. તિર્યંચજોનીયા નપુંસકમાં. એકેંદ્રી તિર્યંચજોનીયા નપુંસકમાં. પૃથ્વીકાય એકેંદ્રી તિર્યંચજોનીયા નપુંસક, એમ પાણી, અગ્ની, વાયુ ને વનસ્પતિ કાય એકેંદ્રી તિર્યંચજોનીયા નપુંસકમાં. બેઇંદ્રી તિર્યંચજોનીયા, નપુંસકમાં, એમ તેઇંદ્રી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૌરેંદ્રી જાવત્ પચેંદ્રી તિર્યંચજોનીયા નપુંસકમાં. જળચર, થળચર ને ખેચર. એટલા મધ્યે કોણે કોણથકી થોડા છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથી થોડા ખેચર તિર્યંચજોનીયા પુરૂષ છે? તેથી ખેચર તિર્યંચ જોની સ્ત્રી સંખ્યાતગુણી છે. ૨, તેથી થળચર તિર્યંચ પુરૂષ સંખ્યાતગુણા છે. ૩, તેથી થળચર તિર્યંચજોનીની સ્ત્રી સંખ્યાતગુણી છે. ૪, તેથી જળચર તિર્યંચજોનીયા પુરૂષ સંખ્યાતગુણા છે. ૫, તેથી જળચર તિર્યંચજોની સ્ત્રી સંખ્યાતગુણી છે. ૬, તેથી ખેચર તિર્યંચ પચેંદ્રી નપુંસક અસંખ્યાતગુણા છે. ૭, તેથી થળચર તિર્યંચ પચેંદ્રી નપુંસક સંખ્યાત ગુણા છે. ૮, તેથી જળચર પચેંદ્રી તિર્યંચ નપુંસક સંખ્યાત ગુણા છે. ૯, તેથી ચૌરેંદ્રી તિર્યંચ વિશેષાધિક છે. ૧૦, તેથી તેઇંદ્રી વિશેષાધિક ૧૧, તેથી બેઇંદ્રી નપુંસક વિશેષાધિક ૧૨. તેથી અગ્નીકાય એકેંદ્રી તિર્યંચજોનીયા નપુંસક અસંખ્યાત ગુણા છે. ૧૩, તેથી પૃથ્વીકાય નપુંસક વિશેષાધિક છે. ૧૪, તેથી અપકાય (પાણી) ના જીવ વિશેષાધિક છે. ૧૫, તેથી વાયુકાયના જીવ વિશેષાધિક છે. ૧૬, તેથી વનસ્પતિકાયના જીવ નપુંસકવેદે અનંત ગુણા છે. ૧૭. એ તિર્યંચનો વિસ્તારથી કહ્યો. હવે મનુષ્યનો વિવરીને કહે છે.

**પ્રશ્ન—હે ભગવંત, કર્મભૂમિ, અકર્મભૂમિ, ને છપન અંતરદ્વીપના, મનુષ્યની સ્ત્રીમધ્યે. કર્મભૂમિ. અકર્મભૂમિ ને અંતરદ્વીપના મનુષ્ય પુરૂષ મધ્યે; કર્મભૂમિ, અકર્મભૂમિ ને અંતરદ્વીપનાં મનુષ્ય નપુંસક મધ્યે; એટલા મધ્યે. કોણ કોણથકી થોડા છે? ૧ જાવત્ વિશેષાધિક છે? ૪.**

**ઊત્તર**—હે ગૌતમ, છપન અંતરદ્વીપના મનુષ્ય પુરૂષ ને તેની સ્ત્રી એ બે સરખા પણ સર્વથી થોડા છે. ૧, તેથી દેવકુરૂ, ઊત્તરકુરૂ અકર્મભૂમિના મનુષ્ય પુરૂષ ને તેની સ્ત્રી એ બે સરખા પણ છપન અંતરદ્વીપનાથી સંખ્યાત ગુણા છે. ૨, તેથી હરીવર્ષ, રમ્યકવર્ષ ક્ષેત્ર અકર્મભૂમિના મનુષ્ય સ્ત્રી, પુરૂષ એ બે સરખા પણ દેવકુરૂ, ઉત્તરકુરૂનાથી સંખ્યાતગુણા છે. ૩, તેથી હેમવંત, ઐરણ્યવંત અકર્મભૂમિના મનુષ્ય સ્ત્રી, પુરૂષ એ બે સરખા પણ હરીવર્ષ, રમ્યકવર્ષ ક્ષેત્રનાથી સંખ્યાત ગુણા છે. ૪, તેથી ભરત, ઐરવતના મનુષ્ય પુરૂષ વેદે સંખ્યાત ગુણા છે. ૫, તેથી ભરત, ઐરવત કર્મભૂમિના મનુષ્યની સ્ત્રી સંખ્યાતગુણી છે. ૬, તેથી પુર્વ માહાવિદેહ, પશ્ચિમ માહાવિદેહ કર્મભૂમિના મનુષ્ય પુરૂષ સંખ્યાત ગુણા છે. ૭, તેથી પુર્વમાહાવિદેહ, પશ્ચિમ માહાવિદેહના મનુષ્યની સ્ત્રી સંખ્યાતગુણી છે. ૮. તેથી છપન અંતરદ્વીપના સમુર્છિમ મનુષ્ય નપુંસક અસંખ્યાતગુણા છે. ૯, તેથી દેવકુરૂ, ઉત્તરકુરૂ, અકર્મભૂમિના સમુર્છિમ મનુષ્ય નપુંસક સંખ્યાત ગુણા છે. ૧૦, એમ જાવત્ પુર્વનીપરે પુર્વ માહાવિદેહ, પશ્ચિમ માહાવિદેહ કર્મભૂમિના મનુષ્ય નપુંસકવેદે સંખ્યાતગુણા છે. ૧૪, એ મનુષ્યનો અલ્પ બહુત્વ વિસ્તારી કહ્યો. હવે નારકી દેવતાનો વીવરીને કહે છે.

**પ્રશ્ન—હે ભગવંત, દેવાંગ્ના મધ્યે. ભવનપતિની, વ્યંતરીકની, જ્યોતિષીની ને વૈમાનિકની દેવી. દેવતા પુરૂષ મધ્યે. ભવનપતિ, વાણવ્યંત, જ્યોતિષી, ને વૈમાનિક, દેવપુરૂષમાં. સૌધર્મા**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવલોકના દેવપુરૂષથી. જાવત્ પાંચ અનુત્તર વિમાનના દેવપુરૂષમાં ને નારકી નપુંસકમાં રત્નપ્રભાના જાવત્ સાતમી નરકના નારકી નપુંસક. એટલા મધ્યે. કોણ કોણથકી થોડા છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથી થોડા પાંચ અનુત્તર વૈમાનના દેવ પુરૂષવેદે છે ૧, તેથી ઉપલી ત્રણ ગ્રૈવેયકના દેવ પુરૂષવેદે સંખ્યાત ગુણા છે ૨, એમ જાવત્ પુર્વપરે આરણુંત નવમા દેવલોકના દેવ પુરૂષવેદે સંખ્યાત ગુણા છે. ૮, તેથી સાતમી નરકના નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે ૯, તેથી છઠી નરકના નારકી અસંખ્યાત ગુણા છે ૧૦, તેથી સહસાર આઠમા દેવલોકના દેવ પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૧૧, તેથી સાતમા માહાશુક્ર દેવલોકના દેવ પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે. ૧૨, તેથી પાંચમી નરકના નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે ૧૩, તેથી છઠા લાંતક દેવલોકના દેવ પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૧૪, તેથી ચોથી નરકના નારકી અસંખ્યાત ગુણા છે ૧૫. તેથી પાંચમા બ્રહ્મદેવલોકના દેવ પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે. ૧૬, તેથી ત્રીજી નરકના નારકી અસંખ્યાત ગુણા છે ૧૭, તેથી ચોથા માહેંદ્ર દેવલોકના દેવ પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૧૮, તેથી ત્રીજા સનતકુમાર દેવલોકના દેવ પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૧૯, તેથી બીજી નરકના નારકી અસંખ્યાત ગુણા છે ૨૦, તેથી બીજા ઇશાન દેવલોકના દેવ પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૨૧, તેથી બીજા ઇશાન દેવલોકની દેવાંગ્ના સંખ્યાત ગુણી છે ૨૨, તેથી પહેલા સૌધર્માં દેવલોકના દેવ પુરૂષવેદે સંખ્યાત ગુણા છે ૨૩, તેથી પહેલા સૌધર્માં દેવલોકની દેવાંગ્ના સંખ્યાત ગુણી છે ૨૪, તેથી ભવનપતિ દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૨૫, તેથી ભવનપતિની દેવી સંખ્યાત ગુણી છે ૨૬, તેથી રત્નપ્રભા પૃથ્વીના નારકી અસંખ્યાત ગુણા છે ૨૭, તેથી વ્યંતરીક દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે ૨૮, તેથી વ્યંતરીકની દેવાંગ્ના સંખ્યાત ગુણી છે ૨૯, તેથી જ્યોતિષી દેવ પુરૂષવેદે સંખ્યાત ગુણા છે ૩૦, તેથી જ્યોતિષી દેવતાની દેવાંગ્ના સંખ્યાત ગુણી છે ૩૧, એ દેવતા નારકીનો અલ્પબહુત્વ વિસ્તારીને કહ્યો. હવે ચારે ગતીનો અલ્પબહુત્વ વિસ્તારીને કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચજોનીની સ્ત્રીમાં. જળચરી, થળચરી, ને ખેચરી. તિર્યંચજોનીયા પુરૂષમાં. જળચર, થળચર, ને ખેચર. તિર્યંચજોનીયા નપુંસકમાં. તેમાં વળી એકેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસકમાં પૃથ્વીકાયા, એકેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસક, અપકાયા એકેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસક, અગ્ની, વાય ને વનસ્પતિકાય એકેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસક, બેઇંદ્રિ તિર્યંચ જોનીયા નપુંસક, તેઇંદ્રિ તિર્યંચજોનીયા નપુંસક, ચૌરેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસક ને પચેંદ્રિ તિર્યંચજોનીયા નપુંસકમાં. જળચર, થળચર, ને ખેચર નપુંસક. મનુષ્યની સ્ત્રીમાં. કર્મભૂમિની અકર્મભૂમિની ને છપન અંતરદ્વીપની સ્ત્રી, મનુષ્ય પુરૂષમાં. કર્મભૂમિના, અકર્મભૂમિના ને છપન અંતરદ્વીપના, પુરૂષ. મનુષ્ય, નપુંસકમાં. કર્મભૂમિના. અકર્મભૂમિના ને છપન અંતરદ્વીપના નપુંસક. દેવાંગ્નામાં ભવનપતિની, વ્યંતરીકની, જ્યોતિષીની, ને વૈમાનિકની દેવી. દેવ પુરૂષમાં ભવનપતિના, વ્યંતરીકના, જ્યોતિષીના ને વૈમાનિકના પુરૂષ. તેમાં પણ સૌધર્માં દેવલોકના જાવત્ નવ ગ્રૈવેયક ને પાંચ અનુત્તર વૈમાનના દેવપુરૂષ. નારકી નપુંસકમાં રત્નપ્રભા પૃથ્વીના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નારકી નપુંસક. જાવત્ સાતમી નરકના નારકી નપુંસક. એટલામધ્યે કોણ કોણથકી થોડા છે? ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, છપન અંતરદ્વીપના મનુષ્ય. સ્ત્રી પુરૂષ એ બે સરખા ને સર્વથી થોડા છે. ૧, તેથી દેવકુરૂ, ઉતરકુરૂ અકર્મભૂમિના મનુષ્ય. સ્ત્રી, પુરૂષ. એ બે સરખા ને છપન અંતરદ્વીપનાથી સંખ્યાત ગુણા છે ૨. તેથી હરીવર્ષ, રમ્યકવર્ષના મનુષ્ય. સ્ત્રી, પુરૂષ. એ બે સરખા ને પુર્વેલાથી સંખ્યાત ગુણા છે. ૩, તેથી હેમવંત, ઐરણવંત ક્ષેત્રના મનુષ્ય. સ્ત્રી, પુરૂષ. એ બે સરખા ને હરીવર્ષ, રમ્યકવર્ષથી સંખ્યાત ગુણા છે. ૪. તેથી ભરત, ઐરવત. કર્મભૂમિના પુરૂપ સંખ્યાત ગુણા છે ૫, તેથી ભરત, ઐરવત. એ બે ક્ષેત્રની સ્ત્રી સંખ્યાત ગુણી ૬, તેથી પુર્વ મહાવિદેહ, પશ્ચિમ મહાવિદેહના મનુષ્ય પુરૂષવેદે સંખ્યાત ગુણા છે ૭. તેથી પુર્વ મહાવિદેહ, પશ્ચિમ મહાવિદેહ. એ બે ક્ષેત્રની મનુષ્યણી સ્ત્રી સંખ્યાત ગુણી છે. ૮ તેથી પાંચ અનુતર વૈમાનના દેવ પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે.૯, તેથી ઉપલી ત્રણ ગ્રૈવેયકના દેવ પુરૂષવેદે સંખ્યાતગુણા છે. ૧૦; તેથી મધ્યની ગ્રૈવેયકના દેવપુરૂષ સંખ્યાત ગુણા છે. ૧૧, તેથી હેઠલી ગ્રૈવેયકના દેવપુરૂષ સંખ્યાત ગુણા છે ૧૨, તેથી બારમા અચ્યુય દેવલોકના દેવપુરૂષ સંખ્યાત ગુણા છે. ૧૩, તેથી અગ્યારમા આરણ દેવલોકના દેવપુરૂષ સંખ્યાત ગુણા છે. ૧૪, તેથી દશમા પ્રાણંત દેવલોકના દેવપુરૂષ સંખ્યાત ગુણા છે. ૧૫, તેથી આણંતનામા નવમા દેવલોકના દેવ પુરૂષવેદે સંખ્યાત ગુણા છે. ૧૬, તેથી સાતમી નરકના નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે. ૧૭, તેથી છઠી નરકના નારકી નપુંસક, અસંખ્યાત ગુણા છે. ૧૮, તેથી સહસાર આઠમા દેવલોકના દેવ પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે. ૧૯, તેથી મહાશુક્ર સાતમા દેવલોકના દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે. ૨૦, તેથી પાંચમી નરકના નારકી નપુંસક અસંખ્યાતગુણા છે. ૨૧, તેથી છઠા લાંતક દેવલોકના દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે. ૨૨, તેથી ચોથી નરકના નારકી નપુંસક, અસંખ્યાત ગુણા છે. ૨૩, તેથી પાંચમા બ્રહ્મદેવલોકના દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે. ૨૪, તેથી ત્રીજી નરકના નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે. ૨૫, તેથી ચોથા માહેંદ્ર દેવલોકના દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે. ૨૬. તેથી ત્રીજા સનતકુમાર દેવલોકના દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા, છે. ૨૭, તેથી બીજી નરકના નારકી નપુંસક અસંખ્યાત ગુણા છે. ૨૮, તેથી છપન અંતરદ્વીપના સમુર્છીમ મનુષ્ય નપુંસક અસંખ્યાત ગુણા છે. ૨૯, તેથી દેવકુરૂ ઉતરકુરૂ અકર્મભૂમિના સમુર્છિમ મનુષ્ય નપુંસક સંખ્યાત ગુણા છે. ૩૦, તેથી હરીવાસ, રમ્યકવાસ ક્ષેત્રના સમુર્છિમ મનુષ્ય નપુંસક સંખ્યાત ગુણા છે. ૩૧, તેથી હેમવય, ઐરવય ક્ષેત્રના સમુર્છિમ મનુષ્ય નપુંસક સંખ્યાત ગુણાછે. ૩૨, તેથી ભરત, ઐરણવતના મનુષ્ય નપુંસક સંખ્યાત ગુણા. ૩૩, તેથી પુર્વમહાવિદેહ, પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રના મનુષ્ય નપુંસક સંખ્યાત ગુણા ૩૪, તેથી બીજા ઇશાન દેવલોકના દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે. ૩૫, તેથી બીજા ઇશાન દેવલોકની દેવાંગ્ના સંખ્યાત ગુણી છે. ૩૬, તેથી સૌધર્મા પેલા દેવલોકના દેવતા પુરૂષવેદે સંખ્યાત ગુણા છે. ૩૭, તેથી સૌધર્મા પેલા દેવલોકની દેવાંગ્ના સંખ્યાતગુણી છે. ૩૮,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી ભવપતિના દેવતા પુરૂષવેદે અસંખ્યાત ગુણા છે. ૩૯, તેથી ભવતપતિ દેવતાની દેવાંગ્ના સંખ્યાત ગુણી છે. ૪૦, તેથી પેલી રત્નપ્રભા પૃથ્વીના નારકી નપુંસકવેદે અસંખ્યાત ગુણા છે. ૪૧, તેથી ખેચર તિર્યંચજોનીયા પુરૂપ અસંખ્યાત ગુણા છે. ૪૨, તેથી ખેચર તિર્યંચજોની સ્ત્રી સંખ્યાત ગુણી છે. ૪૩, તેથી થળચર તિર્યંચજોનીયા પુરૂપ સંખ્યાત ગુણા છે. ૪૪, તેથી થળચર તિર્યંચ જોનીની સ્ત્રી સંખ્યાત ગુણી છે. ૪૫, તેથી જળચર તિર્યંચ પુરૂષવેદે સંખ્યાત ગુણા છે. ૪૬ તેથી જળચર તિર્યંચજોની સ્ત્રી સંખ્યાત ગુણી છે. ૪૭, તેથી વ્યંતરીક દેવતા પુરૂષવેદે સંખ્યાત ગુણા છે. ૪૮, તેથી વ્યંતરીક દેવાંગ્ના સંખ્યાત ગુણી છે. ૪૯, તેથી જ્યોતિષી દેવતા પુરૂષવેદે સંખ્યાત ગુણા છે. ૫૦, તેથી જ્યોતિષી દેવાંગ્ના સંખ્યાત ગુણીછે. ૫૧, તેથી ખેચર તિર્યંચ જોનીયા નપુંસક અસંખ્યાત ગુણા છે. ૫૨, તેથી થળચર નપુંસક સંખ્યાત ગુણા છે. ૫૩, તેથી જળચર તિર્યંચજોનીયા નપુંસક સંખ્યાત ગુણા છે. ૫૪, તેથી ચૌરેંદ્રી નપુંસક વિશેષાધિક છે. ૫૫, તેથી તેઈંદ્રી નપુંસક વિશેષાધિક છે. ૫૬, તેથી બેઇંદ્રી નપુંસક વિશેષાધિક છે. ૫૭, તેથી અગ્નીકાયા એકેંદ્રી તિર્યંચજોનીયા નપુંસક અસંખ્યાત ગુણા છે. ૫૮, તેથી પૃથ્વીના જીવ વિશેષાધિક છે. ૫૯, તેથી અપકાય (પાણી) ના જીવ વિશેષાધિક છે. ૬૦, તેથી વાયુકાયના જીવ વિશેષાધિક છે. ૬૧, તેથી વનસ્પતિકાય એકેંદ્રી તિર્યંચજોનીયા નપુંસક અનંતગુણા છે. ૬૨, (અનંતકાય માટે). એ ચારે ગતીનો અલ્પબહુત્વ કહ્યો. એ ત્રણે વેદનો અલ્પબહુત્વ થયો.

## ૩૬. ત્રણ વેદની સ્થિતિ, અધિકતા ને સંગ્રહ.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્ત્રીવેદની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉ-તર**—હે ગૌતમ, એક પ્રકારે જઘન્યથી અંતર્મુહુર્ત્ત ઇત્યાદિક જેમ પુર્વે ૨૮ નંબરમાં સ્ત્રીવેદ (તિર્યંચણી, મનુષ્યણી, અને દેવાંગ્ના) ની ભવસ્થિતિ, કાયસ્થિતિ, વિરહકાળ અને અલ્પબહુત્વનો અધિકાર કહ્યો છે તેમ જાણવો. એમ પુરૂષનો ને નપુંસકનો પણ કાળ જાણવો. વળી ત્રણે વેદનું આંતરૂં જેમ પુર્વે કહ્યું છે તેમ જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચજોનીની સ્ત્રી તિર્યંચજોનીયા પુરૂપથકી કેટલી અધિક છે?

**ઉ-તર**—હે ગૌતમ, તિર્યંચજોનીયા પુરૂપથકી તિર્યંચજોનીની સ્ત્રી ત્રીગુણી ને ત્રણ અધિકછે.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્યની સ્ત્રી. મનુષ્ય પુરૂપથકી કેટલી અધિક છે?

**ઉત્તર**—હે ગૌતમ, મનુષ્ય પુરૂપથકી, મનુષ્યની સ્ત્રી સત્તાવીશગુણી ને સત્તાવીશ અધિકછે?

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતાની સ્ત્રી દેવતા પુરૂપથકી કેટલી અધિક છે?

**ઊ-તર**—હે ગૌતમ, દેવતાની સ્ત્રી. દેવતા પુરૂપથકી બત્રીશગુણી ને બત્રીશ અધિક છે.

એ ત્રીજી પ્રતપ્તીમાં એટલા ભેદ કહ્યા.—પ્રથમ જીવનું આવખું ૧, વેદની કાયસ્થિતિ ૨, વેદાંત્તર ૩, અલ્પ, બહુત્વ. ૪, વેદના બંધની સ્થિતિ ૫, ને વેદનો કેહવો વિષય છે તે. ૬. એ ૭ બોલનો વિચાર કહ્યો. ॥ **ઇતિશ્રી જીવાભીગમસૂત્રે ત્રણ ભેદે સંસારી જીવનો અધિકાર સંપુર્ણ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૭ ચાર પ્રકારે સંસારી જીવ.

**પ્રશ્ન—**હે ભગવંત, જે આચાર્ય એમ કહે છે જે ચાર પ્રકારે સંસારી જીવ. તે શી રીતે કહે છે?

**ઉત્તર—**હે ગૌતમ, નારકી ૧, તિર્યંચજોનીયા ૨, મનુષ્ય ૩, ને દેવતા ૪ એ ચાર પ્રકાર જાણવા.

## ૩૮ નારકીનો પ્રથમ ઉદ્દેશા.

**પ્રશ્ન—**હે ભગવંત, નારકીના કેટલા ભેદ છે?

**ઉ-તર—**હે ગૌતમ, તેના સાત ભેદ છે. પહેલી પૃથ્વીના નારકી ૧, બીજી પૃથ્વીના નારકી ૨, ત્રીજી પૃથ્વીના નારકી ૩, ચોથી પૃથ્વીના નારકી ૪, પાંચમી પૃથ્વીના નારકી ૫, છઠી પૃથ્વીના નારકી ૬, ને સાતમી પૃથ્વીના નારકી ૭.

**પ્રશ્ન—**હે ભગવંત, પહેલી પૃથ્વીનું શું નામ છે, અને શું તેનું ગોત્ર છે?

**ઊ-તર—**હે ગૌતમ, ધમા તેનું નામ છે, ને રત્નપ્રભા નામે ગોત્ર છે.

**પ્રશ્ન—**હે ભગવંત, બીજી પૃથ્વીનું શું નામ છે, ને શું તેનું ગોત્ર છે?

**ઉત્તર—**હે ગૌતમ, વંસા તેનું નામ છે, ને શકરપ્રભા નામે તેનું ગોત્ર છે.

**પ્રશ્ન—**હે ભગવંત, ત્રીજી પૃથ્વીનું શું નામ છે, ને શું તેનું ગોત્ર છે?

**ઊ-તર—**હે ગૌતમ, સેલા તેનું નામ છે, ને વાલુપ્રભા નામે તેનું ગોત્ર છે?

**પ્રશ્ન—**હે ભગવંત, ચોથી પૃથ્વીનું શું નામ છે, ને શું તેનું ગોત્ર છે?

**ઉત્તર—**હે ગૌતમ, અંજના તેનું નામ છે, ને પંકપ્રભા નામે ગોત્ર છે.

**પ્રશ્ન—**હે ભગવંત, પાંચમી પૃથ્વીનું શું નામ છે, ને શું તેનું ગોત્ર છે?

**ઉત્તર—**હે ગૌતમ, રીષ્ટા તેનું નામ છે, ને ધુમપ્રભા નામે ગોત્ર છે.

**પ્રશ્ન—**હે ભગવંત, છઠી પૃથ્વીનું શું નામ છે, ને શું તેનું ગોત્ર છે?

**ઉત્તર—**હે ગૌતમ, મઘા તેનું નામ છે, ને તમપ્રભા નામે તેનું ગોત્ર છે.

**પ્રશ્ન—**હે ભગવંત, સાતમી પૃથ્વીનું શું નામ છે, ને શું તેનું ગોત્ર છે?

**ઊ-તર—**હે ગૌતમ, માઘવઇ તેનું નામ છે, ને તમતમા નામે તેનું ગોત્ર છે.

**પ્રશ્ન—**હે ભગવંત, પહેલી રત્નપ્રભા પૃથ્વી કેટલી જાડપણે છે?

**ઊ-તર—**હે ગૌતમ, એક લાખ એંસી હજાર જોજન જાડપણે છે.

**પ્રશ્ન—**હે ભગવંત, બીજી સકરપ્રભા પૃથ્વી કેટલી જાડપણે છે?

**ઉ-તર—**હે ગૌતમ, એક લાખ ને બત્રીશ હજાર જોજન જાડપણે છે.

**પ્રશ્ન—**હે ભગવંત, ત્રીજી વાલુપ્રભા પૃથ્વી કેટલી જાડપણે છે?

**ઉ-તર—**હે ગૌતમ, એક લાખ ને અઠાવીશ હજાર જોજન જાડપણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ચોથી પંકપ્રભા પૃથ્વી કેટલી જાડપણે છે ?
**ઉ-તર**--હે ગૌતમ, એક લાખ ને વીશ હજાર જોજનની જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચમી ધુમપ્રભા પૃથ્વી કેટલી જાડપણે છે ?
**ઉ-તર**—હે ગૌતમ, એક લાખ ને અઢાર હજાર જોજનની જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, છઠ્ઠી તમપ્રભા પૃથ્વી કેટલી જાડપણે છે ?

**ઉ-તર**—હે ગૌતમ, એક લાખ ને સોળ હજાર જોજનની જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સાતમી તમતમા પૃથ્વી કેટલી જાડપણે છે ?

**ઉ-તર**—હે ગૌતમ, એક લાખ ને આઠ હજાર જોજનની જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના કેટલા કાંડ (ભાગ) છે ?

**ઉ-તર**—હે ગૌતમ, તેના ત્રણ ભાગ છે. ખરકાંડ (કઠણભાગ) ૧, પંકબહુલકાંડ (ઘણા કાદવરૂપ) ૨, ને અપબહુલકાંડ (પાણીમય) ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનો ખરકાંડ કેટલા પ્રકારનો છે?

**ઉત્તર**—હે ગૌતમ, સોળ પ્રકારનો છે. પ્રથમ રત્નનો ૧, વજ્ર ૨, વૈડુર્ય ૩, લોહીતાક્ષ ૪, મસારગલ્લ ૫, હંસગર્ભ ૬, પુલક ૭, સોગંધીક ૮, જોતીરસ ૯, અંજન ૧૦, અંજન પુલક ૧૧, રજત (રૂપું) ૧૨, સુવર્ણ ૧૩, અંકરત્ન ૧૪, સ્ફટિક ૧૫, ને રીષ્ટરત્નનો કાંડ ૧૬.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીએ સોળ પ્રકારનો ખરકાંડ છે. તેમાં પહેલો રત્ન કાંડ કેટલા પ્રકારનો છે?

**ઉ-તર**—હે ગૌતમ, એક પ્રકારનો છે. એમ જાવત્ સોળમા રીષ્ટકાંડ સુધી સર્વ એકેક પ્રકારનાજ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીમાં પંકબહુલકાંડના કેટલા ભેદ છે ?

**ઉ-તર**—હે ગૌતમ, તેનો એકજ ભેદ ઘણા કાદવરૂપ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, રત્નપ્રભા પૃથ્વીએ અપબહુલકાંડના કેટલા ભેદ છે ?

**ઉ-તર**—હે ગૌતમ, તેનો પણ એકજ ભેદ ઘણા પાણીરૂપ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બીજી શકરપ્રભા પૃથ્વી કેટલા પ્રકારની છે ?

**ઊ-તર**—હે ગૌતમ, એક પ્રકારની એકાકાર છે. એમ જાવત્ સાતમી નરક સુધી સર્વ એક પ્રકારની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પહેલી નરકે કેટલા નરકાવાશા છે?

**ઉત્તર**—હે ગૌતમ, ત્રીશલાખ નરકાવાશા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બીજી નરકે કેટલા નરકાવાશા છે?

**ઉ-તર**—હે ગૌતમ, પચવીશ લાખ નરકાવાશા છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રીજી નરકે કેટલા નરકાવાશા છે?

**ઊ-તર**—હે ગૌતમ, પંદરલાખ નરકાવાશા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચોથી નરકે કેટલા નરકાવાશા છે?

**ઉ-તર**—હે ગૌતમ, દશ લાખ નરકાવાશા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચમી નરકે કેટલા નરકાવાશા છે?

**ઊ-તર**—હે ગૌતમ, ત્રણ લાખ નરકાવાશા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, છઠી નરકે કેટલા નરકાવાશા છે?

**ઉ-તર**—હે ગૌતમ, એક લાખ નરકાવાશા તેમાં પાંચ ઓછા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સાતમી નરકે કેટલા નરકાવાશા છે?

**ઉત્તર**—હે ગૌતમ, પાંચ મોટા નરકાવાશા છે. તેના નામ કહે છે. કાળ ૧ મહાકાળ ૨ રોરૂક ૩ મહારોરૂક ૪ ને અપયઠાણ ૫.

એ સાત નરકના થઇને ચોરાશી લાખ નરકાવાશા છે. તેની ગાથા કહે છે.

**त्तीसाय पण्णविसा; पन्नरस दसेव तिन्नीय हवंति**
**पंचुण सय सहस्सं; पंचेव अणुत्तरा नरगा ॥१॥**

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વી હેઠે ઘનોદધી, (નીવડ જળરૂપ) ઘનવાય, (નીવડ-વાયરૂપ) તનવાય, (સુક્ષ્મવાયરૂપ) ને આકાશ પ્રમુખ છે?

**ઉ-તર**—હે ગૌતમ, હા ઘનોદધિ, ઘનવાય, તનુવાય, ને આકાશ એ ચારે છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનો ખરકાંડ કેટલો જાડપણે છે?

**ઉ-તર**—હે ગૌતમ, સોળ હજાર જોજનનો જાડપણે છે.

**પ્રશ્ન**,—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનો ખરકાંડ સોળહજાર જોજન જાડપણે છે. તેમાં પ્રથમનો રત્નકાંડ કેટલો જાડપણે છે?

**ઊત્તર**—હે ગૌતમ, એક હજાર જોજનનો છે. એમ જાવત્ સોળમાં રીષ્ટકાંડ પર્યંત જાણવું. (એટલે ખરકાંડ સોળ હજાર જોજનનો તેમાં સોળ ભેદ જેથી દરેક ભેદ એકેક હજાર જોજનનો. સર્વ મળી સોળ હજાર જોજન થાય.)

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનો પંકબહુલકાંડ કેટલો જાડપણે છે?

**ઊ-તર**—હે ગૌતમ, ચોરાશી હજાર જોજનનો જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનો અપબહુલકાંડ કેટલો જાડપણે છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, એંસીહજાર જોજનનો જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વી હેઠે ઘનોદધીનો પીંડ કેટલો જાડપણે છે?

**ઉ-તર**—હે ગૌતમ, વીશ હજાર જોજનનો જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વી હેઠે ઘનવાયનો પીંડ કેટલો જાડપણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, અસંખ્યાતા હજાર જોજનનો જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વી હેઠે તનવાયનો પીંડ કેટલો જાડપણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ પહેલી નરકના ઘનવાયની નીચે અસંખ્યાતા હજાર જોજનનો તનવાય છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીને હેઠે આકાશ કેટલા જોજનનો જાડપણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ પહેલી નરકના તનવાયની નીચે અસંખ્યાતા હજાર જોજનનો આકાશ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બીજી શકરપ્રભા પૃથ્વી હેઠે ઘનોદધીનો પીંડ કેટલો જાડપણે છે?

**ઉ-તર**—હે ગૌતમ, વીશ હજાર જોજનનો જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બીજી શકરપ્રભા પૃથ્વી હેઠે ઘનવાય કેટલો જાડપણે છે?

**ઉ-તર**—હે ગૌતમ, અસંખ્યાતા હજાર જોજનનો છે, એમ તનવાય ને આકાશ પણ અસંખ્યાતા હજાર જોજનનો છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીમાં એકલાખ ને એંસીહજાર જોજનના પીંડમાંહે ક્ષેત્ર છેદન બુધ્યે પ્રતર વિભાગે છેદતેથકે વર્ણથકી કાળા, લીલા, રાતા, પીળા ને ધોળા દ્રવ્ય છે? ગંધથકી સુગંધ, દુર્ગંધ દ્રવ્ય છે? ને રસથકી તીક્ત, કટુક, કસાયલો, ખાટો, મીઠો. એ પાંચ રસ છે? વળી સ્પર્શથકી કઠીણ, કોમળ, ભારી, હલુઓ, ટાઢો, ઉનો, ચીગટો, લુખો, એ આઠ સ્પર્શ છે? ને સંસ્થાનથકી પરીમંડલ, વૃત્ત, તંસ, ચતુરસ, ને લંબ. એ પાંચ સંસ્થાને પરીણીત છે? માંહોમાંહે અન્યોઅન્ય બંધાણા છે? માંહોમાંહે સ્પષ્ટ છે? માંહોમાંહે અવગાઢ છે? માંહોમાંહે સ્નેહ પ્રતિબંધ છે? માંહોમાંહે સંબંધપણે છે?

**ઉ-તર**—હે ગૌતમ, હા છે. એજ પ્રમાણે છે, એ સમચે પુછા કરી. હવે વીવરીને પુછા કરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીમાંહે ખરકાંડ સોળહજાર જોજનને જાડપણે છે તે કાંડ ક્ષેત્ર છેદન બુધ્યે છેદતેથકે વર્ણથકી કાળા દ્રવ્ય જાવત્ આઠ સ્પર્શ પર્યંત છે?

**ઉ-તર**—હે ગૌતમ, હા છે. (એ બધા બોલ છે).

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીમાંહે સોળહજાર જોજનનો ખરકાંડ. તેમાં પ્રથમ રત્નકાંડ એકહજાર જોજનને જાડપણે છે તે મધ્યે ક્ષેત્ર છેદન બુધ્યે છેદતેથકે વર્ણથકી કાળા દ્રવ્ય જાવત્ સ્પર્શ પર્યંત છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, હા, છે. એમ જાવત્ સોળમા રીષ્ટકાંડ પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીમાંહે પંકબહુલકાંડ ચોરાસીહજાર જોજનનો જાડપણે છે, તે મધ્યે ક્ષેત્ર છેદન ળુધ્યે છેદતેથકે વર્ણથકી કાળા દ્રવ્ય જાવત્ આઠ સ્પર્શ છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા છે. એમ અપબહુલકાંડ એંશીહજાર જોજનને જાડપણે છે, તેનું પણ એમજ પુર્વલી રીતે કહેવું,

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વી હેઠે ઘનોદધી વીશ હજાર જોજન જાડપણે છે, તેમાં ક્ષેત્ર છેદનળુધ્યે છેદતેથકે વર્ણ પ્રમુખ છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા છે. (એમ બધા બોલ કહેવા).

**પ્રશ્ન**—હે ભગવંત, ઘનોદધીની હેઠે ઘનવાય અસંખ્યાતા હજાર જોજન જાડપણે છે, તેમાં ક્ષેત્ર છેદનળુધ્યે છેદતેથકે વર્ણ પ્રમુખ છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા છે. (એમ બધા બોલ પુર્વલી રીતે કહેવા)

**પ્રશ્ન**—હે ભગવંત, ઘનવાય હેઠે તનવાય પણ અસંખ્યાતા હજાર જોજન જાડપણે છે. તેમાં ક્ષેત્ર છેદનળુધ્યે છેદતેથકે વર્ણથકી કાળા દ્રવ્ય પ્રમુખ પુર્વલીપરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા છે. (એમ બધા બોલ પુર્વલી રીતે કહેવા).

**પ્રશ્ન**—હે ભગવંત, તનવાય હેઠે આકાશ પણ અસંખ્યાતા હજાર જોજન જાડપણે છે. તે માંહે ક્ષેત્ર છેદનળુધ્યે છેદતેથકે પૂર્વલીપરે વર્ણથકી કાળા દ્રવ્ય પ્રમુખ છે?

**ઉ-તર**—હે ગૌતમ, હા છે. (એમ બધા બોલ પુર્વલી રીતે કહેવા.)

**પ્રશ્ન**—હે ભગવંત, પહેલી રત્નપ્રભા પૃથ્વી હેઠે બીજી શકરપ્રભા પૃથ્વી એક લાખ ને બત્રીશ હજાર જોજન જાડપણે છે, તેમાં ક્ષેત્રછેદન પ્રતર વિભાગ ળુધ્યે છેદતેથકે પાંચ વર્ણિદ્રવ્ય છે? જાવત્ પાંચ સંસ્થાનવંત માંહોમાંહે મળી રહ્યાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા. જાવત્ પુર્વલી રીતે માંહો માંહી મળી રહ્યા છે.

**પ્રશ્ન**—હે ભગવંત,બીજી શકરપ્રભા પૃથ્વી હેઠે એમ ઘનોદધી પણ વીસ હજાર જોજન જાડપણે છે. તે હેઠે ઘનવાય અસંખ્યાતા હજાર જોજન જાડપણે છે. તે હેઠે તનવાય પણ અસંખ્યાતા હજાર જોજન જાડપણે છે. તે હેઠે આકાશ પણ અસંખ્યાતા હજાર જોજન જાડપણે છે. તે માંહે ક્ષેત્ર છેદનળુધ્યે છેદતેથકે વર્ણ પ્રમુખ છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત અધિકાર જેમ શકરપ્રભાનો કહ્યો તેમજ જાણવો. (આંહી રત્નપ્રભાની ભલામણ નહીં દેતાં શકરપ્રભાની ભલામણ દીધી તેનું કારણ એ જે રત્નપ્રભાના ખરકાંડ પ્રમુખ ત્રણ પ્રકારે છે, ને શકરપ્રભાનો એકજ પ્રકાર છે, માટે છ નરકે એક પ્રકાર હોવાથી શકરપ્રભાની ભલામણ દીધી એ ભાવાર્થ જાણવો.)

11

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વી સ્યે આકારે છે?

**ઉત્તર**—હે ગૌતમ, ઝાલરને આકારે (ગોળ) છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનું ખરકાંડ સ્યે આકારે છે?

**ઉત્તર**—હે ગૌતમ, ઝાલરને આકારે (ગોળ) છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનું ખરકાંડનું પ્રથમ રત્નકાંડ સ્યે આકારે છે?

**ઉત્તર**—હે ગૌતમ, ઝાલરને આકારે (ગોળ) છે. એમ જાવત્ સોળમા રીષ્ટકાંડ પર્યંત જાણવું. એમજ પંકબહુલકાંડ, અપબહુલકાંડ, ઘનોદધી, ઘનવાય, તનવાય, ને આકાશ. એ સર્વે ઝાલરને આકારે (વૃત ગોળ) છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બીજી શકરપ્રભા પૃથ્વી સ્યે સંસ્થાને (આકારે) છે?

**ઉત્તર**—હે ગૌતમ, શકરપ્રભા, તેનો ઘનોદધી, ઘનવાય પ્રમુખ સર્વે ઝાલરને આકારે છે. તે જેમ શકરપ્રભાની વ્યક્તવ્યતા કહી. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવી.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના પુર્વલા છેડા થકી કેટલો અબાધાએ છેટે લોકનો અંત છે?

**ઉત્તર**—હે ગૌતમ, બાર જોજન અબાધાએ લોકનો અંત છે (એટલે બાર જોજન છેટે અલોક છે.) એમ દક્ષીણથી, પશ્ચિમથી ને ઉત્તરથી પણ બાર જોજન છેટે અલોકછે.

**પ્રશ્ન**—હે ભગવંત, બીજી શકરપ્રભા પૃથ્વીના પુર્વલા છેડાથકી કેટલે છેટે અલોક છે?

**ઉત્તર**—હે ગૌતમ, એક જોજનને ત્રીજે ભાગે ઉણાં તેર જોજન છેટે અલોક છે. એમ ચારે દિશાએ બાર જોજનને બે ત્રિત્યાંશ છેટે અલોક છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રીજી વાળુપ્રભા પૃથ્વીના પુર્વ દિશાના છેડાથકી કેટલે છેટે અલોક છે?

**ઉત્તર**—હે ગૌતમ, એક જોજનને ત્રીજે ભાગે અધિક તેર જોજન છેટે અલોક છે. એમ ચારે દિશાએ અબાધાઇ (છેટો) અલોક છે.

**પ્રશ્ન**—હે ભગવંત, શેષ ચારે નરકે ચારે દિશાથી અલોક કેટલે છેટે છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચોથી પંકપ્રભાથી ચઉદ જોજન છેટે અલોક છે. પાંચમી ધુમપ્રભાએ એક જોજનના ત્રીજા ભાગે ઉણા પનર જોજન છેટે અલોક છે. છઠી તમપ્રભાએ એક જોજનના ત્રીજા ભાગે અધિક પનર જોજને અલોક છે, અને સાતમી તમતમા નરકે સોળ જોજન છેટે અલોક છે. એમ ચારે દિશાએ જાણવું. (એમ દરેક નરકે એક જોજનના ત્રણ ભાગ કરીએ એવા બે બે ભાગ વધારતા જવું.)

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીને છેડે પુર્વલો ચરીમાંત કેટલે ભેદે છે?

**ઉત્તર**—હે ગૌતમ, ત્રણ ભેદે છે. પ્રથમ ઘનોદધીનો વળય, બીજો ઘનવાયનો વળય, ને ત્રીજો તનવાયનો વળય. (ચોફેર) છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**— હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનો દક્ષીણ દિશનો ચરીમાંત કેટલા ભેદે છે?

**ઉત્તર—**હે ગૌતમ, તે પણ ત્રણ ભેદ છે. તે પૂર્વ દિશાની પરે જાવત્ પશ્ચિમ ઉત્તર દિશે પણ એમજ જાણવું. એમ સર્વ પૃથ્વીએ જાવત્ સાતમી નરકે ઉત્તરદિશા પર્યંત પુર્વપરે જાણવું.

**પ્રશ્ન—**હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીએ ઘનોદધીનું વળય કેટલું જાડપણે છે?

**ઉ-તર**—હે ગૌતમ, ૭ જોજનનું જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બીજી શકરપ્રભાએ ઘનોદધીનું વળય કેટલું જાડપણે છે? જાવત્ સાતમી તમતમા પૃથ્વી સુધિ ઘનોદધીનું વળય કેટલું જાડપણે છે?

**ઉ-તર**—હે ગૌતમ, શકરપ્રભાએ એક જોજનના ત્રીજા ભાગ સહીત ૭ જોજન જાડપણે છે, વાળુપ્રભાએ ઘનોદધીનુ વળય એક જોજનના ત્રીજા ભાગે ઊણા સાત જોજન જાડપણે છે. પંકપ્રભાએ સાત જોજનનું, ધુમપ્રભાએ એક જોજનના ત્રીજા ભાગ સહીત સાત જોજનનું, તમપ્રભાએ એક જોજનના ત્રીજા ભાગે ઊણા આઠ જોજનનું, તમતમા પૃથ્વીએ આઠ જોજન પુરા ઘનોદધીનું વળય જાડપણે છે, (દરેક નરકે જોજનનો ત્રીજો ભાગ વધારવો.)

**પ્રશ્ન—**હે ભગવંત, પહેલી રત્નપ્રભા પૃથ્વીએ જાવત્ સાતમી તમતમા પૃથ્વીએ બીજું ઘનવાયનું વળય કેટલું જાડપણે છે?

**ઉ-તર**—હે ગૌતમ, રત્નપ્રભાએ સાડાચાર જોજનનું છે, શકર પ્રભાએ પોણાપાંચ જોજનનું, વાળુપ્રભાએ પાંચ જોજનનું, પંકપ્રભાએ સવાપાંચ જોજનનું, ધુમપ્રભાએ સાડાપાંચ જોજનનું, તમપ્રભાએ પોણા ૭ જોજન ને તમતમા પૃથ્વીએ ૭ જોજનનું જાડપણે ઘનવાયનું વળય છે. (દરેક નરકે એક ગાઉ એટલે પા જોજન વધારવું.)

**પ્રશ્ન**—હે ભગવંત, પહેલી રત્નપ્રભા પૃથ્વીએ જાવત્ સાતમી તમતમા પૃથ્વીએ ત્રીજું તનવાયનું વળય કેટલું જાડપણે છે?

**ઉ-તર—**હે ગૌતમ, રત્નપ્રભાએ ૭ ગાઉ, શકરપ્રભાએ ૭ ગાઉ અને એક ગાઉનો ત્રીજો ભાગ, વાળુપ્રભાએ એક ગાઉના ત્રીજા ભાગે ઊણા સાત ગાઉ, પંકપ્રભાએ સાત ગાઉ, ધુમપ્રભાએ એક ગાઉના ત્રીજા ભાગે અધીક સાત ગાઉ, તમપ્રભાએ એક ગાઉના ત્રીજા ભાગે ઊણા સાત ગાઉ, ને સાતમી તમતમાએ આઠ ગાઉ (બે જોજન) ને જાડપણે તનવાયનો વળય છે. (દરેક નરકે ગાઉનો ત્રીજો ભાગ વધારવો.)

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીએ ઘનોદધીનું વળય ૭ જોજન જાડપણે છે, તે મધ્યે ક્ષેત્ર છેદનબુધ્યે છેદતેથકે વર્ણથકી સ્યામ વર્ણા દ્રવ્ય વગેરે સંસ્થાનવંત એહવા છે?

**ઊ-તર**—હે ગૌતમ, હા છે. એમ જાવત્ સાતમીનરક પર્યંત જ્યાં જેટલું જાડપણે છે ત્યાં તેટલું તેમજ કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીએ ઘનવાયનું વળય સાડાચાર જોજન જાડપણે છે, તેહને ક્ષેત્ર છેદનબુધ્યે છેદતેથકે વર્ણ પ્રમુખ છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, હા, એ સર્વે છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જ્યાં જેટલું ઘનવાયનું જાડપણું છે ત્યાં તેટલું તેમજ કહેવું. એમ તનવાયનું વળય પણ જાવત્ શબ્દે સાતમી નરક પર્યંત જ્યાં જેટલું જાડપણું છે ત્યાં તેટલું જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનું ઘનોદધી વળયનો કેવો આકાર છે?

**ઉ-તર**--હે ગૌતમ, વટ વળયાકારે છે. (ચુડીને આકારે) એ રત્નપ્રભા પૃથ્વીને ચોપખેર વીટી રહ્યું છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત ઘનોદધીનું વળય જાણવું. પણ એટલો વિશેષ જે પોતપોતાની નરક પૃથ્વી વીટી રહ્યા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનું ઘનવાયનું વળય કયે આકારે છે?

**ઉ-તર**—હે ગૌતમ, વટ વળયાકારે છે. તેમજ જાવત્ જેણે રત્નપ્રભા પૃથ્વીનું ઘનોદધી વળય સર્વ દિશે ચોપખેર વીટીને રહ્યું છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત ઘનવાયનું વળય જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનું તનવાયનું વળય કેવે આકારે છે?

**ઉ-તર**—હે ગૌતમ, વટ વળયાકારે છે. જાવત્ જેણે રત્નપ્રભા પૃથ્વીનું ઘનવાયનું વળય સર્વદિશે ચોપખેર વીટયું છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત તનુવાય વળયાકારે જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વી કેટલા જોજન લાંબપણે, પહોળપણે ને કેટલા જોજન પરિધિપણે છે?

**ઉ-તર**—હે ગૌતમ, અસંખ્યાતા હજાર જોજન લાંબપણે, પહોળપણે છે. ને અસંખ્યાતા હજાર જોજન પરિધિપણે છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વી અંતે ને મધ્યભાગે સર્વદિશે જાડપણે સરખી છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા. સર્વ ઠામે સરખી છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીએ પૂર્વે કાળને અનુક્રમે કરી સર્વ જીવ ઉપના છે, કે સમકાળે સર્વ જીવ ઉપના છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ રત્નપ્રભા પૃથ્વીએ સર્વ જીવ પુર્વે કાળને અનુક્રમે કરી અનંતીવાર ઉપના છે. પણ સર્વ જીવ સમકાળે (એકી વખતે) ઉપના નથી (કેમકે નરક સિવાય ત્રણ ગતિના જીવ છે માટે). એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વી, પુર્વે સર્વ જીવે કાળને અનુક્રમે કરી છાંડી છે? કે સમકાળે સર્વ જીવે છાંડી છે?

**ઉ-તર**—હે ગૌતમ, એ રત્નપ્રભા પૃથ્વી, પુર્વે સર્વ જીવે કાળને અનુક્રમે કરી અનંતીવાર છાંડી છે. પણ સમકાળે સર્વ જીવે છાંડી નથી (કેમકે છાંડે તો નરક ગતિનો અભાવ થાય.) એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીએ, સર્વ પુદ્ગળ પુર્વે કાળને અનુક્રમે કરી પેઠાં છે? કે સમકાળે સર્વ પુદગળ પેઠાં છે?

**ઉ-તર**—હે ગૌતમ, એ રત્નપ્રભા પૃથ્વીએ સર્વ પુદગળ પુર્વે કાળને અનુક્રમે કરી અનંતી વાર પેઠાંછે. પણ સમકાળે સર્વ પુદગળ પેઠાં નથી. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વી પુર્વે કાળને અનુક્રસે કરી સર્વ પુદગળે છાંડી છે? કે સમકાળે સર્વ પુદગળ છાંડે છે?

**ઊ-તર**—હે ગૌતમ, એ રત્નપ્રભા પૃથ્વી પુર્વે કાળ અનુક્રમે કરી સર્વ પુદગળે અનંતીવાર છાંડી છે. પણ સમકાળે સર્વ પુદગળે છાંડી નથી (કેમકે કેટલાએક પુદગળ બહાર પણ છે) એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વી શું શાસ્વતિ છે? કે અશાસ્વતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, શાસ્વતિ પણ છે, ને અશાસ્વતિ પણ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, શું કારણથી એમ કહો છો જે શાસ્વતિ પણછે ને અશાસ્વતિ પણછે?

**ઉ-તર**—હે ગૌતમ, દ્રવ્યપણે શાસ્વતિ છે, અચળ છે, ને પર્યાયગુણે તે વર્ણના પર્યાય, ગંધના પર્યાય, રસના પર્યાય ને સ્પર્સના પર્યાયપણે કરી અશાસ્વતિ છે. તે કારણે હે ગૌતમ એમ કહીએ છીએ જે શાસ્વતિ પણ છે ને અશાસ્વતિ પણ છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વી કાળથી કેટલા કાળની છે, ને કેટલા કાળ સુધી રહેશે?

**ઊ-તર**—હે ગૌતમ, કોણેય એ કીધી નથી. તેમ એ પૃથ્વી કોઇ કાળે હતી નહીં એમ પણ નથી, તેમ કોઇ કાળે એ પૃથ્વી નથી એમ પણ નથી, તેમ કોઇ કાળે એ પૃથ્વી નહીં હોય એમ પણ નથી. એ પૃથ્વી અનાદિ કાળની છે, વર્તમાનકાળે પણ છે, ને અનાગત (આવતે) કાળે પણ હસ્યેજ. ધ્રુવ છે, નીત્ય છે, શાસ્વતિ છે. તેનો કાળાંતરે પણ ક્ષય નથી, ઘટતી, વધતી નથી, અવસ્થિત છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના ઉપરલા ચરીમાંતથકી હેઠલો ચરીમાંત એ બે વચ્ચે કેટલો અબાધાઇ અંતર છે?

**ઉત્તર**—હે ગૌતમ, એક લાખ ને એસીં હજાર જોજનનો અબાધા છે. (એ નરકનું જાડપણું જાણવું.)

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીએ ઉપરલા ચારીમાંતથકી ખરકાંડનો હેઠલો ચરીમાંત, તે વચે કેટલો અબાધાએ અંતર છે?

**ઉ-તર**—હે ગૌતમ, સોળ હજાર જોજનનો છે. (ખરકાંડ આશ્રી જાણવું.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના ઉપરલા ચરીમાંતથકી રત્નકાંડનો હેઠલો ચરીમાંત. તે વચે કેટલો અબાધાઇ અંતર છે ?

**ઉત્તર**—હે ગૌતમ, એક હજાર જોજનનો છે. ( રત્નકાંડ એક હજાર જોજનનો છે તે માટે. )

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના ઉપરલા ચરીમાંતથકી બીજો જે વજ્રકાંડ તેહનો પણ ઉપરલો ચરીમાંત, તે વચે કેટલો અબાધાઇ અંતર છે ?

**ઊ-તર**—હે ગૌતમ, એક હજાર જોજનનો છે. ( રત્નકાંડ આશ્રી જાણવું. )

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીએ, ઉપરલા ચરીમાંતથકી બીજો જે વજ્રકાંડ તેહનો હેઠલો ચરીમાંત, તે વચે કેટલો અબાધાઇ અંતર છે ?

**ઉત્તર**—હે ગૌતમ, બે હજાર જોજનનો છે. ( રત્નકાંડ ને વજ્રકાંડ બને થઇને. ) એમ એણે અભીપ્રાયે. જાવત્ સોળમાં રીષ્ટકાંડનો ઉપરલો ચરીમાંતે પનર હજાર જોજનનો છે. ને હેઠલે ચરીમાંતે સોળ હજાર જોજનનો અંતર છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના ઉપરલા ચરીમાંતથકી પંકબહુલકાંડનો ઉપરલો ચરીમાંત, તે વચે કેટલો અબાધાઇ અંતર છે?.

**ઉત્તર**—હે ગૌતમ, સોળ હજાર જોજનનો છે. ( ખરકાંડ આશ્રી. )

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના ઉપરલા ચરીમાંતથકી પંકબહુલકાંડનો હેઠલો ચરીમાંત, તે વચે કેટલો અબાધાઇ અંતર છે?

**ઉત્તર**—હે ગૌતમ, એક લાખ જોજનનો છે. ( ખરકાંડ ને પંકબહુલકાંડ થઇને. )

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના ઉપરલા ચરીમાંતથકી અપબહુલકાંડનો ઉપરલો ચરીમાંત, તે વચે કેટલો અંતર છે?

**ઊ-તર**—હે ગૌતમ, તે પણ એક લાખ જોજનનો છે. ( ખરકાંડ ને પંકબહુલકાંડ થઇને. )

**પ્રશ્ન**—હે ભગવંત,રત્નપ્રભા પૃથ્વીના ઉપરલા ચરીમાંતથી અપબહુલકાંડનો હેઠલો ચરીમાંત, એ વચે કેટલો અબાધાઇ અંતર છે ?

**ઉ-તર**—હે ગૌતમ, એક લાખ એંસી હજાર જોજનનો છે. ( તે એમ જે સોળ હજારનો ખરકાંડ, ચોરાસી હજારનો પંકબહુલકાંડ, ને એંસી હજારનો અપબહુલકાંડ. એ સર્વ મળી એક લાખ એંસી હજાર જોજન થાય તે આશ્રી જાણવું. )

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનો ઉપરલો ચરીમાંત ને રત્નપ્રભા પૃથ્વી હેઠે જે ઘનોદધી તેનો પણ ઉપરલો ચરીમાંત, તે વચે કેટલો અબાધાઇ અંતર છે ?

**ઉ-તર**—હે ગૌતમ, એક લાખ એંસી હજાર જોજનનો છે ( તે પુર્વલી રીતે. )

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનો ઉપરલો ચરીમાંત ને ઘનોદધીનો હેઠલો ચરીમાંત, તે વચે કેટલો અબાધાઇ અંતર છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર—હે ગૌતમ, બે લાખ જોજનનો છે. (તે એમ જે સોળ હજારનો ખરકાંડ, ચોરાસી હજારનો પંકબહુલકાંડ, એંસી હજારનો અપબહુલકાંડ ને વીસ હજાર જોજનનો ઘનોદધી એમ બે લાખ જોજન જાણવા.)

પ્રશ્ન—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનો ઉપરલો ચરીમાંત ને તે હેઠે ઘનવાયનો પણ ઉપરલો ચરીમાંત, તે વચે કેટલો અબાધાઇ અંતર છે?

ઉત્તર—હે ગૌતમ, બે લાખ જોજનનો છે. (તે પુર્વલી રીતે જાણવો.)

પ્રશ્ન—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનો ઉપરલો ચરીમાંત ને ઘનવાયનો હેઠલો ચરીમાંત, તે વચે કેટલો અબાધાઇ અંતર છે?

ઉત્તર— હે ગૌતમ, અસંખ્યાતા લાખ જોજનનો છે. (તે એમજે પુર્વલા બે લાખમાં અસંખ્યાતા લાખ જોજનનો ઘનવાય ભળ્યો માટે.)

પ્રશ્ન—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનો ઉપરલો ચરીમાંત ને તે હેઠે તનવાયનો પણ ઉપરલો ચરીમાંત, તે વચે કેટલો અબાધાઇ અંતર છે?

ઉત્તર—હે ગૌતમ, પુર્વલી રીતે અસંખ્યાતા લાખ જોજનનો છે.

પ્રશ્ન—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનો ઉપરલો ચરીમાંત ને તનવાયનો હેઠલો ચરીમાંત, તે વચે કેટલો અબાધાઇ અંતર છે?

ઉત્તર—હે ગૌતમ, અસંખ્યાતા લાખ જોજનનો છે. (પુર્વલામાં અસંખ્યાતા લાખ જોજનનો તનવાય ભેળવવો. અસંખ્યાતામાં અસંખ્યાતા ભળે તો પણ અસંખ્યાતા થાય કેમકે અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ છે. માટે વીરૂદ્ધ નહિ) એમ એણે અભિપ્રાયે હેઠે જે અસંખ્યાતા લાખ જોજનનો આકાશ છે, તેનું પણ તેજ રીતે અંતર જાણવું.

પ્રશ્ન—હે ભગવંત, બીજી શકરપ્રભા પૃથ્વીનો ઉપરલો ચરીમાંત ને તેનો હેઠલો ચરીમાંત, તે વચ્ચે કેટલો અબધાઇ અંતર છે?

ઉત્તર—હે ગૌતમ, એકલાખ ને બત્રીસ હજાર જોજનનો છે. (બીજી નરકનો જાડપણો લેવો.

પ્રશ્ન—હે ભગવંત, બીજી શર્કરપ્રભા પૃથ્વીનો ઉપરલો ચરીમાંત ને ઘનોદધીનો હેઠલો ચરીમાંત, તે વચ્ચે કેટલો અંતર છે?

ઉત્તર—હે ગૌતમ, એક લાખને બાવન હજાર જોજનનો છે (વીશહજારનો ઘનોદધી ભળ્યો માટે.) એમ પુર્વલે અભીપ્રાયે ઘનવાય અસંખ્યાતા જોજનના અબાધાએ છે. એમજ તનવાય ને આકાશ પર્યંત જાણવું. વળી એજ રીતે સાતમી નરક પર્યંત, પણ એટલો વિશેષ કે જે જે નરકે જેટલું જાડપણું છે તેમધ્યે ઘનોદધીનું વીશહજાર જોજનનું જાડપણું ભેળીએ તે શકરપ્રભાને અનુસારે જાણવું.

હવે ઘનોદધીનું નરકના પીંડ સહીત પ્રમાણ કહેછે. વાળુપ્રભા ત્રીજી નરકે, એક લાખ ને અડતાલીશ હજાર જોજનનું જાડપણું છે. (તે એમ જે એક લાખ અઠાવીશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હજાર વાળુપ્રભા નરકનો પીંડ તેમાં વીશહજાર જોજનનો ઘનોદધી ભેળતાં એક લાખ અડતાલીશ હજાર જોજનનું માન થાય. એણેજ અભીપ્રાયે.) પંકપ્રભા ચોથી નરકે એક લાખ ને ચાળીશ હજાર જોજનનું જાડપણું છે. પાંચમી ધુમપ્રભાએ એક લાખને આડત્રીશ હજાર જોજનનું જાડપણું છે. છઠી તમપ્રભાએ એક લાખ ને છત્રીશ હજાર જોજનનું જાડપણું છે. ને સાતમી તમતમા પૃથ્વીએ એક લાખ ને અઠાવીશહજાર જોજનનું જાડપણું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એમ જાવત્ સાતે નરક પૃથ્વીનો ઉપરલો ચરીમાંત ને તે હેઠે આકાસનો હેઠલો ચરીમાંત, તે વચ્ચે કેટલો અબાધાઇ અંતર છે?

**ઊત્તર—**હે ગૌતમ, અસંખ્યાતા લાખ જોજનનો અબાધાઇ અંતર છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પહેલી રત્નપ્રભા પૃથ્વી, બીજી નરકથી જાડપણે શું સરખી છે, કે વિશેષાધિક છે, કે સંખ્યાત ગુણી છે? તેમ વિસ્તારપણે શું સરખી છે, કે વિશેષ હીણુ છે, કે સંખ્યાતગુણુ હીણુ છે?

**ઉત્તર—**હે ગૌતમ, એ રત્નપ્રભા પૃથ્વી બીજી નરક આશ્રિને જાડપણે સરખી નથી, વિશેષે અધિક છે, પણ સંખ્યાતગુણી નથી. તેમ વિસ્તારપણે સરખી નથી. વિશેષહીણુ છે, પણ સંખ્યાતગુણે હીણુ નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, બીજી નરક, ત્રીજી નરક આશ્રિને જાડપણે સરખી છે? જાવત્ સંખ્યાત ગુણે હીણુ છે?

**ઉત્તર**—હે ગૌતમ, પુર્વપરે જાણવું. એમ ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન—**હે ભગવંત, છઠ્ઠી નરક, સાતમી નરક આશ્રિને જાડપણે શું સરખી છે, કે વિશેષાધિક છે, કે સંખ્યાતગુણી છે? તેમ વિસ્તારપણે શું સરખી છે. જાવત્ સંખ્યાતગુણે હીણુ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એમ સર્વ પુર્વપરે જાણવું

ત્યારે શ્રી ગૌતમ સ્વામી કહે છે, જે સ્વામી તમે કહો છો તે પ્રમાણ. ॥ ઇતિ નારકીનો પહેલો ઉદ્દેશો પુરો થયો.

## ૩૯ નારકીનો બીજો ઉદ્દેશો.

**પ્રશ્ન—**હે ભગવંત, કેટલી નરક પૃથ્વી છે?

**ઉત્તર**—હે ગૌતમ, સાત છે. રત્નપ્રભા જાવત્ સાતમી તમતમા.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીમાં એક લાખ ને એંસીહજાર જોજનના પીંડમાં ઉપર કેટલા જોજન અવગાહી જઇએ ત્યારે, ને હેઠે કેટલા જોજન છાંડીએ ત્યારે મધ્યે કેટલા લાખ નરકાવાશા છે?

**ઊત્તર—**હે ગૌતમ, એ રત્નપ્રભા પૃથ્વીનો એક લાખ ને એંસીહજાર જોજનનો પીંડ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાડપણે છે. તે મધ્યે ઉપરથી એક હજાર જોજન અવગાહીએ (મુકીએ) ને હેઠે પણ એક હજાર જોજન વરજીએ મધ્યે એક લાખ ને અઠ્યોતેર હજાર જોજના પીંડમાં ત્યાં રત્નપ્રભા પૃથ્વીનાં નારકીના ત્રીસ લાખ નરકાવાસા છે એમ અનંતા તિર્થંકરે કહ્યું છે. તે નરકાવાસા માંહે ગોળ છે. ને બાહીર ચોખુણા છે. જાવત્ અશુભ નરકને વિષે વેદના છે. એમ એણે અભિપ્રાયે સર્વ પૃથ્વીને વિષે નરકાવાસાના આળાવા કહેવા. અને વિશેષે શ્રી પનવણાજી સુત્રના સ્થાનપદને અનુસારે જાણવા. વળી જે નરકે જેટલા નરકાવાસા છે તે નરકે તેટલા કહેવા. એમ જાવત્ સાતમી નરક પર્યંત કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, સાતમી નરકે કેટલા ઉત્કૃષ્ટા ગોટા મોટું છે આલય-ઠેકાણું જેહનું એવા નરકાવાસા છે?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ શ્રી પનવણાજી સુત્રના સ્થાનપદને વિષે કહ્યું છે તેમજ જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીએ નરકાવાસા કયે સંસ્થાને (આકારે) છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે પ્રકારે કહ્યા છે. આવલીકાબંધ, તે પંક્તિબંધ ૧ અને બીજા પંક્તિબંધ રહીત. (પુષ્પાવિકરણ) તે છુટા કહીએ ૨, તીહાં જે પંક્તિબંધ નરકાવાસા છે તે ત્રણ ભેદે છે. ગોળ ૧, ત્રીખુણિયા ૨, ને ચૌરસા ૩. ને જે પંક્તિ બાહરલા નરકાવાસા છે તે વિવિધ પ્રકારને સંસ્થાને સંસ્થીત છે. લોહના કોઠાને સંસ્થાને, મદિરા કરવાના ઠામને સંસ્થાને, રસોઇ કરવાના રસોડાને સંસ્થાને, લોઢીને સંસ્થાને, લોહ કડાઇને સંસ્થાને, થાળીને સંસ્થાને, મોટા હાંડલાને સંસ્થાને, તાપસના અડવલાને સંસ્થાને, લઘુ માંદલને સસ્થાને, મોટા માંદલને સંસ્થાને, નંદીમુખ માંદલને સંસ્થાને, (જે માંદલ મધ્યે બાર વાજીત્ર વાજે તે નંદીમુખ માંદલ કહીએ.) માટીની દડદડીને સંસ્થાને, સુઘોષા ઘંટાને સંસ્થાને, (સુઘોષા ઘંટા દેવલોકમાં છે.) મોટી દડદડીને સંસ્થાને, ભાંડના ડાકલાને સંસ્થાને, મોટા ઢોલને સંસ્થાને, ભેરીને સંસ્થાને, ઝાલરને સંસ્થાને, કુતંબકને સંસ્થાને, નાલને સંસ્થાને સંસ્થિત છે. એમ જાવત્ છઠી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સાતમી નરકે નરકાવાસા કયે સંસ્થાને છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે પ્રકારના સંસ્થાને છે. એક નરકાવાસો મધ્યનો વૃત્તાકારે (વાટલા ગોળ આકારે) છે ને ચાર તંસ (ત્રિખુણાકારે છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીએ નરકાવાસા જાડપણે કેટલા છે?

**ઉતર**—હે ગૌતમ, ત્રણ હજાર જોજનના જાડપણે છે, તે મધ્યે એક હજાર જોજનનો હેઠે પીંડ છે ને એક હજાર જોજન મધ્યે પોલા છે ને એક હજાર જોજન ઉપરે સંકુચિત ગોમટરૂપ છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીએ નરકાવાસા કેવડા લાંબપણે, પહોળપણે ને કેવડા પરિધિએ ફરતા છે?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર—**હે ગૌતમ, બે પ્રકારના છે, કોઇક નરકાવાસા સંખ્યાતા જોજન વિસ્તારપણે છે, ને કોઇક અસંખ્યાતા જોજન વિસ્તારપણે છે. તેમાં જે નરકાવાસા સંખ્યાતા વિસ્તારપણે છે તે સંખ્યાતા લાખ જોજનના લાંબપણે, પહોળપણે છે. ને સંખ્યાતા લાખ જોજન ફરતા પરિખિપણે છે. ને જે નરકાવાસા અસંખ્યાતા જોજનના વિસ્તારપણે છે તે અસંખ્યાતા લાખ જોજન લાંબપણે, પહોળપણે છે, ને અસંખ્યાતા લાખ જોજન ફરતા પરિખિપણે છે. એમ જાવત્ છઠી તમા નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન—**હે ભગવંત, સાતમી નરકના નરકાવાસા કેવડા લાંબપણે, પહોળપણે ને પરિખિપણે છે?

**ઉ-તર—**હે ગૌતમ, તે નરકાવાસા બે પ્રકારે કહ્યા છે. એક સંખ્યાતા જોજનને વિસ્તારે છે ને ચાર અસંખ્યાતા જોજનના વિસ્તારે છે. તેમાં જે સંખ્યાતા જોજનને વિસ્તારે અપયઠાણુ નામે નરકાવાસો છે તે એક લાખ જોજન લાંબપણે, પહોળપણે છે. ને ત્રણ લાખ સોળ હજાર બસેં સતાવીશ જોજન ત્રણ ગાઉ એકસો અઠાવીશ ધનુષ સાડાતેર આંગુલ કાંઇક ઝાઝેરાએ ફરતો પરિખિપણે છે. ને તેમાં જે અસંખ્યાતા જોજનના વિસ્તારે નરકાવાસા છે તે અસંખ્યાતા લાખ જોજન લાંબપણે, પહોળપણે ને ફરતા પરિખિપણે છે.

**પ્રશ્ન—**હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસા કેવે વર્ણે (રંગે) છે?

**ઉ-તર—**હે ગૌતમ, કાળા વર્ણે છે. કાળીજ પ્રભા છે. ભયવંત, ગંભીર, રોમ હર્ષ તે દેખીને રૂવાડાં ઉભાં થાય છે. બીહામણા છે, ત્રાસના ઉપજાવણહાર છે, ઉત્કૃષ્ટા કાળા છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન—**હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસા કેવે ગંધે છે?

**ઉ-તર—**હે ગૌતમ, તે યથાદ્રષ્ટાંતે જેહવા સર્પમૃત કલેવર, ગવા (ગાય) મૃતક, સ્વાનમૃતક, બીલાડામૃતક, મનુષ્યકલેવર, મહીષ (પાડા) ના કલેવર, મુષક (ઉંદર) ના કલેવર, અશ્વ (ઘોડા) ના કલેવર, હસ્તી (હાથી) ના કલેવર, સીંહના કલેવર, વાઘના કલેવર, ચીત્રાના કલેવર, દીપડાના કલેવર, ઇત્યાદિકના જેમ કોહ્યા (સડ્યા) વંઠયા માંસ તે દુર્ભિગંધપણું પામ્યા તે મધ્યે કીડા મુખ ઉપના તેણે કરી સહીત છે તે મહા અપવિત્ર કલમલાટવંત ભયનું કારણ બીહામણું જેનું દર્શન છે એમ ભગવંતે કહ્યું. ત્યારે ગૌતમ સ્વામી પુછે છે.

**પ્રશ્ન—**હે ભગવંત, તે નરકનો એહવો ગંધ છે?

**ઉ-તર—**હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં, કેમકે એ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસાનો એથી (અનંત ગુણો) અનિષ્ટીત ગંધ છે નિશ્ચે અમનોહર ગંધ છે. નિશ્ચે અણગમતો ગંધ છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન—**હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીએ નરકાવાસા કેવે સ્પર્શે છે?

**ઉત્તર—**હે ગૌતમ, તે યથાદ્રષ્ટાંતે કહે છે. જેવી ખડગની ધાર, છરપલા (સજીયા) ની ધાર, કંદબચીરીકા, (દાભ વિશેષ તૃણ વિશેષ તેના પત્ર)ની ધાર, સત્રુની અણી, બરછીની અણી, તોમર ( આયુધ ) ની અણી, નારાચ ( આયુધ ) ની અણી, સુળીની અણી, લકુલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષની અણી, ભીંડમાલ (આયુધ) ની અણી. સોઇની અણી, કઉચનો સ્પર્શ, વીંછીના કાંટા આંકડાની અણી, નિર્ધુમ (ધુવાડા રહીત) અગ્નીનો સ્પર્શ, ઝાળનો સ્પર્શ, અગ્નીના કણીયાનો સ્પર્શ, દીપની શીખાનો સ્પર્શ, નિંભાડાની અગ્નીનો સ્પર્શ, શુદ્ધ અગ્નીનો જેવો સ્પર્શ, એમ શ્રી ભગવંતે કહ્યું. ત્યારે શ્રી ગૌતમ પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જે આપે સ્પર્શ કહ્યા તેવો નર્કાવાસાનો સ્પર્શ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. કેમકે એ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસાનો એથી અનીષ્ટ (અનંતગુણો) સ્પર્શ છે. એમ અમનોહર તેહનો સ્પર્શ છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસા કેવડા મોટા છે?

**ઉત્તર**—હે ગૌતમ, આ જંબુદ્રીપનાંમાં દ્રીપ સર્વ દ્રીપ, સમુદ્રમાં અભ્યંતર ને સર્વદ્રીપથી લઘુ (નાનો) છે. તે તેલના પુડલાને સંસ્થાને સંસ્થીત છે. વૃત્ત છે, રથના પઇડાને આકારે વૃત્ત છે, કમળના ડોડાને સંસ્થાને સંસ્થીત વૃત્ત છે, પુનમના પૂર્ણ ચંદ્રમાને સંસ્થાને સંસ્થીત વૃત્ત છે, તે એક લાખ જોજન લાંબપણે, પહોળપણે છે. ત્રણલાખ સોળહજાર બસેં સતાવીસ જોજન ત્રણ ગાઉ એકસો સતાવીસ ધનુષ ને સાડાતેર આંગુલ કાંઇક ઝાઝેરો ફરતો પરિધિપણે છે. એ જંબુદ્રીપની પરિધિને કોઇ દેવતા મહારિદ્ધિનો ધણી જાવત્ માહાભાગ્યનો ધણી, મોટો જેનો મહિમા છે, મોટું જેનું બળ છે. મોટું જેનું ઐશ્વર્ય છે. મોટું જેનું સુખ છે, (બીજા કેટલાક આચાર્ય કહે છે જે મોટાં છે મન ઇંદ્રિયો જેનાં એવી જેની અચિંત્ય શક્તિ છે એવો દેવતા) તે ત્રણવાર આંખ મીચીને ઉઘાડીએ તેટલી વારમાં એકવીશ વાર ફરીને પાછો વળીઆવે તે દેવતા તેહવી ઉત્કૃષ્ટી, ઉતાવળી, ચપળપણે, સીઘ્રપણે, જયણાગતિયે, ઉધ્ધૃતગતિયે, સીઘ્રગતિયે, ચંડાગતિયે, દેવતા સંબંધી દેવતાની ગતિયે ચાલતે ચાલતે થકે જઘન્યથી એક અહોરાત્ર, બે અહોરાત્ર, ત્રણ અહોરાત્ર પર્યંત ને ઉત્કૃષ્ટ છ માસ પર્યંત ચાલે ત્યારે કોઇક નરકાવાસાનો પાર આવે ને કોઇક નરકાવાસાનો પાર આવે નહીં. એવડા મોટા છે. એમ હે ગૌતમ સાતમી નરક પર્યંત જાણવું. પણ એટલો વિશેષ જે સાતમી નરકે કોઇક નરકાવાસાનો પાર પામીએ અને કોઇક નરકાવાસાનો પાર ન પામીએ (કેમકે સાતમી નરકે વચલો અપઇઠાણા નરકાવાસો અતીક્રમી જાય લઘુ માટે. ને બાકીના ચાર છ માસે પણ વતિક્રમી શકે નહીં એવડા મોટા છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસા શી વસ્તુના છે?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ વજ્જરતનમય છે. તે નરકાવાસાને વિષે ઘણા જીવ ને પુદગળ ઉપક્રમે છે, વિક્રમે છે, ચવે છે, ઉપજે છે; એ નરકાવાસા દ્રવ્યપણે સાસ્વતા છે. ને પર્યાયથી વર્ણને પર્યાયે, ગંધને પર્યાયે, રસને પર્યાયે, સ્પર્શને પર્યાયે અસાસ્વતા છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીને વિષે નારકી કઇ ગતિમાંથી આવી ઉપજે. શું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસંજ્ઞીમાંથી ઉપજે? કે પંખીમાંથી ઉપજે? કે ભૂજપરસર્પમાંથી ઉપજે, કે પરીસર્પમાંથી ઉપજે, ચતુષ્પદમાંથી ઉપજે? કે સર્પમાંથી ઉપજે, કે સ્ત્રીમાંથી ઉપજે, કે માછલા. ને મનુષ્યમાંથી ઉપજે?

**ઉત્તર**—હે ગૌતમ,અસંજ્ઞી તિર્યંચમાંથી ઉપજે જાવત્ માછલા ને મનુષ્યમાંહેથી પણ ઉપજે.

એમ એણે અભીપ્રાયે સાતે નરકે ઉપજવાની બે ગાથા છે તેનો અર્થ કહે છે.

પહેલી નરકે અસંજ્ઞી તિર્યંચ જાય. બીજી નરક સુધી પરીસર્પ ભૂજપર સર્પ જાય. ત્રીજી નરક સુધી પંખી જાય. ચોથી નરક સુધી સીંહ પ્રમુખ થળચર જાય. પાંચમી નરક સુધી ઉરપરસર્પ જાય. છઠી નરક સુધી સ્ત્રી જાય. અને સાતમી નરક સુધી મછ જળચર ને મનુષ્ય જાય.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીને વિષે એક સમે કેટલા નારકી ઉપજે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક, બે, ત્રણ. ને ઉત્કૃષ્ટા સંખ્યાતા પણ ઉપજે ને અસંખ્યાતા પણ ઉપજે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકી સમયે સમયે એકેકો કાઢતાંથકાં કેટલે કાળે કાઢી રહીએ?

**ઉત્તર**—હે ગૌતમ, એ રત્નપ્રભાના નારકી અસંખ્યાતા છે. તે સમયે સમયે એકેક કાઢતાં થકાં અસંખ્યાતી ઉત્સર્પિણિ, અવસર્પિણિએ, કાઢી ન રહીએ એટલા નારકી છે (એ અસત કલ્પના દેખાડી છે પણ કેણેઇ અપહર્યા નથી.) એમ જાવત્ સાતમી પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીએ નારકીના શરિરની કેવડી અવગાહના (ઉંચાય) છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના શરીરની અવગાહના બે પ્રકારની છે. એક ભવધારણીક શરીર ને બીજી ઉત્તર વૈક્રીય શરીર. તેમાં ભવધારણીક શરીરની અવગાહના જઘન્યથી આંગુલને અસંખ્યાતમે ભાગે છે ને ઉત્કૃષ્ટી સાત ધનુપ ત્રણ હાથ છ આંગુલની છે. ને જે ઉત્તર વૈક્રીય શરીર તેની અવગાહના જઘન્યથી આંગુલને સંખ્યાતમે ભાગે ને ઊત્કૃષ્ટપણે પનર ધનુપને અઢી હાથની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બીજી નરકે નારકીના શરીરની અવગાહના કેવડી છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ભવધારણી શરીરની અવગાહના જઘન્યથી આંગુલને અસંખ્યાતમે ભાગે ને ઉત્કૃષ્ટપણે પનર ધનુપ ને અઢી હાથની છે. ને ઉત્તર વૈક્રીય જઘન્ય આંગુલને સંખ્યાતમે ભાગે ને ઉત્કૃષ્ટપણે એકત્રીશ ધનુપ ને એક હાથની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રીજી નરના નારકીના શરીરની અવગાહના કેવડી છે?

**ઉત્તર**—હે ગૌતમ, ભવધારણી શરીર જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ ને ઉત્કૃષ્ટપણે એકત્રીશ ધનુપ ને એક હાથ. ને ઉત્તર વૈક્રીય બાસઠ ધનુપ ને બે હાથની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચોથી નરકના નારકીના શરીરની અવગાહના કેવડી છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, ભવધારણી જઘન્ય આંગુલને અસંખ્યાતમે ભાગે ને ઉત્કૃષ્ટપણે બાસઠ ધનુષ બે હાથ, ને ઉત્તર વૈક્રીય જઘન્ય આંગુળને સંખ્યાતમે ભાગે ને ઉત્કૃષ્ટપણે એકસો પચવીશ ધનુષની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચમી નરકના નારકીના શરીરની અવગાહના કેવડી છે?

**ઉ-તર**—હે ગૌતમ, ભવધારણી જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ ને ઉત્કૃષ્ટી એકસો પચવીશ ધનુપ, ને ઉત્તર વૈક્રીય જઘન્ય આંગુલનો સંખ્યાતમોભાગ ને ઉત્કૃષ્ટ અઢીસો ધનુપની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, છઠી નરકના નારકીના શરીરની અવગાહના કેવડી છે?

**ઉ-તર**—હે ગૌતમ, ભવધારણી જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ ને ઉત્કૃષ્ટપણે અઢી સો ધનુપ ને ઉત્તર વૈક્રીય જઘન્ય આંગુલનો સંખ્યાતમો ભાગ ને ઉત્કૃષ્ટપણે પાંચસે ધનુષ્યની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સાતમી નરકના નારકીના શરીરની અવગાહના કેવડી છે?

**ઉ-તર**—હે ગૌતમ, ભવધારણી શરીરની અવગાહના જઘન્યથી આંગુલને અસંખ્યાતમે ભાગે. (ઉપજતી વેળાએ.) ને ઉત્કૃષ્ટપણે પાંચસો ધનુષ્યની. ને ઉત્તર વૈક્રીય શરીરની અવગાહના જઘન્ય આંગુલને સંખ્યાતમે ભાગે. (કરતી વેળાએ.) ને ઉત્કૃષ્ટપણે એક હજાર ધનુષ્યની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકીના શરીર કયા સંઘયણનાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, છ સંઘયણથકી રહીત છે, એટલે અસંઘયણી છે. કેમકે હાડ, રૂધીર, નસાજાળ નથી, તે કારણે સંઘયણ નથી. ને જે પુદ્‌ગળ અનીષ્ટ જાવત્ અમનોજ્ઞ તે તેહના શરીર સંઘાતપણે પરણમે છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકીના શરીર કયે સંસ્થાને છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના શરીર બે પ્રકારે છે. એક ભવધારણી શરીર, ને બીજા ઉત્તર વૈક્રીય શરીર. તેમાં જે ભવધારણી શરીર તે હુંડ સંસ્થાને છે. ને ઉત્તર વૈક્રીય શરીર તે પણ હુંડ સંસ્થાને છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીનાં નારકીનાં શરીર કેવે વર્ણે છે?

**ઉ-તર**—હે ગૌતમ, કાળા છે કાળીજ પ્રભા છે. જાવત્ ઉત્કૃષ્ટે કાળે વર્ણે છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકીના શરીરનો કેવો ગંધ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તે યથા દ્દષ્ટાંતે કહે છે. જેહવાં સર્પનાં મડાં. એમ જાવત્ પુર્વપરે નરકાવાશાની દુર્ગંધ કહી તેમ વર્ણન કરવો. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકીના શરીર કેવે સ્પર્શે છે?

**ઉ-તર**—હે ગૌતમ, ફાટી શરીરની ચામડી છે, માઠી કાંત છે, કઠીણ સ્પર્શ છે. જેહવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બળેલ કાષ્ટ હોય તેહવી શરીરની ચામડીનો સ્પર્શ છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકીને કેવા પુદગળ સ્વાસોસ્વાસપણે પરણમે છે?

**ઉત્તર**—હે ગૌતમ, જે પુદગળ અનિષ્ટ જાવત્ અમનોજ્ઞ છે, તે પુદગળ નારકીને શ્વાસોશ્વાસ પણે પરણમે છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું. વળી સાતે નરકે આહારના પુદગળ પણ એમજ જાણવાં.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકીને કેટલી લેસ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, એક કાપોત લેશ્યા છે. એમ શકરપ્રભા બીજી નરકે પણ એક કાપોત લેશ્યા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રીજી વાળુપ્રભાએ કેટલી લેશ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે લેશ્યા છે. નીલ લેશ્યા ૧, ને કાપોત લેશ્યા ૨. તેમાં જે કાપોત લેશ્યાના ધણી નારકી તે ઝાઝા છે ને નીલ લેશ્યાના ધણી નારકી તે થોડા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચોથી પંકપ્રભા નરકના નારકીને કેટલી લેશ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, એક નીલ લેશ્યા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચમી ધુમપ્રભા નરકના નારકીને કેટલી લેશ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને બે લેશ્યા છે. કૃશ્ન લેશ્યા ૧, ને નીલ લેશ્યા ૨. તેમાં જે નીલ લેશ્યાના ધણી નારકી તે ઝાઝા છે ને કૃશ્ન લેશ્યાના ધણી નારકી તે થોડા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, છઠ્ઠી તમપ્રભા નરકના નારકીને કેટલી લેશ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, એક કૃશ્ન લેશ્યા છે, ને સાતમી નરકે પરમ કૃશ્ન લેશ્યા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકી શું સમ્યકત્વ દ્રષ્ટી છે? કે મિથ્યાત્વ દ્રષ્ટી છે? કે સમમિથ્યાત્વ દ્રષ્ટી છે?

**ઉત્તર**—હે ગૌતમ, સમ્યકત્વ દ્રષ્ટી પણ છે, મિથ્યાત્વ દ્રષ્ટી પણ છે, ને સમમિથ્યાત્વ દ્રષ્ટી પણ છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકી શું જ્ઞાની છે, કે અજ્ઞાની છે?

**ઉત્તર**—હે ગૌતમ, જ્ઞાની પણ છે, ને અજ્ઞાની પણ છે. તેમાં જે જ્ઞાની છે તે નિશ્ચે ત્રણ જ્ઞાનના ધણી છે. મતિજ્ઞાન ૧, શ્રુતજ્ઞાન ૨, ને અવધજ્ઞાન ૩, ને જે અજ્ઞાની છે તેમાં કેટલાએક બે અજ્ઞાનના ધણી છે, ને કેટલાએક ત્રણ અજ્ઞાનના ધણી છે. વળી તેમાં જે બે અજ્ઞાનના ધણી છે તે નિશ્ચે મતિઅજ્ઞાન ને શ્રુતઅજ્ઞાનના ધણી છે. ને જે ત્રણ અજ્ઞાનના ધણી છે તે નિશ્ચે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન ને વિભંગ જ્ઞાનના ધણી છે. (જે બે અજ્ઞાન કહ્યાં તે પહેલી નરકે સમુર્છિમ તિર્યંચ ઉપજે તે ભણી કહ્યું, કેમકે તેને ઉપજતી વેળાએ અપર્યાપ્તા લગે બે અજ્ઞાન હોય, પછે પર્યાપ્તા થયા પછી નિશ્ચે ત્રણે અજ્ઞાન લાભે) ને શેષ છ નરકે જ્ઞાની પણ છે ને અજ્ઞાની પણ છે. તેમાં જે જ્ઞાની છે તે નિયમા ત્રણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનના ધણી છે, ને જે અજ્ઞાની છે તે ત્રણ અજ્ઞાનના ધણી છે. (આંહી ત્રણ અજ્ઞાન કહ્યાં તેનું કારણ એ જે પહેલી નરક સુધીજ સમુર્છિમ ઉપજે. શેષ નરકે ઉપજે નહીં તે માટે જાણવું).

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકી, શું મનજોગી છે? કે વચનજોગી છે? કે કાયજોગી છે?

**ઉત્તર**—હે ગૌતમ, મનજોગી છે, વચનજોગી છે, ને કાયજોગી પણ છે. એમ જાવત સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકી શું સાકારોપયોગી છે, કે અનાકારોપયોગી છે?

**ઉત્તર**—હે ગૌતમ, સાકારોપયોગી પણ છે, ને અનાકારોપયોગી પણ છે. એમ જાવત્ સાતમીં નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકી અવધજ્ઞાને કરી કેટલું ક્ષેત્ર જાણે, ને દેખે? એમ જાવત્ સાતમી નરકના નારકી અવધજ્ઞાને કેટલું ક્ષેત્ર જાણે, ને દેખે?

**ઉત્તર**—હે ગૌતમ, રત્નપ્રભા પહેલી નરકના નારકી જઘન્યથી સાડાત્રણ ગાઉ ને ઉત્કૃષ્ટું ચાર ગાઉ અવધીજ્ઞાને કરી જાણે, ને દેખે. બીજી શકરપ્રભાએ જઘન્યથી ત્રણ ગાઉ ને ઉત્કૃષ્ટ સાડાત્રણ ગાઉ. એમ એણે અભિપ્રાયે નરક નરકઅંતે અર્ધ અર્ધ ગાઉ ઓછું કરતાં ત્રીજી નરકે જઘન્યથી અઢી ગાઉ ને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉ. ચોથી નરકે જઘન્યથી બે ગાઉ ને ઉત્કૃષ્ટ અઢી ગાઉ. પાંચમી નરકે જઘન્યથી દોઢ ગાઉ ને ઉત્કૃષ્ટ બે ગાઉ. છઠી નરકે જઘન્ય એક ગાઉ ને ઉત્કૃષ્ટ દોઢ ગાઉ. સાતમી નરકે જઘન્યથી અર્ધ ગાઉ ને ઉત્કૃષ્ટ એક ગાઉ. નારકી અવધજ્ઞાને જાણે, ને દેખે.

**પ્રશ્ન**—હે ભગવંત. એ રત્નપ્રભા પૃથ્વીના નારકીને કેટલી સમુદઘાત છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ચાર સમુદઘાત છે. વેદના સમુદઘાત ૧, કષાય સમુદઘાત ૨, મારણાંતિક સમુદઘાત ૩, ને વૈક્રીય સમુદઘાત ૪. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકી કહેવીક ભૂખ, તરસ ભોગવતાથકા વિચરે છે?

**ઉત્તર**—હે ગૌતમ,—એકેક રત્નપ્રભા પૃથ્વીના નારકીના મુખને વિષે અસદભાવ દ્રષ્ટાંતે કરી સર્વ સમુદ્રના પાણી ને સર્વ પુદગળ ધાન પ્રમુખ પ્રક્ષેપે (ઘાલે) તોપણ નિશ્ચે તે રત્નપ્રભા પૃથ્વીનો નારકી ત્રપ્ત ન થાય (ધ્રાપે નહીં) એટલે તેની ભૂખ ભાંગે નહીં ને તૃષા પણ ભાંગે નહીં. એવી તે રત્નપ્રભા પૃથ્વીના નારકી ક્ષુધાને પીપાસા ભોગવે છે. એમ હે ગૌતમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકી વૈક્રીય શરીરે શું એક રૂપ વૈકુવે, કે ઘણા રૂપ વૈકુવે?

**ઉત્તર**—હે ગૌતમ, એક રૂપ પણ વૈકુવે, ને ઘણા રૂપ પણ વૈકુવે. તેમાં એક રૂપ વૈકુવતો થકો એક મોટું મુદગળનું રૂપ અથવા મુખંડી, (પ્રહરણ વિશેષ) કરવત, ખડગ, શક્તિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પ્રહરણ વિશેષ) હળ, ગદા, મુશળ, ચક્ર, નારાચ, ( પ્રહરણ વિશેષ ) બરછી, તોમર, (પ્રહરણ વિશેષ) ત્રિશળ, લાકડું, જાવત્ ભીડમાળ. (આયુધ વિશેષ) ઇત્યાદિ રૂપ વૈકુવે. ને ઘણારૂપ વૈકુવતો થકો. મુદગળના રૂપ વૈકુવે જાવત્ ભીડમાળ પ્રમુખના રૂપ વૈકુવે. વળી તે પણ સંખ્યાતારૂપ વૈકુવે. પણ અસંખ્યાતા રૂપ વૈકુવે નહીં. તે પણ સંબંધ કરે પણ અસંબંધ કરે નહીં. તે પણ સરખાંજ કરે પણ અણસરખાં કરે નહીં. એહવા રૂપ વૈકુવે, વૈકુવીને માંહોમાંહે એકબીજાની કાયાને વેદના ઉદેરે. તે વેદના ઉજલી, ઘણીજ આકરી, કર્કસ, કટુક, બીહામણી, નિઠુર, ચંડ, તિવ્ર દુખદાય, દુર્ગમ, વિષમ, દુખે અહીયાસવા (ખમવા) જોગ્ય વેદના ઉદેરે. એમ જાવત્ ધુમપ્રભા પાંચમી નરક પર્યંત જાણવું. (પ્રહરણ કૃત વેદના પાંચજ પૃથ્વી લગે છે તે માટે.) ને છઠી, સાતમી નરકે, નારકી માંહોમાંહે ઘણાજ મોટે રૂપે લોહના કંથુયાના રૂપ વજ્રના મુખ છે જેના એહવા કંથુયા જેહવા છાણા મધ્યે કીડા ઉપજે છે તે પ્રમાણે વૈકૃવે, વૈકૃવીને એકબીજાની કાયા મધ્યે મુકે ત્યારે તે કંથુયા શરીરની ત્વચા (ચામડી) વગેરે ભક્ષણ કરતાં થકાં, પોતાને પ્રાક્રમે ચાલતાંથકાં, નારકીના શરીરમધ્યે પ્રવેશ કરતાંથકાં. શરીરને વિષે ઉજળી જાવત્ દુખે અહીયાસવા જોગ્ય વેદના ઉદેરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકી, શું શીતવેદના વેદે છે, કે ઉષ્ણવેદના વેદે છે, કે શીતોષ્ણ વેદના વેદે છે?

**ઉત્તર**—હે ગૌતમ, શીતવેદના વેદતા નથી. કેવળ એક ઉષ્ણવેદના વેદે છે. પણ સીતોષ્ણ વેદના વેદતા નથી. (સીતોષ્ણ વેદના તો સુખાકારી છે. માટે તે નારકીને હોય નહીં.) એમ જાવત્ વાળુપ્રભા ત્રીજી નરક સુધી ઉષ્ણવેદના જાણવી.

**પ્રશ્ન**—હે ભગવંત, ચોથી પંકપ્રભાના નારકી સીત, ઉષ્ણ, ને સીતોષ્ણ. તેમાં કઇ વેદના વેદે છે?

**ઊ-તર**—હે ગૌતમ, સીત વેદના પણ વેદે છે, ને ઉષ્ણવેદના પણ વેદે છે. પણ સીતોષ્ણ વેદના વેદતા નથી. વળી તેમાં જે ઉષ્ણવેદના વેદે છે, તે ઝાઝા છે, ને જે સીતવેદના વેદે છે તે નારકી થોડા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચમી ધુમપ્રભાએ નારકી, શું સીતવેદના વેદે છે, કે ઉષ્ણવેદના વેદે છે, કે સીતોષ્ણ વેદના વેદે છે?

**ઊ-તર**—હે ગૌતમ, સીતવેદના પણ વેદે છે, ને ઉષ્ણવેદના પણ વેદે છે, પણ સીતોષ્ણન-વેદના વેદતા નથી. તેમાં જે સીતવેદના વેદેછે તે નારકી ઝાઝા છે ને જે ઉષ્ણવેદના વેદે છે તે નારકી થોડા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, છઠી તમપ્રભાએ નારકી કઇ વેદના વેદે છે? (પુર્વલી રીતે પુછયું.)

**ઉત્તર**—હે ગૌતમ, એક સીતવેદના વેદે છે પણ ઉષ્ણ વેદના વેદતા નથી. તેમ સીતોષ્ન વેદના પણ વેદતા નથી. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું, પણ એટલો વિશેષ જે સાતમી નરકના નારકી પરમ સીતવેદના વેદે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકી કેવોક નરકનો ભય ભોગવતા થકા વીચરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, ત્યાં નારકી નિત્યે અંધકારે કરી ઘણું બીયે છે, પરમાધામીની બીકે ઘણું ત્રાસ પામે છે, નિત્યે પરમાધામી ત્રાસવે છે, નિત્યે દુખે કરી ઉદવેગવંત છે, નિત્યે ઉપદ્રવ્યવંત છે. નિત્યે પરમ અશુભ, અતુલ અનુબંધ સહીત એહવો નરકનો ભય ભોગવતાં થકાં વીચરે છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સાતમી નરક પૃથ્વીયે પાંચ ઉત્કૃષ્ટા મહામોટા ને મોહોટા છે આલય (સ્થાનક) જેહના એહવા નરકાવાસા કિયા છે?

**ઉત્તર**—હે ગૌતમ, કાળ ૧, મહાકાળ ૨, રોરૂક ૩, મહારોરૂક ૪, ને અપયઠાણુ ૫. તેમાં પાંચ માહાપુરૂપ એહ ભવે ઉત્કૃષ્ટા મન, વચન, કાયાના અર્થાદંડ, અનર્થાદંડના સંજોગ મેળીને પાપ કર્મ કરી કાળને વખતે કાળ કરી એટલે આયુષ્ય પુરૂં થયા પછી મરીને અપયઠાણુ નરકાવાસે નારકીપણે ઉપના, તેના નામ કહે છે. રામ (જમદગ્ની તાપસ પુત્ર) જેને ફરશુરામ કહે છે ૧, દઢાયું (અપરનામા દત્ત લક્ષ્મીનો પુત્ર) ૨, વસુરાજા ૩, (જે અધર સીંહાસને બેસતો તે) સુભૂમ ચક્રવૃર્ત્તિ. (કૌરવ ગોત્રનો ઉપનો) ૪, બ્રહ્મદત્ત (ચુલણીનો પુત્ર.) ૫, એ પાંચ જીવ ત્યાં નારકી થયા છે. તે કાળે વર્ણે કાળીજ આભા (પ્રભા) જાવત્ ઉત્કૃષ્ટે કાળે વર્ણે છે. તે નારકી ત્યાં ઉજળી, વિપુળ, ઘણી જાવત્ દુખે અહીયાસવા (ખમવા) જોગ્ય એવી વેદના વેદે છે.

## ૪૦. પાંચ મહાપુરૂષોની કથા.

હવે પાંચ મોટા પુરૂપ (મહાપુરૂપ લોકીક પક્ષના જાણવા) અઘોર પાપ કરીને સાતમી નરકે અપઇઠાણુ નામના નરકાવાસાને વિષે તેત્રીસ સાગરોપમને આવખે નારકીપણે ઉપના, તે કોણ અને કેવા કર્તવ્યથી ઉપના, તેનું ટુંક બ્યાન આ પ્રસંગે જાણવામાટે કથારૂપે યોગ્ય ધારી (કથાને આધારે) કહેવામાં આવે છે. તેમાં ફરશુરામ અને સુભૂમનો સંબંધ પરસ્પર ભેળો હોવાથી બંનેની સાથે કથા કહે છે.

### ૧-૪ ફરશુરામ તથા સુભૂમની કથા.

પહેલા સૌધર્માનામા દેવલોકને વિષે બે મિત્ર દેવતા છે, તેમાં એકનું નામ વિસ્વાનર તે સમ્યક્ત્વદ્રષ્ટિ દેવ છે. અને બીજો ધનવંતર દેવ તે મિથ્યાત્વી તાપસનો ભક્ત છે. તે બંને મિત્રો સામસામી ધર્મચર્ચા કરતાં એકએકનો ધર્મ વખાણે છે. એમ કરતાં એકદા સમયે બેઉ દેવોએ એવો ઠરાવ કર્યો જે આપણે બેઉ ધર્મના ગુરૂઓની પરીક્ષા કરીએ! એમ નક્કી એક મતના થઇ પરિક્ષા કરવા તે બંને દેવતા મનુષ્ય લોકને વિષે આવ્યા. એવે અવસરે મિથલાનગરીનો સ્વામી પદ્મરથ નામે રાજા પોતાનું રાજ્ય છોડી શ્રી વાસુપૂજ્ય સ્વામી પાસે દિક્ષા લેવાને ચંપાનગરીયે જાય છે. તે ભાવ ચારીત્રીયાને દેખી જૈની સમ્યક્ત્વદ્રષ્ટી દેવતા, મિથ્યાત્વિ દેવતાને કહે જે, જૈન ધર્મની મહતા જોવી હોય તો પહેલી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એહની પરીક્ષા કરીએ. પછે તારા તાપસની કરશું. એમ કહી અનેક પ્રકારનાં ભોજન પ્રમૂખ (દેવશકિતથી) દેખાડયા પણ તે ભાવ સાધુએ જરા પણ મન ડગાવ્યું નહીં અને સત્વથકી જરા પણ ચળ્યો નહીં. ત્યાર પછી મારગને વિષે એક બાજુ કરોડો દેડકા વીગેરે જીવ વૈકુવ્યા, અને બીજી બાજુ તિક્ષણ અણિયાળા વજ્ર જેવા કાંટા અને કાંકરા વૈકુવ્યા. ત્યારે દેડકાનો મારગ મુકીને તે ભાવ સાધુ કાંટા માંહે ચાલવા લાગ્યા. તેથી કાંકરાને કાંટા તેના પગમાં વાગવાથી પગે લોહી વહેવા લાગ્યું. વેદના ખમી પણ દેડકાના ઉપર કરૂણા લાવી પોતે પોતાના શરીરે દુઃખ સહન કર્યું, પણ તે મારગે ચાલ્યા નહીં. ત્યાર પછી દેવતાએ નિમિત્તીયાનું રૂપ કરી હાથ જોડી વિનય પુર્વક કહેવા લાગ્યા કે, અહો સ્વામી તમે દીક્ષા લેવા જાવો છો પણ હજુ તમારૂં આયુષ્ય ઘણું છે, અને હમણાં જોવન અવસ્થા છે માટે રાજ્ય રૂધિ સંપદા સ્ત્રીઓ ભોગવીને પછે વૃદ્ધપણે દિક્ષા લેજો. તે સાંભળી ભાવ સાધુ બોલ્યા હે નિમતિયા માહરૂં આયુષ્ય ઘણું છે તો હું ઘણાં વરસ ચારિત્ર પાળીશ જેથી મુજને ઘણો લાભ થાશે, વળી જોવન અવસ્થાએ ધર્મ કરણી બની શકે છે. માટે હમણાંજ ચારિત્ર લેવું ભલું છે, કેમજે વૃદ્ધ અવસ્થાએ ધર્મ સાધન બનવું ઘણું કઠણ છે એવી રીતની તે ભાવ સાધુની દ્રઢતા દેખી દેવતાએ હર્ષ પામી જૈન સાસનની પ્રસંસા કીધી. ત્યાર પછી જૈન દેવતા કહે ચાલો તમારા તાપસની પરીક્ષા કરીએ. એમ કહી ચાલ્યા જાય છે. એવામાં એક જુનો ઘણા દીવસથી વનમાંહી જટાધારી તપ તપતો ધ્યાને રહ્યો. યમદગ્ની નામે તાપસ દીઠો તેની પરીક્ષા કરવા સારૂ દેવતાએ ચકલા ચકલીનું રૂપ કરી તેની દાઢી માંહે માળો ઘાલ્યો, પછે ચકલો મનુષ્યની ભાષાએ બોલ્યો અરે ચકલી તું અહીં સુખે રહેજે. હું હિમવંત પર્વતને વિષે જઇને આવું છું. ત્યારે ચકલી બોલી હું તમને જાવા નહીં દઉં કેમજે તમે પુરૂષ જ્યાં જાવ ત્યાં લુબ્ધ થાવ ને પછી પાછા ન આવો ત્યારે મારી શી ગતિ થાય. હું અબળા એકલી કેમ રહું. તમારો વિયોગ કેમ ખમાય માટે જાવા નહીં દઉં. ત્યારે ચકલો બોલ્યો હે સ્ત્રી સ્યાને હઠ કરે છે, હું જરૂર વહેલો આવીશ, ને જો ન આવું તો મુજને બ્રાહ્મણ ૧, ગાય ૨, બાળક ૩, અને સ્ત્રી ૪. એ ચાર હત્યાનું પાપ છે. ત્યારે ચકલી બોલી એમ તો હું માનું નહીં પણ જો તમે એહવા સોગન ખાવ કે જો તમે પાછા ન આવો તો તમને યમદગ્ની તાપસનું પાપ થાય. એવા સોગન ખાઓ તો જાવા દઉં. એવું વચન સાંભળી યમદગ્ની તાપસ ધ્યાન ચુકયો, ક્રોધ કરીને ચકલા ચકલીને પકડી કહેવા લાગ્યો કે અરે ચકલી ! એહવું માહરામાં શું પાપ છે? ત્યારે ચકલી બોલી હે રૂષીશ્વરજી ક્રોધ ન ચડાવો આપણા શાસ્ત્રને વિષે જુવો. કહ્યું છે કે—

**अपुत्रस्य गतिर्नास्ति, स्वर्गोनैवच नैवच॥**

**तस्मात् पुत्रमुखं दृष्ट्वा, स्वर्गं गछंति मानवाः ॥१॥**

ભાવાર્થ કે—અપુત્રીયાને સદ્‌ગતિ કે સ્વર્ગ નથી, તે માટે પુત્રનું મુખ જોયા પછી સ્વર્ગે મનુષ્ય જાય. માટે તમે અપુત્રીયા છો તેથી તમને ગતિ કયાંથકી હોય? તે માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તમારૂં પાપ ઘણું છે, એ વાત તપસ્વીએ સત્ય કરી માની, ને તે દેવતા પોતાના સ્થાનકે ગયા. અને મિથ્યાત્વી દેવતા હતો તે પણ સમ્યક્ત્વ પામી જૈની થયો. હવે ઇહાં જમદગ્ની તાપસ પંખીના મુખની વાત સાચી માની મનમાંહી વિચાર્યું જે એક સ્ત્રી પરણી પુત્ર ઉપજાવું તો મુજને ગતિ થાય. એમ ચીતવીને કોષ્ટ નગરને વિષે જીતશત્રુ રાજા છે તેની પાસે આવીને કહે જે મુજને એક કન્યા આપો. ત્યારે રાજા કહે માહરે એકસો બેટીઓ છે તે માંહેથી જે તમને ઇચ્છે તેને લઇ જાવ. એમ સાંભળી તાપસ રાજાના અંતઃપુરમાં જ્યાં કન્યાઓ બેઠી છે ત્યાં ગયો; ત્યારે તેની જટા તથા મળમલીન શરીર દેખી સઘળી કન્યાઓ થુંકી. તેથી તાપસને ઘણો ક્રોધ ચડયો તેથી તપને બળે સઘળી કન્યાઓને કુબડી કરી રીસ ચડાવી પાછો વળ્યો. એવામાં રાજાના મહેલ પાસે એક કન્યા રમતી દીઠી. તેને બીજોરૂ (ફળ) દેખાડયું તે લેવા તેણીએ લાંબો હાથ કર્યો. ત્યારે તાપસે રાજાને કહ્યું આ કન્યા મુજને ઇચ્છે છે એમ કહી ને કન્યાને લઇ ચાલ્યો. તે દેખી રાજા તેના શ્રાપથી બીહીને તેને એકહજાર ગાયો તથા દાસદાસી સહિત તે કન્યા પરણાવી. ત્યારે તે તાપસે પેલી સો કન્યા જે કુબડી કરી હતી તેને સારી કીધી. ત્યારપછી તે તાપસ પોતાનો સઘળો તપ ગુમાવીને તે રેણુકા નામની કન્યાને લેઇ વનમાંહી ગયો, ત્યાં અડવલો કરી રહ્યો. અને ત્યાંજ તે બાળકન્યાને પાળીપોષી મોટી કરી. જોવન અવસ્થા પામી ત્યારે પ્રથમ ઋતુસ્નાનને અવસરે તે કન્યાને કહે સાંભળ, હું તને એક ચરૂ મંત્રીને આપું તે ખાજે તેથી કરીને તાહરે એક બ્રાહ્મણ પુત્ર થાશે? ત્યારે રેણુકા બોલી સ્વામી મને બે ચરૂ મંત્રીને આપો કે જેથી કરી એક બ્રાહ્મણ પુત્ર થાય ને એક ક્ષત્રિય પુત્ર થાય. કેમકે એક ક્ષત્રીચરૂ મારી બેન અનંગસેના નામે છે તે હસ્તિનાપુરને વિષે અનંતવિર્ય રાજાને પરણાવી છે તેહને આપીશ. ત્યારે રેણુકાના કહ્યાથી તાપસે બે ચરૂ મંત્રી સાધીને આપ્યા. પછી રેણુકાએ વિચાર્યુ જે માહરે ક્ષત્રી શુરવીર પુત્ર થાય તો આ વનવાસમાંથી છુટું. માટે ક્ષત્રી ચરૂ (ઔષધ) હુંજ ખાઉં. એમ વિચારી ક્ષત્રીચરૂ પોતે ખાધો અને બ્રાહ્મણચરૂ હતો તે પોતાની બહેનને મોકલ્યો. તે અનંગસેનાએ ખાધો. હવે અનંગસેનાને પુત્ર થયો. તેનું નામ કૃતવીર્ય આપ્યું અને રેણુકાને પુત્ર થયો તેનું નામ રામ એહવું આપ્યું. અનુક્રમે યોવન અવસ્થા (રામ) પામ્યો. હવે એકદા સમયે તેના અડવલાને વિષે એક વિદ્યાધર અતિસાર નામના રોગથી પીડયો થકો ત્યાં આવ્યો. રામે તેની સારસંભાળ કરી ઔષધાદિકે સારો કર્યો. ત્યારે વિદ્યાધરે પ્રસન્ન થઇને રામને ફરશુ નામે વિદ્યા આપી. તે વિદ્યા રામે સાધી તેથી ફરશી (કુહાડો) પ્રગટ થઇ. તેથી ફરશુરામ નામ પ્રસિદ્ધ થયું. દેવ અધિષ્ટિત કુહાડાનું આયુદ્ધ લેઇને પૃથ્વિમાંહે ફરે પણ એને કોઇ જીતી શકે નહીં. એકદા સમયે તે ફરશુરામની મા રેણુકા પોતાની બેનને મળવા સારૂ હસ્તીનાપુરે ગઇ. ત્યાં પોતાના બનેવી અનતંવિર્ય રાજા સાથે તેને સંબંધ થયો તેણે રેણુકાને ભોગવી. તે થકી ઓધાન રહ્યું. અનુક્રમે પુત્ર જનમ્યો. પછી તે રેણુકાને યમદગ્ની તાપસે પુત્ર સહિત પોતાને આશ્રમે આણી તે વાત ફરશુરામે જાણી તેથી તે પુત્ર સહિત પોતાની માને મારી નાંખી. તે વાત અનંતવિર્ય રાજાએ જાણી તેથી ત્યાં આવી તેના અડવલા ભાંગી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાંખ્યા. તેથી ફરશુરામને ક્રોધ ચડયો. ત્યારે તેણે અનંતવિર્યનું મસ્તક કાપી નાખ્યું. પછી અનંતવિર્ય રાજાનો પુત્ર કૃતવિર્ય રાજગાદીએ બેઠો. તેણે પોતાના બાપનું વૈર લેવાને યમદગ્નિ તાપસને માર્યો. ત્યારે ફરશુરામે ફરશીને બળે કરી કૃતવિર્યને મારી ગજપૂરનું રાજ્ય લીધું. એહવે કૃતવિર્ય રાજાની એક તારા નામે રાણી ગર્ભવંતી છે તેણે ચઉદ સ્વપ્ન દીઠાં છે તે નાસીને વનમાંહી કોઇક તાપસને શરણે આવીને રહી. તાપસને કરૂણા આવી તેથી તેણીને ભોંયરામાંહી છાની રાખી અનુક્રમે ભોંયરામાંહી તેણીએ પુત્ર પ્રસવ્યો. ભોંયરામાંહી જનમ્યો માટે સુભૂમ એવું નામ દીધું. તે બાળક ભોંયરામાંહીજ મોટો થવા લાગ્યો, ઇહાં ફરશુરામને ક્ષત્રી ઉપર ઘણો ક્રોધ વ્યાપ્યો. તેણેકરી સાત વાર ક્ષત્રી રહીત પૃથ્વી કરી. જ્યાં ક્ષત્રીને દેખે ત્યાં મારે. અને તમામ ક્ષત્રીની દાઢા એકઠી કરી એક થાળ ભરી મુકયો છે. એમ ફરતો ફરતો એકદા તે ફરશુરામ (જ્યાં સુભૂમ છે ત્યાં) તે તાપસના અડવલા આગળ આવ્યો ત્યારે ફરશીમાંથી ઝાળ નીકળવા લાગી. તેથી કરી તાપસોને પુછ્યું ઇહાં કોઇ ક્ષત્રિ છે? ખરૂં બોલો? માહરી ફરશીમાંથી અંગારા વરસે છે માટે ઇહાં કોઇ ક્ષત્રિ છે! ત્યારે તાપસ કહે અમેજ ગૃહસ્થાશ્રમમાં સર્વ ક્ષત્રિ હતા બીજો તો કોઇ નથી. એમ સાંભળી તાપસ જાણી જીવતા મુકયા. પછી સર્વ ક્ષત્રિને મારી ફરશુરામ ગજપુર આવી રાજ કરવા લાગ્યો. એકદા સમયે કોઇક નિમિત્તીયાને ફરશુરામે પુછ્યું કે મને મારનાર કોણ થાશે? ત્યારે નિમિત્તીયો બોલ્યો કે તમે જે ક્ષત્રિની દાઢાનો થાળ ભર્યો છે તે દાઢા જેના દેખવે કરીને ખીર થાશે, અને તે ખીર જે ખાશે તે તમારો મારનારો થાશે. એવું સાંભળીને ફરશુરામે પોતાના મારનારની શોધ કરવા સારૂ દાનશાળા મંડાવી ત્યાં ક્ષત્રિની દાઢાનો થાળ પણ મુકયો. ત્યારપછી વૈતાઢય પર્વતનો રહેનાર મેઘનાદ નામે વિદ્યાધર છે તેણે નિમિત્તીયાને પુછ્યું કે માહરી પુત્રીનો વર કોણ થાશે? ત્યારે નિમિત્તીયાએ કહ્યું કે સુભૂમ થાશે. ત્યારે તે વિદ્યાધરે પોતાની દીકરી સુભૂમને પરણાવી અને પોતે પણ સુભૂમની સેવામાં રહ્યો. એકદા સમયે સુભૂમે પોતાની માતાને પુછ્યું. કહો માતાજી પૃથ્વી આટલીજ છે? એહવું પુત્રનું વચન સાંભળી આંખે આંસુ નાખતી ગદ્‌ગદ્ કંઠે તારારાણીએ સર્વ પાછલી વાત કહી સંભળાવીને કહે જે અરે પુત્ર તારા બાપદાદા અને સર્વ ક્ષત્રી મારી આપણું રાજ્ય ફરશુરામે લીધું છે અને આપણે નાસીને તાપસને શરણે રહ્યા છીએ. એવી રીતની સર્વ વાત પોતાની માતાના મુખથી સાંભળીને એકદમ સુભૂમને ક્રોધ ચડયો. ત્યારે ભોયરામાંથી બહાર નીકળી મેઘનાદ વિધ્યાધરને સાથે લઇને જ્યાં ગજપુર નગરે દાનશાળા છે ત્યાં આવ્યો. ત્યારે ક્ષત્રીની દાઢાનો જે થાળ હતો તે ખીર થઇ તેને સુભૂમ ખાવા લાગ્યો, એટલે તે વાતની ફરશુરામને ખબર થઇ એટલે ફરશુરામ પણ સાવચેત થઇ જાજલ્યમાન અંગારા વરસતી ફરશી લઇને બહાર આવ્યો. ત્યારે સુભૂમની નજર ફરશી ઉપર પડવાથી તેના પુન્ય પ્રભાવે કરીને ફરશી બુઝાઇ ગઇ ને ઠંડી થઇ ગઇ. ત્યારે સુભૂમે ખીર ખાઇને ફરશુરામના ઉપર ખીરનો થાળ ફેંકયો, તે થાળ ફીટીને એકહજાર દેવતા અધિષ્ટાયક એવું ચક્ર થયું. તે ચક્રે કરી ફરશુરામનું મસ્તક છેદયું ને ફરશુરામ આર્ત, રૂદ્રધ્યાને મરી સાતમી નરકે ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રથમ મહાપુરૂષ ૧. ત્યારે સુભૂમનો ચક્રવૃત્તિ પદવીનો ઉદય થયો. જય જય શબ્દ થયો. દેવતાએ ફુલની વૃષ્ટિ કરી.

હવે ક્ષત્રી માર્યાના વેરથી સુભૂમે એકવીશ વાર બ્રાહ્મણ રહીત પૃથ્વી કરી. જ્યાં બ્રાહ્મણને દેખે ત્યાં મારે. ચક્રને બળે કરી ૭ ખંડ સાંધ્યા. વળી લોભે કરીને ધાતકીખંડના ભરતક્ષેત્ર તેહના ૭ ખંડ સાધવા ચાલ્યો. અડતાળીશ ગાઉનું ચર્મ રત્ન વિસ્તારી તે ઉપર બેસી તથા તેના ઉપર કટકદળ ચડાવી લવણ સમુદ્ર તરવાને મુકયું. તેવે સમે સમકાળે હજાર દેવતાએ ચર્મરત્ન મુકી દીધું તેણે કરી કટક સહીત સુભૂમ ચક્રવૃત્તિ દરીયામાં ડુબી મુવો. મરીને પાપના ઉદય થકી સાતમી નરકે ગયો. એ ચોથો મહાપુરૂષ.

## ૨. દ્રઢાયુ (બીજું નામ દન્ત) ની કથા.

રમણીપુર શહેરમાં જીતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. દત્ત નામના પુરોહિતને રાજાએ પ્રધાન પદવી આપી. કૃતઘ્ન સ્વભાવવાળા દત્ત પ્રધાને સામંત મંડળને સ્વાધિન કરી રાજાને બંદીખાને નાંખ્યો. અને રાજ્યાસન ઉપર પોતે બેઠો. તેણે અનેક જીવોના સંહાર વાળો યજ્ઞ પ્રારંભ્યો. એવા અવસરમાં કાળિકાચાર્ય નામના જૈનાચાર્ય તે શહેરમાં આવ્યા. આ કાળિકાચાર્ય તે દત્ત રાજાના સંસાર પક્ષના મામા હતા. માતાની પ્રેરણાથી તે દત્ત આચાર્ય પાસે આવ્યો. ઉદ્ધત સ્વભાવથી આચાર્યશ્રીને યજ્ઞના ફળ સંબંધમાં પ્રસ્ન કર્યું. આચાર્યશ્રી વિચારવા લાગ્યા કે જેમાં નિરપરાધી અનેક જીવોનો સંહાર થાય તે ધર્મ હોય નહીં. અને તેનું ફળ નર્કગતિ સિવાય બીજું છે નહીં. આ રાજાને જો હું યજ્ઞનું ફળ નરક કહીશ તો કોપાયમાન થશે તેમ રાજસત્તા સ્વાધીન હોવાથી તે મને પણ હેરાન કરશે. અને બીજી બાજુ જો યથાસ્થિત નથી, કહેતો, તો મારા સત્યવ્રતનો લોપ થાય છે, અને જીનેશ્વરની આજ્ઞાનો ભંગ થાય છે. આમ ઉભય (બને) રીતે મને સંકટમાં આવવાનું છે, છતાં ભલે સત્ય બોલવાથી શરીરનો નાશ થતો હોય તો થાઓ પણ અસત્ય તો કહેવુંજ નહીં. કેમકે ક્ષણભંગુર સ્વભાવવાળા આ શરીરના સુખ માટે યા રક્ષણ માટે જેઓ પોતાના સત્યવ્રતને જલાંજલી આપેછે તે નરકાદિ ગતિમાં મહા ઘોર રૌરવ વેદના સહન કરેછે. તેવા હતભાગી જીવોનું જીવન આ દુનિયા ઉપર નકામું છે એમ દ્રઢ નિર્ણય કરી આચાર્યશ્રીએ કહ્યું કે—"હે દત આવા જીવ હિંસાવાળા યજ્ઞ કરનાર મરીને નરકે જાયછે." આ શબ્દો સાંભળતાંજ દત્તના રોમેરોમે ક્રોધ વ્યાપી ગયો તેથી આચાર્ય શ્રી ઉપર તુચ્છકારના શબ્દો કરી દત્ત ઉભો થયો, અને આક્રોશ કરતો થકો બોલ્યો કે તેની નિશાની શું? ત્યારે આચાર્યે ઉપયોગ મુકી કહ્યું કે—આજથી સાતમે દિવસે તું કુંભીની માંહે પચ્યાવાઇશ અને મરણ પામીશ. ત્યારે દન્તે કહ્યું, તેની નિશાની શું? ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે—કુંભિમાં પડયા પહેલાં તારા મોઢામાં વિષ્ટાનો છાંટો પડશે. એ સાંભળી દત્તને ભય લાગ્યો કે આચાર્યનું કહેવું સત્ય તો નહિ હોય? પછે દન્તે આચાર્યને ફરતી ચોકી રાખી દત્ત ચાલ્યો ગયો. રાજમહેલમાં આવ્યો નગરમાં તમામ જગ્યેથી અસુચી કઢાવી કોઇને નગરમાં ઝાડે ફરવા દીયે નહિ. નગરની તમામ જમીન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોખી કરાવી વિષ્ટાનું બુંદ પણ રહેવા દીધું નહિ, ને સઘળી જગ્યોએ ફુલ પથરાવ્યા ને પોતે અંતઃપુરમાં રહ્યો. મરણના ભયથી છ દિવસ સુધી અંતઃપુરમાં ભરાઇ રહ્યો. ઉત્સુક્તાથી છઠ્ઠા દિવસને સાતમો દિવસ ગણી મારૂં મરણ થયું નહિ, માટે હવે આચાર્યને વિડંબના કરી મારી નાંખુ. એહવા ઇરાદાથી તે મહેલથી ઘોડા ઉપર બેસી બહાર જવા નીકળ્યો. તે દિવસે બનાવ એવો બન્યો કે સરીયામ રસ્તા ઉપર થઇ પ્રાતઃકાળમાં એક બુઢો માળી ફુલ લઇને જતો હતો. તેને રોગાદિ કારણથી ઝાડાની હાજત થઇ ગઇ. તે રહી નહીં શકતાં તેણે ત્યાંજ સરિયામ રસ્તા ઉપર હાજત પુરી કરી. તેના ઉપર કેટલાંક ફુલ ઢાંકી ચાલતો થયો. હવે દત્તરાજા ત્યાંજ થઇને નીકળ્યો. ઘોડાના પગનો ડાબડો જોરથી વિષ્ટા ઢાંકેલા ફુલ ઉપર પડયો. અને તેમાંથી વિષ્ટાનો છાંટો ઉડીને રાજાના મોઢામાં પડયો. જેવો વિષ્ટાનો છાંટો રાજાના મોઢામાં પડયો તેવોજ રાજા એકદમ ચમકયો અને પાછો ફરી ભયનો માર્યો રાજા પોતાના મહેલમાં પેઠો. એ ખબર સામંતાદિકને પડતાં તેના અન્યાયથી કંટાળી ગયેલા સામંતોએ પુર્વના (પહેલાના) રાજાને બંદીખાનામાંથી બહાર કાઢયો અને રાજ્યાસન ઉપર બેસાડયો. કોપાયમાન થયેલા રાજ્યાસનપર બેઠેલા રાજાએ દતને બાંધી મંગાવ્યો અને કુંભિમાં નાંખી હેઠળ તાપ કરી કાગડા કુતરાને તેનું શરીર ખવડાવ્યું. એ દત્ત મરણ પામી રૌદ્ર ધ્યાનથી મરી સાતમી નરકે ગયો. એ બીજો મહાપુરૂષ. ૨.

## ૩ વશુરાજાની કથા.

ચેદી નામે દેશના શુક્તિમતી નામે શહેરમાં અભિચંદ્ર નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને બુદ્ધિમાન વશુ નામનો કુમાર હતો. ક્ષીરકદંબ નામના ઉપાધ્યાય ગૃહસ્થ ગુરૂ પાસે વશુકુમાર, નારદ અને તે ઊપાધ્યાયનો પર્વતક નામનો પુત્ર એ ત્રણે સહાધ્યાયી પણે ભણતા હતા. એક દિવસે અગાશીમાં સૂતેલા. આ ત્રણે વિદ્યાર્થિઓને જોઇ આકાશ માર્ગે બે ચારણ, મુનીઓ વાતો કરતાં ચાલ્યા જાય છે, તેમાંથી એક વિદ્યાધર મુનીએ બીજા મુનિને કહ્યું કે આ ત્રણમાંથી બે નરકગામી છે ને એક દેવલોક (સ્વર્ગ) ગામી છે. આ હકીકત ગૃહસ્થ ઊપાધ્યાયે સાંભળી તેની પરીક્ષા કરવા માટે જૂદા જૂદા લોટના ત્રણ કુર્કટ બનાવીને ત્રણે શિષ્યને દીધા, અને કહ્યું કે જ્યાં કોઇ દેખે નહિ ત્યાં એહને મારી આવજો. આમ સાંભળી ત્રણે જંગલમાં જુદા જુદા જઇ આવ્યા, તેમાં વસુરાજા ને પર્વતક એ બે જણ તો જંગલમાં જઇ કોઇ એકાંત જગ્યાએ કુકડાનો વિનાશ કરીને આવ્યા, અને નારદે તો ઘણા સ્થાનક જોયાં પણ કયાંઇ કોઇ ન દેખે એવું સ્થાનક દીઠું નહિ, ત્યારે કુકડાને પાછો અણ્યો. ત્યારે ઊપાધ્યાયે પૂછયું કે કેમ પાછો લાવ્યો? ત્યારે નારદે કહ્યું કે—દેવ, દાનવ, જ્ઞાની વિગેરે દેખી રહ્યા છે તેમ મારો આત્મા પણ દેખતો હતો, માટે શી રીતે આપની આજ્ઞાનો ભંગ કરી એહનો વિનાશ કરૂં? તે સાંભળી ઊપાધ્યાયે ચિંતવ્યું કે એ સ્વર્ગગામી છે. ને પેલા બે નરકગામી છે. તે પરિક્ષામાં પોતાના પુત્રને નરકમાં જનાર જાણી પેતાના પ્રયાસને નિર્થક ગણતો સંસાર વાસનાથી વિરક્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઇ તેણે ત્યાગ માર્ગનો સ્વીકાર કર્યો. ને અનુક્રમે શુભ અધ્યવશાયે આયુષ્ય પૂર્ણ કરી દેવગતિ પામ્યો.

રાજા મરણ પામ્યા બાદ વશુ, રાજા થયો. પર્વતક ઊપાધ્યાય પદ ઉપર આવ્યો અને નારદ કોઇ બીજે ઠેકાણે ચાલ્યો ગયો.

વશુરાજા સત્ય બોલતો હતો અને સત્યવાદી તરીકે તેની દુનિયામાં પ્રખ્યાતિ થઇ હતી. એક સ્વચ્છ સ્ફટિક રત્નની શિલાનું આસન બનાવી તેના ઉપર સિંહાસન સ્થાપન કરી વશુરાજા સભામાં તે પર બેસતો હતો. લોકો અતિ સ્વચ્છતાને લઇને તે આસનને જોઇ શકતા નહોતા તેથી સત્યના પ્રભાવે દેવો આ રાજાનું સિંહાસન આકાશમાં અધર રાખે છે એવી દુનિયામાં પ્રખ્યાતિને પામ્યો.

એક દિવસ નારદ પર્વતકને ઘેર આવ્યો. ત્યારે પર્વતક વેદ સંબંધી શિષ્યો આગળ વ્યાખ્યા કરતો હતો, તેમાં જ્યાં અજ શબ્દ આવ્યો ત્યારે પર્વતકે બકરાંને હોમવા એવો અર્થ કર્યો. ત્યારે નારદે કહ્યું ભાઇ તારી ભૂલ થાય છે. કેમકે ગુરૂજીએ અજ શબ્દે ત્રણ વરસની જુની ડાંગર (કમોદ વ્રીહિ.) કહી છે કેમકે **"न जायते इंति अजः"** જે વાવી થકી ફરીવાર ઉગે નહિ તે અજ કહેવાય. અજનો અર્થ બકરો પણ થાય છે છતાં આંહી તેનો ગૌણ અર્થ લેવાનો છે. ગુરૂ ઉપદેશક હતા; શ્રુતિપણ ધર્મ કથન કરનારી છે તો અજનો અર્થ બકરો લઇ આવો અનર્થ કરી ગુરૂ અને શ્રુતિને તારે દૂષિત કરવી જોતી નથી. એમ નારદે કહ્યું તેથી પોતાના વચન ઉપર શિષ્યોને અપ્રતિતી થશે તેમ જાણી પર્વતકે ગુસ્સે થઇ કહ્યું કે—ખરો અર્થ બકરો છે. અને ગુરૂએ પણ એમજ કહ્યું છે. આપણે તેનો નિર્ણય કરીએ. તેમાં સરત એટલી કે જે જુઠો પડે તેની જીભ કાપવી. માટે આ અર્થ કરવામાં આપણે સહધ્યાયી વશુરાજા પ્રમાણ છે. નારદે પણ તેમ કરવા કબુલ કર્યું. એ વાતની ખબર પર્વતકની માતાને પડી. તેથી પર્વતકની માતાએ પર્વતકને ગુપ્તપણે તેને ઘણો સમજાવ્યો કે બેટા મેં પણ તારા પિતાના મુખથી ત્રણ વરસની ડાંગર (સાળ) એ અર્થ સાંભળ્યો છે, માટે નારદ પાસે માફી માગ. કેમકે વશુરાજા સત્ય બોલશે. માટે આમાં તારા જીવનું જોખમ થશે. પર્વતકે કહ્યું ગમે તેમ થાઓ પણ હું તો હવે પાછો ફરવાનો નથી.

પુત્ર સ્નેહથી તેની મા વશુરાજા પાસે ગઇ. એકાંતમાં પુત્રનો તથા નારદનો સંવાદ કહ્યો, અને તેણે હઠ કરી ગમે તેમ થાય પણ ગુરૂ પુત્રને પ્રાણભિક્ષા આપવાનો આગ્રહ કર્યો. વશુરાજા સત્યવાદી હતો તેથી પ્રથમ તો જુઠી સાક્ષી ભરવા ઘણી આનાકાની કરી પણ દાક્ષિણ્યતાથી, સ્ત્રીના આગ્રહથી અને ગુરૂ પુત્રના સ્નેહથી તેણે તે વાત અંગીકાર કરી. ખરેખર મોહથી મોહિત થયેલા જીવો કસોટીના અવસરે દઢ રહી શકતા નથી. તેમજ પોતાની ખ્યાતિનો પણ ખ્યાલ કરતા નથી. હવે વશુરાજાએ હા પાડવાથી ખુશી થઇ ગુરૂપત્નિ ઘેર ગઇ. પ્રાતઃકાળમાં પર્વતક અને નારદ સભામાં આવ્યા અને પોતપોતાનો વિવાદ કહી સંભળાવ્યો. તેથી સભાના લોકોએ કહ્યું મહારાજ (વશુરાજા) તમે સત્યવાદી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છો, માટે જેમ સત્ય હોય તેમ કહી આપી, આ વિવાદનો નિર્ણય કરી આપો. ત્યારે કુમતિથી પ્રેરાઇ દુર્બુદ્ધિ રાજાએ અજનો અર્થ ગુરૂએ બકરો કહ્યો છે તેવી ખોટી સાક્ષી આપી. આ સાક્ષી આપતાંજ નજીકમાં રહેલા કોઇ વ્યંતર દેવે તત્કાળ વસુરાજાને શિંહાસનપરથી નીચે પાડી નાંખ્યો અને પછાડીને મારી નાંખ્યો. તે રૂદ્રધ્યાને મરી સાતમી નરકે ગયો. અસત્ય બોલનારા પાપીને તેવું પાપ ફળીભૂત થયું. એમ કહી નારદ ત્યાંથી ચાલ્યો ગયો. સભાના લોકોએ ફિટકાર આપેલો પર્વતક પણ ત્યાંથી ચાલ્યો ગયો; અને અધ્યાપી પર્યંત જુઠી સાક્ષી આપનાર વસુરાજાની અપકિર્તિ દુનિયામાં ફેલાતી રહી. એ ત્રીજો માહા પુરૂપ. ચોથા માહા પુરૂપની કથા પ્રથમ સાથે આવેલ છે.

## ૫. બ્રહ્મદત્ત ચક્રવૃત્તની કથા.

કાંપીલ્ય નગરના બ્રહ્મરાજાની ચુલણી રાણીએ ચઉદ સ્વપ્ન સૂચિત એક પુત્રનો જન્મ આપ્યો. તેનું નામ બ્રહ્મદત્ત રાખવામાં આવ્યું. રાજાએ ઘણા હર્ષથી પુત્ર જન્મોત્સવ કર્યો. આ બ્રહ્મ રાજાને કાશી દેશનો કટક રાજા, હસ્તીનાપુરનો કરેણુદત્ત રાજા, કોશળ દેશનો દીર્ઘપૃષ્ટ રાજા, અને ચંપાનો પુષ્પચુલ રાજા. એમ ચાર રાજા મિત્રો હતા. જ્યારે બ્રહ્મદત્ત કુમાર બાર વર્ષની ઉમરનો થયો ત્યારે અકસ્માત શળના રોગથી બ્રહ્મરાજા પરલોક ગયો. બ્રહ્મદત્તકુમાર નાનો હોવાથી ચાર મિત્રોએ એકેક વર્ષ વારાફરતી તેના રાજ્યનું રક્ષણ કરવાનું નકી કર્યું. અનુક્રમે દીર્ઘપૃષ્ટ રાજા રાજ્ય રક્ષણ કરવા માટે એક વર્ષ ત્યાં આવ્યો. તે અંતેઉરમાં કાર્યપ્રસંગે જતા આવતાં ચૂલણી રાણી સાથે વિશેષ પ્રીતિ થઇ અને ક્રમે કરી નિરંકુશપણે તેઓ અકાર્ય કરવામાં દોરાયા; એ વાતની ખબર રાજ્યના મહાન સ્થંભતુલ્ય ધનુ નામના મંત્રી (પ્રધાન) ને થઇ. એટલે તેણે પોતાના પુત્ર વરધનુને બ્રહ્મદત્ત કુંવરને અવસરે તેની માતા અને દીર્ઘપૃષ્ટ રાજાનું અકાર્ય જણાવવા સમજાવ્યું, તેથી વરધનુએ કુંવરને અવસરે માહિતગાર કર્યો. સંજ્ઞામાં સમજાવવા માટે હંસી અને કાગડાના સંયોગવાળું જોડલું બનાવી શુળીથી વીંધી નાંખી પોતાની માતા અને દીર્ઘપૃષ્ટને કુમારે તે બતાવ્યું, અને વિશેષમાં જણાવ્યું કે આવા અકાર્ય કરનારનો અન્યાય હું સહન નહીં કરતા જીવથી મારી નાંખીશ. બાળ ચેષ્ટાવાળા પણ મહાન ગંભીર અર્થ સુચક આ વાક્યોથી દિર્ઘપૃષ્ટ ચમક્યો અને કુંવર મને નકી મારી નાખશે એવા ઇરાદાથી તેણે કુમારની માતા ચુલણી રાણીને સમજાવ્યું કે જો તારે મારી જરૂર હોય તો આ કુમારને તું ગમે તે પ્રકારે મારી નંખાવ. વિષયમાં અંધ થએલી પ્રેમાળ પણ અત્યારે શત્રુરૂપ થએલી માતાએ એ વચન સ્વીકાર્યું અને લાખ (જોગણી)નો મહેલ ચણાવી નવોઢા રાણીની સાથે તેમાં રહેવાને કુમારને તેની માતાએ આજ્ઞા આપી ધનુમંત્રી પ્રધાન આ સર્વ બીનાનો ગુપ્ત રીતે માહિતગાર હોવાથી કુમારનો બચાવ કરવા માટે વૃદ્ધાવસ્થામાં ધર્મધ્યાન કરવું જોઇએ, એમ દીર્ઘ રાજાને સમજાવીને કહ્યું કે હવે મારાથી રાજ્યના કાર્યો નહીં બની શકે એ પ્રમાણે કહી રાજ્ય કાર્યોથી ફારક થયો, અને નદી કિનારે દાનશાળા બંધાવી ધર્મ કરતો થકો ત્યાં રહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાખનો મહેલ બનાવાતો જોઇનેજ તે કુમારના મરણ માટે આગાહી કરી રહ્યો હતો. જેથી કુમારના બચાવ માટે પોતાના મુકામની નજદીકથી તે લાખના મહેલ સુધી જમીનમાં સળંગ ખોદાવી, અને તેનું બારણું તે મહેલમાં આવે તેમ કરી આડી એક શિલા (પથ્થર) મુકાવી. અને પોતાના પુત્ર વરધનુને તેનો માહિતગાર કર્યો. અને અવસરે (વખત આવે) કષ્ટ પડયે તમારે અહીંથી નીકળી ચાલ્યા જવું. વિગેરે વિગેરે સમજાવ્યું. બ્રહ્મદત્ત કુમારનાં લગ્ન કરીને તરતજ આ મહેલમાં રહેવાને માતાએ તેને હુકમ કર્યો. સરળસ્વભાવી કુમાર માતાના આ દુષ્ટ ચેષ્ટિતને સમજી શક્યો નહીં.

રાત્રી શાન્ત થઇ જેથી સર્વે માણસો નિદ્રાવશ થયા ત્યારે વહાલી પણ વેરણ માતાએ કુમાર વિધ્યમાન છતાં પોતાના વિષય સુખરૂપ સ્વાર્થમાં ખામી આવતી જાણી વિષયની અંધીમાં આખા મહેલને ચારે બાજુથી આગ લગાડી. અહા ! વિષયથી અંધ બનેલી માતા! આવા ચક્રવૃત્તિ જેવા પૂત્રરત્નને પણ મારતાં પાછું વાળી જોતી નથી, વિષય શું ન કરે !! આવા કારણથીજ જ્ઞાની પુરૂષો આવા વિષયોને ઝેરની ઉપમા આપે છે એટલુંજ નહીં પણ જેમ બને તેમ તેનાથી મુક્ત થવા માટે જીવોને બોધ આપે છે.

ભડભડાટ કરતી અગ્નીની જાજળમાન જ્વાળાઓ ચારે બાજુ પ્રસરતી જોઇ કુંવર જાગ્યો. વરધનુ તો જાગતોજ હતો, આકુળવ્યાકુળ થઇ આગ લાગવાનું કારણ અને તેનાથી બચવાનો ઉપાય કુમારે વરધનુને પુછયો. વરધનુએ માતાનું અને દિર્ઘપૃષ્ટ રાજાનું અકાર્ય વિશેષ પ્રકારે સમજાવ્યું અને કહ્યું કે અત્યારે નાશી ભાગી છુટયા સિવાય બીજો એકેઇ ઉપાય રહ્યો નથી; કેમકે રાજ્ય દિર્ઘપૃષ્ટે પોતાને સ્વાધીન કરી લીધું છે વિગેરે કુમારને સમજાવ્યું ને નાસી છુટવા માટે આડી શિલા આપેલી શુરંગ બતાવી. ત્યારે પાટુના પ્રહારથી બ્રહ્મદત્તે શિલા કાઢી નાંખી અને ત્યાંથી બંને જણ ચાલ્યા ગયાં. પાછળથી દિર્ઘપૃષ્ટને ખબર પડતાં તપાસ ઘણો કરાવ્યો, વિગેરે ઘણી બીના તેનો મોટો રાસ તથા ચરિત્ર છે તેમાં છે. અહીં તો ટુંકામાં એટલુંજ કે ત્યાથી ભાગી નીકળી અન્ય રાજ્યોમાં તથા જંગલોમાં ફરતા અને છુપા વેશમાં રહેતા. આ બ્રહ્મદત્ત કુમારે પુર્વના સુકૃત કર્મને લઇને અનેક રાજકુમારિકાઓ અને મોટી રૂધિ એકઠી કરીને છેવટે દિર્ઘપૃષ્ટ રાજાને યુદ્ધમાં મારી પિતાના રાજનો માલિક થયો. અનુક્રમે છ ખંડ સાધી ચક્રવૃત્તિ રાજાનું બિરૂદ ધારણ કર્યું.

જ્યારે બ્રહ્મદતને દીર્ઘપૃષ્ટ રાજાના ભયથી નાસી જવું પડયું હતું ત્યારે મુસ્કેલીના વખતમાં અટવી ઓળંગવામાં એક બ્રાહ્મણે તેને સહાય કરી હતી. જેથી બ્રહ્મદત્તે તેને કહ્યું હતું કે બ્રહ્મદત્ત ચક્રવૃત્તિ ગાદી ઉપર બેઠા છે એમ તું સાંભળ ત્યારે તું મારી પાસે આવજે, એટલે હું તારૂં દારિદ્ર દુર કરીશ.

હવે જ્યારે બ્રહ્મદત્તે ચક્રવત્તિ રાજા થયાનું બિરૂધ ધારણ કર્યું એવા ખબર એ બ્રાહ્મણને પડતાં તે બ્રહ્મદત્તને મળ્યો એટલે બ્રહ્મદત્તે તેને જે માગે તે આપવાનું વચન કહ્યું ત્યારે તે બ્રાહ્મણે પોતાની સ્ત્રીની શીખવણીથી નિરંતર જુદે જુદે ઘેર ભોજન કરવું અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક મોહોર દક્ષણામાં મળે તેવું વચન માગ્યું. રાજાએ તે સ્વીકાર્યું. તેમાં પહેલો જમવાનો વારો બ્રહ્મદત્ત ચક્રવૃત્તિને પોતાનેજ ઘેર આવ્યો. રાજાએ ઘણી સારી રસોઇ જમવામાં પીરસાવી, પરંતું બ્રાહ્મણે હઠ લીધી કે જે ભોજન તમે કરોછો તેજ ભોજન અમને આપો. રાજાએ ઘણું સમજાવ્યો કે ચક્રવૃત્તિનું ભોજન બીજાને પચે નહીં માટે તેનો આગ્રહ તું છોડી દે. તે છતાં બ્રાહ્મણે તેનું કહેવું માન્યું નહીં ને ઉલટું મેણું માર્યું કે આટલું ભોજન જે રાજા આપી શકતો નથી તે બીજું શું આપશે? એમ કહેવાથી રાજાએ નિરૂપાયે તેના કુટુંબને પોતાનું ભોજન કરાવ્યું. આ ભોજન કરવાથી તે બ્રાહ્મણનું કુટુંબ વિષયથી એટલું બધું વ્યાકુળ થઇ ગયું કે ગમ્યાગમ્યનો વિચાર પણ ન રહ્યો. વિષયમાં લંપટ થઇ આપસ આપસમાં બેહેન, પુત્રી અને માતા સાથે પણ વ્યભિચાર કર્યો, અને તે ભોજનના તિવ્ર નિશામાં તેઓને પ્રાય: આખી રાત્રી વિટંબના થઇ.

પ્રાત:કાળ થયો, ભોજનનો નિશો શાંત થયો, ત્યારે બ્રાહ્મણ ઘણો શરમાયો તે પોતાની જાતને ધિકારવા લાગ્યો. અકાર્યનો પશ્ચાતાપ કરવા લાગ્યો, અને લોકોને મુખ દેખાડવું કે કેમ તેની તેને ભારે ચીંતા થઇ. તેમાં તેને રાજા ઉપર વિશેષ ગુસ્સો થઇ આવ્યો. કે રાજાએ મને જાણી જોઇનેજ આમ હેરાન કર્યો છે, માટે આ રાજાનું વેર હું ગમે તે પ્રકારે વાળું, એવા ઇરાદાથી તે ત્યાંથી નીકળી જંગલમાં ગયો. ત્યાં કોઇ બકરાં ચારનાર ભરવાડ મળ્યો; તે ભરવાડ લક્ષવેધી હતો, બેઠાં બેઠાં જે પાંદડાંપર લક્ષ કરી કાંકરી ફેંકતો તેને તે વીંધી નાખતો. આ ભરવાડને જોઇ પોતાના મનોર્થ સિદ્ધ થયા જાણી ભરવાડને થોડાક પૈસા આપવા કરી, રાજાની આંખો ફોડી નાંખવાનો તે બ્રાહ્મણે નિશ્ચય કર્યો. પછી ભરવાડને સાથે લઇ તે નગરમાં આવ્યો. રાજાની સ્વારી નીકળી એટલે દૂરથી બ્રાહ્મણે રાજાને બતાવ્યો કે આની આંખો ફોડી નાંખ. તત્કાળ ભરવાડે લક્ષ રાખી તેણે જોરથી બે કાંકરી સાથે ફેંકી તેથી રાજાની બંને આંખો ફુટી ગઇ. રાજાના માણસોએ તે ભરવાડને પકડી લીધો. અને માર મારી મનાવતાં બ્રાહ્મણના શિખવવાથી પોતે આ કાર્ય કર્યું છે એમ તેણે માની દીધું. રાજાના ક્રોધનો પાર રહ્યો નહીં. અહા! દુનિયામાં માણસો કેવા કૃતઘ્ન છે. કે જેના ઉપર ઉપકાર કર્યો તેના તરફથીજ અપકાર કરાયો!! તેથી રાજાએ બ્રાહ્મણના આખા કુટુંબને મારી નંખાવ્યુ પણ તેનો ક્રોધ શાંત થયો નહિ. તેથી અજ્ઞાનથી અંધ થયેલા તે રાજાનો ક્રોધ જાતી ઉપર ગયો. અને બ્રાહ્મણોની આંખો ફોડીને એક થાળ ભરી મને નિરંતર આપો કે જેને ચોળી મસળીને હું મારૂં વેર વાળી ક્રોધ શમાવું.

એ પ્રમાણે પ્રધાનોને કહ્યું. તેજ માફક થોડા દિવસ તો ચાલ્યું પણ સમજુ પ્રધાનોએ તેમ થતું અટકાવી શ્લેસ્માત્મક નામનાં ફળો (ગુંદા) મંગાવ્યા જે આંખના જેવા ચીકાશવાળા અને આકારના હોય છે. તેનો થાળ ભરી રાજાને નિરંતર આપવા લાગ્યા. રાજા તે મસળીને પોતાને કૃતાર્થ માનવા લાગ્યો. આવી રીતના ભયંકર રૌદ્ર પરિણામમાં રાજાએ પોતાના આયુષ્યના અવશેષ સોળ વર્ષ પુરાં કર્યાં. અને સર્વ સાતસો વર્ષનું આયુષ્ય પુર્ણ કરી તે ચક્રવૃત્તિ રાજા બ્રહ્મદત્ત સાતમી નરકે ગયો. એ પાંચમો મહાપુરૂષ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પાંચ મહાપુરૂષોની કથા પુર્ણ થઇ હવે ચાલતો વિષય (ભાષાંત્તર) શરૂ કરવામાં આવે છે.

## ૪૧ નારકીને ઉષ્ણુ તથા સીતવેદના કહેછે.

**પ્રશ્ન—**હે ભગવંત, ઉષ્ણુ વેદનાવાળા નારકી નરકને વિષે કેવીક ઉષ્ણુવેદના ભોગવતાં થકાં વિચરે છે?

**ઉત્તર—**હે ગૌતમ, તે યથા દ્રષ્ટાંતે કોઇક લુવારનો પુત્ર વયે કરી જુવાન બળવંત, રોગ રહીત સ્થિર છે હાથનો અગ્ર ભાગ, સ્થિર છે જેના હાથ, પગ, પાસાં, પુંઠ, પેટ પ્રમુખ સુખાદિકે કરી સહીત છે. વળી ઉલંઘવે, હાલવે, ચાલવે મર્દવાદિક ગુણે કરી સમર્થ છે. તાલ વૃક્ષની પરે લાંબા સરળ દ્રઢ બાંહ છે જેની પુષ્ટ માંસે સહીત વૃતાકારે તેના ખંભા છે. ચર્મેષ્ટક દ્રુઘણ પુષ્ટીક સમાહત પુષ્ટ એહવા તેના ગાત્ર છે. પોતાના શરીરને બળે કરી સહીત ઉછાહવંત, પોતાના કાર્યને વિષે અવિલંબે તે વિલંબ કરે નહિ. પોતાના કુળની વિદ્યાએ કરી યુક્ત કાર્યને વિષે ઉદ્યમવંત નિપુણ, વિજ્ઞાનવંત કારીગરીને વિષે નિપુણ એહવો લોહકાર. એક મોટો લોહ (લોઢા) નો પીંડ પાણીના ઘડા જેવડો લીએ લઇને તેહને અગ્ની મધ્યે પચાવે વારંવાર ઘણે કરીને ટીપે વારંવાર વળી તપાવે. વારંવાર તેહને ચુર્ણ કરે, વારંવાર એક અહોરાત્ર, (રાત દિવસ) બે અહોરાત્ર, ત્રણ અહોરાત્ર. એમ ઉત્કૃષ્ટ પનર અહોરાત્ર પર્યંત તે લોહના ગોળાને ઘણે કરી ટીપે, ત્યારપછી તે લોહનો ગોળો શીતળ થાય, ત્યારે તેહને સાંડસે ઝાલીને. હવે અણુછતે ભાવે દ્રષ્ટાંત દેખાડે છે. તે ઉષ્ણુ વેદનાવાળી નરક મધ્યે તે લોહનો ગોળો ઘાલે. ઘાલીને તે લોહકાર પુરૂષ મનમાં એમ ચીતવે જે હું એ ગોળો મેખોનમેખ પછી (નજરે જોતાં) નરક મધ્યેથી પાછો કાઢીસ, એમ ચીતવીને પાછો કાઢવા વાછતો તે ગોળાને ભાંજતો દેખે. તે ગોળો માંખણની પરે ગળતો દેખે. તે ગોળો ભસ્મ થાય પણ પાછો સાજો ગોળો કાઢવાને ઉદ્યમ કરી શકે નહીં,। અથવા તે ગોળાને અણુગળતોથકો કાઢવા, અથવા તે ગોળાને ભસ્મ થયા વિનાં પાછો કાઢી શકે નહીં. એહવી નરક મધ્યે ઉષ્ણુવેદના છે.

વળી એજ દ્રષ્ટાંત સ્પષ્ટપણા માટે બીજો દ્રષ્ટાંત દેખાડે છે તે યથા દ્રષ્ટાંતે કોઇક મદવંત હાથી (બીજુ નામ દ્વીપ તથા કુંજર) તે હાથી સાઠ વર્ષનો હોય તે પ્રથમ સરદ રૂતુ કાળ સમયે એટલે કાર્તિક માસે અથવા ચર્મ છેલી ગીષ્મરૂતુ તે જેષ્ટ માસ સમયે ઉષ્ણુ સૂર્યાદિ કીરણે પીડયોથકો, તૃષાએ પીડયોથકો, દવની અગ્ની જ્વાળાએ પીડયોથકો, ક્ષુધાએ પીડ્યોથકો, આકળો થયોથકો, દુર્બળ કીલામના પામ્યોથકો, એક મોટી પુષ્કરણી વાવને દેખે. તે વાવ કેહવી છે, તો કે ચોખૂણી સુખે પ્રવેશ કરવા જોગ્ય છે, સમતીર છે. અનુક્રમે શુભ મનોહર છે. તે વાવને વિષે સુજાત પ્રવેસ છે, ને ગંભીર સીતળ પાણી છે. વળી કમળને પત્રે ઢાંકી છે તથા પદ્મપત્રે તથા કમળનાળે કરી ઘણા ઉત્પલ તથા ચંદ્ર વિકાશી કમળ નલીન, સુભગનામા કમળ, સૌગંધીકનામા કમળ, પુંડરીક કમળ, સો પાંખડીનાં કમળ, હજાર પાંખડીનાં કમળ ઇત્યાદિક તેના કેસરા ને ફુલ તેણે કરી શોભિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તીહાં ભમરાના સમુહ તે કમળ પ્રતે ભોગવતાં રહે છે. તે વાવનું જળ સ્વરૂપે સ્ફટિક વર્ણે છે. નિર્મળ એહવું જળ તેણે કરી તે વાવ પ્રતિપૂર્ણ ભરી છે. વળી તીહાં ઘણા મચ્છ ને કાચ્છબા જળ મધ્યે ભમે છે. વળી અનેક પંખી તીહાં મોહ ક્રિડા કરે છે. શબ્દે કરી સહીત તીહાં પંખીના મધુર સ્વર છે. એહવી વાવપ્રત્યે તે હાથી દેખે. દેખીને તે મધ્યે પ્રવેશ કરે. પ્રવેશ કરીને તે હાથી ઉષ્ણ વેદના વિસારે. શાંત થાય, તૃષા, ને ક્ષુધાને, દાઘજ્વરને, અગ્નીદાહને પણ વિસારે. શાંત થાય ત્યારે તે હાથી નિંદ્રા પામે, પ્રચલા નિંદ્રા પામે, સાતા પામે, સુખ પામે, સંતોષ પામે, મતિ બુદ્ધિપ્રત્યે પામે. (સુખ પામવાથી આનંદ માને) ત્યારે તે હાથી સીતળ થાય. સીતળીભૂત કાયા થાય. જળમધ્યે સંક્રમીને સાતા ને સંતોષ બહુજ પામે. એ દૃષ્ટાંતે હે ગૌતમ, અસત્ કલ્પનાએ કોઇ ઉષ્ણ વેદનાવાળો નારકી નરક મધ્યેથી ઉપડે. ઉપડીને એ લોકે મનુષ્ય ક્ષેત્રે અગ્નીકાયના ઠામ છે તે કહે છે. લોહના આગર (જ્યાં લોઢું કાઢવાની ખાણ ગાળી ને લોઢાના રસ કરે તે તીવ્ર અગ્નીનાં ઠેકાણાં) ત્રાંબાના આગર, તરૂવાના આગર, શીશાના આગર, રૂપાના આગર, સુવર્ણના આગર, કુંભારના નિંભાડાની અગ્ની, તુસ (છોડ પ્રમુખ)ની અગ્ની, ખડ પ્રમુખની અગ્ની, ઇંટના નિંભાડાની અગ્ની, કવેળુના (નળીયાના) નિંભાડાની અગ્ની, લોહારની કોડની અગ્ની, સેલડીના વાડની (ગોળ પચાવવાની ચુલની) અગ્ની, હંડીકા અગ્ની, રાંધવાની અગ્ની, સોડીક અગ્ની (મદ્યના અખાડાની અગ્ની), તૃણ વિશેષ તેની અગ્ની, તલસરાની અગ્ની, નડનો (દાવાનળનો) અગ્ની, વ્રીહીના તુસની અગ્ની. બરી પ્રમુખની અગ્ની. ઇત્યાદિક તાતી (ધગધગતી) અગ્ની, ફુલ્યા કેસુ સરખી રાતે વરણે. હજારોગમે કણીયા (તણખા)ને મુકતી થકી, હજારોગમે જ્વાળા મુકતી થકી, હજારોગમે ઇંગાળાના સહસ્ત્ર વિખેરતીથકી, એહવી આજવલમાન અગ્ની હોય, તે એહવી અગ્નીને તે નારકી દેખે. તે અગ્નીને દેખીને જેમ ગીસ્મરૂતુના તાપ તૃષાએ વ્યાકુળ થએલ હાથી સીતળ પાણીએ ભરેલ સરોવર જોઇ આનંદ પામી તેમાં પ્રવેશ કરે, તેમ તે નારકી નરકની ઉષ્ણ વેદનાએ પીડાએલ તે અગ્ની જોઇ આનંદ પામી તે મધ્યે પ્રવેશ કરે, ત્યારે તે નારકી ઉષ્ણ વેદનાને વિસારે (શાંત થાય). તૃષાને પણ વિસારે, ક્ષુધાને પણ વિસારે, જ્વરને પણ વિસારે, દાહજ્વરને પણ વિસારે ત્યારે તે નારકી નિંદ્રા પામે, પ્રચળા વિશેષ નિંદ્રારૂપ પામે, સુખ પામે, સંતોષ પામે, રતી પામે, મતિ બુદ્ધિ પામે ઇત્યાદિક સુખ પામે. શીતળીભૂત કાયા થાય. તે નારકી સાતા સુખ બહુલ પામે (જેમ તે હાથી વાવ પામી સુખ પામ્યો તેમ નારકી નરકની અનંત તિક્ષણ અગ્નીના તાપથી તપ્ત થએલ આ લોકની અગ્ની જોઇ તેને શીતળતા લાગે, તેથી ઉપર કહેલ ઠામે નાંખ્યા સુખ પામે). એવી નરકને વિષે રહ્યા. નારકી ઉષ્ણ વેદનાવાળા સદાય ઉષ્ણ વેદના ભોગવતાથકા વિચરે (રહે) છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પુર્વે જે ઇહ લોકને વિષે અગ્ની વર્ણવી તેની વેદના સરખી નરકે ઉષ્ણ વેદના છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. ઉષ્ણ વેદનાના ધણી નારકી નરકને વિષે એ અગ્નીથકી અનીષ્ટપણે જાવત્ ઉષ્ણ વેદના ભોગવતાથકા વિચરે છે. એ ઉષ્ણ વેદના કહી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે સીત વેદના કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સીત વેદનાના ધણી નારકી નરકને વિષે કેવીક શીત (ઠંડી) વેદના ભોગવતાથકા વિચરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, તે યથા દ્રષ્ટાંતે કોઇક લોહારનો પુત્ર જુવાન, સુખવંત, બળવંત જાવત્ પુર્વલી પરે કારીગરીને વિષે નિપુણ તે લોહકાર એક મોટો લોહ પીંડ પાણીના ગાડુવા જેવડો લીયે લેઇને અગ્નીમધ્યે તાવે પછે ઘણે કરી કુટે. (ટીપે) એમ જઘન્યથી એક દીવસ, બે દીવસ, ત્રણ દીવસ. ઉત્કૃષ્ટ એક માસ પર્યંત ઉષ્ણ કરે ને ઘણે કરી કુટે. ત્યારે તે લોહ ઉષ્ણ ભૂત થાય. તે લોહને સાંડસે કરી ઝાલે. (અસત્ કલ્પનાએ જાણવા માટે ન્યાય) સાણસે ઝાલીને સીતવેદના વાળી નરકમાં તે લોહનો ગોળો ઘાલે. ને ઘાલતાંજ મનમાં એવું ચીંતવેજે હું એ લોહના ગોળાને મેખોનમેખ પછી પાછો કાઢીશ પણ તે ઘાલતા વેંતજ તે લોહનો ગોળો ચૂર્ણ થઇ જાય. એમ જાવત્ પુર્વલીપરે તે પુરૂષ પાછો ફરી તે લોહના ગોળાને કાઢવાને ઉદ્યમ કરી શકે નહીં.

વળી બીજો દ્રષ્ટાંત દેખાડે છે. તે યથા દ્રષ્ટાંતે કોઇક મદવંત હાથી તેમજ જાવત્ પુર્વલીપરે તે વાવ દેખીને સાતા સુખ પામતો થકો વિચરે છે. એજ દ્રષ્ટાંતે. હે ગૌતમ અસત કલ્પનાએ કોઇ સીત વેદનાનો ધણી નારકી નરક મધ્યેથી ઉપડે, ઉપડીને ઇહ મનુષ્ય લોકે સીતના ઠામ ઠેકાણાં છે. તે હીમનાં ઠામ, હીમના પુંજના ઠામ, હેમાલા પર્વત પ્રમુખ, હીંમ પડલ પુંજના ઠામ, તુખારના ઠામ, તુખારના પુંજના ઠામ, હીંમના કુટના ઠામ, હીંમ કુટ પુંજના ઠામ એટલે હીમાળાના સીખર, અથવા માઘ (મહા) માસની ટાઢ. ઇત્યાદિક તે નારકી દેખે દેખીને તે મધ્યે પ્રવેશ કરે, પ્રવેશ કરીને તે નારકી સીતને વિસારે, ક્ષુધાને વિસારે, જ્વરને વિસારે, દાહ જ્વરને પણ વિસોરે શાંત થાય, ત્યારે તે નારકી નીંદ્રા પામે પ્રચલા નીંદ્રા વિશેષ પામે. જાવત્ (ઠંડી- ટાઢ જાવાથી) ઉષ્ણ ઉષ્ણ ભૂત કાયા થાય. તે નારકી સંક્રમ કરતો થકો સાતા ને સુખ બહુલપણે ભોગવે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે નારકીને ઇહ લોકની સીત સમાન સીત વેદના છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. સીત વેદનાના ધણી નારકી નરકને વિષે એહથી અનીષ્ટતર સીતવેદના ભોગવતાંથકા વિચરે (રહે) છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકીની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય દશ હજાર વરસની ને ઊત્કૃષ્ટપણે એક સાગરોપમની છે, (પહેલી નરકે તેર પાઠડા છે તેની સ્થિતિ ટીકાથી વીસ્તારીને કહેછે. પહેલે પાઠડે જઘન્ય દસ હજાર વરસની, ને ઉત્કૃષ્ટી નેવુંહજાર વરસની. બીજે પાઠડે જ૦ નેવુંહજાર વરસ, ને ઉ૦ નેવુંલાખ વરસની. ત્રીજે પાઠડે જ૦ નેવુંલાખ વરસ, ને ઉ૦ પૂર્વક્રોડ વરસની. ચોથે પાઠડે જ૦ પૂર્વ ક્રોડ વરસની, ને ઉ૦ એક સાગરના દશ ભાગ કરીએ તેવા એક ભાગની. પાંચમે પાઠડે જ૦ દશીયો એક ભાગ, ને ઉ૦. દશીયા બે ભાગની. છઠે પાઠડે જ૦ બે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગની, ને ઉ૦ ત્રણ ભાગની. સાતમે પાડડે જ૦ ત્રણ ભાગની, ને ઉ૦ ચાર ભાગની. આઠમે પાડડે જ૦ ચાર ભાગની, ને ઉ૦ પાંચ ભાગની. નવમે પાડડે જ૦ પાંચ ભાગની, ને ઉ૦ ૭ ભાગની. દશમે પાડડે જ૦ ૭ ભાગની, ને ઉ૦ સાત ભાગની. અગ્યારમે પાડડે જ૦ સાત ભાગની, ને ઉ૦ આઠ ભાગની. બારમે પાડડે જ૦ આઠ ભાગની, ને ઉ૦ નવ ભાગની. તેરમે પાડડે જ૦ નવ ભાગની, ને ઉ૦ દશ ભાગ એટલે એક સાગરોપમ પુરાની છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, બીજી શકરપ્રભા પૃથ્વીના નારકીની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્ય એક સાગરોપમની ને ઉત્કૃષ્ટી ત્રણ સાગરોપમની છે.

(બીજી નરકે અગ્યાર પાડડા છે તેની સ્થિતિ ટીકાથી કહે છે. પહેલે પાડડે જ૦ એક સાગરોપમની ને ઉ૦ એક સાગર ને એક સાગરના અગ્યાર ભાગ કરીએ તેવા બે ભાગની. બીજે પાડડે જ૦ એક સાગરને અગીયારીયા બે ભાગની ને ઉ૦ એક સાગર ને અગીયારીયા ચાર ભાગની. ત્રીજે પાડડે જ૦ એક સાગર ને ચાર ભાગની, ને ઉ૦ એક સાગર ને ૭ ભાગની. ચોથે પાડડે જ૦ એક સાગર ને ૭ ભાગની, ને ઉ૦ એક સાગર ને આઠ ભાગની. પાંચમે પાડડે જ૦ એક સાગર ને આઠ ભાગની, ને ઉ૦ એક સાગરને દશ ભાગની. છઠે પાડડે જ૦ એક સાગર ને દશ ભાગની ને ઉ૦ બે સાગર ને એક ભાગની. સાતમે પાડડે જ૦ બે સાગર ને એક ભાગની ને ઉ૦ બે સાગર ને ત્રણ ભાગની. આઠમે પાડડે જ૦ બે સાગર ને ત્રણ ભાગની ને ઉ૦ બે સાગર ને પાંચ ભાગની. નવમે પાડડે જ૦ બે સાગર ને પાંચ ભાગની ને ઉ૦ બે સાગર ને સાત ભાગની. દશમે પાડડે જ૦ બે સાગર ને સાત ભાગની ને ઉ૦ બે સાગર ને નવ ભાગની. અગ્યારમે પાડડે જ૦ બે સાગર ને નવ ભાગની ને ઉ૦ બે સાગર ને અગ્યાર ભાગ એટલે ત્રણ સાગરોપમ પુરાની જાણવી.)

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રીજી વાળુપ્રભા પૃથ્વીના નારકીની કેટલી સ્થિતિ છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્ય ત્રણ સાગરોપમની ને ઉત્કૃષ્ટા સાત સાગરોપમની છે.

(ત્રીજી નરકે નવ પાડડા છે તેની સ્થિતિ ટીકાથી કહે છે. પહેલે પાડડે જ૦ ત્રણ સાગરની નેઉ૦ ત્રણ સાગર ને એક સાગરના નવ ભાગ કરીએ તેવા ચાર ભાગની. બીજે પાડડે જ૦ ત્રણ સાગર ને (નવીયા) ચાર ભાગની ને ઉ૦ ત્રણ સાગર ને આઠ ભાગની. ત્રીજે પાડડે જ૦ ત્રણ સાગર ને આઠ ભાગની ને ઉ૦ ચાર સાગર ને ત્રણ ભાગની. ચોથે પાડડે જ૦ ચાર સાગર ને ત્રણ ભાગની ને ઉ૦ ચાર સાગર ને સાત ભાગની. પાંચમે પાડડે જ૦ ચાર સાગર ને સાત ભાગની ને ઉ૦ પાંચ સાગર ને બે ભાગની. છઠે પાડડે જ૦ પાંચ સાગર ને બે ભાગની ને ઉ૦ પાંચ સાગર ને ૭ ભાગની. સાતમે પાડડે જ૦ પાંચ સાગર ને ૭ ભાગની ને ઉ૦ ૭ સાગર ને એક ભાગની. આઠમે પાડડે જ૦ ૭ સાગર ને એક ભાગની ને ઉ૦ ૭ સાગર ને પાંચ ભાગની. નવમે પાડડે જ૦ ૭ સાગર ને પાંચ ભાગની ને ઉ૦ ૭ સાગર ને નવ ભાગની. એટલે સાત સાગરોપમ પુરાની.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ચોથી પંકપ્રભા પૃથ્વીના નારકીની કેટલી સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય સાત સાગરોપમની ને ઉત્કૃષ્ટી દશ સાગરોપમની છે.

(ચોથી નરકે સાત પાઠડા છે તેની સ્થિતિ ટીકાથી કહે છે. પહેલે પાઠડે જ૦ સાત સાગરની ને ઉ૦ સાત સાગર ને એક સાગરના સાત ભાગ કરીએ તેવા ત્રણ ભાગની. બીજે પાઠડે જ૦ સાત સાગર ને (સાતીયા) ત્રણ ભાગની ને ઉ૦ સાત સાગર ને છ ભાગની. ત્રીજે પાઠડે જ૦ સાત સાગર ને છ ભાગની ને ઉ૦ આઠ સાગર ને બે ભાગની. ચોથે પાઠડે જ૦ આઠ સાગર ને બે ભાગની ને ઉ૦ આઠ સાગર ને પાંચ ભાગની. પાંચમે પાઠડે જ૦ આઠ સાગર ને પાંચ ભાગની ને ઉ૦ નવ સાગર ને એક ભાગની. છઠે પાઠડે જ૦ નવ સાગર ને એક ભાગની ને ઉ૦ નવ સાગર ને ચાર ભાગની. સાતમે પાઠડે જ૦ નવ સાગર ને ચાર ભાગની ને ઉ૦ નવ સાગર ને સાત ભાગની. એટલે દશ સાગરોપમ પુરાની.)

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના નારકીની કેટલી સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય દશ સાગરોપમની ને ઉતકૃષ્ટી સતર સાગરોપમની છે.

(પાંચમી નરકે પાંચ પાઠડા છે તેની સ્થિતિ ટીકાથી કહે છે. પહેલે પાઠડે જ૦ દશ સાગરની ને ઉ૦ અગ્યાર સાગરને એક સાગરના પાંચ ભાગ કરીએ તેવા બે ભાગની. બીજે પાઠડે જ૦ અગ્યાર સાગરને (પાંચયા) બે ભાગની ને ઉ૦ બાર સાગરને ચાર ભાગની. ત્રીજે પાઠડે જ૦ બાર સાગરને ચાર ભાગની ને ઉ૦ ચઉદ સાગરને એક ભાગની. ચોથે પાઠડે જ૦ ચઉદ સાગરને એક ભાગની ને ઉ૦ પનર સાગર ને ત્રણ ભાગની. પાંચમે પાઠડે જ૦ પનર સાગરને ત્રણ ભાગની ને ઉ૦ સોળ સાગરને પાંચ ભાગની. એટલે સત્તર સાગરોપમ પુરાની.)

**પ્રશ્ન**—હે ભગવંત, છઠી તમપ્રભા પૃથ્વીના નારકીની કેટલી સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય સત્તર સાગરોપમની ને ઉત્તકૃષ્ટી બાવીશ સાગરની છે.

(છઠીનરકે ત્રણ પાઠડા છે. તેની સ્થિતિ ટીકાથી કહે છે. પહેલે પાઠડે જ૦ સત્તર સાગરની ને ઉત્તકૃષ્ટી અઢાર સાગર ને એક સાગરના ત્રણ ભાગ કરીએ તેવા બે ભાગની. બીજે પાઠડેજ૦ અઢાર સાગરને (ત્રીયા) બે ભાગની ને ઉ૦ વીશ સાગરને એક ભાગની. ત્રીજે પાઠડે જ૦ વીશ સાગરને એક ભાગની ને ઉ૦ એકવીશ સાગરને ત્રણ ભાગની એટલે બાવીશ સાગર પુરા ". )

**પ્રશ્ન**—હે ભગવંત, સાતમી તમતમા પૃથ્વીના નારકીની કેટલી સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય બાવીશ સાગરોપમની ને ઉત્તકૃષ્ટી તેત્રીશ સાગરોપમની છે. (ત્યાં એકજ પાઠડો છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકી આંતરા રહીત ચવીને કઇ ગતિમાં જાય કઇ ગતિમાં ઉપજે? શું નરક મધ્યે ઉપજે. કે તિર્યંચ મધ્યે ઉપજે? કે મનુષ્ય મધ્યે ઉપજે, કે દેવતા મધ્યે ઉપજે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, જેમ પનવણા સૂત્રે વ્યુત્ક્રાંત પદે કહી છે. તેમ આંહી પણ કહેવી. એટલે નારકી. નારકી, દેવતા મધ્યે ઉપજે નહિ ફક્ત ગર્ભજ મનુષ્ય ને તિર્યંચ મધ્યેજ ઉપજે. એમ જાવત્ છઠી નરક સુધી કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સાતમી તમતમા નરકના નારકી, ચવીને કયાં ઉપજે?

**ઉત્તર**—હે ગૌતમ, એક ગર્ભજ તિર્યંચ મધ્યેજ ઉપજે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકી કેવોક પૃથ્વીનો સ્પર્શ ભોગવતા થકા વિચરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, અનીષ્ટ જાવત્ અમનોજ્ઞ સ્પર્શ ભોગવે છે. એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના નારકી કેવોક પાણીનો સ્પર્શ ભોગવતા થકા વિચરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, અનીષ્ટ જાવત્ અમનોજ્ઞ એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું. એમ જાવત્, અગ્ની, વાયુ, ને વનસ્પતિ પર્યંત અનીષ્ટ સ્પર્શ સાતમી નરક પર્યંત જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વી બીજી નરક આશ્રિને જાડપણે મોટી છે? કે લાંબ-પણે, પોહોળપણે સર્વથી લઘુ (નાની) છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ રત્નપ્રભા પૃથ્વી બીજી નરક આશ્રિને જાડપણે (ઉંચપણે) સર્વ દિશે મોટી છે. અને લાંબપણે પહોળપણે, નાની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બીજી નરક, ત્રીજી નરક, આશ્રિયને જાડપણે સર્વ દિશે મોટી છે? ને લાંબપણે, પહોળપણે નાની છે?

**ઉત્તર**—હે ગૌતમ, બીજી નરક, ત્રીજી નરક આશ્રિને જાડપણે સર્વ દિશે મોટી છે. ને લાંબ-પણે, પહોળપણે નાની છે. એમ એણે અભિપ્રાયે જાવત્ છઠી નરક, સાતમી નરક આશ્રિ ને સર્વ દિશે જાડપણે મોટી છે. ને લાંબપણે, પહોળપણે નાની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીને વિષે નરક મધ્યે જે પૃથ્વીકાયા જાવત્ વનસ્પતિ-કાયા, જીવ તે માહા કર્મના ધણી છે? માહા આશ્રવના ધણી છે? કે માહા દુષ્ટ વેદનાના ધણી છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા છે. એ રત્નપ્રભા પૃથ્વીને વિષે નરકાવાસાને વિષે જેમ છે તેમજ જાવત્ માહા વેદનાવંત છે. એમ જાવત્ સાતમી પૃથ્વીલગે કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નભા પૃથ્વીને વિષે ત્રીશ લાખ નરકાવાસાને વિષે એકેકા નરકાવાસામાં સર્વ પ્રાણી, સર્વ ભુત, સર્વ જીવ, સર્વ સત્વ પૃથ્વીકાયપણે જાવત્ વન-સ્પતિકાયપણે ને નારકીપણે પુર્વે ઉપના છે ?

**ઉત્તર**—હે ગૌતમ, હા. અસકૃત વારંવાર એકેકા જીવ અનંતીવાર એકેકે ઠામે ઉપનો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું પણ એટલો વિશેષ જે જ્યાં જેટલા નરકાવાસા છે ત્યાં તેટલા નરકાવાસા કહેવા.

હવે ઉદ્દેશાની સંગ્રહ ગાથા છે તેનો અર્થ કહેછે. પૃથ્વી અવગાહીને જીહએ ૧, ત્યાં નરકાવાસા છે ૨, તેહનું સંસ્થાન. ૩, તેહનું જાડપણું. ૪, લાંબપણું. ૫, પહોળપણું. ૬, પરિધિ. ૭, ને તે નરકાવાસાનો વર્ણ. ૮, ગંધ. ૯, ને સ્પર્શ. ૧૦, ઇત્યાદિક કહ્યાં ૧. તે નરકાવાસાનું મહાલય (મોટાઇ) પણું ત્યાં દેવતાનો દૃષ્ટાંત દેખાડ્યો. ૧૧, દેવતાની ઉપમાએ કરી મોટાઇપણો કહેવો. ત્યાં જીવ અને પુદ્ગળ ઉપજે છે ને ઉપના છે. ૧૨, તે નરકાવાસા સાસવતા છે. ૧૩, ઇત્યાદિક ૨. ત્યાં નારકી ઉપજવાનું પરીમાણ. ૧૪, ને તેનો અપહાર. ૧૫, નરકાવાસાનું ઉંચપણું. ૧૬, નારકીનું સંઘયણ. ૧૭, ને સંસ્થાન ૧૮, વર્ણ. ૧૯, ગંધ. ૨૦, સ્પર્શ. ૨૧, શ્વાસોશ્વાસ. ૨૨, ને આહાર. ૨૩, ઇત્યાદિક પ્રશ્ન પુછ્યાં. ૩. લેશ્યા. ૨૪, દૃષ્ટી. ૨૫, જ્ઞાન. ૨૬, જોગ. ૧૭, ઉપયોગ. ૨૮, સમુદ્ઘાત. ૨૯, ક્ષુધા. ૩૦, તૃષા. ૩૧, વિકુર્વણ. ૩૨, વેદના. ૩૩, ભય, ૩૪, ૪. ત્યારપછી ૫, મહાપુરૂષ સાતમીએ ગયા તેહના નામ. ૩૫, ત્યારપછી સીતોષ્ન વેદનાની ઉપમા. ૩૬, સ્થિતિ. ૩૭, ઉદ્દર્તન. (કઇ ગતિમાં જાય) ૩૮, ને પૃથ્વીનો સ્પર્શ. ૩૯, ત્યારપછી સર્વ જીવનો ઉપપાત. ૪૦, ૫. એટલા બોલ એ ઉદ્દેશામધ્યે પુછ્યા છે તેની એ સંગ્રહ ગાથા ૫. જાણવી. એ નારકીના અધિકારનો બીજો ઉદ્દેશો પુરો થયો.

## ૪૨. નારકીનો ત્રીજો ઉદ્દેશો.

**પ્રશ્ન—**હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીએ નારકી કેવા પુદ્ગળના પરિણામ ભોગવતા થકા વિચરે છે?

**ઉત્તર—** હે ગૌતમ, અનીષ્ટ જાવત્ અમનોજ્ઞ એમ જાવત્ સાતમી નરક પર્યંત જાણવું.

હવે સંગ્રહ ગાથા ૧૩ છે તેનો અર્થ કહે છે ( સંગ્રહથી ઉદ્દેશો જાણવો. ) પુદ્ગળનો પરિણામ ને નારકીની વેદના, લેશ્યા, નરકના નામ ને ગોત્ર, અરતી, ભય, શોક, ક્ષુધા, તૃષા ને વ્યાધિ છે. ॥૧॥ સ્વાસોસ્વાસ ને તેને સ્વભાવેજ ક્રોધ, માન, માયા ને લોભ છે. ને તેને આહારાદિક ચાર સંજ્ઞા છે. તે નારકીના હીન પરીણામ છે. ॥૨॥ તે એ લોકથી નરકે કોણ જાય તો કે નિશ્ચે નરને વિષે વૃષભ સમાન બળના ધણી વાસુદેવ પ્રમુખ તથા જળચર મચ્છ પ્રમુખ તિર્યંચ મધ્યેથી. તથા મોટા રાજા, મંડળીક રાજા, વળી જે મોટા આરંભના કરનાર કુટુંબીક પ્રમુખ જાય. ॥૩॥ હવે વૈક્રિય શરીરનો કાળ કહે છે. નરક મધ્યે નારકીનું શરીર વૈક્રિય એક મુહુર્ત્ત પ્રમાણ રહે. ને તિર્યંચ, મનુષ્ય મધ્યે વૈક્રિય શરીર ચાર મુહુર્ત્ત પ્રમાણ રહે. ને દેવતાનું વૈક્રિય શરીર પ્રમુખ અર્ધમાસ રહે. એ ઉત્કૃષ્ટી વૈકુર્વણાનો કાળ કહ્યો. ॥૪॥ નારકીને નિશ્ચે માઠીજ વૈકુર્વણા હોય. તે નારકી શરીરમાં શરીરને વિકુર્વે તે સંઘયણ રહીત ને હુંડ સંસ્થાને સહીત. ॥૫॥ વળી જે પુદ્ગળ અનીષ્ટ છે તેનો નિશ્ચે નારકીને આહાર છે. ને નારકીને સંસ્થાન પણ નિશ્ચે હુંડ જાણવું. ॥૬॥ નારકી અશાતાને વિષે ઉપના અસાતા વેદની વેદતા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થકાજ સાતે નરકે નારકીના જીવ પોતપોતાના આવખા પ્રમાણે નારકીનો ભવ છાંડે છે. ॥૭॥ તેમાં કોઇક જીવ નારકીને વિષે ઉપજીને સાતાપણ વેદે છે. તે એમ જે પુર્વલા ભવનો દેવતા મિત્ર હોય તે નરક મધ્યે જઇને વેદના ટાળે તે કારણે. અથવા સમકિતવંત નારકી તેને સૂભ અધવસાયે કરી અથવા પોતાના કર્મને સ્વભાવે કરી હલુયાકર્મ પ્રમુખ અથવા તિર્થંકરના પાંચ કલ્યાણ કે અંતર્મુહુર્ત્ત માત્ર સાતા વેદે. એટલા કારણે નારકી મુહુર્ત્ત માત્ર સાતા વેદે. અન્યથા સદાઇ અસાતાજ છે. ॥૮॥ એ નારકીનું વૈક્રય શરીર મરણ કાળે કેવું થાય છે, તેજસ કાર્મણ શરીર, સુક્ષ્મ નામ કર્મને ઉદયવાળાને સુક્ષ્મ શરીર પર્યાપ્તા અપર્યાપ્તાના મુક્તા માત્રમાંજ જેમ હજારો ભેદ થાય તેમ નારકીના શરીરના હજારો ભેદ પામે છે, એટલે વેરાઇને ઝીણા ઝીણા પરમાણુ થાય છે ॥૯॥ નારકીનો ઉત્પાત (તે ઉછળવું) જઘન્યથી ગાઉ માત્ર ને ઉત્કૃષ્ટપણે પાંચસે જોજન પ્રમાણ ઉછળે છે. નારકી દુખે કરી બીના છે. સહશ્રગમે વેદના તેણે કરી સહીત છે. ॥૧૦॥ આંખ મીંચીને ઉઘાડીએ એટલી વાર પણ નારકીને શાતા નથી. દુખ મધ્યેજ બંધાણા છે. નરકને વિષે નારકી રાત દિવસ દુખ મધ્યેજ પચે છે. ॥૧૧॥ સીતવેદના વાળાને અતી સીત, ઉષ્ણ વેદનાવાળાને અતિ ઉષ્ણ, અત્યંત તૃષા, અત્યંત ક્ષુધા, અત્યંત ભય ઇત્યાદિક નરકને વિષે નારકી દુખના સૈકડા ગમે વિશામા રહીત દુખ પ્રત્યે ભોગવે છે. ॥૧૨॥ આ ઉદ્દેશાની એ બાર ગાથા થઇ, તેનો અર્થ સંક્ષેપથી એક ગાથામાં કહે છે. વૈક્રીય શરીરનો કાળ મુહુર્ત્ત પ્રમાણ. ૧. અસુભ પુદગળનો આહાર ૨. અસાતાવેદની વેદે છે. ૩. ઉપપાત (તે ઉપજવું) ૪. ને ઉત્પાત (તે ઉછળવું.) ૫. અને શરીર પ્રમુખ ઇત્યાદિક ત્રીજે ઉદ્દેશે કહ્યા. ॥૧૩॥ એ નારકીનો ત્રીજો ઉદ્દેશો પુરો થયો. ઇતી નારકીનો અધિકાર સંપૂર્ણ.

## ૪૩. તિર્યંચનો પહેલો ઉદ્દેશો.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચજોનીયાના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના પાંચ ભેદ છે. એકેંદ્રિ તિર્યંચજોનીયા ૧, બેઇંદ્રિ ૨, તેઇંદ્રિ ૩, ચૌરેંદ્રિ ૪, ને પચેંદ્રિ તિર્યંચજોનીયા ૫.

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રિ તિર્યંચજોનીયાના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના પાંચ ભેદ છે. પૃથ્વીકાય એકેંદ્રિ તિર્યંચજોનીયા ૧, પાણી ૨, અગ્ની ૩, વાય ૪ ને વનસ્પતિકાયા એકેંદ્રિ તિર્યંચજોનીયા ૫.

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વીકાય એકેંદ્રિ તિર્યંચજોનીયા તેના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે સુક્ષ્મ પૃથ્વીકાયા એકેંદ્રિ તિર્યંચજોનીયા ૧, ને બાદર પૃથ્વીકાયા એકેંદ્રિ તિર્યંચજોનીયા ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ પૃથ્વીકાયા એકેંદ્રિ તિર્યંચજોનીયા તેના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. પર્યાપ્તા સુક્ષ્મ પૃથ્વીકાયા ૧, ને અપર્યાપ્તા સુક્ષ્મ પૃથ્વીકાયા ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર પૃથ્વીકાયા એકેંદ્રિ તિર્યંચજોનીયા તેના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના પણ બે ભેદ છે. પર્યાપ્તા બાદર પૃથ્વીકાયા ૧, ને અપર્યાપ્તા બાદર પૃથ્વીકાયા ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, અપકાયા એકેંદ્રિ તિર્યંચજોનીયાના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. તે જેમ પૃથ્વીકાયાના ભેદ કહ્યા છે તેમ જાણવા. એમ અગ્ની, વાય ને વનસ્પતિકાયના પણ ભેદ બબે જાણવા.

**પ્રશ્ન**—હે ભગવંત, બેઈંદ્રિ તિર્યંચજોનીયાના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. પર્યાપ્તા બેઇંદ્રિ તિર્યંચજોનીયા ૧ ને અપર્યાપ્તા બેઇંદ્રિ તિર્યંચજોનીયા ૨ એ બેઇંદ્રિના ભેદ કહ્યા. એમ જાવત્ તેઇંદ્રિ, ચૌરેંદ્રિ તિર્યંચજોનીયા સુધી જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, પચેંદ્રિ તિર્યંચજોનીયાના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. જળચર પચેંદ્રિ તિર્યંચજોનીયા ૧, થળચર પચેંદ્રિ તિર્યંચજોનીયા ૨, ને ખેચર પચેંદ્રિ તિર્યંચજોનીયા ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, જળચર પચેંદ્રિ તિર્યંચજોનીયાના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. સમુછિમ જળચર પચેંદ્રિ તિર્યંચજોનીયા ૧, ને ગર્ભજ જળચર પચેંદ્રિ તિર્યંચજોનીયા ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, સમુર્છિમ જળચર પચેંદ્રિ તિર્યંચજોનીયાના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. પર્યાપ્તા સમુર્છિમ જળચર તિર્યંચ ૧, ને અપર્યાપ્તા સમુર્છિમ જળચર તિર્યંચ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, ગર્ભજ જળચર પચેંદ્રિ તિર્યંચજોનીયાના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. પર્યાપ્તા જળચર ગર્ભજ તિર્યંચ ૧. ને અપર્યાપ્તા જળચર ગર્ભજ તિર્યંચ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, થળચર પચેંદ્રિ તિર્યંચજોનીયાના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે ચતુષ્પદ થળચર પચેંદ્રિ તિર્યંચજોનીયા ૧, ને પરીસર્પ પચેંદ્રિ તિર્યંચજોનીયા ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, ચતુષ્પદ થળચર તિર્યંચ પચેંદ્રિના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. એક સમુર્છિમ ચતુષ્પદ થળચર પચેંદ્રિ તિર્યંચ ૧, બીજા ગર્ભજ ચતુષ્પદ થળચર પચેંદ્રિ તિર્યંચ ૨, એમ જાવત્ જેમ જળચર કહ્યા. તેમ ચતુષ્પદ પણ જાણવા.

**પ્રશ્ન**—હે ભગવંત, પરીસર્પ થળચર પચેંદ્રિ તિર્યંચ જોનીયાના કેટલા ભેદ છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊતર—હે ગૌતમ, તેના બે ભેદ છે. એક ઉરપર સર્પ થળચર પચેંદ્રિ તિર્યંચ જોનીયા ને બીજા ભૂજપર સર્પ થળચર પચેંદ્રિ તિર્યંચ જોનીયા.

પ્રશ્ન—હે ભગવંત, ઉરપર સર્પ થળચર પચેંદ્રિ તિર્યંચ જોનીયાના કેટલા ભેદ છે?

ઉત્તર—હે ગૌતમ, તેના બે ભેદ છે. તે જેમ જળચરના કહ્યા તેમ ઉરપર સર્પના પણ ચાર ભેદ જાણવા. એમ ભૂજપર સર્પના પણ ચાર ભેદ જાણવા.

પ્રશ્ન—હે ભગવંત, ખેચર પચેંદ્રિ તિર્યંચ જોનીયાના કેટલા ભેદ છે?

ઉતર—હે ગૌતમ, તેના બે ભેદ છે. એક સમુર્છિમ ખેચર પચેંદ્રિ તિર્યંચ જોનીયા ને બીજા ગર્ભજ ખેચર પચેંદ્રિ તિર્યંચ જોનીયા.

પ્રશ્ન—હે ભગવંત, ખેચર સમુર્છિમ પચેંદ્રિ, તિર્યંચ જોનીયા તેના કેટલા ભેદ છે?

ઉતર—હે ગૌતમ, તેના બે ભેદ છે. એક પર્યાપ્તા સમુર્છિમ ખેચર પચેંદ્રિ તિર્યંચ જોનીયા ને બીજા અપર્યાપ્તા સમુર્છિમ ખેચર પચેંદ્રિ તિર્યંચ જોનીયા. એમ ગર્ભજ ખેચર પણ જાણવા. જાવત્ પર્યાપ્તા ગર્ભજ ખેચર તિર્યંચ. ને અપર્યાપ્તા ખેચર ગર્ભજ તિર્યંચ પણ જાણવા.

પ્રશ્ન—હે ભગવંત, ખેચર પચેંદ્રિ તિર્યંચ જોનીયા તેને કેટલા પ્રકારનો જોની સંગ્રહ છે?

ઉતર—હે ગૌતમ, તેને ત્રણ પ્રકારનો જોની સંગ્રહ (ઉપજવાનાં ઠેકાણાં) છે. અંડજ (ઇંડાથી ઉપજે તે મયુરાદિક.) પોતજ (તે વડવાગોલ ૨,) ને સમુર્છિમ ૩.

પ્રશ્ન—હે ભગવંત, અંડજ જોની સંગ્રહના કેટલા ભેદ છે?

ઉત્તર—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. સ્ત્રી ૧, પુરૂષ ૨, ને નપુંસક ૩.

પ્રશ્ન—હે ભગવંત, પોતજ જોની સંગ્રહના કેટલા ભેદ છે?

ઉતર—હે ગૌતમ, તેના પણ ત્રણ ભેદ છે. સ્ત્રી ૧, પુરૂષ ૨, ને નપુંસક ૩.

પ્રશ્ન—હે ભગવંત, સમુર્છિમ જોની સંગ્રહના કેટલા ભેદ છે?

ઉતર—હે ગૌતમ, તે સર્વે જીવ એક નપુંસક વેદેજ છે.

પ્રશ્ન—હે ભગવંત, તે જીવને લેશ્યા કેટલી છે?

ઉત્તર—હે ગૌતમ, તેને ૭ લેશ્યા છે, તે કૃષ્ણ લેશ્યા ૧, જાવત્ શુકલ લેશ્યા ૬. પર્યંત જાણવું.

પ્રશ્ન—હે ભગવંત, તે જીવ શું સમ્યકત્વ દ્રષ્ટી છે, કે મિથ્યાત્વ દ્રષ્ટી છે, કે સમમિથ્યાત્વ દ્રષ્ટી છે?

ઉત્તર—હે ગૌતમ, સમ્યકત્વ દ્રષ્ટી છે, મિથ્યાત્વ દ્રષ્ટી છે, ને સમમિથ્યાત્વ દ્રષ્ટી પણ છે.

પ્રશ્ન—હે ભગવંત, તે જીવ શું જ્ઞાની છે કે અજ્ઞાની છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર—હે ગૌતમ, જ્ઞાની પણ છે, ને અજ્ઞાની પણ છે. તેમાં જ્ઞાન ત્રણ સુધી હોય ને અજ્ઞાન ત્રણની ભજના.

પ્રશ્ન—હે ભગવંત, તે જીવ શું મનજોગી છે, કે વચનજોગી છે, કે કાયજોગી છે?

ઉત્તર—હે ગૌતમ, ત્રણે જોગ સહીત છે.

પ્રશ્ન—હે ભગવંત, તે જીવ શું સાકરોપયોગી છે. કે અનાકારોપયોગી છે?

ઉત્તર—હે ગૌતમ, સાકારોપયોગી પણ છે અને અનાકારોપયોગી પણ છે.

પ્રશ્ન—હે ભગવંત, તે જીવ કઇ ગતિમાંહેથી આવી ઉપજે? શું નારકી મધ્યેથી ઉપજે, કે તિર્યંચ મધ્યેથી ઉપજે, કે મનુષ્ય મધ્યેથી ઉપજે કે દેવતા મધ્યેથી ઉપજે?

ઉત્તર—હે ગૌતમ, અસંખ્યાતા વરસના આવખાના ધણી ત્રીસ અકર્મભૂમિના ને છપન અંતરદ્વીપના મનુષ્ય, તિર્યંચ જુગળીયા, ને આઠમા દેવલોકની ઉપરના દેવતા વરજીને શેષ સર્વ ઉપજે.

પ્રશ્ન—હે ભગવંત, તે જીવને કેટલા કાળની સ્થિતિ છે?

ઉત્તર—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે.

પ્રશ્ન— હે ભગવંત, તે જીવને કેટલી સમુદ્‌ઘાત છે?

ઉત્તર—હે ગૌતમ, તેને પાંચ સમુદ્‌ઘાત છે. વેદની સમુદ્‌ઘાત કષાય સમુદ્‌ઘાત, મારણાંતિક સમુદ્‌ઘાત, વૈક્રિય સમુદ્‌ઘાત, ને તેજસ સમુદ્‌ઘાત.

પ્રશ્ન—હે ભગવંત, તે જીવ મારણાંતિક સમુદ્‌ઘાતે શું સમોહત મરે છે, કે અસમોહત મરે છે?

ઉત્તર—હે ગૌતમ, સમોહત પણ મરે છે ને અસમોહત પણ મરે છે.

પ્રશ્ન—હે ભગવંત, તે જીવ આંતરા રહીત ચવીને કઇ ગતિમાં જાય, કઇ ગતિમાં ઉપજે? શું નારકી મધ્યે ઉપજે, કે તિર્યંચ પ્રમુખ કઇ ગતિમાં ઉપજે?

ઉત્તર—હે ગૌતમ, જેમ બીજી પ્રજ્ઞપ્તી (પ્રતિપતિ) ને વિષે ઉપપાત કહ્યો છે તેમ જાણવો, અથવા પનવણાને વ્યુત્ક્રાંતિ પદને વિષે કહ્યો છે તેમ જાણવો.

પ્રશ્ન—હે ભગવંત, તે જીવની કેટલી જાતી કુલકોટી લાખ કહી છે? ( ઇહાં જાતી કુળ જોનીનું ઉદાહરણ કહેછે. જે એક યોની મધ્યે અનેક જાતી કુળ હોય. જેમ છાણની યોની મધ્યે કૃમીયાનું કુળ, કીડાનું કુળ, વીછીનું કુળ છે. તે કારણે એક યોની મધ્યે અનેક જાતીના કુળ હોય તે બે ઇંદ્રી, તેઇંદ્રિ, ચૌરેંદ્રિ, પચેંદ્રિ પ્રમુખના હોય. તીહાં યોની તે ઉત્પતિ સ્થાનક (ઉપજવાનું ઠેકાણું) ને કુળ તે પોતાના સરખા જીવ હોય તે. એને જાતી કુળ કોડી કહી છે. તે ભીન જાતીના જીવ માટે) તથા જેમ તિર્યંચની જાતિ છે ને તેનાં કુળ કૃમિયા કીડા વીંછી પ્રમુખ એ કુળ છે તે યોની પ્રમુખ કહીએ એટલે એક યોનિને વિષે અનેક કુળ થાય)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, બાર લાખ જાતિ કુલ કોટીની પ્રમુખ લાખો છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ભુજપર સર્પ થળચર પચેંદ્રિ તિર્યંચ જોનીયાને કેટલા પ્રકારની યોની સંગ્રહ છે?

**ઉ-તર**—હે ગૌતમ, ત્રણ પ્રકારની છે. તે કહે છે. અંડજ ૧, (ઘો પ્રમુખ) પોતજ ૨, (નકુલ પ્રમુખ.) ને સમુર્છિમ ૩, એ રીતે જેમ ખેચરનો અધિકાર કહ્યો તેમ જાણવો. પણ એટલો વિશેષ જે આયુષ જઘન્યથી અંતર્મુહુર્તનું ને ઉત્કૃષ્ટુ ક્રોડ પુર્વનું. અને તે મરીને બીજી નરક સુધી જાય. તેની નવલાખ જાતી કુલ કોટી અનેક લક્ષ યોની પ્રમુખ છે. એમ અનંતે તિર્થંકરે કહ્યું છે. શેષ અધિકાર પુર્વપરે જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, ઉરપર સર્પ થળચર પચેંદ્રિ તિર્યંચ જોનીયાને કેટલા પ્રકારની યોની સંગ્રહ છે.

**ઊ-તર**—હે ગૌતમ, જેમ ભૂજપરનો અધિકાર કહ્યો તેમ જાણવો. પણ એટલો વિશેષ જે તેનું આયુષ જઘન્યથી અંતર્મુહુર્તનું ને ઉત્કૃષ્ટપણે ક્રોડ પુર્વનું છે. તે મરીને જાવત્ પાંચમી નરક સુધી જાય. એહની દશ લાખ કુળ કોટી જાતી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચતુષ્પદ થળચર પચેંદ્રી તિર્યંચ જોનીયાને કેટલા પ્રકારની યોની સંગ્રહ છે?

**ઊ-તર**—હે ગૌતમ, બે પ્રકારની છે. જરાયુત (ઓરથી ઉપજેલ ગાય પ્રમુખ) ૧ ને સમુર્છિમ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, જરાયુતના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. સ્ત્રી ૧, પુરૂપ ૨, ને નપુંસક ૩, તેમાં જે સમુર્છિમ છે તે સર્વ નપુંસક વેદે છે (ને ગર્ભજ ત્રણે વેદે છે)

**પ્રશ્ન**—હે ભગવંત, તે જીવને કેટલી લેશ્યા છે?

**ઊત્તર**—હે ગૌતમ, જેમ પક્ષીનો અધિકાર કહ્યો છે તેમ જાણવો. પણ એટલો વિશેષ જે તેનું આવખું જઘન્યથી અંતર્મુહુર્ત ને ઉત્કૃષ્ટુ ત્રણ પલ્યોપમનું (જુગળીયા આશ્રી) ને તે મરીને ચોથી નરક પર્યંત જાય. તેની દશ લાખ જાતિ કુલ કોટી જાતી જોની પ્રમુખ કહી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જળચર પચેંદ્રિ તિર્યંચ જોનીયાને કેટલા પ્રકારનો જોની સંગ્રહ છે?

**ઊ-તર**—હે ગૌતમ, પુર્વે જેમ ભુજપર સર્પનો અધિકાર કહ્યો છે તેમ જાણવો. પણ એટલો વિશેષ જે મરીને જાવત્ સાતમી નરક પર્યંત જાય. તેની સાડી બાર લાખ જાતી કુળ કોટી જોની પ્રમુખ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચૌરેંદ્રિની કેટલી લાખ જાતિ કુલ કોટી છે?

**ઉત્તર**—હે ગૌતમ, નવલાખ કુલ કોટી જાતિ ને બે લાખ જોની પ્રમુખ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, તેઇંદ્રિની કેટલી લાખ જાતી કુલ કોડી છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેની આઠ લાખ કુલ કોડી જાતિ છે ને બે લાખ જોની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બે ઇંદ્રિને કેટલી લાખ કુલ કોડી છે?

**ઉતર**—હે ગૌતમ, સાત લાખ કુલ કોડી જાતિ ને બે લાખ જોની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કેટલા ગંધ કહ્યા છે. ને કેટલા ગંધાંગ સત કહ્યા છે?

**ઊ-તર**—હે ગૌતમ, સાત ગંધા અને સાતસેં ગંધના અંગ છે. ગંધ તથા ગંધાંગ સ્વરૂપ યથા ટીકાકારે ગાથા.

**मूलतयकठ निजास, पत्तपुप्फ फलमोय,॥ गंधंगा वणादुत्तरभेया, गंधंगसया मुणेयव्वा ॥१॥ अस्या व्याख्यानरुपं गाथाद्वयं,॥ मुथासुवन्नछल्ली, अगरुवालो तमालपत्तंच, तहयपीयंगू जाइ, फलंच जाईएगंधंगा ॥२॥ गुणणाएसत्तसया, पंचहिंवणेहिं सूरभिगंधेणं, रसपणगेणंतहफासेहिं, चउहियमेतेहिं ॥३॥**

ભાવાર્થ—હવે સાત ગંધાંગ જાતિ ભેદ દેખાડે છે. મુળ ૧, ત્વચા ૨, કાષ્ટ ૩, નિર્યાસ (રસ) ૪, પત્ર ૫, પુષ્પ ૬, ફળ ૭, તેમાં મુળ એટલે મોથ, વાળો, ઉશીર ઇત્યાદિ. ૧. ત્વચા એટલે સુવર્ણ છાલ, તજ, ઇત્યાદિ ભેદ જાણવા. ૨. કાષ્ટ એટલે ચંદન અગર ઇત્યાદિ ભેદ જાણવા. ૩, નિર્યાસ એટલે કર્પુર પ્રમુખ જાણવા. ૪. પત્ર એટલે જાતિપત્ર, તમાલ પત્ર પ્રમુખ જાણવા. ૫. પુષ્પ એટલે પ્રિયંગુ, લવીંગ, નાગર, ફુલ ઇત્યાદિ જાણવા૬, ફળ, એટલે જાયફળ, કંકોલા, એલચી પ્રમુખ જાણવા ૭. એ સાતને પ્રત્યેક પ્રત્યેક. કાળા પ્રમુખ પાંચ વર્ણ ભેદે ગણીએ ત્યારે પાંત્રીશ થાય. તે પાંત્રીશમાં એક સુર્ભિગંધ હોય તેનો ગુણાકાર નહીં થતાં પાંત્રીસજ રહે. તે પાંત્રીસને પાંચ રસે ગુણતાં એકસો પંચોતેર થાય. તેને આઠ સ્પર્શ માંહેલા સુંવાળો, ૧, હળવો. ૨, શીત. ૩. ને ઉષ્ણ ૪. એ સ્પર્શે ગુણતાં સાતસો ગંધાંગ થાય.

**પ્રશ્ન**—હે ભગવંત, કેટલી પુષ્પ (ફુલ) જાતિ કુલકોડી જોની પ્રમુખ કેટલા લાખ કહી છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચાર લાખ કુલકોડી જળજ કમળ પ્રમુખની, ચાર લાખ કુલકોડી થળજ જાય પ્રમુખના ફુલની, ચાર લાખ કુલકોડી માહાવૃક્ષ મહુડા પ્રમુખના ફુલની, ને ચાર લાખ કુલકોડી માહા ગુલ્મ કેતકી પ્રમુખના ફુલની. એ સોળ લાખ કુલકોડી ફુલની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કેટલી વેલડી કહી છે. ને કેટલા વેલડીના સતક (સો) કહ્યા છે?

**ઉ-તર**—હે ગૌતમ, ચાર મૂળ વેલ કહી છે. ને ચારસેં ચીભંટ પ્રમુખની વેલી કહી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કેટલી લતાની જાત કહી છે. ને કેટલા લતાના સતક (સો) કહ્યાછે?

**ઉત્તર**—હે ગૌતમ, આઠ લતા નાગરવેલ પ્રમુખની છે ને આઠસેં લતા વિશેષ કહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(જેહને ફુલ થાય તે વેલી ને જેહને ફુલ ન થાય તે લતા કહીએ) (લતાનો ને વેલીનો અધિકાર ક્યાંય ટીકામાં પણ વિવર્યો નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, કેટલે ભેદે હરીકાય ને કેટલા હરીકાયના સતક (સો) કહ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, ત્રણ ભેદે હરીકાય કહી છે. જળજ ૧, (જળથકી ઉપના તે) થળજ ૨, (સ્થળ થકી ઉપના તે.) ઉભય ૩, (જળ થળ બંનેથકી ઉપના તે) એમ એકેકાના સો ભેદ થાય ત્યારે હરીકાયના ત્રણસેં ભેદ થાય. તિહાં હજાર વનસ્પતિના ફળ બિટબંધ થાય, (વૃતાંક રીંગણા પ્રમુખ) ને હજાર ફળ નાળબંધ થાય છે (કમળ પ્રમુખ) એ સર્વે હરીકાયજ જાણવા.

તે એમ સર્વે જીવને જાત્યંતરે જાણતાં થકાં, એમ સુત્રને અનુસાર અવગાહતાં થકાં. એમ સુત્રને જ્ઞાનલોચને જોતાં થકાં, એમ ભલે પ્રકારે મનમાં ચીતવતાં થકાં. એ બે કાયમધ્યે નિશ્ચે સર્વ સંસારી જીવ આવે. ત્રસકાય મધ્યે (બેઈંદ્રી પ્રમુખ) ૧ ને થાવર કાય મધ્યે (પૃથ્વી પ્રમુખ) ૨, એમ સર્વ સરવાળે સકળ સંસારી જીવમધ્યે ચોરાશી જાતિ કુલકોડી જોનીપ્રમુખં સત સહસ્ત્ર હોય. એમ અતિત, અનાગત ને વર્તમાન અનંતા તિર્થંકરનું વચન છે.

વળી તિર્યંચ પુન્યકરે તે મરી દેવતા થાય તે ભણી તથા કુલકોટિની વિચારણાને વિષે, વિશેષ અધિકારથી, દેવતાના વૈમાનનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્વસ્તિકનામે ૧, સ્વસ્તિકાવર્ત્ત ૨, સ્વસ્તિકપ્રભ ૩, સ્વસ્તિકકાંત ૪, સ્વસ્તિકવર્ણ ૫, સ્વસ્તિકલેશ્ય ૬, સ્વસ્તિકધ્વજ ૭, સ્વસ્તિકશ્રંગાર ૮, સ્વસ્તિકકુટ ૯, સ્વસ્તિકસિદ્ધ ૧૦, સ્વસ્તિકોત્તરાવતંસક ૧૧, એ અગીયાર વૈમાન છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા. એ અગીયાર વૈમાન છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે વૈમાન કેવડાં મોટાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, જે વખતથી જંબુદ્વીપ મધ્યે અભ્યંતર મંડળે સૂર્ય ઉદય કરે છે. ને તે સૂર્ય આથમે છે તે વચે જે ૯૪૫૨૬ જોજનને એક જોજનના સાઠ ભાગ કરીએ તેવા બેતાળીશ ભાગ એટલું ક્ષેત્ર થાય છે, તેને ત્રણગણું કરતા ૨૮૩૫૮૦ જોજનને સાઠીયા છો ભાગ થાય તેટલા જોજનને એકેકે ડગલે દેવતા ચાલે તે ચંડાગતી કહીએ. તે વિગતે દેવતા તે ઉત્કૃષ્ટી ઉતાવળી જાવત્ દેવતાની ગતિએ ચાલતો થકો જાવત્ શબ્દે એક દિવસ, બે દિવસ, ને ઉત્કૃષ્ટપણે તે વૈમાન મધ્યે ૭ માસ પર્યંત ચાલે ત્યારે કોઈક વૈમાનનો પાર આવે ને કેટલાએક વૈમાનનો પાર આવે નહીં. એવડાં મોટાં વૈમાન છે. (એ વૈમાન પહેલે ચાર દેવલોકે છે)

**પ્રશ્ન**—હે ભગવંત, અર્ચિ ૧, અર્ચિરાવર્ત્ત ૨, (અર્ચિરપ્રભ ૩, અર્ચિરકાંત ૪, અર્ચિરવર્ણ ૫, અર્ચિરલેશ્ય ૬, અર્ચિરધ્વજ ૭, અર્ચિરશ્રંગાર ૮, અર્ચિરકુટ ૯, અર્ચિરસિદ્ધ ૧૦.) જાવત્ અગ્યારમું અચ્યુતરાવતંસક વૈમાન છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર—**હે ગૌતમ, હા. એ અગ્યાર વૈમાન છે.

**પ્રશ્ન—**હે ભગવંત, તે વૈમાન કેવડાં મોટાં છે?

**ઉત્તર—**હે ગૌતમ, તે જેમ સ્વસ્તિક પ્રમુખ કહ્યા તેમ જાણવા. પણ એટલો વિશેષ જે સૂર્યોદય, અસ્ત, ક્ષેત્રનું પાંચગણું એક ડગલું તે ચપલાગતિ કહીએ તે ગતે ૭ માસ પર્યંત ચાલે ત્યારે કોઇક વૈમાનનો પાર આવે ને કોઇક વૈમાનનો પાર આવે પણ નહીં એવડાં મોટાં વૈમાન છે. ( એ વૈમાન ગ્રૈવેયકે છે. )

**પ્રશ્ન—**હે ભગવંત, કામ ૧, કામાવર્ત્ત ૨, (કામપ્રભ ૩, કામકાંત ૪, કામવર્ણ ૫, કામલેશ્ય ૬, કામધ્વજ ૭, કામશ્રંગાર ૮, કામકુટ ૯, કામસિદ્ધ ૧૦) જાવત્ અગ્યારમું કમોતરાવતંસક વૈમાન છે?

**ઉ-તર—**હે ગૌતમ, હા. એ અગ્યાર વૈમાન છે.

**પ્રશ્ન—**હે ભગવંત, તે વૈમાન કેવડાં મોટાં છે?

**ઉ-તર—**હે ગૌતમ, તે જેમ સ્વસ્તિક પ્રમુખ કહ્યાં તેમ જાણવાં. પણ એટલો વિશેષ જે સાતગણો સૂર્યચાર કરીએ તેટલા જોજનનું એક ડગલું તે જયણાગતી કહીએ તે ગતે. શેષ સર્વ પુર્વલીરીતે કહેવું ( એ વૈમાન નવ ગ્રૈવેયકે છે.)

**પ્રશ્ન—**હે ભગવંત, અનુત્તર વૈમાને વિજય, વિજ્યંત, જયંત, અપરાજીત વૈમાન છે?

**ઉત્તર—**હે ગૌતમ, હા, એ ચાર વૈમાન છે.

**પ્રશ્ન—**હે ભગવંત, તે વૈમાન કેવડાં મોટા છે?

**ઉત્તર—**હે ગૌતમ, તે જેમ સ્વસ્તિક પ્રમુખ કહ્યાં તેમ જાણવાં. પણ એટલો વિશેષ જે સૂર્યનું ઉદય, અસ્તક્ષેત્ર તેને નવગણું કરીયે તેટલા જોજનનું એક ડગલું તે વેગાગતી. તે ગતે ૭ માસ પર્યંત દેવતા ચાલે ત્યારે કોઇક વૈમાનનો પાર આવે ને કોઇક વૈમાનનો પાર પણ આવે નહિ, એવડાં વૈમાનિકનાં મોટાં વૈમાન છે.

અહો સાધો આયુષ્યવંતો? એ તિર્યંચ જોનીયાનો પહેલો ઉદેશો પૂરો થયો.

## ૪૪. તિર્યંચનો બીજો ઉદ્દેશો.

**પ્રશ્ન—**હે ભગવંત, કેટલા પ્રકારના સંસારી જીવ છે?

**ઉત્તર—**હે ગૌતમ, ૭ પ્રકારના છે. પૃથ્વીકાય ૧, જાવત્ ત્રસકાયના ૬.

**પ્રશ્ન—**હે ભગવંત, પૃથ્વીકાયના કેટલા ભેદ છે?

**ઉ-તર—**હે ગૌતમ, તેના બે ભેદ છે. એક સૂક્ષ્મ પૃથ્વીકાયા ને બીજા બાદર પૃથ્વીકાયા.

**પ્રશ્ન—**હે ભગવંત, સૂક્ષ્મ પૃથ્વીકાયના કેટલા ભેદ છે?

**ઊ-તર—**હે ગૌતમ, તેના બે ભેદ છે. એક પર્યાપ્તા ને બીજા અપર્યાપ્તા.

**પ્રશ્ન—**હે ભગવંત, બાદર પૃથ્વીકાયના કેટલા ભેદ છે?

16

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. એક પર્યાપ્તા ને બીજા અપર્યાપ્તા, ઇત્યાદિક જાવત્ પનવણા સૂત્રના પહેલા પદથી જાણવા.

**પ્રશ્ન**—હે ભગવંત, સુંહાળી પૃથ્વીના કેટલા ભેદ છે?

**ઉ-ત્તર**—હે ગૌતમ, તેના સાત ભેદ છે. કાળીમાટી ૧. લીલી માટી ૨. રાતી માટી ૩. પીળી માટી ૪. પાંહુક માટી ૫. ધોળીમાટી ૬. ને રજસ પ્રમુખ પનક માટી ૭.

**પ્રશ્ન**—હે ભગવંત ખર (કઠણ) પૃથ્વીના કેટલા ભેદ છે?

**ઉ-ત્તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ કહ્યા છે. જાવત્ શબ્દે પૃથ્વી મધ્યે અસંખ્યાતા જીવ છે. એટલે પૃથ્વીકાય કહી. એમ નિશ્ચે જેમ પનવણા સૂત્રના પ્રથમ પદમાં અધિકાર કહ્યો છે (આગળ સર્વનો વિસ્તાર કહ્યો છે;તેમ નિરવિશેષ વનસ્પતિકાય પર્યંત જાણવું. એમ જાવત્ જ્યાં એક વનસ્પતિનો જીવ ત્યાં નિશ્ચે સંખ્યાતા, અથવા અસંખ્યાતા, અથવા અનંતા જીવ પણ પામીએ. એટલે વનસ્પતિનો અધિકાર કહ્યો.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રસકાયના કેટલા ભેદ છે?

**ઉ-ત્તર**—હે ગૌતમ, તેના ચાર ભેદ છે બેઇંદ્રિ ૧. તેઇંદ્રિ ૨. ચૌરેંદ્રિ ૩. ને પચેંદ્રિ ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, બેઇંદ્રિના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે. ઇત્યાદિક અધિકાર જેમ પનવણાના પદમાં કહ્યો છે તેમ અહીંઆ નિરવિશેષ જાણવો. જાવત્ સર્વાર્થસિદ્ધના દેવતા પર્યંત જાણવો. એટલે અનુતરોવવાઇયા દેવતા કહ્યા. એ ત્રસકાયનો અધિકાર થયો.

**પ્રશ્ન**—હે ભગવંત, કેટલા પ્રકારની પૃથ્વી છે?

**ઉત્તર**—હે ગૌતમ, ૭ પ્રકારની છે, સુંવાળી પૃથ્વી ૧. શુદ્ધ પૃથ્વી ( પર્વત મધ્યે ) ૨. વેળુ પૃથ્વી (નદી પ્રમુખની), ૩. મણસીલ (હીંગળો પ્રમુખ) ૪. શર્કરા (કાંકરા પ્રમુખ) ૫. ને ખર પૃથ્વી (પાષાણ વજ્ર પ્રમુખ) ૬.

**પ્રશ્ન**—હે ભગવંત, સુંવાળી પૃથ્વીની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉ-ત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે એક હજાર વરસની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, શુદ્ધ પૃથ્વીની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉ-ત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુ-ર્ત ને ઉત્કૃષ્ટપણે બાર હજાર વરસની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, વેળુ પૃથ્વીની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુ-ર્ત ને ઉત્કૃષ્ટપણે ચઉદ હજાર વરસની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, મણસીલ પૃથ્વીની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉ-ત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત ને ઉત્કૃષ્ટપણે સોળ હજાર વરસની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, શર્કરા (કાંકરા) પૃથ્વીની કેટલા કાળની સ્થિતિ છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે અઢાર હજાર વરસની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ખર (પાષાણ હીરા પ્રમુખ) પૃથ્વીની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે બાવીશ હજાર વરસની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, નારકીની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશ હજાર વરસ (પ્રથમ નરકને પ્રથમ પાથડે) ને ઉત્કૃષ્ટપણે તેત્રીસ સાગરોપમની (સાતમી નરકે) સ્થિતિ છે. ઇહા શ્રી પન્નવણાસૂત્રનું સ્થિતિપદ સર્વ જાણવું. જાવત્ સર્વાર્થ સિદ્ધના દેવતા પર્યંત સ્થિતિ જાણવી. (આગળ આવેલ છે).

**પ્રશ્ન**—હે ભગવંત, જીવતે (ચેતના લક્ષણ) જીવપણે કેટલા કાળ સુધી રહે?

**ઉત્તર**—હે ગૌતમ, સવદ્ધ સર્વ કાળ પર્યંત ને અનાદિ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વીકાય મધ્યે સામાન્યપણે જીવ કેટલા કાળ સુધી રહે?

**ઉત્તર**—હે ગૌતમ, સવદ્ધ સર્વકાળ અનાદી અનંત. એમ જાવત્ ત્રસકાય પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, વર્ત્તમાન સમયે પૃથ્વીકાય મધ્યે જેટલા જીવ ઉપના છે, તે જીવને સમયે સમયે એકેકો કાઢીએ તો કેટલે કાળે તે જીવ કાઢી રહીએ?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યપણે અસંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણીએ તે જીવ કાઢી રહીએ. ને ઉત્કૃષ્ટપણે પણ અસંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણીએ તે જીવ કાઢી રહીએ. (તીહાં જઘન્ય પદથી ઉત્કૃષ્ટપદ અસંખ્યાત ગણું જાણવું. અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ છે) એમ જાવત્ વાયુકાયના જીવ પર્યંત જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, વર્ત્તમાન સમયે વનસ્પતિકાય મધ્યે જેટલા જીવ ઉપના છે તે જીવને સમયે સમયે એકેકો કાઢીએ તો કેટલે કાળે તે જીવ કાઢી રહીએ?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યપદે વર્ત્તમાનકાળે વનસ્પતિ મધ્યે અનંતા જીવ ઉપજે ને ઉત્કૃષ્ટપદે પણ અનંતા જીવ ઉપજે તે કાળે વર્ત્તમાન સમયના પણ અનંતા જીવ કહ્યા તેના કાળનું માન કહેવાય નહીં.

**પ્રશ્ન**—હે ભગવંત, વર્ત્તમાન સમયે કેટલા જીવ ત્રસકાયા ઉપજે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યપદે સાગરોપમ સત પ્રથકત્વ ને ઉત્કૃષ્ટપદે પણ સાગરોપમ સત પ્રથકત્વ. તે જીવ સમયે સમયે એકેકો ત્રસ કાઢીયે તો સાગરોપમ સત પ્રથકત્વે એક સમયના ઉપના ત્રસ જીવને કાઢી રહીયે. (ત્યાં જે જઘન્યપદ કહ્યું તેથી ઉત્કૃષ્ટપદ વિશેષાધિક જાણવું.)

**પ્રશ્ન**—હે ભગવંત, અશુદ્ધ લેશ્યા (કૃષ્ણ, નિલ, ને કાપોત) નો ધણી સાધુ, વેદનાદિ સમુદઘાતે કરી રહિત પોતાના આત્માએ (જ્ઞાને કરીને અશુદ્ધ લેશ્યાના ધણી દેવતા, દેવીને જાણે? દેખે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં ૧, (અર્થાત જાણે, દેખે નહીં.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, અશુદ્ધ લેશ્યાનો ધણી સાધુ, વેદનાદિ સમુદઘાતે કરી રહિત પોતાના આત્માએ કરી શુદ્ધ લેશ્યા (તેજુ, પદ્મ, ને શુકલ)ના ધણી દેવતા, દેવીને જાણે? દેખે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં ૨, (જાણે, દેખે નહીં.)

**પ્રશ્ન**—હે ભગવંત, અશુદ્ધ લેશ્યાનો ધણી સાધુ, વેદનાદિ સમુદઘાતે કરી સહિત પોતાના આત્માએ કરી અશુદ્ધ લેશ્યાના ધણી દેવતા, દેવીને જાણે? દેખે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહી ૩, (જાણે, દેખે નહીં.)

**પ્રશ્ન**—હે ભગવંત, અશુદ્ધ લેશ્યાનો ધણી સાધુ, વેદનાદિ સમુદઘાતે કરી સહીત પોતાના આત્માએ કરી શુદ્ધ લેશ્યાના ધણી દેવતા, દેવીને જાણે? દેખે?

**ઉત્તર**—હે ગૌતમ,, એ અર્થ સમર્થ નહીં ૪, (જાણે, દેખે નહીં.)

**પ્રશ્ન**—હે ભગવંત, અશુદ્ધ લેશ્યાનો ધણી સાધુ, વેદનાદિ સમુદઘાતે કરી સહીત તથા રહીત, પોતાના આત્માએ કરી અશુદ્ધ લેશ્યાના ધણી દેવતા, દેવીને જાણે? દેખે?

**ઊ-તર**– હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં ૫, (જાણે, દેખે નહીં.)

**પ્રશ્ન**—હે ભગવંત, અશુદ્ધ લેશ્યાનો ધણી સાધુ, વેદનાદિ સમુદઘાતે કરી, સહીત તથા રહીત પોતાના આત્માએ કરી શુદ્ધ લેશ્યાના ધણી દેવતા, દેવીને જાણે? દેખે?

**ઉ-તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં ૬, (જાણે, દેખે નહીં.)

**પ્રશ્ન**—હે ભગવંત, શુદ્ધ લેશ્યા ( તેજુ, પદ્મ ને શુકલ એ ત્રણ લેશ્યા શુદ્ધ કહીએ ). એવી શુદ્ધ લેશ્યાવાળો સાધુ, વેદનાદિ સમુદઘાતે કરી રહીત પોતાના આત્માએ કરી અશુદ્ધ લેશ્યા (કૃષ્ણ, નિલ ને કાપોત એ ત્રણ લેશ્યા અશુદ્ધ કહીએ). એવી અશુદ્ધ લેશ્યાવાળા દેવતા, દેવીને જાણે? દેખે?

**ઉત્તર**—હે ગૌતમ, હા, ૭. (જાણે દેખે).

**પ્રશ્ન**– હે ભગવંત, શુદ્ધ લેશ્યાનો ધણી સાધુ, વેદનાદિ સમૂદઘાતે કરી રહિત પોતાના આત્માએ કરી શુદ્ધ લેશ્યાના ધણી દેવતા, દેવીને જાણે? દેખે?

**ઉ-તર**—હે ગૌતમ, હા, ૮. (જાણે દેખે )

**પ્રશ્ન**—હે ભગવંત, શુદ્ધ લેશ્યાનો ધણી સાધુ વેદનાદિ સમુદ્‌ઘાતે કરી સહિત પોતાના આત્માએ કરી અશુદ્ધ લેશ્યાના ધણી દેવતા, દેવીને જાણે? દેખે?

**ઉ-તર**—હે ગૌતમ, હા, ૯. (જાણે દેખે.)

**પ્રશ્ન**—હે ભગવંત, શુદ્ધ લેશ્યાનો ધણી સાધુ, વેદનાદિ સમુદ્‌ઘાતે કરી સહિત પોતાના આત્માએ કરી શુદ્ધ લેશ્યાના ધણી દેવતા, દેવીને જાણે? દેખે?

**ઉ-તર**—હે ગૌતમ, હા, ૧૦. (જાણે દેખે).

**પ્રશ્ન**—હે ભગવંત, શુદ્ધ લેશ્યાનો ધણી સાધુ, વેદનાદિ સમુદ્‌ઘાતે કરી સહિત તથા રહિત પોતાના આત્માએ કરી અશુદ્ધ લેશ્યાના ધણી દેવતા, દેવીને જાણે? દેખે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, હા, ૧૧.( જાણે દેખે.)

**પ્રશ્ન**—હે ભગવંત, શુદ્ધ લેશ્યાનો ધણી સાધુ, વેદનાદિ સમુદ્ઘાતે કરી સહિત તથા રહિત પોતાના આત્માએ કરી શુદ્ધ લેશ્યાના ધણી દેવતા, દેવીને જાણે? દેખે?

**ઉ-તર**—હે ગૌતમ, હા, ૧૨ .(જાણે, દેખે.) એ બાર અળાવામાં ૭ અશુદ્ધ લેશ્યાવાળા ન જાણે દેખે, ને ૭ શુદ્ધ લેશ્યાવાળા જાણે દેખે.

**પ્રશ્ન**—હે ભગવંત, અન્ય દર્શની (ચાર્વાક, બૌધ પ્રમુખ) એમ કહે છે, એમ બોલે છે, એમ પ્રજ્ઞાપના કરેછે, એમ પરૂપણા કરે છે. જે એમ નિશ્ચે એક જીવ એક સમે બે ક્રીયા કરે છે. એક સમ્યક્ત્વની ક્રીયા ને બીજી મિથ્યાત્વની ક્રિયા. જે સમે સમ્યક્ત્વની ક્રીયા કરે તે સગે મિથ્યાત્વની ક્રિયા કરે. ને જે સમે મિથ્યાત્વની ક્રીયા કરે તે સમે સમ્યક્ત્વની ક્રીયા કરે. સમ્યક્ત્વની ક્રીયા કરતો થકો મિથ્યાત્વની ક્રીયા કરે, ને મિથ્યાત્વની ક્રીયા કરતો થકો સમ્યક્ત્વની ક્રીયા કરે. એમ નિશ્ચે એક જીવ એક સમે બે ક્રીયા કરે એક સમ્યક્ત્વની ક્રીયા ને બીજી મિથ્યાત્વની ક્રીયા. એમ જે અન્ય દર્શની કહે છે તે કેમ?

**ઉત્તર**—હે ગૌતમ, જે અન્યદર્શની એમ કહે છે, એમ બોલે છે, એમ પ્રજ્ઞાપના દેખાડે છે, એમ પરૂપણા કરે છે. જે નિશ્ચે એક જીવ એક સમે બે ક્રીયા કરે છે તેમજ જાવત્ સમ્યક્ત્વની ક્રીયા ને મિથ્યાત્વની ક્રીયા એમ જે અન્યદર્શની કહે છે. તે સર્વ ખોટું છે. પણ હું હે ગૌતમ એમ કહું છું જાવત્ પરૂપણા દેખાડું છું. એમ નિશ્ચે એક જીવ એક સમયે એકજ ક્રીયા કરે. સમ્યક્ત્વની ક્રીયા અથવા મિથ્યાત્વની ક્રીયા. જે સમે સમ્યક્ત્વની ક્રીયા કરે તે સમે મિથ્યાત્વની ક્રીયા કરે નહીં, ને જે સમે મિથ્યાત્વની ક્રિયા કરે તે સમે સમ્યક્ત્વની ક્રીયા કરે નહિ. સમ્યક્ત્વની ક્રીયા કરતો થકો મિથ્યાત્વની ક્રીયા કરે નહિ ને મિથ્યાત્વની ક્રીયા કરતો થકો સમ્યક્ત્વની ક્રીયા કરે નહિ. એમ નિશ્ચે એક જીવ એક સમયે એક ક્રીયા કરે. સમ્યક્ત્વની ક્રીયા અથવા મિથ્યાત્વની ક્રિયા. એ તિર્યંચજેનીયાનો બીજો ઉદ્દેશો પુરો થયો. એ તિર્યંચનો અધિકાર પુરો થયો.

## ૪૫. મનુષ્યનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્યના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. એક સમુર્છિમ મનુષ્ય ને બીજા ગર્ભજ મનુષ્ય.

**પ્રશ્ન**—હે ભગવંત, સમુર્છિમ મનુષ્યના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તે એક પ્રકારનાજ કહ્યા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સમુર્છિમ મનુષ્ય ક્યાં ઉપજે?

**ઉત્તર**—હે ગૌતમ, અઢી દ્વીપ ને બે સમુદ્ર મળી પીસ્તાળીશ લાખ જેજન મનુષ્ય ક્ષેત્ર છે તે મધ્યે પંદર કર્મભૂમિ, ત્રીસ અકર્મભૂમિ ને છપન અંતરદ્વીપના મનુષ્યના ચઉદ સ્થાનક મધ્યે સમુર્છિમ મનુષ્ય ઉપજે છે તેના નામ કહે છે. ઉચારેસુવા વિષ્ટામાં ૧, પાસવણે સુવા પેસાબમાં ૨, ખેળેસુવા બડખામાં ૩, સિંઘાણેસુવા નાકના લીટમાં ૪,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વં-તેસુવા વમનમાં ૫, પી-તેસુવા લીલા, પીળા, પિત્તમાં ૬. પૂયેસુવા પરૂમાં ૭, સોણીયેસુવા રૂધિરમાં ૮, સુક્કેસુવા વીર્યમાં ૯, સુક્ર પુગળ પડીસાડીએસુવા વીર્યના સુકેલા પુદગળ પાછા લીલા થાય. તેમાં ૧૦ વિગયજીવ કલેવરેસવા મૃતક શરીરમાં ૧૧. છથી, પુરૂષ સંજોગેસુવા સ્ત્રી પુરૂષના સંજોગમાં ૧૨, નગરનિધમણેસુવા શહેરની ખાળમાં ૧૩, સવ્વે સુચેવ અસુઇઠાણેસુવા સર્વે મનુષ્ય સંબંધીના અસુચી, અપવિત્ર સ્થાનકમાં ૧૪, એ ચઉદ સ્થાનકે સમુર્છિમ મનુષ્ય ઉપજે છે.

તેના શરીરની અવગાહના આંગુળના અસંખ્યાતમે ભાગે છે. તે જીવ અસંજ્ઞી, મિથ્યાદષ્ટિ, અજ્ઞાની, અપર્યાપ્તાજપણે અંતર્મુહુર્ત્ત ને આવખે મરે છે. એ વિચાર શ્રી પન્નવણાજી સૂત્રથી લખ્યો છે. એ સમુર્છિમ મનુષ્યનો અધિકાર પુરો થયો.

**પ્રશ્ન**—હે ભગવંત, ગર્ભજ મનુષ્યના કેટલા ભેદ છે ?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. કર્મભૂમિ ૧, અકર્મભૂમિ ૨, ને અંતરદ્વીપ ૩.

## ૪૪. છપન અંતરદ્વીપના મનુષ્યનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, અંતરદ્વીપના મનુષ્યના કેટલા ભેદ છે ?

**ઉ-તર**—હે ગૌતમ, અંતરદ્વીપ તે લવણ સમુદ્ર મધ્યે ચુલ હેમવંત પર્વતની દાઢા ઉપર છે, તેના અઠાવીશ ભેદ છે. એકરૂક ૧, આભાસિક ૨, વૈમાનિક ૩, નાંગુલીક ૪, હયકર્ણ ૫, ગજકર્ણ ૬, ગોકર્ણ ૭, સકુલીકર્ણ ૮, આદર્શમુખ ૯, આદિ મેંઢામુખ ૧૦, આયોમુખ ૧૧. ગોમુખ ૧૨, અશ્વમુખ ૧૩, હસ્તિમુખ ૧૪, સીંહમુખ ૧૫, વ્યાઘ્રમુખ ૧૬, અશ્વકર્ણ ૧૭, સીંહકર્ણ ૧૮, અયકર્ણ ૧૯, કર્ણપ્રાવર્ણ ૨૦, ઉલ્કામુખ ૨૧, મેઘમુખ ૨૨, વિદયુતદંત ૨૩, વિદયુતજીવા ૨૪, ઘનદંત ૨૫, લષ્ટદંત ૨૬, ગુઢદંત ૨૭, શુદ્ધદંત ૨૮, એમ અઠાવીશ અંતરદ્વીપ ચુલહેમવંત પર્વતની દાઢા ઉપર. તેમજ અઠાવીશ અંતરદ્વીપ શીખરી પર્વતની દાઢા ઉપર લવણ સમુદ્ર મધ્યે સરવાળે છપન અંતરદ્વીપ જાણવા. તેમાં પ્રથમ એકરૂક દ્વીપનો અધિકાર કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, દક્ષણદિશનો એકરૂક મનુષ્યનો એકરૂક નામે દ્વીપ કયાં છે ?

**ઉ-તર**—હે ગૌતમ, જંબુદ્વીપ નામાદ્વીપ ત્યાંના મેરૂ પર્વતથી દક્ષણદશે ચુલહેમવંત વર્ષધર (ક્ષેત્રની હદ બતાવનાર) પર્વતના ઉત્તર ને પુર્વદિશના છેડાથી એટલે ઇશાનખુણે લવણ સમુદ્રમધ્યે ત્રણસેં જોજન અવગાહી જાઇએ ત્યાં ચુલહેમવંત પર્વતની દાઢા ઉપર દક્ષિણ દિશના એકરૂક મનુષ્યનો એકરૂકદ્વીપ નામે દ્વીપ છે. તે ત્રણસેં જોજન લાંબપણે ને પહોળપણે છે. ને નવસેં ઓગણપચાશ જોજન કાંઇક ઉણા ફરતો પરિધિપણે તે દ્વીપ છે.

તે દ્વીપ એક પદ્મવર વેદીકા (વંડીફીલારૂપ) ને એક વનખંડ તેણેકરી ચોતરફ વિંટાણો છે. તે પદ્મવર વેદીકા અર્ધ જોજન ઉંચપણે છે ને પાંચસેં ધનુષ્ય પહોળપણે છે. ને લાંબપણે તો દ્વીપ પ્રમાણે ફરતી છે. તે પદ્મવર વેદીકાનો એહવે રૂપે વર્ણન કર્યો છે. તેના વજ્રરત્નનાં પગથીયાં છે. એમ વેદીકાનો વર્ણન જેમ રાયપસેણી સૂત્રમાં છે તેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણવો. તેમજ આગળ જગતીના વર્ણનમાં આવશે તેથી જાણવો.

તે પદ્મવર વેદીકા એક વનખંડે ચોપખેર વીંટાણી છે. તે વનખંડ દેશેઊણા બે જોજન ફરતું પહોળપણે છે ને વેદીકા પ્રમાણે ફરતું છે. તે વનખંડની કૃષ્નશોભા છે. એમ રાયપસેણી સૂત્રથી વનનો વર્ણન જાણવો. તેમજ નિરવિશેષ જાણવો. તૃણ અને મણીનો વર્ણ, ગંધ, સ્પર્શ ને શબ્દ. તેમજ વાવ, ઉત્પાત પર્વત, પૃથ્વીશીલાના પટ્ટ પ્રમુખનો વર્ણન જાણવો. જાવત્ ત્યાં ઘણા વ્યંતરિક દેવતા ને દેવાંગ્ના બેસે છે જાવત્ વિચરે છે.

તે એકરૂક દ્વીપને માંહે ઘણુંજ સમ ને મનોહર ભૂમિભાગ તે ધરતી તળ છે. તે યથા-દ્રષ્ટાંતે માદળનું તળીયું જેહવું સમું છે તેહવો સમધરતી તળ છે. એમ જાવત્ સજ્યા-પર્યંત જાણવું. જાવત્ પૃથ્વીશીલાના પટ્ટ છે તે ઉપરે એકરૂક દ્વીપના મનુષ્ય ને મનુષ્યની સ્ત્રી એ બે બેસે છે જાવત્ વિચરે છે.

તે એકરૂક દ્વીપે તે તે દેશને વિષે તે તે ઠામે ઘણા ઉદ્દાલક નામે, મોદ્દાલક નામે, કોદ્દાલકનામે, કતમાલનામે, નયમાલનામે, નટ્ટમાલનામે. શૃંગમાલનામે, દંતમાલનામે, સંખ-માલનામે,સેલમાલનામે. ઇત્યાદિક વૃક્ષ કહ્યાં છે. અહો સાધો આયુષ્યવંતો ! તે વૃક્ષ ફળ્યાં ફુલ્યાં છે, તેનાં મુળ શુદ્ધ છે, દર્ભાદિકે રહીત છે. મુળે કરી, કંદે કરી જાવત્ બીજે કરી સહીત છે. પત્રેકરી, ફુલેકરી ઢંકાણા છે. વિશેષે કરીને વૃક્ષની શોભાએ કરી અત્યંત અત્યંત શોભતાં થકાં, વિશેષે શોભતાં થકાં રહે છે.

વળી એકરૂક દ્વીપને વિષે (અપ્રસિદ્ધ) ઘણાં વૃક્ષ છે. તે હેરૂતાલ વનસ્પતિનાં વન ભેરૂતાલ વનસ્પતિનાં વન, મેરૂતાલ વનસ્પતિનાં વન, સેરૂતાલ વનસ્પતિનાં વન, માલીના વન, સરલના વન, સરસડાના વન, સોપારીના વન, આંબાના વન, ખજુરીના વન, નાળી-યેરીના વન, ફળ્યાં ફુલ્યાં થકાં જાવત્ રહે છે.

વળી એકરૂક દ્વીપે ઘણા તીલક વૃક્ષના વન, વડ, જાવત્ રાયણ, નંદી વૃક્ષ પ્રમુખ દર્ભાદિકે રહિત ફળ્યા ફુલ્યા જાવત્ રહે છે,

વળી એકરૂક દ્વીપે ત્યાં ઘણી પદમલતા જાવત્ સ્યામલતા સદાય ફળી ફુલી રહે છે. એમ લતાનો વર્ણન જેમ ઉવવાઇ સૂત્ર મધ્યે કહ્યો છે તેમ જાણવો. જાવત્ પ્રતિરૂપ છે.

વળી એકરૂક દ્વીપે ત્યાં ઘણાં શેરીક વૃક્ષના ગુલ્મ જાવત્ મહાજાતીના ગુલ્મ તે ગુલ્મ પાંચ વર્ણે ફુલે ફળે છે અને ત્યાં મંદવાય વાય છે તેણે કરી નિર્મળ વૃક્ષની શાખા છે તેને કંપાવીને એકરૂક દ્વીપનો ઘણુંક સમ મનોહર જે ભૂમી ભાગ તેને વિષે ફુલના પુંજ ( ઢગલા ) કરે છે.

વળી એકરૂક દ્વીપને વિષે ત્યાં ત્યાં ઘણી વનની શ્રેણી છે. તે વનની શ્રેણી કૃષ્ણ છે જાવત્ મનોહર છે. મહામેઘનો સમુહ તે સરખી શોભા છે જાવત્ મહાગંધની ધ્વની મુકે છે. જોવા યોગ્ય છે ૧, દેખવા યોગ્ય છે ૨, અભીરૂપ છે ૩, પ્રતિરૂપ છે. ૪,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૫. દશ જાતના કલ્પવૃક્ષનો અધિકાર.

૧ વળી એકરૂક દ્વીપે ત્યાં ત્યાં ઘણાં મતંગનામે દ્રુમ (વૃક્ષ)ના સમુહ છે. (મતંગ તે જેહના ફળ ખાધે ચડા થાય.) અહો સાધો આવખાવંતો! જેમ તે ચંદ્રપ્રભા મદીરા ચંદ્રમાં સમાન ઉજળી, મણશીલાકા મણી સમાન વર્ણે મદીરા, તથા ઉત્તમ સિંધુ, (મદીરા વિશેષ.) ઉત્તમ વારૂણી, (નામા મદીરા.) ભલે પ્રકારે ધાવડી પ્રમુખના ફળ, પત્ર, ફુલ તેહના રસ તે મધ્યે ઘણા દ્રવ્ય સંયુક્ત કૃત મદયાદિકના તે પણ કાળ પ્રમાણે પ્રાપ્ત તેનો જેવો ચડા તથા સ્વાદ, વળી મધુ તથા મૈરક (મદીરા વિશેષ.) તે પણ અરીષ્ટ રત્ન વર્ણે જેની કાંન્તી છે. તેનો જેવો સ્વાદ તથા દુગ્ધ જાતનો મદય, તથા પ્રસંન્ન નામા સૂરા, તથા નેલક નામા સૂરા, તેનો જેવો સ્વાદ, તથા ખજુર, દ્રાખ પ્રમુખના સંજોગે કૃત મદય તેહનો જેવો સ્વાદ, તથા કાપી સાયન (મદય વિશેષ.) તથા પક ઇક્ષુરસ (પાકી શેલડીનો રસ) તેનો જેવો મદય કૃત તથા પ્રધાન સૂરા (મદય વિશેષ) ઇત્યાદિક જેમ વર્ણ, રસ, ગંધ, સ્પર્શે કરી યુક્ત છે અને વળી બળવીર્યના પરીણામને વધારે. (મદીરા પ્રમુખની વીધી ઘણા પ્રકારની છે.) તેમ તે મતંગનામે વૃક્ષના સમુહ પણ મદીરા પાનને ગુણે યુક્ત છે. સ્વભાવ થકીજ અનેક ઘણી જાતની મદીરા તેને પરીણામે પરણમીત છે. તે વૃક્ષ મદીરાને ગુણે પરણમીત છે. ફળે કરી પરીપૂર્ણ છે. તે ફળ પાકે છે ત્યારે મદીરા પ્રતે ઝરે છે, તે મહુડાની જાતના વૃક્ષ છે. તે વૃક્ષ ફળ્યાં ફુલ્યાં છે. તે વૃક્ષના મુળ કુશ દર્ભ તૃણાદીકે રહીત નિર્મળ શુદ્ધ છે. જાવત્ એવી રીતે રહે છે. એ પ્રથમ મતંગનામા કલ્પ વૃક્ષ વર્ણવ્યો. હવે બીજો ભૃગાંક નામે કલ્પ વૃક્ષ વર્ણવે છે.

૨ એકરૂક દ્વીપે તે તે ઠામે ઘણાં ભૃગાંરક (ભાજન–વાસણના) નામા વૃક્ષના સમુહ કહ્યાં છે. અહો સાધો આવખાવંતો? જેમ ઇહાં ઘડા, કરવા, કળશ, કળસલી, - પાત્ર કાચનીકા, ઉદકવર્ધની નામા ભાજન વિશેષ, સુપ્રતિષ્ટક (ભાજન વિશેષ,) વિષ્ટર નામા ભાજન, પારીવપકનામા ભાજન, ભૃંગાર લોટા, કરોટીક, સરક, પ્રરકપાત્રી, (તે વાંશના પાત્ર) થાળ, પલકનામા ભાજન, ચપલકનામા ભાજન અપદનામા ભાજન, દકવારકનામા ભાજન (વિચિત્ર ભાજન) મણીપટ્ટકનામા ભાજન, શ્રુક્તિકનામા ભાજન, થોર પિતકા ભાજન, કચન મણી ભાજન, ઇત્યાદીક મનોહર ભાજન છે. તે ભાજન સુવર્ણ મણી રત્ને કરી ભાંત્તિ વિચીત્ર છે. એહવા આ ક્ષેત્રે જેમ ભાજન છે તેમ તે ભૃંગાર નામા વૃક્ષના પણ સમુહ અનેક પ્રકારને ભાજને કરી સહીત છે. સ્વભાવે પરણમીત છે. ફળે કરી પ્રતિ પુર્ણ છે. તે વૃક્ષ એહવાથકાં ફળ્યા ફુલ્યા જાવત્ મનોહરપણે રહે છે. એ બીજો ભૃગાંરક નામા કલ્પ વૃક્ષ વર્ણવ્યો. હવે ત્રીજો ત્રૃટીતાંગ નામા કલ્પ વૃક્ષ વર્ણવે છે.

૩ એકરૂક નામા દ્વીપે ત્યાં ત્યાં ઘણાં ત્રુટીતાંગ (વાજીત્ર) નામા વૃક્ષના સમુહ કહ્યા છે. અહો સાધો આયુષ્યવંતો! જેમ તે આલીંગક નામા મોટું વાજીત્ર, લઘુમાદલ, પણવનામા વાજીંત્ર, પડહ, દદર, કરટી, ડીંડીમ, ભેરી, મોટી ભેર, કણીકા, (વીણા વિશેષ) ખરમુખી, મુરજ, (વાજીંત્ર વિશેષ) સંખ, પરીલીત્ર નામા વાજીંત્ર વિશેષ, પરીવાદ્ય સપ્તતંત્રી વિણા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંસવિણુંવંસવિશેષ, સુઘોષા, વિપંચી તંત્રી, વિણામહંચી વિણાવિશેષ, સતતંત્રી વીણા, રગસીકાનામા વીણા, હરતભાલ, કાંસાની તાલ, તેણે કરી સહીત, એહવા વાજીંત્રના ભેદ. વળી તેહને કહ્યા ગાંધર્વ સર્વ સમે કુશળ તેણે વગાડતા ત્રીકરણ સુધી આદી, મધ્ય ને, અંતરૂપ તે જેમ એ ક્ષેત્રે વાજીંત્રની જાતી છે. તેમ તે ત્રુટીતાંગ નામા પણ દ્રુમ (ઝાડ) ના સમુહ અનેક ઘણા પ્રકારના ત્રુટીતા વાજીંત્રના ચાર ભેદ છે. તતવીણા પ્રમુખ ૧, માદલ પ્રમુખ વિતલ ૨, તાલ પ્રમુખ ૩, અને સંખ પ્રમુખ ઝુંષી ૪, એમ ચાર પ્રકારના વાજીંત્રને ગુણે કરી સહીત છે. તે વૃક્ષ ફળે કરી સહીત છે. ફળ્યા પુલ્યાથકાં પૂર્ણ રહે છે. તે વૃક્ષના મૂળ સુદ્ધ છે. એ ત્રીજો ત્રુતીતાંગ નામે કલ્પ વૃક્ષ વર્ણવ્યો. હવે ચોથો દીપશિખા નામે કલ્પ વૃક્ષ વર્ણવે છે.

૪. એકરૂકનામા દ્વીપે ત્યાં ત્યાં ઘણા દ્વીપશીખા નામે વૃક્ષના સમુહ કહ્યા છે. અહો સાધો આવખાવતો! જેમ સંધ્યા સમયને વિષે ચક્રવૃર્તિ નવ નિધાનના ધણીને દીવીનો ચક્રવાળ પ્રગટ કરે, તે દીવી વર્ણવે છે. તે દીવી મધ્યે ઘણી જાડી વાટ છે, ને તે વાટ વળી તેલે કરી પ્રતિપૂર્ણ છે. એવી દીવીને પ્રગટ કરે ત્યારે અંધકારનો નાશ થાય. તેનો વર્ણ, કનકનો જેવો વર્ણ તે સમાન વર્ણ છે. વળી તે દીવીના કંચન, મણી રત્નના નિર્મળ બહુ મૂલ્ય રક્ત સુવર્ણના દેદીપમાન મનોહર દંડ છે. તે દીવી ઉત્તમ છે, એ દીવી સમકાળે દીપાવે, તેહનું રાત્રીને સમે સ્નેહવંત મનોહર દેદીપમાન તેજ થાય. નિર્મળ ગ્રહ ચંદ્રમા પ્રમુખ તેહના સરખી કાન્તી થાય, તેમ તેમ અંધકારને ટાળણહાર. સૂર્ય તેના કીરણ પસર્યા તેહનો જેવો ઉધ્યોત તેહવો તે દીવાનો જોતે કરી સ્વેત પ્રહસીત વિસ્તારપણે મનોહર શોભાયમાન તેજ થાય. તેમ તે દીપશીખા નામે વ્રક્ષના સમુહ પણ અનેક ઘણાં નવનવા પ્રકારનાં પરીણામ ઉધ્યોત વિધિના તેણે કરી સહીત ફળે કરી પ્રતિપૂર્ણ ફળ્યાં પુલ્યાંથકાં રહે છે. એ ચોથો દીપશીખાનામે કલ્પવૃક્ષ વર્ણવ્યો. હવે પાંચમો જ્યોતીશીખા નામા કલ્પવૃક્ષ કહે છે.

૫. એકરૂક દ્વીપે ત્યાં ત્યાં ઘણાં જ્યોતીશીખાનામા વૃક્ષના સમુહ કહ્યા છે. અહો સાધો આયુષ્યવંતો ? જેમ તે તત્કાળનો ઉગ્યો, શરદકાળનો આસ્વિન, કાર્તિક માસનો સૂર્ય મંડળ જેમ સહસ્ત્ર કીરણને દીપાવતો જેહવો વીજળીનો ઝળત્કાર, નિર્ધુમ અગ્ની જાજલ્યમાન અગ્નીએ ધમ્યો તાતો સુવર્ણ, કેશુનું પુલ, અશોક વૃક્ષનું પુલ, જાસુ વ્રક્ષનું પુલ, ઇત્યાદિક વિકસ્વર તેના પુંજ (ઢગલા) મણી રત્ન રક્ત વર્ણે તેના જેવા કીરણ જાતવંત હીંગળો તેનો સમુહ, (ઢગલો) તેના રૂપથી અધિક રૂપ તેજ સુર્યનું છે, તેમ તે જ્યોતિશીખા નામે પણ વ્રક્ષના સમુહ અનેક પ્રકારના ઉધ્યોતના પરીણામે ને ઉધ્યોતની વિધિ તેણે કરી સહીત છે. શુભ લેશ્યા છે, મંદ લેશ્યા છે, આતપની કાન્તિએ સ્વભાવિક પરણમીત છે. કુડાગારને સંસ્થાને સંસ્થિત છે. માંહોમાંહે લેશ્યા (પ્રભા–કાન્તિ)ના પ્રદેશ અવગાઢ છે. તે લેશ્યાને પ્રદેશે કરી સર્વ દિશે ચારે તરફ સોભાવે છે, ઉધ્યોત કરે છે, કાન્તિ વધારે છે. એ વ્રક્ષફળ્યાં પુલ્યાંથકાં રહેછે. એ પાંચમો જયોતિશીખા નામે કલ્પવ્રક્ષ વર્ણવ્યો. હવે છઠો ચીત્રાંગ નામા કલ્પવૃક્ષ વર્ણવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬ એકરૂક દ્વીપે ત્યાં ત્યાં ઘણાં ચીત્રાંગ નામે વૃક્ષનાં સમુહ કહ્યાં છે. અહો સાધો આયુષ્યવંતો ! જેમ તે પેક્ષાઘર જોવા યોગ્ય વિચીત્ર મનોહર ઉત્તમ ફુલની માળાએ સંયુક્ત દેદીપમાન ઉજ્વળ છે. વિકસ્વર પાંચવર્ણુ ફુલ તેના પુંજ તેણે કરી કળી સહિત છે. વીરલીત વિચિત્ર ફુલ તથા માળા તેને સમુદાયે કરી સહિત છે. તે કહે છે. ગ્રંથીમ ૧, (ગુંથ્યા) વેઢીમ ૨, (હારરૂપ) પુરીમ ૩, (પુર્યા) ને સંઘાતીમ ૪. (ફુલનો પુંજ) એમ ચાર પ્રકારના ફુલે કરી, નિપુણ પુરૂષે કારીગરે કરી વિભાગપ્રતે રચીને સર્વથી સર્વદીશે સમનુબંધ અવીરલપણે લંબાયમાન અંતર રહીત પંચવર્ણિ કુસુમની માળા તેણે કરી શોભાયમાન વનમાળાએ કરી તે ઘરનું દ્વાર શોભિત છે. તે ઘર અત્યંત દીપે તેમ તે ચિત્રાંગનામા વ્રક્ષના સમુહ પણ અનેક પ્રકારના ફુલને સમુહે કરી સ્વભાવિક પ્રણમીત છે ફુલ તથા ફુલની માળા તેને ગુણેકરી સહિત છે. તે વ્રક્ષ જાવત્ ફળ્યાં ફુલ્યાં થકાં રહેછે. એ છઠ્ઠો ચિત્રાંગનામા કલ્પવૃક્ષ વર્ણવ્યો. હવે સાતમો ચીત્રરસનામા કલ્પવૃક્ષ વર્ણવે છે.

૭ એકરૂક દ્વીપે ત્યાં ત્યાં ઘણા ચીત્રરસનામા વ્રક્ષના સમુહ કહ્યા છે. અહો સાધો આયુષ્યવંતો ! જેમ આ ક્ષેત્રે સુગંધ ઉત્તમ કલમશાલી નામે તંદુલ (ચોખા) તે પણ વિશુદ્ધ ગાય પ્રમુખના દુધમધ્યે રાંધ્યા એટલે ખીર કીધી તે મધ્યે સુગંધી શરદકાળનું ધૃત (ઘી) ને તેમાં ગોળ, ખાંડ અથવા સાકર ઘાલીએ ત્યારે અત્યંત રસવંત તે ખીર ઉત્તમ વર્ણ, ગંધ ને રસે કરી થાય. અથવા જેમ રાજા છ ખંડના ધણી ચક્રવતિ તેહને જેમ ડાહ્યા હુશીયાર રસોયા પ્રમુખ હોય તેણે નીપજાવેલ ચાર કલ્પીક શેષ વિશેષ રસવંતી ઓદન (ચોખા) તેહને વર્ણવે છે. કલમસાલીનામા ઉત્તમ તંદુલ તેહને ભલે પ્રકારે રંધીત બાફ સહીત કોમળ ચતુક કલ્પાદિકે પરીકર્મિત અનેક પ્રકારને મસાલે કરી સહીત એવા તંદુલ પ્રમુખ, અથવા મોદક (લાડવા) પરીપૂર્ણ સર્વ દ્રવ્ય એલચી પ્રમુખે કરી યુક્ત યથાયોગ્ય અગ્નીએ કરી રંધીત તે ઉત્તમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શયુકત બળ અને વીર્યને પરીણામે યુકત પાંચ ઇંદ્રીનું બળને વધારનાર, શરીરને પુષ્ટી કરનાર, ક્ષુધા, ને તૃષા તેનો ટાળણહાર તે મોદક મધ્યે ઉત્તમ ગોળ, ખાંડ અથવા શાકર તેણે કરી યુકત. સીંહ કેશરી નામા તે મોદક સ્પર્શે સુકુમાળ ને સુક્ષ્મ દળ છે તે પરમ મીષ્ટાન સ્વાદે હોય. તેમ તે ચીત્ર રસનામે વૃક્ષના સમુહ પણ અનેક ઘણા પ્રકારને સ્વભાવે કરી પરણમીત ભોજન. ને ભોજનની વીધીએ કરી સહીત એહવાં તે વૃક્ષ ફળ્યાં ફુલ્યાં થકાં રહે છે. એ સાતમો ચીત્રરસનામા કલ્પવૃક્ષ વર્ણવ્યો. હવે આઠમો મણિકાંગનામા કલ્પવ્રક્ષ કહે છે.

૮ એકરૂક દ્વીપે ત્યાં ત્યાં ઘણા મણિકાંગ નામા વૃક્ષના સમુહ કહ્યા છે. અહો સાધો આયુષ્યવંતો ! જેમ તે હાર, અર્ધહાર, ઉત્તરી, મુગટ, કુંડળ, વામોતક, હેમજાળ, મણિજાળ, કનક જાળ, સુત્રક, ઉચી, કટક, લઘુ, એકાવળી, કંઠસુતક, મકરીકા, ઉરથ, ગ્રૈવેયક ( કંઠાભરણ ) શ્રોણીસુત્રક આભરણ, ચુડામણિ આભરણ, કનકતિલક, ફુલ, સરસવ, ( આભરણ વિશેષ ) કનકાવળી, ચંદ્રચક્ર, સુર્યચક્ર, વૃષભચક્ર, તલભંગક ઇત્યાદિક નામે આભરણ વિશેષ તુટીત, હસ્તમાલગ, વિલેપ, દીનારમાલીકા, ચંદ્રમાલીકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂર્યમાલીકા, હર્ષક, કેયુર, વીરવળય, લંબાયમાન ઝુમણા પ્રમુખ, અંગુલીવેઢ પ્રમુખ, કાંચીકટી મેખળા, કલાપ, પ્રતરક, પાદોજાળ, ઘંટીકા, ઘુઘરમાળ, રત્ન જાળ, ( આભરણ વિશેષ.) પગનાં ઝાંઝર, ચરણ માલીકા, (આભરણ વિશેષ), સુવર્ણના સમુહની માળા પ્રમુખ આભૂષણ ઘણાં પ્રકારનાં તે સર્વ સુવર્ણ, મણી ને રત્ને કરી ભાંત્તિ વિચીત્ર મનોહર છે. જેમ ઇહાં ભરતાદિક ક્ષેત્રે ઘણા પ્રકારનાં છે. તેમ મણિકાંગનામા વૃક્ષના સમુહ પણ અનેક પ્રકારની નવનવી ભાતીના આભૂષણે પ્રણમીત, સ્વભાવેજ આભૂષણની વીધે કરી સહીત તે વ્રક્ષ જાવત્ ફળ્યાં ફુલ્યાં થકાં રહે છે. એ આઠમો મણિકાંગનામા કલ્પવૃક્ષ વર્ણવ્યો. હવે નવમો ગૃહાકારનામા કલ્પવૃક્ષ વર્ણવે છે.

૯. એકરૂક દ્વીપે ત્યાં ત્યાં ઘણાં ગૃહાકાર નામે કલ્પવૃક્ષના સમુહ કહ્યાં છે. અહો સાધો આયુષ્યવંતો !! જેમ તે ગઢ, અટાળા. ચરીકાદ્વાર પ્રોળ પ્રાસાદ, આકાશતળ તે અગાશી, માંડવા, એકઢાળીયા, બે ઢાળીયા, ત્રણ ઢાળીયા, ચારઢાળીયા, ગર્ભગૃહ, વદ્દભી-ગૃહ, ચીત્રસાળી, માલિક ભૂમી ગૃહ, વૃતકુબા, કોઠા પ્રમુખ, ત્રીખુણીયા ઘર, ચોરંસા ચોખુણીયા ઘર, નંદાવર્ત્તને આકારે, જેના તળીયાં પાંડુર છે એવા મુંડમાલ ઘર, ધવલગૃહ, અર્ધમાગધઘર, વિભ્રમગૃહ, સેલ આકારે ગૃહ, શીખરને આકારે ગૃહ, સુવિધ કોષ્ટ તે ભલા કોઠારને આકારે ઘર, અનેક ઘર સરણ લયનપુંખ સંસ્થાને, હાટ તથા વિડંગ નામા જાળીબંધ ગૃહ, ચંદ નિર્યુથગૃહ, ઓરડા, ચંદ્રસાળીકાગૃહ, ઇત્યાદિ પ્રકારનાં ભાંતી વિચિત્ર મનોહર ગૃહ. તે આ ભરતાદીક ક્ષેત્રે જેમ અનેક જાતીનાં છે તેમ તે ગૃહાકાર વૃક્ષના સમુહ પણ અનેક પ્રકારના ગૃહ ગુણે કરી વિશેષા સ્વભાવે પરણમીત છે. તે વૃક્ષ ઉપરે સુખે ચઢાય છે, સુખે ઉતરાય છે, સુખે તે વૃક્ષ મધ્યેથી નીસરાય છે, અને સુખે તે વૃક્ષમધ્યે પેસાય છે. તે વૃક્ષે સ્વભાવેજ દાદરારૂપ પગથીયાં તેણે કરી સહીત છે. એકાંત સુખનો સ્થાન છે. સન્યાસન રૂપે યુક્ત મનોહર ગૃહની વીધીયે કરી યુક્ત એવાં વૃક્ષ ફળ્યાં ફુલ્યાંથકાં જાવત્ રહે છે. એ નવમો ગૃહાકાર કલ્પવૃક્ષ વર્ણવ્યો. હવે દસમો અનગ્નકનામા કલ્પવૃક્ષ વર્ણવે છે.

૧૦ એકરૂક દ્વીપે ત્યાં ત્યાં ઘણાં અનગ્નક નામે વૃક્ષના સમુહ કયાં છે. અહો સાધો આયુષ્યવંતો !! જેમ તે આજીનક એટલે ચામડા રૂપ વસ્ત્ર, કપાસ વસ્ત્ર, તૃણના વસ્ત્ર, કંબળ, પટકુળ, ત્રિસરીતનું નિષ્પન તે કોસેયક, મૃગચર્મ, કાળમૃગપટ ચર્મ વિશેષ, અંસુક વિશેષ, આભરણે વિચિત્ર, સુકુમાળ, કલ્યાણકારી. ભીંગાજીવ વૃક્ષની પરે લીલા, કાજળની પરે કાળા, શોભતાં બહુવર્ણિ રક્ત, પીળાં, ધોળાં, મૃગના રોમના વસ્ત્ર, સુવર્ણના, જરકસી (ઝીક-જરી), ઉનના અનેક તંતુની ભાંતે કરી ચીત્રીત ઇત્યાદિક તંતુએ કરી નીપજાવેલ ભાંતી વિચીત્ર મનોહર. જેમ ઇહાં વળી તે વસ્ત્ર મધ્યે બહુ પ્રકારનાં પતનના નીપજાવેલ વર્ણ, ને રંગ સહીત તે વસ્ત્ર છે. તેમ તે અનગ્નકનામા વૃક્ષના સમુહ પણ અનેક પ્રકારને વિશેષા (સ્વભાવે) પરીણામે વસ્ત્રવિધે સહીત ફળ્યાં ફુલ્યાં થકાં જાવત્ રહે છે. એ દશમો અનગ્નકનામા કલ્પવૃક્ષ વર્ણવ્યો. એ દશ જાતના કલ્પવૃક્ષ વર્ણવ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૯. એકરૂક દ્વીપના મનુષ્યનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે મનુષ્યનો કેવો આકાર ભાવ, સ્વભાવે છે?

**ઉત્તર**—હે ગૌતમ, તે મનુષ્યનાં અત્યંત સોમ્યકારી મનોહર રૂપ છે. ભોગુત્તમ છે. ગજની પરે ભોગને વિષે સશ્રીક મનોહર છે. તેના અંગ સર્વ અવ્યવે કરી સુંદર છે. મનોહર રૂડા આકારે કાચબાની પરે તેના પગ છે. રાતા કમળની પરે સુકુમાળ પગનાં તળીયાં છે. વળી તે તળીયાં પર્વત, નગર, સમુદ્ર, મગરમચ્છ, ચક્ર, મૃગ ઇત્યાદિક લક્ષણે કરી સહીત છે. અનુક્રમે આંતરા રહીત પગની આંગુળી છે. ઉંચી પગની પાની છે. ને ચીગટયા ઉંચા ત્રાંબા વરણા તેના નખ છે. રૂડે આકારે પુષ્ટ અણુદીસતી પગની ઘુંટી છે. હરિણલીના ગુઢ શરીરની પરે અનુક્રમે વાટલી તેની જાંઘ છે. દાબડાના ઢાંકણાની પરે સ્વભાવે ગુઢ તેના ઢીંચણુ છે. હસ્તીના સરખી ગતિ (ચાલ) છે. ને ભલા પ્રધાન તેના સાથળ છે. મદોન્મત હાથી તે સરખી દીપતી વિશાળ વિલાસવંત તેની ગતિ (ચાલ) છે. જાતવંત અસ્વની પરે તે સરખા ગુહ્ય દેશ છે. જાતિ વિશુદ્ધ આકિર્ણ ઘોડાની પરે મળ રહીત ગુહ્ય દેશ છે. (જેમ જાતીવંત ઘોડાનો ગુહ્ય દેશ છાણ કરતાં જેમ ખરડાય નહીં તેમ તે જુગળીયાને મળ કરતાં ગુહ્ય દેસ ખરડાય નહીં) પ્રમુદીત હર્ષ સહીત પ્રધાન ઘોડો તથા સીંહ તેની કેડથી અધીક વ-તુંળાકારે તેની કટી (કેડ) છે. એકઠો બાંધ્યો મુસળ તે સરખી અને તેજે આરીસો તથા નિર્મળ કાંધો પ્રધાન સુવર્ણ તથા ખડગની મુઠ સરીખો તથા પ્રધાન વજ્રની પરે દેદીપમાન ત્રીવલી મધ્યભાગ છે. રજુ સર્લ પ્રમાણે કરી સહીત ઉત્તમ જાતીવંત સુક્ષ્મ કૃસ્ન સ્નીગ્ધ સોભાગ્યવંત મનોહર સુકુમાળ કોમળ રમણીક તેના શરીરની રોમરાય છે. ગંગાના આવર્ત્તન અને દક્ષણાવર્ત શંખ ને તેજે સૂર્ય કીરણ ઉદયમાન સમયે જેવું કમળ વિકસ્વર હોય તે સરખી ગંભીર વિકસ્વર વિકટ તેની નાભી ઊંડી છે. મચ્છ અને પંખી તેના સરખી સુજ્નત પુષ્ટ કુક્ષી છે. ઝખ મચ્છના સરીખું ઉદર છે. સુચી પવિત્ર શરીર છે. પદ્મની પરે વિકટ નાભી છે. લગારેક નીચા નમતાં પાસાં છે, નિરંતર પાસાં છે, મનોહર પાસાં છે, ગુણ સહીત, પરીમીત ચીતમવ્યા યથોકત પ્રમાણુ માંસેપુષ્ટ રચીત પાસા છે. અદસ્ય પાંસળી દીસે નહીં એહવું અને કનક સરખું નિર્મળ સુનિષ્પન રોગ રહીત શરીર છે. ઉત્તમ બત્રીસ લક્ષણના ધરણહાર છે. કનક સીલાતળની પરે ઉજ્વલ પ્રસરત સમતળ અવિષમ સમાતળ વિસ્તીર્ણ પોહોળું તેનું હૃદય છે. શ્રીવછે કરી શોભીત હૃદય છે, નગરની પોળની ભોગળ સમાન વર્તુળાકારે ભૂજા છે. કમાડના ભોગળ સરખી વિસ્તીર્ણ લાંબી તેની બાંહ છે. ધુંસરા સરખી પુષ્ટ રમણીક રૂડે સંસ્થાને સંસ્થીત છે. શુસીલષ્ટ મનોહર વિસીષ્ટ નિવડ સુવધ ગુઢ પર્વ હસ્તતળની જેની સંધ છે. રાતાં તળાં માંસે સહીત પુષ્ટ કુંણાં ને ઉત્તમ લક્ષણે સહીત છીદ્ર રહીત એહવાં હાથનાં તળાં છે. પુષ્ટ વાટલાને આકારે ભલી પરે નીપની કોમળ અત્યંત પ્રધાન અંગુલી છે. ત્રાંબા વરણાં નળીયાંને આકારે ઉંચા પવીત્ર દીપતા ચીગટા હાથના નખ છે. હથેળીમાં ચંદ્રમાનો આકાર છે સૂર્યનો આકાર છે. દક્ષણાવર્ત્ત શંખનો આકાર છે, ચક્રવૃત્તિના ચક્ર રત્નનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકાર છે. સવળા સાથીયાનો આકાર છે. ચંદ્રમા ૧, સૂર્ય ૨, શંખ ૩, ચક્ર ૪, સાથીયો. એ પાંચ હાથને વિષે આકાર છે. બીજે પણ લક્ષણે કરી સંપૂર્ણ તેણે કરી રચીત શોભીત તેના હાથ છે. ભલો પાડો, વરાહ સુયર, સીંહ, સાર્દુલો, અષ્ટાપદ, બળદ, હસ્તી, તેહના સરખા તે જુગળના ભલા પુરા મોટા સ્કંધ છે. ચાર આંગુલ પ્રમાણ કાચબાના સરખી ગ્રીવા (ડોક) છે. જથાવસ્થિત ભલે પ્રકારે ચીત્રાંમ સરખી મુછ છે. પુષ્ટ માંસે સંસ્થિત ભલી સીંહના સરખી મોટી હડપચી છે. પુષ્ટ પ્રવાળા સરખાં અથવા બીંબફળ (પાકાં ઘોલાં) સરખા રાતા તેહના હોઠ છે. પાંડુરા ચંદ્રમા સરખા નીર્મળ તથા દક્ષણાવર્ત્ત શંખ ગાયનું દુધ, સમુદ્રનું ફીણ, મચકુંદનું ફુલ, પાણીના ફુવારા અથવા કમળ સરખી દાંતની શ્રેણી છે. અખંડ દાંત છે. રાય રહીત દાંત છે. અંતર રહીત દાંત છે. ચીગટા દાંત છે. સુનિષ્પન દાંત છે. જાણીએ એક દાંત છે, એવું દીશે પણ અનેક દાંત છે, અને અગ્નીએ ધમ્યો નિર્મળ તાતો સુવર્ણ જેવો રાતો હોય તેવું રાતું તાળવું ને જીભ છે. ગરૂડ પંખીના જેવી નાશીકા છે. વીકસ્યા પુંડરિક કમળ સરખી આંખ છે. વિકસ્યા કમળની પાંખડી સરખી પાંપણ છે. થોડી નમી ધનુષ સરખી મનોહર કાળી અભ્રની રાય સરખી ભલે સંસ્થાને મનોહર લાંબી ઉત્તમ પાતળી કાળી ચીગટી ભાપણ (ભમર) છે. લય ન પામે પ્રમાણ યુક્ત એવા કાન છે. ભલા કાન છે. માંસે કરી પુષ્ટ એવા ગાલના દેશ ભાગ છે. તત્કાળનો ઉગ્યો બાળ સુર્યાકારે ઉત્તમ વિસ્તારપણે સમ નિલાડ (કપાળ) છે. પ્રતિપુર્ણ પુનમના ચંદ્રમા સમાન મુખ છે. છત્રને આકારે મસ્તક છે. નિવડ પુષ્ટ નાડીએ કરી સુબધ લક્ષણે કરી સહીત ઉંચા શીખર સરખો નભપીડાગ્ર શીખર હોય એહવો શીખર છે. દાડીમના ફુલની પરે તથા સુવર્ણને વર્ણે નિર્મળ સુજાત રાતી માથાની ચાંબડી છે. સામળી વ્રક્ષના ફુલ સરખાં ઘણું નિવડ માંશે ઉપચીત સુકુમાળ વિષય પ્રસસ્ત સુક્ષ્મ લક્ષણવંત સુગંધ ગંધે મનોહર કૃષ્ણ વર્ણે જેહવો શેષનાગ અથવા ભીંગો લીલો તે નીલશ્યામ અથવા કાજળનો પુંજ (ઢગલો) અથવા ભમરાનો સમુહ તે સરખા શ્યામ ચીગટા એકઠા એહવા દક્ષણવર્ત્તવળતા વધે નહીં એવા માથાના મોવાળા છે. બત્રીસ લક્ષણે કરી સહીત છે. સુનિષ્પન ભલા સંગત અંગોપાંગ ભલા છે. સરૂપવંત જોવા જોગ્ય છે. દેખવા જોગ્ય છે. અભીરૂપ છે. પ્રતિરૂપ છે.

વળી તે મનુષ્યનો હંસ સરખો સ્વર છે. ક્રૌંચ પંખીના સરખો સ્વર છે. વિણા સરખો છે. સીંહ સરખો સ્વર, સીંહ સરખો ઘોષ છે. મધુર સ્વર, મધુર ઘોષ છે. સુસ્વર છે, સુસ્વર ઘોષ છે. છાંયાએ કરી જાજલ્યમાન તેહનું અંગોપાગ છે. વજ્રરીખભનારાચ સંઘયણના ધણી છે. સમચતુરસ્ર સંસ્થાનના ધણી છે. શરીરની ચામડી ચીગટી છે. રોગ રહીત છે. ઉત્તમ પ્રશંસવા જોગ્ય છે. જેહને ઉપમા દેવાય નહીં એવું શરીર છે. વળી વીષ્ટા, લઘુનીત, પરસેવો ઇત્યાદિકે રહીત શરીર છે. શરીરે મેલ પ્રમુખ મળે નહીં. મનોહર વાયસમાન વેગ છે. કંક પંખીની પેરે આહાર લીએ છે. પારેવાની પેરે સર્વ પચે છે. સંકુન પંખીની પેરે નિહાર કરે છે. (જેમ તે જીવને નિહાર કરતાં પાંખ ખરડાઇ નહીં તેમ તે જુગળને પણ લેપ લાગે નહીં.) રોગ રહીત ઉંચો ઉદર દેસ છે. પદ્મ અથવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કમળ તેના ગંધ સરખો શ્વાસોશ્વાસ છે. અને મનોહર વદન છે. આઠસેં ધનુષની ઉંચી કાયા છે. તે મનુષ્યને ચોસઠ પાંસળી છે. અહો સાધો આવખાવંતો! તે મનુષ્ય પ્રકૃતિ સ્વભાવે ભદ્રીકભાવી, સ્વભાવે વનીત, સ્વભાવે ઉપસાંત ને સ્વભાવે ક્રોધ, માન, માયા, લોભ પાતળાં છે. કોમળતા અને વનીતાઇ તેણે સહીત. માયાએ બંધાય નહીં. ભદ્રક ભાવી, વનીત, પ્રેમ બંધન રહીત, ધનાદિકને સંચયે રહીત. વૃક્ષ મધ્યેના રહેનાર. વાંછીત વસ્તુના પામનાર મનોવાચ્છીત શબ્દાદિક કામભોગને ભોગવતાથકા વીચરે છે, એવા તે મનુષ્યના સમુહ કહ્યા છે. અહો સાધો આવખાવંતો?

**પ્રશ્ન**—હે ભગવંત, તે મનુષ્યને કેટલે કાળે આહારની ઇચ્છા ઉપજે છે?

**ઉ-તર**—હે ગૌતમ, એકાંતર આહારની ઇચ્છા ઉપજે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે જુગળની સ્ત્રીનો કેવો આકારભાવ સ્વભાવ સ્વરૂપ કહ્યો છે?

**ઉ-તર**—હે ગૌતમ, તે મનુષ્યની સ્ત્રી રૂડે આકારે છે. સર્વ અંગ મનોહર છે. પ્રધાન ઉત્તમ સ્ત્રીને ગુણે કરી સહીત છે. અત્યંત મનોહર કમળનીપરે સુકમાળ કાચ્છબાનીપરે સંસ્થીત સુંદર પગ છે. સરળ, કોમળ, પુષ્ટ; અંતર રહીત, માંસે સહીત એહવી પગની આંગુલી છે. ઉંચા સુખદાઇ નળીઓને આકારે ત્રાંબા વરણા પવીત્ર ચીગટા નખ છે, રોમે રહીત, વૃતાકારે, ઉત્તમ વખાણુવાજોગ લક્ષણે સહીત એવું જંઘાનું જુગળ છે. રૂડે નમતાં અત્યંત રૂડે નમતાં ગુઢ ગુપ્ત બે ઢીંચણુ છે. માંસે કરી સુબધ સંધી છે. કેળના થંભથી અધિક આકારે, વર્ણે સહીત, સુકુમાલ, મૃદુ-કુંણી માંહો માંહે મળતી સમી સુનીષ્પન વૃતાકારે પુષ્ટ એવી જાંઘ છે. અષ્ટાપદ જીવ વિશેષ, તેને સંસ્થાને ઉત્તમ વીસ્તીર્ણ પહોળી તેની કટી છે. પ્રદેશ હદકાનું વદન તેનો દીર્ઘપણો પોતાના મુખથી બમણો વિસ્તીર્ણ માંસે પુષ્ટ સુબધ એવી હદકાની (ગુહ્ય પ્રદેશ) ધરણહારી છે. વજ્રની પરે શોભાયમાન પ્રસસ્ત લક્ષણે સહીત કસોંદરી (પેટ) છે. ત્રીવળીએ કરી વળ્યો પાતળો નમતો ઉદરનો મધ્યભાગ છે. સરલ સમ સહીત જાતવંત પાતળી કાળી ચીગટી મનોહર રમણીક સુવિભક્ત ભલી મનોહર શોભાયમાન રમણીક એવી શરીરની રોમરાય છે. ગંગાવર્ત્તનને આકારે અથવા દક્ષણાવર્ત્ત સંખને આકારે અથવા કલ્લોલની પરે ગંભીર, સૂર્યના કીરણ ઉદય સમયના તેહવી તેજે અને વિકસ્વર કમળના સરખી ગંભીર ઊંડી વિકટા નાભી છે. અનુભટને ઉત્તમ તે સમાન પુષ્ટ કુક્ષી છે. નમતા પાસા છે સરખાં બે પાસાં છે, ભલાજ પાસા છે. મીત માત્રાએ પુષ્ટ ચારૂ (મનોહર) પાસાં છે. અણદીસતાં તેના હાડ છે. સુવર્ણની કાન્તિ સમાન નિર્મળી સુનિષ્પન રોગ રહીત એવી કાયાની ધરણહાર છે. સોનાના કળશ સરખા પ્રમાણે સહીત બે સરખા સુનિષ્પન લષ્ટ કઠીન મનોજ્ઞ સ્તનના મુખ છે. સમ શ્રેણે જોડલે જુગળ ગોળાકારે ઉંચા મનોહર જુગળણીના સ્તન છે. સર્પની પરે અનુક્રમે પાતળી ગાયના પુંછ સમાન વૃતાકારે સમ સરખી સહીત નમતી લંબાયમાન લીળાવંત એવી બાંહ છે. ત્રાંબા સરખા નખ છે. માંસે કરી સહીત હાથના પંજા છે. પુષ્ટ સકોમળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શોભાયમાન ચીગટી હાથની રેખા છે. ચંદ્રમા, સૂર્ય, દક્ષણાવર્ત્ત શંખ, ચક્ર, સાથીયા પ્રમુખની ભલે પ્રકારે રચીત હાથને વિષે રેખા છે. પુષ્ટ ઉંચી કુક્ષિ, હૃદય અને વસ્તીરૂપ પ્રદેશ પ્રતિપૂર્ણ છે. માંસે કરી પૂર્ણ ગળું અને ગાલ છે. ચાર આંગુળ પ્રમાણે કાચબાના સરખી ગ્રીવા (ડોક) છે. માંસે કરી સહીત ભલે સંસ્થાને હડબચી છે. દાડીમના ફુલ સમાન રાતે વર્ણે પુષ્ટ ભલા હોઠ છે. સુંદર હોઠ છે. દહીં, પાણી, રૂપું, ચંદ્રમા, મચકુંદનું ફુલ, માલતીનું ફુલ, અશોક વૃક્ષનું ફુલ એવે ધોળે વર્ણે છીદ્ર રહીત નિર્મળ દાંત છે. રાતું કમળ તથા રાતું પદ્મ તે સરખી રાતે વર્ણે સુંવાળી જીભ તથા તાળવું છે કણેર તથા અશોક વૃક્ષ તે સરખી સમી ઉંચી સરળપણે લાંબી એવી નાશીકા છે. સરદકાળના નીપના કમળ અથવા ચંદ્રવિકાસી કમળ તથા નિલોત્પલ કમળ તેની પાંખડી સમાન લક્ષણે સહીત મનોહર એવા નયણ છે. લાવણ્ય સહીત તે નયણના ખુણા ત્રાંબા વરણા રાતા છે. નમાવ્યું એવું ધનુષ્ય તે સરખી મનોહર કેસે કાળી સહીત સંગત સુજાત શ્યામ વર્ણે ચીગટી ભ્રકુટિ છે. પ્રમાણે યુક્ત એવા કાન છે. પુષ્ટ મનોહર એવા ગાલ છે. ચાર આંગુળ પ્રમાણ વિશાળ સમું નિલાડ (કપાળ) છે. કાર્તિકની પૂર્ણમાના ચંદ્રમા સમાન નિર્મળ પ્રતિપૂર્ણ સોમ્ય વદન છે. છત્રની પરે ઉંચુ ઉતમાંગ (મસ્તક) છે. વાંકા ચીગટા લાંબા શ્યામ વર્ણે એવા માથાના કેસ છે. છત્ર ૧, ધ્વજા ૨, જુગ ૩, થુભ ૪, દાંમની ૫, કમંડળ ૬, કળશ ૭, વાવી ૮, સાથીયો ૯, મોટી ધ્વજા ૧૦, જવ ૧૧, માછલો ૧૨, કાચબો ૧૩, રથ ૧૪, મગર ૧૫, થાળ ૧૬, અંકુશ ૧૭, અષ્ટાપદ (તે જીવ વિશેષ) ૧૮, શ્રીદામ ૧૯, સુપ્રતિષ્ટક ૨૦, મોર ૨૧, લક્ષ્મીનો અભિષેક ૨૨, તોરણ ૨૩, પૃથ્વી ૨૪, સમુદ્ર ૨૫, દેવભવન ૨૬, પર્વત ૨૭, આરીસો ૨૮, લીળાવંતહાથી ૨૯, બળદ ૩૦, સીંહ ૩૧, ચામર ૩૨, એવા ઉત્તમ બત્રીસ લક્ષણની ધરણહાર છે. હંસના સરખી ગત (ચાલ) છે. કોયલના સરખો મધુર સ્વર છે. મનોહર છે. સર્વને સમત્ત વલ્લભ છે. ધવળકેશ, દુષ્ટવર્ણ, કુચેષ્ટા, વ્યાધી દોભાગ્ય, શોક. એટલાથી રહીત છે. ઉંચપણે પુરૂષથકી થોડી (ચાર આંગુળ) નીચી છે. સ્વભાવે સોળ શૃંગાર અને આચાર તેણે કરી મનોહર વેષ છે. બોલવું, હસવું, બેસવું, ને વિલાશ વાત કરવી તેણે સહીત છે. મનોહર નિવડ પુંઠ છે, ને વદન, હાથ, પગ, ચક્ષુ, લાવણ્ય, રૂપ, જોવન વિલાસે કરી સહીત છે. નંદન વનની રહેનારી અપસરા સમાન રૂપે આશ્ચર્ય જોવા જોગ્ય વિશેષે જોવા જોગ્ય દેખવા જોગ્ય મનોહર છે, પ્રતિબિંબ સમાન છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે જુગળની સ્ત્રીને કેટલે કાળે આહારની ઇચ્છા ઉપજે છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેને એકાંતરે આહારની ઇચ્છા ઉપજે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે મનુષ્ય શેનો આહાર કરેછે?

**ઉ-તર**—હે ગૌતમ, પૃથ્વીના ઉપના ફુલ ને ફળ તેનો આહાર કરે છે. એવા તે મનુષ્યના સમુહ કહ્યા છે. અહો સાધો આયુષ્યવંતો!

**પ્રશ્ન**—હે ભગવંત, તે પૃથ્વીનો કેવો સ્વાદ છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, તે યથા દૃષ્ટાંતે ગોળ, અથવા ખાંડ, અથવા સાકર, અથવા મદિરા, અથવા ભિપકંદ (દેશવિશેષ) અથવા પર્પટ મોદક, પુષ્પોતર, અથવા પદ્મોત્તર, આક્રોસીકા, વિજયાપાક, મહાવિજયાપાક, કોઇક મિષ્ટાન વિશેષ, અનોપમ ગાયનું દુધ, ચાર ગાયને પાઇને તેનું દુધ ત્રણ ગાયને પાય તેનું દુધ બે ગાયને પાય તેનું દુધ એક ગાયને પાય તે ગાયનું ઉત્તમ દુધ. તે મધ્યે ગોળ. ખાંડ, સાકર પ્રમુખ નાખીને તેને મંદ અગ્નીએ કરી પકવીએ, તે વર્ણે કરી વર્ણવા જોગ્ય જાવત્ સ્પર્સે કરી વર્ણવા જોગ્ય છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે પૃથ્વીનો સ્વાદ એવે વર્ણે જાવત્ સ્પર્શે છે?

**ઉ-તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. તે પૃથ્વીનો એથી ઇષ્ટ જાવત્ મનોજ્ઞ સ્વાદ કહ્યો છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે પુલ ફળનો કેવો સ્વાદ કહ્યો છે?

**ઉત્તર—હે** ગૌતમ, તે યથા દૃષ્ટાંતે ચાર દીશના અંતનો કરવાવાળો ચક્રવર્તિ તેનો પરમ કલ્યાણ ભોજન. લાખ ગાયથી નીપનું તે ભોજન વર્ણ કરી વર્ણવા જોગ્ય, ગંધે કરી વર્ણવા જોગ્ય, રસે કરી વર્ણવવા જોગ્ય, સ્પર્શે કરી વર્ણવવા જોગ્ય, આસ્વાદવા જોગ્ય, દીપાવવા જોગ્ય, કામ વધારવા જોગ્ય, સુખનું કારણ. સર્વ ઇંદ્રિ ને ગાત્ર તેને સુખનું કારણ છે. એમ કહ્યેથકે ગૌતમ પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે પુલ ફળનો સ્વાદ એવે વર્ણે જાવત્ સ્પર્શે છે?

**ઉત્તર—હે** ગૌતમ, એ અર્થ સમર્થ નહી. તે પુલ ફળનો એથી ઇષ્ટતર (એથી અતિશે એટલે ચક્રવર્તિના ભોજનથી ઘણો મનોહર) જાવત્ સ્વાદ કહ્યો છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે મનુષ્ય આહાર કરી કયાં રહેછે?

**ઉત્તર**—હે ગૌતમ, તે મનુષ્યના ગણ ઘરરૂપ ઝાડમાં વસેછે. અહો સાધો આયુષ્યવંતો !

**પ્રશ્ન**—હે ભગવંત, તે વ્રક્ષ કેવે આકારે છે?

**ઉત્તર**—હે ગૌતમ, કેટલાક શિખરને આકારે, પેક્ષા (ઘુમટ) ઘરને આકારે છે.(જોવા જોગ) છત્રને આકારે છે. ધ્વજાને આકારે, થુભને આકારે, તોરણને આકારે, ગોપુર (દરવાજો વેદિકા બેસવા જોગ ભૂમિ ચોપાળગઢ ઉપર બેસવાનું સ્થાન) ને આકારે, ચૈત્ય તે દેવતાનાં ઘરને આકારે, અટાલાને આકારે, મોટા અટાલાને આકારે, પ્રસાદને આકારે, ધનવંત વ્યવહારીયાના ઘરને આકારે, ગોંખને આકારે, તળાવને વિષે જળ ઉપર જે પ્રાસાદતેને આકારે, વલભી ઘરનું ઢાંકણું છજાને આકારે, રસોડાને આકારે વૃક્ષ છે. બીજાં પણ ત્યાં ઘણાં વૃક્ષ, ભવન, સન્યા આસન ઉ-તમ તેને સંસ્થાને વૃક્ષ છે. ભલી ટાઢી છાંયાવંત તે વૃક્ષના સમુહ કહ્યા છે. અહો સાધો આયુષ્યવંતો !

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે ઘર અથવા ગ્રહવન છે ?

**ઊ-તર—હે** ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. વૃક્ષજ ઘર છે એવા તે મનુષ્યના સમુહ કહ્યા છે, અહો સાધો આયુષ્યવંતો!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે ગામ અથવા નગર જાવત્ સંનિવેશ પ્રમુખ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં સ્વઇચ્છાએ જાય એવો સ્વભાવ તેનો છે. એવા તે મનુષ્યના સમુહ કહ્યા છે. અહો સાધો આયુષ્યવંતો !

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે અસી (તરવાર) કર્મે જીવે તે શીપાઇ પ્રમુખ, મસી. (સાઇએ લખવું તે.) કર્મે જીવે તે કસી (ખેતી પ્રમુખ) કર્મે જીવે તે કણબી, અથવા લેવડ દેવડ કરી જીવે તે, અથવા વ્યાપારી લોક છે ?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. ગયા છે અસી, મસી, કસી, પ્રણીત વ્યાપાર પ્રમુખ કર્મ ઇત્યાદિક કાર્યે કરી રહીત તે મનુષ્ય છે. અહો સાધો આયુષ્યવંતો !

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે રૂપું, સુવર્ણ, કાંસુ, વસ્ત્ર, મણી, ચંદ્રકાંતાદિક, મોતી, ઘણું ધન, સુવર્ણ, રત્ન, મણી, મોતી, સંખ દક્ષણાવર્ત્ત, પ્રવાળા પ્રમુખ વસ્તુ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તે વસ્તુ છે, પણ તે મનુષ્યને તે ઉપર તિવ્ર મમતભાવ ઉપજતો નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે. રાજા (દેશનો ધણી) યુવરાજા (પાટવી કુમાર) ઇશ્વર, તળાટી, માંડવીયા, ધનવંત, મોટા કુટુંબના ધણી, મોટા ધનવંત, વ્યવહારી, નગરશેઠ, કટકના ધણી, સાથના ચલાવનાર પ્રમુખ છે?

**ઉતર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. ત્યાં મનુષ્ય રૂધીના સત્કાર રહીત છે. અહો સાધો આયુષ્યવંતો !

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે દાસ ( વેચાતો લીધેલ જન્મ પર્યંત રહે તે ) પેક્ષ (સેવક કામ કરવા માટે મુકવા જોગ) અથવા શિષ્ય, અથવા ભાગીયા, અથવા ભાઇલા, (ગોઠીયા) ચાકર, (કામ કરનાર) ભોગીક, ( સાથે બેસી જમવા વગેરે ભોગ ભોગવનારા ) પ્રમુખ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. ચાકર અને ઠાકર પ્રમુખ રહીત તે મનુષ્યના સમુહ કહ્યા છે. અહો સાધો આયુષ્યવંતો !

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે માતા, પિતા, ભાઇ, બેન, સ્ત્રી, પુત્ર, પુત્રી, દીકરાની વહુ છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા છે. પણ તે મનુષ્યને ઘણો પ્રેમબંધન ઉપજતો નથી. સ્વભાવેજ તે મનુષ્યને પ્રેમબંધન પાતળો કહ્યો છે. અહો સાધો આયુષ્યવંતો !

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે એકબીજાના દ્વેશી અથવા વેરી, ઘાતના કરણહાર, વધના કરનાર, પ્રત્યનિક, (છિદ્રના જોનાર) પુર્વે મિત્ર ને પછે શત્રુ પ્રમુખ છે?

**ઉત્તર**— હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. તે મનુષ્યના સમુહ વેરભાવ રહીત કહ્યા છે. અહો સાધો આયુષ્યવંતો !

**પ્રશ્ન**— હે ભગવંત, એકરૂક દ્વીપે મિત્ર છે, અથવા વયસ્વ છે (અતિ સ્નેહવંત) મિત્ર વિશેષ, સખી, સાહેલી પ્રમુખ સુખી અથવા મહા ભોગી પ્રમુખ એકબીજાની સંગતના કરણહાર છે?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. તે મનુષ્ય પ્રેમબંધને રહીત કહ્યાં છે. અહો સાધો આયુષ્યવંતો!

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે વિવાહ મેળવવા, પરણાવવું, યજ્ઞ કરવા, સરાદ, સંવત્સરી, જમણવાર, રાંધવાની ક્રિયા તે છે? બાળકને વસ્ત્ર પહેરાવ્યાના, ચુડામંડન સંસ્કાર ઉપનયન માથું મુંડાવવું વિગેરે ઓત્છવ, અધરણી, પુર્વજના પીંડ, નૈવેદાદિક કાર્ય છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. ત્યાં વિવાહ મેળવવા, પરણવું, યજ્ઞ, શ્રાધ, જમણવાર, વસ્ત્રોત્છવ, અધરણી. જાવત્ શરાદ પ્રમુખ કાર્ય રહીત તે મનુષ્યના સમુહ કહ્યા છે. અહો સાધો આયુષ્યવંતો!

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે ઈંદ્ર મહોત્સવ, સ્વામી કાર્તિકનો મહોત્સવ, મહાદેવનો મહોત્સવ, શીવનો મહોત્સવ, વૈષમણનો મહોત્સવ, મુકુંદનો મહોત્સવ, નાગ મહોત્સવ, જક્ષનો મહોત્સવ, ભૂતાદિકનો મહોત્સવ, કુવાના મહોત્સવ, તળાવના મહોત્સવ, નદીના મહોત્સવ, દ્રહના મહોત્સવ, પર્વતના મહોત્સવ, વૃક્ષરોપણ મહોત્સવ, ચૈત્યનો મહોત્સવ, શુભનો મહોત્સવ પ્રમુખ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. મહિમાદિકે કરીને રહીત તે મનુષ્યના સમુહ છે. અહો સાધો આયુષ્યવંતો!

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે નટ્ટ તે ભવાયા પ્રમુખ, જળક્રીડા વિશેષ, મલ્લની ક્રીડા મુષ્ટીજુદ્ધ પ્રમુખ, વેડંબક, (ભાંડ ભવાઇયા) કથા કહેનાર, વાર્ત્તાના કહેનાર, આખ્યાનના કહેનાર, લવગ તે કુદનાર, (નદી, તળાવ, કુવા કુદનાર) હાસ્યનાં વચન કહેનાર, તથા ભલા ભુંડાના) રાસના ગાનાર, વાંસડા ઉપર ચડી રમે તે, વાચિત્રપટ લઇ ભીખ માગે તે. વિણાના વજાડનાર, તુંબડાના વજાડનાર, કળીવ તે ફાતડાની રમત, માગધા તે મંગળીક કહેનાર, સ્તોત્રના કહેનાર, તથા કાવડના વહેનાર તે, આ સર્વ નાટક પ્રમુખ જોવાના છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. તે મનુષ્યને કૌતુક ખ્યાલ નથી ઉપજતો. અહો સાધો આયુષ્યવંતો!

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે ગાડાં, રથ, વેલ, પાલખી, ગિલી પાલખી, થિલીપણ, પિલ્લીપણ, વહાણુ, જે મધ્યે થંભ હોય તે શિવકા (પાલખી) ચંદ્ર મણિકા, (શિવકા વિશેષ) છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. તે મનુષ્યના ગણ પગે કરી વિહાર કરે છે. (ચાલે છે) અહો સાધો આયુષ્યવંતો!

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે હાથી, ઘોડા, ઉંટ, બળદ, પાડા, રાસભ (ગધેડા), બકરાં બોકડા છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા છે, પણ તે મનુષ્યને ચડવા, ખેડવા ભોગપણે નથી આવતા.

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે ગાય, ભેંસ, ઉંટડી, બકરી, ગાડર પ્રમુખ છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર—**હે ગૌતમ, હા છે, પણ તે મનુષ્યને દુધ પીવા નિમતે ભોગપણે નથી આવતા.

**પ્રશ્ન—**હે ભગવંત, એકરૂક દ્વીપે સીંહ, વાઘ, ચિત્રા, દિપડા, અછનામા જીવ, પરસરનામા જીવ, તરછનામા જીવ, બિલાડાં, કુતરાં, કોલ (ઘુસ), લાહુરી (સ્વાંન વિશેષ), કોતંકી જીવ, સસલા, મોટા ચિત્રા, ચિલલનામા જીવ છે?

**ઉ-તર—**હે ગૌતમ, હા છે, પણ તે જીવ એક બીજાને માંહોમાંહે તથા ત્યાંના મનુષ્યને કાંઇ પીડા, અબાધા, ભય, તાડનાં ઉપજાવે નહીં. અંગોપાંગ છેદે નહીં, કરડે નહીં. તે પશુનો ભદ્રીક સ્વભાવ કહ્યો છે. અહો સાધો આયુષ્યવંતો!

**પ્રશ્ન**--હે ભગવંત, એકરૂક દ્વીપે સાળ ધાનજાતી, વ્રહી, ગહું, જવ, તલ, સેલડી પ્રમુખછે?

**ઉ-તર**--હે ગૌતમ, હા છે, પણ તે મનુષ્યને ભોગપણે નથી આવતા.

**પ્રશ્ન—**હે ભગવંત, એકરૂક દ્વીપે ખાડ, ગુફા, બીહામણી જગ્યા, ઉપપાતના ઠામ, વિખમઠામ, નિચાણ પ્રમુખ ધુડ, વેળ, કચરો, રજ વિશેષ છે?

**ઊત્તર—**હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં, એકરૂક દ્વીપને વિષે ઘણુંજ સમ મનોહર ભૂમિ છે. અહો સાધો આયુષ્યવંતો!

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે ખીલા, કાંટા, રજપ્રમુખ, કાંકરા, તૃણનો કચરો, પાનડાનો કચરો, અપવીત્ર પાચ પ્રમુખ દુર્ગંધ, બીજી અચોખી (અસુચી) વસ્તુ પ્રમુખ છે?

**ઉ-તર**---હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. ત્યાં ખીલા, કાંટા, રજ, કાંકરા, તણ કચરો, પાનનો કચરો, અપવીત્ર પરૂ પ્રમુખ દુર્ગંધ અચોખી વસ્તુ રહીત એકરૂક દ્વીપ કહ્યો છે. અહો સાધો આયુષ્યવંતો!

**પ્રશ્ન—**હે ભગવંત, એકરૂક દ્વીપે ડાંસ, મસા, પીસુન (ચાંચડ પ્રમુખ,) જું, લીંખ, ઢંકણ (જીવ વિશેષ) છે?

**ઉ-તર—**હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. એકરૂક દ્વીપ, ડાંસ, મંસા, પીસુન, જું, લીંખ, ઢંકણ પ્રમુખે રહીત છે. અહો સાધો આયુષ્યવંતો!

**પ્રશ્ન—**હે ભગવંત,એકરૂક દ્વીપે. સર્પ, અજગર, મહોરગ, મોટા સર્પ છે?

**ઉ-તર**—હે ગૌતમ, હા છે, પણ તે માંહો માંહે તથા ત્યાંના મનુષ્યને કાંઇ પીડા, અબાધા, છવીછેદ, પ્રમુખ શરીરે કરે નહીં. સ્વભાવે ભદ્રક એવા સર્પના સમુહ છે. અહો સાધો આયુષ્યવંતો!

**પ્રશ્ન—**હે ભગવંત, એકરૂક દ્વીપે. ગ્રહદંડ, તે ચોટલીયાળો, છોગાળો ગ્રહ ઉગે છે તે, અનર્થ ઉત્પાત હેતુ, ગ્રહમુસુલ, તે પુછડીયાળો ગ્રહ ઉગે તે મુશળની પેરે ઉત્પાત કરે તે, ગ્રહ સંબંધી ગર્જારવ, ગ્રહ સંબંધી જુદ્ધ, ગ્રહ સંઘાટક, (તારા એકઠા મળે ગ્રહજુદ્ધ) ગ્રહ અવસધા તે ગ્રહનું વક્ર માર્ગે ઉદયઆસન થાય તે; અભ્રાછવા તે વાદળાં પ્રમુખ સામાન્યપણે પ્રવર્તે અભ્રવ્રક્ષ તે વૃક્ષાકારે વાદળાં, પાંચવર્ણિ સંધ્યા, ગાંધર્વ નગર તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકાશે ગાંધર્વના નગર દિશે, દેવતાનાં ઘર, પ્રાસાદ શોભીત આકાશમાં દેખાય તે, ગર્જારવ, વીજળી, તારા પડે તે ઉલ્કાપાત, (**उल्कापाते प्रजापीडा, भूकंपे भूपति क्षय, अनावृष्टि च दिग्दाहे, दुर्भिक्षं धूली वर्षणे ॥१॥**) દીસીદાહ કોઇક દીશીને વિષે મુળ વિના અગ્નીની ઝાળ આકાશે દેખાય તે, નિર્ઘાત વીજળી પડે તે, રજોવૃષ્ટિ, ભૂમિકંપ, જક્ષ પ્રમુખનો કોપ, ધુમ્ર, ધુયર, કોરી રજોવૃષ્ટિ, ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, (ચંદ્ર સૂર્યનું ગ્રહણ તે અનરથ જણાવવાનો હેતુ છે તેનો પણ જોવાનો નિષેધ છે, પણ દીઠાવિના રહેવાય નહિ. તે જંબુદ્વીપના ચંદ્ર, સૂર્ય તે પ્રકાશક છે. ને ગ્રહણ થયે અંધકાર થાય; ત્યારે દીઠા વિના ચાલે નહિ, તે માટે ઇહાંના ક્ષેત્રની પેઠે બીજે પણ સ્વરૂપથી તે જોવાનો સંભવ છે માટે ત્યાંપણ તે ઉપરાગ હોય અર્થાત હાની કરે નહી.) ચંદ્રપરિવેષ તે ચંદ્રને પછવાડે મંડલાકારે થાય તે, સૂર્ય પરિવેષ તે સૂર્યને પછવાડે મંડલાકારે થાય તે, પ્રતિચંદ્ર તે બે ચંદ્ર દીશે, પ્રતિસૂર્ય તે બે સૂર્ય દીશે, ઇંદ્રધનુષ, ઉદકમછ, (વરસાદ મધ્યે માંછલાં પડે) પુર્વ દીશીનો પ્રતિકુળ વાય, પશ્ચિમદિશીનો પ્રતિકુળ વાય, જાવત્ શુદ્ધ વાય, ગામદાહ, નગરદાહ, જાવત્ સનિવેષદાહ, પ્રાણીના ક્ષય, જનલોકના ક્ષય, કુળના ક્ષય, ધનના ક્ષય, વ્યસન કષ્ટભૂત અનર્થ માઠાં એવા ઉત્પાત છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. (એ માંહેલું કાંઇ નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂકદ્વીપે. ઇતિ પ્રમુખ દુકાળ, માંહોમાંહે કલેશ, ઘણા માણસ મરે તે બોલ, માંહોમાંહે ખાર, માંહો માંહે વેર, રાજાના માંહો માંહે વિરોધ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. ત્યાં ઇતિ દુષ્કાળ, કલેશ, બોલ, ખાર, વેર, પ્રમુખ ઇત્યાદિકે રહીત તે મનુષ્ય છે. અહો સાધો આયુષ્યવંતો !

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂકદ્વીપે, મોટા જુદ્ધ, મોટા સંગ્રામ, મોટા સાથનાં પાડવાં, મોટા પુરૂષના પડણ મરણ, ઘણા રૂધીરના પાડવાં, નાગપાસ બાણ, બે બાણ, (આકાશમાં ચાલે તે) તામસબાણ, (અંધકાર રૂપ) છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં.

**પ્રશ્ન**—હે ભગવંત, અશિવ કષ્ટ, કુળ મધ્યે રોગ, ગામ મધ્યે રોગ, નગર મધ્યે રોગ, મંડળ રોગ, માથાંની વેદના, આંખની વેદના, કાનની વેદના, નાકની વેદના, દાંતની વેદના, નખની વેદના, ખાસી, બેન, શ્વાસ, તાવ, દાહ જ્વર, ખરજવા, ખસ, કોઢ, ડમરૂવાય, હરસ, અજીર્ણ, ભગંદર, ઇંદ્રગ્રહ, ખંધગ્રહ, કુમારગ્રહ, નાગગ્રહ, જક્ષગ્રહ, ભૂતગ્રહ, ઉદ્વેગ ગ્રહ, ધનુર્વાય, એકાંતરો તાવ, બે આંતરો તાવ, ત્રિયાંતરો તાવ, ચોથાંતરો તાવ હ્રદય સુળ, મસ્તકસુળ, પાસાસુળ, કુખસુળ, જોનિસુળ, ગામ મધ્યે મરકી, જાવત્ સનીવેષ મધ્યે મરકી, તેણે કરી પ્રાણીના ક્ષય, જાવત્ વ્યસન ભૂત એવા કષ્ટરૂપ અનાર્ય દોષ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. ત્યાંના મનુષ્ય રોગ રહીત કહ્યા છે. અહો સાધો આયુષ્યવંતો !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે અસંત ઘણો વરસાદ, મંદ વરસાદ, ઉત્તમ વૃષ્ટિ, અલ્પવૃષ્ટિ, પાણીના પ્રવાહ, (તે પાણીના પ્રવાહે ધરતી ફાટે.) પાણીની પીડા (તે પાણીથી દુઃખ ઉપજે) ગામને તાણે, જાવત્ સનીવેષને તાણે, તેમાં પ્રાણીના ક્ષય જાવત્ વ્યસનભૂત એવા માઠા અનાર્થ છે ?

**ઉ-તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. પાણીના ઉપદ્રવ રહીત તે મનુષ્યના સમુહ કહ્યા છે. અહો સાધો આયુષ્યવંતો !

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે લોહના આગર, તાંબાના આગર, શીશાના આગર, સોનાના આગર, રત્નના આગર, હીરાના આગર, વસુધારા ધનના વરસાદ, રૂપાના વરસાદ, સોનાના વરસાદ, રત્નના વરસાદ, વજ્ર (હીરા)ના વરસાદ, આભરણના વરસાદ, પત્રના વરસાદ, બીજના વરસાદ, ફુલનો વરસાદ, ફળનો વરસાદ, માલ્યનો વરસાદ, ગંધનો વરસાદ, ચુર્ણનો વરસાદ, શીશાના વરસાદ, રત્નની વૃષ્ટિ, રૂપાની વૃષ્ટિ, સુવર્ણની વૃષ્ટિ, જાવત્ ચૂર્ણની વૃષ્ટિ, સુઃકાળ, દુઃકાળ, સુભીક્ષ, દુર્ભિક્ષ, સોંઘી વસ્તુ, મોંઘી વસ્તુ, લેવી, તેમ વેચવી, તેમ સંગ્રહવી. સંગ્રહી વસ્તુ વેચવી, ધન પ્રમુખ, નિધાન પ્રમુખ, જુના ધન, જે ધનના ભોગવનાર મરણ પામ્યા, જે ધનના સેવનાર મરણ પામ્યા, જે ધનના સેવનારના ગોત્ર વિછેદ ગયા છે. તે જે એ ગામ, નગર, ખેડ, કર્વટ, મંડળ, દ્રોણ મુખ, પાટણ સમરસ્થાનકા સંબાહ, સનીવેષને વિષે, સીંઘોડાને આકારે ઠામ, ત્રવટે, ચોવટે, ચ્યાચરે, ચોમુખ, બીજે પણ રાજમાર્ગે, નગરના ખાળને વિષે, મશાણના ઠામને વિષે, પર્વતની ગુફાને વિષે, શીલાને વિષે, ભૂવનને વિષે, ઘરને વિષે, ધન દાટ્યાં છે ?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. (એટલાં વાનાં ત્યાં નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, એકરૂક દ્વીપે મનુષ્યને કેટલા કાળનું આયુષ છે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, તે પણ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ઉણો જાણવો. ને ઉત્કૃષ્ટપણે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સંપૂર્ણ જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, તે મનુષ્ય કાળ કરી કઇ ગતે જાય, કયાં જઇ ઉપજે ?

**ઉ-તર**—હે ગૌતમ, તે મનુશ્ય છ મહીનાને શેષ આવખે બે (જુગળ) બાળક પુત્ર, પુત્રી. જણી તે જુગળની ઓગણુંએંશી દિવસ સુધી પ્રતિપાલણ કરે, સારીપેઠે રાખે, સારીપેઠે ગોપવે. સારીપેઠે રાખતાં થકાં, ઉશ્વાસો લેતાં થકાં, નિસ્વાસો લેતાં થકાં ખુંખારતાં થકાં, છીંકતાંથકાં, અબાધાઇ દુઃખ ઉપના વિના સુખે સુખે કાળ કરીને અન્યંતર દેવલોકે. ભૂવનપતિ, વ્યંતર દેવતાપણે આંહીનાથી ઓછે અથવા બરોબર આવખે દેવતાનો અવતાર પામે. દેવતાનો અવતાર તે મનુષ્યના સમુદાયને કહ્યો છે. અહો સાધો આયુષ્યવંતો ! એ એકરૂક દ્વીપ કહ્યો.

**પ્રશ્ન**—હે ભગવંત, દક્ષણદીસનો આભાષિક મનુષ્યનો આભાષિક દ્વીપ નામે દ્વીપ કયાં કહ્યો છે ?

**ઉ-તર**—હે ગૌતમ, જંબુદ્રીપનામા દ્વીપે મેરૂ પર્વતને દક્ષણદીશે ચુલહીમવંત વર્ષધર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર્વતને દક્ષણ પુર્વદીશનો ચરીમાંત અગ્નીખુણે લવણ સમુદ્રમધ્યે ત્રણસેં જોજન અવગાહી જઇએ ત્યાં આભાષિક દ્વીપ છે. શેષ અધિકાર સર્વ એકરૂક દ્વીપનીપરે જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, વૈસાળીક મનુષ્યનો વૈસાળીક નામાદ્વીપ કયાં કહ્યો છે ?

**ઉત્તર**—હે ગૌતમ, જંબુદ્વીપનામા દ્વીપે મેરૂ પર્વતને દક્ષણદીશે ચુલહેમવંત વર્ષધર પર્વતને દક્ષણ, પશ્ચિમનો ચરીમાંત તે નૈઋત્ય ખુણે લવણ સમુદ્રમધ્યે ત્રણસેં જોજન અવગાહી જઇએ ત્યાં વૈસાળીક દ્વીપ છે. તે એકરૂક દ્વીપ સરખો સર્વ જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, દક્ષણદીશના નાગોલીક મનુષ્યનો નાગોલીકનામા દ્વીપ કયાં છે ?

**ઉત્તર**—હે ગૌતમ, જંબુદ્વીપનામા દ્વીપે મેરૂ પર્વતના દક્ષણદીશે ચુલહીમવંત વર્ષધર પર્વતને ઉત્તર, ને પશ્ચિમનો ચરીમાંત તે વાયવ્યખુણે લવણ સમુદ્રમધ્યે ત્રણસેં જોજન અવગાહી જઇએ ત્યાં નાગોલીક દ્વીપ છે. તે એકરૂક દ્વીપ સરખો જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, દક્ષણદીશના હયકર્ણ મનુષ્યનો હયકર્ણનામા દ્વીપ કયાં છે ?

**ઉત્તર**—હે ગૌતમ, એકરૂક દ્વીપના ઇશાનખુણાના ચરીમાંત થકી લવણ સમુદ્રમધ્યે ચારસેં જોજન અવગાહી જઇએ ત્યાં દક્ષીણદીશના હયકર્ણ મનુષ્યનો હયકર્ણ નામે દ્વીપ ચારસેં જોજન લાંબપણે, પહોળપણે કહ્યો છે. ને બારસેં પાંસઠ જોજન કાંઇક ઉણો ફરતો છે. તે એક પદ્મવર વેદિકા ને વનખંડે સહીત છે. શેષ અધિકાર જેમ એકરૂક દ્વીપનો કહ્યો તેમ જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, દક્ષણદીશે ગજકર્ણ નામાદ્વીપ કયાં કહ્યો છે ?

**ઉત્તર**—હે ગૌતમ, આભાષિક દ્વીપના અગ્નીખુણાના ચરીમાંત થકી લવણ સમુદ્રમધ્યે ચારસેં જોજન જઇએ ત્યાં ગજકર્ણ નામે દ્વીપ છે તે હયકર્ણ દ્વીપ સરખો જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, દક્ષિણ દિસે ગોકર્ણનામા દ્વીપ કયાં કહ્યો છે?

**ઉત્તર**—હે ગૌતમ, વૈસાળીક દ્વીપને દક્ષિણ પશ્ચિમ દિસે નૈઋત્યખુણે લવણ સમુદ્ર મધ્યે ચારસેં જોજન અવગાહી જઇએ ત્યાં ગોકર્ણ નામે દ્વીપ છે. તેપણ હયકર્ણ દ્વીપ સરખો જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, સકુળીકર્ણ નામે દ્વીપ કયાં કહ્યો છે?

**ઉત્તર**—હે ગૌતમ, નાગોળીક દ્વીપને વાયવ્યખુણને ચરીમાંત થકી લવણ સમુદ્ર મધ્યે ચારસેં જોજન અવગાહી જઇએ ત્યાં સકુળીકર્ણ નામે દ્વીપ છે. તે પણ હયકર્ણ દ્વીપ સરખો જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, આદર્શમુખ નામે અંતરદ્વીપ કયાં કહયો છે?

**ઉત્તર**—હે ગૌતમ, હયકર્ણ દ્વીપને ઇશાનખુણને ચરીમાંતથી લવણસમુદ્ર મધ્યે પાંચસેં જોજન અવગાહી જઇએ ત્યાં દક્ષિણદિસના આદર્શમુખ મનુષ્યનો આદર્શમુખ નામે દ્વીપ કહ્યો છે. તે પાંચસેં જોજન લાંબપણે, પોહોળપણે છે. હવે સંક્ષેપે વિચાર કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદર્શમુખ ૧, મેંઢામુખ ૨, અજોમુખ ૩, ગોમુખ ૪, એ ચાર દ્વીપ પાંચસે જોજનના લાંબા પહોળા છે.

અસ્વમુખ ૧, હસ્તીમુખ ૨, સીંહમુખ ૩ ને વ્યાઘ્રમુખ ૪, એ ચાર દ્વીપ છસેં જોજનના લાંબા પહોળા છે.

અસ્વકર્ણ ૧, સીંહકર્ણ ૨, અયકર્ણ ૩, ને કર્ણપ્રાવરણ ૪, એ ચાર દ્વીપ સાતસેં જોજનના લાંબા પહોળા છે.

ઉલ્કામુખ ૧, મેઘમુખ ૨, વીજુમુખ ૩, ને વિજ્યુદંત ૪. એ ચાર દ્વીપ આઠસેં જોજનના લાંબા પહોળા છે.

ઘનદંત ૧, લષ્ટદંત ૨, ગુઢદંત ૩, ને શુદ્ધદંત ૪. એ ચાર દ્વીપ. નવસેં જોજનના લાંબા પહોળા છે.

એકરૂકાદિક પહેલે ચોકે ચાર દ્વીપ નવસેં ઓગણપચાશ જોજન પરિધિપણે ફરતા છે.

બીજે ચોકે હયકર્ણાદિક ચાર દ્વીપ બારસેં પાંસઠ જોજન ફરતા પરિધિ પણે છે.

ત્રીજે ચોકે આદર્શમુખાદીક ચાર દ્વીપ પંદરસેં એકાસી જોજન કાંઇક ઝાઝેરા પરિધિપણે છે.

ચોથે ચોકે અસ્વમુખાદિક ચાર દ્વીપ અઢારસેં સતાણું જોજન કાંઇક અધીકેરાં પરિધિપણે છે.

એમ અનુક્રમે ચાર ચાર દ્વીપ છાંડતાં થકાં પાંચમે ચોકે અસ્વકર્ણાદિક ચાર દ્વીપ સાતસેં જોજન લાંબા પહોળા છે ને બાવીશસેં તેર જોજન ફરતા પરિધિપણે છે.

છઠે ચોકે ઉલ્કામુખાદિક અંતરદ્વીપ ચાર. આઠસેં જોજન લાંબા પહોળા છે ને પચીસસેં ઓગણત્રીસ જોજન ફરતા પરિધિપણે છે.

સાતમે ચોકે ઘનદંતાદિક, ચાર અંતરદ્વીપ નવસેં જોજન લાંબા, પહોળા છે ને બે હજાર આઠસેં પીસ્તાળીશ જોજન ફરતા પરિધિપણે છે.

વળી જેટલો જે દ્વીપનો વિખંભપણો છે તે દ્વીપ તેટલા જોજન લવણ સમુદ્ર મધ્યે છે. (તે એમકે પ્રથમ ચોક ત્રણસેં જોજનના છે. તે જગતીથકી ત્રણસેં જોજન લવણ સમુદ્રમાં છેટે છે. એમ બીજો ચોક પ્રથમ ચોકથી ચારસેં જોજન લવણ સમુદ્રમાં છે. એમ જાવત્ સાતમો ચોક છઠા ચોકથી નવસેં જોજન લવણ સમુદ્રમાં છેટે છે. તે ચોકની ગણત્રી એવી રીતની લેવી જે એકેક દાઢા ઉપરનો એક દ્વીપ એમ ચાર દાઢાના મળી અનુક્રમે એક ચોક થાય. એ ભાવાર્થ જાણવો.) પ્રથમ દ્વીપનો લાંબપણો, પહોળપણો તેથી બીજા દ્વીપ અધિકા અધિકા જાણવા. ને વિશેષ અધિકાર સર્વ જેમ એકરૂક દ્વીપનો કહ્યો તેમ જાણવો. જાવત્ અઠાવીશમાં સુદ્ધદંત દ્વીપ પર્યંત જાણવો. ને તે મનુષ્ય દેવલોક ગામી કહ્યા છે. અહો સાધો આયુષ્યવંતો !!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ઉત્તર દિશીનો એકરૂક નામે મનુષ્યનો એકરૂક નામા દ્વીપ કયાં કહ્યો છે?

**ઊ-તર**—હે ગૌતમ, જંબુદ્વીપનામા દ્વીપના મેરૂ પર્વતથી ઉત્તર દિશે શિખરી વર્ષધર પર્વતને ઇશાન ખૂણના ચરીમાંતથી લવણ સમુદ્ર મધ્યે ત્રણસેં જોજન અવગાહી જઇએ ત્યાં એકરૂકનામા દ્વીપ છે. એમ જાવત્ જેમ દક્ષિણ દિશે અઠાવીશ અંતરદ્વીપ કહ્યા તેમ ઉત્તર દિશે પણ અઠાવીશ અંતરદ્વીપ જાણવા. પણ તેમાં એટલો વિશેષ જે શીખરી વર્ષધર પર્વતની ખૂણે છે. એમ જાવત્ અઠાવીસમાં સુદ્ધદંત અંતરદ્વીપ પર્યંત જાણવું. એ છપન અંતરદ્વીપનો અધિકાર કહયો.

## ૫૦. ત્રીસ અકર્મભૂમિ મનુષ્યનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, અકર્મભૂમિના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, અકર્મભૂમિના મનુષ્ય જ્યાં દશ પ્રકારના કલ્પવ્રક્ષથી સુખ મળે. ને અસી, મસી, કસીનો વ્યાપાર તથા સેવક સ્વામીનો વ્યવહાર નહીં તે અકર્મભૂમિ. તેના ત્રીસ ભેદ છે. પાંચ હેમવય, પાંચ ઐરણવય, પાંચ હરિવાસ, પાંચ રમ્યક્વાસ, પાંચ દેવ-કુરૂ ને પાંચ ઉત્તરકુરૂ એમ ત્રીશ અકર્મભૂમિ કહ્યા. (એ ત્રીશ ક્ષેત્રમાં એક હેમવય, એક ઐરણ્યવય, એક હરીવાશ, એક રમ્યક્વાશ, એક દેવકુરૂ ને એક ઉત્તરકુરૂ. એ છ ક્ષેત્ર જંબુ-દ્વીપમાં છે, એમ બે હેમવય, બે ઐરણવય. બે હરીવાશ, બે રમ્યક્વાસ, બે દેવકુરૂ, ને બે ઉત્તરકુરૂ. એ બાર ક્ષેત્ર ધાતકીખંડમાં છે. એમ એવા બાર ક્ષેત્ર અર્ધ પુષ્કરવર દ્વીપમાં છે. એમ સર્વ ત્રીસ ક્ષેત્ર છે.)

## ૫૧. પંદર કર્મભૂમિ મનુષ્યનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, કર્મભૂમિ મનુષ્યના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના પંદર ભેદ છે, પાંચ ભરતના મનુષ્ય, પાંચ ઐરવતના મનુષ્ય ને પાંચ મહાવિદેહ ક્ષેત્રના મનુષ્ય. (તેમાં એક ભરત, એક ઐરવત ને એક મહાવિદેહ એ ત્રણ ક્ષેત્ર જંબુ દ્વીપ મધ્યે છે. એવાં બે ભરત, બે ઐરવત ને બે મહાવિદેહ એ છ ક્ષેત્ર ધાતકીખંડ દ્વીપ મધ્યે છે. ને તેવાજ બીજા છ ક્ષેત્ર અર્ધ પુષ્કરદ્વીપ મધ્યે છે. એમ પંદર ક્ષેત્ર છે) તેના સંક્ષેપે બે ભેદ કહ્યા છે. એક ધર્મ જાણે તે આર્ય ને બીજા ધર્મ ન જાણ તે અનાર્ય (મ્લેચ્છ.)

**પ્રશ્ન**—હે ભગવંત, મલેચ્છ (અનાર્ય) મનુષ્યના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે, સક દેશ, યવન દેશ, વિલાયત દેશ, સબર દેશ, બબર દેશ, મરૂડ દેશ, ભગદ દેશ, નિશગ દેશ, એકણી દેશ, કુલખ દેશ, ગોડદેશ, સિંહલ દેશ. પારશ દેશ, ગોધ દેશ, દમલ દેશ, વિમલ દેશ, પુલિંદ દેશ, હારોષ દેશ, પંચ દેશ, કણક દેશ, ગંધહાર દેશ, પહિલી દેશ, લલિત દેશ, અજલ દેશ, રોમ દેશ, પાસ દેશ, પઉશ દેશ, નય દેશ, બંધુ દેશ, સુયલી દેશ, કુંકણ દેશ, મેયદેશ, પહલવ દેશ, માલવ દેશ, મગર દેશ, આભાષિક દેશ, નક દેશ, ચીન દેશ, લશીત દેશ, ખડગ દેશ, ધાતી દેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નેહર દેશ, મેંઢ દેશ, ઢોબીલ દેશ, ગલ દેશ, પયોશ દેશ, કેરકેત દેશ, અધકર્ક દેશ, હુંન દેશ, ભરૂછ દેશ, મરૂ દેશ, સાલી દેશ, વિષય દેશ, ચાશ દેશ, ઇત્યાદિક અનેક ભેદ મલેચ્છ અનાર્ય મનુષ્યના છે.

**પ્રશ્ન**—હે ભગવંત, આર્ય મનુષ્યના કેટલા ભેદ છે?

**ઊત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. એક રૂધિવંત આર્ય મનુષ્ય ૧, ને બીજા અરૂધિવંત આર્ય મનુષ્ય ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, રૂધિવંત આર્ય મનુષ્યના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ૭ ભેદ છે. અરિહંત ૧, ચક્રવર્ત્તિ ૨, બળદેવ ૩, વાસુદેવ ૪, ચારણ ૫, ને વિદ્યાધર ૬.

**પ્રશ્ન**—હે ભગવંત, અરૂધિવંત આર્ય મનુષ્યના કેટલા ભેદ છે?

**ઊત્તર**—હે ગૌતમ, તેના નવ ભેદ છે. ક્ષેત્ર આર્ય (તિર્થંકરાદિક જ્યાં ઉપજે તે) ૧, જાતી આર્ય (પૂજવા યોગ્ય હોય તે) ૨, કુલ આર્ય (ઉત્તમ કુળ હોય તે) ૩, કર્મ આર્ય (દયા સહીત કાર્ય કરે તે) ૪, સિલ્પાર્ય (કળાચાર્ય) ૫, ભાષા આર્ય (જેના બોલવામાં ડાહાપણ હોય તે) ૬, નાણા આર્ય (જ્ઞાનને વિષે ડાહ્યા હોય તે) ૭, દર્શના આર્ય (સમકિતવંત) ૮, ને ચરિત આર્ય (ચારિત્રવંત હોય તે) ૯.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ ક્ષેત્ર આર્યના કેટલા ભેદ છે?

**ઊત્તર**—હે ગૌતમ, તેના સાડી પચીશ ભેદ છે. મગધ દેશ–મુખ્ય શહેર રાજગ્રહી નગરી૧, અંગ દેશ–મુખ્ય શહેર ચંપાનગરી ૨, વંક દેશ–મુખ્ય શહેર તામલિપ્ત ૩, કલિંગ દેશ–મુખ્ય શહેર કંચનપુર ૪, કાશી દેશ–મુખ્ય શહેર વરાણશી નગરી ૫, કોશળ દેશ–મુખ્ય શહેર શાકંતપુર નગર ૬, કુરૂ દેશ–મુખ્ય શહેર ગજપુર નગર ૭, કોશાંત દેશ–મુખ્ય શહેર સૌરીપુર ૮, પંચાળ દેશ–મુખ્ય શહેર કંપીલપુર ૯, જંગલ દેશ–મુખ્ય શહેર અહિછતા નગરી ૧૦, સોરઠ દેશ–મુખ્ય શહેર દ્વારકા નગરી ૧૧, વિદેહ દેશ–મુખ્ય શહેર મિથુલા નગરી ૧૨, વચ્છ દેશ–મુખ્ય શહેર કોસંબી નગરી ૧૩, સાંડીલ્ય દેશ–મુખ્ય શહેર નંદપુર નગર ૧૪, મયલ દેશ–મુખ્ય શહેર ભદિલપુર નગર ૧૫, વૈરાટ દેશ–મુખ્ય શહેર વૈરાટપુર ૧૬, વરણુ દેશ–મુખ્ય શહેર અચ્છા નગરી ૧૭, દેશાણુ દેશ–મુખ્ય શહેર મૃત્તકાવતી નગરી ૧૮, વદ દેશ–મુખ્ય શહેર સોકિતકાવતી નગરી ૧૯, સિંધુ દેશ–મુખ્ય શહેર વિભય નગરી ૨૦, સોવીર દેશ–મુખ્ય શહેર મથુરા નગરી ૨૧, સુરસેન દેશ–મુખ્ય શહેર પાવા નગરી ૨૨, ભંગ દેશ–મુખ્ય શહેર સપુરી નગરી ૨૩, કણાલ દેશ–મુખ્ય શહેર સાવર્થિ નગરી ૨૪, લાટ દેશ–મુખ્ય શહેર કોડીવર્શ નગર ૨૫, ને કેકૈ અર્ધ દેશ-મુખ્ય શહેર સેતંબીયા નગરી ૨૫॥. (કેકૈ દેશમાં અર્ધમાં આર્ય છે ને અર્ધ દેશમાં અનાર્ય છે. તેથી અર્ધો દેશ લીધો છે). એ સાડી પચવીશ દેશમાં તિર્થંકર, ચક્રવર્ત્તિ, બળદેવ, વાસુદેવાદિક આર્ય પુરૂષોની ઉત્પતિ થાય છે.

19

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, બીજા જાતી આર્યના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ૭ ભેદ છે. અવષ્ટા નામે ૧, કલીંદા નામે ૨, વિદેહ નામે ૩. ચંદગાય નામે ૪, હરિત નામે ૫ ને ચંગુણ નામે ૬.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રીજા કુળ આર્યના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ૭ ભેદ છે. ઉગ્રકુળ ૧, ભોગકુળ ૨, રાજકુળ ૩, ઇક્ષાંગકુળ ૪, ગ્નાતકુળ ૫, ને કૌરવકુળ ૬.

**પ્રશ્ન**—હે ભગવંત, ચોથા કર્મ આર્યના કેટલા ભેદ છે?

**ઉત્તર**--હે ગૌતમ, તેના અનેક ભેદ છે. વસ્ત્રના વેપારી, સુતરના વેપારી, કપાશના વેપારી, મુકતાફળ (મોતી)ના વેપારી, કરીયાણાના વેપારી, કાશી પ્રમુખ, (સોના, રૂપાના)ના વેપારી, નરવાણીકા (જાતિ વિશેષ) ના વેપારી. એ આદય દેઈને ઘણા પ્રકારના આર્ય વેપારી તે કર્મ આર્ય કહીએ.

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચમા સીલ્પાર્ય (કળા આર્ય)ના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના અનેક ભેદ છે. તુનારાંનું ગ્નાન, વસ્ત્ર વણવાનું ગ્નાન, રેશમી પટકુળ વણવાનું ગ્નાન, દર્પણ વિગ્નાન, કાષ્ટના વિગ્નાન, ચાખડી પ્રમુખનું કરવું, વંશ કાષ્ટાદિકનું ગ્નાન (વિણાદિકનું કરવું) મુંજ પાદુકાના કરનાર, ચર્મકારાદિક, છત્રકાર, ચીત્રકાર, વહેવાર કૌશલ્ય, પોથા લખવાનું ગ્નાન, શંખનુંગ્નાન, દાંતનું વિગ્નાન, ઘર કરવાનું ગ્નાન, કુંભકારાદિકનું ગ્નાન, શલાટનું ગ્નાન, ઘરનું ચણવું, એ આદય દેઈને તથાપ્રકારનું ગ્નાન. તે સીલ્પાર્ય કહીએ.

**પ્રશ્ન**—હે ભગવંત, છઠા ભાષા આર્યના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના પણ અનેક ભેદ છે. જે મનુષ્ય અર્ધ માગધિભાષા બોલે તે બ્રાહ્મી લીપી કહીએ. તેના અઢાર ભેદ છે. બ્રાહ્મી લીપી ૧, જવના લીપી ૨, દોષા લીપી ૩, પુરક્રાળી ૪, ખરોટી ૫, પુષ્કર શારિક ૬, ભોગવતિ ૭, પહારિ ૮, અત્યાંક્ષરી ૯, અક્ષર પુટીકા ૧૦ નેવતિકા ૧૧, ગ્રાહીકા ૧૨, આંક લીપી ૧૩, ગણિત ૧૪, ગંધર્વ ૧૫, આંદર્શ ૧૬, મહેશ્વરિ ૧૭, ને દાવડી (પુલંદી) ૧૮. એ ભાષા આર્ય કહીએ.

**પ્રશ્ન**—હે ભગવંત, સાતમા નાણ (ગ્નાન) આર્યના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના પાંચ ભેદ છે. મતિગ્નાન ૧, શ્રુતગ્નાન ૨, અવધિગ્નાન ૩, મનપર્યવ ગ્નાન ૪, ને કેવળગ્નાન આર્ય ૫, તે નાણ આર્ય કહીએ.

**પ્રશ્ન**—હે ભગવંત, આઠમા દર્શના આર્યના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. સરાગદર્શના આર્ય (ઉપશાંત કષાય સહિત અગ્યારમા ગુણસ્થાનક સુધી) ૧, ને વીતરાગ દર્શના આર્ય (ક્ષીણ કષાય બારમા ગુણસ્થાનકના) ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, સરાગદર્શના આર્યના કેટલા ભેદ છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર—**હે ગૌતમ, તેના દશ ભેદ છે. નિસર્ગરૂચી ૧, ઉપદેશરૂચી ૨, આજ્ઞારૂચી ૩, સૂત્રરૂચી ૪, બીજરૂચી ૫, અભિગમરૂચી ૬, વિસ્તારરૂચી ૭, ક્રિયારૂચી ૮, સંક્ષેપરૂચી ૯, ને ધર્મરૂચી ૧૦.

**પ્રશ્ન**—હે ભગવંત, નીસર્ગરૂચી કોને કહીએ?

**ઉત્તર**—હે ગૌતમ, જીવ ૧, અજીવ ૨, પુન્ય ૩, પાપ ૪, આશ્રવ ૫, સંવર ૬, નિર્જરા ૭, બંધ ૮, ને મોક્ષ ૯. એ નવ પદાર્થના છતા અર્થનું જાણપણું, જાતિસ્મરણાદિક જ્ઞાને કરી જાણીને યથાતથ્ય શ્રધ્ધે તે લક્ષણ, તેમજ જે વીતરાગે પદાર્થ દીઠા તે સર્વ ભાવને દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી ને ભાવથી જાતિ સ્મરણાદિક જ્ઞાને કરી યથાતથ્ય જાણીને શ્રધ્ધે તે નિસર્ગરૂચી કહીએ. ૧.

**પ્રશ્ન—** હે ભગવંત, ઉપદેશરૂચી કોને કહીએ?

**ઉત્તર—**હે ગૌતમ, પુર્વોક્ત નવ પદાર્થને કેવળી તથા છદ્મસ્ત ગુરૂયાદિકે ઉપદેશ આપે થકે યથાતથ્ય શ્રધ્ધે તે ઉપદેશરૂચી કહીએ. ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, આજ્ઞારૂચી કોને કહીએ?

**ઉત્તર**—હે ગૌતમ, રાગ, દ્વેષ, મોહ, મિથ્યાત્વાદિક જેને ગયેલા હોય એવા પુરૂષની આજ્ઞાએ પુર્વોક્ત નવ પદાર્થને રૂચવે, શ્રધ્ધે તે ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, સૂત્રરૂચી કોને કહીએ?

**ઉત્તર**—હે ગૌતમ, આચારંગાદિક અંગ, ને અંગબાહિર તે ઉત્તરાધ્યયનાદિક શાસ્ત્ર ભણે, ભણાવે તે સૂત્રરૂચી કહીએ ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, બીજરૂચી તે કોને કહીએ?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ પાણીને વિષે તેલનું બીંદુ વિસ્તાર પામે, તથા જેમ એક બીજમાંથી ઘણાં બીજ થાય, તેમ એક જીવાદિક પદાર્થ, એક દૃષ્ટાંત, એક હેતુ, જાણવે કરી ઘણા પદાર્થ, ઘણા દૃષ્ટાંત ને ઘણા હેતુનું જાણપણું થાય તે બીજરૂચી કહીએ. ૫.

**પ્રશ્ન—**હે ભગવંત, અભિગમ રૂચી તે કોને કહીએ?

**ઉત્તર**—હે ગૌતમ, આચારંગાદિક અગ્યાર અંગ ને બારમું દ્રષ્ટિવાદ અંગ, પયના, કાળિક, ઉત્કાળિકાદિક સર્વ સિદ્ધાંતના અર્થ જેણે જાણ્યા છે તે અભિગમ રૂચી કહીએ ૬.

**પ્રશ્ન—**હે ભગવંત, વિસ્તારરૂચી તે કોને કહીએ?

**ઉત્તર—**હે ગૌતમ, ધર્માસ્તિકાયાદિક ૭ દ્રવ્યના સર્વ ભાવ પ્રત્યક્ષાદિક સર્વ પ્રમાણના જાણપણે કરી તથા નૈગમાદિક સાત નયની વિધિએ કરી જેને સિદ્ધાંતના ભાવ જાણ્યા પ્રવર્ત્તે તે વિસ્તારરૂચી કહીએ. ૭.

**પ્રશ્ન**—હે ભગવંત, ક્રિયારૂચી તે કોને કહીએ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**— હે ગૌતમ, જ્ઞાન, દર્શન, ચારીત્ર, તપ, વિનય, સત્યપ્રતિજ્ઞા, પાંચ સુમતિ, ત્રણ ગુપ્તિ ઇત્યાદિક શુદ્ધ પદાર્થને વિષે ભાવથી ક્રિયા કરે તે. ૮.

**પ્રશ્ન**— હે ભગવંત, સંક્ષેપરૂચી તે કોને કહીએ ?

**ઉત્તર**—હે ગૌતમ, અનાભિગ્રહિક, મિથ્યાદ્રષ્ટિ, પરમતિ, નિન્હવ ને બોધમત્યાદિક મત જેણે અંગીકાર કર્યા નથી ને જીન પ્રવચન માર્ગને વિષે અનિપુણ છે, તેમજ કાંપિલાદિક મતને વિષે નિપુણ નથી ને તેનો મત પણ ગ્રહણ કર્યો નથી (અર્થાત જૈનમાર્ગની શ્રદ્ધા શુદ્ધ છે, પણ વધારે ભણેલો નથી તે સંક્ષેપરૂચી કહીએ. ૯.

**પ્રશ્ન**—હે ભગવંત, ધર્મરૂચી તે કોને કહીએ ?

**ઉ-તર**—હે ગૌતમ, અસ્તિકાય ધર્મ ૧, (ખટ દ્રવ્યના ગુણ પર્યાય) શ્રુતધર્મ ૨, (અંગ ને અંગબાહિર એવા સિદ્ધાંત) ચારિત્રધર્મ ૩, (સાધુના પંચ મહાવ્રત, બાર ભિક્ષુની પડિમા, શ્રાવકના બાર વ્રત, અગ્યાર પડિમા) એ ત્રણ પ્રકારના ધર્મના સ્વરૂપને જૈન તિર્થંકરે કહ્યું છે તેમ શ્રધ્ધે તે ધર્મરૂચી કહીએ ૧૦, (એ દશ પ્રકારની રૂચીથી સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સરાગદર્શન આર્ય (**સમકિત**) તેની સદહણાના કટલા ભેદ છે ?

**ઉ-તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. જીવાદિક પદાર્થરૂપ પરમાર્થ તેના સ્વરૂપના જાણ-વાનો અભ્યાસ કરે તથા સ્તુતિ કરે ૧, પરમાર્થના જાણ એવા આચાર્યાદિકની સેવા કરે ૨, ને સમ્યંકત્વ વમેલા તથા નિન્હવાદિક ખોટી શ્રદ્ધાવાળાની સંગત તજે ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, સરાગદર્શના આર્યના આચાર કેટલા છે ?

**ઉ-તર**—હે ગૌતમ, તેના આઠ આચાર છે. જૈન વચન વિષે શંકા રહિત ૧, અન્યદર્શનને વિષે મોક્ષની સાધના હશે એવી વાંચ્છા રહિત ૨, ધર્મના ફળના સંસય રહિત ૩, ઘણા મત મતાંતર મિથ્યાત્વનો આડંબર દેખી તથા જુદી જુદી પરૂપણા દેખીને કયો માર્ગ સત્ય હશે એમ મુંઝાય નહિ તે ૪, જૈનધર્મ પામીને દયા, બ્રહ્મચર્યાદિક ગુણ આરાધે તેના ગુણગ્રામ કરે ૫, ધર્માનુષ્ટાનને વિષે સિદાતા (દુઃખ પામતા) ધર્મિ પુરૂષને સાહ્યતા કરે, તથા ધર્મથી પડતાને સ્થિર કરે ૬. સ્વધર્મિની ભક્તિ કરે તથા તેના હિતનો કરણ-હાર ૭, સ્વતિર્થની ઉન્નતિ કરે તથા વીતરાગનાં વચન શુદ્ધ પરૂપે ૮.

**પ્રશ્ન**—હે ભગવંત, વીતરાગ દર્શનાર્યના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. ઉપસાંત કષાય (અગ્યારમા ગુણ સ્થાનકવાળા) ૧ ને ક્ષીણકષાય (બારથી ચઉદમા ગુણ સ્થાનકવાળા) ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્યના કેટલા ભેદ છે ?

**ઉ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. **પ્રથમ** સમયના ઉપશાંત કષાય ૧, ને એક સમય ઉપરાંતના ઉપસાંત કષાય, અથવા છેલા સમયના ઉપસાંત કષાય અથવા છેલાથી હેઠલા સમયના ઉપસાંત કષાય ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્યના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે છદ્મસ્ત ૧, ને કેવળ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, છદમસ્ત ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્યના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. સ્વયંબુદ્ધ ૧, ને બુદ્ધબોધિ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્વયંબુદ્ધના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. પ્રથમ સમયના સ્વયંબુદ્ધ પ્રવર્તે છે તે ૧ ને બીજા **સમયથી** માંડીને અનેક સમયે સ્વયંબુદ્ધ થયા હોય ને પ્રવર્તે છે તે. એમ જાવત્ ઉપશાંત કષાય વીતરાગનીપરે કહેવું ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, બુદ્ધ બોધિના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. પ્રથમ સમયના સમજાવેલા તે ૧ ને બે આદિક સમયના સમજાવેલા તે. એમ જાવત્ ઉપશાંત કષાયની પરે કહેવું ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, કેવળીના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. સજોગી કેવળી (તેરમા ગુણ સ્થાનકવાળા) ૧. ને અજોગી કેવળી (ચઉદમા ગુણસ્થાનકવાળા) ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, સજોગી કેવળીના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. પહેલે સમયે કેવળ જ્ઞાન થયું ને પ્રવર્તે છે તે ૧. ને બે આદિક સમયે કેવળજ્ઞાન ઉપનું ને પ્રવર્તે તે, એમ જાવત્ ઉપશાંત કષાયની પરે કહેવું ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, અજોગી કેવળીના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. પહેલા સમયના અજોગી કેવળી ૧, ને બે આદિક સમયના અજોગી કેવળી, એમ જાવત્ ઉપશાંત કષાયની પરે કહેવું ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, નવમા ચારિત્ર આર્યના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે, સરાગ ચારિત્ર ૧, ને વીતરાગ ચારિત્ર ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, સરાગ ચારિત્રના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ તેના બે ભેદ છે. સુક્ષ્મ સંપરાય સરાગ ચારિત્ર ૧ ને બાદર સંપરાય સરાગ ચારિત્ર ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. પ્રથમ સમયના સુક્ષ્મ સંપરાય ચારિત્ર ૧, ને બે આદિક સમયના સુક્ષ્મ સંપરાય ચારિત્ર, અથવા છેલા સમયના સુક્ષ્મ સંપરાય ચારિત્ર, અથવા છેલેથી પહેલા સમયના સુક્ષ્મ સંપરાય ચારિત્ર ૨. તથા વળી સુક્ષ્મ સંપરાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચારિત્રના બે ભેદ છે. સંકીલ સમાન (તે ઉપશમ શ્રેણીથી પડતા હોય તે) ૧ ને વિશુદ્ધ-માન (તે ક્ષપક શ્રેણીયે ચડતા હોય તે) ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર સંપરાય ચારિત્રના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. તે જેમ સુક્ષ્મ સંપરાયના કહ્યા તેમ જાણવા ૨. તથા વળી બાદર સંપરાય ચારિત્રના બે ભેદ છે. પડવાય ૧, ને અપડવાય ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, વીતરાગ ચારિત્રના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ,તેના બે ભેદ છે. ઉપશાંત કષાય ૧, ને ક્ષીણ કાષાય ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, ઉપશાંત કષાય ચરિત્રના આર્યના કેટલા ભેદ છે?

**ઊત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. જાવત્ દર્શનાઆર્યની પરે જાણવા. તેમાં એટલો વિશેષ જે ચારીત્ર પાંચ પ્રકારના છે. સામાયક ચારિત્ર-સમ અને આયિક એ બે શબ્દનો એક સામાયક શબ્દ થયો છે. સમ એટલે રાગ દ્વેષરહિતપણાને માટે અય એટલે ગમણ પ્રાપણ છે, જ્યાં તે સમ કહીએ, તે જ્યાં ઉપન્યું સામાયક તે. વળી સમ તે જ્ઞાન, દર્શન, ચારિત્ર તેનું આયિક તે લાભ જ્યાં થાય છે, એટલે જેણે કરી જ્ઞાન, દર્શન, તથા ચારિત્ર એ ત્રણેની પ્રાપ્તિ થાય તેને સર્વ સાવદ્ય યોગ્ય ત્યાગરૂપ અને નિરવદ્ય યોગ્ય સેવનરૂપ સામાયક કહીએ. એને સમ્યક ચારિત્ર પણ કહે છે. એ સામાયક ચારિત્ર જીવને પ્રાપ્ત થયા વીના બીજા ચારિત્રોનો લાભ થાય નહીં. માટે એને આદ્યમાં કહ્યું છે. ૧. બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર-તે પૂર્વોક્ત સર્વ વિરતિ સામાયક ચારિત્રનેજ છેદાદિ વિશેષ્યપણે વિશેષીએ ત્યારે શબ્દથી તથા અર્થથી નાના પ્રકારપણું ભજે ત્યારે છેદોપસ્થાપનીય ચારિત્ર થાય. છેદ એટલે પૂર્વ પર્યાયનો છેદ કરવો અને ઉપસ્થાન એટલે ગુરૂવાદિકે આપેલું પંચ મહાવ્રતરૂપપણું જે મહાવ્રતને વિષે હોય તે છેદોપસ્થાપનીય ચારિત્ર કહીએ. ૨. ત્રીજું પરિહાર વિશુદ્ધ ચારિત્ર-તપ વિશેષ તેણે કરી વિશુદ્ધિ એટલે કર્મની નિર્જરા જે ચારિત્રને વિષે હોય તેને પરિહાર વિશુદ્ધ ચારિત્ર કહીએ. ૩. ચોથું સૂક્ષ્મ સંપરાય ચારિત્ર-સૂક્ષ્મ છે કષાય જ્યાં તેને સૂક્ષ્મસંપરાય ચારિત્ર કહીએ. તે ઉપસમ શ્રેણીએ કર્મ ઉપશમાવતાં અથવા ક્ષપક શ્રેણીએ કર્મ ખપાવતાં હોય. ત્યાં નવમે ગુણસ્થાને લોભના સંખ્યાતા ખંડ કરી તેને ઉપશમશ્રેણીવાળો જે હોય, તે ઉપશમાવે તથા ક્ષપકશ્રેણીવાળો હોય તે ખપાવે, તે સંખ્યાતા ખંડ માંહેલો જ્યારે છેલ્લો એક ખંડ રહે તેના અસંખ્યાતા સૂક્ષ્મ ખંડ કરીને દશમે ગુણસ્થાને ઉપશમાવે અથવા ક્ષપક હોય તે ખપાવે, તે દશમાં ગુણ-સ્થાનનું નામ સૂક્ષ્મસંપરાય અને ચારિત્રનું નામ પણ સૂક્ષ્મસંપરાય જાણવું. ૪. પાંચમું યથાખ્યાત ચારિત્ર-તે જ્યાં તથાવિધે કરીને અકષાયપણું અર્થાત જ્યાં સંજ્વલનાદિકે કરી સર્વથા રહિતપણું કહીયે, તે યથાખ્યાત ચારિત્ર જાણવું. ૫.

**પ્રશ્ન**—હે ભગવંત, સામાયક ચારિત્રના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. થોડા કાળનું (દેશવ્રતિપણું) સામાયક ચારિત્ર ૧. ને ઘણા કાળનું (સર્વ વિરતિપણું) સામાયક ચારિત્ર ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, છેદોપસ્થાપનીય ચારિત્રના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે, અતિચાર સહીત, તે મૂળગુણ ઉત્તરગુણમાં દોષ લાગે ને બીજી દિક્ષા આપે તે. ૧, ને બીજો ભેદ અતિચાર રહિત, તે વ્રત પચખ્ખાણમાં દોષ લાગેલ ન હોય ને બીજી દિક્ષા આપે તે જેમ પારશ્વનાથ સ્વામિના સાસનના સાધુને મહાવિર સ્વામીએ બીજી દિક્ષા આપી તેમ. તથા નવ દિક્ષિતને પહેલી દિક્ષાએ સામાયક ચારિત્ર આપી, પછી બીજી દિક્ષા સાત દિવસે, ચાર માસે કે છ માસે બીજી દિક્ષા આપે તે. ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, પરિહાર વિશુદ્ધ ચારિત્રના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. તેમાં પહેલું જે ચાર જણ પરિહારવિશુદ્ધ ચારિત્રના વેહેનારા એ કલ્પમાં પ્રવર્તતાં હોય તેનું ચારિત્ર તે નિર્વિશમાનસિક પરિહાર વિશુદ્ધક ચારિત્ર જાણવું. ૧. ને બીજું જે ચાર જણ તેના અનુચારી હોય તેને નિર્વિષ્ટકાયિક પરિહાર વિશુદ્ધક ચારિત્ર જાણવું. ૨. તે એવી રીતે કે નવ જણાનો ગચ્છ જુદો નીકળે તે તિર્થંકર પાસે અથવા પૂર્વે જેણે તિર્થંકર પાસેથી એ ચારિત્ર અંગીકાર કરેલ હોય તેની પાસે એ ચારિત્ર અંગીકાર કરે. હવે તે નવ સાધુમાં ચાર જણ પરિહાર એટલે તપના કરનારા થાય તે નિર્વિશમાનસિક જાણવા. અને ચાર તેના વૈયાવચ્ચના કરનારા થાય. તે નિવિષ્ટકાયિક જાણવા. તથા એકને વાંચનાચાર્ય ગુરૂસ્થાનકે ઠરાવે પછી તે ચાર પરિહારક છ માસ સુધી તપ કરે, તેમા ઉષ્ણકાળે જઘન્યથી એક ઉપવાશ, મધ્યમથી છઠ ને ઉત્કૃષ્ટથી અઠમ તપ કરે, ને શિતકાળે જઘન્યથી છઠ, મધ્યમથી અઠમ ને ઉત્કૃષ્ટથી ચાર ઉપવાશ. તથા વર્ષાકાળે જઘન્યથી અઠમ, મધ્યમથી ચાર ઉપવાસ ને ઉત્કૃષ્ટથી પાંચ ઉપવાસ કરે. પારણે આંબીલ કરે એમ છ મહિના તપ કરે, તે પછી ફરી ચાર તપસ્યાના કરનાર તે વૈયાવચ્ચીયા થાય ને વૈયાવચ્ચીયા તપ કરનાર થાય તે પણ છ માસ લગે તપ કરે. ત્યારપછી ગુરૂ વાચનાચાર્ય છ માસ લગી તપસ્યા કરે ને આઠ સાધુ ગુરૂની વૈયાવચ્ચ વ્યાખ્યાન કરે. એમ અઢાર માસે તપ સંપૂર્ણ થાય. ૨. તથા વળી બીજે પ્રકારે પણ બે ભેદ-તે એક ઉપર પ્રમાણે તપ પુરો કર્યા પછી ગચ્છમાં આવે ૧. ને બીજે ભેદ ગચ્છમાં આવે નહીં ને જીન કલ્પ આદરે. ૨. (પરિહારવિશુદ્ધ ચારિત્ર વજ્રઋષભનારાચ સંઘયણનો ધણી, ત્રીજા ચોથા આરાનો જનમેલો, જઘન્ય નવમા પુર્વની ત્રીજી આચાર વસ્તુનો જાણ હોય તે આદરે, તેમજ પહેલા છેલા તિર્થંકરના વારે હોય.)

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મસંપરાય ચારિત્રના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. એક ઉપશમ કે ક્ષપક શ્રેણીએ ચડતાને વિશુદ્ધ માનશિક હોય ૧, ને બીજો ઉપશમ શ્રેણીથી પડતાને સંક્લીષ્ટ માનશિક હોય ૨, (ઉપસમીકને એ ચારિત્ર આખા સંસારમાં પાંચ વાર ને એક ભવમાં બે વાર આવે.)

**પ્રશ્ન**—હે ભગવંત, યથાખ્યાત ચારિત્રના કેટલા ભેદ છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. એક છદમસ્ત યથાખ્યાત ચારિત્ર તે **અગ્યારમા,** બારમા ગુણસ્થાનકે હોય ૧, ને બીજો ભેદ કેવળી યથાખ્યાત ચારિત્ર તે તેરમે, ચઉદમે ગુણસ્થાનકે હોય ૨. એ ચારિત્ર આર્યના ભેદ કહ્યા. એ રૂધિ રહીત આર્યના નવ ભેદ કહ્યા. એ આર્ય મનુષ્ય કહ્યા. એ કર્મભૂમિના મનુષ્ય કહ્યા, એટલે એ સર્વ મનુષ્યનો અધિકાર શ્રી પનવણાસૂત્રથી કહ્યો છે.

## ૫૨. દેવતાનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતાના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ચાર ભેદ છે. ભવનપતિ ૧, વાણવ્યંતર ૨, જ્યોતીષી ૩ ને વૈમાનિક ૪.

## ૫૩. ભવનપતિ દેવતાનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, ભવનપતિ દેવતાના કેટલા ભેદ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેના **દશ** ભેદ છે. અસૂર કુમાર ઇત્યાદિક એનો અધિકાર જેમ પનવણાસૂત્રમધ્યે છે તે આગળ કહેલ છે. તેમજ દેવતાના ભેદ જાણવા. જાવત્ સવાર્થસિદ્ધના દેવતા પર્યંત જાણવું. એમજ અનુતરોવવાઇ દેવતાના પાંચ ભેદ છે. વીજય ૧, વીજયંત ૨, જયંત ૩, અપરાજીત ૪, ને સવાર્થ સિદ્ધ ૫. એ પાંચ વૈમાન છે. એ અનુત્તરોવવાઇ દેવતા કહ્યા.

**પ્રશ્ન**—હે ભગવંત, ભવનપતિ દેવતાના ભવન કયાં છે અને ભવનપતિ દેવતા કયાં વશે છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ રત્નપ્રભા પૃથ્વીએ એક લાખ ને એંસી હજાર જોજનના પીંડમાં એક હજાર જોજન ઉપર મુકીએ ને એક હજાર જોજન નીચે મુકીએ. વચ્ચે એક લાખ ને અઠયોતેર હજાર જોજનની પોલાણમાં ભવનપતિના ભવન છે. તેનો વર્ણન પનવણા સૂત્રથી જાણવો. જાવત્ રમણિક છે. ત્યાં ભવનપતિ દેવતાના સાત ક્રોડ ને બહોંતેર લાખ ભવન (ધરરૂપ) છે. એમ અનંતે તિર્થંકરે કહ્યું છે. ત્યાં ઘણા ભવનપતિ દેવતા વસે છે. જાવત્ સુખમાં રહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, અસુર કુમાર દેવતાના ભવન કયાં છે?

**ઉ-તર**—હે ગૌતમ, જેમ પનવણાસૂત્રે કહ્યું છે તેમ જાણવું. જાવત્ વિચરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, દક્ષિણ દીશના અસુર કુમાર દેવતાના ભવન કયાં છે?

**ઉ-તર**—હે ગૌતમ, એનો અધિકાર પનવણાસૂત્રમાં ઠાણપદથી જાણવો. જાવત્ ચમરેંદ્ર ત્યાં અસુર કુમારનો ઇંદ્ર, અસુર કુમારનો રાજા વશે છે. જાવત્ સુખમાં વિચરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચમરેંદ્ર અસુરનો ઇંદ્ર, અસુરનો રાજા, તેને કેટલી પરખદા કહી છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ત્રણ પરખદા કહી છે. સમીતા ૧, ચંડા ૨, ને જાયા ૩. તેમાં માહીલી પરખદાનું નામ સમીતા, મધ્ય પરખદાનું નામ ચંડા ને બાહરલી પરખદાનું નામ જાયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ચમરેંદ્ર અસુરનો ઇંદ્ર, અસુરનો રાજા, તેને માહીલી પરખદાએ કેટલા હજાર દેવતા છે? મધ્ય પરખદાએ કેટલા હજાર દેવતા છે? ને બાહીરલી પરખદાએ કેટલા હજાર દેવતા છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચમરેંદ્ર અસુરેંદ્રને માહીલી પરખદાએ ચોવીશ હજાર દેવતા છે, મધ્ય પરખદાએ અઠાવીશ હજાર દેવતા છે ને બાહીરલી પરીખદાએ બત્રીશ હજાર દેવતા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચમરેંદ્ર અસુરેંદ્ર અસુરના રાજાને માહીલી પરખદાએ કેટલી સો દેવાંગના છે, મધ્ય પરખદાએ કેટલી સો દેવાંગના છે ને બાહીરલી પરખદાએ કેટલી સો દેવાંગના છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચમરેંદ્ર અસુરેંદ્ર અસુરનો રાજાને માહીલી પરખદાએ સાડા ત્રણસો દેવાંગના છે, મધ્ય પરખદાએ ત્રણસો દેવાંગના છે ને બાહીરલી પરખદાએ અઢીસો દેવાંગના છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચમરેંદ્ર અસુરનો ઇંદ્ર અસુરનો રાજા તેના માહલી પરખદાના દેવતાનું કેટલું આવખું છે, મધ્ય પરખદાના દેવતાનું કેટલું આવખું છે ને બાહીરલી પરખદાના દેવતાનું કેટલું આવખું છે? તેમજ વળી તેની માહીલી પરખદાની દેવાંગનાનું કેટલું આવખું છે, મધ્ય પરખદાની દેવાંગનાનું કેટલું આવખું છે ને બાહીરલી પરખદાની દેવાંગનાનું કેટલું આવખું છે?

**ઉત્તર**—હે ગૌતમ,ચમરેંદ્ર અસુરેંદ્રના માહીલી પરખદાના દેવતાનું અઢી પલ્યોપમનું આવખું છે, મધ્ય પરખદાના દેવતાનું બે પલ્યોપમનું આવખું છે. ને બાહીરલી પરખદાના દેવતાનું દોઢ પલ્યોપમનું આવખું છે. તેમજ વળી માહલી પરખદાની દેવાંગનાનું દોઢ પલ્યોપમનું આવખું છે, મધ્ય પરખદાની દેવાંગનાનું એક પલ્યોપમનું આવખું છે ને બાહીરલી પરખદાની દેવાંગનાનું અર્ધ પલ્યોપમનું આવખું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે ચમરેંદ્ર અસુરેંદ્ર ને ત્રણ પરખદા છે તે સમીતા ૧, ચંડા ૨, ને જાયા ૩, તેમાં વળી માહીલી સમીતા, મધ્યની ચંડા ને બાહીરલી જાયા. એમ શ્યે કારણે કહોછો?

**ઉત્તર**—હે ગૌતમ, ચમરેંદ્ર અસુરેંદ્ર અસુરના રાજાને માહીલી પરખદાના દેવતા તેડાવ્યા આવે પણ અણ તેડાવ્યા ન આવે. મધ્ય પરખદાના દેવતા તેડાવ્યા પણ આવે ને અણ તેડાવ્યા પણ આવે ને બાહીરલી પરખદાના દેવતા અણ તેડાવ્યા આવે ને અણ મોકલ્યા જાય. વળી બીજે કારણે પણ હે ગૌતમ ચમરેંદ્ર અસુરેંદ્ર અસુરનો રાજા ઘણાં ઉત્તમ તથા મધ્ય કાર્યે તથા પોતાની રાજ્યધાનીને કાર્યે ઇત્યાદિક કાર્ય ઉપનેથકે માહેલી પરખદાના દેવતા સાથે ઉત્તમમને કાર્ય પ્રમુખ પુછતાં થકાં વિચરેછે ને મધ્ય પરખદાના દેવતા સાથે સંક્ષેપે રહસ્ય વાત કરે જે અમે એ વાત એમ કરશું પણ વિસ્તારપણે વાત કરે નહીં ને બાહીરલી પરખદાના દેવતા સાથે પુર્વે વાતનો લેશ માત્ર કહી હુકમ કરે જે એ કાર્ય અવસ્યમેવ તુમે કરજો. તે અર્થે હે ગૌતમ એમ કહીએ છીએ જે ચમરેંદ્ર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસુરેંદ્ર અસુર કુમારના રાજાને ત્રણ પરખદા. સમીતા ૧, ચંડા ૨, ને જાયા ૩ તેમાં માહીલી સમીતા ૧, મધ્યની ચંડા ૨, ને બાહીરલી પરખદા જાયા ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, ઉત્તરદીશના અસુરકુમાર દેવતાનાં ભવન ક્યાં છે ?

**ઉત્તર**—હે ગૌતમ, તેનો અધિકાર પનવણા સૂત્રના ઠાણુપદથી જાણવો. જાવત્ ત્યાં બલી નામે તીહાં વૈરોચનનો ઇંદ્ર વૈરોચનનો રાજા વસે છે તે જાવત્ સુખમય વિચરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બલી નામે વૈરોચન રાજાને કેટલી પરખદા કહી છે ?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ત્રણ પરખદા કહી છે. સમીતા ૧, ચંડા ૨, ને જાયા ૩. તેમાં માહીલી સમીતા, મધ્યની ચંડા ને બાહીરલી પરખદા જાયા.

**પ્રશ્ન**—હે ભગવંત, બલી નામે વૈરોચનના રાજાને માહીલી પરખદાએ કેટલા હજાર દેવતા છે, મધ્ય પરખદાએ કટલા હજાર દેવતા છે. એમ જાવત્ બાહીરલી પરખદાએ કેટલા સેં દેવાંગ્ના છે ?

**ઉત્તર**—હે ગૌતમ, બળીનામે વૈરોણેંદ્રને માહીલી પરખદાએ વીસ હજાર દેવતા છે. મધ્ય પરખદાએ ચોવીસ હજાર દેવતા છે ને બાહીરલી પરખદાએ અઠાવીસ હજાર દેવતા છે. તેમજ વળી માહીલી પરખદાએ સાડા ચારશેં દેવાંગ્ના છે મધ્ય પરખદાએ ચારસેં દેવાંગ્ના છે ને બાહીરલી પરખદાએ સાડા ત્રણસેં દેવાંગ્ના છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બળેંદ્રની માહીલી પરખદાના દેવતાનું કેટલું આવખું છે, જાવત્ બાહીરલી પરખદાની દેવાંગ્નાનું કેટલું આવખું છે?

**ઉત્તર**—હે ગૌતમ, બલી નામે વૈરોણેંદ્ર તેહને માહીલી પરખદાના દેવતાનું સાડાત્રણ પલ્યોપમનું આવખું છે, મધ્ય પરખદાના દેવતાનું ત્રણ પલ્યોપમનું આવખું છે. ને બાહીરલી પરખદાના દેવતાનું અઢી પલ્યોપમનું આવખું છે. તેમજ વળી માહીલી પરખદાની દેવાંગ્નાનું અઢી પલ્યોપમનું આવખું છે, મધ્ય પરખદાની દેવાંગ્નાનું બે પલ્યોપમનું આવખું છે ને બાહીરલી પરખદાની દેવાંગ્નાનું દોઢ પલ્યોપમનું આવખું છે. શેષ અધિકાર સર્વ ચમરેંદ્રની પરે જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, નાગકુમાર દેવતાના ભવન ક્યાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ પનવણા સૂત્રના ઠાણપદમાં કહ્યાં છે તેમ જાણવાં, જાવત્ એમ દક્ષિણ દીશના પણ ભવન પુછ્યાં. ત્યાં દક્ષિણ દિસે જાવત્ ધરણેંદ્ર એવે નામે નાગકુમારનો ઇંદ્ર નાગકુમારનો રાજા વસે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ધરણેંદ્ર નાગકુમારનો ઇંદ્ર નાગકુમારનો રાજા તેને કેટલી પરખદા છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ત્રણ પરખદા છે. એનો અધિકાર ચમરેંદ્રના સરખો જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, ધરણેંદ્ર નાગકુમારનો ઇંદ્ર નાગકુમારના રાજાને માહીલી પરખદાએ કેટલા હજાર દેવતા છે, જાવત્ બાહીરલી પરીખદાએ કેટલા સો દેવાંગ્ના છે?

**ઉત્તર**—હે ગૌતમ, ધરણેંદ્ર નાગકુમારનો ઇંદ્ર નાગકુમારનો રાજા તેને માહીલી પરીખદાએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાઠ હજાર દેવતા છે, મધ્ય પરખદાએ સીતેર હજાર દેવતા છે, ને બાહીરલી પરખદાએ એંસી હજાર દેવતા છે. તેમજ વળી માહીલી પરખદાએ એકસો ને પંચોતેર દેવાંગ્ના છે, મધ્ય પરખદાએ એકસો પચાસ દેવાંગ્ના છે ને બાહીરલી પરખદાએ એકસો પચવીશ દેવાંગ્ના છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ધરણેંદ્રની અભ્યંતર પરખદાએ દેવતાનું કેટલું આવખું છે જાવત્ બાહીરલી પરીખદાએ દેવાંગ્નાનું કેટલું આવખું છે?

**ઉત્તર**—હે ગૌતમ, ધરણેંદ્રની માહીલી પરખદાએ દેવતાનું કાંઇક ઝાઝેરૂં અર્ધ પલ્યોપમનું આવખું છે. મધ્ય પરખદાએ દેવતાનું અર્ધ પલ્યોપમનું આવખું છે, ને બાહીરલી પરખદાએ દેવતાનું દેશેઉણું અર્ધ પલ્યોપમનું આવખું છે. તેમજ વળી માહીલી પરખદાએ દેવાંગ્નાનું દેશે ઉણું અર્ધ પલ્યોપમનું આવખું છે, મધ્ય પરખદાએ દેવાંગ્નાનું કાંઇક ઝાઝેરૂં પલ્યોપમના ચોથા ભાગનું આવખું છે, ને બાહીરલી પરખદાએ દેવાંગ્નાનું પલ્યોપમના ચોથા ભાગનું આવખું છે. શેષ અધિકાર ચમરેંદ્રના શરખો જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, ઉત્તર દીશીના નાગકુમારના ભવન ક્યાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેનો અધિકાર પનવણાસૂત્રના ઠાણપદથી જાણવો. જાવત્ સુખે વિચરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ભૂત્તાનેંદ્ર નાગકુમારનો રાજા તેની માહીલી પરદાએ કેટલા હજાર દેવતા છે, મધ્ય પરખદાએ કેટલા હજાર દેવતા છે, ને બાહીરલી પરખદાએ કેટલા હજાર દેવતા છે. જાવત્ બાહીરલી પરખદાએ કેટલા સેં દેવાંગ્ના છે?

**ઉત્તર**—હે ગૌતમ, ભૂત્તાનેંદ્ર નાગકુમારેંદ્ર નાગકુમારના રાજાને અભ્યંતર પરખદાએ પચાશ હજાર દેવતા છે, મધ્ય પરખદાએ સાઠ હજાર દેવતા છે, ને બાહીરલી પરખદાએ સીતેર હજાર દેવતા છે. તેમજ વળી અભ્યંતર પરખદાએ બસેં ને પચીસ દેવાંગ્નાના છે, મધ્ય પરખદાએ બસેં દેવાંગ્ના છે, ને બાહીરલી પરખદાએ એકસો પંચોતેર દેવાંગ્ના છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ભૂત્તાનેંદ્ર નાગકુમારનો ઇંદ્ર, નાગકુમારના રાજાને માહીલી પરખદાએ દેવતાનું કેટલું આવખું છે, જાવત્ બાહીરલી પરખદાએ દેવાંગ્નાનું કેટલું આવખું છે.

**ઉત્તર**—હે ગૌતમ, ભૂત્તાનેંદ્રને અભ્યંતર પરખદાએ દેવતાનું દેશે ઉણું પલ્યોપમનું આવખું છે, મધ્ય પરખદાએ દેવતાનું કાંઇક ઝાઝેરૂં અર્ધ પલ્યોપમનું આવખું છે, ને બાહીરલી પરખદાએ દેવતાનું અર્ધ પલ્યોપમનું આવખું છે. તેમજ વળી અભ્યંતર પરખદાએ દેવાંગ્નાનું અર્ધ પલ્યોપમનું આવખું છે, મધ્ય પરખદાએ દેવાંગ્નાનું દેશે ઉણું અર્ધ પલ્યોપમનું આવખું છે, ને બાહીરલી પરખદાએ દેવાંગ્નાનું કાંઇક અધીક પલ્યોપમના ચોથા ભાગનું આવખું છે. શેષ અધિકાર ચમરેંદ્રની પરે જાણવો.

શેષ સોળ ઇંદ્ર વેણુદેવ પ્રમુખને ને મહાઘોષ પર્યંતનો અધિકાર પનવણાસૂત્રના ઠાણપદથી નિરવિશેષપણે જાણવો, ને પરખદા જેમ ધરણેંદ્ર ને ભૂત્તાનેંદ્રને કહી તેમ જાણવી. તેમજ વળી દક્ષણ દિસના ઇંદ્રની પરખદા ધરણેંદ્રના સરખી જાણવી. ને ઉત્તર દીશીના ઇંદ્રની પરખદા ભૂત્તાનેંદ્રના સરખી જાણવી. તેમજ દેવતાદિકનું માન ને આવખા પ્રમુખ જાણવા. એ ભવનપતિ દેવતાનો અધિકાર કહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૪. વાણવ્યંતર દેવતાનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, વાણુવ્યંતર દેવતાના ભવન કયાં છે?

**ઉ-તર**—હે ગૌતમ, રત્નપ્રભા પેલી નરકનો ઉપલો પીંડ એક હજાર જોજનનો છે તેમાં એકસો જોજન ઉપર મુકીએ ને એકસો જોજન નીચું મુકીએ વચ્ચે આઠસો જોજનની પોલાણમાં સોળે જાતના વાણુવ્યંતરના ભવન (નગર) છે. એનો અધિકાર પનવણાસૂત્રના ઠાણુપદથી જાણુવો. જાવત્ સુખે વિચરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પીશાચ દેવતાના ભવન કયાં છે?

**ઉ-તર**—હે ગૌતમ, એનો અધિકાર પનવણાસૂત્રના ઠાણાપદથી જાણુવો. જાવત્ સુખે વિચરેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, દક્ષિણ દિશિના કાળ નામે પીશાચ કુમારના રાજાને કેટલી પરખદા છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ત્રણ પરખદા છે. ઇશા ૧, ત્રૂટિતા ૨, ને દઢરથા ૩, તેમાં માહીલી પરખદા ઇશા, મધ્ય પરખદા ત્રૂટીતા, ને બાહીરલી પરખદા દઢરથા.

**પ્રશ્ન**—હે ભગવંત, કાળેંદ્ર પીસાચ કુમારનો ઇંદ્ર પીસાચ કુમારના રાજાને માહીલી પરખદાએ કેટલા હજાર દેવતા છે. જાવત્ બાહીરલી પરખદાએ કેટલા સો દેવાંગ્ના છે?

**ઉ-તર**—હે ગૌતમ, કાળ નામે પીસાચ કુમારેંદ્ર પીસાચ કુમારના રાજાને માહીલી પરખદાએ આઠ હજાર દેવતા છે, મધ્ય પરખદાએ દશ હજાર દેવતા છે, ને બાહીરલી પરખદાએ બાર હજાર દેવતા છે. તેમજ વળી માહીલી પરખદાએ એકસો દેવાંગ્ના છે, મધ્ય પરખદાએ પણ એકસો દેવાંગ્ના છે, ને બાહીરલી પરખદાએ પણ એકસો દેવાંગ્ના છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કાળ નામે પીસાચ કુમારનો ઇંદ્ર, પીસાચ કુમારના રાજાને માહીલી પરખદાએ દેવતાનું કેટલું આવખું છે, મધ્ય પરખદાએ દેવતાનું કેટલું આવખું છે, ને બાહીરલી પરખદાએ દેવતાનું કેટલું આવખું છે? જાવત્ બાહીરલી પરખદાની દેવાંગ્નાનું કેટલું આવખું છે?

**ઊ-તર**—હે ગૌતમ, કાળ નામે પીસાચ કુમારનો ઇંદ્ર પીસાચ કુમારના રાજા તેની માહીલી પરખદાના દેવતાનું અર્ધ પલ્યોપમનું આવખું છે, મધ્ય પરખદાના દેવતાનું દેસેઉણું અર્ધ પલ્યોપમનું આવખું છે, ને બાહીરલી પરખદાએ દેવતાનું કાંઇક ઝાઝેરૂં પલ્યોપમના ચોથા ભાગનું આવખું છે. તેમજ વળી માહીલી પરખદાએ દેવાંગ્નાનું કાંઇક ઝાઝેરૂં પલ્યોપમના ચોથા ભાગનું આવખું છે, મધ્ય પરખદાએ દેવાંગ્નાનું પલ્યોપમના ચોથા ભાગનું આવખું છે, ને બાહીરલી પરખદાએ દેવાંગ્નાનું દેશે ઉણું પલ્યોપમના ચોથા ભાગનું આવખું છે.

શેપ અધિકાર સર્વ ચમરેંદ્રના સરખો જાણુવો. એમ ઉત્તર દિશે પણ નિરંતર છે. જાવત્ ગીતજસનામા બત્રીસમા ઇંદ્ર પર્યંત જાણુવું. એ વાણુવ્યંતર દેવતાનો અધિકાર કહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૫. જ્યોતિષિ દેવતાનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, જ્યોતિષિ દેવતાના વિમાન ક્યાં છે, ને જ્યોતિષી દેવતા ક્યાં વસે છે?

**ઉત્તર**—હે ગૌતમ, અસંખ્યાતા દ્વીપ સમુદ્ર ઉપરે ને એ રત્નપ્રભા પૃથ્વીએ ઘણું સમ મનોહર ભૂમિ ભાગ તે મેરૂ પર્વતના મુળ મધ્યે અષ્ટ પ્રદેશી ગોસ્તનાકારે રૂચક છે. તે સમ ભૂમિતળ જાણવું. ત્યાંથી સાતસે ને નેવું જોજન ઉંચા જઇએ ત્યાં એકસો ને દશ જોજનને જાડપણે જ્યોતિષિ દેવતાના ત્રીછા અસંખ્યાતા જ્યોતિષિ વિમાન અસંખ્યાતા લાખ છે. એમ અનંતા તિર્થંકરે કહ્યું છે. વળી તે વિમાન અર્ધ કોઠના ફળને સંસ્થાને છે. એનો વર્ણન પનવણા સૂત્રના ઠાણપદથી જાણવો. જાવત્ ચંદ્રમા ને સૂર્ય એ બે ત્યાં જ્યોતિષિના ઇંદ્ર જ્યોતિષિના રાજા વસે છે. તે મોટી રૂધીના ધણી જાવત્ સુખમય વિચરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૂર્યનામા જ્યોતિષિનો ઇંદ્ર જ્યોતિષિનો રાજા તેને કેટલી પરખદા છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ત્રણ પરખદા છે. તુંબા ૧, ત્રૂટિતા ૨, ને પચા ૩, તેમાં વળી માહીલી તુંબા, મધ્યની ત્રૂટિતા ને બાહીરલી પરખદા પચા.

શેષ અધિકાર પરખદામાન પ્રમુખ ને આવખા પ્રમુખ વાણવ્યંતરના કાળેંદ્રના સરખો જાણવો. ને પરખદાના અર્થ પ્રમુખનો અધિકાર ભવનપતિના ચમરેંદ્રના સરખો જાણવો. તેમજ ચંદ્રમાને પણ એમજ સૂર્યની પરે અધિકાર જાણવો.

## ૫૬. દ્વીપ, સમુદ્રનો અધિકાર. તેમાં પ્રથમ જંબુદ્વીપનો અધિકાર ૧.

**પ્રશ્ન**—હે ભગવંત, ક્યાં છે દ્વીપ, સમુદ્ર? કેટલા છે દ્વીપ સમુદ્ર? કેવડા મોટા છે દ્વીપ, સમુદ્ર? શ્યે આકારે છે દ્વીપ, સમુદ્ર? શ્યે ભાવે છે દ્વીપ, સમુદ્ર? શ્યે સ્વરૂપે છે દ્વીપ, સમુદ્ર?

**ઉત્તર**—હે ગૌતમ, જંબુદ્વીપ આદ દઇને અસંખ્યાતા દ્વીપ છે ને લવણ સમુદ્ર આદ દઇને અસંખ્યાતા સમુદ્ર છે. સંસ્થાનથી એકજ આકારે છે ને વિસ્તારપણે અનેક પ્રકારના છે. વિસ્તારપણે પ્રથમ દ્વીપથી પ્રથમ સમુદ્ર બમણો તેથી બીજો દ્વીપ બમણો તેથી બીજો સમુદ્ર બમણો એમ વિસ્તારપણે બમણા બમણા પહોળપણે છે. તે મધ્યે જે સમુદ્ર છે તે કલોલે કરી શોભતા છે. ને દ્વીપ મધ્યે દ્રહ પ્રમુખ ઘણા છે. ત્યાં ઉત્પલ પદ્મ, ચંદ્રવિકાસી, સૂર્યવિકાસી કમળ નલીણ, શુભગ તે રાતું કમળ, સોગંધીક કમળ, પુંડરીક શ્વેત કમળ, મહા પુંડરીક કમળ સત (સો) પત્ર કમળ, સહસ્ત્ર (હજાર) પત્ર કમળ પ્રમુખ; શ્વેત અથવા રક્ત ફુલ અને તેની પીલી કેસરાં તેણે કરી સહીત છે. પ્રત્યેક પ્રત્યેક દ્વીપ ને સમુદ્ર પદ્મવર વેદિકાએ સહીત છે. એટલે ચોપખેર ગઢની પરે પદ્મવર વેદિકા છે. વળી પ્રત્યેકે પ્રત્યેકે વનખંડે સહીત છે. એટલે વેદિકા કેડે વનખંડ વીટી વળ્યું છે. એ ત્રીછાલોકે અસંખ્યાતા દ્વીપ સમુદ્ર છે. તે મધ્યે જંબુદ્વીપ આદિ (પેલો) છે, ને સ્વયંભૂરમણ સમુદ્ર અંતે છેલો છે. અહો સાધો આયુષ્યવંતો! તે મધ્યે આ જંબુદ્વીપનામા દ્વીપ. સર્વ દ્વીપ ને સર્વ સમુદ્રમાં માહીલો છે, ને સર્વ દ્વીપથી લઘુ છે. તે જંબુદ્વીપ વૃતાકારે ગોળ છે (પાણીમાં તેલનું ટીપું નાખતાં તેલનું ચક્ર ગોળ કુંડાળું પડે તે) તેલના પુડલા જેવા ગોળ હોય તેવો ગોળ છે, રથના પૈડાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકારે ગોળ છે, કમળના ડોડાને સંસ્થાને ગોળ છે, પુર્ણિમાના ચંદ્રમા સમાન ગોળ છે. એ જંબુદ્વીપ એક લાખ જોજન લાંબપણે પહોળપણે છે. ને ત્રણ લાખ, સોળ હજાર બસેં સતાવીશ જોજન, તે ઉપર ત્રણ ગાઉ, એકસો અઠાવીશ ધનુષ્ય ને સાડાતેર આંગુલ કાંઇક ઝાઝેરો ફરતો પરિદ્ધિપણે છે. તે જંબુદ્વીપ એક જગતી તે ગઢરૂપ જેમ નગર શહેર ને ગઢ ફરતો હોય તે રીતે ચોપખેર વિંટાણો છે.

## ૫૭. જંબુદ્વીપની જગતીનો વર્ણવ.

તે જગતી (ગઢરૂપ) આઠ જોજન ઉંચી ઉંચપણે છે. મુળમાં બાર જોજન પહોળી છે, મધ્યે આઠ જોજન પહોળી છે ને ઉપરે ચાર જોજન પહોળી છે. મુળમાં પહોળી છે મધ્યે સાંકડી છે ને ઉપરે પાતળી છે. ગાયના પુંછને સંસ્થાને છે (જેમ ગાયનું પુંછ ઉંચું કરેલું મુળમાં જાડું ને પછી ઉતરતાં પાતળું હોય તેમ મુળે જાડી ને પછી પાતળી છે) સર્વ દેશે વજ્ર રત્નની છે.સ્ફટીક રત્નનીપરે નિર્મળ છે. સુકુમાળ છે ઘઠારી મઠારી સ્વભાવેજ રજ સહિત, મળ રહિત, નિર્મળ છે. કર્દમે રહીત છે, નિરાવરણ, નિરૂપઘાત કાન્તિ છે કાન્તિ સહીત છે જોવા જોગ છે. દેખવા યોગ્ય છે શોભાયમાન મનોહર છે જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે જગતી ઉપરે જંબુદ્વીપને પાસે એક જાળીએ કરી ચૌતરફ સર્વદિશે વિંટાએલી છે. હઇયારખાની પેરે તે જાળી અર્ધ જોજન ઉંચી ઉંચપણે છે. પાંચસે ધનુષ્ય પોહોળપણે છે. જાડપણે સર્વ રત્નમય છે. નિર્મળ છે. સુકુમાળ ઘસેલી, ઘઠારી, મઠારી છે, રજ રહીત છે, નિર્મળ છે, પંક રહીત છે, નિરૂપઘાત કાન્ત છે, કાન્તિ સહીત છે, સશ્રીક (શોભનીક) છે, ઉદયોત સહીત છે, જોવાજેગ્ય છે, દેખવા જેગ્ય છે, મનોહર છે, પ્રતિરૂપ શોભાયમાન છે.

વળી તે ઉપર ઘણુંજ સમ ભૂમિ ભાગ છે તેના મધ્ય ભાગે એક મોટી પદ્મવર વેદિકા છે. તે અર્ધ જોજન ઉંચી ઉંચપણે છે, પાંચસે ધનુષ્ય પહોળપણે છે. સર્વ રત્નમય છે. જગતી સમાન ફરતી છે. તે પદ્મવર વેદિકા તેનો એવે રૂપે વર્ણ પ્રમુખ છે વજ્ર રત્નની તે પદ્મવર વેદિકાની ભૂમિ (પાયો) છે, અરીષ્ટ રત્નમય પ્રતિષ્ઠાન (પાયાનો ઉપલો (ભાગ) છે, વૈડુર્ય રત્નના થાંભા છે. સોનાના ને રૂપાનાં પાટીયાં છે. તે વચ્ચે વજ્ર રત્નની સંધી પુરી છે. લોહીતાક્ષ રત્નની તો પાટિયા વચ્ચે ખીલી છે. ત્યાં નાના પ્રકારના રત્નના મનુષ્યના જુગળ શરીર છે, ને એકાકી પણ મનુષ્યના રૂપ છે, નાના પ્રકારના રત્નમય રૂપ છે. ને રૂપાના સંસ્થાન યુગ્મ છે, તેના અંકરત્નમય દેશ છે. ને દેશ બાંહા છે. જ્યોતીપ્ર રત્નમય વંસ છે ડાબે ને જમણે પાસે ને વંસનીક વેળુકા ખીલી વીશેષ છે. વંસ ઉપરે રૂપાની પાટલી છે. તે ઉપરે સોનાની ઢાંકણી છે. વજ્રરત્નની તે ઉપરે વળી નિવડ ઢાંકણી છે. તે ઉપરે સર્વ સ્વેત રૂપામય આછાદાન છે. એવી પદ્મવર વેદિકા છે.

વળી તે પદ્મવર વેદિકાએ એક સ્વર્ણની માળા, એક ક્ષુધરીની માળા, જાવત્ મોતીની માળા, એક કમળની માળા, તે પણ સર્વ રત્નમય તેણે કરી સર્વ દિશે સહીત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તે માળાને રક્ત સુવર્ણના ઝુમખાં છે. સોનાને પ્રકરણે સહીત નાના પ્રકારના મણી ને રત્ન તેના હાર ને અર્ધહાર તેણે શોભીત સહીત છે. લગારેક માંહોમાંહે વેગળી છે. તેને પુર્વ, પશ્ચિમ, દક્ષણ, ઉત્તરનો મંદ મંદ પવન વાય તેણે કરી કંપતીથકી, કંપતી થકી. લંબાતીથકી, લંબાતીથકી, ઝણેણાટ પ્રમુખ શબ્દ કરતીથકી, શબ્દ કરતીથકી. તે ઉદાર મનને ગમતાંથકાં ને મનને સુખના કરનાર એવા શબ્દ તેણે કરી ચોકફેર પુરતીથકી શોભાએ કરી અત્યંત શોભતીથકી રહે છે.

વળી તે પદ્મવર વેદિકાને તે તે ઠામે જયાં એક ત્યાં બીજા પણ ઘણા ઘોડાના જોડલાં ઘણા હાથીના જોડલાં, મનુષ્યના જોડલાં, કીંનરનામા વ્યંતરદેવના જોડલાં, કીંપુરૂષનામા વ્યંતરદેવના જોડલાં મહોરગનામા વ્યંતરદેવના જોડલાં, ગાંધર્વનામા વ્યંતરદેવના જોડલાં વૃષભના જોડલાં. ઇત્યાદિક, ઘણા જોડલાં સર્વ રત્નમય છે. નિર્મળ છે, સુકમાળ છે, ઘડાર્યા, મઠાર્યા, રજરહીત છે, નિર્મળ છે, કચરાદિકે રહીત છે, નિરૂપઘાત છે, કાંન્તિ સહીત છે, સશ્રીક છે, ઉદ્યોત સહીત છે, જોવા જોગ્ય છે, દેખવા જોગ્ય છે, મનોહર છે, પ્રતિબીંબ સમાન છે.

વળી તે પદ્મવર વેદિકાને તે તે ઠામે ત્યાં ત્યાં ઘણા ઘોડાના રૂપની પંક્તિ, તેમજ પુર્વલીપરે જાવત્ પ્રતિબીંબ સમાન છે. એમ ઘોડાના મૈથુનના રૂપ, એટલે સ્ત્રી સહીત છે. જાવત્ મનોહર છે.

વળી તે પદ્મવર વેદિકાએ તે તે દેશે ત્યાં ત્યાં ઘણી પદ્મ લતા, નાગવૃક્ષની લતા, એમ અશોકવૃક્ષની લતા, ચંપકવૃક્ષની લતા, આમવન પ્રમુખની લતા, વૃક્ષજાતિ અતીમુક્તક લતા, મચકુંદ લતા, શ્યામ લતા પ્રમુખ નિત્યે ફળી ફુલીથકી જાવત્ સુવીભક્ત માંજરીએ કરી સહીત છે. સર્વ રત્નમય છે, નિર્મળ છે, સુકમાળ છે, લષ્ટ છે, ઘડાર્યા, મઠાર્યા છે. નિર્મળ છે, રજ રહીત નિર્મળ છે, કાદવે રહીત છે, નિરૂપમ કૃષ્ણ છાયા છે, કાંન્તિ સહીત છે, સશ્રીક છે, ઉદયોત સહીત છે, જોવા જોગ્ય છે, દેખવા જોગ્ય છે, અભિરૂપ છે, પ્રતિરૂપ છે.

વળી તે પદ્મવરવેદિકાએ તે તે ઠામે ત્યાં ત્યાં ઘણા ચોખાના સાથીઆ છે. તે સર્વ રત્નમય છે. એવી તે પદ્મવરવેદિકા છે. ત્યારે ગૌતમ પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પદ્મવરવેદિકા એહવું નામ સ્યે અર્થે કહો છો ?

**ઉત્તર**—હે ગૌતમ, પદ્મવરવેદિકાએ ત્યાં ત્યાં તે તે ઠામે વેદિકાને વિષે, વેદિકાના પાસને વિષે, વેદિકાના પાટીયાના માથાને વિષે, વેદિકાના પુટાંતરને વિષે, થાંભાને વિષે, થાંભાના પાસાને વિષે, થાંભાને માથે, થાંભાના પુટાંતરને વિષે, ખીલીને વિષે, ખીલીના મુખને વિષે, ખીલીનાં પાટીયાને વિષે, ખીલીના પુટાંતરને વિષે, ખીલીને પાસે, ખીલીના પક્ષના બાંધાને વિષે, ખીલીના પક્ષના અંત્યને ઠામે. ઘણા ઉત્પલ તથા પદ્મ તે સુર્યવિકાસી કમળ જાવત્ લાખ પાંખડીના કમળ સર્વ રત્નમય છે, નિર્મળ છે, સુકમાળ છે, લષ્ટ છે. (લીસા) ઘડાર્યા, મઠાર્યા છે, રજ રહીત છે, નિર્મળ છે, કર્દમ રહીત છે, નિરૂપ કૃષ્ણ છાયા છે, કાન્તિ સહીત છે. સશ્રીક છે, ઉદ્યોત સહીત છે, જોવા જોગ્ય છે, દેખવા જોગ્ય છે, મ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નોહર છે, પ્રતિબીંબ સમાન છે. મોટા વર્ષાકાળના જળ રાખવાના ઠામ તથા છત્ર તે સરખાં મોટાં છે. તે પદ્મવરવેદિકાને વિષે રત્નમય કમળ પ્રમુખ છે. અહો સાધો આયુષ્યવંતો! તે અર્થે હે ગૌતમ, પદ્મવરવેદિકા એવું નામ કહીએ છીએ, અથવા પદ્મવરવેદિકા એવું સાસ્વતું નામ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે પદ્મવર વેદિકા સાસ્વતિ છે, કે અસાસ્વતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, સાસ્વતિ પણ છે, ને અસાસ્વતિ પણ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્યે અર્થે એમ કહો છો જે સાસ્વતિ પણ છે, ને અસાસ્વતિ પણ છે?

**ઉત્તર**—હે ગૌતમ, દ્રવ્યપણે તો સાસ્વતિ છે, પણ વર્ણને પર્યાએ, ગંધને પર્યાએ, રસને પર્યાએ સ્પર્શને પર્યાએ અસાસ્વતિ છે. તે અર્થે હે ગૌતમ એમ કહીએ છીએ જે સાસ્વતિ પણ છે, ને અસાસ્વતિ પણ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ પદ્મવરવેદિકા કાળથકી કેટલા કાળની છે?

**ઉત્તર**—હે ગૌતમ, કયારેઇ એ હતી નહીં એમ નથી. હમણાં નથી એમ પણ નથી, ને વળી કયારેઇ એ નહીં હોય એમ પણ નથી. અતિત કાળે હતી. વર્ત્તમાનકાળે છે. ને અ. નાગત કાળે હોશે. ધ્રુવ છે, નિત્ય છે, સાસ્વતિ છે, ક્ષય નથી, ચળતી નથી, અવસ્થીત છે. એહવી તે પદ્મવર વેદિકા છે. એ પદ્મવર વેદિકાનો વર્ણન કહ્યો.

વળી તે જગતી ઉપરે ને પદ્મવર વેદિકાથી બાહીરે એક મોટું વનખંડ કહ્યું છે. તે દેશે ઉણા બે જોજન ચોકફેર ચક્રવાળપણે પોહોળું છે, ને જગતી સમાન ફરતું છે. તે કૃષ્ણ વર્ણે એટલે કૃષ્ણ શ્યામ એકજ કૃષ્ણજ શોભા છે એટલે લીલી શોભા છે. જાવત્ અનેક ગાડાં, પ્રધાન રથ, પાલખી તેહને મુકવાને ઠામે સહીત છે. રમણીક છે, જોવા જોગ્ય છે, સુકમાળ છે, લષ્ટ છે, ધૃષ્ટ છે, મૃષ્ટ છે, રજરહીત છે, કર્દમ રહીત છે, નિર્મળ છે, નિરૂપમ કૃષ્ણ છાંયા છે, કાંન્તિ સહીત છે, સશ્રીક છે, ઉદ્યોતવંત છે, જોવા જોગ્ય છે, દેખવા જોગ્ય છે, અભિરૂપ છે, પ્રતિરૂપ છે.

વળી તે વનખંડ માંહે ઘણુંક સમ મનોહર ભૂમિ ભાગ છે. તે જેહવો મુરજ (ઢોલ વિશેષ) તેહનો તળો, માદળનો તળો, તળાવનું તળ, હથેળી, આરીસાનો તળ, ચંદ્રમાનો મંડળ, સુર્યનો મંડળ, ઘેટાનું ચર્મ, વૃષભનું ચર્મ, વરાહનું ચર્મ, સીંહનું ચર્મ, વાઘનું ચર્મ, છાગનું ચર્મ, દીપડાનું ચર્મ, (ચામડું) તે સરખું સમ તળ છે. અનેક શંકુલ પ્રમાણે કીલક સહસ્ત્ર ગમે તેણે કરી સહીત એહવું દીસે છે. તે મણીમાં લક્ષણની શ્રેણી, પ્રસેણી સ્વસ્તીક, (લક્ષણ વિશેષ) સરાવલાનું સંપુટ, મચ્છ, કચ્છ, મગરમચ્છ; પ્રમુખને લક્ષણે ઇત્યાદિક આકારે સહીત છે. ફુલની શ્રેણી તથા પુષ્પ પ્રમુખ તેણે કરી ભીંત શોભે છે. પંચવર્ણે યુક્ત છે. તે કહે છે. કૃષ્ણ વર્ણ જાવત્ સ્વેત વર્ણે છે. ત્યારે ગૌતમ પુછેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્યાં જે કૃષ્ણ વર્ણે તૃણ ને મણી છે તેહનો એહવો એહવે રૂપે વર્ણ ને શોભા કહીછે? તે યથાનામે જેહવી મેઘની ઘટા, અંજન, ખંજન, કાજળ, સાહી, ગળી, પાડાનો શૃંગ, મહિષ શૃંગ, (સીંગ) નો સમુહ, ભમરા, ભમરાનો સમુહ, ભમરાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંખ, જાંબુનું ફળ, કાક (કાગડો) પક્ષી, કોયલપંખી, હસ્તી, હાથીનો કળભ, (ત્રીશ વરસનો હાથી તે કળભ કહીએ.) કૃષ્ણ સર્પ, કાળા કેશ, કૃષ્ણવર્ણ, ફુલ વૃક્ષ, નિર્મળ આકાશનું તળ, કૃષ્ણ અશોકવૃક્ષ, કૃષ્ણ કણયર, કૃષ્ણ બંધુજીવ (એ ત્રણ વૃક્ષના ભેદ છે) ઇત્યાદિક શ્યામ વર્ણે છે. તે સરખો તે તૃણ ને મણીનો શ્યામ વર્ણ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. તે કૃષ્ણ તૃણ ને મણી તેહનો એહથી અધિક શ્યામ વર્ણ, મનોહર વર્ણ છે. પ્રીતિકારી છે, મનોજ્ઞ છે, મનને ગમતો તેનો વર્ણ કહ્યો છે. **પ્રશ્ન**—હે ભગવંત, ત્યાં જે નીલ વર્ણે તૃણ ને મણિ છે. તેહનો એહવો વર્ણ કહ્યો છે? તે યથાનામે ભૃંગો જીવ, ભૃંગાની પાંખ, નીલચાંસ પક્ષી, નીલચાંસની પાંખ, સુડા, સુડાની પાંખ, નીલી (ગળી) વસ્તુ (નીલ) વસ્તુનો ભેદ, નીલી વસ્તુનો સમુહ, સામો, (ધાન વિશેષ) દાંતનો કાળો રંગ, (વૃક્ષ વિશેષ) વનની ઘટા પ્રમુખ, બળદેવના વસ્ત્ર, મોરની ગ્રીવા, (ડોક) પારેવાની ગ્રીવા, અળસીના ફુલ, બાણ વૃક્ષના ફુલ, (દેશ વિશેષ) અંજન કેસીકા; (વૃક્ષ વિશેષ) તેના ફુલ, નીલા કમળ, નીલો અશોક વૃક્ષ, નીલો કણયર, નીલો બંધુ જીવ (નામા વૃક્ષ.) ઇત્યાદિક નીલ વર્ણે છે. તે વર્ણ સરખો તે તૃણ ને મણિનો વર્ણ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં તે નીલ તૃણ ને મણિનો એહથી અધિક વર્ણ છે. મનોહર વર્ણ છે, જાવત્ સુંદર વર્ણ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્યાં જે રાતે વર્ણે તૃણ ને મણિ છે, તેનો એહવો એહવે રૂપે વર્ણ કહ્યો છે? તે યથા દૃષ્ટાંતે. સસલાનું લોહી, બકરાનું લોહી, મનુષ્યનું લોહી, વરાહ તે સુયરનું લોહી, પાડાનું લોહી, તત્કાળનો ઉપજેલ બાળ મમોલો જીવ, ઉગતો સૂર્ય, સંધ્યાનો જેહવો રાતો વાન, ચણોઠીનો જેહવો અર્ધ ભાગ રાતો, જાતવંત હીંગળો જેમ રાતો, પ્રવાળા, પ્રવાળાના અંકુરા, લોહીતાક્ષ રત્ન, લાખનો રસ, ક્રમીનો રંગ, (તે કીર વિશેષ,) પાટલ જાતના વૃક્ષનું ફુલ, લાલ ફુલ, રાતો કંબલ, કેશુડાના ફુલ, જાસુનાફુલ, રાતો અશોક વૃક્ષ, રાતો કણયર, રાતો બંધુ જીવ નામા વૃક્ષ, ઇત્યાદિક જેમ રાતે વર્ણે છે, એહવો એ તૃણ ને મણિનો રાતો વર્ણ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. તે રાતાં તૃણ ને મણિનો એહથી અધિક વર્ણ છે. જાવત્ સુભ વર્ણ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્યાં જે પીળાં તૃણ ને મણિ છે. તેનો એહવો એહવે રૂપે વર્ણ કહ્યોછે? તે યથા દૃષ્ટાંતે. ચંપક વૃક્ષ, ચંપકની છાલ, ચંપકનો છેદ કીધે જેવો પીળો વર્ણ, હળદર, હળદરનો ભેદ, હળદરની ગોળી, હરીયાળ, હરીયાળનો ભેદ, હરીયાળની ગોળી, ચિકુરનામા વસ્તુ વિશેષ તેહનીમતે વસ્ત્ર પ્રમુખે જેહવો રંગ પીળો, સુવર્ણનો જેહવો પટ્ટ પીળો, ઉત્તમ કનકનો નિઘર્ષ જેવો, સૂવર્ણના વાસણ જેવો, વાસુદેવના વસ્ત્ર જેહવાં પીળાં, સણક વૃક્ષના જેહવાં પીળાં ફુલ, ચાંપાના ફુલ, કૃષ્માંડી વૃક્ષના જેહવાં પીળાં ફુલ, આવળ વૃક્ષના જેહવાં પીળા ફુલ, ઘિસુડા તથા ચીર્ભટ તેહના જેહવાં પીળા ફુલ, સુવર્ણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુથિકા નામે વનસ્પતિ તેહના જેહવાં પીળાં ફુલ, કોરંટ વૃક્ષના ફુલની જેહવી **પીળી માળા,** સુહીરન્યકા નામે વનસ્પતિ તેહનાં જેહવાં પીળાં ફુલ, બીજક નામે વનસ્પતિ તેહનાં જેહવાં પીળાં ફુલ, પીળો અશોક વૃક્ષ, પીળો કણયર, પીળો બંધુ જીવ નામા વૃક્ષ. ઇત્યાદિક જેહવાં પીળાં છે, તેહવો તે તૃણ ને મણિનો પીળો વર્ણ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. તે પીળાં તૃણ ને મણિનો એહથી અધિક વલ્લભ જાવત્ સુભ વર્ણ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્યાં જે શ્વેતવર્ણે તૃણ ને મણિ છે. તેહનો એહવો એહવે રૂપે વર્ણ કહ્યો છે? તે યથાદ્રષ્ટાંતે. અંકરત્ન, દક્ષણાવર્ત્તસંખ, ચંદ્રમા, મચકુંદનું ફુલ, પાણીના ફુવારા, હંસપંખીની શ્રેણી, ક્રોંચપંખીની શ્રેણી, મોતીના હારની શ્રેણી, બગલાની શ્રેણી, ચંદ્રાવળી તે નિર્મળ જળમધ્યે ચંદ્રમાના પ્રતિબીંબની શ્રેણી, શરદ કાળના જેહવાં સ્વેત વાદળાં, અગ્નીએ ધમ્યો જેહવો રૂપાનો પટ્ટ, ધોળા ચોખા તુસ રહીત, મચકુંદના ફુલનો પુંજ, મોરપીંછનો ગર્ભ, સ્વેત કમળનો પુંજ, સુકી છીવાડીનામા વૃક્ષના ફુલ, પદ્મનીકંદ, પદ્મતંતુયા, હાથીના દાંત, લવંગદળ (પત્ર) પોંડરીક કમળનું પત્ર, વર્ષાનું જળ, જાયના ફુલની માળા, ધોળો અશોકવૃક્ષ, ધોળો કણયર, ધોળો બંધુજીવનામા વૃક્ષ, (અશોક વૃક્ષ, કણયર, ને બંધુજીવ-નામા વૃક્ષ, એ ત્રણે વૃક્ષ પાંચે વર્ણે કહ્યાં છે.) ઇત્યાદિકનો જેમ સ્વેત વર્ણ છે. તેહવો એ તૃણ ને મણિનો સ્વેતવર્ણ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. તે સ્વેત તૃણ ને મણિનો એહથી અધિક વલ્લભ જાવત્ શુભ વર્ણ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે તૃણ ને મણિ તેહનો કેહવો ગંધ કહ્યો છે?

**ઉત્તર**—હે ગૌતમ, તે યથાદ્રષ્ટાંતે કોઠના પડા, સુગંધી પાનના પડા, ચુવાના પડા, તગરના પડા, એળચીના પડા, કીર્મેરાનામા દ્રવ્યના પડા, બાવના ચંદનના પડા, કુંકમના પડા, ઉસીરના પડા, (ઉસીર તે ચીરણવૃક્ષનું મુળ જાણવું.) ચંપાના ફુલના પડા, મરૂવાના પડા, દમણાના પડા, જાયના ફુલના પડા, જુઇના ફુલના પડા, માલતીના ફુલના પડા, નવ-માલતીના ફુલના પડા, વાસંતીનામા વૃક્ષના ફુલના પડા, કેતકીના ફુલના પડા, કપુરના પડા, પાડળ વૃક્ષના ફુલના પડા, તેહને મંદ વાયને વિષે મુકતે થકે, પડાને ઉખેળતે થકે, પડાને ભેદતે થકે, કઠ પ્રમુખ ખાંડતે થકે, છેદતે થકે, ખંડોખંડ કરતે થકે, સુગંધી દ્રવ્યનો સંજોગ મેળવતેથકે, ઉખેડતે થકે, વીખેરતેથકે, ભોગવતેથકે, વીચે દેતેથકે, એક ઠામથી બીજા ઠામને વિષે મુકતે થકે. મનોહર મનને ગમતો. નાશીકા અને મનને સુખના કરણહાર એહવા સર્વ દીશે ચોકફેર મનોહર ગંધપ્રતે વાસે. (મુકે) તેવારે ગૌતમ પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે તૃણ ને મણિનો એહવો ગંધ છે?

**ઉત્તર**— હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. તે તૃણ ને મણિનો એહથી અધિક વલ્લભ ગંધ છે. જાવત્ મનને ગમતો નિશ્ચે ગંધ કહ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, તે તૃણ ને મણિનો કેહવો સ્પર્શ કહ્યો છે?

**ઉત્તર**—હે ગૌતમ, તે યથાદ્રષ્ટાંતે કહે છે. મૃગચર્મ પ્રમુખ. પરજીવના પીંખડા, હંસના બાળક, રૂ, હંસગર્ભરત્ન, માંખણ, હંસગર્ભ સેન્યાની તળાય સરખી, અર્કતુલ, સરસવના પુલનો સમુહ, કુંણા કમળના પત્ર તેહનો સમુહ. તેનો સુંવાળો સ્પર્શ હોય. એમ કહ્યેથકે. ગૌતમ પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે તૃણ ને મણિનો એહવો સ્પર્શ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. તે તૃણ ને મણિનો એહથી અધિક વલ્લભ જાવત્ સ્પર્શ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે તૃણના વનને પુર્વ, પશ્ચિમ, દક્ષણ, ઉત્તરદિશ પ્રમુખના મંદ મંદ વાયરા આવતેથકે. તે તૃણાદિક તે વાયરાથી કંપતેથકે, ખોભાતે થકે, ચંચળ થાતેથકે, ક્ષોભના પામતેથકે, માંહોમાંહે ઘસાતેથકે, ઉદેરાતેથકે. કેહવો સ્વર ને શબ્દ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તે યથાદ્રષ્ટાંતે. સીવકા, (પાલખી) સ્યંદમાનિકા, (શીવકાવિશેષ.) અથવા રથ. ઇત્યાદિક છત્ર સહીત, ધ્વજા સહીત, ઘંટ સહીત, તોરણ સહીત, બાર પ્રકારના વાજીંત્ર સહીત, લઘુ ઘુઘરી ને હેમની માળા તેણેકરી ચોકફેર સહીત છે. હેમવંત પર્વતનાં મનોહર વિશીષ્ટ સુવર્ણ જડીત તીનસનામા વૃક્ષના કાષ્ટનો છે. ઉત્તમ સુર્યમંડળ સમાન તેજવંત એહવે ધુંસરે કરી સહીત છે. લોહમય ભલે પ્રકારે પઇડાને પાટો બાંધ્યો છે. પ્રધાન ગુણે કરી સહીત તે રથને અશ્વ જોતર્યા છે. વળી બુદ્ધિવંત એહવો સારથી ઘણુંજ ડાહ્યો તેણે તે અશ્વને ગ્રહ્યા છે. સરસ એકસો તીરે એક તોંણ થાય એહવા બત્રીશ તોંણે સહીત છે. બગતર, ટોપે સહીત યુદ્ધરથ છે, ધનુપ સહીત બીજા પણ છત્રીશ આયુધ્ધે યુક્ત છે. ઢાલ પ્રમુખ પ્રહરણે યુક્ત યોદ્ધા પુરૂષને યુદ્ધ કરવાયુક્ત. તે રથને રાજાના આંગણાને વિષે, અંતઃપુરને વિષે, મોહોલને વિષે, તથા મનોહર મણિબંધ ભૂમિતળને વિષે, વારંવાર વેગેકરી ફેરવતેથકે, પાછો વાળતેથકે; ઉત્તમ મોટા લક્ષણોપેત અશ્વ તેહને વેગેકરી તે રથમાંહેથી ઇષ્ટ મનોહર મનને ગમતા કર્ણ ને મન તેહને સુખના કરણહાર સર્વદિશે શબ્દ નિસરે. એમ કહ્યે થકે ગૌતમ પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે તૃણ અને મણિનો એવો શબ્દ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. વળી બીજો દ્રષ્ટાત કહે છે. તે યથા નામે પ્રભાત સમયે વૈતાળકી વિણા તે તાળ વિના વાજે તે વિણા. ગંધાર સ્વરની મુર્છાએ કરીને ખોળાને વિષે ભલે પ્રકારે મુકી બાવના ચંદનની વિણા તેને કોઇ કુશળ પુરૂપ અથવા સ્ત્રીએ ઝાલીને પ્રભાત કાળ સમયે હળવે હળવે સ્વર વિશેષે વજાડતે થકે, મુર્છા પ્રામ કરતે થકે, ઉદેરતેથકે. ઉદાર મનને ગમતા કર્ણ ને મન તેને સુખના ઉપજાવણહાર સર્વ દિસે શબ્દ નીસરે, એવું કહયે થકે વળી ગૌતમ પુછેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે તૃણ અને મણિનો એવો સ્વર છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. વળી ત્રીજો દ્રષ્ટાંત કહે છે. તે યથાનામે. કિન્નરનામા દેવતા, કિંપુરૂષનામા દેવતા, મહોરગનામા વ્યંતરદેવતા, ગાંધર્વનામા વ્યંતર દેવતા તે દેવતા મેરૂ પર્વતના ભદ્રસાળ વનને વિષે અથવા મેરૂ પર્વતના નંદન વનને વિષે, અથવા મેરૂના સોમનસ વનને વિષે, અથવા મેરૂના પડંગ વનને વિષે, અથવા હીમવંત પર્વત મળ્યાચળ, મેરૂપર્વતની ગુફાને વિષે ગયા થકા, એકઠા એકઠામે બેઠાં થકાં, સમ્યકપણે કોઇ કોઇના વિખવાદ રહિત રહ્યાં, પ્રમુદિત, હર્ષવંત, ક્રીડાવંત, હરખેકરી ક્રીડા કરતાં થકાં, ગીતરતી નામે ગાંધર્વ હર્ષ સહીત મને કરી ગાયન વિષે વૃતાદિક પદ્ધ કવિતાદિ ગાયને યુક્ત, પદે બંધ પદે બંધ ધુરથકી ગાયન કરતાં થકાં, પ્રવર્ત્તતાં થકાં હળવે હળવે રૂચતું થકું સાત સ્વરે યુક્ત,J આઠ રસે સહીત,N ૭ દોષે રહીત,P અગ્યાર ગુણના અલંકાર તેણે યુક્ત,S ગીતના આઠ ગુણ તેણે યુક્તN. ગુંજતો થકો વંસની નળી એટલે વાંસળી સમાન પછા પૂર્વોક્ત સ્વરૂપ ને ત્રિ સ્થાન કરણશુદ્ધ એટલે ઉરઃશુદ્ધ ૧, કંઠશુદ્ધ ૨, શિરશુદ્ધ ૩, એ ત્રણ ઠામે શુદ્ધ મધુર સ્વરે લલીત સહીત મનોહર મૃદુ (કોમળ) સ્વરે સહીત, મનોહર પદને સંચારે શુભ શોભનીક સાંભળવે કરી સાંભળવાવાળાને આનંદ થાય, ઉત્તમ મનોહર રૂપ એવો દેવતા સંબંધી નાટક તત્કાળ ગીતને ગાવે તે શોભનીક સાંભળવા જોગ ગાયન કરે. એવું કહ્યેથકે. વળી ગૌતમ પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે તૃણ ને મણિ પ્રમુખનો એવો શબ્દ છે?

---

J ષડજ ૧, રૂષભ ૨, ગંધાર ૩, મધ્યમ ૪, પંચમ ૫, ધૈવત ૬, નિષધ ૭, એ સાત સ્વર.

N શૃંગાર પ્રમુખ સહિત.

P ભીતિ નામા દોષ—તે અધીક ત્રાસવાળા મનથી બીહતા બીહતા ગાવું તે ૧, દ્રુતદોષ-ઉતાવળું ગાવું તે ૨, ઉપ્પિથદોષ-આકુળ વ્યાકુળ થઇ સ્વાસ યુક્ત ઉતાવળું ગાય તે ૩, ઉતાળદોષ-તાળસ્થાન અતીક્રમીને ગાય તે, ૪, કાકસ્વરદોષ-સાનુનાસિક ગાવું (પાતળે સ્વરે ગાવું) તે ૫, અનુનાસિકદોષ-નાકમાંથી સ્વર કાઢી ગાવું તે ૬, એ ૭ દોષ.

S આ અલંકાર તેણે સહીત તે અલંકાર પૂર્વના અંતર્ગત સ્વર પાહુડાને વિષે સારી રીતે કહ્યા છે.

N+ પૂર્ણ ગુણ—સ્વર કળાએ પૂર્ણ ગાય તે ૧, રક્તગુણ-ગાયન કરવા યોગ્ય તેના રાગથી અનુરક્તપણે ગાય તે ૨, અલંકૃત ગુણ-અન્યોન્ય સ્વર વિશેષ કરવે કરીને અલંકારની પેઠે શોભતું ગાય તે ૩, વ્યકતગુણ-અક્ષર સ્વર સ્પષ્ટ કરવે કરીને વ્યકત પ્રગટપણે ગાય તે ૪, અવિપુષ્ટગુણ-વિપરીત સ્વરથી બકોર બુમો બકવાદ રહીત ગાય તે ૫, મધુર ગુણ-જેમ વસંત માસે કોયલ સરખો મધુર સ્વર હોય તેમ મધુર સ્વરે ગાય તે ૬, સમગુણ-તાળ, વંશ સ્વરાદિકને અનુસરતું ગાય તે ૭, સ લલીતગુણ-સ્વર ઘોળણા પ્રકારે કરી લલિતપણા સહિત ગાય તે ૮, એ આઠ ગુણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, હા, એવો તે તૃણ અને મણિ પ્રમુખનો શબ્દ છે.

વળી તે વનખંડને તે તે ઠામે ત્યાં ત્યાં ઘણી લઘુ, મોટી, ચોખૂણી વાવ, ગોળ વાવ, જેમાં ફુલ થાય તે પુષ્કરણી, ગુંજાળીકા તે ઢાકી વાવ, લાંબી વાવ, સરપંક્તી તે એક લેન હોય તે, સરપંક્તિઓ તે એકતું જળ બીજામાં જાય આવે તે. બીલ પંક્તિ તે કુવાની પંક્તિ, તે નિર્મળ સ્ફટિકની પરે સુકુમાળ છે. રત્નમય તેના કાંઠા છે. વજ્રમય તેના પાષાણ છે. તેણે કરી પાસા બાંધ્યા છે. સુવર્ણમય તેનાં તળીયાં છે. વૈડુર્ય ને સ્ફટિક રત્ન તેના તટ છે. સુવર્ણ ને રૂપામય તેની વેળુ છે. સુખે પ્રવેશ કરવા જોગ્ય છે. સુખે ઉતરવા જોગ્ય છે, નાના પ્રકારના રત્ન તેણે કરી તિર્થ ભીંત બાંધી છે. ચોખુણી છે, સમ તટ છે, અનુક્રમે નમતું નમતું જળનું ઠામ છે, ત્યાં ગંભીર શીતળ જળ છે. મૃણાલ નામે કમળ તેના પત્રે કરી ઢંકાણી છે. ઘણા ઉત્પળ, કુમુદ, નલીણ, સુભગ, સોગંધીક, પુંડરીક, સત-પત્ર, સહસ્ત્ર પત્રે ઇત્યાદિક કમળ તેના પત્ર ને કેસરાં તેણે કરી સહીત છે. ત્યાં તે કમળ પ્રતે ભમરા પ્રમુખ ભોગવે છે. નિર્મળ પાણીએ કરી તે વાવ પ્રતિપૂર્ણ ભરી છે. ત્યાં મચ્છ, કચ્છ પ્રમુખ ભમતા છે, ત્યા અનેક પંખીના જુગળ મૈથુન ક્રીડા કરે છે. એવી તે વાવ છે. તે દરેક વાવ પ્રમુખ પ્રત્યેક પ્રત્યેક પદ્મવર વેદિકાએ કરી સહીત છે. પ્રત્યેકે પ્રત્યેકે વનખંડે કરી સહીતછે. તેમાં કેટલીક વાવ પ્રમુખના પાણી ચંદ્રહાસ મદીરાના સરખાંછે. કેટલીક વાવ પ્રમુખના વારૂણી સમુદ્રના પાણી સરખાં પાણી છે. તે તાડી સમાન છે. કેટલીક વાવના ગો દુધ સરખાં પાણી છે. કેટલીક વાવના પાણી ધૃત સરખાં છે. કેટલીક વાવના પાણી પાણી સરખાં છે. કેટલીક વાવના પાણી શેલડીના રસ સરખાં છે. કેટલીક વાવનાં પાણી અમૃત સરખાં છે. કેટલીક વાવનાં પાણી સ્વભાવીક મોતી સરખાં ઉજ્વળ છે. જોવા જોગ્ય છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે નાની વાવ જાવત્ બીલ પંક્તિ તે કુવા પ્રમુખ તેહને તે તે ઠામે ત્યાં ત્યાં ઘણાં ચારે દીશે તેમાં એકેકે દીશે ત્રણ ત્રણ પગથીઆં છે તે પગથીઆંનો એવો એવે રૂપે વર્ણ ને શોભા છે તે કહે છે. વજ્ર રત્નની તે પગથીઆંની ભૂમિછે. અરીષ્ટ રત્નનાં પગથીઆંનાં મુળ છે. વૈડુર્ય રત્નનાં થંભ છે. સોનાનાં ને રૂપાના તે પગથીયાંનાં પાટીઆં છે. વજ્ર રત્નની તે પાટીયા વચ્ચે સંધી પૂરી છે, લોહીતાક્ષ રત્નની તે પાટીયા વચે ખીલી છે. નાના પ્રકારના ત્યાં ઝાલવાના અવલંબન છે. ને અવલંબનની બાંહા છે. તે ત્રીસોપાન (પગથીયાં)ને આગળે પ્રત્યેકે પ્રત્યેકે પગથીઆં પ્રત્યે તોરણ કહ્યાં છે. તે તોરણ નાના પ્રકારનાં મણિ રત્નનાં છે. તે રત્નમય થંભને વિષે સનીવિષ્ટ છે. એટલે બંધરૂપ છે. વિવિધ પ્રકારના મુકતાફળ તેણે કરી સહીત છે. વિવિધ પ્રકારના તારા જે ચંદ્રિકા તેને રૂપે કરી શોભિતછે. વળી તે તોરણને વિષે મૃગ, વૃષભ, અસ્વ, મનુષ્ય, પંખી, મગરમચ્છ, સર્પ, કિંનરનામા વ્યંતર, ગેંડા, સીંહ, ચમરીગાય, વનહસ્તી, વનલતા, પદ્મલતા ઇત્યાદિકના મનોહર રૂપ છે. થંભ ઉપરે વજ્રમય વેદિકા એટલે કુંભી છે. તેણે કરી તે તોરણ મનોહર છે. તે થંભનેવિષે વિદ્યાધરના જુગળ સમ શ્રેણીએ સૂર્યના સહસ્ત્ર કીરણ તેથી પણ અધિક તેજવંત છે. સહસ્ત્રગમે રૂપે યુક્ત છે. તેજે કરી દીપે છે. વિશેષે તેજે કરી દે દીપમાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. ચક્ષુને જોવા જોગ છે. સુખકારી સ્પર્શ છે. સશ્રીક રૂપ છે, જોવા જોગ છે, જાવત્ મનોહર છે.

વળી તે તોરણુ ઉપરે ઘણાં આઠ આઠ મંગળીક કહ્યાંછે સાથીઓ ૧, શ્રીવછ ૨, નંદાવર્ત ૩, વર્ધમાન સંપૂષ્ટ ૪, ભદ્રાસન ૫, કળસ ૬, મછજુગમ ૭, ને આરીસો ૮. એ આઠે મંગળીક સર્વે રત્નમય છે. નિર્મળ છે, સુકમાળ છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે તોરણુને ઉપરે ઘણી કૃષ્ણુ ચામરની ધ્વજા, નીલા ચામરની ધ્વજા, રાતા ચામરની ધ્વજા, પીળા ચારની ધ્વજા, ધોળા ચામની ધ્વજા. નિર્મળ છે, સુકમાળ છે. તે ચામરને રૂપાનો પટ્ટ છે. વજ્ર રત્નના તેના દંડ છે. કમળના સરખો તેનો ગંધ છે, સરૂપ જોવા જોગ છે. જાવત્ મનોહર છે.

વળી તે તોરણુને ઉપરે ઘણાં છત્ર તે ઉપરે છત્ર ને વળી તે ઉપરે છત્ર છે. ધ્વજા તે ઉપરે ધ્વજા છે. ઘંટાનાં ઘણાં જુગળ છે. ચામરનાં ઘણાં જુગળ છે. ઘણાં ઉત્પલ હસ્ત કમળના રૂપ છે. જાવત્ લક્ષપત્ર કમળ હસ્ત એવા સરૂપ છે. સર્વ રત્નમય છે. નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે લઘુ વાવ પ્રમુખ જાવત્ કુવાની પંક્તિને વિષે તે તે ઠામે ત્યાં ત્યાં ઘણાં ઉત્પાત પર્વત છે. ત્યાં વ્યંતર પ્રમુખ દેવતા દેવીઓ વિચિત્ર ક્રીડા કરવા નિમીતે વૈક્રીય શરીર કરેછે. (જ્યાં વૈક્રીય શરીર કરીને ક્રીડા કરે,) તે નિયતિ પર્વત, જગતિ પર્વત, દારૂ પર્વત, સ્ફટીક રત્નના મંડપ, સ્ફટીકના મંચક, દકમાળ, (પ્રાસાદ વિષેશ) સ્ફટીકનામા પ્રસાદ, તે ઉંચાં છે ને લાંબપણે પહોળપણે લઘુ છે. વળી ત્યાં અદોલકને હીંડોળાખાટ, પક્ષાદોલક, તે પક્ષી બેસવાના ઠામ ઇત્યાદિક સર્વે રત્નમય છે. નિર્મળ છે, જાવત્ પ્રતિરૂપછે.

વળી તે ઉત્પાત પર્વતને વિષે જાવત્ પક્ષાદોલને વિષે ઘણાં હંસને આકારે સીંહાસન છે, ક્રૌંચને આકારે સીંહાસન છે, ગરૂડને આકારે સીંહાસન છે, ઉન્તાસન, નમતાસન, દીર્ઘાસન, સજ્યા પ્રમુખ ભદ્રાસન, પક્ષાસન, મયુરને આકારે આસન, વૃષભને આકારે આસન, સીંહને આકારે આસન, પદ્મને આકારે આસન, સાથીયાને આકારે આસન છે. તે આસન સર્વે નિર્મળ છે, સુકમાળ, લષ્ટ છે, ધૃષ્ટ છે, મૃષ્ટ છે, રજ રહીત નિર્મળ છે, રત્નમય છે. કર્દમ રહીત નિરૂપકષ્ટ છાંયા છે. કાન્તિ સહીત છે, સશ્રીક છે. ઉદ્યોતવંત છે. જોવા જોગ છે. દેખવા જોગ છે, અભિરૂપ છે, પ્રતિરૂપ છે.

વળી તે વનખંડને વિષે ત્યાં ત્યાં તે તે ઠામે ઘણાં આલી નામે વનસ્પતિના ઘર, માલીનામા વનસ્પતિના ઘર, કેળીના ઘર, લતાના ઘર, આસ્થાન ઘર, છનઘર, સ્નાન કરવાના ઘર, પ્રધાન ઘર, ગર્ભ ઘર, મોહનઘર, પટસાળ ઘર, જાળીયાના ઘર, ફુલના ઘર, ચીત્રામ સહીત ઘર, ગાયન કરવું તેના ઘર, આરીસાના ઘર, ઇત્યાદિક સર્વે રત્નમય છે. નિર્મળ છે, સુકુમાળ છે, ધૃષ્ટ છે, મૃષ્ટ છે, રજ રહીત નિર્મળ છે. કર્દમ રહીત છે, નિરૂપકષ્ટ છાંયા છે, કાન્તિ સહીત છે, સશ્રીક છે, ઉદ્યોત સહીત છે, જોવા જોગ છે. દેખવા જોગ છે. અભિરૂપ છે. પ્રતિરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી તે આળી પ્રમુખના ઘરને વિષે, જાવત્ આદર્શનના ઘરને વિષે, ઘણાં હંસાસન છે. જાવત્ દિશા સો સ્વસ્તિકાસન છે. તે સર્વ રત્નમય છે જોવાયોગ્ય છે. જાવત્ પ્રતિરૂપછે.

વળી તે વનખંડને વિષે, તે તે ઠામે ત્યાં ત્યાં ઘણાં જાયના માંડવા, જુઇના માંડવા, માલતીના માંડવા, નવમાલતીના માંડવા, વાસંતીનામા વનસ્પતિના માંડવા, દધીવાસુકીનામા વનસ્પતિના માંડવા, નાગરવેલીના માંડવા, ધ્રાખના માંડવા, નાગલતાના માંડવા, અતીમુક્ત મંડપ, આસ્ફોટ મંડપ, નાલેરીના માંડવા, સામળવૃક્ષના માંડવા, નિત્યે ફળ્યાં ફુલ્યાં સર્વ રત્નમય છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે જાયના માંડવાને વિષે જાવત્ સામળવૃક્ષના માંડવાને વિષે ઘણા પૃથ્વીમય શીલાના પટ્ટ છે. તે કહે છે. હંસને સંસ્થાને સંસ્થીત છે, ક્રોંચપંખીને સંસ્થાને સંસ્થીત છે, ગરૂડપંખીને સંસ્થાને સંસ્થીત છે, ઉનતાસને સંસ્થીત છે, નમ્રાસને સંસ્થીત છે, દીર્ઘાસન સજ્યાને આકારે સંસ્થીત છે, ભદ્રાસનને સંસ્થાને સંસ્થીત છે, પક્ષાસનને સંસ્થાને સંસ્થીત છે, મગરમચ્છને સંસ્થાને સંસ્થીત છે, વૃષભને સંસ્થાને સંસ્થીત છે, સીંહાસનને સંસ્થાને સંસ્થીત છે, પદ્માસનને સંસ્થાને સંસ્થીત છે, દીશા સો સ્વસ્તિકાસનને સંસ્થાને સંસ્થીત છે, વળી ત્યાં ઘણી ઉત્તમ સજ્યા ને આસન તેહને સંસ્થાને પૃથ્વીશીલાના પટ્ટ છે. અહો સાધો આયુષ્યવંતો! તેનો સ્પર્શ સુકમાળ છે. તે જેવો મૃગચર્મ, રૂ, બુરનામા વનસ્પતિ, માંખણ, અર્કતુલ, તે સરખો સુકુમાળ સ્પર્શ છે. તે સર્વ રત્નમય છે. નિર્મળ છે, જાવત્ પ્રતિરૂપ છે. ત્યાં ઘણા વ્યંતરીક દેવતા ને દેવાંગ્ના વિશ્રામ કરે છે, સુવે છે, (શ્રી ભગવતિજી સૂત્રના પાંચમા સતકમાં દેવતાને નિંદ્રા કહી છે) બેસે છે, પાસુ પાલટે છે, રમે છે, ઇચ્છીત સુખ ભોગવે છે. ક્રીડા કરે છે, મોહ પામેછે. પુર્વલા ભવના પુર્વલા ઉત્તમ આચરીત, ઉત્તમ મનોહર શુભ કલ્યાણકારીયા કૃતકર્મ તેહના ઉત્તમ ફળ વૃત્તિવિશેષ ભોગવતાં થકાં વીચરે છે. એ વનખંડનો વર્ણન પુરો થયો.

વળી તે જગતી ઉપરે ને પદ્મવર વેદિકાને બાહીલે પાસે ઇહાં એક મોટો વનખંડ કહ્યો છે. તે વનખંડ દેશેઉણા બે જોજન પહોળપણે છે ને વેદિકા સમાન ફરતો છે. કૃષ્ણ છે. કૃષ્ણશોભા છે. તે પુર્વલા વનના વર્ણન સમાન એ વનનો વર્ણન તૃણના શબ્દ રહીત જાણવો. (મતલબ કે આ વનમાં તેટલું ઓછું છે.) તે વનને વિષે ઘણા વ્યંતરીક દેવતા ને દેવાંગ્ના વિશ્રામ કરે છે, શયન કરે છે, બેસે છે, નિષિધ્યા કરે છે, પાસો પાટલે છે, રમે છે, સુખ ભોગવે છે, ક્રીડા કરે છે, મોહ પામે છે. પુર્વલા ભવના પુર્વલા શુભ આચરીત શુભ કૃતકર્મ શુભ મનોહર એહવા કર્મ તેહના ફળ વૃત્તિવિશેષ ભોગવતાં થકાં વિચરે છે. એ જગતિનો વર્ણન પુરો થયો.

## ૫૮ જંબુદ્વીપના દ્વારનો અધિકાર.

**પ્રશ્ન—**હે ભગવંત, જંબુદ્વીપ નામાદ્વીપ તેને કેટલાં દ્વાર કહ્યાં છે?

**ઉત્તર—**હે ગૌતમ, તેના ચાર દ્વાર કહ્યાં છે. વિજય ૧, વિજયંત ૨, જયંત ૩, ને અપરાજીત ૪ એ ચાર છે. તેમાં પ્રથમ વિજયદ્વારનું વર્ણન પુછે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, જંબુદ્વીપનામા દ્વીપ તેનું વિજયનામા દ્વાર કયાં છે?

**ઊ-તર**—હે ગૌતમ, જંબુદ્વીપનામા દ્વીપ ત્યાં મેરૂ પર્વત તેને પૂર્વદીશે પીસ્તાલીશ હજાર જોજન જઇએ ત્યાં જંબુદ્વીપનામા દ્વીપને પુર્વદીશે ને લવણ સમુદ્ર પુર્વદીશનાને પશ્ચિમ દીશે સીતા માહાનદીને ઉપરે ત્યાં જંબુદ્વીપનામા દ્વીપનું વિજયનામા દ્વાર છે. તે દ્વાર આઠ જોજન ઉંચું ઉંચપણે છે, ચાર જોજન પહોળપણે છે, ને તેમજ ચાર જોજન પ્રવેશે લાંબપણે છે. શ્વેત વર્ણે છે. ઉત્તમ સુવર્ણનું તો તેહનું શીખર છે. ત્યાં હાથી, મૃગ, વ્રષભ, અશ્વ, મનુષ્ય, મગર, પંખી, સર્પ, કિન્નરનામા વ્યંતરદેવ, રૂરૂનામા જીવ, ગેંડો. ચમરીગાય, અષ્ટાપદ, વનલતા, પદ્મલતા. ઇત્યાદિક તેણે કરી ચિત્રામે કરી યુકત છે. થંભમાથે ઉત્તમ વેદિકા (કુંભી) તેણેકરી સહીત છે. મનોહર છે. વિદ્યાધરના જુગળ તેહના આકાર તેણે કરી તે થંભ યુકત છે. સૂર્યના હજારોગમે કીરણ તેના તેજથી અધિક તેનું તેજ છે. હજારોગમે રૂપ તેણે કરી સહીત છે, તેજેકરી દેદીપમાન વિશેષે તેજે કરી દેદીપમાન ચક્ષુને જોવા યોગ્ય છે. સુખકારી સ્પર્શ છે. સશ્રીક રૂપ છે. વજ્રરત્નમય તેનો ભૂમિ ભાગ છે. અરીઠ રત્નમય પગથીયાંના મૂળ છે. વૈડુર્ય રત્નમય થંભ છે, સુવર્ણે કરી સહીત ઉત્તમ પંચવર્ણા મણિ રત્ન તેણે કરી તેનું ભૂમિતળ બાંધ્યું છે, હંસગર્ભ રત્નનો ભૂમિનો ઉંબરો બાંધ્યો છે. ગોમધ્ય રત્નના હેઠલા ટોડલા છે ને ઉલાળો છે. લોહીતાક્ષ રત્નમય બારસાખ છે. જ્યોતિષ રત્નમય બારસાખનાં ઉપરલાં ચાંપણાં છે. વૈડુર્ય રત્નમય કપાટ (કમાડ )છે. વજ્રરત્નમય માંહેલી સંધી જડી છે. લોહીતાક્ષ રત્નમય બે પાટીયા વચ્ચે ખીલી છે. નાના મણીમય સમુદગક (ચણીયારાં) છે, વજ્રરત્નમય ભોગળ છે. ને ભોગળનો ઠામ પણ વજ્ર રત્નમય છે. વજ્રરત્નમય આવર્ત્તન પીઠીકા ઉલાળો છે. અંકરત્નમય દ્વારના બે પાસા છે. આંતરા રહીત નિવડ અભંગ કમાડ છે. તે દ્વારને બેઉ પાસે ચોખા બેસવાના છપન ત્રીકા ઓટલા છે. (છપન ત્રીકા એટલે એકસો અડસઠ) તે પાસે પણ એકસો અડસઠ ગોમાન સીકાં છે. નાના મણિમય સર્પના રૂપ છે. લીળાએ કરી સહીત એવી બે પાસે દ્વારને પુતળી છે. વજ્ર રત્નમય શીખર છે. રૂપામય ઉપરલો પીઠ છે. સર્વ સુવર્ણમય ચંદ્રુયા છે, નાના મણિમય જાળ પંજર ગ્વાક્ષ (ગોખ) છે. મણિમય ઉપલો વંશ છે. લોહીતાક્ષ રત્નમય પ્રતિવંસ છે. રૂપામય ભૂમિ છે, અંકરત્નમય આડસરના થાંભા છે. ને બીજા પણ થાંભા અંકરત્નમય છે. જ્યોતિષ રત્નમય વંસ તે વળા છે. અનેક વેળુકા તે ખાપ (ખપેડા છે) તે પણ જ્યોતિષ રત્નમય છે. રૂપામય તે ઉપરે પાટી છે. સુવર્ણમય તે વચ્ચે પાતળી છોઇ છે. વજ્રરત્નમય તે વચ્ચે સુક્ષ્મ તૃણ સમાન આચ્છાદાન હેતુ છે. તે ઉપરે સર્વ શ્વેત રૂપામય આચ્છાદાન છે. અંકરત્નમય પક્ષ બાંહા છે. સુવર્ણના શીખર છે. સુવર્ણમય તે ઉપરે થુભીકા છે. શ્વેત દક્ષણાવર્ત શંખનો ઉપરલો ભાગ, નિર્મળ દધીનો પીંડ, ગાયનું દુધ, સમુદ્રના ફીણ, રૂપાના પુંજ. તે સરખો પ્રોળનો પ્રકાશ છે. તીલક રત્ન તથા અર્ધ ચંદ્ર તેણે કરી સહીત અનેક ચીત્રામ છે. નાના પ્રકારના રત્નની માળા તેણે કરી દ્વારના મુખ શોભીત છે. બાહીર ને માંહે સુકુમાળ છે. વળી તે પ્રોળમધ્યે સુવર્ણની વેળુ પાથરી છે. શુભ સ્પર્શ છે. સશ્રીક રૂપ છે, જોવાયોગ્ય છે. જાવત્ પ્રતિરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી તે વિજય નામે દ્વાર તેને બે પાસે ઓટલા છે, તેને વિષે બે બે ચંદને ચર્ચિત કળશ છે તે ચંદને ચર્ચિત કળશ ઉત્તમ કમળ ઉપરે થાપ્યા છે, સુગંધી ઉત્તમ પાણીએ કરી પ્રતિપુર્ણ ભર્યા છે. વળી તે કળશને બાવના ચંદનના છાંટા કીધા છે તેના ગળાને વિષે રકત સુત્રના દોરા બાંધ્યા છે. તેને કમળનાં ઢાંકણાં છે. એ કળશ પ્રમુખ સર્વ રત્નમય છે. નિર્મળ છે, સુકમાળ છે, જાવત્ પ્રતિરૂપ છે. મોટા મોટા મહેંદ્ર કુંભ સમાન તે કળશ કહ્યા છે. અહો સાધો આવખાવંતો!

વળી તે વિજય નામે દ્વારને બે પાસે બેસવાને સ્થાનકે બે બે ગજદંત સરખા ખીલા છે. તે ગજદંતે ઘણી મોતીની માળા, લંબાયમાન હેમની માળા, ગવાક્ષ (ગોખ)ને આકારે રત્નની માળા ને ઘુઘરમાળ પ્રમુખ વળગાડી છે. તે ગજદંતા કાંઇક ઉંચા છે, સન્મુખ નીકળ્યા છે. ત્રીછા ભીત પ્રદેશને વિષે રૂડીપરે રહ્યા છે. હેઠે સર્પના અર્ધ આકાર સમાન છે. સર્પાર્ધ સંસ્થાને સંસ્થીત છે. સર્વ રત્નમય છે. નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે. એવા મોટા મોટા નાગદંતા હાથીના દંત સમાન કહ્યા છે. અહો સાધો આયુષ્યવંતો!

વળી તે નાગદંતાને વિષે ઘણા કૃષ્ણ સૂત્રે બાંધી લંબાયમાન ફુલની માળાના સમુહ વળગાડયા છે, એમ નીલા, રાતા, પીળા ને ધોળા. સૂત્રે બાંધી લંબાયમાન માળાએ કરી સહીત છે. તે માળાને સોનાના ફુમકાં છે. સોનાની પાંદડીએ મંડીત છે. નાના મણિરત્ન વિવિધ હાર ને અર્ધહાર તેણે કરી સહીત છે. જાવત્ શોભાએ કરી અત્યંત અત્યંત શોભતાં થકાં શોભતાં થકાં રહે છે.

વળી તે નાગદંતા ઉપરે વળી બીજા બે બે નાગદંતા છે. તે નાગદંતા મોતીની માળાએ કરી શોભીત છે. તેનો વર્ણન પુર્વપરે જાણવો. અહો સાધો આયુષ્યવંતો!

વળી તે નાગદંતાને વિષે ઘણાં રત્નમય સીકાં છે. તે રત્નમય સીકાંને વિષે ઘણા સંશ્રીક સોભાવંત વૈડુર્ય રત્નમય ધુપના કડચ્છા છે. તે ધુપના કડચ્છાને વિષે કૃષ્ણાગર, ઉત્તમ કુંદરૂક તેહને ધુપે કરી મઘ મઘાયમાન ગંધને ઉત્કૃષ્ટપણે કરી મનોહર છે, સુગંધ ગંધે કરી ગંધવંત છે. ગંધની વૃત્તી ભૂત ઉદાર મનોજ્ઞ મનોહર નાશીકા અને મન તેહને સુખ ઉપજાવે એહવે ગંધે કરી પ્રદેશપ્રતે સર્વ દીસે ચોકફેર પુરતીથકી પુરતીથકી અત્યંત અત્યંત સોભતીથકી સોભતીથકી જાવત્ રહે છે.

વળી તે વિજય નામે દ્વાર તેને બે પાસે ચોતરા છે. તેને વિષે બે બે સાળભંજીકા (પુતળી) કહીછે તે પુતળી લીળાવંત ભલે પ્રકારે થાપી છે ભલે અલંકારે અલંકૃત છે નવ નવા આકારના વસ્ત્ર છે. તે પુત્તળીએ નવ નવા પ્રકારની ફુલની માળા કંઠે પેહેરી છે. મુષ્ટીએ ગ્રાહય છે કટી પ્રદેશ પાતળો છે જેનો. શીખર સરખા સમાન સરખા વૃત્તાકારે ઉંચા પુષ્ટ માંસે યુક્ત એહવાં તેના પયોધર છે. તેના નેત્રના ખૂણા રાતા છે, કાળા છે. કેશ કોમળ નીર્મળ ભલા લક્ષણ સહીત પ્રસરત સંવર્યો છે છેડો જેહનો એહવા મસ્તકના કેશ છે. થોડોક સ્યો અશોકવૃક્ષને આશ્રીત છે શરીર જેહનો. ડાબે હાથે અશોક વૃક્ષની શાખા ગ્રહીછે. થોડોક સ્યો અર્ધ કટાક્ષ તેહની ચેષ્ટાએ કરી દેવતા પ્રમુખના મનને હરતીથકી ચક્ષુને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિલોકવે કરી માંહો માંહે જાણીએ હાસ્ય કરતિ હોયની! તે પૂત્તળી પૃથ્વીકાયમય છે. સાસ્વતે ભાવે કરી પ્રાપ્ત છે એટલે સાસ્વતી છે. તેનો ચંદ્રમા સરખો મુખ છે. ચંદ્રમાના સરખો મનોહર વિલાસ છે. અર્ધ ચંદ્રમા સરખું તેનું નિલાડ (કપાળ) છે, ચંદ્રથકી અધીક શૌમ્ય દર્શન છે. ઉલ્કાપાતની પરે ઉદ્યોત કરતી છે. મેઘની વીજળી તેહથી દે દીપમાન, સૂર્યથી પણ દે દીપમાન અધિકતર તેહનો પ્રકાશ છે. સોળે શૃંગાર ને આકાર તેણે કરી મનોહર વેષ છે, જોવા જોગ્ય છે. જાવત્ પ્રતિરૂપ છે. તેજે કરી અત્યંત અત્યંત સોભતી સોભતી થકી રહે છે.

વળી તે વિજ્યનામે દ્વાર તેહને બે પાસે ઓટલાને વિષે બે બે જાળી કટકના (કડાના) સમુહ છે. તે જાળ કટક સર્વ રત્નમય છે. નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે વિજ્યનામે દ્વાર તેહને બે પાસે ઓટલાને વિષે બે બે ઘંટા કહી છે. તે ઘંટાનો એહવો એહવે રૂપે વર્ણન કહ્યો છે તે કહે છે. જંબુનંદ રત્નની ઘંટા છે. વજ્ર રત્નમય લાલાં (લોલક) છે. નાના મણિમય ઘંટાના પાસા છે. સુવર્ણમય તેની સાંકળ છે. રૂપામય રાસડાં છે. તે ઘંટાનો ઓઘ (ગંભિર) સ્વર છે. મેઘના સરખો સ્વર છે, હંસના સરખો સ્વર છે, ક્રોંચના સરખો સ્વર છે, બાર વાજાં સામટાં વાજે તે નંદીસર કહીએ તેહના સરખો સ્વર છે. તેહના સરખો ઘોસ છે. મીઠો સ્વર છે, મીઠો ઘોષ છે. ભલો સ્વર છે. ભલો સ્વરનો ઘોસ છે. તે સ્થાનકના પ્રદેસ ઉદાર મનોજ્ઞ સ્વરે કાન ને મન તેને સુખનો કરણહાર એહવે શબ્દે જાવત્ રહે છે.

વળી તે વિજ્યદ્વારને બે પાસે ઓટલાને વિષે બે બે વનમાળા કહી છે. (વનમાળા તે જેમધ્યે પત્ર, પુષ્પ, ફળ, અંકુરા ને શાખા. એ પાંચ એકઠાં ગુંથ્યા હોય તે જાણવી.) તે વનમાળા નાના પ્રકારના ફુલ, લતા, ટીસી, અંકુરા તેણે કરી સહીત છે. ભમરા પ્રમુખ જીવે ભોગવતીથકી શોભાયમાન મનોહર છે જોવા જોગ્ય છે. જાવત્ પ્રતિરૂપ છે. ત્યાંના પ્રદેશ ઉદાર જાવત્ ગંધે કરી પુરતીથકી જાવત્ રહે છે.

વળી તે વિજ્યદ્વારને બે પાસે ઓટલાને વિષે વળી બે બે ચોખૂણા ઓટલા છે. તે ઓટલા ચાર જોજન લાંબા, પોહોળા છે. ને બે જોજન જાડપણે છે. સર્વ રત્નમય છે. નિર્મળ છે જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે ચોખૂણા ઓટલા ઉપરે પ્રત્યેક પ્રત્યેક પ્રાસાદાવતંસક છે તે પ્રાસાદાવતંસક ચાર જોજન ઉંચા ઉંચપણે છે, બે જોજન લાંબપણે ને પોહોળપણે છે. સનમુખ નીકળી સર્વ દીસે પસરી પ્રભા તેણે કરી જાણીએ કાંન્તિ ખળાતી રહેતી નથી? એહવા પ્રાસાદ છે. વિવિધ પ્રકારના મણિરત્ન તેહની ભાંતે કરી ચીત્રીત છે. વાયરે કરી કંપીત વિજ્ય અને વેજ્યંતી ધ્વજા છે. છત્ર ને તે ઉપરે છત્ર તેણે કરી સહીત છે. તે પ્રાસાદના શીખર અત્યંત ઉંચા છે. આકાશ તળને ઉલંઘે છે શીખર જેહના ભૂવનની ભીંતે જાળી છે, તેહની સોભા છે, ને રત્ન જડીત છે. તે જેહવાં કરંડીયા મધ્યે રાખ્યાં હોય તે જેહવાં સોભે તેહવાં તે રત્ન શોભેછે, અને સુવર્ણના શીખર છે. વિકસ્વર સત (સો) પત્ર તથા પુંડરીક કમળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા તીલક વૃક્ષ પ્રમુખ રત્નમય તથા અર્ધચંદ્ર ઇત્યાદિકના સ્વરૂપ છે. દ્વારને વિષે નાના મણિમય માળા તેણે શોભીત છે. તે પ્રાસાદનું દ્વાર તે પ્રાસાદ માંહે અને બાહીરે સુકમાળ છે. તે પ્રાસાદમાં રાતા સુવર્ણની વેળુ પાથરી છે. સુખકારી સ્પર્શ છે. સશ્રીક મનોહર રૂપ છે. જોવા જોગ્ય છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે પ્રાસાદાવતંસકને પ્રત્યેક પ્રત્યેક મધ્યે ઘણુંક સમ મનોહર ભૂમિભાગ છે. તે યથાદ્રષ્ટાંતે જેહવો મુરજનામા ઢોલ તેહનું તળું તે સમાન સમ ભૂમિભાગ છે. જાવત્ મણિએ કરી શોભીત છે. તે મણિનો વર્ણ, ગંધ, સ્પર્શ પુર્વલીપરે જાણવો. તે પ્રાસાદાવતંસક મધ્યે ચંદ્રોદય અને પદ્મલતા પ્રમુખ છે. જાવત્ સામલીકા નામે વનસ્પતિ પ્રમુખના ચિત્રામણ છે. તે સર્વ સુવર્ણમય છે, નિર્મળ છે, જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે ઘણુંજ સમ મનોહર ભૂમિભાગ તેહને મધ્ય દેશ ભાગને વિષે પ્રત્યેક પ્રત્યેક મણિમય મણિપીઠીકા છે. (ચોતરા રૂપ) તે મણિપીઠીકા એક જોજન લાંબપણે, પહોળપણે છે ને અર્ધ જોજન જાડપણે છે. સર્વ રત્નમય છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે મણિપીઠીકા ઉપરે પ્રત્યેક પ્રત્યેક સીંહાસન છે. તે સીંહાસનનો એહવો એહવે રૂપે વર્ણવ કહ્યો છે તે કહે છે. સુવર્ણમય તેના પાયાના હેઠલા પ્રદેશ છે. રૂપામય સીંહાસન છે. સુવર્ણમય પાયા છે. નાના રત્નમય પાયાના બંધન છે. જંબુનંદ રત્નમય ગાત્ર છે. વજ્ર રત્નમય સંધી પુરીત છે. નાના રત્નમય સીંહાસનનું તળીયું છે. તે સીંહાસન હસ્તી, મૃગ, વૃષભ, જાવત્ પદ્મલતા પ્રમુખ ચિત્રામે યુક્ત છે. ઉત્તમ સાર પ્રધાન મણિ રત્નની પાદપીઠ (પગથીયાં) છે. તે માથે કોમળ મશરૂ નવનીત (માંખણ) ની પરે સુકમાળ સીંહના કેશરાં સમાન કોમળ એહવે વસ્ત્રે ઢાંકયું છે તેણે કરી મનોહર છે. રત્ને કરી સહીત દેવદુષ્ય વસ્ત્રે કરી ઢાંકયું છે. ભલા ત્યાં રજસ્ત્રાણ ઉપર ઢાંકવાનાં આચ્છાદન વિશેષ તે જેમને, તથા રાતે વસ્ત્રે તે પાદપીઠ ભલીપરે ઢાંકયા છે. શુભ રમણિક છે. મૃગચર્મ, રૂઉ, બુરૂ વનસ્પતિ વિશેષ માંખણ, અર્ક તુલ. તે સમાન કોમળ તેનો સ્પર્શ છે. જોવા યોગ્ય છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે સીંહાસન ઉપરે પ્રત્યેક પ્રત્યેક વિજય દુષ્ય છે. (ચંદ્રવારૂપ તે જાણવા.) તે વિજયદુષ્ય શ્વેત. સંખ, મચકુંદ, પાણીના ફુવારા, અમૃત, સમુદ્રનાં ફીણ ઇત્યાદિક તે સરખા શ્વેત વરણે છે. સર્વ રત્નમય છે. નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે વિજદુષ્યને મધ્યદેશ ભાગે પ્રત્યેક પ્રત્યેક વજ્ર રત્નમય આંકડા અંકશરૂપ છે. તે વજ્ર રત્નમય અંકુશને વિષે પ્રત્યેક પ્રત્યેક કુંભ સમાન મોટી મોતીની માળા છે. તે કુંભ સમાન મોટી મોતીની માળા પાસે બીજી ચાર પુર્વનાથી અર્ધ સ્વરૂપે એટલે અર્ધ કુંભ સમાન મોતીની માળાએ કરી સર્વદીશે ચોકફેર પરીક્ષીપ્ત એટલે વીટેલ છે. તે માળાને સુવર્ણનાં ઝુમકાં છે. સુવર્ણને પ્રકારે મંડીત શોભીત છે. જાવત્ રહે છે.

વળી તે પ્રાસાદાવતંસક ઉપરે ઘણાં આઠ આઠ મંગળીક છે તે કહે છે. સાથીયો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીવચ્છ પ્રમુખ અધિકાર પુર્વપરે જાણુવો. જાવત્ છત્રપર્યંત જાણુવો. વળી તે વિજયદ્વારને એ પાસે એ એટલે બે બે તોરણુ કહ્યાં છે. તે તોરણુ નાના મણિ રત્નમય છે. એહનો વર્ણન તેમજ પુર્વપરે આઠ આઠ મંગળીક છે તે ઉપરે છત્રા તી છત્ર છે. વળી તે તોરણુ આગળે બે બે પુતળી છે. તે જેમ હેઠલી પુતળી વર્ણવી તેમ ઉપરલી પણુ જાણુવી. વળી તે તોરણુ આગળે બે બે નાગદંતા છે. તે નાગદંતાને મોતીની માળા વળગાડી છે. તેમ તે નાગદંતાને વિષે ઘણી કૃષ્ણુ સૂત્રે બાંધી ફુલની માળાના સમુહ જાવત્ રહે છે.

વળી તે તોરણુને આગળે બે બે ઘોડાને આકારે જુગમ છે. જાવત્ વૃષભ જુગમ છે. તે સર્વ રત્નમય છે. નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે. એમ પંક્તિ પુર્વલીપરે જાણુવી. વાવની પંક્તિ મોહ ઉપજાવે તેવી ક્રીડાએ કરી તે સ્ત્રી સહીત સરૂપ છે. બે બે પદ્મલતા છે. જાવત્ પ્રતિરૂપ છે. વળી તે તોરણુ આગળે બે બે ચોખાના સાથીયા છે તે સર્વ રત્નમય છે. નિર્મળ છે જાવત્ પ્રતિરૂપ છે. વળી તે તોરણુ આગળે બે બે ચંદન કળશ છે એટલે ચંદને ચર્ચિત છે. તે ચંદન ચર્ચિત કળશ ઉત્તમ કમળ ઉપરે થાપ્યા છે તેમજ પુર્વપરે સર્વ રત્નમય છે જાવત્ પ્રતિરૂપ છે. અહો સાધો આયુષ્યવંતો! વળી તે તોરણુ આગળે બે બે ભૃંગાર કહ્યા છે. તે ઉત્તમ કમળ ઉપરે થાપ્યા છે. જાવત્ સર્વ રત્નમય છે. નિર્મળ છે જાવત્ પ્રતિરૂપ છે મોટા મોટા માતા હાથીના મુખ સમાન આકાર છે. અહો સાધો આયુષ્યવંતો!

વળી તે તોરણુ આગળે બે બે આરીસા છે. તે આરીસાનો એહવો એહવે રૂપે વર્ણવ કહ્યો છે તે કહેછે. રાતા સુવર્ણમય આરીસાનો ઘડો છે. વૈડુર્ય રત્નમય ઝાલવાની મુઠ છે. વજ્ર રત્નમય હાથો છે. અનેક મણિમય શ્રૃંખલાએ શોભીત છે. અંક રત્નમય ખાપ છે. રૂપ જોવાનું ઠામ તે માંજવે કરી નિર્મળ ખાપ છે. તેની છાંયાએ કરી સર્વ દીશે અનુબંધ સહીત છે. ચંદ્ર મંડળ સરખા છે. મોટા મોટા અર્ધ કાય સમાન તે આરીસા (તક્તા) કહ્યા છે. અહો સાધો આયુષ્યવંતો!

વળી તે તોરણુ આગળે બે બે વજ્રની નાભી સમાન થાળ છે. તે થાળ નિર્મળ સ્ફટીક સમાન ત્રણુ વાર છડયા સાળી મધ્યના તંદુળ મુશળે (સાંબેલે) કરી ખાંડ્યા એવે તંદુળે (ચોખે) કરી ભર્યા થકા રહે છે. તે ચોખા અને થાળ સર્વ જંબુનંદ રત્નમય છે. નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે. મોટા મોટા રથના પૈડા સમાન તે થાળ છે. અહો સાધો આયુષ્યવંતો!

વળી તે તોરણુને આગળે બે બે પાત્રી કહી છે. તે પાત્રી નિર્મળ પાણીએ કરી પ્રતિપૂર્ણ છે. અનેક પ્રકારના પંચવર્ણના ફળે કરી પ્રતિપૂર્ણ સમાન રહે છે. તે પાત્રી સર્વ રત્નમય છે. જાવત્ પ્રતિરૂપ છે. મોટા મોટા ગાયને ખાણુ દેવાના સુંડલા સમાન તે પાત્રી છે. અહો સાધો આયુષ્યવંતો!

વળી તે તોરણુને આગળે બે બે સુપ્રતિષ્ટક (ભાજન વિશેષ) છે. તે સુપ્રતિષ્ટક અનેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારના ઉપગરણુ તેણે કરી ભર્યાં છે. સમસ્ત ઓષધીએ કરી પ્રતિપૂર્ણ છે. સર્વ રત્નમય છે. નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે તોરણુને આગળે બે બે મનોગુલીકા પીઠીકા છે. તે પીઠીકાને વિષે ઘણું સોનામય, રૂપામય પાટીયાં છે. તે સોના રૂપાના પાટીયાંને વિષે ઘણાં વજ્રમય નાગદંતા છે. તે નાગદંતાને વિષે ઘણાં રૂપામય સીકાં છે. તે રૂપામય સીકાંને વિષે ઘણાં વાયરો કરવાના વીંઝણા છે. તે વાયરો કરવાના વીંઝણા કૃષ્ણસૂત્રે જાવત્ શ્વેત સૂત્રે ઢાંકયા છે. સર્વ વૈડુર્ય રત્નમય છે નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે તોરણુને આગળે બે બે આશ્ચર્યકારી રત્નના કરંડીયા છે. તે યથા દૃષ્ટાંતે રાજા ચાર દિશીનો ધણી ચક્રવૃર્તિ તેનો જેવો આશ્ચર્યકારી રત્નકરંડ વૈડુર્યરત્ન ને સ્ફટીક રત્નમય ઉપરલે ઢાંકણે ઢાંકયો છે. પોતાની કાન્તિ ત્યાંના પ્રદેશ પ્રતે સર્વ દીશે ચોકફેર બે પાસે ઉદ્યોત કરે. તપે. કાન્તિ વધારે. તેમ તે પણુ આશ્ચર્યકારી રત્નના કરંડીયા છે. તેના વૈડુર્યરત્નના ઢાંકણાં છે. પોતાની કાન્તે તે પ્રદેશપ્રતે સર્વદિસે ચોકફેર દીપાવેછે. જાવત્ કાન્તિ વધારે છે.

વળી તે તોરણુને આગળે બે બે હયકંઠ (તે લોક ભાષાએ ઘોડલા કહીએ.) જાવત્ બે બે વૃષભના કંઠને આકારે ટોડલા છે. તે સર્વ રત્નમય છે. નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે. વળી તે હયકંઠને વિષે જાવત્ વૃષભકંઠને વિષે બે બે ફુલની ચંગેરી વળગાડીછે. એમ માળાની ચંગેરી, ગંધની ચંગેરી, ચુર્ણની ચંગેરી, વસ્ત્રની ચંગેરી, આભરણુ પ્રમુખની ચંગેરી, સરસવની ચંગેરી, પુંજણીની ચંગેરી, એ સર્વે રત્નમય છે. નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે તોરણુ આગળે બે બે ફુલના પુંજ જાવત્ પુંજણીના પુંજ (ઢગલા) સર્વ રત્નમય છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે તોરણુ આગળે બે બે સીંહાસન છે. તે સીંહાસનનો એહવો એહવે રૂપે વર્ણુવ છે. એહનો વર્ણન પુર્વલીપરે જાણુવો. જાવત્ જોવા યોગ્ય છે. પ્રતિરૂપ છે.

વળી તે તોરણુ આગળે બે બે રૂપામય છત્ર છે. તે છત્રનો વૈડુર્ય રત્નમય નિર્મળ ડંડ છે. જંબુનંદ રત્નની કર્ણિકા છે. વજ્ર રત્નમય સંધી પુરી છે. મોતીની માળાએ ચોકફેર વ્યાપ્ત છે. એક હજાર ને આઠ સુવર્ણુની સીલાકા (સળી)એ નિપનો છે. કુંડીને વિષે ઘાલ્યો શ્રીખંડનો વાસ તેહવો સર્વ રૂતુને વિષે સુરભી શીતળ છાંયા છે. બાવના ચંદન સમાન આઠ મંગળીકની ભ્રાંતે કરી ચીત્રીત છે. ચંદ્રમાને આકારે વૃત્ત છે.

વળી તે તોરણુ આગળે બે બે ચામર છે. તે ચામર નાના પ્રકારના મણિ સુવર્ણ તેને રત્ને કરી સહીત નિર્મળ બહુ મુલ્ય સુવર્ણ આશ્ચર્યકારી ડંડ છે. તેહના શંખ, અંકરત્ન, મચકુંદ, પાણીના ફુવારા, અમૃત, સમુદ્રનાં ફીણુ ઇત્યાદિકના પુંજ સમાન શ્વેતવર્ણે સુક્ષ્મ રૂપામય લાંબા વાળ છે. તે સર્વ રત્નમય છે. નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી તે તોરણ આગળે બે બે સુગંધી તેલના દાબડા, કોઠના દાબડા, ચુયાના દાબડા, તગરના દાબડા, હરીયાળના દાબડા, મણસીલના દાબડા, એળચીના દાબડા, હીંગળાના દાબડા, સોઇરા અંજનના દાબડા. તે સર્વે રત્નમય છે. નિર્મળ છે જાવત્ પ્રતિરૂપછે.

વળી તે વિજય નામે દ્વારે એકસો ને આઠ ચક્રને ચીન્હે યુક્ત ધ્વજા છે, એકસો ને આઠ મૃગને ચિન્હે યુક્ત ધ્વજા છે, એકસો ને આઠ ગરૂડને ચિન્હે યુક્ત ધ્વજા છે, એકસો ને આઠ બગલાને ચિન્હે યુક્ત ધ્વજા છે, એકસોને આઠ પીંછને ચિન્હે યુક્ત ધ્વજા છે, એકસોને આઠ છત્રને ચિન્હે યુકત ધ્વજા છે, એકસોને આઠ સંકુની પંખીને ચીન્હે યુકત ધ્વજા છે. એકસોને આઠ સીંહને ચિન્હે યુકત ધ્વજા છે, એકસોને આઠ વૃષભને ચિન્હે યુકત ધ્વજા છે. ને એકસોને આઠ શ્વેત ચૌદંતા હસ્તીના ચિન્હ યુકત ધ્વજા છે. ૧૦, એમ એણી રીતે સર્વે મળીને વિજયદ્વારે એક હજાર ને એંસી ધ્વજા છે. એમ અનંતે તિર્થંકરે કહ્યું છે.

વળી તે વિજયદ્વારે નવ ભૂમિ કહી છે. તે ભૂમિ મધ્યે સમ રમણીક ભૂમિ ભાગ છે. જાવત્ મણિનો સ્પર્શ જાણવો. તે ભૂમિ ઉપરે ચંદ્રુયા છે. પદ્મલતા જાવત શ્યામલતા તેણે કરી ભિતિ ચીત્ર ચીત્રામ યુકત છે. જાવત્ સર્વે સુવર્ણમય છે. નિર્મળ છે જાવત્ પ્રતિરૂપ છે. તે ભૂમિના મધ્યદેશ ભાગને વિષે (એટલે પાંચમી ભૂમિએ) ત્યાં એક મોટું સીંહાસન છે. તે સીંહાસનનો વર્ણન ને વિજય દુષ્યનો વર્ણન જાણવો. ત્યાં અંકુશ તેહને ફુલની માળા પ્રમુખ સર્વે પુર્વપરે જાણવું.

વળી તે સીંહાસનને વાયવ્ય ખૂણે, ને ઉત્તર દીશે, ને ઇશાન ખૂણે ત્યાં વિજય દેવતાના ચાર હજાર સામાનીક દેવતાના ચાર હજાર ભદ્રાસન છે. તે સીંહાસનને પુર્વ દીસે જમણે પાસે ઇહાં વિજય દેવતાની ચાર અગ્ર મહીષીના પરીવાર સહીત ચાર ભદ્રાસન છે. તે સીંહાસનને અગ્નીખૂણે ઈહાં વિજય દેવતાની અભ્યંતર પરખદાના આઠ હજાર દેવતાના આઠ હજાર ભદ્રાસન છે. તે સીંહાસનને દક્ષિણ દીસે વિજય દેવતાની મધ્ય પરખદાના દશ હજાર દેવતાના દશ હજાર ભદ્રાસન છે. તે મૂળ સીંહાસનથી નૈરત્ય ખૂણે ઇહા વિજય દેવતાની બાહીરલી પરખદાના બાર હજાર દેવતાના બાર હજાર ભદ્રાસન છે. તે મૂળ સીંહાસનથી પશ્ચિમ દીસે ઇહાં વિજય દેવતાના સાત કટકના ધણીના સાત ભદ્રાસન છે. તે મૂળ સીંહાસનથી પુર્વ દીસે, દક્ષિણ દીસે, પશ્ચિમ દીસે ને ઉત્તર દીસે ઇહાં વીજય દેવતાના સોળ હજાર આતમ રક્ષક દેવતાના સોળ હજાર ભદ્રાસન છે. તે વીવરીને અનુક્રમે કહેછે. પુર્વ દીસે ચાર હજાર ભદ્રાસન, એમ દક્ષણે, પશ્ચિમે, જાવત ઉત્તરે ચાર હજાર ભદ્રાસન છે. અવશેષ આઠ ભૂમિપ્રતે પ્રત્યેક પ્રત્યેક ભદ્રાસન કહ્યાં છે.

વળી તે વિજયદ્વારનો ઉપરલો ભાગ ( એટલે પ્રોળ ઉપર ) સોળ પ્રકારને રત્ને કરી તે શોભીત છે તે કહે છે. રત્નકર્કેતનાદિ ૧, વજ્ર ૨, વૈડુર્ય ૩, લોહીતાક્ષ ૪, મસાલગર ૫, હંસગર્ભ ૬, પુલક ૭, સોગંધીક ૮, જ્યોતીરસ ૯, અંક ૧૦, અંજન ૧૧, રજત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨, જાતિરૂપ ૧૩, અંજન પુલક, ૧૪, સ્ફટીક ૧૫, રીષ્ટ ૧૬, એ સોળ પ્રકારને રત્ને કરી સોભીત છે. વળી વિજયદ્વાર ઉપરે ઘણાં આઠ આઠ મંગલીક છે તે કહે છે. સાથીયો ૧, શ્રીવછ ૨, જાવત્ આદર્શ ૮, એ સર્વ મણિ રત્નમય છે. નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે. વળી વિજયદ્વારને ઉપરે ઘણાં કૃષ્ણ ચામરની ધ્વજા જાવત્ સર્વ રત્નમય છે. નિર્મળ છે, જાવત્ પ્રતિરૂપ છે. વળી વિજયદ્વારને ઉપરે ઘણાં છત્રાતી છત્ર પ્રમુખ સર્વ તેમજ પૂર્વ પરે જાણવા. એમ કહ્યેથકે હવે ગૌતમ પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્યે અર્થે વિજયદ્વાર એહવું નામ કહોછો ?

**ઉત્તર**—હે ગૌતમ, વિજયદ્વારે વિજયનામે દેવતા મહર્ધિક માહા કાન્તિનો ધણી જાવત્ મહાનુભાવનો ધણી પલ્યોપમને આવખે વસે છે. તે ત્યાં ચાર હજાર સામાનીક દેવતા, ચાર અગ્રમહીષી ( દેવાંગ્ના ) પરીવાર સહીત, ત્રણ પરખદા, સાત કટક, ( તે ગંધવ ૧, નટ ૨, હય ૩, ગય ૪, રથ ૫, મહીપ ૬, પાયદળ ૭, એ સાત અણીકા ) સાત કટકના ધણી, સોળ હજાર આતમ રક્ષક દેવતા પ્રમુખ વિજયદ્વારને વિષે, વિજય રાજધાનીએ બીજા પણ ઘણાં વિજય રાજધાનીના રહેનાર દેવતા ને દેવાંગ્ના પ્રમુખ તેના ઠાકુરપણે જાવત્ દેવતા સબંધીયા ભોગ ભોગવતોથકો વીચરે છે. તે અર્થે હે ગૌતમ વિજયનામે દ્વાર એમ કહીએ છીએ. વળી નિશ્ચયે હે ગૌતમ વિજયદ્વારનું સાસ્વતું નામ છે. પણ એ વિજયદ્વારનું નામ કેણેઇ દીધું નથી, કોઇ નામ દેતું પણ નથી. ને તેમ કોઇ નામ દેશે પણ નહીં. એ સાસ્વતું નામ છે. જાવત્ અવસ્થીત છે. એ વિજયનામે દ્વાર નિત્ય છે.

## ૫૯ વિજયદેવતાની વિજય નામે રાજ્યધાનીનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, વિજય નામા દેવતાની વિજયનામા રાજ્યધાની ક્યાં છે ?

**ઉત્તર**—હે ગૌતમ, વિજયદ્વારને પુર્વદીશે ત્રીછા અસંખ્યાતા દ્વીપ, સમુદ્ર મુકીને જઇએ ત્યાં બીજો જંબુદ્વીપનામા દ્વીપ આવે તે મધ્યે બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં વિજયદેવતાની વિજય નામે રાજ્યધાની છે. તે બાર હજાર જોજન લાંબપણે, પહોળપણે છે ને સાડત્રીશ હજાર નવસેં જોજન કાંઇક વિશેષાધિક પરિધિપણે ફરતી છે. તે રાજ્યધાની એક પ્રાકારે (ગઢે) કરી સર્વદીશે ચોકફેર વીટી છે. તે પ્રાકાર (ગઢ) સાડત્રીશ જોજન ને અર્ધ જોજન ( સાડી સાડત્રીશ જોજન ) ઉંચો ઉંચપણે છે. મૂળમાં સાડા બાર જોજન ( પાઇએ ) પોહોળો છે, મધ્યે સવા ૭ જોજન પોહોળો છે, ને ઉપરે ત્રણ જોજન ને અર્ધ ગાઉ પોહોળપણે છે. મૂળમાં વિસ્તારપણે છે, મધ્યે સાંકડો છે ને ઉપરે પાતળો છે. વળી બાહીરે ગોળ છે ને અંદર ચોખૂણો છે. ગાયના પુંછને સંસ્થાને સંસ્થીત છે. સર્વ સુવર્ણમય છે. નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે ગઢને નાના પ્રકારના પંચ વર્ણના કોસીસાં તેણે કરી શોભીત છે, તે કહે છે. કૃષ્ણ જાવત્ સુક્લ વર્ણ પર્યંત કોસીસાં છે. તે કોસીસાં અર્ધ ગાઉ લાંબપણે છે, પાંચસે ધનુષ પોહોળપણે છે ને દેશે ઉણું અર્ધ કોશ ઉંચા ઉંચપણે છે. તે સર્વ રત્નમય છે નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી તે વિજય રાજ્યધાનીએ એકેકી દીસે સવાસો સવાસો દ્વાર (પ્રોળ) છે. એમ અનંતે તિર્થંકરે કહ્યું છે. તે દ્વાર સાડા બાસઠ જોજન ઉંચા ઉંચપણે છે, સવા એકત્રીશ જોજન પહોળપણે છે. ને સવા એકત્રીસ જોજન પ્રવેશે લાંબપણે છે. શ્વેત છે. ઉત્તમ સુવર્ણમય શીખર છે, હાથી, મૃગ ઇત્યાદિક પુર્વપરે જેવો વિજયદ્વાર વર્ણવ્યો તેવો જાણવો. જાવત્ તે દ્વાર મધ્યે સુવર્ણમય વેળુ પાથરી છે. શુભ સ્પર્શ છે, સશ્રીક છે. સરૂપ જોવા જોગ છે જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે દ્વારને બે પાસે બે ઓટલે બે બે ચંદન ચર્ચિત કળશની પરીપાટી કહી છે. ઇત્યાદિક સર્વ તેમજ પુર્વપરે જાણવું. જાવત્ વનમાળા પર્યંત અધિકાર જાણવો.

વળી તે દ્વારને બે પાસે બે ઓટલાને વિષે વળી બે બે ચોખૂણા ઓટલા છે. તે ઓટલા સવા એકત્રીશ જોજન લાંબપણે, પોહોળપણે છે ને પનર જોજન ને અઢી કોસ જાડપણે છે. સર્વ વજ્ર રત્નમય છે. નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે ચોખૂણા ઓટલાને ઉપરે પ્રત્યેક પ્રત્યેક પ્રાસાદાવતંસક છે. પ્રાસાદાવતંસક સવા એકત્રીશ જોજન ઉંચા ઉંચપણે છે. પનર જોજન ને અઢી કોસ લાંબપણે, પોહોળ-પણે છે. શેષ અધિકાર સર્વ પુર્વલીપરે જાણવો. અંજનના દાબડા પ્રમુખ જાવત્ એટલો વિશેષ જે બહુવચન કહેવું. વિજય રાજધાનીના દ્વારનો એ અધિકાર જાણવો.

વળી તે વિજય રાજ્યધાનીને એકેકે દ્વારે એકસો આઠ ચક્રને ચિન્હે ધ્વજા છે. જાવત્ એકસો ને આઠ સ્વેત ચૌદંતા હસ્તીના ચિન્હ યુકત ધ્વજા છે. ૧૦. એણી રીતે સરવાળે વિજય રાજ્યધાનીએ એકેકે દ્વારે એક હજાર ને એંસી ધ્વજા છે. એમ અનંતે તિર્થંકરે કહ્યું છે.

વળી તે વિજય રાજ્યધાનીએ એકેકે દ્વારે સત્તર સત્તર ભૂમિ છે. તે ભૂમિએ ચંદ્રુવા પ્રમુખ સર્વ જાણવા. તે પણ પદ્મલતા પ્રમુખ ચિત્રામે યુકત છે. તે ભૂમિના મધ્ય ભાગને વિષે એટલે નવમી ભૂમિએ પ્રત્યેક પ્રત્યેક સીંહાસન કહ્યાં છે. તે સીંહાસનનો વર્ણન પુર્વપરે જાણવો. જાવત્ ફુલની માળા પર્યંત જાણવો. જેમ હેઠલો વર્ણન કહ્યો તેમ અવશેષ (સોળ) ભૂમિએ પ્રત્યેક પ્રત્યેક ભદ્રાસન કહ્યાં છે. વળી તે દ્વારનો ઉપરલો ભાગ સોળ પ્રકારને રત્ને કરી ઉપ શોભીત છે. તેમજ પુર્વપરે જાવત છત્રાતી છત્ર છે. એમ સર્વ સર્વાળે વિજય રાજ્યધાનીએ પાંચસેં દ્વાર (પ્રોળ) રૂપ છે. એમ અનંતે તિર્થંકરે કહ્યું છે.

વળી તે વિજય રાજ્યધાનીને ચાર દીસે પાંચ પાંચસેં જોજન વેગળે ઇંહાં ચાર વન-ખંડ કહ્યા છે. તે કહે છે. અશોક વન ૧. (તે આશો પાલવ કહીએ) સપ્તવર્ણ વન ૨. (તે સડસડો કહીએ.) ચંપાનું વન ૩. ને આમ્ર વન ૪. તેમાં પૂર્વદીસે અશોક વન છે. દક્ષણ દીસે સપ્તવર્ણ વન છે, પશ્ચિમ દીસે ચંપક વન છે, ને ઉત્તર દીસે આમ્ર વન છે. તે વનખંડ કાંઇક ઝાઝેરાં બાર હજાર જોજન લાંબપણે છે. ને પાંચસેં જોજન પોહોળપણે છે. તે પ્રત્યેક પ્રત્યેક ગઢે કરી સહીત છે. કૃષ્ણ છે. કૃષ્ણ શોભા છે. એમ વનખંડનો વર્ણન જાણવો. જાવત્ ત્યાં ઘણાં વ્યંતરીક દેવતા ને દેવાંગ્ના વિસામો કરે છે, સુવે છે, બેસે છે, નિષીધ્યા કરે છે, પાસુ પાલટે છે, રમે છે, લીળા કરે છે, ક્રીડા કરે છે, મોહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે છે, પુર્વેલા ભવના પુર્વેલા ઉત્તમ આચરણ ઉત્તમ કૃત સુભકૃત કર્મ તેહના કલ્યાણ કારી ફળ વૃત્તિ વિશેષ ભોગવતાંથકાં વિચરે છે.

વળી તે વનખંડના મધ્ય દેશ ભાગને વિષે પ્રત્યેક પ્રત્યેક પ્રાસાદાવતંસક છે. તે પ્રાસાદાવતંસક સાડા બાસઠ જોજન ઊંચા ઊંચપણે છે, સવા એકત્રીસ જોજન લાંબા, પોહોળા છે. આકાશમાં જાણે અડતા હોઇની? તેવા ઊંચા છે. તેજે કરી જાજવલમાન છે. તેમ જાવત્ તે પ્રાસાદ મધ્યે સમ મનોહર ભૂમિ ભાગ કહ્યો છે. તે પ્રાસાદ મધ્યે ચંદ્રોદય, પદ્મલતા પ્રમુખને ચિત્રામે યુક્ત કહેવો. વળી તે પ્રાસાદાવતંસકને મધ્ય દેશ ભાગે પ્રત્યેક પ્રત્યેક સિંહાસન કહ્યાં છે. તે સિંહાસન વર્ણ, ગંધ પરીવાર સહીત જાણવાં.

વળી તે પ્રાસાદાવતંસક ઉપરે ઘણાં આઠ આઠ મંગળીક છે. છત્રા તિ છત્ર છે. ત્યાં ચાર દેવતા મહર્ધિક જાવત્ પલ્યોપમને આવખે વસે છે. અશોકનામા દેવતા ૧, સપ્તવર્ણનામા દેવતા ૨, ચંપકનામા દેવતા ૩, ને આમ્રનામા દેવતા ૪. ત્યાં તે દેવતા પોતપોતાને વનખંડે, પોતપોતાને પ્રાસાદાવતંસક પ્રમુખે, પોતપોતાના સામાનીક દેવતામાં, પોતપોતાની અગ્રમહીષીમાં, પોતપોતાની પરખદામાં, પોતપોતાના આત્મરક્ષક દેવતામાં ઠકુરાઇ કરતાં થકાં જાવત્ વિચરે છે.

વળી તે વિજયરાજ્યધાનીને વિષે માંહે બહુ સમ મનોહર ભૂમિ ભાગ કહ્યો છે. જાવત્ પંચ વર્ણિ મણિએ કરી ઉપશોભિત છે. તૃણાદિક શબ્દે રહીત છે. (એટલે ત્યાં તૃણાદિક શબ્દ નથી.) જાવત્ ત્યાં દેવતા ને દેવાંગ્ના વિશ્રામ કરે છે, જાવત્ વિચરે છે.

વળી તે બહુ સમ મનોહર ભૂમિ ભાગને વિષે મધ્ય દેશ ભાગને વિષે ઇહાં એક મોટો પડથાર રૂપ ચોતરો છે. તે બારસેં જોજન લાંબપણે, પોહોળપણે છે, ને ત્રણ હજાર, સાતસેં, પંચાણું જોજન કાંઇક વિશેષાધિક ફરતો પરિધિપણે છે, ને અર્ધ કોશ જાડપણે છે. તે સર્વ જંબુનંદ રત્નમય છે, નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે. તે ચોતરો એક પદ્મવર વેદિકા ને વનખંડ તેણે કરી સર્વ દીસે ચોકફેર વિટાંણો છે. તે પદ્મવર વેદિકાનો વર્ણન ને વનખંડનો વર્ણન પુર્વ પરે જાણવો. જાવત્ વિચરે છે.

વળી તે વવખંડ દેસે ઉણું બે જોજન ચક્રવાળે પહોળપણે છે, ને ચોતરા સમાન ફરતો છે. તે પડથાર રૂપ ચોતરાને ચાર દીસે ચાર ચાર પગથીયાં છે. તે વર્ણવવા જોગ્ય છે. તે પગથીયાં આગળ પ્રત્યેક પ્રત્યેક તોરણ છે. જાવત્ છત્રા તિ છત્ર છે.

વળી તે બહુ સમ રમણિક ભૂમિ ભાગને વિષે બહુ મધ્ય દેશ ભાગે ઇહાં એક મોટો મૂળ પ્રાસાદાવતંસક છે. તે પ્રાસાદાવતંસક સાડી બાસઠ જોજન ઉંચો ઉંચપણે છે, સવા એકત્રીશ જોજન લાંબો, પહોળો છે. જાણે આકાશ તળાને અવલંબતો ન હોય! એવો ઉંચો છે, ઉશ્રત છે. જાણીએ હસીને સાહમો આવતો ન હોય!! એમ પુર્વ પરે તેમજ અધિકારે તે પ્રાસાદાવતંસકને માંહે ઘણુંક સમ મનોહર ભૂમિ ભાગ છે. જાવત્ મણિનો સ્પર્શ રમણિક છે. ચંદુયા પણ છે. તે બહુ સમ મનોહર ભૂમિ ભાગને વિષે બહુ મધ્ય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેશ ભાગને વિષે ઇહાં એક મણિમય પીઠીકા (ચોતરો) છે. તે મણિપીઠીકા એક જોજન લાંબી, પહોળી છે, ને અર્ધ જોજન જાડપણે છે. સર્વ રત્નમય છે, નિર્મળ છે, સુકમાળ છે, તે મણિપીઠીકાને ઉપરે એક મોટું સિંહાસન છે. એમ સિંહાસનનો વર્ણન પરીવાર સહીત જાણવો. તે પ્રાસાદાવતંસક ઉપરે ઘણાં આઠ આઠ મંગળીક છે. ધ્વજા છે, છત્રા તિ છત્ર છે. વળી તે મૂળ પ્રાસાદાવતંસક પાસે બીજા ચાર મૂળ પ્રાસાદથી અર્ધ ઉંચપણે પ્રાસાદાવતંસકે સર્વ દીસે ચોકફેર વ્યાપ્ત છે. તે ચારે પ્રાસાદાવંતસક સવા એકત્રીશ જોજન ઉંચા ઉંચપણે છે. સાડા પનર જોજન ને અર્ધ ગાઉ લાંબા, પોહોળા છે. તેજે કરી દે દિપમાન છે. તેમજ પુર્વપરે તે પ્રાસાદાવતંસકને મધ્યે ઘણું સમ રમણિક ભૂમિ ભાગ છે. ચંદ્રોદય રમણીક છે. તે મધ્યે બહુ સમ રમણિક ભૂમિ ભાગ મધ્યે પ્રત્યેક પ્રત્યેક સિંહાસન કહ્યાં છે. તે વર્ણ કરવા જોગ્ય છે. તેહને પરીવાર સહીત ભદ્રાસન છે. ત્યાં તે પ્રાસાદ ઉપરે આઠ આઠ મંગળીક છે, ધ્વજા પ્રમુખ છત્રા તિ છત્ર છે. વળી તે ચાર પ્રાસાદાવતંસકને પ્રત્યેકે પ્રત્યેકે બીજા વળી ચાર ચાર અર્ધ ઉંચ ને મૂળ પ્રાસાદથી ચોથે ભાગે ઉંચા એહવે પ્રાસાદાવતંસકે સર્વ દીસે ચોકફેર વ્યાપ્ત છે. તે સોળે પ્રાસાદાવતંસક સાડા પનર જોજન ને અર્ધ ગાઉ ઉંચા ઉંચપણે છે. દેસે ઉણા આઠ જોજન લાંબા, પહોળા છે. અભ્યુદગત જાવત્ તેમજ પૂર્વ પરે જાણવા. તે પ્રાસાદાવતંસક માંહી ઘણું સમ રમણિક ભૂમિ ભાગ છે. ત્યાં ચંદુયા પ્રમુખનો વર્ણન પુર્વ પરે જાણવો. ત્યાં ઘણુંજ સમ મનોહર ભૂમિ ભાગને વિષે મધ્ય દેશ ભાગે પ્રત્યેક પ્રત્યેક પદ્માસન કહ્યાં છે. તે પ્રાસાદાવતંસક ઉપરે આઠ આઠ મંગળીક છે. ધ્વજા પ્રમુખ છત્રા તિ છત્ર છે. વળી તે સોળ પ્રાસાદાવતંસકે બીજા ચાર ચાર પ્રાસાદ અર્ધ પ્રમાણે ઉંચા ને બીજા પ્રાસાદથી આઠમે ભાગે ઉંચા એવા ચાર ચાર પ્રાસાદાવતંસકે સર્વ દીસે ચોકફેર વ્યાપ્ત છે. તે ચોસઠે પ્રાસાદાવતંસક દેસેઉણા આઠ જોજન ઉંચા ઉંચપણે છે. દેસે ઉણા ચાર જોજન લાંબા, પહોળા છે. અભ્યુદગત, ભૂમિ ભાગ છે. બહુ સમ રમણિક ભૂમિ ભાગ છે, ત્યાં ચંદ્રોદયનો વર્ણન જાણવો. તે પદ્મ લતા પ્રમુખના ચિત્રામ સહીત જાણવો. તે પ્રાસાદાવતંસક ઉપરે ઘણાં આઠ આઠ મંગળીક છે, ધ્વજા છે, છત્રા તિ છત્ર છે (એ પ્રકારે સર્વ મળીને પંચાશી પ્રાસાદ થાય. તે એમ જે મુળ મધ્યનો ૧ એક પ્રાસાદ. તે કેડે ચાર તે એકેકા કેડે વળી ચાર ચાર ત્યારે સોળ થાય. વળી તે એકેકા કેડે ચાર ચાર ત્યારે ચોસઠ થાય. એટલે ચોસઠ ને સોળ ભેળતાં એંશી. તેમાં વળી પુર્વલા ચાર ભેળતા ચોરાસી ને એક મૂળ પ્રાસાદે ભેળતાં એ પ્રકારે પંચાશી પ્રાસાદ થાય છે.)

વળી તે મૂળ પ્રાસાદાવતંસકથી ઇશાન ખૂણે ઇહાં વિજય દેવતાની સુધર્મા નામે સભા કહી છે. તે સભા સાડા બાર જોજન લાંબપણે છે, સવા ૭ જોજન પોહોળપણે છે ને નવ જોજન ઉંચી ઉંચપણે છે. અનેક થાંભાના સત (સૈકડા) તેણે કરી સહીત છે. અતિ ઉંચા થંભ ઉપરે રૂડી પરે કીધી વજ્ર રત્નમય ઉપરલી કુંભી છે. ત્યાં પ્રધાન રચીત તોરણ ને પૂત્તળી છે. સુબધ મનોજ્ઞ સંસ્થાને સંસ્થીત છે. ઉત્તમ વૈડુર્ય રત્નમય નિર્મળ થંભ છે. જીહાં નાનાં પ્રકારના રત્ન, સુવર્ણ, મણિ પ્રમુખે સહીત નિર્મળ વિસ્તાર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણે અત્યંત ઉત્તમ નિવડ આશ્ચર્યકારી મનોહર એહવો કુટિમ તળ તે ધરતી તળ છે. હાથી, મૃગ, વૃષભ, અશ્વ, મનુષ્ય, મગરમચ્છ, પંખી, વ્યાળ (સર્પ) કિંનરનામા વ્યંતર દેવ, ગેંડા, ચમરીગાય, વનહસ્તી, પદ્મલતા, વનલતા પ્રમુખ ઇત્યાદિક આકારે કરી વિચીત્ર મનોહર છે. થંભને વિષે વજ્રરત્નની કુંભી છે. તેણે કરી મનોહર છે. ત્યાં વિધ્યાધરના જુગળના ચિત્રામણ છે. સૂર્યના હજારો કીર્ણ તે થકી પણ અધીક તેજ છે. હજારો ગમે રૂપે કરી સહીત છે. તેજે કરી દેદિપમાન છે. વિશેષે દેદિપમાન છે. ચક્ષુને પણ જોવા જોગ્ય છે. શુભ સુખકારી સ્પર્શ છે. મનોહર રૂપ છે. સુવર્ણ, મણિ ને રત્નમય તે સભાના શીખર છે. નાના પ્રકારની પંચવર્ણિ ઘંટાને ધ્વજા તેને કરી શોભાએ સકીર્ણ તે સભા છે. અગ્ર શિખર ધોળા મરિચિ જે કીર્ણ તેના સમુહને મુકતી તથા ગોશીર્ષ ચંદન તથા સરસ રક્તચંદન તથા દર્દર તેના પંચાંગુલીયે હાથના થાપા દીધા છે. ચંદનના કળશ જેને વિષે તથા ચંદનનાં ઘડા તેણે ભલી રીતે કીધા જે તોરણ તે પ્રતિદ્વાર બારણાના દેશને ભાગ વિષે છે જેને. તથા હેઠળ ઉપર ભૂમિ ભાગને લગતો વિસ્તારવંત લાંબો પસાર્યો છે. ફુલમાળાનો સમુહ તેને જે ઉપચાર તેણે સહિત છે. તથા કાળાગુરૂ પ્રધાન જે કંદરૂ પ્રમુખ તથા તુરૂષ્ક એહવો જે ધૂપ તેણે મહમહાટ કરતો જે ગંધ તેણે મનોહર છે. તથા ગંધવૃતિ છે ભૂમિ જીહાં. અપસરાનો સમુદાય તેણે સમોહે કરી સહીત છે. દેવતાના વાજીંત્ર મૃદંગાદિક તેહને સ્વરે કરી સહીત છે. સર્વ રત્નમય છે. નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે, તે સૌધર્મિ સભાએ ત્રણ દીસે ત્રણ દ્વાર છે. તેમાં એક પુર્વ દિશે, ૧ દક્ષણ દિશે ૨. ને ઉત્તર દિશે ૩. છે. તે દ્વાર પ્રત્યેક પ્રત્યેક બે બે જોજન ઉંચા ઉંચપણે છે. એક જોજન પહોળપણે છે. તેટલાજ પ્રવેશે છે (એટલે ભાતિનું જાડપણું જાણવું.) તે દ્વાર માથે શ્વેત ઉત્તમ સુવર્ણના શીખર છે. જાવત્ વનમાળા પર્યંત દ્વારનું વર્ણન પૂર્વપરે જાણવું.

વળી તે દ્વારને આગળે પ્રત્યેક પ્રત્યેક મુખ મંડપ છે. તે દ્વાર મુખ મંડપ સાડાબાર જોજન લાંબપણે છે. સવા છ જોજન પોહોળપણે છે અને કાંઇક બે જોજન ઝાઝેરાં ઉંચા ઉચપણે છે. તે મુખ મંડપ અનેક સત થંભે કરી સહીત છે. જાવત્ ત્યાં ચંદ્રોદય ને ભૂમિ ભાગનો વર્ણન પૂર્વપરે જાણવો. તે મુખ માંડવા ઉપરે પ્રત્યેક પ્રત્યેક આઠ આઠ મંગળીક છે. તે કહે છે. સાથીઓ ૧, જાવત્ મચ્છ જુગમ ૮. વળી તે મુખ માંડવા આગળે પ્રત્યેક પ્રત્યેક પ્રેક્ષાઘર માંડવા છે. તે પ્રેક્ષાઘર માંડવા સાડા બાર જોજન લાંબપણે છે. જાવત્ બે જોજન ઉંચા ઉંચપણે છે. જાવત્ મણિ પ્રમુખનો સ્પર્શ પૂર્વપરે જાણવો. વળી તે પ્રેક્ષાઘર માંડવાના મધ્યદેશ ભાગને વિષે પ્રત્યેક પ્રત્યેક ચોખૂણા ચોતરા કહ્યા છે. તે ચોખૂણા ચોતરાને મધ્ય દેશ ભાગે પ્રત્યેક પ્રત્યેક મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા એક જોજન લાંબી પહોળી છે. ને અર્ધ જોજન જાડપણે છે. તે મણિપીઠિકા સર્વ મણિમય છે. વળી તે મણિપીઠિકા ઉપરે પ્રત્યેક પ્રત્યેક સીંહાસન કહ્યાં છે. તે સીંહાસનનો વર્ણન પૂર્વપરે જાણવો. જાવત્ ફુલની માળા પર્યંત પરીવાર સહીત જાણવો. તે પ્રેક્ષાઘર માંડવા ઉપરે આઠ આઠ મંગળીક છે, ધ્વજા છે. તે ઉપર છત્રા તિ છત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી તે પ્રેક્ષાઘર માંડવા આગળે ત્રણ દીસે ત્રણ મણિપીઠીકા છે. તે મણિપીઠીકા બે જોજન લાંબી, પહોળી છે. ને એક જોજન જાડપણે છે. સર્વ રત્નમય છે. નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે મણિપીઠીકા ઉપરે પ્રત્યેક પ્રત્યેક ચૈત્યથુભા કહ્યાછે. તે ચૈત્યથુભા બે જોજન લાંબા, પહોળા છે ને કાંઇક ઝાઝેરા બે જોજન ઉંચા ઉંચપણે છે. શ્વેત છે. તે સંખ, અંકરત્ન, મચકુંદના ફુલ, પાણીના ફુવારા, સમુદ્રના ફીણ, તેહના પુંજ સમાન શ્વેત વર્ણે છે. સર્વ રત્નમય છે નિર્મળ છે. જાવત્ પ્રતિરૂપ છે. તે ચૈત્યથુભને ઉપરે આઠ આઠ મંગળીક છે. ઘણી કૃષ્ણ ચામરની ધ્વજા છે. જાવત્ છત્રા તિ છત્ર છે.

વળી તે ચૈત્યથુભને ચારે દીસે પ્રત્યેક પ્રત્યેક ચાર મણિપીઠકા કહી છે. તે મણિપીઠીકા એક જોજન લાંબપણે, પહોળપણે છે ને અર્ધ જોજન જાડપણે છે. સર્વ મણિમય છે. તે મણિપીઠીકા ઉપરે પ્રત્યેક પ્રત્યેક ચાર જીન (દેવતાની) પ્રતિમા છે. તે જીન (દેવતાની) કાયા પ્રમાણે છે. પલ્યંકાસને બેઠી છે, થુભ સાહમી બેઠી છે. તેહના નામ કહેછે. પુર્વ દીસે રૂપભા ૧, દક્ષણ દીસે વર્ધમાન ૨, પશ્ચિમ દીસે ચંદ્રાનન ૩ ને ઉત્તર દીસે વારીસેન ૪.

વળી તે ચૈત્યથુભને આગળે ત્રણ દીસે પ્રત્યેક પ્રત્યેક મણિપીઠીકા કહી છે. તે મણિપીઠીકા બે જોજન લાંબપણે, પોહોળપણે છે. ને એક જોજન જાડપણે છે. સર્વ મણિમય છે, નિર્મળ છે, સુકમાળ છે, ઘૃષ્ટ છે, મૃષ્ટ છે, કર્દમ રહીત છે, રજ રહીત છે, જાવત્ પ્રતિરૂપ છે. વળી તે મણિપીઠીકા ઉપરે પ્રત્યેક પ્રત્યેક ચૈત્ય વૃક્ષ કહ્યાંછે. તે ચૈત્ય વૃક્ષ આઠ જોજન ઉંચા ઉંચપણે છે, અર્ધ જોજન ભૂમિ મધ્યે ઉંડા છે, બે જોજન ઉંચો સ્કંધ છે, અર્ધ જોજન તે સ્કંધ જાડપણે છે, ૭ જોજનની શાખા છે, તે વૃક્ષની શાખા મધ્ય દેશ ભાગને વિષે અર્ધ જોજન જાડી છે, કાંઇક ઝાઝેરાં આઠ જોજન સરવાળે ઉંચપણે કહ્યાં છે. તે ચૈત્યવૃક્ષનો એહવો એહને રૂપે વર્ણવ કહ્યો છે. વજ્રરત્નમય મૂળ છે. રૂપામય સુપ્રતિષ્ઠિત શાખા છે. અરીષ્ટ રત્નમય વિસ્તિર્ણ કંદ છે. વૈડુર્ય રત્નમય નિર્મળ સ્કંધ છે. ઉત્તમ પ્રધાન સુવર્ણમય મૂળથી વિરતર્ણ શાખા છે. નાના મણિમય ને રત્નમય વિવિધ પ્રકારની શાખા ને પ્રતિશાખા છે. વૈડુર્ય રત્નમય પત્ર છે. સુવર્ણમય પાનનાં બીંટ છે. જંબુનંદ રત્નમય રાતે વર્ણે મૃદુ (કોમળ) મનોજ્ઞ સુકમાળ ટીસી પલ્લવ છે. ઉત્તમ પ્રધાન શોભતા અંકુરા છે. આશ્ચર્યકારી નાંના પ્રકારના મણિરત્નમય સુગંધી ફુલ ને ફળ તેણેકરી તે વૃક્ષની શાખા નમી છે. છાંયા યુક્ત છે. કાંન્તિ સહીત છે, સશ્રીક છે, ઉદયોત સહીત છે. અમૃત રસ સમાન સરસ તે વૃક્ષના ફળ છે. અધીકપણે નયન ને મન તેહને સુખના ઉપજાવનાર છે. જોવા જોગ્ય છે. દેખવા જોગ્ય છે. મનોહર છે. પ્રતિરૂપ છે.

વળી તે ચૈત્યવૃક્ષ; બીજા ઘણાં તીલકવૃક્ષ, લવકવૃક્ષ, છત્રોપકવૃક્ષ, સરીખવૃક્ષ, સડાસડાદિકવૃક્ષ, દધિવર્ણવૃક્ષ, લોદ્રવૃક્ષ, દ્રવવૃક્ષ, ચંદનવૃક્ષ, નીપવૃક્ષ, કુટજવૃક્ષ, કંદબવૃક્ષ, ફણુસવૃક્ષ, તાડવૃક્ષ, તમાલવૃક્ષ, પ્રીયાળવૃક્ષ, પ્રીયંગુવૃક્ષ, પારાપતનામાવૃક્ષ, રાજવૃક્ષ રાયણ, નંદીવૃક્ષ, પ્રમુખે સર્વ દીસે ચોકફેર વિંટાણા છે, વ્યાપ્ત છે. તે તિલકવૃક્ષ, જાવત્ નંદીવૃક્ષ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળવંત છે, કંદવંત છે. જાવત્ સુરૂપ રમણીક છે. વળી તે તિલકવૃક્ષ, જાવત્ નંદીવૃક્ષ, બીજી ઘણી પદ્મ લતાએ કરી જાવત્ સામ લતાએ કરી સર્વ દીસે ચોકફેર વ્યાપ્ત છે, વિંટાણા છે. તે પદ્મલતા જાવત્ સ્યામલતા નિત્યે ફળી, ફુલીથકી જાવત્ પ્રતિરૂપ છે. તે ચૈત્યવૃક્ષ ઉપરે ઘણાં આઠ આઠ મંગળીક છે, ધ્વજા છે. છત્રા તિ છત્ર છે.

વળી તે ચૈત્યવૃક્ષ આગળે ત્રણ દીસે ત્રણ મણિપીઠીકા છે. તે મણિમય પીઠીકા તે ચોતરા. એક જોજન લાંબપણે, પોહોળપણે છે ને અર્ધ જોજન જાડપણે છે. સર્વ મણિમય છે જાવત્ પ્રતિરૂપ છે. વળી તે મણિપીઠીકા ઉપરે પ્રત્યેક પ્રત્યેક મહેંદ્રધ્વજ છે. તે મહેંદ્રધ્વજ સાડાસાત જોજન ઉંચા ઉંચપણે છે. અર્ધ ગાઉ જાડપણે છે. વજ્ર રત્નમય વૃત્ત નિવડ મનોજ્ઞ સંસ્થાને સંસ્થીત ભલે પ્રકારે લષ્ટ, ઘૃષ્ટ, મૃષ્ટ સંસ્થીત વિસીષ્ટ મનોહર છે. વળી તે મહેંદ્રધ્વજ અનેક ઉત્તમ પંચવર્ણિ લઘુ ધ્વજા હજારેગમે તેણે કરી સહીત છે. તે મહેંદ્રધ્વજ વળી મનોહર છે. વાયે કરી ઉડતી વિજય ને વિજયંતી નામે ધ્વજા ને છત્રા તિ છત્ર તેણે કરી સહીત છે. ઉંચા આકાશપ્રતે ઉળંઘતા તેહના શીખર છે. તે મહેંદ્રધ્વજ જોવા જોગ્ય છે. જાવત્ પ્રતિરૂપ છે. તે મહેંદ્રધ્વજને ઉપરે આઠ આઠ મંગળીક છે, ધ્વજા છે, છત્રા તિ છત્ર છે.

વળી તે મહેંદ્રધ્વજને આગળે ત્રણ દીશે ત્રણ નંદા પુષ્કરણી (વાવ) છે. તે નંદા પુષ્કરણી સાડાબાર જોજન લાંબી છે. સવા છ જોજન પહોળી છે. ને દશ જોજન ઉંડી છે. નિર્મળ છે. સુકુમાળ છે. તે પુષ્પકરણીનો વર્ણન પુર્વપરે જાણવો. વળી તે પુષ્પકરણી પ્રત્યેક પ્રત્યેક વેદિકા સહીત છે. પ્રત્યેક પ્રત્યેક વનખંડ સહીત છે. તે પદ્મવર વેદિકા ને વનખંડનો વર્ણન પૂર્વપરે જાણવો. જાવત્ પ્રતિરૂપ છે. તે નંદા પુષ્પકરણીને પ્રત્યેક પ્રત્યેક ત્રણ દીશે ત્રણ ત્રણ પગથીયાં છે. તે પગથીયાંનો વર્ણન ને તોરણનો વર્ણન પુર્વપરે જાણવો. જાવત્ છત્રા તિ છત્ર છે.

વળી તે સુધર્મા સભાએ છ હજાર મનોહર ચોખણા ઓટલા છે તે કહે છે. પુર્વદીશે બે હજાર, પશ્ચિમ દિશે બે હજાર, દક્ષણ દીશે એક હજાર ને ઉત્તર દીશે એક હજાર. તે ઓટલાને વિષે ઘણાં સુવર્ણ ને રૂપામય પાટીયાં છે. તે સુવર્ણ, રૂપામય પાટીયાંને વિષે ઘણાં વજ્ર રત્નમય નાગદંતા છે. તે વજ્ર રત્નમય નાગદંતાને વિષે ઘણી કૃષ્ણ સૂત્રે બાંધી ફુલની માળાના સમુદાય છે. જાવત્ શ્વેત સૂત્રે બાંધી ફુલની માળાના સમુહ છે. તે માળાને રાતા સુવર્ણનાં ઝુમકાં છે. જાવત્ ત્યાં રહે છે.

વળી તે સુધર્માસભાએ છ હજાર ગોમાનસીકા સજ્યારૂપ સ્થાનક લાંબા ઓટલા કહ્યા છે તે કહે છે. પૂર્વદીશે બે હજાર. પશ્ચિમ દીશે બે હજાર, દક્ષણ દીશે એક હજાર, ને ઉત્તર દીશે એક હજાર. તે ગોમાનસીકાને વિષે ઘણાં સુવર્ણ ને રૂપામય પાટીયાં કહ્યાં છે. જાવત્ તે વજ્રમય રત્નના નાગદંતાને વિષે ઘણાં રૂપામય સીકાં છે. તે રૂપામય સીકાંને વિષે ઘણી વૈડુર્ય રત્નમય ધુપઘટી છે. તે ધુપઘટી કૃષ્ણાગર ઉત્તમ કુંદરૂક પ્રમુખે કરી સહીત છે. જાવત્ નાશીકા ને મન તેહને સુખનો ઉપજાવણહાર ગંધ. એહવે ગંધે કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વદીશે ચોકફેર પુરતી થકી પુરતી થકી રહે છે. વળી તે સુધર્મા સભાને વિષે મધ્યે ઘણુંક સમ મનોહર ભૂમિભાગ છે. જાવત્ મણિ પ્રમુખના સ્પર્શ પર્યંત જાણવું. ચંદ્રુયા; પદ્મલતા પ્રમુખ ભીતી ચીત્રામણ યુક્ત છે, જાવત્ સર્વ સુવર્ણમય છે, નિર્મળ છે, જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે બહુ સમ રમણીક ભૂમિભાગને વિષે ઘણા મધ્યદેશ ભાગે મ્હાં એક મોટી મણિપીઠીકા કહી છે. તે મણિપીઠીકા બે જોજન લાંબી, પહોળી છે ને એક જોજન જાડપણે છે, સર્વ મણિમય છે. તે મણિપીઠીકા ઉપરે ઇહાં માણવક નામે ચૈત્યથંભ છે. તે માણવક ચૈત્યથંભ સાડા સાત જોજન ઉંચો ઉચ્ચપણે છે, અર્ધકોશ ભૂમિમધ્યે ઊંડો છે ને અર્ધકોશ વીષ્કંભપણે છે. તે ચૈત્યથંભને ૭ હાંસ છે. ૭ સંધી છે. ને ૭ સ્થાનકે શોભીત છે. વજ્ર રત્નમય વૃત્ત પુષ્ટ સંસ્થીત છે. એમ જેમ મહેંદ્રધ્વજ વર્ણવ્યો તેમ થંભનો વર્ણન જાણવો. જાવત્ જોવા જોગ્ય છે. પ્રતિરૂપ છે. વળી તે માણવક ચૈત્યથંભને ઉપરે ૭ કોશ જઇએ એટલે દોઢ જોજન જઇએ અને હેઠે પણ ૭ કોશ છાંડીએ એટલે દોઢ જોજન છાંડીએ ત્યાં મધ્યે સાડા ચાર જોજનમાં ઘણાં સુવર્ણમય, રૂપામય પાટીયાં છે. તે સુવર્ણમય, રૂપામય પાટીયાંને વિષે ત્યાં ઘણાં વજ્ર રત્નમય નાગદંતા છે. તે વજ્ર રત્નમય નાગદંતાને વિષે ઘણાં રૂપામય સીકાં છે. તે ઘણાં રૂપામય સીકાંને વિષે ઘણાં વજ્ર રત્નમય ગોળ વૃત્તાકારે દાબડા કહ્યા છે. તે વજ્ર રત્નમય દાબડાને વિષે ઘણી જીનદાઢા છે. (તે દાઢારૂપે શાશ્વતી પુદ્ગળરૂપ જાણવી પણ તિર્થંકરની દાઢા નથી) તેણે કરી સનીક્ષીપ્ત થકી રહે છે. તે દાઢા વિજય દેવતાને ને બીજા પણ ઘણાં વ્યંતરીક દેવતા ને દેવાંગ્નાને અર્ચવા જોગ્ય છે, વાંદવા જોગ્ય છે, પુજવા જોગ્ય છે, ચંદનાદિકે, વસ્ત્રાદિકે સત્કારવા જોગ્ય છે, સન્માન બહુમાન દેવા જોગ્ય છે. કલ્યાણકારી, મંગળકારી દેવ સંબંધી ચૈત્યનીપરે સેવા કરવા જોગ્ય છે. (જેમ ઇહલોકે ઇહલોકના સુખને અર્થે દેવતા પ્રમુખની સેવા કરે છે તેમ દેવતા પણ તે દાઢાની સેવા કેવળ સંસાર નિમિત્તે કરે છે. એ જીત વેહેવાર છે. એનાં પુજવાવાળા ભવ્ય, અભવ્ય, સમકિતિ, મિથ્યાત્વિ બધા દેવતા છે. વળી કહ્યું છે જે તે જીનદાઢા વિજયદેવતા ને બીજા વ્યંતરીક દેવતા, દેવાંગ્નાને પુજવા જોગ્ય છે વગેરે બોલ કહ્યા પણ જો દાઢા પુજે કેવળી પરૂપ્યો ધર્મ હોત તો સાધુ, સાધવી, શ્રાવક, શ્રાવકા, સમદ્રષ્ટીને પુજવા જોગ્ય છે વગેરે એ બોલ કહેત તો તે તો નથી. વળી બીજા ઘણાં સિદ્ધાંતોના ન્યાયથી તે દાઢાનું પુજવું જીત વહેવારે છે પણ તેમાં ધર્મ નથી, કેમકે **धम्मीयसथे१. जिणपडिमा२. अने जिणदाढा३.** એ ત્રણે એક ખાતે છે.) વળી તે માણવક નામે ચૈત્યથંભ તે ઉપરે આઠ આઠ મંગળીક છે ધ્વજા છે. છત્રા તિ છત્ર છે.

વળી તે માણવક નામે ચૈત્યથંભને પુર્વ દીસે મ્હાં એક મોટી મણિપીઠીકા છે. તે મણિપીઠીકા બે જોજન લાંબી પોહોળી છે, ને એક જોજન જાડપણે સર્વ મણિમય છે. જાવત્ પ્રતિરૂપ છે. તે મણિપીઠીકા ઉપરે ઇહાં એક મોટું સીંહાસન છે. તે સીંહાસનનો વર્ણન પુર્વપરે જાણવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી તે માણવક ચૈત્યથંભને પશ્ચિમ દીસે ઇહાં એક મોટી મણિપીઠિકા છે. તે મણિપીઠીકા એક જોજન લાંબી પોહોળી છે. ને અર્ધ જોજન જાડપણે સર્વ મણિમય છે, નિર્મળ છે, જાવત્ પ્રતિરૂપ છે. તે મણિપીઠીકા ઉપરે ઇહાં એક મોટી દેવસજ્યા છે. તે દેવ સજ્યાનો એહવો એહવે રૂપે વર્ણવ કહ્યો છે. નાના મણિમય ઢોલીયા હેઠે પાયાના પડ-વાયા છે. ને સુવર્ણના પાયા છે. નાના મણિમય પાયાના મસ્તક છે. જંબુનંદ રત્નમય તેની ઇસ ને ઉપળાં છે. તેની વજ્ર રત્નમય સંધી પુરી છે. તે ઢોલીયા મધ્યે નાના રત્ન મણિમય પાટી ભરી છે. રૂપામય તળાઇ છે. લોહીતાક્ષ રત્નમય ઓસીકાં છે. સુવર્ણમય ગાલમસુરીયાં છે. બે પાસે બે ઓસીકાં છે. તે મસ્તક ને પાંગથીએ છે. બે પાસે ઉંચી છે. મસ્તકને પાંગથને પાસે. મધ્યે ગંભીર ઉંડીછે. ત્યાં બે ગાલમસુરીયાં છે. ગંગા નદીના જે તટ તેહની વેળુ તેહનીપરે શુકમાળ નમતી સજ્યા છે. તે સજ્યા રૂડું નીપાવ્યું દેવ દુષ્ય વસ્ત્ર તેણે કરી ઢાંકી છે. ભલાં રચ્યાં છે રજત્રાણરૂપ જ્યાં વસ્ત્ર તેણે કરી સહીત રાતે વસ્ત્રે કરી તે ઢોલીયો પાયા લગે ઢાંકયો છે. મનોહર છે. જેહવું મૃગચર્મ રૂ, બુર, (વનસ્પતિ વિશેષ) માંખણ, અર્કતુલ ઇત્યાદિકના સરખો સ્પર્શ છે. જોવા જોગ્ય છે. જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે દેવસજ્યાને ઇશાનખુણે ઇહાં એક મોટી મણિપીઠીકા કહી છે. તે મણિ-પીઠીકા એક જોજન લાંબી પોહોળી છે ને અર્ધ જોજન જાડપણે સર્વ મણિમય છે. જાવત્ નિર્મળ છે. પ્રતિરૂપ છે. તે મણિપીઠીકા ઉપરે એક પુર્વલા મહેંદ્ર ધ્વજની અપે-ક્ષાએ લઘુ એહવો મહેંદ્ર ધ્વજ કહ્યો છે. તે મહેંદ્ર ધ્વજ સાડાસાત જોજન ઉંચો ઉંચ-પણે છે. ને અર્ધ કોશ પોહોળપણે છે. વૈડુર્ય રત્નમય છે. વ્રત લષ્ટ સંસ્થીત છે. તેમજ પુર્વલીપરે જાવત્ આઠ આઠ મંગળીક ધ્વજા ને છત્રા તી છત્ર સહીત છે,

વળી તે લઘુ મહેંદ્ર ધ્વજને પશ્ચિમદીસે વિજય દેવતાનો ચોપાળ નામે હથીયારનો ભંડાર કહ્યો છે. ત્યાં વિજય નામે દેવતાના ભોગળ, રત્ન પ્રમુખ ઘણાં શસ્ત્ર રત્ન થાપ્યાં થકાં રહે છે. તે શસ્ત્ર નિર્મળ છે. કાટ રહિત છે, તેજવંત છે. તે શસ્ત્રની તીખી ધાર છે. જોવા જોગ્ય છે. જાવત્ પ્રતિરૂપ છે. તે સુધર્મા સભા ઉપરે ઘણાં આઠ આઠ મંગળિક, ધ્વજા ને છત્રા તી છત્ર છે.

વળી તે સુધર્મા સભાથી ઇશાન ખુણે ત્યાં એક મોટું સીધ્યાયતન કહ્યું છે. તે સીદ્ધાયતન સાડા બાર જોજન લાંબપણે છે, સવા છ જોજન પહોળપણે છે ને નવ જોજન ઉંચું ઉંચપણે છે. જાવત્ ગોમાણસીકા તે લઘુ લાંબા એટલા ત્યાં લગે અધિકાર જેમ સુધર્મા સભાએ વર્ણવ્યો તેમજ નિર્વિશેષપણે સીદ્ધાયતન પુર્વલી પરે કહેવું. વળી જેમ દ્વારના મુખ મંડપ ને પ્રેક્ષા ઘરના મંડપ, ધ્વજા, થુભ, ચૈત્ય વૃક્ષ, મહેંદ્ર ધ્વજ, નંદા પુષ્પકરણી વાવ પ્રમુખ ઇત્યાદિકનું પ્રમાણ સુધર્મા સભાના અધિકારથી જાણવું. વળી મનોગુલીકા તે ચોખુણા લઘુ એટલા ને ધુપઘડી પ્રમુખનો માન પુર્વલી પરે જાણવો. તેમજ વળી ધરતી તળ અને ચંદુયા પ્રમુખ તેહનો સ્પર્શ પુર્વલી પરે જાણવો. વળી તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સીદ્ધાયતન તેહને મધ્ય દેશ ભાગે ઇહાં એક મોટી મણિપીઠીકા છે. તે બે જોજન લાંબી, પહોળી છે ને એક જોજન જાડપણે સર્વ મણિમય છે, નિર્મળ છે. તે મણિપીઠીકા ઉપરે ઇહાં એક દેવછંદો છે. તે બે જોજન લાંબો પહોળો છે ને કાંઇક ઝાઝેરા બે જોજન ઊંચો ઉંચપણે છે. સર્વ રત્નમય છે. નિર્મળ છે. તે દેવછંદે એક સો ને આઠ જીન (દેવતાની) પ્રતિમા છે. તે જીન (દેવતાની) કાયા પ્રમાણે છે. એહવી પ્રતીમા થાપી રહે છે. તે જીન (દેવતાની) પ્રતિમાનો એહવો એહવે રૂપે વર્ણવ કહ્યો છે તે કહે છે. રાતા સુવર્ણના હાથના ને પગનાં તળીયાં છે. અંક રત્નમય નખ છે. તે મધ્યે લોહીતાક્ષ રત્નની રેખા છે. સુવર્ણમય ઘુંટણ, આંગળી ને અંગુઠા છે. સુવર્ણમય જાંગ છે. સુવર્ણમય ઢીંચણ છે. સુવર્ણમય સાથળ છે. સુવર્ણમય શરીર છે. રક્ત સુવર્ણમય ડુંટી છે. અરીષ્ટ રત્નમય શરીરની રોમરાય છે. તપનીય સુવર્ણમય છે ચુચક કહેતાં સ્તનના અગ્ર ભાગ તે જેનાં રાતા સુવર્ણમય હૃદય છે. કનકમય ભૂજા છે. સુવર્ણમય પાસાં છે. સુવર્ણમય ગ્રીવા (ડોક) છે. અરીષ્ટ રત્નમય હડપચી (ડાઢી છે). પ્રવાળામય હોઠ છે. સ્ફટીક રત્નમય દાંત છે. રાતા સુવર્ણમય જીભ ને તાળવું છે. સુવર્ણમય નાસીકા છે. ને મધ્યે લોહીતાક્ષ રત્નની પ્રતિસેક રેખારૂપ કાન્તિવંત છે. અંકરત્નમય આંખ છે. ને આંખ મધ્યે લોહીતાક્ષ રત્નની રેખા છે. પુલક રત્નમય દ્રષ્ટી છે. અરીષ્ટ રત્નમય કીકી છે. અરીષ્ટ રત્નમય પાંપણ છે, અરીષ્ટ રત્નમય ભાપણ (ભમર) છે, સુવર્ણમય ગાલ છે. સુવર્ણમય કાન છે, સુવર્ણમય નિલાડ (કપાળ) પટ્ટ છે. વજ્રરત્નમય મસ્તક છે. રાતા સુવર્ણમય કેસ ભૂમિ તે મસ્તકની ચાંમડી છે. અરીષ્ટ રત્નમય મસ્તકના કેસ છે. વળી તે જીન (દેવતાની) પ્રતિમાને પુંઠે પ્રત્યેક પ્રત્યેક છત્રધારકની પ્રતિમા કહી છે. તે છત્રધારકની પ્રતિમા સમુદ્રના ફીણ સમાન, રૂપા સમાન, મચકુંદ ફુલ તથા ચંદ્ર સમાન શ્વેત વર્ણે કોરંટ વૃક્ષના ફુલની માળાએ કરી યુકત એહવા ધોળાં છત્ર ગ્રહીને લીળા સહીત ધરતીથકી રહે છે. વળી તે જીન ( દેવતાની ) પ્રતિમાને બે પાસે પ્રત્યેક પ્રત્યેક ચામર ધારકની પ્રતિમા છે. તે ચામર ધારક પ્રતિમા ચંદ્રકાન્ત રત્ન, વજ્રરત્ન, વૈડુર્યરત્ન, અનેક પ્રકારના મણિ, કનક રત્ને રચીત બહુ મુલ્ય રકત સુવર્ણમય ઉજ્વળ નિર્મળ વિચીત્ર દંડે કરી સહીત શંખ તથા અંક રત્ન તથા મચકુંદ તથા પાણીના ફુવારા તથા અમૃત મથ્યું તેના ફીણના સમુહ તે સરીખાં સુક્ષ્મ શ્વેત રૂપામય જેહના લાંબા વાળ છે. એહવા ચામર ગ્રહીને લીળા સહીત વીંઝતી વિંઝતી થકી રહે છે. વળી તે જીન (દેવતાની) પ્રતિમા આગળે બે બે નાગ દેવતાની પ્રતિમા, બે બે જક્ષ દેવતાની પ્રતિમા, બે બે ભૂત દેવતાની પ્રતિમા, બે બે કુંડધાર (દેવતા વિશેષ) તેહની પ્રતિમા છે. તે વિનયે કરી નમતી, પગે લાગતી થકી, હાથ જોડતી થકી, એહવી થકી રહે છે. તે પ્રતિમા સર્વ રત્નમય છે, નિર્મળ છે; સુકમાળ છે, ધૃષ્ટ છે, રજ રહીત છે, કર્દમ રહીત છે, જાવત્ પ્રતિરૂપ છે. વળી તે જીન ( દેવતાની ) પ્રતિમા આગળે એકસો ને આઠ ઘંટા છે. એકસો ને આઠ ચંદને કરી ચર્ચિત કળશ છે. એમ એકસો ને આઠ ભૃંગાર, એકસો ને આઠ આરીસા, એકસો ને આઠ થાળ, એકશો ને આઠ પાત્રી, એકસો ને આઠ સુપ્રતિષ્ટક, (ભાજન વિશેષ) એકસો ને આઠ મનોગુલીકા, (પીઠ વિશેષ) એકસો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ને આઠ વીંજણા, એકસો ને આઠ મનોહર રત્ન કરંડ, એકસો ને આઠ હયકંઠક, (ભાજન) જાવત્ વૃષભ કંઠક, (ભાજન) એકસો ને આઠ ફુલની ચંગેરી, એકસો ને આઠ પુંજણીની ચંગેરી, એકસોને આઠ ફુલના પટલ, (ઢગલા) જાવત્ એકસોને આઠ સુગંધી તેલના દાબડા, જાવત્ એકસો ને આઠ ધુપના કડછા ઇત્યાદિક થાપ્યાં થકાં રહે છે. વળી તે સીદ્ધાયતન ઉપરે ઘણાં આઠ આઠ મંગળીક છે. ધ્વજા છે છત્રા તી છત્ર છે. તે સીદ્ધાયતનના શીખર સોળ પ્રકારને રત્ને કરી શોભીત કહ્યાં છે, તે કહે છે. રત્ન ૧, જાવત અરીષ્ટ રત્ન ૧૬. ઇત્યાદિકે શોભિત છે.

વળી તે સિદ્ધાયતનને ઇશાન ખુણે ઇહાં એક મોટી ઉપપાત સભા કહી છે. તે વિજય દેવતાને ઉપજવા જોગ્યનો ઠામ છે. તે જેહવી સુધર્મા સભા કહી તેહવી ઉપપાત સભા જાણવી. જાવત્ ગોમાણસીકા પર્યંત તેમજ જાણવું. તે ઉપપાત સભાએ પણ દ્વાર મુખ માંડવા (મુખ મંડપ) ભૂમિ ભાગ પ્રમુખ સર્વ સુધર્મા સભાની પરે જાવત્ મણિના સ્પર્શ પર્યંત અધિકાર જાણવો. તે સભાના સમ રમણીક ભૂમિ ભાગને વિષે મધ્ય દેશ ભાગે ઇહાં એક મોટી મણિપીઠીકા કહી છે. તે એક જોજન લાંબી પહોળી છે. ને અર્ધ જોજન જાડપણે સર્વ મણિમય છે. નિર્મળ છે. તે મણિપીઠીકા ઉપરે ઇહાં એક મોટી દેવતાની સજ્યા (ઢોલીયારૂપ) છે. તે દેવ સજ્યાનું વર્ણન પાછલીપરે જાણવું વળી તે ઉપપાત સભાને ઉપરે આઠ આઠ મંગળીક, ધ્વજા સહીત છત્રા તી છત્ર છે. જાવત્ જ્યાં લગે ઉત્તમ આકાર છે ત્યાં લગે સર્વ કહેવું.

વળી તે ઉપપાત સભા થકી ઇસાન ખુણની દીસે ઇહાં એક મોટો દ્રહ કહ્યો છે. તે દ્રહ સાડાબાર જોજન લાંબપણે છે, સવા છ જોજન પોહોળાપણે છે. ને દશ જોજન ઉંડો ઉંડપણે છે. આછો છે. સુકમાળ છે, તેનો સર્વ વર્ણન જેમ નંદા પુષ્પકરણીનો કહ્યો છે તેમ કહેવો. જ્યાં લગે તોરણ ત્યાં લગે કહેવો.

વળી તે દ્રહ થકી ઇશાન ખુણની દીસે ઇહાં એક મોટી અભિષેક સભા કહી છે. તેહનું વર્ણન જેમ સુધર્મા સભાનું વર્ણન પાછળ કીધું છે તેમ નિરવિશેષપણે કહેવું. જાવત્ ગોમાણસીકા (પીઠ વિશેષ) કહ્યાં છે. તે ભૂમિ ભાગ ઉપરે ઉલ્લેચ છે. તેમજ સર્વ કહેવું. તે ઘણું સમ રમણિક સ્થાનકે ઘણું મધ્ય દેશ ભૂમિ ભાગે ત્યાં એક મોટી મણિપીઠીકા કહી છે. તે મણિપીઠીકા એક જોજન લાંબપણે પોહોળાપણે છે, ને અર્ધ જોજન જાડપણે સર્વ મણિમય છે. નિર્મળ છે. તે મણિપીઠીકાને ઉપરે ત્યાં એક મોટો સીંહાસન કહ્યો છે. તે સીંહાસનનો વર્ણન પરીવાર રહીત કહેવો. ત્યાં સામાનીક પ્રમુખ દેવતાને બેસવાના ભદ્રાસન છે. તે અભિષેક સભાને વિષે વિજય દેવતાને અભિષેક કરવાના ઘણા અભિષેક ભાંડ, કળશાદિક થાપ્યાં થકાં રહેછે. તે અભિષેક સભા ઉપરે આઠ આઠ મંગળીક છે. જાવત્ ઉત્તમ આકાર છે, ને સોળ પ્રકારના રત્ન તેણે કરી ઉપ શોભીત છે.

વળી તે અભિષેક સભા થકી ઇશાન ખુણ દીસે ત્યાં એક મોટી અલંકારની સભા કહી છે. તેહની વ્યકતવ્યતા સર્વ અભિષેક સભાની પરે સર્વ કહેવી. જાવત્ ગોમાનસીકા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મણિપીઠીકા જેમ અભિષેક સભાએ કહી તેમ કહેવી તે મણિપીઠીકા ઉપરે સીંહાસન છે. તે પરીવાર વીના કહેવું. ત્યાં વિજય દેવતાને અલંકાર પહેરવાનાં ઘણાં ભાંડ આભૂષણે ભર્યાં થાપ્યાં થકાં રહેછે. તે અલંકાર સભા ઉપરે આઠ આઠ મંગળીક ધ્વજ છે. જાવત્ ઉત્તમ આકાર છે, ત્યાં લગે સર્વ કહેવું.

વળી અલંકાર સભા થકી ઉત્તર પુર્વ દીસે એટલે ઇશાન ખુણની દીસે ત્યાં એક મોટી વ્યવસાય સભા કહી છે. તેની પણ વ્યકતવ્યતા જેમ અભિષેક સભાની કહી તેમ કહેવી. જાવત્ સીંહાસન પરીવાર રહીત કહેવું. વળી ત્યાં વ્યવસાય સભાને મધ્યે એક મોટું પુસ્તક રત્ન થાપ્યું થકું રહે છે. ત્યાં તે પુસ્તક રત્ન તેહના એહવો એહવે રૂપે વર્ણવ કહ્યો છે. તે કહે છે. રીષ્ટ રત્નમય પુંઠા છે. રૂપામય તે લખવાના પાનાં છે. રીષ્ટ રત્નમય અક્ષર છે. તપનીયમય તે પાંના પરોવ્યાનો દોરો છે. અનેક મણિમય તે દોરાની ગાંઠ છે (જેણે કરી પાના નીકળે નહીં ઇત્યર્થ.) વૈડુર્ય રત્નમય મસી ભાજન (તે ખડીયો દવાત) છે. તપનીય સુવર્ણમય મસી ભાજનની સાંકળ છે. રીષ્ટ રત્નમય આચ્છાદાન (તે દવાતનું ઢાંકણું) છે. રીષ્ટ રત્નમય મસી (તે સાહી) છે. વજ્રમય લેખણ છે. રીષ્ટ રત્નમય અક્ષર છે. તેમાં કુળ આચાર કુળ ધર્મના શાસ્ત્ર લખ્યાં છે. તે વ્યવસાય સભાને ઉપરે આઠ આઠ મંગળીક, ધ્વજા સહીત છત્રા તી છત્ર છે. ઉત્તમ તેહનો આકારછે.

વળી તે વ્યવસાય સભાથકી ઇશાનખુણની દીશે ત્યાં એક મોટી નંદા પુષ્પકરણી કહી છે. તેહનું વર્ણન તે જેમ પુર્વે દ્રહનું વર્ણન કહ્યું તેમજ સર્વ કહેવું. વળી તે નંદા પુષ્પકરણીથકી ઇશાનખુણને દીશે ત્યાં એક મોટો બળીપાઠ કહ્યો છે. તે બળીપીઠ એ જોજન લાંબો, પહોળો છે ને એક જોજન જાડપણે સર્વ રત્નમય સ્વચ્છ છે. જાવત્ પ્રતિરૂપ છે. (ચાર વિશેષણ કહેવાં.) એ વિજય રાજ્યધાનીનું સ્વરૂપ કહ્યું. હવે જ્યારે વિજયદેવતા નવો ઉપજે ત્યારે શી આચરણા કરે તે દેખાડે છે.

## ૬૦. વિજય દેવતાનું ઉપજવું.

તે કાળે તે સમયે (ઉપજવાને સમયે) વિજયનામા દેવતા વિજય રાજ્યધાનીએ, ઉપપાત સભાએ, દેવતા સંબંધી સજ્યાને વિષે, દેવદુષ્ય વસ્ત્રને અંતરે, આંગુલને અસંખ્યાતમે ભાગે શરીરની અવગાહનાએ, વિજય રાજ્યધાનીના ઇંદ્રપણે ઉપનો. ત્યારે તે વિજયદેવતા તત્કાળ ઉપનો થકોજ પાંચ પ્રકારની પર્યાપ્તી કરીને પર્યાપ્તી ભાવપ્રતે તે કહે છે. આહાર પર્યાપ્તી ૧, (આહાર લીએ) શરીર પર્યાપ્તી ૨, (તે શરીર બાંધે) ઇંદ્રિય પર્યાપ્તી ૩, (તે પાંચે ઇંદ્રી બાંધે) સાસો શ્વાસ પર્યાપ્તી ૪, (તે શ્વાસો શ્વાસ લેવાની શક્તિ) ને ભાષા, મન પર્યાપ્તી ૫. (એકઠાં બાંધે તે માટે) (દેવતા, ભાષા. મન એક સમયે એકઠાં એક પર્યાપ્તીપણે બાંધે તે માટે પાંચ કહી, અન્યથા ૭ પર્યાપ્તી જાણવી.) ત્યારપછી તે વિજયદેવતાને પંચવિધ પર્યાપ્તે પર્યાપ્તો થયા થકાંને એહવો એ તદ્રૂપ અધ્યાત્મિક, ચિંતન, પ્રાર્થિત, મનોગત, સંકલ્પ ઉપનો, જે પુર્વે પ્રથમ હમણાં મુઝને શું મંગળીકકારી છે. પછી આગળે મુઝને શું શ્રેયકારી, પુર્વે પ્રથમ મુઝને શું કરવા જોગ્ય છે. શું મુઝને પછી આગળે કરવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોગ્ય છે. શું મુઝને પુર્વે હમણાં અથવા પછી હીતને કાજે, સુખને કાજે, ક્ષમાને કાજે, શ્રેયકારી, આનુગામી સહચારી થાશે. એહવું મનમાં ચીંતવે. ત્યારે તે વિજયદેવતાના સામાનીક દેવતા ને અભ્યંતર પરખદાના દેવતા. વિજય દેવતાનો એહવો તદ્રૂપ અભ્યર્થિત, ચિંતીત, પ્રાર્થિત, મનોગત, સંકલ્પ. ઉપનો જાણીને જ્યાં તે વિજય દેવતા છે ત્યાં આવે. આવીને વિજય દેવતા પ્રતે હાથ જોડી માથે આવર્તરૂપ અંજળી કરીને, જયે વિજયે કરીને વધાવે. વધાવીને એમ કહે. એમ નીશ્ચે હે દેવાનુપ્રીયા! તુમારી વિજયા રાજ્યધાનીને વિષે સિદ્ધાયતન છે. તેને વિષે એકસો ને આઠ જીન (દેવતાની) પ્રતિમા છે. તે જીન (દેવતાની) કાયા પ્રમાણે થાપીથકી રહે છે. ને વળી સુધર્મા સભાએ માણવકનામા ચૈત્યથંભને વિષે વજ્ર રત્નમય ગોળ વૃત્તાકારે દાબડા છે. તેહને વિષે ઘણી જીનદાઢા ( પુદ્ગળીક વસ્તુ દાઢાને રૂપે શાશ્વતે ભાવે) થાપીથકી રહે છે. તે દાઢા ને પ્રતિમા, હે દેવાનુપ્રીય! તુમને ને બીજાએ પણ ઘણા વિજય રાજ્યધાનીના રહેનાર દેવતા, દેવાંગ્નાને અર્ચવા જોગ્ય છે, વાંદવા જોગ્ય છે, પુજવા જોગ્ય છે, સત્કારવા યોગ્ય છે. સન્માનવા યોગ્ય છે. કલ્યાણકારી, મંગળીક, દેવ સંબંધી ચૈત્યનીપરે સેવવા યોગ્ય છે. એહ તુમારે પુર્વે હમણાં પણ હે દેવાનુપ્રીયા? મંગળીક છે, હે દેવાનુપ્રીય? તુમને પછે આગળે પણ મંગળીક, એહ હે દેવાનુપ્રીયા? એ તુમારી પુર્વે હમણાં પણ કરણી છે, એ તુમારી પછે પણ કરણી છે, જાવત્ અનુગામી સહચારી થાશે. એમ કહીને મોટે મોટે શબ્દે કરી જય જય શબ્દ પ્રજુંજે (કહે.)

ત્યારે તે વિજય દેવતા. તે સામાનીક ને માહીલી પરખદાના ઉપના દેવતાને સમીપે એ અર્થ સાંભળીને હીયે ધારીને પરીણમાવીને હર્ખે સંતુષ્ટ જ્યાંલગે હર્ષેકરી વિસ્તાર પામ્યો છે હીયો એહવો થઇને તે દેવસજ્યાથકી ઉઠે. ઉઠીને દેવતા સંબંધીયું દેવદુષ્ય જુગમ (વસ્ત્ર) પહેરે, તે પહેરીને તે દેવસજ્યાથકી ઉતરે, ઉતરીને ઉપપાત સભાના પુર્વને દ્વારે થઇ નીકળે, નીકળીને જીહાં દ્રહ છે ત્યાં આવે, આવીને તે દ્રહને પ્રદક્ષણા કરતો થકો પુર્વને તોરણે થઇને પેસે, પેસીને પુર્વદીશને પગથીએ થઇને દ્રહને વિષે ઉતરે, ઉતરીને દ્રહને અવગાહે, અવગાહીને જળનું અવગાહવું કરે, કરીને જળમંજન કરે. જળમંજન કરીને જળક્રીડા કરે, જળક્રીડા કરીને અત્યંત ચોખો થઇને પરમ સુચી પવિત્રથકો દ્રહથકી પાછો નીકળે, નીકળીને જ્યાં અભિષેક સભા છે ત્યાં આવે, આવીને અભિષેક સભાને પ્રદક્ષણા કરતો થકો પુર્વદીશને બારણે થઇને માંહે પ્રવેશ કરે, કરીને જ્યાં મણિપીઠીકા છે, જ્યાં સીંહાસન છે ત્યાં આવે, આવીને સિંહાસન વર પ્રધાન તેને પુર્વને મુખે બેસે. ત્યારે તે વિજય દેવતાના સામાનીક ને માહીલી પરખદાના ઉપના દેવતા તે પોતાના આભિયોગિક (તે આજ્ઞાકારી ચાકર) દેવતાને બોલાવે બોલાવીને એમ કહે સીઘ્ર (ઉતાવળા) અહો દેવાનુપ્રીયા! તમે વિજયદેવતાને કાજે મહા અર્થવંત્ત મહર્ઘ બહુમુલ્ય, વિપુળ, વિસ્તીર્ણ, ઇંદ્રાભિષેકને જોગ્ય વસ્તુ આણો.

## ૬૧. વિજય દેવતાને રાજ્યાભિષેક.

ત્યારે તે આજ્ઞાકારી દેવતા. વિજય દેવતાના સામાનીક ને અભ્યંતર પરખદાના દેવતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ કહેથકે આજ્ઞા દીધેથકે હર્ષ સંતુષ્ટ જાવત્ હૃદય થઇને બે હાથ જોડી આવર્ત્તનરૂપ અંજળી કરીને હે દેવાનુ પ્રીયા? જેમ તૂમે કહોછો તેમ કરશું. એમ આજ્ઞાએ વિનયે કરીને વચન સાંભળે, સાંભળીને ઇશાનખુણે આવે, આવીને વૈક્રીય સમુદ્દ્ઘાતે કરીને આત્મ પ્રદેશ શરીરથકી બાહીરે કાઢે, કાઢીને સંખ્યાતા જોજનનો આત્મ પ્રદેશનો દંડ કરીને શુભ પુદ્ગળ સંગ્રહે તે કહેછે. રત્ન ચંદ્રકાંતાદિ ૧. જાવત્ અરીષ્ટ રત્ન ૧૬. એહવા સોળ પ્રકારના રત્નના પુદ્ગળ તે યથા બાદર પુદ્ગળ અસાર છાંડે, છાંડીને યથા સુક્ષ્મ ઉત્તમ પુદ્ગળ ગૃહે, ગૃહીને બીજીવાર રૂપ નિપજાવવાને પણ વૈક્રીય સમુદઘાત કરે, કરીને એક હજાર ને આઠ સુવર્ણમય કળશ ૧, એક હજાર ને આઠ રૂપાના કળશ ૨. એક હજારને આઠ મણિમય કળશ ૩, એક હજારને આઠ સુવર્ણ, મણિમય કળશ ૪, એક હજારને આઠ રૂપા મણિમય, કળશ ૫, એક હજારને આઠ સુવર્ણ, રૂપામય કળશ ૬, એક હજારને આઠ રૂપા, સુવર્ણ, મણિમય કળશ ૭, એક હજારને આઠ (મંગળીકને અર્થે) માટીના કળશ, ૮, એહવા આઠ જાતીના કળશની વૈકુવણા કીધી. વળી એક હજારને આઠ ભૃંગાર, એક હજારને આઠ આરીસા, એક હજારને આઠ થાળ, એક હજારને આઠ પાત્રી, એક હજારને આઠ સુપ્રતિષ્ટ, એક હજારને આઠ ચીત્ર મનોહર રત્નના કરંડીયા. એક હજારને આઠ ફુલની ચંગેરી, જાવત્ એક હજારને આઠ મોરપીંછની પુંજણીની ચંગેરી, એક હજાર ને આઠ ફુલનો પટલ, જાવત એક હજારને આઠ પુંજણીના પટલ, એક હજાર ને આઠ સીંહાસન, એક હજાર ને આઠ છત્ર, એક હજાર ને આઠ ચામર, એક હજાર ને આઠ ગોળવૃત તેલના દાબડા. જાવત્ એક હજાર ને આઠ ધુપના કડછા (ભાજન વિશેષ) તે દેવતા વૈકુવે. તેમાં કેટલાએક સાસ્વતા ને કેટલાએક વિકુર્વણાના કીધા. તે ભૃંગાર, કળશ, જાવત્ ધુપના કડછા (ભાજન) તે પ્રતે લઇને વિજય રાજધાની થકી નીકળે. નીકળીને તેહવી ઉત્કૃષ્ટી જાવત્ અદ્ભૂત દિવ્ય દેવતાની ગતિએ ત્રીછા અસંખ્યાતા દ્વીપ, સમુદ્ર, મધ્યો મધ્ય થઇને જાતા થકાં જ્યાં વર પ્રધાન ખીર સમુદ્ર છે. ત્યાં આવે, ત્યાં આવીને ખીરોદક (ખીર સમુદ્રનું પાણી) લીએ, ખીરોદક લઇને જે ત્યાં ઉપલ, પદ્મ, સુભગ, સુગંધી, પુંડરીક, મહા પૂંડરીકાદીક પુષ્પ (ફુલ) લીએ, લઇને પછે જ્યાં પુષ્કર સમુદ્ર છે ત્યાં આવે, આવીને પુષ્કરોદક (પાણી) લીએ. પુષ્કરોદક લઇને જે ત્યાં ઉત્પલ, પદ્મ, સુભગ, સુગંધ, પુંડરીક, મહા પુંડરીકાદિ પુષ્પ લીએ, લઇને પછે જ્યાં મનુષ્ય ક્ષેત્ર છે. જ્યાં ભરત, ઐરવત ક્ષેત્ર છે. જ્યાં માગધ ૧. પ્રભાસ ૨. ને વરદામ ૩. નામે ત્રણ તિર્થ છે ત્યાં આવે. આવીને તે તિર્થનાં પાણી લીએ, લઇને તે તિર્થની માટી લીએ, લઇને પછે જ્યાં ગંગા ૧. સીંધુ, ૨. રક્તા ૩. ને રક્તવઇ ૪. નામે નદી છે ત્યાં આવે, આવીને તે નદીના પાણી લીએ, લઇને બે તટ (કાંઠા) ની માટી લીએ, લઇને પછે જ્યાં ચુલહીમવંત ને શીખરી નામે વર્ષધર પર્વત છે ત્યાં આવે, ત્યાં આવીને સર્વ તુંબરસ, કષાયરસ, સર્વ ફુલ, સર્વ ગંધ, સર્વ મલ્લ, સર્વ ગુચ્છા જાવત સર્વોષધી લીએ, સરસવ તે સર્વ લીએ, લઇને પછે જ્યાં મોટા પદ્મ ને પુંડરીક નામે બે દ્રહ છે. ત્યાં આવે, ત્યાં આવીને દ્રહનું પાણી લીએ. વળી જે ત્યાં ઉત્પલ જાવત્ સહશ્રપત્ર ત્યાંથી લીએ, લઇને પછે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં હેમવંત ને ઐરણ્યવંત જુગળ ક્ષેત્ર છે. ત્યા રોહીતા ૧, રોહીતંસા ૨, સુવર્ણ કુળા ૩, ને રૂપકુળા ૪. એ નામે જુગળ ક્ષેત્રની નદી છે ત્યાં આવે, ત્યાં આવીને ત્યાંનું પાણી લઇને બે તટ (કાંઠા) ની માટી લીએ, લઇને પછે જ્યાં સબ્દાપાતી ને માલવંત નામા બે વૃત્ત વૈતાઢય પર્વત છે ત્યાં આવે, આવીને ત્યાંથી સર્વ જાતના સર્વોષધી સરસવને લીએ, સરસવ લઇને પછે જ્યાં મહા હીમવંત ને રૂપી વર્ષધર પર્વતછે ત્યાં આવે, આવીને સર્વ પુષ્ફાદિ તેમજ લીએ પુર્વલીપરે. પછે જ્યાં મહા પદ્મદ્રહ ને પુંડરીક દ્રહછે ત્યાં આવે, આવીને જે ત્યાંના ઉત્પલને તેમજ લીએ. પછે જ્યાં હરીવર્ષ અને રમ્યકવર્ષ બે જુગળ ક્ષેત્ર છે. ત્યાં હરીકાંતા ૧, હરી સલીલા ૨, નરકાંતા ૩, ને નારીકાંતા ૪, નામે નદી છે ત્યાં આવે, આવીને તે નદીના પાણી લીએ, લેઇને પછી જ્યાં વિકટાપાતિ ને ગંધાપાતિ નામે બે વૃત્ત વૈતાઢય પર્વત છે. ત્યા આવે, આવીને સર્વ જાતિના ફુલ, પાણી, તેમજ લીએ, લેઇને પછે જ્યાં નિષધ ને નીલવંત નામે વર્ષધર પર્વત છે ત્યાં આવે, આવીને સર્વ રૂતુના ફળ, ફુલ, તેમજ લીએ, લઇને પછે જ્યાં તીગછ દ્રહ ને કેસરી દ્રહ છે ત્યાં આવે, આવીને દ્રહનું પાણી, પદમ ફુલ લીએ, લેઇને પછે જ્યાં પુર્વ મહાવિદેહ ને પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્ર છે જ્યાં સીતા, સીતોદા, મહા નદી છે. જ્યાં સર્વ ચક્રવર્તિની વિજય છે તેહને વિષે જ્યાં માગધ, વરદામ ને પ્રભાસ તિર્થ છે ત્યાં આવે, આવીને તે તિર્થનું પાણી તે તીર્થની માટી લીએ, લઇને પછે જ્યાં સર્વ અંતર નદી છે ત્યાં આવે, આવીને નદીના પાણી લીએ, લેઇને પછે જ્યાં સર્વ વખારા પર્વત છે ત્યાં આવે, આવીને ત્યાંથી સર્વ તુંબ રસ, કષાય રસ. તેમજ લીએ, લેઇને પછે જ્યાં મેરૂ પર્વત છે, જ્યાં ભદ્રાસાળ વન છે ત્યાં આવે, આવીને સર્વ તુંબરસ વસ્તુ જાવત્ સર્વ ઓષધી ધોળા સરસવને લેઇને પછે જયાં નંદન નામે વન છે ત્યાં આવે, આવીને સર્વ કસાય રસ જાવત્ સર્વોષધી સરસવ, સરસ, ગોશીર્ષ, ચંદન પ્રતે ગ્રહે, ગ્રહીને પછે જ્યાં સોમનસ નામે વન છે ત્યાં આવે, આવીને સર્વ કષાય રસ જાવત્ સર્વોષધી સરસવ, સરસ ગોશીર્ષ, ચંદન ને દેવ સંબંધી પુષ્પમાળા લીએ, લેઇને પછે જ્યાં પંડુક નામે મેરૂને શીખરે વન છે ત્યાં આવે, આવીને સર્વ કષાય વસ્તુ જાવત્ સર્વોષધી સરસવ, સરસ, ગોશીર્ષ ચંદન ને દીવ્ય ઉત્તમ ફુલની માળા ને દરદર ને મલય જાતીના સુગંધ ચંદન જાતીના તે પ્રતે લીએ, લેઇને સર્વ દેવતા એકઠા મળે, મળીને પછે જંબુદ્વીપને પુર્વ દીસને વિજયનામા દ્વારે થઇને નીકળે, નીકળીને તેહવી ઉત્કૃષ્ટી જાવત્ દેવતા સંબંધી ગતે કરીને ત્રીછા અસંખ્યાતા દ્વીપ, સમુદ્રને મધ્યે મધ્ય થઇને જાતાં જાતાં થકાં જ્યાં વિજય નામે રાજધાની છે ત્યાં આવે, આવીને વિજય રાજ્યધાની પ્રતે પ્રદક્ષણા કરતા થકાં જ્યાં અભિષેક કરવાની સભા છે. જ્યાં વિજય દેવતા છે ત્યાં આવે, આવીને બે હાથ એકઠા જોડીને માથે ચઢાવી આવર્ત્ત કરીને જયે વિજયે કરી વધાવે, વધાવીને વિજય દેવતાને આગળે તે માહા અર્થવંત મહગ્ધં બહુ મુલ્ય વિપુળ વિસ્તીર્ણ અભિષેક જોગ જળાદિક વસ્તુ મુકે.

ત્યારે તે વિજય દેવતાને ચાર હજાર સામાનીક દેવતા. ચાર અગ્રમહીષી (પટરાણી) પરીવાર સહીત, ત્રણ પરખદા, સાત કટક, સાત કટકના અધિપતિ, સોળ હજાર આત્મ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રક્ષક દેવતા પ્રમુખ, અનેરા ઘણાં વિજય રાજ્યધાનીના વાસી વાણવ્યંતર દેવતા ને દેવાંગ્ના તે સ્વાભાવીક કળશ તથા ઉત્તર વૈક્રીય ભૃંગાર કળશ. વધમાન કમળની સરખી બેસણીએ થાપ્યા સુગંધ વર પ્રધાન પાણીએ ભર્યા, ચંદને કરી ચર્ચિત જેહને ગળે દોરા બાંધ્યા છે એહવા કમળ પદ્મ ઉત્પલને આકારે પ્રધાન ઢાંકણે ઢાંક્યા છે. સુંહાળા કોમળ એહવા હસ્ત તળને વિષે ગૃહ્યા સર્વ કળશ એહવા. એક હજારને આઠ સોનાને કળશે કરી ૧. એમ એક હજારને આઠ રૂપાના ૨, એમ મણિના ૩, સોના રૂપાના ૪, સુવર્ણમણિના ૫, રૂપા મણીના ૬, રૂપા, સુવર્ણ, મણિના ૭, ને માટીના ૮. એમ આઠ હજાર ને ચોસઠ કળશે કરી, સર્વ પાણીએ કરી, સર્વ મૃતિકા (માટી) એ કરી, સર્વ તુંબ રસ વસ્તુએ કરી, સર્વ જાતિના ફુલે કરી, જાવત્ સર્વોષધી શ્વેત સરસવે કરીને સર્વ રૂધીએ કરી, જાવત્ સર્વ ફુલ, ગંધ. માલ્ય, અલંકારની શોભાએ કરી, સર્વ દેવ સંબંધી વાજીંત્રને શબ્દે કરી,*મોટી રૂધીએ કરી, મોટી કાન્તિએ કરી, મોટે બળે કરી, મોટે દેવતાને સમુદાએ કરી, મોટી ત્રુટિત તે વાજીંત્ર જમક સમક (એક સાથે બેન્ડની પરે) નામે પડવડાં વજાડયા તેહને શબ્દે કરીને, શંખ, પણવ, વાજીંત્ર, પડહ, ભેરી, ઝાલરી, ખરમુહી, કાલટીહુ, મુક વાજીંત્ર પ્રમુખ માદળ, દેવ દુંદુભી, નિર્ઘોષવંત વજાડવાને શબ્દે કરીને, મોટે મોટે ઇંદ્રાભિષેકે કરીને અભિષેક કરે.

## ૬૨ વિજય રાજ્યધાનીના દેવતાના આનંદીત કૃત્ય.

ત્યારે તે વિજય દેવતાને મોટે મોટે ઇંદ્રાભિષેક વરતતે થકે. કેટલાએક દેવતા વિજય રાજ્યધાની પ્રતે અત્યંત ઉદક ( પાણી ) નહીં. અત્યંત માટી નહીં, વિમળપણે ફુવારા માત્ર અલ્પ સુગંધ રથ રેણું તે ઉડે ત્યારે એહવો સુગંધ પાણીનો મેઘ વરસાવે, કેટલાએક દેવતા વિજય રાજ્યધાની રજ રહીત નિષ્ટ રજ, પ્રસાંત રજ, ઉપસમી છે રજ, જીહાં એહવી કરે. કેટલાએક દેવતા વિજય રાજ્યધાની પ્રતે માંહે અને બાહીરે પાણીએ છાંટી, પુંજી, લીપી, ફીરી પાણીએ છાંટી પવીત્ર કરી સુદ્ધ કર્યો છે માર્ગ જીહાં એહવી કરે. કેટલાએક દેવતા વિજય રાજ્યધાની પ્રતે માંચા ઉપર માંચા માંડીને તેણે સહીત કરે. કેટલાએક દેવતા વિજય રાજ્યધાની પ્રતે અનેક પ્રકારના રંગની ઉંચી કીધી છે ધ્વજા વિજય વિજયંતી નામે પતાકા ઉપરે પતાકા તેણે કરી મંડીત સહીત કરે. કેટલાએક દેવતા વિજય રાજ્યધાની પ્રતે ઉપરલી ભૂમિ ચંદનના માંડલા તેણે કરી પુજીત તથા ચંદુયા સહીત કરે, કેટલાએક દેવતા વિજય રાજ્યધાની પ્રતે ગોશીર્ષનામા ચંદન તથા રસ સહીત રક્ત ચંદન તથા દરદર નામા ચંદન તેના દીધા છે પંચાંગુલી તળ તે હાથા ( થાપા ) જીહાં એહવી કરે. કેટલાએક દેવતા વિજય રાજયધાની પ્રતે થાપ્યા છે ચંદને અર્ચિત કળશ ત્યાં ચંદનના ઘડા ભરીને થાપ્યા છે તોરણે જીહાં એહવો પ્રતિદ્વાર દેસ ભાગ કરે. કેટલાએક દેવતા વિજય રાજ્યધાની પ્રતે ઉંચી વળગાડી તળા લગે પોહોંચે એહવી વિપુળ વિસ્તીર્ણ વૃત્તાકારે પ્રલંબાયમાન એહવી ફુલની માળા કલિત કરે. કેટલાએક દેવતા વિજય રાજધાની પ્રતે પાંચ વરણી સરસ સુગંધ મુકયો જે ફુલનો સમુહ તેહને ઉપચારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીને કલિત સહીત કરે. કેટલાએક દેવતા વિજય રાજધાની પ્રતે કૃષ્ણાગરૂ, ઉત્તમ કુંદરૂક, સેલારસ તેહના ધુપનો મઘમઘાયમાન ગંધનું ઉછળવું તેણે કરી અભિરામ સુગંધવર પ્રધાન ગંધે કરી ગંધિત ગંધ વૃષ્ટી ભૂત કરે, કેટલાએક દેવતા રૂપાનો વરસાદ વરસાવે. કેટલાએક દેવતા સુવર્ણની વૃષ્ટિ કરે. એમ રત્નની વૃષ્ટી કરે, વજ્ર હીરાની વૃષ્ટી કરે, માળાની વૃષ્ટી કરે, ગંધવાસની ગંધની વૃષ્ટી કરે, ચૂર્ણની વૃષ્ટી કરે, વસ્ત્રની વૃષ્ટી કરે, આભર્ણની વૃષ્ટી કરે. કેટલાએક દેવતા હીરણ (રૂપા) ની વીધી દીપાવે. એમ સુવર્ણની વીધી, રત્નની વિધી, વજ્ર હીરાની વિધી, ફુલની વિધી, માલ્યની વિધી, ગંધની વિધી, વસ્ત્રની વિધી, આભરણની વિધી, દીપાવે. વળી કેટલાએક દેવતા ચાર પ્રકારનાં વાજીંત્ર વજાડે તે કહેછે. તંતવિણાદિક ૧, વિતત ભેરી પ્રમુખ ૨ ઘણતાલ પ્રમુખ ૩, શુશિર તે માદલ પ્રમુખ ૪. વળી કેટલાએક દેવતા ચાર પ્રકારનાં ગીત ગાય તે કહેછે. ઉક્ષિપ્ત પેહેલેથી આરંભવું તે ૧, પ્રવર્ત્તક પ્રસ્તાવીક ગાયને પ્રવર્તે ૨, મંદાયીત મુર્છના સહીત ગાય તે ૩, ને રોચીતા વસાત યથોચિત લક્ષણોપેત ગાય તે ૪. કેટલાએક દેવતા ચાર પ્રકારે અભિનય દેખાડે તે કહે છે. દ્રષ્ટાંતિક ૧, પ્રાતિશ્રુતિક ૨, સામાન્યો વિનિપાતીક ૩, ને લોક મધ્યા વસાનિક ૪, (એ ચાર વિધે ડાહ્યો હોય તે નાટકીઓ કહીએ.) વળી કેટલાએક દેવતા દ્રુત નામા (બાવીશમો) નાટીક દેખાડે. કેટલાએક દેવતા વિલંબીત નામા (ત્રેવીશમો) નાટીક દેખાડે. કેટલાએક દેવતા દ્રુત વિલંબીત નામા (ચોવીશમો) નાટીક દેખાડે. કેટલાએક દેવતા અચિત નામા (પચીશમો) નાટીક દેખાડે. કેટલાએક દેવતા રીભીત નામા (છવીશમો) નાટીક દેખાડે. કેટલાએક દેવતા અચિત રીભિત નામા (સત્તાવીશમો) નાટીકની વિધી દેખાડે, કેટલાંએક દેવતા આર્ભટ નામા (અઠાવીશમો) નાટક દેખાડે. કેટલાએક દેવતા ભસોળ નામા (ઓગણત્રીશમો) નાટીક દેખાડે. કેટલાએક દેવતા આરભટ ભસોળ નામા (ત્રીશમો) નાટીક દેખાડે. કેટલાએક દેવતા ઉંચુ ઉત્પતિને નીચે પડવું તે ઉત્પાત, નિપાત પુર્વક નીચું પડીને ઉંચુ ઉત્પતવું તે પાતોત્પાત પૂર્વક શરીર સંકોચીને પસારવું તે સંકુચીત પ્રસારીત જાવું આવવું, ભ્રાંત સંભ્રાત નામા (એકત્રીશમો) દીવ્ય નાટક દેખાડે. કેટલાએક દેવતા પુષ્ટ થાય, કેટલાએક બુત્કાર કરે. કેટલાએક તાંડવનામા નૃત્ય કરે કેટલાએક દેવતાપુષ્ટ થાય બુત્કાર કરે, તાંડવ કરે, લાસ્ય કરે, એ ચારે સામટાં કરે. કેટલાએક દેવતા આસ્ફોટ કરે. કેટલાએક દેવતા માંહોમાંહે વળગે. કેટલાએક દેવતા ત્રિપદિ છેદે. કેટલાએક દેવતા આસ્ફોટ કરે, વળગે, ને ત્રિપદી છેદે. એ ત્રણે સામટાં કરે. કેટલાએક દેવતા ઘોડાનીપરે હેંષારવ કરે. કેટલાએક દેવતા હાથીની પરે ગુલ ગુલાટ શબ્દ કરે. કેટલાએક દેવતા રથનીપરે ઘણ ઘણાટ શબ્દ કરે. કેટલાએક દેવતા ઘોડાનો હેંષારવ, હાથીનો ગુલ ગુલાટ ને રથનો ઘણ ઘણાટ એ ત્રણે સામટાં કરે. કેટલાએક દેવતા ઉંચા ઉચ્છલે. કેટલાએક દેવતા પાછા પડે. કેટલાએક દેવતા આકરો શબ્દ કરે. કેટલાએક દેવતા ઉંચા ઉચ્છલે, પાછા પડે ને આકરો શબ્દ કરે એ ત્રણે સામટાં કરે. કેટલાએક દેવતા સીંહનાદ કરે. કેટલાએક દેવમા પગે કરી દર દર શબ્દ કરે. કેટલાએક દેવતા ભૂમિ ચપેટા દીએ. કેટલાએક દેવતા સીંહનાદ, દર દર, ને ભૂમિ ચપેટા દીએ. એ ત્રણે સામટાં કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાએક હકાર શબ્દ કરે. કેટલાએક બુત્કાર શબ્દ કરે. કેટલાએક થઇકાર શબ્દ કરે. કેટલાએક પુત્કાર કરે. કેટલાએક વકાર શબ્દ કરે, કેટલાએક દેવતા નામ લઇ બોલાવે. કેટલાએક હંકાર, પુત્કાર, થઇકાર, વકાર શબ્દ ને નામ કહે. બુકાર શબ્દ. એ ૭ વાંનાં સામટાં કરે. કેટલા એક દેવતા ઉંચા ઉત્પતે, કેટલાએક દેવતા નીચા પડે. કેટલાએક દેવતા ત્રીછા પડે. વળી કેટલાએક દેવતા ઉંચા ઉત્પાતે, નીચા પડે, અને ત્રીછા પડે. એ ત્રણે સાંમટાં કરે. કેટલાએક દેવતા જવાળારૂપ થાય કેટલાએક દેવતા તપે. કેટલાએક દેવતા પ્રતપે, કેટલાએક દેવતા જવળે, તપે ને પ્રતપે. એ ત્રણે સામટાં કરે. કેટલાએક દેવતા ગાજ કરે, કેટલાએક દેવતા વીજ કરે, કેટલાએક દેવતા વર્ષા કરે. વળી કેટલાએક દેવતા ગાજ, વીજ ને વર્ષા. એ ત્રણે સાંમટાં કરે. કેટલાએક દેવતા દીવ સનિપાત કરે. કેટલાએક દેવોત્કલિકા કરે. કેટલાએક દેવતા કહકહાટ કરે. કેટલાએક દેવતા દુહદુહ શબ્દ કરે. વળી કેટલાએક દેવતા સનીપાત કરે, દેવોત્કલીકા, કહકહાટ ને દુહદુહ શબ્દ, એ ચારે સામટાં કરે. કેટલાએક દવતા ઉષ્પોત કરે, કેટલાએક દેવતા વીક્ષતા કરે. કેટલાએક દેવતા વસ્ત્રની વૃષ્ટિ કરે. કેટલાએક દેવતા ઉષ્પોત, વિજળી પેઠે ઝબકારા, અને કેટલા એક દેવતા વસ્ત્રની વૃષ્ટિ એ ત્રણે સામટાં કરે. કેટલાએક દેવતા બત્રીશ બંધ નાટકની વિધિ દેખાડે તે કહે છે. સ્વસ્તિક ૧, શ્રી વત્સ ૨, નદાવર્ત્ત ૩, વર્ધમાન ૪, ભદ્રસન ૫, કળશ ૬, મત્સ ૭, દર્પણ ૮, રૂપ આઠ મંગળીકને આકારે અભીનય જેહનો આકાર છે. એવા પ્રકારનો પ્રથમ નાટિક વિધિ; ॥૧॥ આવરત ૧, પ્રત્યાવરત ૨, શ્રેણિ ૩, પ્રશ્રેણિ ૪, સ્વસ્તિક ૫, પુષ્પમાણ ૬, વર્ધમાન ૭, મત્સાંડક ૮, મકરાંડક ૯, જારમાર ૧૦, પુષ્પાવળી ૧૧, પદ્મપત્ર ૧૨, સાગરાતરંગ ૧૩, વાસંતિ લતા ૧૪, પદ્મ લતાની વિધિ ૧૫, એ ચિત્ર આલેખન જેહનો અભિનય પ્રકાર છે એવો બીજો નાટિક વિધિ ॥૨॥ ઇહાંમૃગ ૧, રૂષભ ૨, તુરંગ ૩, નર ૪, મકર ૫, વિહંગ ૬, વ્યાળ ૭, કિનર ૮, રૂરૂ ૯, સરભ ૧૦, ભમર ૧૧, કુંજર ૧૨, વનલતા ૧૩, પદ્મ લતા ૧૪, વિચિત્ર ચિત્રનામા ૧૫, એ ત્રીજો નાટિક વિધિ. ॥૩॥ એકથી ચક્ર ૧, બેથી ચક્ર ૨, એકથી ચક્રવાળ ૩, બેથી ચક્રવાળ ૪, ચક્રારથી ચક્રવાળ ૫, એવા જેહનો પ્રકાર છે તે ચોથો નાટિક વિધિ. ॥૪॥ ચંદ્રાવળિ પ્રવિભક્તિ ૧, સૂર્યાવળિ પ્રવિભક્તિ ૨, વળ્યાવળિ પ્રવિભક્તિ ૩, તારાવળિ પ્રવિભક્તિ ૪. મુકતાવળિ પ્રવિભકિત ૫, રત્નાવળિ પ્રવિભકિત ૬, કનકાવળિ પ્રવિભકિત ૭, હંશાવળિ પ્રવિભકિત ૮, એકાવળિ પ્રવિભકિત ૯, એ પાંચમો નાટિક વિધિ ॥૫॥ ચંદ્રોદ્ગગમ પ્રવિભકિત ૧, સુર્યોદ્ગગમ પ્રવિભકિત ૨, એહવા પ્રકારે ઉદ્ગગમન પ્રવિભકિત નામે છઠો નાટિક વિધિ. ॥૬॥ ચંદ્રાગમન પ્રવિભકિત ૧, સૂર્યાગમન પ્રવિભકિત ૨, એ પ્રકારે આગમનાગમન પ્રવિભકિત નામા સાતમો નાટિક વિધિ ॥૭॥ ચંદ્રાવરણ પ્રવિભકિત ૧, સૂર્યાવરણ પ્રવિભકિત્ત ૨, એ પ્રકારે આવરણા વરણ પ્રવિભકિત નામા આઠમો નાટિક વિધિ ॥૮॥ ચંદ્રસ્તમન પ્રવિભકિત ૧, સૂર્યાસ્તમન પ્રવિભકિત ૨, એ પ્રકારે અસ્તમન પ્રવિભક્તિ નામા નવમો નાટિક વિધિ. ॥૯॥ ચંદ્ર મંડળ પ્રવિભક્તિ ૧, સૂર્ય મંડળ પ્રવિભક્તિ ૨, નાગ મંડળ પ્રવિભક્તિ ૩, યક્ષ મંડળ પ્રવિભક્તિ ૪, ભૂત મંડળ પ્રવિભક્તિ ૫, રાક્ષસ મંડળ પ્રવિભકિત ૬, મહોરગ મંડળ પ્રવિભક્તિ ૭,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગંધર્વ મંડળ પ્રવિભક્તિ ૮, એ મંડળ પ્રવિભક્તિનામા દશમો નાટિક વિધિ. ॥૧૦॥ રૂષભ મંડળ પ્રવિભક્તિ ૧, સિંહ મંડળ પ્રવિભક્તિ ૨, હય વિલંબીત ૩, ગજ વિલંબીત ૪, હય વિલસીત ૫, ગજ વિલસિત ૬, મત્ત હય વિલસિત ૭, મત્ત ગજ વિલસિત ૮, મત્ત હય વિલંબિત ૯, મત્ત ગજ વિલંબિત ૧૦, દ્રત વિલંબિત ૧૧, નામા અગ્યારમો નાટિક વિધિ. ॥૧૧॥ સકટ પ્રવિભક્તિ ૧, સાગર પ્રવિભક્તિ ૨, નાગ પ્રવિભક્તિ ૩, સાગર નાગ પ્રવિભક્તિ ૪, નામા બારમો નાટિક વિધિ ॥૧૨॥ નંદા પ્રવિભક્તિ ૧, ચંદા પ્રવિભક્તિ ૨, નંદા ચંદા પ્રવિભક્તિ ૩, નામા તેરમો નાટિક વિધિ. ॥૧૩॥ મત્સાંડક પ્રવિભક્તિ ૧, મકરાંડક પ્રવિભક્તિ ૨, જાર પ્રવિભક્તિ ૩, માર પ્રવિભક્તિ ૪, મત્સાંડક, મકરાંડક, જાર, માર, પ્રવિભક્તિ ૫, નામા ચૌદમો નાટીક વિધિ. ॥૧૪॥ કકાર પ્રવિભક્તિ ૧, ખકાર પ્રવિભક્તિ ૨, ગકાર પ્રવિભક્તિ ૩, ઘકાર પ્રવિભક્તિ ૪, ઙકાર પ્રવિભક્તિ ૫, નામા પંદરમો નાટિક વિધિ. ॥૧૫॥ ચકાર ૧, છકાર ૨, જકાર ૩, ઝકાર ૪, ઞકાર પ્રવિભક્તિ ૫, નામા સોળમો નાટિક વિધિ. ॥૧૬॥ ટકાર ૧, ઠકાર ૨, ડકાર ૩, ઢકાર ૪, ણકાર પ્રવિભક્તિ ૫, નામા સતરમો નાટિક વિધિ. ॥૧૭॥ તકાર ૧, થકાર ૨, દકાર ૩, ધકાર ૪, નકાર પ્રવિભક્તિ ૫. નામા અઢારમો નાટિક વિધિ ॥૧૮॥ પકાર ૧, ફકાર ૨, બકાર ૩, ભકાર ૪, મકાર પ્રવિભક્તિ ૫, નામા ઓગણીશમો નાટિક વિધિ. ॥૧૯॥ અશોક પલ્લવ પ્રવિભકિત ૧, આમ્રપલ્લવ પ્રવિભકિત ૨, જંબુ પલ્લવ પ્રવિભકિત ૩, કોશાંબ પલ્લવ પ્રવિભકિત ૪. એ પ્રકારે પલ્લવ પ્રવિભક્તિ નામા વીશમો નાટિક વિધિ. ॥૨૦॥ પદ્મ લતા પ્રવિભક્તિ ૧, નાગ લતા પ્રવિભકિત ૨, અશોક લતા પ્રવિભકિત ૩, ચંપક લતા પ્રવિભકિત ૪, ચૂત લતા પ્રવિભકિત ૫, વન લતા પ્રવિભક્તિ ૬, વાસંતિ લતા પ્રવિભકિત ૭, અતિમુક્ત લતા પ્રવિભકિત ૮, શ્યામ લતા પ્રવિભક્તિ ૯, એ પ્રકારે લતા પ્રવિભકિત નામા એકવીશમો નાટિક વિધિ. ॥૨૧॥ દ્રુતનામા બાવીશમો નાટિક વિધિ. ॥૨૨॥ વિલંબિત નામા ત્રેવીશમો નાટિક વિધિ. ॥૨૩॥ દ્રુત વિલંબિત નામા ચોવીશમો નાટિક વિધિ. ॥૨૪॥ અંચિત નામા પચીશમો નાટિક વિધિ. ॥૨૫॥ રિભિત નામા છવીશમો નાટિક વિધિ ॥૨૬॥ અંચિત રિભિત નામા સતાવીશમો નાટિક વિધિ ॥૨૭॥ આર્ભટ નામા અઠાવીશમો નાટિક વિધિ. ॥૨૮॥ ભશોળ નામા ઓગણત્રીશમો નાટિક વિધિ. ॥૨૯॥ આરભટ ભશોળનામા ત્રીશમો નાટિક વિધિ. ॥૩૦॥ ઉત્પાત, નિપાત, પ્રસક્ત, સંકુચિત, પ્રસારિત, રચિત સંભ્રાત નામા એકત્રીશમો નાટિક વિધિ. ॥૩૧॥ શ્રમણ ભગવંત મહાવિરના પૂર્વ ભવ નિબંધ કહેતાં પાછલા મનુષ્ય ભવ, દેવ ભવ, ચરમ (છેલો) દેવલોક ભવ, ચરમ ચ્યવન, ચરમ ભરતક્ષેત્ર, અવત્સર્પિણી, તિર્થંકર જન્માભિષેક, ચરમ બાળભાવ, ચરમ યોવન, ચરમ કામભોગ, ચરમ નિઃક્રમણ (દિક્ષા), ચરમ તપનું આચરણ, ચરમ જ્ઞાનનું ઉપજવું, ચરમ તિર્થનું પ્રવર્તાવવું, ચરમ નિર્વાણ. એ પ્રકારે સર્વ ૩૫ દેખાડી નાટિક કરે. તે બત્રીશમો નાટિક વિધિ (રાયપ્રસેણિ સૂત્રમાંથી લખી છે) (વળી બત્રીશમો નાટિક વિધિ છે તે જે ટાણે જે તિર્થંકરનું શાશન હોય તેનું નાટિક કરે) ॥૩૨॥ એ પ્રકારે બત્રીશ વિધિ નાટિક દેખાડે. કેટલાએક દેવતા ઉત્પલ હાથમાં લઇને. જાવત્ લક્ષપત્ર કમળ હાથમાં લઇને, કળશ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાથમાં લઇને જાવત્ ધુપના કડછા હાથમાં લઇને હર્ષવંત સંતુષ્ટથકાં જાવત્ હર્ષને વિષે ઉલાસ પામતું તેહનું હૃદય છે. તે વિજ્યા રાજ્યધ્યાનીને વિષે સઘળે ચોકફેર દ્રોડે, વિશેષપણે દ્રોડે.

ત્યારે તે વિજ્ય દેવતાપ્રતે ચાર હજાર સામાનિક દેવતા, ચાર અગ્ર મહિષી (સ્ત્રી) પરીવાર સહીત, જાવત્ સોળ હજાર આતમ રક્ષક દેવતા, બીજા પણ ઘણાં વિજય રાજ્યધાનીના વાસી વ્યંતરીક દેવતા ને દેવાંગ્નાઓ તેહ કળશ વર ઉત્તમ કમળ ઉપરે થાપ્યા જાવત્ એક હજાર ને આઠ સુવર્ણને કળશે, તેમજ જાવત્ એક હજાર ને આઠ માટીને કળશે કરીને, સર્વ પાણીએ કરીને, સર્વ માટીએ કરીને, સર્વ ફુલે, જાવત્ સર્વ ઓષધીએ કરી સર્વ રૂધી સહીત જાવત્ વાજીંત્રને શબ્દે કરીને મોટે મોટે ઇંદ્રાભિષેક કરે, અભિષેક કરીને પ્રત્યેક પ્રત્યેક માથે આવર્ત્તરૂપ અંજળી કરીને એમ આશીર વચન કહે. જયજય નંદા. જયજય ભદ્રા. આનંદ થાઓ હે આનંદવંત? જયજય ભદ્રા કલ્યાણ થાઓ હે મંગળીકવંત? તમને મંગળીક હોજો? અણ જીત્યાને જીતજો. જીત્યાને પાળજો. જીત્યા માંહે વસજો. અણ જીત્યાને જીતજો તે શત્રુપક્ષ જીતજો. જીત્યાને પાળજો તે મિત્રપક્ષ પાળજો. જીત્યામાંહે વસજો તે દેવતાની સભા માંહે ઉપસર્ગ રહીતથકાં વસજો. દેવતા માંહે ઇંદ્રની પરે, તારા માંહે ચંદ્રમાની પરે, અસુર કુમાર માંહે ચમરેંદ્રની પરે, નાગ કુમાર માંહે ધરણેંદ્રની પરે, મનુષ્ય માંહે ભરત ચક્રવર્ત્તિની પરે. ઘણાં પલ્યોપમ લગે. ઘણાં સાગરોપમ લગે. ચાર હજાર સામાનીક દેવતાનું, જાવત્ સોળ હજાર આતમ રક્ષક દેવતાનું, વિજ્યદ્વારનું, વિજય રાજ્યધાનીનું, વળી બીજા એ ઘણાં વિજય રાજ્યધાનીના વસણહાર વ્યંતરીક દેવતા ને દેવાંગ્નાનું અધિપતિપણું જાવત્ આજ્ઞા ઇસ્વર સેનાપત્યપણું કરતાંથકાં, પાળતાં થકાં વિચરજો. એમ કહીને મોટે મોટે શબ્દે જયજય શબ્દ પ્રજુંજે. (ઉચરે.)

## ૬૩. વિજય દેવતાના કૃત્ય.

ત્યારે તે વિજ્ય દેવતા મોટે મોટે અભિષેકે કરી અભિષેક થકો સિંહાસન થકી ઉઠે, ઉઠીને અભિષેક સભાથકી પુર્વ દીસીને બારણે થઇને બાહીર નીસરે, નીસરીને જ્યાં અલંકાર સભા છે ત્યાં આવે. આવીને અલંકારીક સભાને પ્રદક્ષિણા કરતોથકો પુર્વ દિશાને બારણે થઇ તે માંહે પેશે. પૂર્વ દિસીના બારણા માંહે પેસીને જ્યાં સિંહાસન છે ત્યાં આવે, આવીને સિંહાસનને વિષે પુર્વ દિસી સાહમો બેસે.

ત્યારે તે વિજ્ય દેવતાના સામાનીક ને અભ્યંતર પરખદાના દેવતા પોતાના આજ્ઞાકારી દેવતા પ્રતે તેડાવે, તેડાવીને એમ કહે. ઊતાવળા થકાં હે દેવાનું પ્રિય! વિજય દેવતાને અલંકારીક ભાંડ (ઘરેણાના કરંડીયા) આણી આપો. તેમજ તે પણ આજ્ઞાકારીક દેવતા અલંકારીક ભાંડ (દાબડા) આણી આગળે મુકે.

ત્યારે તે વિજય દેવતા પ્રથમ પહેલી રોમ સહીત સુકમાળ દેવ સંબંધી સુગંધ કષાયીત વસ્ત્રે કરીને ગાત્ર, લુહે, લુહીને સરસ ગોસીર્ષ ચંદને કરી શરીરે વિલેપન કરે. ત્યાર પછી નાશીકાને વાયરે ઉડે એહવું સુક્ષ્મ આંખને મનોહર શુભ વર્ણ ને શુભ સ્પર્શે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુક્ત ઘોડાની લાલ થકી પણ અત્યંત સુકમાળ ઘોળું સુવર્ણમય તાંતણેકરી સહિત આકાશ તથા ફટીક રત્ન તે સરખી પ્રભા છે જેહની એહવું અખંડીત દિવ્ય ઉત્તમ એહવું દિવ્ય દુષ્ય વસ્ત્રનું જુગળ પેહેરે, પેહેરીને હાર પેહેરે (અઢાર સરો હાર) પેહેરીને (નવસરો) અર્ધ હાર પેહેરે, પેહેરીને એકાવળી હાર પેહેરે. એમ એણે અભિલાષે મુક્તાવળી, કનકાવળી, રત્નાવળી, કડાં, બાહીરખા, અંગદ, કેયુર, એ ચારે ભૂષણ દશ આંગુળીએ મુંદ્રીકા વેઢ, વીંટી, કટીસૂત્ર, કટિદોરો, હૃદયને વિષે ઉત્તરી, કંઠી, ઝુમણું, કુંડળ, ચુડામણીનામા અનેક રત્નજડીત એહવો મુકુટ બાંધે, મુકુટ પેહેરે. ગ્રંથીલ. માળા પ્રમુખ, વેષ્ટીમ. વિટેલા દડા પ્રમુખ, પુરીમ. વાંસની સળીએ પરોવેલા તે, સંઘાતીમ, તે માંહો માંહે નાળ બીટ વળગાડવાં તે. એ ચારે પ્રકારને ફુલે કરીને કલ્પવૃક્ષની પરે પોતાના શરીરને અલંકૃત વિભૂષા કરે, કરીને દરદર ને મલય નામા ચંદન સુગંધ ગંધવંત તેહને સુગંધે કરી વાસે, વાસીને દિવ્ય દેવ સંબંધી પુષ્પમાળા પેહેરે, પેહેરીને ત્યાર પછી વિજય દેવતા કેસને અલંકારે કરીને, ફુલની માળાને અલંકારે કરીને, વસ્ત્રને અલંકારે કરીને, આભરણને અલંકારે કરીને, એ ચાર પ્રકારને અલંકારે કરીને અલંકૃત વિભૂષિત થયો થકો, પરીપૂર્ણ અલંકારવંત થયો થકો સીંહાસન થકી ઉઠે, ઉઠીને અલંકારીક સભા થકી પુર્વદિશીને બારણે થઇને પાછો નીકળે, નીકળીને જ્યાં વ્યવસાય સભા છે ત્યાં આવે, આવીને વ્યવસાય સભાને પ્રદક્ષીણા કરતો થકો પુર્વદિસને બારણે થઇને પેસે, પેસીને જ્યાં સીંહાસન છે. ત્યાં આવે, આવીને સીંહાસનને વિષે પુર્વ દિસી સાહમો બેસે.

## ૬૪. પુસ્તક રત્નનું વાંચવું.

ત્યારે તે વિજય દેવતાને સેવક દેવતા પુસ્તકરત્ન આણી આગળે મુકે. ત્યારે તે વિજય દેવતા પુસ્તકરત્ન લીએ, લેઇને પુસ્તકરત્ન છોડે, છોડીને પુસ્તકરત્ન વાંચે, વાંચીને પોતાના કુળધર્મનો વ્યવસાય કરવા જોગ્ય પદાર્થ ગૃહે, ધારે, ધારીને પુસ્તકરત્ન પાછું મુકે, મુકીને સીંહાસન થકી ઉઠે, ઉઠીને વ્યવસાય સભા થકી પુર્વ દીસીને બારણે થઇને પાછો નીકળે, નીકળીને જ્યાં નંદા પુષ્પકરણી છે. ત્યાં આવે, આવીને નંદા પુષ્પકરણી પ્રતે પ્રદક્ષીણા કરતો થકો પુર્વદીસીને બારણે થઇને પેસે, પેસીને પુર્વ દિસીને ત્રીસોપાન (પગથીએ) થઇને માંહે ઉત્તરે, ઉતરીને હાથ, પગ પ્રક્ષાળે, પ્રક્ષાળીને (ધોઇને) એક મોટો શ્વેત રૂપામય નિર્મળ જળે ભર્યો મોટા માતા હાથીના મુખના આકાર સરખો ભૃંગાર (ઝારીરૂપ) લીએ, લેઇને જે ત્યાં ઉત્પલ જાવત્ લક્ષ પત્રકમળ હોય તે લીએ, લેઇને નંદા પુષ્પકરણી થકી પાછો નીકળે, નીકળીને જ્યાં સિદ્ધાયતન છે તે ભણી ચાલવા તત્પર થયો.

ત્યારે તે વિજય દેવતાના ચાર હજાર સામાનીક દેવતા જાવત્ અનેરા ઘણાં વ્યંતરીક દેવતા, દેવાંગ્ના કેટલાએક કમળ હાથમાં લેઇને જાવત્ લક્ષ પત્ર કમળ હાથમાં લેઇને વિજય દેવતાની પાછળ પાછળ ચાલે, ત્યારપછી વિજય દેવતાના ઘણા આગ્નાકારી દેવતા, દેવાંગ્ના કેટલાએક કમળ હાથમાં લેઇને જાવત્ અનેરા ધુપ કડછા હાથમાં લેઇને વિજય દેવતાની પાછળ પાછળ જાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૬૫. પ્રતિમાદીકનું પુજવું.

ત્યારે તે વિજય દેવતા ચારહજાર સામાનીક દેવતા સાથે જાવત્ અનેરા ઘણાં વ્યંતરીક દેવતા, દેવાંગ્ના સાથે પરીવર્યો થકો શર્વ રૂધીએ કરી સર્વ દયુતિ કાંન્તિએ કરી જાવત્ વાજીંત્રને શબ્દે કરી સહીત જ્યાં સીદ્ધાયતન છે ત્યાં આવે, આવીને સીદ્ધાયતન પ્રતે પ્રદક્ષીણા કરતો થકો પુર્વ દીસીને બારણે થઇને જ્યાં દેવચ્છંદો (ગંભારો) છે ત્યાં આવે, આવીને જીન પ્રતિમાને દેખીને પ્રણામ કરે, પ્રણામ કરીને જીન (દેવતાની) પ્રતિમાને મોર પીંછની પુંજણી લેઇ કરી પુંજે, પુંજીને સુગંધ ગંધોદક પાણીએ કરીને નવરાવે પખાળ કરે, પખાળ કરીને દેવ સંબંધી સુગંધ કષાયીત વસ્ત્રે કરીને ગાત્ર લુહે, લુહીને સરસ ગોશીર્ષ નામા ચંદને કરીને શરીરે વિલેપન કરે, વિલેપન કરીને જીન (દેવતાની) પ્રતિમાને અખંડિત શ્વેત ઉજળાં દીવ્ય ઉત્તમ દેવદુષ્ય વસ્ત્રનાં જુગળ પહીરાવે, પહીરાવીને અગ્ર ઉત્તમ પ્રધાન સુગંધ દ્રવ્ય ને ફુલની માળા તેણે કરી અર્ચે, અર્ચીને ફુલ ચડાવે, સુગંધી પદાર્થ ચડાવે, ચુર્ણવાસ ચડાવે, વસ્ત્ર ચડાવે, આભરણ ચડાવે, ચડાવીને ઉંચી વળગાડી થકી નીચા તળા લગે પહોંચે એવડી વિપુળ વિસ્તીર્ણ વૃતાકારે પ્રલંબાયમાન એવી ફુલની માળાનો કળાપ કરે, કરીને આછા સુકમાળ શ્વેત ધોળા રૂપામય અત્યંત નિર્મળ એહવે ચોખે કરીને જીન (દેવતાની) પ્રતિમા આગળે આઠ આઠ મંગળીક આળેખે તે કહે છે. સાથીયો ૧, શ્રીવછ ૨, જાવત્ દર્પણ ૮. આઠ મંગળીક આળેખીને હાથેકરી ગ્રહ્યા. ને ગ્રહતાં હાથથકી પડ્યાં હેઠા તે ઉચ્છિષ્ટ થયા તેણે રહીત એહવા પાંચવર્ણિ ફુલને મુકે. ફુલનો પુંજ અંબાર કરે, કરીને ચંદ્રપ્રભ રત્ન, વજ્રરત્ન, વૈડુર્ય રત્નનો નિર્મળ જેહનો દંડ છે એહવો કાંચનમણિ રત્નની ભાંતે કરીને ચિત્રીત મનોહર કૃષ્ણાગુરૂ પ્રવર ઉત્તમ કુંદરૂક તે સેલારસ તેહના દીપની ઉત્તમ ગંધેકરી સહીત ધુપની વૃષ્ટિપ્રતે મુકતાં એહવો વૈડુર્ય રત્નમય ધુપ કડછો લેઇને પ્રયત્ન ઉદ્યમવંત થકો ધુપ દીએ, ધુપ દેઇને એકસો ને આઠ વિશુદ્ધ છંદાદિક દોષે રહિત ગ્રંથે યુક્ત મહા ચિતે કરી મોટા કાવ્ય અર્થે કરી સહીત પુનરપિ દોષે રહિત કરીને સ્તવન કરે. સ્તવન કરીને સાત આઠ પગલાં પાછો ઓશરે, (હઠે) ઓશરીને ડાબો ઢીંચણ ઉંચો રાખે. રાખીને જમણો ઢીંચણ ધરતી તળે સ્થાપે. સ્થાપીને ત્રણવાર મસ્તક ધરતીએ લગાડે. લગાડીને લગારેક ઉંચો થાય, થઇને કટક ને ત્રુટીત બાજુબંધ તેણે સ્તંભિત એહવી ભૂજાપતે પાછી સંહરે ઉંચી લીએ, ઉંચી લેઇને બે હાથ જોડી માથે આવર્ત્તન કરી માથે અંજળી કરીને એમ કહે. નમસ્કાર હુયો. અરીહંત ભગવંત જાવત્ સિદ્ધગતિ નામે સ્થાનક મોક્ષપદ તે પ્રતે પહોંચ્યા તેહને માહરો નમસ્કાર હુયો. એમ કહીને વાંદે, નમસ્કાર કરે. વાંદી નમસ્કાર કરીને જ્યાં સિદ્ધાયતનનો ઘણું મધ્યદેશ ભાગ છે ત્યાં આવે, આવીને દિવ્ય ઉદક ધારાએ પખાળે, છાંટીને પખાળીને સરસ ગોષીર્ષ ચંદને પંચાગુલીત હાથનું મંડળ આળેખે (થાપા) આળેખીને ચંદનની ચર્ચા કરે. (છાંટણા કરે) ચર્ચા કરીને કરયલ ગ્રહે, ગ્રહીને અને હાથથી હેઠા પડ્યા તેણે વર્જિત એહવે પંચવર્ણને ફુલે કરી યુક્ત પુષ્પના પુંજ (ઢગલા) તેહને ઉપચારે સહીત કરે, કરીને ધુપ દીએ, ધુપ દઇને જ્યાં સિદ્ધાયતનનું દક્ષીણ દીશાનું દ્વાર છે ત્યાં આવે, આવીને મોરપીંછની પુંજણી લીએ, લેઇને દ્વાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાખા, પુત્તળીઓ તથા વ્યાળ પ્રમુખ રૂપ છે તેને મોરપીંછની પુંજણીએ કરી પુંજે, પુંજીને દિવ્ય પાણીની ધારાએ છાંટે, પખાળે, પખાળીને સરસ ગોશીર્ષ ચંદને કરી પંચાંગુલીત હાથે કરી લીપે વિલેપન કરે, કરીને ચંદને છાંટે, છાંટીને ફુલ ચડાવે જાવત્ આભર્ણ ચડાવે, ચડાવીને ઉંચી લંબાયમાન વિપુળ જાવત્ એહવી ફુલની માળાના સમુહ કરે, કરીને હાથે ગ્રહ્યા જાવત્ એહવા ફુલનો ઉપચાર કરે, કરીને ધુપ દીએ, ધુપ દેઇને જ્યાં દક્ષીણદીશીના મુખમંડપનો ઘણું મધ્યદેશ ભાગ છે ત્યાં આવે, આવીને ઘણું મધ્યદેશ ભાગપ્રતે મોરપીંછની પુંજણીએ કરી પુંજે, પુંજીને દીવ્ય પાણીની ધારાએ છાંટે, પખાળે, છાંટી પખાળીને સરસ ગોશીર્ષ ચંદને કરીને પંચાંગુલી તળનું મંડળ આળેખે, મંડળ આળેખીને ચંદનની ચર્ચા કરે, (છાંટણાં) ચર્ચા કરીને કર ગ્રહ્યા ફુલ ચઢાવે. જાવત્ ધુપ કરે, ધુપ કરીને જ્યાં મુખમંડપનું પશ્ચિમદીશીનું દ્વાર છે ત્યાં આવે, આવીને મોરપીંછની પુંજણી લીએ, લેઇને દ્વાર, શાખા, પુત્તળીઓ તથા વ્યાળ રૂપ તે પ્રતે મોરપીંછની પુંજણીએ કરી પુંજે, પુંજીને દિવ્ય પાણીની ધારાએ છાંટે, છાંટીને પખાળીને સરસ ગોશીર્ષ ચંદને કરીને વિલેપન કરે. જાવત્ ચર્ચા કરે, કરીને માળા ચડાવે, ફુલ પુંજ કરે, ધુપ દીએ, દેઇને જ્યાં દક્ષીણ દીશીના મુખમંડપની ઉત્તરદીશીની થાંભાની પંક્તિ છે ત્યાં આવે, આવીને મોરપીંછની પુંજણી લીએ, લેઇને ત્યાંની પુત્તળીયું દિવ્ય પાણીની ધારાએ પખાળે સરસ ગોસીર્ષ ચંદને વિલેપન કરે ફુલ ચડાવે જાવત્ માળા ચડાવે. ફુલનો અંબાર કરે ધુપ દીએ, ધુપ દેઇને જ્યાં મુખમંડપનું પુર્વદીશીનું દ્વાર છે તેમજ સર્વ કહેવું. જાવત્ દ્વારાદિકની પુજા કરે. પછે જ્યાં દક્ષીણ દીશીનું દ્વાર છે ત્યાં પણ તેમજ સર્વ પાછલીપરે કહેવું. પછે જ્યાં પ્રેક્ષાઘર મંડપના ઘણ મધ્યદેશ ભાગ છે જ્યાં વજ્રમય અક્ષાટક છે (પીઠ વિશેષ) જ્યાં મણિપીઠીકા છે જ્યાં સીંહાસન છે ત્યાં આવે, આવીને મોરપીંછની પુંજણી લીએ, લેઇને અક્ષાટક સિંહાસન મોરપીંછની પુંજણીએ કરીને પુંજે, પુંજીને દિવ્ય પાણીની ધારાએ પખાળે, ફુલ ચડાવે, જાવત્ ધુપ દીએ, ધુપ દેઇને પછે જ્યાં પ્રેક્ષાઘર મંડપનું પશ્ચિમ દિશિનું દ્વાર છે ત્યાં પણ પાછલી રીતે પુજા કરે, પછે ઉત્તરદિશિની સ્થંભપંક્તિ ત્યાં પણ તેમજ કરે. ત્યાંથી પુર્વદિશિનું દ્વાર ત્યાં પણ તેમજ પુજા કરે. ત્યાંથી જ્યાં દક્ષીણદિશિનું દ્વાર ત્યાં પણ તેમજ અર્ચા કરે. ત્યાંથી પ્રેક્ષાઘર મંડપને દક્ષીણનું દ્વાર તે બાહીરે ચૈત્યસ્થુભ છે ત્યાં આવે. આવીને મોરપીંછની પુંજણી લીએ, લેઇને ચૈત્યસ્થુભ મોરપીંછની પુંજણીએ કરી પુંજે, પુંજીને દિવ્ય પાણીની ધારાએ કરી પખાળે સરસ ચંદને પુજે ફુલ પ્રમુખ ચડાવે માળા ચડાવે જાવત્ ધુપ કરે; ત્યારપછી તે ચૈત્યસ્થુભ ઉપરે જ્યાં પશ્ચિમદિશિની મણિપીઠીકા છે તે ઉપરે જીન (દેવતાની) પ્રતિમા છે ત્યાં આવે, આવીને જીન (દેવતાની) પ્રતિમાને દ્રષ્ટે દેખીને પ્રણામ કરે, કરીને મોરપીંછની પુંજણી લીએ, લેઇને તેમજ સર્વ જેમ પુર્વે પુજાનો અધિકાર કહ્યો તેમ કહેવો. જાવત્ સિદ્ધગતિનામા સ્થાનકપ્રતે પામ્યા ત્યાંલગે કહીને વાંદે નમસ્કાર કરે. એમ ઉત્તરદિશિની મણિપીઠીકાની પ્રતિમા, એમ પુર્વદિશિની મણિપીઠીકાની પ્રતિમા, એમ દક્ષીણદિશિની મણિપીઠીકાની પ્રતિમા પુજે. પછે જ્યાં ચૈત્યવૃક્ષ છે, જ્યાં મહેંદ્રધ્વજ છે, ત્યાં આવે, આવીને ત્યાં દ્વારની વિધિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુજા અર્ચા કરે. પછે જ્યાં દક્ષીણદિશિની નંદા પુષ્પકરણી છે ત્યાં આવે, આવીને મોરપીંછની પુંજણી લીએ, લેઇને વેદિકા, પગથીયાં, તોરણ, પુત્તળી વ્યાળ રૂપક એ સર્વ પુંજણીએ કરી પુંજે. પુંજણીએ પુંજીને દિવ્ય પાણીની ધારાએ પખાળે, પખાળીને સરસ ગોશીર્ષ ચંદને વિલેપન કરે કરીને ફુલ ચડાવે, જાવત્ ધુપ કરે. એટલે સિદ્ધાયતનના દક્ષીણ દ્વારની અર્ચા પુરી થઇ. હવે સિદ્ધાયતનને પ્રદક્ષણા કરતો થકો. સિદ્ધાયતનને પુંઠે થઇને જ્યાં ઉત્તરદિશિની નંદા પુષ્પકરણી છે ત્યાં આવે, આવીને ત્યાં અનુક્રમે મહેંદ્રધ્વજ, ચૈત્યવૃક્ષ, ચૈત્યસ્થુભ, ત્યાં પશ્ચિમદિશિની મણિપીઠીકા ત્યાંની જીન (દેવતાની) પ્રતિમા પુજે. એમ ઉતરદિશિની મણિપીઠીકાની પ્રતિમા, પુર્વદિશિની મણિપીઠીકાની અને દક્ષિણદિશિની મણિપીઠીકાની પ્રતિમા પુજે. તે પછી પ્રેક્ષાઘર મંડપની અર્ચા પણ તેમજ કહેવી. જેમ પ્રેક્ષાઘર મંડપની દક્ષિણદિશિની કહી તેમ. જાવત્ પશ્ચિમદિશિને બારણે જાવત્ ઉત્તરદિશિના પ્રેક્ષાઘર મંડપની દક્ષિણદિશિની સ્થંભપંક્તિ લગે મુખમંડપને ત્રણે દ્વાર અર્ચા કહેવી. તે દક્ષીણપ્રમુખ મંડપની પરે કહેવી. જાવત્ ત્યાંની દક્ષિણદિશિની પ્રેક્ષાસ્થંભ પંક્તિની અર્ચા કરે. સિદ્ધાયતન માત્ર ઉત્તર દ્વારની અર્ચા કરી ત્યાંથી સિદ્ધાયતન માંહે થઇને પુર્વદિશને દ્વારે આવી ત્યાંની અર્ચા કરે. શેષ સર્વ તેમજ અનુક્રમે પુર્વદિશિનો મુખમંડપ, પ્રેક્ષાઘર મંડપ, ચૈત્યસ્થુભ, ચારે પ્રતિમા, ચૈત્યવૃક્ષ, મહેંદ્રધ્વજ, જાવત્ નંદા પુષ્પકરણી. એ સર્વની અર્ચા અનુક્રમે પુર્વલીપરે કરે, કરીને પછે ત્યાંથી જ્યાં સુધર્મા સભા છે તે દિશિભણી ચાલવા તત્પર થાય.

## ૬૬. દાઢાદિકનું પુજવું.

ત્યારે તે વિજયદેવતાના ચાર હજાર સામાનિક દેવતા જાવત્ સોળ હજાર આત્મરક્ષક દેવતા સાથે સર્વ રૂધીએ કરી જાવત્ સર્વ વાજીંત્ર વાજતે જ્યાં સુધર્મા સભા છે ત્યાં આવે. આવીને તે સુધર્મા સભાને પ્રદક્ષણા કરતો થકો પુર્વને દ્વારે થઇને માંહે પ્રવેશ કરે, કરીને જીનદાઢાને દીઠેથકે પ્રણામ કરે. કરીને પછે જ્યાં મણિપીઠીકા છે, જ્યાં માણવકનામા ચૈત્યથંભ છે, જ્યાં વજ્રમય ગોળવૃત્ત દાબડા છે ત્યાં આવે, આવીને મોરપીંછની પુંજણી લીએ, લેઇને વજ્રમય ગોળવૃત દાબડાને મોરપીંછની પુંજણીએ કરીને પુંજે, પુંજીને વજ્રમય ગોળવૃત્ત રત્ન દાબડા ઉઘાડે, ઉઘાડીને જીનદાઢાને મોરપીંછની પુંજણીએ કરીને પુંજે, પુંજીને પછે સુગંધ ગંધોદકે એકવીશ વાર જીનદાઢા પખાળે, પખાળીને સરસ ગોશીર્ષ ચંદને કરી વિલેપન કરે, કરીને ઉત્કૃષ્ટા વર પ્રધાન સુગંધ કપુરાદિક દ્રવ્ય ને ફુલની માળાએ કરીને અર્ચા કરે, કરીને પછે ધુપ દીએ, દેઇને વજ્રરત્નમય ગોળવૃત્ત દાબડામાંહે જીનદાઢા ઘાલે, ઘાલીને પછે માણવકનામા ચૈત્યસ્થંભ મોર પીંછની પુંજણીએ પુંજે, પુંજીને દિવ્ય પાણીની ધારાએ પખાળે, પખાળીને સરસ ગોશીર્શ ચંદને કરીને ચર્ચા કરે, કરીને ફુલ ચડાવે, જાવત્ સરસ સર્વ રૂતુના ફુલના પુંજ કરે જાવત્ ધુપ દીએ, દઇને પછે જ્યાં સુધર્મા સભાને ઘણું મધ્ય દેશ ભાગે તેમજ અર્ચા કરે. જાવત્ જ્યાં સીંહાસન છે ત્યાં આવે, આવીને તેમજ અર્ચે. તેમજ દ્વારની અર્ચા કરે. પછે જ્યાં દેવ શય્યા છે તે પણ તેમજ અર્ચે, પછે જ્યાં લઘુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહેંદ્રધ્વજ છે ત્યાં પણ સર્વ તેમજ કહેવું. પછે જ્યાં હથીયારનો ચોફાળ નામે સહસ્ત્ર કોશ (ભંડાર) છે ત્યાં આવે, આવીને પ્રત્યેક પ્રત્યેક હથીયારને મોર પીંછની પુંજણીએ કરીને પુંજે, પુંજીને સરસ ગોસીર્શ ચંદને કરીને સર્વને વિલેપન કરે. તેમજ શેષ સર્વની પણ અર્ચા પુર્વ પરે કરે. સુધર્મા સભાના દક્ષિણ દ્વારથી માંડીને તેમજ કહેવું. જાવત્ નંદા પુષ્પકરણી લગે સિદ્ધાયતનની પરે દક્ષિણ દ્વાર મુખ મંડપ, ચૈત્યસ્થુભ, ચાર જીન (દેવતાની) પ્રતિમા, ચૈત્યવૃક્ષ, મહેંદ્રધ્વજ ને નંદા પુષ્પકરણી અર્ચે. (પુજે) ત્યાંથી સુધર્મા સભાને પ્રદક્ષિણાએ પુંઠે ફરીને ઉત્તર દીસે એણે એટલાં વાનાં અર્ચે. તેમ વળી પુર્વે દિસે પણ દ્વારથકી માંહે એટલાં વાનાં અર્ચે. જાવત્ પુર્વ દિસીની નંદા પુષ્પકરણી લગે સર્વ સભાને વિષે જેમ સુધર્મા સભાએ અર્ચા કહી તેમજ સર્વ કહેવી. વળી ઉપપાત સભાએ પણ સર્વ અર્ચા તેમજ કહેવી, પણ એટલો વિશેષ જે દેવ સજ્યાની અર્ચા કહેવી, અને શેષ ત્રણ સભાએ સિંહાસનની અર્ચા કહેવી. (એ ફેર દેખાડયો) વળી દ્રહની પુજા જેમ નંદા પુષ્પકરણીની કહી તેમ કહેવી. પછે ત્યાંથી વ્યવસાય સભાએ આવી પુસ્તકરત્ન મોરપીંછની પુંજણીએ પુંજે, પુંજીને દિવ્ય પાણીની ધારાએ પખાળે, પખાળીને સરસ ગોસીર્શનામા બાવના ચંદને કરી વિલેપન કરે, કરીને ઉત્કૃષ્ટ વર પ્રધાન ગંધ કપુરાદિ ફુલની માળાએ કરી અર્ચે, અર્ચિને પછે સીંહાસન મોરપીંછની પુંજણીએ પુંજે. જાવત્ ધુપ દીએ. શેષ સર્વ તેમજ પુર્વલી પરે કહેવું. પછે નંદા પુષ્પકરણીને જેમ દ્રહની અર્ચા કહી તેમ કહેવી તેજ રીતે અર્ચા કહેવી. પછે જ્યાં બળીપીઠ છે ત્યાં આવે, આવીને બળી વિસર્જન કરીને અભીયોગી (આજ્ઞાકારી) દેવતાને તેડાવે, તેડાવીને એમ કહે. ઉતાવળાથકાં હે દેવાનુ પ્રીયા! વિજય રાજ્યધાનીને વિષે શ્રૃગાટક (સિંઘાડાને આકારે) ત્રીક ( જ્યાં ત્રણ વાટ ભેળી થાય) તેને વિષે, ચતુષ્ક (ચોવટા) ને વિષે, ચાચર (ઘણા માર્ગ આવી મળે) તેને વિષે, ચતુર્મુખ તે મોટા રાજ માર્ગને વિષે, પ્રાસાદને વિષે, ગઢને વિષે, અટાળાને વિષે, પ્રોળને વિષે, તોરણને વિષે, એવે ઠેકાણે જઇને તમે તેની પુજા કરો, ને પુજા કરીને એ માહરી આજ્ઞા મુઝને પાછી સુંપો.

ત્યારે તે સેવક દેવતા વિજય દેવતાએ એમ કહેથકે જાવત્ હર્ષવંત સંતુષ્ટ થયા થકાં વિનએ કરીને વિજય દેવતાનું વચન સાંભળે, સાંભળીને વિજય રાજ્યધાનીએ ત્રીવટાદિકને ઠામે જાવત્ અર્ચા કરે, કરીને પછે જ્યાં વિજય દેવતા છે ત્યાં આવે, આવીને એ આજ્ઞા પાછી સોંપે જે જેમ તમે કહ્યું તેમ કીધું. ત્યારે તે વિજય દેવતા તે અભિયોગી દેવતા પાસે એહવો અર્થ સાંભળીને હર્ષ ધરીને હર્ષ સંતુષ્ટ ચીતમાં આનંદ પામ્યો. જાવત્ હર્ષવંત હૃદય થયો થકો જ્યાં નંદા પુષ્પકરણી છે ત્યાં આવે, આવીને પુર્વ દિસીને તોરણે થઇને પેસે, પેસીને જાવત્ હાથ, પગ ધોઇ, ધોઇને અત્યંત ચોકખા કરે. પરમસુચી પવિત્ર થઇને પછે નંદા પુષ્પકરણીથકી પાછો નીકળે, નીકળીને જ્યાં સુધર્મા સભા છે તે ભણી ચાલવા તત્પર થાય.

## ૬૭. સુધર્મા સભાને વિષે સભાનું ભરવું.

ત્યારે તે વિજય દેવતા ચાર હજાર નામાનીક દેવતાએ કરી જાવત્ સોળ હજાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આતમ રક્ષક દેવતાએ કરીને સર્વ રૂધીએ કરી જાવત્ વાજીંત્રના શબ્દ વાજતે થકે જ્યાં સુધર્મા સભા છે ત્યાં આવે, આવીને સુધર્મા સભાને પુર્વને દ્વારે થઈને પેસે, પેસીને જ્યાં મણિપીઠીકા છે ત્યાં આવે, આવીને વર પ્રધાન સીંહાસન ઉપરે પુર્વ દીસી સાહમો બેસે. ત્યારે તે વિજય દેવતાના ચાર હજાર સામાનીક દેવતા અનુક્રમે ઇશાન ખૂણે પ્રત્યેક પ્રત્યેક પુર્વે સ્થાપીત ભદ્રાસને બેસે. ત્યાર પછી તે વિજય દેવતાની ચાર અગ્રમહીષી દેવાંગ્ના પુર્વ દીસે પ્રત્યેક પ્રત્યેક પુર્વે સ્થાપીત ભદ્રાસન છે તેહને વિષે બેસે. ત્યારપછી વિજય દેવતાની દક્ષિણ ને પુર્વ વચ્ચે એટલે અગ્નિ ખૂણે અભ્યંતર પરખદાના આઠ હજાર દેવતા પ્રત્યેક પ્રત્યેક ભદ્રાસને બેસે. એમ દક્ષીણ દીસે મધ્ય પરખદાના દશ હજાર દેવતા ભદ્રાસને બેસે. તેમજ નૈરૂત્ય ખૂણે (દક્ષિણ અને પશ્ચિમની વચે) બાહીરની પરખદાના બાર હજાર દેવતા પ્રત્યેક પ્રત્યેક ભદ્રાસને બેસે. ત્યાર પછી વિજય દેવતા થકી પશ્ચિમ દીસે સાત કટકના સ્વામી પ્રત્યેક પ્રત્યેક ભદ્રાસને બેસે. ત્યારપછી તે વિજય દેવતા થકી પુર્વ દીસે, દક્ષિણ દિસે, પશ્ચિમ દીસે ને ઉત્તર દીસે સોળ હજાર આતમ રક્ષક દેવતા પ્રત્યેક પ્રત્યેક પુર્વે સ્થાપિત ભદ્રાસનને વિષે બેસે, તે વીવરીને કહેછે. પુર્વ દીસે ચાર હજાર, દક્ષિણ દીસે ચાર હજાર, પશ્ચિમ દિસે ચાર હજાર ને ઉત્તર દીસે ચાર હજાર એમ સોળ હજાર. વળી તે આતમ રક્ષક દેવતા કહેવા છે. સનાહબંધ આયુધને સજ બકતર પેહેરીને જેણે કવચ ભીડ્યા છે. ઉંચી કીધી છે સરાસવ ધનુપ તેહની પાટી. જેણે કંઠને વિષે આભરણ પેહેર્યા છે. રૂપ વિમળ ઉતમ સુભટનું ચિન્હ પટ જેહના હાથને વિષે છે. ગૃહ્યા છે આયુદ્ધ ને પ્રહરણ (આયુધ વિશેષ) જેણે. ત્રણ ઠામે નમ્યાં વાંકા વળ્યા ને ત્રણ જેહને વિષે સંધી છે. વજ્રમય જેહની કોટી સંધી છે એહવા ધનુપ હાથમાં ગૃહીને પર્યાપ્ત પુર્ણ તે બાણ તેના કલાપ ભાથા જેણે ભર્યા છે. વળી કેટલાએકના હાથમાં નીલી છડીદાર ધનુપ છે, કેટલાએકના હાથમાં પીળી છડીદાર ધનુપ છે, કેટલાએકના હાથમાં રાતી છડીદાર ધનુષ્ય છે. કેટલાએકના હાંમાં ચારૂ આયુધ છે, કેટલાએકના હાથમાં ચર્મ ચાબખા છે, કેટલાએકના હાથમાં ખડગ છે, કેટલાએકના હાથમાં દંડ છે, કેટલાએકના હાથમાં પાસ છે, નીલ, પીત, રક્ત, ચાંપચારૂ, ચર્મ, ખડગ, દંડ, પાસ, પ્રમુખ આયુધના ધરણહાર સ્વામીના (અંગના રક્ષાના કરણહાર ગુપ્ત રક્ષા કરી સેવકને ગુણે કરી યુક્ત.પરીવાર સહીત પ્રત્યેક પ્રત્યેક સમ માત્રાએ નમતાં થકાં કિંકર ભૂત થકાં રહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, વિજય દેવતાને કેટલા કાળની આવખાની સ્થિતિ છે?

**ઊ-તર**—હે ગૌતમ,તેની એક પલ્યોપમની સ્થિતિ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, વિજય દેવતાના સામાનીક દેવતાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેની પણ એક પલ્યોપમની સ્થિતિ છે.

એહવો મહર્ધિક મોટો રૂધીવંત એહવો મહા દ્યુતિવંત છે. એહવો મહા બળવંત છે. એહવો મહા જશવંત છે. એહવો મહા સુખવંત છે. એહવો મોટો અનુભાગવંત વિજય નામે દેવતા છે. એ વિજય દેવતા અને વિજય દ્વારનો અધિકાર કહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૬૮. સૂરિયાભ દેવતાનો (રાયપ્રસેણી સૂત્રથી) અધિકાર.

**હવે સૂરિયાભે તથા વિજય પ્રોળીયે પ્રતિમા પુજી છે તથા દાઢા પુજી છે, માટે અમે પણ પુજીએ છીએ. એમ જે કહે છે તેનો ઉત્તર.**

**સૂરિયાભ અને વિજય પ્રોળીયાનો અધિકાર એક સરખો છે. તે વિજય પ્રોળીયાનો અધિકાર ઉપર કહેવાઇ ગયો છે જેથી હવે પ્રસંગને લઇને આ ઠેકાણે સૂરિયાભનો અધિકાર લગતો જાણી રાયપ્રસેણી સુત્રમધ્યેથી સમજુતી સાથે અહીં દાખલ કરવામાં આવે છે.**

૧. પ્રથમ સૂર્યાભ દેવતાએ શ્રી મહાવીર દેવને આમલકંપા નગરીએ અંબસાલ વનમાં દીઠા તીહાં સામો જઇ નમોથુણં કહ્યું તે ઠાણં સંપતાણં લગે કહ્યું. શેષ પદ કલ્પીત છે.

૨. પછે એમ કહ્યુંજે:—

**तं महाफलं खलु देवाणुप्पिया तहारुवाणं अरिहंताणं भगवंताणं नाम गोयस्सवि सवणयाए किमंग पुण अभिगमण वंदण नमंसण पडीपुछण पज्जुवासणयाए एगसवि आयरियस्स धम्मीयस्स सुवयणस्स सवणयाए किमंग पुण विउलस्स अटस्स गहणयाए**

**શબ્દાર્થ—તં૦** તે **મ૦** મોટા ફળ. **ખ૦** નિશ્ચે. **દે૦** દેવતાને વહાલો. **ત૦** તિર્થંકરને ગુણે કરી સહીત તેહનું. **અ૦** અરિહંતનું. **ભ૦** ભગવંતનું. **ના૦** નામ ગોત્રનું ને રૂડા ગોત્ર તે ગુણ નિસ્પન તેહનું પણ. **સ૦** સાંભળવે કરી. **કી૦** તેહનું શું કહેવું. **પુ૦** વળી **અ૦** સાહમું જાવું. **વં૦** વાંદવું ગુણગ્રામ કરવા સ્તુતિ કરવી. **ન૦** પ્રણામનું કરવું. **પ૦** પ્રશ્નાદિકનું વળી પુછવું. **પ૦** સેવાને કરવે કરી. **એ૦** એક પણ. **આ૦** આર્ય. **ધ૦** ધર્મ સંબંધીનું. **સુ૦** વયણનું. **સ૦** સાંભળવું. **કી૦** તેહનું શું કહેવું! **પુ૦** વળી. **વી૦** વિસ્તર્ણ. **અ૦** અર્થને **ગ૦** ગ્રહીને.

**ભાવાર્થ**—ઇહાં વાંદવાનો અને ઉપદેશ સાંભળવાનો મોટો લાભ કહ્યો, પણ સુરિયાભે નાટિકનો મોટો લાભ ચીંતવ્યો નહીં કેમકે વાંદવો ને ઉપદેશ સાંભળવો તે ક્ષયોપસમ ભાવ છે ને ભગવંતની આજ્ઞાનું કર્ત્તવ્ય છે, અને નાટિક છે તે ઉદય ભાવ છે. ભગવંતની આજ્ઞા બાહારનું કર્ત્તવ્ય છે.

૩. વળી સૂરિયાભે દેવલોકમાં રહી વંદણા કરીને એમ કહ્યું કે—

**एवं मे पेच्चा हियाए सुहाए खमाए निसेसाए आणुगामियत्ताए भविस्सई तिकट्टु.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ—એ૦** એહ ભગવંતનું વંદનાદિક. **મે૦** મુજને. **પે૦** પરભવ જન્માંતરે. **હિ૦** હીતભણી પથ્થની પરે. **સુ૦** સુખ ભણી. **ખ૦** જોગતા ભણી રોગનો વિનાશ કરવા ઓષધની પરે. **નિ૦** મોક્ષ ભણી. **આ૦** ભવની પરંપરા લગે એહ સુખનું કારણ કેડે (પાછળ). **ભ૦** હુસ્યે. **ઇ૦** એમ કહી.

**ભાવાર્થ—**પેચ્ચા કહેતાં પરલોકને વિષે હિતકારી તથા અનુગામિક ફળ કહ્યું. પેચ્ચા શબ્દે પરલોક એ અર્થ ઘણે સૂત્રે કહ્યો છે, ઉત્તરાધ્યયન નવમે અધ્યયને અઠાવનમી ગાથામાં પહેલા બે પદમાં કહ્યું છે કે—

**इहंसि उत्तमो भंते ॥ पेच्चा होहिसि उत्तमो ॥**

**શબ્દાર્થ—ઇ૦** એ ભવને વિષે. ઉ૦ પ્રધાન છો. **ભ૦** હે પુજ્ય. **પે૦** પરભવને વિષે. **હો૦** હોઇશ. ઉ૦ ઉત્તમ.

વળી પ્રશ્ન વ્યાકરણ સૂત્રે સંવરદ્વારે પહેલે અધ્યયને **पेच्चा भाविय आगमेसि भद्दे —પે૦**પરભવને વિષે. **ભા૦** સુખ ઉપજાવે. **આ૦** આગામી કાળે. **ભ૦** કલ્યાણનો કરણહાર એહવો પાઠ છે, માટે તેજ રીતે સૂરિયાભે ભગવંતને વંદણા કરી તે પરલોકનો અર્થ સિદ્ધપણો ગણ્યો.

૪. ત્યારપછી સૂરિયાભે સેવક દેવતાને તેડીને એમ કહ્યું કે—તમે ભગવંત પાસે જાઓ. વંદણા કરી જોયણ પ્રમાણે પુંજો, (સાફ કરો) પાણી છાંટો, પુષ્પ વૃષ્ટિ કરો "**दिव्वं सुरवराभिगमणजोग करेह**"—**દી૦** પ્રધાન વૈક્રિય. **સુ૦** દેવતાને આવવા જોગ મંડળો. **ક૦** કરો. પોતે જે દેવતા તેને આવવા જોગ ભૂમિકા કરો એમ કહ્યું, પણ એમ ન કહ્યું જે ભગવતને રહેવા જોગ કરો. કારણ કે ભગવંત તો ફુલ, પાણી, ધુપ, દીપના ભોગી નથી. એ આવનારની શોભા છે. પછે સૂરિયાભના કહેવા પ્રમાણે સેવક દેવતાએ કર્યું. હવે ફુલને અધિકારે કેટલાએક કહે છે કે—"**जलया थलया भासुर**" જળજા તે કમળનાં ફુલ, થળજા તે જાઈ જુઈનાં ફુલ. તે એમ સચીત ફુલની વૃષ્ટિ માને છે. વળી સમવાયંગ સૂત્રમાં ચોત્રીશમે સમવાયંગે કહ્યું કે—"**जलय थलय**" તે પણ સચીત ફુલ માને છે. પણ તેમ નથી. કારણ કે જ્યારે સૂરિયાભને સેવકે પુષ્પની વૃષ્ટિ કરી ત્યાં અને પાણીની વૃષ્ટિ કરી ત્યાં કહ્યું છે કે—

**अभवद्दलं विउवई २ त्ता पुष्फवद्दलं विउवई २ त्ता.**

**શબ્દાર્થ**—સેવક દેવતા. **અ૦.** પાણીનું વાદળ. **વિ૦.** વૈકુવે. **પુ૦.** ફુલનું વાદળ. **વિ૦.** વૈકુવે.

**ભાવાર્થ**—વૈકુવણા કર્યાનો પાઠ છે. જેમ જન્મોચ્છવ કરતાં ઘણાં દ્વીપ, સમુદ્રનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફુલ, માટી, પાણી. આણ્યાં કહ્યાં છે. તેમ ઈહાં આણ્યાં કહ્યાં નથી. માટે જ્યાં આણ્યાં કહ્યા છે ત્યાં સચીતજ જાણવાં. ત્યાં **अभवद्दलं पुष्फवद्दलं विउव्वई**—સેવક દેવતા **અ૦.** પાણીનું વાદળ. અને **પુ૦.** ફુલનું વાદળ વૈકુવે. એહવો પાઠ કહ્યો નથી. માટે ત્યાં સચીતજ જાણવાં. અને જ્યાં **अभवद्दलं पुप्फवद्दलं विउवई**—**અ૦.** સેવક દેવતા પાણી અને ફુલના વાદળ. વૈકુવે કહ્યું ત્યાં અચીતહીજ છે, માટે ત્યાં અચીત ફુલ પાણી વૈકે વાદળ કરી વરસાવ્યા.

વળી ચોત્રીશ અતિશય મધ્યે "જલજ થલજ" કહ્યું તે પણ અતિશય કાંઈ દેવતા, મનુષ્યના કર્યા થાતા નથી. એતો ભગવંતના પુન્ય પ્રભાવથી સ્વભાવે પ્રગટ થાય છે. એ સ્વાભાવિક વિસસા પુદગળનો પરિણામ જાણવો. જ્યારે જુગળીયાના પુન્ય પ્રભાવથી દસ જાતના કલ્પવૃક્ષ મનો વાંચ્છીત સુખ સ્વભાવે પુરે છે. ત્યારે તિર્થંકરના પુન્ય પ્રભાવથી સ્વભાવે અતિશય થાય તેમાં અતિસયોક્તિ શું છે? કે તમારે દેવતાનાં અતિશય કર્યા કેરાવવા પડે છે, અને જ્યારે દેવતાના અતિશય કર્યા થાય. તેમાં અતિશય શું? અતિશય તો કેનું નામ કે જે સાભળતાંકે દેખતાં લોકોને આશ્ચર્ય લાગે. જ્યારે દેવતા કરે તેમાં આશ્ચર્ય શું? તેમાં કાંઈ અતિશયની કે તીર્થંકરની મહત્તા રહેતી નથી, માટે નિઃપક્ષપાતપણે વીચારવા જેવું છે.

વળી કોઈ બોલ ઘડીભર દેવકૃત હોય એમ માનો, તોપણ અચીતજ હોય. કેમકે જો સમોસરણ મધ્યે સચીત, ફુલ, પાણી હોય તો રાજા, શેઠ, સેનાપતિ, વીગેરે વાંદવા આવ્યા ત્યાં પાંચ અભીગમ સાચવ્યા તે મધ્યે સચીત દ્રવ્ય દુરે કેમ મુકયાં? માટે સચીતનો સંઘટો અયુક્ત છે તેથી વર્જ્યા કહ્યાં.

વળી ભગવંતને ચવંન ૧, જન્મ ૨, દિક્ષા ૩, કેવળ ૪, ને નિર્વાણ ૫. એ પાંચ કલ્યાણિક કહીએ. તે મધ્યે જે કલ્યાણીક ભગવંતને અવિર્તિ મધ્યે થયા છે. ત્યાં સચિત્ત અચિત્ત બંને દ્રવ્ય હોય કોઈનો અટકાવ નહીં. કારણ કે ત્યાં સુધી ભગવંત પાંચ આશ્રવ સહીત છે અને કેવળ મહોત્સવ કલ્યાણીક ને સમયે ભગવંત સર્વવિર્તિ છે તો જુવો સ્નાન, વિલેપન, વસ્ત્ર, આભૂષણ, પુષ્પ, ઈત્યાદિક કાંઈપણ વસ્તુ ભગવંતને સંઘટાવી નહીં. **(वद्दलं विउव्वई)** કહ્યું. તે સંસાર અવસ્થાના મહોત્સવ મધ્યે નથી કહ્યું. એટલો ફેર છે તે વિચારી જોજો.

વળી દેવકૃત વસ્તુ તે અચીતજ હોય, કેમકે સચિત્ત હોય તો બીજા સાધુને સચિત્ત સહીત સ્થાનક કેમ કલ્પે? જુઓ વૃહતકલ્પ સૂત્રને પહેલે ઉદેશે કહ્યું કે—ધાન, પાણી, આહાર, ઓષધ, આભુષણ સહીત સ્થાનકે રહેવા ના કહી છે. તે માટે એ ફુલ, પાણી સચિત નહીં એ નિઃસંદેહ જાણવું.

વળી કુણિક પ્રમુખ વાંદવા ગયા ત્યાં પાણી, ફુલનો આરંભ કર્યો, માર્ગ છંટાવ્યા પણ સામોસરણ મધ્યે છંટકાવ્યા કહ્યાં નથી. અને નગર સણગાર્યાં, આરંભ કર્યો. તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાને છાંદે (ઇચ્છાએ) પણ તેમાં ભગવંતની આજ્ઞા નથી. તેમજ વળી કુણિક રાજાએ માર્ગમાં પાણી છાંટી ફુલ વિખેર્યા, તે માંહીથી ભગવંતને શું કામ આવ્યું ? તે કહો. એ વસ્તુ ભગવંતને ભોગ આવી નથી. એ માંહી ભગવંતની કાંઈ ભક્તિ નથી. એ તો પોતાની રૂદ્ધિ વિસ્તારી એ પોતાની શોભા, પોતાની મોટાઈ છે.

વળી જલજ, થલજ શબ્દ તો ઉપમા વાચક શબ્દ છે, જે જલજ, થલજના સરખાં ફુલ, પણ જલજ, થલજના ઉપના સમજવાં નહીં. ત્યારે કોઈ કહેશે કે જો જલજ, થલજને ઉપમા વાચક શબ્દ જાણો તો જલ જાઇચિ એહવો શબ્દ જોઈએ. તો તે શબ્દ તો નથી, માટે તમે ઉપમા વાચક શબ્દ કેમ જાણ્યો ? એમ કહે. તેનું સમાધાન એ કે— ઉત્તરાધ્યયન સૂત્રને ત્રેવીશમે અધ્યયને કહ્યું કે **"पासंडा कोउ गामीया"** પા૦ પાષંડી અન્ય દર્શની. કો૦ કૌતુકી. **મી૦** મૃગ, પશુ સરખા, અજૈની, પર પાષંડી.—ઇહાં પાષંડી, કૌતુકી, મૃગ જેવા. એ ઉપમા દીધી પણ **"मीयाइं वाइमं"** નથી કહ્યું, પણ મૃગઈવ મૃગા જાણવા.

વળી દસવિકાળિક સૂત્રે નવમે અધ્યયને બીજે ઉદેશે સાતમી ગાથાના ચોથા પદમાં અવનિત શિષ્યને કહ્યું છે કે **छागा (छाया) ते विगलेंद्रिया** છાગા (બોકડા) સરખા તથા ઢંકાણી છે શરીરની શોભા એહવા અવનિત. **વી૦** ખોડીલા ઇંદ્રિય જેહની. એમ કહ્યું પણ **छागाइव** નથી કહ્યું. છાગા શબ્દે બોકડા સરખાજ જાણવા. તેજ રીતે " જલજા " તે જલજ સરખા પણ " નતુ જલજા" (જલથી નીપના જાણવાં નહીં). એ નિઃસંદેહ જાણવું. પણ સચિત્ત જાણુશોજ નહીં.

વળી શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં બારમે અધ્યયને છત્રીશમી ગાથામાં હરકેશી મુનીને દાન દીધા પછી કહ્યું. તે ગાથા કહે છે—

**तहियं गंधोदय पुप्फवासं, दिव्वा तहिं वसुहारायवुट्ठा ॥**
**पहियाओ दुंदुहिओ सुरेहिं ॥आग्गासे अहोदाणंचघुट्ठं ॥३६॥**

**શબ્દાર્થ—ત૦** તે યજ્ઞ પાડાને વિષે. **ગં૦** સુગંધ પાણીનો. **પુ૦** ફુલનો. **વા૦** વરસાદ વર્સ્યો. **દિ૦** પ્રધાન. **ત૦** તીહાંજ. **વ૦** દ્રવ્યની ધારા પુંજ (ઢગલા). **પ૦** વજાડીયો **દુ૦** દેવ દુદંભીઓ દેવતાએ. **આ૦** આકાશને વિષે. **અ૦** આશ્ચર્યકારી દાન દીધું. એમ નિર્ઘોસ કીધો દેવતાએ.

**ભાવાર્થ—**હવે જુઓ ! ઇહાં ગંધોદકની વૃષ્ટિ કરી કહી. તો વૈક્રીય વિના ગંધોદક કેમ હોય ? સ્વભાવિક પાણી તો સુધોદક કહેવાય. માટે એ પાણી વૈક્રીય છે કે સચિત્ત છે? તે વિચારી જોવા જેવું છે. એજ રીતે સર્વે ઠેકાણે જાણવું કે, જ્યાં દેવકૃત વસ્તુ હોય તે અચિતજ હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી ભગવતિજી સૂત્રમાં ચઉદમા સતકના બીજા ઉદેશામાં કહ્યું છે કે ચાર જાતના દેવતા વૃષ્ટિ કરે (જન્મ કલ્યાણીક અવશરે), ત્યાં શેવક દેવતાને કહે છે. પછે જેહનો એ અધિકાર હોય, તે દેવતા વરસાવે. એ પ્રગટ પાઠ વૈક્રે કરી વરસાવ્યાનો છે, તેમજ પુષ્પ, પાણી, સૂરિયાભના સેવકે વરસાવ્યાં તે પણ વૈક્રે વાદળ કરી વરસાવ્યા તે માટે અચિતજ કહ્યા.

૫. વળી સૂરિયાભ પોતે ભગવંતને વાંદવા આવ્યો ને ભગવંતને વંદણા કરી ત્યારે ભગવંતે ૭ બોલ કહ્યા તે કહે છે—

**पोराणमेयंदेवा १, जीयमेयंदेवा २, कियमेयंदेवा ३, करणिजमेयंदेवा ४, आचिणमेयंदेवा ५, अभणुन्नायमेयंदेवा ६.**

**શબ્દાર્થ**—**પો૦** જુનો એ કાર્ય પુર્વે દેવતાએ પણ એ કાર્ય કીધો અહો દેવતાઓ! ૧, **જી૦** તમારો એ આચરણ. અહો દેવતાઓ! ૨, **કી૦** તમારૂં એ કરતવ્ય કરવા જોગ કાર્ય તે કીધો. અહો દેવતાઓ! ૩, **ક૦** તુમારી એહ કરણી છે અહો દેવતાઓ! ૪, **આ૦** આચરવા જોગ છે. અહો દેવતાઓ! ૫, **અ૦** મેં અને અનેરે તિર્થંકરે પણ અનુઆજ્ઞા દીધી. અહો દેવતાઓ! ૬.

**ભાવાર્થ**—એ ૭ બોલ ભગવંતે સૂરિયાભને વંદણા કરવા આશ્રિ કહ્યા છે, પણ નાટીકની આજ્ઞા માટે કહ્યા નથી. કારણ કે ત્યાર પછી આગળે સૂરિયાભે કહ્યું કે. ગૌતમાદિક શ્રમણ (સાધુ) ને બત્રીશ વિધ નાટીક દેખાડું. ? એમ કહ્યું. ત્યારે ભગવંત.

**एयंमठं नो आढाई नो परिआणाई तुसंणणं संचिठइ.**

**શબ્દાર્થ**—**એ૦** એહવા વચન પ્રત્યે **નો૦** આદર નો દિએ. **નો૦** અનુઆજ્ઞા પણ ન દિએ. **તુ૦** અણબોલ્યા થકાં. **સં૦** રહે.

**ભાવાર્થ**—ભગવંત્ વગર બોલ્યા રહ્યા, પણ આજ્ઞા દીધી નથી. કેમકે નાટકની કરણી સાવદ્ય. (પાપકારી) છે તે માટે.

ત્યારે કોઇ કહેશે કે નાટકમાં આરંભ જાણે છે તો ભગવંતે નાટકની ના કેમ કહી નહીં? તેનો ઉત્તર એ કે-સૂરિયાભ સાથે દેવતા ઘણાં છે, તેહને પોત પોતાને ઠેકાણે જુદા જુદા નાટીક થાય છે. હવે જો ભગવંત સૂરિયાભનો નાટીક નિષેધે અને સૂરિયાભ નાટક બંધ કરે, ત્યારે સર્વ દેવતા પોત પોતાને ઠેકાણે જાય ને જુદા જુદા નાટક થાય તેથી હીંસ્યા મોહ ઘણો વધે. તે માટે સૂરિયાભનો નાટિક નિષેધ્યો નહીં. એ અર્થ રાયપસેણીની ટીકા મધ્યે છે. તે જોવા જેવો છે!

વળી નાટક મધ્યે કર્મ નિર્જરા હોય તો આણંદ, કામદેવ, કોરણીક રાજા, કૃષ્ણ પ્રમુખે સાક્ષાત ભગવંત આગળ કેમ નાટક ન કર્યા?

વળી કોઇ કહે જે રાવણે અષ્ટાપદ ઉપર પ્રતિમા આગળે નાટક કરતાં તિર્થંકર ગોત્ર બાંધ્યું. એમ કહે, તેને કહેવું કે જ્ઞાતાજી સૂત્રમાં આઠમા અધ્યયનમાં કહ્યું કે વીશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનકે જીવ તિર્થંકર પદ ઉપરાજે કહ્યું તેમાં નાટક કરતાં તિર્થંકર ગોત્ર બાંધે એમ કહ્યું નથી.

૬. વળી સૂરિયાભ દેવતાએ ભગવંતને બાર બોલ પુછયા તે કહે છે.

**अहणं भंते सुरियाभेदेवे किं भवसिधिए किं अभवसिधिए समदिठीए मिछदिठीए परित्त संसारीए अणंतर संसारीए सुलभवोहीए दुलभबोहीए आराहए विराहए चरिमे अचरिमे.**

**શબ્દાર્થ**— **અ૦** હું. **ભં૦** હે ભગવંત. **સુ૦** સૂરિયાભ દેવ. **કિં૦** શું ભવ્ય. **કિં૦** કે અભવ્ય? **સ૦** સમદ્રષ્ટિ. **મી૦** કે મિથ્યાદ્રષ્ટિ? **પ૦** પાર પામેલ (થોડો સંસાર હોય તે) સંસારી. **અ૦** કે અનંત (જેને ઘણો સંસાર રઝળવું હોય તે) સંસારી? **સુ૦** સુલભબોધી, (જીન ધર્મની પ્રાપ્તિ સોહલી હોય તે) **દુ૦** કે દુર્લભબોધી? (જીન ધર્મની પ્રાપ્તિ દોહલી તે) **આ૦** આરાધિક, (જૈન ધર્મનો આરાધિક તે) **વી૦** કે વિરાધિક? (જૈન ધર્મનો વિરાધિક હોય તે) **ચ૦** ચરીમે, (દેવતાનો છેહલો ભવ તે ચરીમ) **અ૦** કે અચરિમે? (ઘણા ભવ કરવા હોય તે અચરિમ)

**ભાવાર્થ**—એ બાર બોલ પુછયા, ત્યારે ભગવંતે છ બોલ ભલા કહ્યા. એ લેખે સૂરિયાભ વિમાને બારે જાતના જીવ સૂરિયાભ દેવતાપણે ઉપજે છે એમ જાણજો.

વળી ભગવતી સતક બારમે ઉદેશે સાતમે છાળી (બકરી) ના વાડાનું દ્રષ્ટાંત કહ્યું છે કે. સો બકરીનો વાડો છે તે મધ્યે **"अया सहस्सं परिवयेजा"** એક હજાર બકરી ભરી. તે વાડાંમાં છ માસ સુધી રાખી, ત્યારે તે વાડાની ભૂમિકા બકરીને ઉચાર; (લીંડી) પાસવણ (પેસાબ) ખેળ, જળ, સંઘાણ, વાત્ત, પિત્ત, શુક્ર, શ્રોણિત, સીંગ, મુખ, હાથ, પગ, પુંછ, વાળ, ખૂરિએ કરી સર્વ વાડાની ભૂમિ ફરસાણી? એમ પુછયું, ત્યારે ભગવંતે ઉત્તર આપ્યો કે—"હંતા ગોયમા," હા ગૌતમ, પણ કોઇક આકાશ પ્રદેશ માત્ર ભૂમિકા અણફરસી પણ રહી. પણ હે ગૌતમ!

**एयंसि ए महालयंसि लोगांसि लोगस्सय सासयं भावं संसारस अणादियं भावं जीवस्स नीच भावं कम्मबहुयं जमणं मरणं बहुलं पडुचं नथी केइ परमाणु पोग्गले मेते वि पएसे जथणं अयं जीवेणं जाएणवा मएवा ए जीवे.**

**શબ્દાર્થ—એ૦** એહને વિષે એવડા મહાલય લોકને વિષે કોઇ પ્રમાણુ પુદગળ પ્રદેશ જનમ મરણ વિના મુકયો નથી, ઇત્યાદિક પુર્વોક્ત અભિલાષે સંબંધ કર્યા. મહત્વપણા થકી એમ લોકને કેમ કહ્યું તેની આશંકા ટાળવાને અર્થે કહે છે કે. **લો૦** લોકના શાસ્વતા ભાવ પ્રત્યે આશ્રીને તેમજ સંસારના અનાદિ ભાવ પ્રત્યે આશ્રીને જીવના નીશ્ચલ ભાવ પ્રત્યે આશ્રીને. કર્મના બહુળપણા આશ્રીને કર્મને બહુળપણે. જન્માદિકને અલ્પપણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉક્તાર્થ હોય નહીં, એટલા માટે કહ્યું. જન્મ વળી જન્મ, મરણ, બાહુલ્ય આશ્રીને ના૦ નહીં કોઇ પરમાણું પુદગળ પ્રદેશ માત્ર પણ એવો નથી કે, જે પ્રદેશને વિષે એહ જીવ જનમ્યો નથી, કે મુવો નથી.

**ભાવાર્થ**—સર્વ લોક જન્મ મરણે કરી ફરસી મુકયો છે. એક પ્રદેશ માત્ર પણ ભૂમિકા જન્મ મરણે કરી ફરસ્યા વીના રહી નથી. ચોરાસી લાખ નરકાવાસા, સાત કરોડ બહોંતેર લાખ ભવનપતિના ભવન, પાંચ સ્થાવર, ત્રણ વિગલેંદ્રિ, તિર્યંચ, મનુષ્યના અસંખ્યાતા આવાસ, અસંખ્યાતા જોતષિના વૈમાન, ચોરાસી લાખ સતાણું હજાર ત્રેવીસ વૈમાનિક દેવતાના વૈમાન એટલે ઠેકાણે (પાંચ અનુત્તર વિમાન વરજીને) શેષ સર્વે ઠેકાણે સર્વે જીવ. ભવ્ય, અભવ્ય સર્વે ઉપજી ચુકયા છે, "**असइ अदुवा अणंतखुतो**" એકેકે ઠેકાણે એકેક જીવ અનંતી અનંતીવાર ઉપનો. એ પ્રમાણે સૂરિયાભ વિમાને પણ સર્વે જીવ ભવ્ય, અભવ્ય પ્રમુખ બાર બોલવાળા (ઉપર કહ્યા તે) જીવ અનંતીવાર ઉપજી ચુકયા છે. ત્યારે સૂરિયાભ દેવતાએ પણ જાણ્યું કે માહરે વિમાને બાર બોલના જીવ સૂરિયાભ પ્રમાણે ઉપજે છે તેમાંહી હું કેવો છું એમ નિશ્ચય કરવાને માટે પુછ્યું છે.

વળી ત્રીછે લોકે અસંખ્યાતા દ્વીપ, સમુદ્ર છે, તે અઢી સાગરના સમા જેટલા છે (પચવીશ ક્રોડા ક્રોડ કુવાના ખંડ જેટલા છે) તેથી ચારગણા પ્રોળીયા છે. તે સર્વે વિજય પ્રોળીયા જેવા છે. ત્યાંપણ સર્વે જીવ વિજય પ્રોળીયાપણે અનંતીવાર ઉપજી ચુકયા છે. ત્યારે સર્વે જીવે વિજય પ્રોળીયાની માફક પ્રતિમાં પુજી છે, પણ પ્રતિમા પુજ્યા થકી સર્વ જીવ ભવ્ય, અભવ્ય. સમદૃષ્ટિ થયા નહીં.

વળી આ શ્રીજીવાભીગમ મધ્યે ચાર પ્રકારના જીવની પડીવતીમાં કહ્યું છે જે—

**सोधमीसाणे सुणंभंते कप्पेसु सव्वे पाणा सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता पुढवीकाइयत्ताए जाव वणस्सइकाइयत्ताए; देवत्ताए देवित्ताए आसण सयण जाव भंड मत्तवगरणत्ताए उवन्न पुव्वा हंता गोयमा असइ अदुवा अणंतखुत्तो सवेसु कप्पेसु एवं चेव णवरं नो चेवणं देवीत्ताए जाव गेविजवा अणुत्तरोववाइए सुविएवं नो चेवणं देवत्ताए देवीत्ताए सेतं देवा.**

**શબ્દાર્થ**—સુધર્મા, ઇસાન દેવલોકને વિષે અહો ભગવંત! સર્વ પ્રાણી, સર્વ ભૂત, સર્વ જીવ, સર્વ સત્વ, પૃથ્વીકાયપણે, જાવત્ વનસ્પતિકાયપણે, દેવતાપણે, દેવાંગ્નાપણે, સિંહાસન, સજ્યા, જ્યાન, ભાંડ, ઉપગરણપણે અતિત કાળે ઉપના છે? ઇતિ પ્રસ્નઃ ત્યારે ભગવંત ઉત્તર દીએ છે કે—હા ગૌતમ, વારંવાર નિશ્ચે અનંતી અનંતીવાર એમ સર્વ દેવલોક મધ્યે ઉપના છે, પણ દેવાંગ્નાપણે સર્વ ઠેકાણે નથી ઉપના કારણકે બીજા દેવલોક સુધીજ દેવાંગ્ના છે તે ઉપરના દેવલોકમાં દેવાંગ્ના નથી તે માટે. તેમજ પાંચ અણુત્તર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિમાને પણ પૃથવ્યાદિકપણે અનંતીવાર ઉપના છે, પણ દેવતા અને દેવાંગ્નાપણે ત્યાં ઉપના નથી કારણકે દેવાંગ્ના ત્યાં નથી અને દેવતા ત્યાંના એકાવતારી પ્રમુખ છે માટે દેવતાપણે પણ સંસારી સર્વજીવ ત્યાં ઉપના નથી. એ દેવતાનો અધિકાર પુરો થયો.

**ભાવાર્થ**—ઇહાં પણ સર્વ જીવ વૈમાનીક દેવતાપણે ઉપજી ચુકયા કહ્યા. કોઇ ભવ્ય, અભવ્ય બાર બોલ માંહી ટાળ્યો નહીં.

વળી ભગવતી શતક બારમે ઉદેશે સાતમે કહ્યું કે:—

**अयणं भंते जीवे चोसठीए असुरकुमारा वास सय सहस्सेसु एगमेगंसी असुरकुमारा वासंसि पुढवीकाइयत्ताए जाव वणस्सइकायत्ताए देवत्ताए देवी-त्ताए आसण सयण भंड मत्तो वगरणताए उवन्न पुवे हंता गोयमा जाव अणंतखुंत्तो सव्व जीवाविणं भंते एवं चेव.**

**શબ્દાર્થ**—એહ હે ભગવંત ચોસઠ અસુર કુમાર આવાસ સત સહસ્ત્ર (લક્ષ) ને! વિષે એકેકે અસુર કુમારના આવાસને વિશે પૃથ્વીકાયપણે. એમ જાવત્ વનસ્પતિકાયપણે, દેવપણે, દેવીપણે, આસન, સયન, ભંડ, પાત્ર, ઉપગરણપણે ઉપનો પૂર્વે? ઇતિ પ્રશ્ન: (તેનો ભગવંત ઉત્તર દીયે છે કે) હા ગૌતમ, અનેકવાર (વારંવાર નીશ્ચે અનંતીવાર) અથવા અનંતીવાર ઉપનો. સર્વે જીવો પણ હે ભગવંત ઉપના? એમ તમામ પ્રશ્ન કર્યા. તેનો ઉત્તર ભગવાને એમજ દીધો કે—હે ગૌતમ, એમજ અનંતીવાર ઉપના કહ્યા.

એમ ઠેઠ થણીય કુમાર સુધી પુછયું, તેનો પણ ઉત્તર એમજ દીધો. ત્યાર પછી પૃથવ્યાદિકથી માંડીને ઠેઠ મનુષ્ય સુધીનું પુછયું. તેનો ઉત્તર પણ એમજ આપ્યો. ત્યારપછી

**वाणव्यंतर जोइसयि सोहम्मिसाणेय जहा असूर कुमाराणं.**

**શબ્દાર્થ**—વાણવ્યંતર, જ્યોતિષિ, વૈમાનીક માંહે સુધર્મા, ઇશાનલગે પુછયું. એનો જવાબ જેમ અસુર કુમારને વિષે કહ્યો તેમજ કહ્યો. ત્યારપછી એજ પ્રમાણે ત્રીજા દેવલોકથી માંડીને ઠેઠ બાર દેવલોક, નવ ગ્રીવેક લગે પુછયું. તેનો ઉત્તર, એમજ અનંતીવાર ઉપનો કહ્યો, પણ **"नो चेवाणं देवीताए"** નો૦ નહીં નીશ્ચે દેવીપણે ઉપનો. કારણ કે બીજા ઇશાન દેવલોક સુધીજ દેવી ઉપજે છે તે માટે.

એજ રીતે અણુત્તર વૈમાનને વિષે પૃથ્વ્યાદિકપણે ઉપનો કહ્યો, પણ **"नो चेवणं देवताए देवीताए"** અનુત્તર વૈમાનને વિષે દેવતાપણે અનંતીવાર ઉપજે નહીં કારણકે ત્યાંના દેવતા એકાઅવતારી પ્રમુખ છે. તેમજ દેવીપણે પણ ત્યાં ઉપજે નહીં.

ઇહાં બધે ઠેકાણે ભવ્ય, અભવ્યાદિક બાર બોલના સર્વ જીવ ઉપના કહ્યા. એ આળાવો ઘણો મોટો છે, તે સૂત્રથકી જોવાની ભલામણ કરી. આંહી ગ્રંથ ગૌરવના કારણથી માત્ર થોડો પરમાર્થજ લખી વીરમીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭. વળી કેટલાએક કહે છે કે—સૂરિયાભ દેવતા જ્યારે નવો ઉપજ્યો ત્યારે તેને તેના સામાનીક દેવતાએ આવીને કહ્યું કે, તુમ્હે સિદ્ધાયતન મધ્યે જેહને એકસો ને આઠ જીન પડીમાને અને સુધર્માસભામાં જીનદાઢાને પુજો. એ તુમને પહેલાં કરવા જોગ્ય એ તુમને પછે કરવા જોગ્ય એ તમને—

**पुव्वि पछा हियाए सुहाए खमाए निसेसाए आणुगामियत्ताए भविस्सइ॥**

**શબ્દાર્થ**—**પુ.** પુર્વે. **પ.** તથા પછે પણ **હી.** હીતકારી. **સુ.** સુખતાભણી. **ખ.** યોગ્યતાભણી. **ની.** શ્રેય કલ્યાકારી. **આ.** પરંપરાએ સુખભણી હુસ્યે.

**ભાવાર્થ**—એમ કહ્યું તે જુવો એ દેવતાએ પણ પ્રતિમા પુજવી બતાવી છે એમ કેટલાએક કહે છે તેને ઉત્તર આપે છે કે, સૂરિયાભાદિક બત્રીશ લાખ વૈમાન પ્રથમ દેવલોકે છે. તે સર્વે વૈમાનની એકજ રીત છે. વૈમાન વૈમાન પ્રત્યે પાંચ પાંચ સભા છે. એક એક સિદ્ધાયતન છે. એમ ૭ ૭ વસ્તુ સર્વે વૈમાન મધ્યે છે. જ્યારે જ્યારે નવો દેવતા ઉપજે ત્યારે ત્યારે એકેક વાર રાજ્યાભિષેક કરતાં સર્વે પ્રતિમા પુજે છે તેમાં સમદ્રષ્ટિ, મિથ્યાદ્રષ્ટિ, ભવ્ય, અભવ્ય સર્વે ઉપજે તે સર્વે પુજે છે. સર્વેને ઉપજતી વેળાએ સર્વે દેવતાને પોત પોતાના સામાનિક દેવતા એમજ કહે છે જે પ્રતિમા અને દાઢા પુજો. ઇહાં કાંઇ એમ નથી કે સમુદ્રષ્ટિ હોય તેજ પુજે, અને મિથ્યાદ્રષ્ટિ હોય તે ન પુજે. જીત વ્યવહાર માટે સર્વે પુજે છે.

વળી જેમ મનુષ્ય લોક મધ્યે સમુદ્રષ્ટિ હોય તે તો તિર્થંકર અને સાધુને વાંદે પુજે છે. અને મિથ્યાતી હોય તે. ઘોર, મસીત, મીરાં, પીર, ઠાકોરદ્વારા, વિષ્ણુ, મહેશ, ગણેશ, માતા, હનુમાન, ક્ષેત્રપાળાદિકને પુજે, પણ અન્યમતિ મનુષ્ય હોય તે જીન મતના દેવ ગુરૂને વાંદે, પુજે, નહીં.

વળી જેમ મનુષ્ય લોકમાંહી જૈન, સીવ, મુસલમાનના દહેરાં જુદાં જુદાં છે, તેમ દેવલોક મધ્યે મત મતના દહેરાં જુદાં જુદાં નથી. ત્યાં તો સમુદ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિ બનેને પુજવાને પુજવાનો સિદ્ધાયતન એકજ છે. જો તેહના દેહેરાં જુદાં જુદાં કહ્યાં હોય તો સૂત્ર સાખે દેખાડવાં જોઇએ !

વળી સમદ્રષ્ટિ, મિથ્યાદ્રષ્ટિના ધર્મ વ્યવહાર તો જુદાં જુદાં છે, પણ લોક વ્યવહાર તો એકજ છે. જેમ મનુષ્ય લોકમાં સ્નાન, દાતણ, ભોજન, વસ્ત્ર, આભૂષણ, વાહન, સયન, ભોગ. વિલાશ. સર્વે સમદ્રષ્ટિ મિથ્યાદ્રષ્ટિના એકજ છે. અને ધર્મ વ્યવહાર જુદાં જુદાં છે. તેમ દેવતા મધ્યે પણ લોક વ્યવહાર જીતઆચર સમદ્રષ્ટિ, મિથ્યાદ્રષ્ટિના એકજ છે, અને જીનવંદન પ્રમુખ ધર્મ વ્યવહાર જુદાં જુદાં છે.

વળી સમદ્રષ્ટિ દેવતાથકી, મિથ્યાદ્રષ્ટિ દેવતા અસંખ્યાત ગુણા અધિકા છે, સમદ્રષ્ટિ, મિથ્યાદ્રષ્ટિના વૈમાન મધ્યે સિદ્ધાયતન એક સરખાં છે. પણ મિથ્યાતીના વૈમાનમાં કયાંઈ ઘોર, મસીદ, ઠાકોરદ્વારા કહ્યાં નથી. ત્યાં તો વૈમાન વૈમાન પ્રત્યે સિદ્ધાયતન અને પ્રતિમા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વે સુરિયાભિના જેહવી છે. તેને ભવ્ય, અભવ્ય, સમદ્રષ્ટિ, મિથ્યાદ્રષ્ટિ. સર્વે એકજ રીતે પુજે છે. એમાં ધર્મ કરતવ્ય સું થયું?

વળી પ્રતિમા પુજે એટલા સમદ્રષ્ટિજ થાય તો વિજય પ્રોળીયાદિક અસંખ્યાતા પ્રોળીયા સર્વ વિજય પ્રોળીયાનીપરે પ્રતિમા પુજે છે તો તે સર્વે સમદ્રષ્ટિ થશે ? ? ? વળી સર્વ જીવ વિજય પ્રોળીયાપણે અનંતીવાર ઉપન્યા છે. તો પ્રતિમા પુજવાવાળાને અનંતભવ કેમ કરવા પડયા ? ? કેમકે સમ્યકૃત્વવંતને અનંતા ભવ હોય નહીં એતો સૂત્ર શાખ છે.

વળી અરણુક શ્રાવક, કામદેવ શ્રાવકને દેવતાએ પરીસહ દીધા તે દેવતા, તેમજ ગોશાળામતિ, જમાલીમતિ, નાસ્તિકમતિ એહવા જે મિથ્યાત્વિ દેવતા જીનધર્મના દ્વેષી, તે પણ ઉપજતી વેળાએ જીતઆચર માટે સિદ્ધાયતનની પ્રતિમા પુજે છે. કોઇ મસીત કે ઠાકોરદ્વાર પુજતા નથી, તેમ તે ત્યાં છે પણ નહીં. હવે જુવો એ સિદ્ધાયતનની પ્રતિમા તિર્થંકરની હોય તો મિથ્યાત્વી કેમ પુજે? માટે એ કુળાચાર જીતવ્યવહાર મધ્યે પ્રતિમાની પુજા જાણવી. પણ સમ્યકૃત્વ ખાતે જાણવી નહીં. કેમકે જો એક સમ્યકૃત્વ દ્રષ્ટી દેવતાજ પુજતા હોય તો તો ધર્મ ખાતે થાય પણ સર્વે સમ્યકૃત્વી, મિથ્યાત્વી ભેળી પુજે ત્યારે ધર્માચાર સ્યાનો!

૮. વળી એ પ્રતિમા તિર્થંકરની નહીં એમ સિદ્ધાંત શાખથી સિદ્ધ થાય છે. જ્યારે પ્રથમ સુરિયાભ દેવતાને રાજ્યાભિષેક થયો, ત્યાર પછી વ્યવસાય સભામધ્યે આવ્યો ત્યાં **"धमीए सथे वाएति"** એહવો પાઠ છે. એટલે ધર્મશાસ્ત્ર વાંચ્યા. એ ધર્મશાસ્ત્ર છે, ધર્મશાસ્ત્ર કહ્યા છે, પણ કુળધર્મની રીત સમંધીયા છે પણ આચારંગાદિક દ્વાદસાંગ પ્રવચન સિદ્ધાંત નથી કેમકે જો આચારંગાદિક દ્વાદસાંગી હોય તો મિથ્યાત્વિ અભવ્ય કેમ વાંચે? કેમ સર્દહે? અને જીનવચન સાચાં કેમ જાણે? કેમકે વાંચવા તો સર્વેને પડે છે. વળી મિથ્યાત્વીના ઓગણત્રીશ પાપસૂત્ર કયાંયપણ જુદા કહ્યાં નથી. તેમ કયાંઇ સમ્યકદ્રષ્ટિ આચારંગાદિક વાંચે અને મિથ્યાત્વિ કુરાન, પુરાન વગેરે વાંચે એમ તો કહ્યું નથી. ત્યાં તો જેટલા બાર બોલવાળા ઉપજે તે સર્વ એહીજ ધર્મશાસ્ત્ર વાંચે છે માટે એ ધર્મશાસ્ત્ર તે પણ લોકીક કુળરીતનાં જાણવાં.

વળી કેટલાએક કહેછે કે—શ્રાવક, સમ્યકદ્રષ્ટિ સિદ્ધાંત વાંચે તો અનંત સંસારી થાય. હવે એમ કહેનારના લેખે જો આચારંગાદિક ધર્મશાસ્ત્ર હોય તો સમ્યકદ્રષ્ટિ દેવતા સિદ્ધાંત વાંચીને અનંત સંસારી શા માટે થાય? માટે નકી એ ધર્મ શાસ્ત્ર તે કુળ રીતનાંજ છે. જેમ મનુષ્ય લોક મધ્યે બોહોંતેર કળાના શાસ્ત્ર, તથા અર્થ, ધર્મ, કામ, સામ, દંડ, ભેદ. ઇત્યાદિક ગ્રંથ છે તેજ સરખા તે પણ જાણવા, અને સમ્યકદ્રષ્ટી, મિથ્યાત્વદ્રષ્ટી સર્વને એક સરખી રીતે કામ આવે, એક સરખી રીતે મનાય તેવાં છે, એટલે એ પ્રતિમા અને એ શાસ્ત્ર એ બંને એક લોકીક ખાતે છે. કેમકે અનંતા જીવ અનંતીવાર દેવતા થઇને એ પ્રતિમા પુજી. એ પુસ્તક વાંચ્યાં, પણ કોઇ સમ્યકત્વ પામ્યો નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯. ત્યાર પછી એ પુસ્તક વાંચીને **"धम्मीयं ववसाइयं गिन्हिजा"** ધ૦ કુળ-ધર્મ સંબંધી. વ૦ વ્યાપાર. ગિ૦ ગૃહે એવો પાઠ છે.

**ભાવાર્થ**—એ ધર્મનો વ્યાપાર કહ્યો તે પદ પણ સમુચય છે. ત્યાં એમ નથી કહ્યું કે પ્રતિમા પુજી તે ધર્મ વ્યવસાય. સમુચય પદ મધ્યે તો પ્રતિમા, પુત્તળી, સ્થાંભા, હથીયાર, તોરણ, પ્રોળ, ખડગ, પુસ્તક એમ બત્રીશ વાનાં પુજ્યા, તે સર્વે ધર્મવ્યવસાય ગ્રહ્યા કેડે પુજ્યા છે, તે માટે ધર્મવ્યવસાય પદ તે પણ સાધારણ પાઠ છે.

ત્યાર પછી ઉઠીને ઇશાન ખૂણે સિદ્ધાયતન મધ્યે ગયો. જ્યાં એકસો ને આઠ જીન પડીમા છે ત્યાં આવ્યો, અને પ્રતિમાનો શરીર ચરચ્યો.

હવે પ્રતિમાદિક એક બીજાથી વિરૂદ્ધ પડે છે તે સૂત્ર થકી કહે છે.

૧. જ્યાં વિજય દેવતાની પ્રતિમા (જીવાભિગમ મધ્યે) પાછળ વરણવી ત્યાં **" रीठमयामसुं "** રીષ્ટરત્નમય ડાઢી કહી છે. અને રાયપસેણીમાં સૂરિયાભે પ્રતિમા પુજી તેને દાઢી નથી કહી. એ ફેર.

૨. **" कणग्गमया चुचुआ "** એટલે કનકમય સ્તન છે. હવે જુઓ એ સ્તન જુગળ કેને હોય? શ્રી ઊવ્વાઇ મધ્યે શ્રી વિતરાગનું શરીર વખાણ્યું ત્યાં સ્તન જુગળ મુળથીજ કહ્યાં નથી, કેમકે તિર્થંકર, ચક્રવૃત્તિ, બળદેવ, વાસુદેવ, ઉત્તમ પુરૂષ, સામંત, ઘોડો. એટલાને સ્તન હોય નહિ. માટે તે પ્રતિમા જો જીન તિર્થંકરની હોય તો સ્તન હોય નહીં. એ સ્તન કહ્યાં તે ફેર.

૩. વળી તે પ્રતિમાને પાશે (પડખે) બે બે ચામરધારની પડીમા, એક એક છત્રધારની પડીમા, અને મુખ (મોઢા) આગળ બે બે નાગપડીમા, બે બે જક્ષપડીમા હાથ જોડીને વિનય કરતી રહે છે. હવે જુઓ એ નાગ, ભૂત અને જક્ષની પડીમા કોના પરીવાર મધ્યે હોય? તિર્થંકરની પાસે તો સૂત્ર મધ્યે ઠામ ઠામ કહ્યું છે કે **" इसीपरीसाए जइपरीसाए "** કહ્યું છે. જો એ પ્રત્તિમા પાસે ગણધર, સાધુની પ્રતિમા હોત તો જાણત કે એ તિર્થંકરની પ્રતિમા ખરી, પણે તે તો નથી માટે એમ જાણવું જે કોઇ ભોગીદેવ કામદેવાદિકની પ્રતિમા છે.

વળી આજે પણ પ્રતિમા જે કરાવે છે તેની પાસે કાઉસગીયા સાધુની પ્રતિમા કરાવે છે, પણ નાગ, ભૂત, જક્ષની પ્રતિમા કરાવતા નથી, તો એ બે પ્રતિમા મધ્યે સાચી કઈ ને જુઠી કઇ? માટે એ પ્રતિમા નાગ, ભૂત, જક્ષ, ઠાકુર, વેસમણ, ક્ષેત્રપાળ, મહેશ, કામદેવાદિકની નિસંદેહ જાણવી.

૪. વિશેષમાં વળી સૂરિયાભે પુજતાં પહેલાં થકી **" लोमहेथणं पमजइ "** કહ્યું છે. એટલે કે મોરપીંછની પુંજણી થકી પુંજી કહી. જેમ દ્રુપતીએ. ભદ્રાસાર્થવાહણીએ જક્ષની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિમા મોરપીંછ થકી પુંજી તે રીતે. પુંજી છે તો મોરપીંછની પુંજણી જૈનલીંગ નથી, તે ઠાણાંગસુત્રે પાંચમે ઠાણે ત્રીજે ઉદ્દેશે કહ્યું છે કે—

**कप्पइ निग्गांथाणवा निगांथीणवा पंच रयहरणाइं धारीत्तएवा परिहरित्तएवा तंजहा. उन्नए १, उट्टिए २, साणए ३, पच्चापिचिए ४, मुंजापिचिए ५.**

**શબ્દાર્થ—**ક૦ કલ્પે નિ૦ નિગ્રંથ. નિ૦ નિગ્રંથીને. પં૦ પાંચ ર૦ રજોહણા. **ધા૦** ધારવા. **પ૦** રાખવા. **તં૦** તે કહે છે. ઉ૦ કંબલ ઉનનો ૧. ઉ૦ ઉંટના રોમનો ૨. **સા૦** સાણનો ૩. **પ૦** તૃણ વિશેષ કુટિત્ત તેહનો ૪. **મુ૦** મુંજનો કુટિત્તનો ૫.

**ભાવાર્થ—**એ મધ્યે ભીંડી તથા મુંજના રજોહરણા અપવાદે રાખવા કહ્યા. પણ મોરપીંછ રાખવાની ના કહી. કેમકે જીનમારગ મધ્યે મોરપીંછ નિષેધ્યો છે. જો કે અતિ સુકમાળ છે. પણ ભગવંતે અશ્રેય જાણ્યું–વળી અન્યતિર્થિની સાથે મળતો એક સરખો વેષ થાય તે માટે નિષેધ્યો છે.

હવે જુઓ સાધુને મોરપીંછ રાખવાની ના કહી, તો સાધુના સ્વામી ભગવંતને શરીરે મોરપીંછનું પુંજવું કયાંથી હોય? વળી ભગવંતને તો મૂળથીજ રજોહરણો નથી તો ભગવંતની પ્રતિમાને મોરપીંછ કેમ કલ્પે? એ લેખે પણ શ્રી વિતરાગની એ પ્રતિમા નહીં.

૫. વળી સુરિયાભે પ્રતિમા પુજી ત્યારે પ્રથમથકી પ્રતિમાને નવરાવી પછે—

**" अहयाइं देवदुस जुयलाइं नियस्सेइ २ त्ता "**

**અ૦** મોંઘા મુલ્યના **દે૦** દેવદુષ. **જુ૦** જુગળ વસ્ત્ર. **નિ૦** પહીરાવે, પહીરાવીને.

**ભાવાર્થ—**એમ પાઠ કહ્યો કે જીનપ્રતિમાને ચીગટ રહિત, ઉંદરની ચાંચ રહીત એટલે અખંડ વસ્ત્રનો જોટો પહેરાવ્યો. એમ પાઠ બોલ્યો. હવે જુવો તિર્થંકર તો અચેળ છે, તે વસ્ત્ર પહેરે નહીં તો તિર્થંકરની પ્રતિમાને ધોતી જોડો કેમ પહેરાવ્યો? એ લેખે તે પ્રતિમા કયા જીનની ઠરી તે વીચારવું, કેમકે આભ્રણને વસ્ત્ર તો એક રીતે છે. માટે જો કલ્પે તો તો બનેને કલ્પે, અને ન કલ્પે તો એકને ન કલ્પે.

વળી આજે જે પ્રતિમા પુજે છે તે પણ વસ્ત્ર નથી પહેરાવતા, તો દેવતા ભગવંતને અચેળ જાણીને વસ્ત્ર કેમ પહેરાવે? માટે એમ જાણવું કે એ પ્રતિમા વસ્ત્રના પહીરણહાર દેવતાની છે, પણ જીનદેવ તિર્થંકર નથી.

વળી કોઇ કહેશે કે એ તો વસ્ત્ર ભગવંતના મુખ આગળે મુકયાં છે, એમ કહે તો તે વાત ખોટી કહે છે, કારણકે મુખ આગળ વસ્ત્ર મુકયા તે તો **"वथारुहणं"** પાઠ જુદો છે. **" वन्नारुहणं चुन्नारुहणं पुप्फारुहणं वथारुहणं आभरणारुहणं "** **અર્થ—વ૦** વાના આરોપણ. **ચુ૦** ચૂર્ણવાસખેપ ચઢાવે. **પુ૦** ફુલ ચઢાવે. **વ૦** વસ્ત્ર ચઢાવે. **આ૦** આભરણ ચઢાવે. તેમાં આવ્યો, પણ ઇહાં તો **"देवदुसा जुयलीयं नियंसेइ २ त्ता"**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેતાં દે૦ દેવદુષ્ય. જુ૦ જુગળ વસ્ત્ર. **નીo** પહીરાવે, પહીરાવીને. કહ્યું નિર્યસ્યા પહીરાવ્યા કહ્યાં છે. એમ આભરણ ચઢાવ્યાં તે જુદાં અને પહેરાવ્યાં તે પણ જુદાં. માટે એ આભરણ અને વસ્ત્ર બને વસ્તુ ભગવંતને અયોગ્ય, તેમ ભગવંતની પ્રતિમા હોય તો તેને પણ અયોગ્ય.

વળી કોઇ કહેશે કે ભગવંતને તો એ બે વસ્તુ અયોગ્ય છે. પણ ભક્તિવંતની ભક્તિ છે કે જે સાર વસ્તુ હોય તે પ્રતિમાને ભગવંત નિમિત્તે કરેજ. એમ કહે તેને ઉત્તર જે, જો ત્યાગી પુરૂષની ભક્તિ ભોગવડે થાય તો સ્ત્રી કેમ ન ચઢાવીએ? કેમકે સર્વ ભોગમાં સ્ત્રી પ્રધાન છે. જેમ વસ્ત્ર આભૂષણ તેમ સ્ત્રી! પણ દયાળુ પ્રભુ દેવાધીદેવને એવી ભક્તિ જીનસારગમધ્યે ક્યાંઇ કહી નથી.

૬. વળી પ્રશ્નવ્યાકરણ સૂત્રને પાંચમે અધ્યયને આશ્વદ્વારે દેવતાના ચૈત્ય અને દેવકુળ પરીગ્રહ મધ્યે કહ્યાં છે તે પાઠ કહે છે.

**एवंचेते चउविहा सपरिसावि देवा ममायंति भवण वाहण जाण विमाण सयणा सणाणिय नाना विह वत्थ भूसणाणीय पवर पहरणाणिय णाणामणी पंचवण दिवंच भायणविहं णाणाविहं कामरुव वेउव्विया अच्छर गणा संघाए दिव समुद्दे दिसाओ विदिसाओ चेइयाणिय वणसंडे पवते गाम नगराणीय आरामु जांण कांणणाणीय कुव सर तलाग वावि दिहाय देवकुल सभ पव्वा वसही माइयाइं बहुयाइं कित्तणाणिय परिगेन्हवा परिग्रहं विपुलं दव्व सारं देवावि सइंदगा नव्त्रित्तिं नतुट्टि उवलभंति.**

**શબ્દાર્થ—એ૦** એણિપરે. **તે૦** તે દેવતા. **ચ૦** ભવનપત્યાદિક ચાર પ્રકારના. **સ૦** પરિખદ્દા સહીત એ પુર્વે કહ્યા તે. **દે૦** દેવ તે. **મ૦** મહારા એવી મમતા કરે. ( તે ક્યા બોલ ઉપર માહરા એવી મમતા કરે તે બોલ કહે છે) **ભ૦** ઘર ૧. **વા૦** અશ્વાદિક ૨. **જા૦** સકટાદિક ૩. **વિ૦** વૈમાન ૪. **સ૦** પલંકાદિક ૫. **સ૦** સિંઘાસ્નાદિક પ્રત્યે મમતા કરે ૬. **ના૦** નાના પ્રકારના. **વ૦** વસ્ત્ર ૭. **ભુ૦** ભૂષણ પ્રત્યે ૮. **પ૦** પ્રધાન. **પ૦** હથીયાર પ્રતે મમતા કરે ૯. **ણા૦** નાના પ્રકારના મણી ૧૦. **પ૦** પાંચ વર્ણ. **દિ૦** પ્રધાન. **ભા૦** ભાજન ૧૧. **ના૦** નાના પ્રકારના **કા૦** કંદર્પાવતારરૂપ ૧૨. **વે૦** વૈક્રીય કીધા એવા. **અ૦** અપચ્છરાના ૧૩. **ગ૦** સમોહ તેહના વૃંદ પ્રત્યે. **દી૦** દ્વીપ ૧૪. **સ૦** સમુદ્રપ્રતે ૧૫. **દી૦** ચાર દિશાપ્રતે ૧૬. **વી૦** ચાર વિદિસપ્રતે ૧૭. **ચે૦** ચૈત્ય પ્રતિમા પ્રત્યે ૧૮. (અન્ય તિર્થિની પ્રતિમા પણ પરિગ્રહ મધ્યે જાણવી) **વ૦** વનખંડે ૧૯. **પ૦** પર્વત ૨૦. **ગા૦** ગામ ૨૧. **ન૦** નગર પ્રત્યે ૨૨. **આ૦** આરામ ૨૩. **ઉ૦** ઉદ્યાન ૨૪. **કા૦** કાનન તે વન પ્રતે ૨૫. **કુ૦** કુપ (કુવા) ૨૬. **સ૦** સરોવર ૨૭. **ત૦** તળાવ ૨૮. **વા૦** વાવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૯. **દી૦** દિર્ધિકા ૩૦. (લાંબી વાવ નાળાલી) **દે૦** શીખરબંધ દહેરાં ૩૧. **સ૦** સભા. **પ૦** પર્વ ૩૨. **વ૦** તાપસના આરામ ૩૩. **આ૦** એ આદિ દેઇને. **બ૦** ઘણા પદાર્થ પ્રતે. **કી૦** એમ કહે જે એ માહરા, એ માહરા એવી મમતા કરે. **પ૦** ગ્રહીને એવા. **પ૦** પરિગ્રહને પરીગ્રહ કેહવા છે તે કે. **વી૦** વિસ્તિર્ણ. **દ૦** દ્રવ્યે કરી. **સા૦** પ્રધાન. એવા પરિગ્રહને આદરીને **દે૦** દેવતા પણ. **સ૦** ઇંદ્ર સહિત દેવ **ન૦** તૃપ્તિ ન પામે. તે દેવતા ઘણા વિસ્તીર્ણ લોભે પરાભવ્યા થકાં.

**ભાવાર્થ**—એ પાઠ મધ્યે જે જે વસ્તુ કહી તે તે વસ્તુ દેવતાને પરિગ્રહ મધ્યે કહી તેમાં દેવકુળ (દેહરાં) પ્રતિમા તે પણ પરિગ્રહમાં ગણ્યા છે માટે પરિગ્રહ પુજે ધર્મ હોય નહીં. એ નક્કી જાણવું.

વળી કોઇ કહેશે કે પૂર્ણ ભદ્રાદિક જક્ષ છે તે જક્ષની પ્રતિમા પરિગ્રહ ખાતે છે, શેષ પ્રતિમા પરિગ્રહમાં નહીં. એમ કહે તેનો ઉત્તર—જો ત્રીછા લોકે વ્યંતરની પ્રતિમા છે તે પ્રતિમા પરિગ્રહ મધ્યે કહેશો તો ઇહાં તો **"चउविहावीदेवा"** ચાર પ્રકારના દેવતા કહ્યા છે. વળી ઇંદ્ર સહીત તો તેની પ્રતિમા ત્રીછા લોક માંહી કહ્યા છે ? અને કોણ પુજે છે ? અને **"दिव समुदे चेइयाणीयं"** કહ્યું તે કયા વ્યંતરની પ્રતિમા છે? વળી સર્વે દ્વીપ, સમુદ્રની પ્રતિમા તિર્થંકરની માને છે તો ઇહાં તો તે પણ ભેળી આવી છે. વળી દેવલોક મધ્યે વૈમાનદીક પ્રતિમા છે તે પણ વૈમાનવાસીને પરિગ્રહ ખાતે છે. કારણ કે પોત પોતાના વૈમાનની સર્વે પુજે છે. કોઇ બીજાની પુજતા નથી. વળી સુરિયાભને સામાનિકે પુજવાનું કહ્યું છે તેણે પણ સુરિયાભ વૈમાનના સિદ્ધાયતનની પ્રતિમા સુરિયાભ દેવને પુજવી કહી દેખાડી, અને તેણે તેહીજ પુજી છે, પણ અન્ય સ્થાનકની, મેરૂની, નંદીસર દ્વીપની પુજવી બતાવી નથી. જે પહીલા જીત આચારમાં પુજવાની છે તેજ બતાવી એટલે પોતાની કરી બતાવે છે, તે માટે પરિગ્રહ ખાતેજ કહી. વળી તિર્થંકરના જન્માદિક મહોત્સવ કરતાં સર્વે ઇંદ્ર ભેળા થાય છે, તેમાં કોઇ એમ નથી કહેતું કે અમુક તિર્થંકર તો મારી હદના ને મારા છે, માટે હું જન્માદિક મહોત્સવ કરીશ. એમ કોઇ મમતા કરતા નથી. ત્યાં તો ભરત, ઐરવત, મહાવિદેહના જેટલા છે તેટલાનો સહુ જન્મ મહોત્સવાદિક કરે છે, માટે તે કોઇ દેવતાના પરિગ્રહમાં નથી, અને પ્રતિમા તો જેની હદ મર્યાદા વૈમાન માંહી આવી તેનેજ પોતાની જાણી મમતા છે જેથી પુજે છે, તે માટે તે પરીગ્રહ ખાતે કહી છે, પણ તિર્થંકર કે સાધુ કોઇની હદમધ્યે કહ્યા નથી. એ મોટો ફેર છે.

૭. ત્યારે કોઇ કહેશે કે સૂરિયાભની પ્રતિમા તિર્થંકરની નથી એવું તમે કેમ જાણ્યું? એમ કહે તેનો ઉત્તર—કે એ પ્રતિમાના લક્ષણ છ ભગવંતથકી જુદા પડ્યા તે કહે છે. પ્રથમ દાઢી ૧, સ્તન ૨, મોરપીંછ ૩, નાગ, ભૂતનો પરિવાર ૪, કપડાં પહેરાવ્યાં ૫, ને આભૂષણ પહેરાવ્યાં ૬. તેણે કરી જાણ્યું કે એ ભગવંતની પ્રતિમા નથી. એ છ બોલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિરૂદ્ધનો વિસ્તાર ઉપર કહેવાઇ ગયો છે. વળી દ્રુપતિની પ્રતિમા ને સ્ત્રીનો સંઘટો એ સાતમો વીરૂદ્ધ.

૮. ત્યારે કોઇ કહેશે કે જીન પ્રતિમા વીત્તરાગની નથી તો **"धुवदाउण जीणवराणं"** કેમ કહ્યું? એમ કહે તેને ઉત્તર કે—જો જીનવર ધુપ, સુગંધ લ્યે તો સૂરિયાભે પ્રત્યક્ષ ભગવંતને ધુપ કેમ ન કર્યો? તે કહો. માટે જે ધુપ, સુગંધના ભોગી દેવ છે તે માટે દેવતા રૂપ જીનની પ્રતિમા જાણવી, પણ તિર્થંકરની પ્રતિમા જાણવી નહીં. એ આઠ પ્રશ્ન થયા.

ત્યારે કોઇ કહેશે કે એ બધી વાત તો ઠીક પણ જો તિર્થંકરની પ્રત્તિમા નથી તો સૂરિયાભે નમોથુણં કેમ કહ્યું? એમ કહે તેને ઉત્તર કે—સૂરિયાભનું નમોથુણં ધર્મ ખાતે નથી. એ તો કુળાચાર વ્યવહાર ખાતે છે કેમકે નમોથુણં ત્રણ પ્રકારે કહે છે. લોકીક રીતે ૧, કુપ્રાવચનીક રીતે ૨, અને લોકોત્તર રીતે ૩. એ ત્રણ પ્રકારે. તેની સમજુતી કહેછે.

૧. લોકીક તે લોકીક દેવ, ગુરૂ. દેવ, ગુરૂના ગુણ રહીતની આગળે નમોથુણં કહે તે. જેમ દ્રુપતિ પોતે મિથ્યાત્વી અને નિયાણા સહીત થકી ભોગી દેવની પ્રતિમા આગળે નમોથુણં કહ્યું તેમ. તેમજ અંતગડ સૂત્રે છઠા વર્ગના ત્રીજા અધ્યયનમાં અર્જુન માળીએ મોગરપાણી જક્ષને કહ્યું કે—

**"एवं खलु अहं बाल पभिए चेव मोगरपाणीस्स भगवओ कल्लाकल्हिं जाव कप्पेमाणे विहरामि"**

આંહી અર્જુન માળીએ મોગરપાણી જક્ષને ભગવંત કહી બોલાવ્યો તેથી શું તે ભગવંત થયો? અર્થાત રાગી હોય તે તેના ગુણગ્રામ કરે. વળી જેમ ઓશવાળ મહાજન આગળે પોકરણા ભોજક ચોવીશ જીનના નામ સંભળાવે, પણ પોતે સર્દહે નહીં ફક્ત આજીવકા અર્થે કહે તેમ જાણવું માટે એમાં ધર્મ નથી.

૨. કુપ્રાવચનીક તે ગોસાળા જમાલીના શિષ્ય, શ્રાવક, ગોશાળા, જમાલીને નમોથુણં કહે તે કુપ્રાવચનીક, તથા અનુજોગદ્વારે દ્રવ્યાસકના કરણહાર વેષધારી તથા દીગંબર નમોથુણં કહે તે સર્વે કુપ્રાવચનીક જાણવા.

૩. લોકોત્તર નમોથુણં તે સાધુ, શ્રાવક, શ્રી વીત્તરાગને ઓળખી ગુણ જાણીને કહ્યું તે એકાંત મુક્તિ હેતુ જાણવું.

વળી જેમ સૂરિયાભે પ્રતિમા આગળ નમોથુણં કહ્યું તેમ અસંખ્યાતા વિજય દેવતા અસંખ્યાતા વિજયંત દેવતા, અસંખ્યાતા જયંત દેવતા અને અસંખ્યાતા અપરાજીત દેવતા. એકેકને ઠેકાણે અનંતા થયા અને અનંતા થશે તે સમ્યકત્વી, મિથ્યાત્વી, ભવ્ય, અભવ્ય, સર્વે નામોથુણંકરે. તેમજ અસંખ્યાતા ભવનપતિ, અસંખ્યાતા વ્યંતર, અસંખ્યાતા જ્યોતિષી અને અસંખ્યાતા વૈમાનિક. તે સર્વે સૂરિયાભની રીતે પ્રતિમા પુજે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાઢા પુજે છે, અને ધર્મ શાસ્ત્ર વાંચે છે. ભવ્ય, અભવ્ય સર્વ દેવતાની એ કરણી છે માટે તે લોકીક રીતમાં નમોથુણં ગણાય. જો એકલા સમદ્રષ્ટીજ પુજા કરે તો સમ્યકત્વ ખાતે હોય પણ તેમ તો નથી માટે સમ્યકત્વ ખાતે નહીં.

વળી જો પ્રતિમાની પુજા ધર્મ ખાતે હોય તો મનુષ્ય લોકે રાજા, શેઠ, સેનાપતિ. શ્રાવકે પ્રતિમા પુજી, ઘરમાં માંડી, દહેરાં કરાવ્યાં, સંઘ કાઢયા એમ કેમ કયાંય ન કહ્યું?

વળી દેવતાએ પ્રતિમા આગળે નમોથુણં કહ્યું. તેમજ ગર્ભમાં રહ્યા. અવિરતી તિર્થંકર તેહને નમોથુણં કહ્યું, પણ સાક્ષાત કેવળી ભગવંતને વંદણા કરવા આવ્યો ત્યાં નમોથુણં કેમ ન કહ્યું? તો શું પ્રતિમાથકી ભગવંત ઉતરતા હતા? પણ એમ કાંઇ નહીં, દેવતાની જેહવી રીતિ છે. કુળાચાર જીતવ્યવહાર છે તે પ્રમાણે કરે છે એમાં કાંઇ ધર્મ કર્મનો વિચાર જાણવાનો નથી.

૧૦. વળી સુરિયાભે પ્રતિમાને નમોથુણં કહ્યું તે ઇહ લોક ખાતે છે, પણ પરલોક ખાતે નથી. તેહની ખાત્રીને માટે સુત્રસાખ ભગવતી સતક બીજે ઉદ્દેશે પહેલે છે કે, તે ખંધક સન્યાસીએ શ્રી મહાવીર સ્વામી પ્રત્યે કહ્યું કે જેમ કોઇ ગાથાપતિ ઘર બળતું દેખી ધન કાઢે તે એમ જાણે કે એ સમયે.

**निछारिए संमाणे पुव्विं पछा हियाए सुहाए खमाए निसेसाए अणुगामीय-ताए भविस्सइ ॥**

**શબ્દાર્થ—નિ૦** નિસ્તાર પામ્યો એ મહારો આત્મા અને કેડે શું નિકળ્યાથકાં **પુ૦** પહીલા. **પ૦** અને પછે પણ. **હી૦** હીતને કાજે. **સુ૦** સુખને કાજે. **ખ૦** ક્ષમાને કાજે. **નિ૦** મુક્તિ હેતુ. **અ૦** અનુગામીકપણે. **ભ૦** હુસ્યે.

**ભાવાર્થ**—એ ધન કાઢયું થકું મુજને પહેલાં અને પછી પણ હીતકારી પ્રમુખ થાશે. એણે દ્રષ્ટાંતે ખંધક કહે છે કે લોકમધ્યે આદીપ્ત પ્રદીપ્ત, જરા, મરણરૂપ અગ્ની લાગી છે તે માંહેથી સાર ભંડ હું માહરો આત્મા કાઢું છું, જેથી એ આત્મા સંસારથકી કાઢયે થકે મુજને.

**पेचा हियाए सुहाए खमाए निसेसाए अणुगामीय ताए भविस्सइ ॥**

**શબ્દાર્થ—પે૦** પર ભવ જન્માંતરે. **હી૦** હીત ભણી પથ્યની પરે. **સુ૦** સુખ ભણી. **ખ૦** જોગતા ભણી રોગનો વિનાશ કરવા ઓષધની પરે. **નિ૦** મોક્ષ ભણી. **અ૦** ભવની પરંપરા લગે એહ સુખનું કારણ કેડે **ભ૦** હુસ્યે.

**ભાવાર્થ**—પેચા કહેતાં પરલોકે હીયાયે પ્રમુખ થાશે. ઇહાં હીયાયે પ્રમુખ પાંચ બોલ તો સરખા છે. પણ ધન કાઢયું ત્યાં "**पुव्वीं पछा**" કહ્યું જે એ લોક મધ્યે એ ધન કાઢયું થકું પહીલા અને પછી ધન "**हियाए**" પ્રમુખ પાંચ બોલ થાશે કહ્યું તેમજ સંજમ લેતા પણ પાંચ બોલ તો તેહીજ પણ "પેચા" કહેતાં પરલોકને વિષે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**"हियाए"** પ્રમુખ થાશે એમ કહ્યું એહવા શબ્દનો ફેર છે, તેમ સુરિયાભે ભગવંતને નમોથુણં કહ્યું ત્યાં **"पेचा हियाए"** પ્રમુખ પાંચ બોલ કહ્યા, જેમ સંજમ લેતાં ખંધકે કહ્યા તેમ, અને પ્રતિમા પુજવી સામાનિક દેવતાએ બતાવી ત્યાં **"पुव्वि पछा हियाए"** પ્રમુખ પાંચ બોલ કહ્યા. એ ધન કાઢવાના આળાવાની પરે જાણવા. એ લેખે ખંધકનો સંજમ અને સુરિયાભનું ભગવંતને કરેલ નમોથુણં એ બે પરલોક ખાતે, અને ધન કાઢવું અને પ્રતિમા પુજવી એ બે ઇહ લોક ખાતે થીયા. એ પરમાર્થ જાણવો.

૧૧. વળી કોઇ કહે કે પ્રતિમા પુજી ત્યાં **"निसेसाए"** કહ્યું છે, માટે નિશેષ શબ્દનો અર્થ મોક્ષનો હેતુ એવો થાય છે, માટે પ્રતિમાની પુજા મોક્ષ હેતે થઇ એમ કહે, તેને ઉત્તર કે—ભગવતી સતક પંદરમે ચોથા રાફડાને ફોડતા એક પુરૂષે વાર્યા. તે પુરૂષ રાફડાના ફોડવાવાળા પુરૂષનો.

**हियकामए सुहकामए पथकामए निसेसियाए ॥**

હીતનો વાંચ્છક, આનંદરૂપ તેહનો વાંચ્છક, પથ્યની પરે પથ્ય તેહનો વાંચ્છક, મોક્ષનો વાંચ્છક.

**अस्यार्थ टीकायां हितकामए हिंइहहितमपायाभावं सुहकामए त्तिसुखमादनं रुपं पथकामए त्तिपथमिवपथ्यं आनंद कारणं वस्तु अणुकंपएति अनुकंपाया वरतित्यानुकंपीकः निसेयसिएतिनिः श्रेयं सयंन्मोक्षमिछति तिनिश्रेयि कः**

**ભાવાર્થ**—ઇહાં નિશેષ શબ્દે મોક્ષ અર્થ કર્યો તો ઇહાં મોક્ષનો અર્થ કરવાનું કારણ શું હતું? ખંધકને અધિકારે "નિશેસ" કહ્યું. વળી ધન કાઢયું ત્યાં પણ "નિશેસ" કહ્યું તો ધન કાઢવામાં મોક્ષનો અર્થ શું હતો? કેમકે ધન તો પ્રત્યક્ષ ઇહ લોકનોજ અર્થ છે, માટે શબ્દ સરખો પણ ભાવાર્થ વિચારવો.

વળી પ્રતિમાની પુજા તે મોક્ષનો અર્થ હોય તો ભવ્ય, અભવ્ય, પુજવાવાળા સર્વ મુક્તિ જાય પણ તેમ તો નથી.

વળી કોઇ કહેશે કે અભવ્ય દેવતાએ પ્રતિમા પુજી તેની શાખ સુત્રમાં કયાં છે? એમ કહે તેને ઉત્તર કે-સિદ્ધાંત મધ્યે તો અભવ્ય જીવ સર્વ દેવલોકે ઉપના જેથી ત્યાંની સ્થિતિ રાખવા માટે સર્વે જણે પ્રતિમા પુજી છે એ સુત્ર સાખ છે તે છતાં પણ પ્રત્યક્ષ પાઠ જોવો હોય તો (જે પ્રતિમામતી) ઓઘનિર્યુક્તિની ટીકા માને છે. તે મધ્યેજ કહ્યું છે કે—

**इव्वांमि जिणहराइ निवाख्या द्रव्यलिंगि परिग्रहितानि चैत्यानिसम्यक्तद्रष्टी नसंभावितानि इतिकस्मातजस्मात द्रव्यलिंगी मिथ्याद्रष्टी त्वात् यद्येवं तर्हि**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**दिगंबरसंमंधीनि चैत्यानि अथैतत्सत्यं तर्हि स्वर्गलोके पुसाश्वितानि चैत्यानि सुर्याभाद्यादेवा सम्यगदष्टय प्रपूज्यंते तत् चैत्यानिसंगमकवत् अभव्यदेवा मदीयं मदीयं मितिब्रहुमानात् प्रपूज्यंते पुर्वापरं विरुद्धं नस्यात् नतुसुर्याद्यादेवा स्वर्गलोके पुसास्वतानि चैत्यानि प्रज्युंते तत्कल्प स्थितिवशानुरोधात अतएव विरुध न संभवति.**

એમ કહ્યું. ઇહાં અભવ્ય સંગમક દેવતાની પુજા પ્રતિમા સુરિયાભાદિક દેવતા કેમ પુજે? એમ પુછયું ત્યારે કહ્યું કે દેવતાની સ્થિતિ છે માટે પુજે. સ્થિતિનો કલ્પ (આચાર, વ્યવહાર) એહવોજ છે એ તત્વ જાણવો. એ લેખે અભવ્ય સરખા તે પણ પ્રતિમા પુજે. એ ધર્મબુધિ રહીત છે તો પણ જીત વ્યવહાર માટે પુજે તો હવે તે લોકીક રીત ઠરી કે ધર્મ રીત ઠરી?

૧૨. વળી કેટલાક કહે છે કે સુરિયાભે અને વિજય પોળીયે જીન દાઢા પુજી છે અને તે દાઢાના મહાત્મને લીધે સુધર્મા સભા મધ્યે ભોગ ભાગવતા નથી તે માટે દાઢાની પુજા મુક્તિ હેતે છે. એમ કહે છે તેને ઉત્તર કે—દાઢાનું પુજવું સમ્યકત્વ ખાતે નથી. કેમકે **"धम्मीयसथे १, जीणपडीमा २, जीणदाढा ३,"** એ ત્રણે એક ખાતે છે કારણ—દાઢાને પણ ભવ્ય, અભવ્ય, સમ્યકત્વદ્રષ્ટી, મિથ્યાત્વદ્રષ્ટી સર્વે પુજે છે સર્વેના ભવન મધ્યે. સર્વેના વૈમાન મધ્યે છે. મતલબ કે ચારે જાતના દેવતા તે સર્વેને છે. અનંતા તિર્થંકર મુકતે ગયા તેહને સર્વેને ચાર ચાર દાઢા હતી, અને તેના લેવાવાળા પણ ચાર જણા છે તે કહે છે. સક્રેંદ્ર ૧, ઇશાનેંદ્ર ૨, ચમરેંદ્ર ૩, અને બળેંદ્ર ૪. એજ લીએ છે, ને તેને દાબડામાં ઘાલી પુજે છે. એ દાઢા ધર્મ જાણીને લેતા હોય તો તો ધર્મ પણ કુળ ધર્મ, જીત વ્યવહાર રૂપ જાણીને લીએ ત્યાં ધર્મ નહીં. વળી તે દેવતા ઇહાં શ્રુત, ચારીત્ર રૂપ ધર્મ જાણીને લેતા નથી. જો ધર્મ જાણીને લેતા હોય તો અચ્યુતેંદ્ર તે સર્વ ઇંદ્રાદિકથકી મોટા છે તે કેમ લેતા નથી? એ લીએ તો તેને કોણ ના કહી શકે? પણ જેહને લેવાનો જીત વ્યવહાર છે, જે રીત લેવાની છે તેજ રીતે તેહજ લ્યે છે. તેમાં જુવો, ઉપરની જમણી દાઢા સક્રેંદ્ર લ્યેછે ૧, હેઠલી ડાબી દાઢા ઇશાનેંદ્ર લ્યેછે ૨, હેઠલી જમણી દાઢા ચમરેંદ્ર લ્યેછે ૩, ને હેઠલી ડાબી દાઢા બળેંદ્ર લ્યેછે. એ રીતે લ્યેછે. એ ચાર દાઢા ઉદારીક પરીણામે છે તે અસંખ્યાતા કાળ ઉપરાંત રહે નહીં, તેમ ચાર ઇંદ્રને વૈમાનેજ છે. એ બીજાને ત્યાં નથી. વળી દાઢાની પુજા તો સક્રાદિ ઇંદ્ર તથા સુરિયાભાદિક સામાનીક તથા વિજયાદિક પ્રોળીયા તથા અસંખ્યાતા ભવનપત્યાદિક સર્વે પુજે છે તો તે સર્વેને જીનદાઢા ક્યાંથી આવી? પણ એમ નથી, એની હકીકત એવી છે કે- જે શાસ્વતા પુદ્ગળ દાઢાને આકારે પરીણમા છે તેને પુજે છે એનું નામ જીનદાઢા છે પણ કાંઇ આંહીથી લઇ જાય તે સદાકાળ રહે ને સર્વેને ઠેકાણે હોય એમ બનેજ નહીં. જેમ જમાલિ, મેઘકુમારે દીક્ષા લીધી ત્યારે તેની માતાએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મસ્તકના કેશ લીધા, એ સમયે "**अपछीमे दरसणे भविस्सई**" કહ્યું, તે મોહની કર્મનો ઉદય તેમ ઇહાં પણ મોહની કર્મજનીત જીત આચાર માટે લ્યે તેમ એ દાઢાનું લેવું તથા પુજવું તે ધર્મને ખાતે નથી. કારણ કે જો ધર્મ ખાતે હોત તો દેવતા દાઢા લઇ જાય ત્યારે મનુષ્ય શ્રાવક, સમ્યકદ્રષ્ટિ રખ્યા (રાખ) તો લ્યે? પણ એમાં કાંઇ ધર્મ ખાતું છેજ નહિ. એ તો દેવતાનો જીત વ્યવહાર છે, માટે લ્યે છે. જો દાઢાને પુજ્યે કેવળી પરૂપ્યો ધર્મ હોય તો ભવ્ય, અભવ્ય. સમ્યકદ્રષ્ટિ, મિથ્યાત્વદ્રષ્ટિ સર્વે કેમ પુજે? કેમકે અભવ્ય, મિથ્યાત્વદ્રષ્ટિને જીન મારગની રૂચી પણ ન હોય. વળી જેમ મનુષ્ય લોકમાં સમ્યકદ્રષ્ટિ, મિથ્યાત્વદ્રષ્ટિ જુદા જુદા છે તેમ દેવલોકમાં પણ દેવતા સમ્યકદ્રષ્ટિ, મિથ્યાત્વદ્રષ્ટિ જુદા જુદા છે; પણ જીનમાર્ગના અને અન્યમાર્ગના પુસ્તક જુદાં જુદાં નથી. કે જીનમાર્ગી સીદ્ધાંત વાંચે છે ને અન્યમાર્ગી કુરાન, પુરાન વાંચે છે! એમ તો કાંઇ છે નહીં. સર્વને "**धम्मीणसथे**" એકજ છે તે લોકિક માર્ગે સર્વને સરખા માનવા યોગ્ય છે.

વળી પ્રતિમા દહેરાં મનુષ્ય લોકમાં હિંદુ મુસલમાનનાં જુદાં જુદાં છે. તેમ દેવ. લોકમાં સમ્યકદ્રષ્ટિ મિથ્યાત્વદ્રષ્ટિના દહેરાં પ્રતિમા જુદા જુદા નથી. દરેક વૈમાન પ્રત્યે એકેક સિદ્ધાયતન અને જીનપડીમા છે તેહીજ છે અને તેનેજ સર્વે પુજે છે.

વળી જેમ મનુષ્ય લોકમાં જીનમતિ, અન્યમતિ જુદા જુદા સહુ પોતપોતાના ગુરૂના અંગ પુજવા યોગ્ય માને છે તેમ દેવલોકમાં જીનમતી જીનદાઢા પુજે છે અને અન્મતિ અન્ય દેવની દાઢા પુજે છે એમ તો કાંઇ છે નહીં. સર્વે એહીજ જીનદાઢા પુજે છે તે માટે.

૧. જે કામ સમ્યકદ્રષ્ટિજ કરે તે કામ તો લોકોત્તર ખાતે એટલે ધર્મખાતે જાણવું.

૨. જે કામ એકલા મિથ્યાત્વદ્રષ્ટિજ કરે તે કામ કુપ્રાવચનીક મિથ્યાત્વ ખાતેજ જાણવું.

૩. અને જે કામ સમ્યકદ્રષ્ટી, મિથ્યાત્વદ્રષ્ટિ બને કરે તે કામ લોકીક જીતવ્યવહાર તથા પોતાના સ્વાર્થહેતે જાણવું. એ હકીકત આગળ પણ કહેવાઇ ગઇ છે. વળી પાપ પણ કરવું પડે તે સહુ લોકીક રીત જાણવી, તેમ એ દાઢા સમ્યકત્વી મિથ્યાત્વી સર્વે પુજે માટે લોકીક કરણી ઠરી. એ ત્રણે વસ્તુ અનંતે જીવે અનંતી વાર પુજી, પણ કોઇ સમ્યકત્વ પામ્યો નહીં.

વળી સુધર્મા સભામાંહી દેવતા ભોગ નથી ભોગવતા એ દાઢાનો મહિમા છે એમ કહે છે. તેનો ઉત્તર કે—જ્ઞાતા સોળમે અધ્યયને કૃષ્ણ વાસુદેવને પણ શુધર્મા સભા કહી છે, ત્યાં જીનદાઢા તો નથી તો શું તે સુધર્મા સભા મધ્યે ભોગ કરતા હશે? કદાપિ ન કરે. ઇહાં દાઢાનું મહાત્મ દેખાડયું તે ઠીક, પણ જીનપડીમા, જીનદાઢા, રાજસભા, દરબાર, બજાર, હાટ, પ્રમુખ ઠેકાણે નથી તો શું ત્યાં ભોગ કરતા હશે? પણ નહીં. ભોગ તો ભોગને ઠેકાણે હોય. પણ તેહીજ સુધર્મા સભામાં જ્યાં દાઢા છે ત્યાં બેઠા દેવતા ચારે ભાષા બોલે છે. તથા સાવધ્ય ભાષા તે જીવ વિરાધના રૂપ ભાષા બોલે છે તથા સર્વે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇંદ્ર, સુધર્મેંદ્ર સભામાં બેઠા થકાં હાસ્ય, વિનોદ, વિલાસ, નેત્રકટાક્ષ, કામચેષ્ટા, નાટિક, નીરીક્ષણ, ગીત, શ્રવણ ઇત્યાદિક તો કરે છે તે સંસારી જીવનો છાંદો છે એમાં ભવ્ય, અભવ્ય, સમ્યક્ત્વદ્રષ્ટિ, મિથ્યાત્વદ્રષ્ટિનો સરખો આચાર છે એમાં કાંઇ મુક્તિનું કારણ સમજવાનું નથી.

૧૩. વળી કેટલાક કહેછે કે સર્વ જીવ દેવતાપણે ઉપના તેણે વિધી પુર્વક પુસ્તક, પ્રતિમા, દાઢા પોતાના જીત આચાર માટે પુજી છે તેમાં કયાંઇ ભવ્ય. અભવ્ય, સમ્યકત્વદષ્ટી મિથ્યાત્વદષ્ટી જુદાં પડ્યાં નહિ એ વાત તો ઠીક પણ જે વૈમાનના અધિપતિએ પ્રતિમા પુજી છે. તે તો એકાંત સમ્યકત્વદષ્ટી હોય, કેમકે મિથ્યાત્વી વૈમાનના અધિપતિ પણે ઉપજે નહીં એમ કહેછે. તે વાતપણ સૂત્ર વિરૂદ્ધ છે. કેમકે જુઓ સૂત્ર મધ્યે તામલી તાપસ, બાળ તપસી, પુરણ બાળ તપસી મિથ્યાત્વિ કાળ કરી ઇસાનેંદ્ર, ચમરેંદ્રપણે ઉપના કહ્યા. તો તેણે પોતાની સ્થિતિ જીત આચાર માટે પ્રતિમા પુજી હશે કે નહીં પુજી હોય? કેમકે સમ્યકત્વ તો પછે પામ્યા છે અને પ્રતિમા તો ઉત્પાત સીજ્યામાંહીથી ઉઠતોથકો તરતજ પુજે છે તે માટે એમ નથી કે સમદષ્ટિજ પુજે.

વળી હરીભદ્ર સૂરીનો કરેલો અભવ્ય કુળક છે તેમાં કહ્યું છે કે ઇંદ્રપણે, સામાનિક ઇંદ્રપણે. ત્રાય ત્રિસકપણે, લોકપાળપણે, પરમાધામીપણે, તથા પ્રતિમા થાય તે પાષાણપણે, પ્રતિમાના ભોગના ફળ, પાણીપણે એટલા મધ્યે અભવ્ય જીવ ઉપજે નહિ એહવું કહ્યું છે. તેનો ઉત્તર કે—

૧. ઇંદ્રપણે ન ઉપજે, વૈમાનના ધણીપણે ન ઉપજે. તો બારમા દેવલોકના ઇંદ્ર-થકી પણ નવ ગ્રૈવેકના દેવતા અધિકા છે, અહિમેંદ્ર છે. તે મધ્યે અધીકી જ્યોતી, કાન્તિ, પુનાઇ તે ચોસઠ ઇંદ્રિ થકી પણ અધિક છે, તો તે મધ્યે તો અભવ્ય અને **મિથ્યાદ્રષ્ટિ** ઉપજતા સૂત્ર મધ્યે કહ્યા છે. ભગવતી સતક મધ્યે સર્વ જીવ નવ ગ્રૈવેકપણે અનંતીવાર ઉપના કહ્યા છે તે માટે ઇહાં નવગ્રૈવેક સુધી અભવ્યનું ઉપજવું કહ્યું તે વિચારવા જેવું છે!

૨. વળી આવશ્યકની વૃતિ બાવીશ હજારી હરીભદ્ર સૂરીની કરેલી તેમાં સામાયેક નામા અધ્યયનની ટીકામાં અભવ્ય સંગામો દેવતાનો અધિકાર છે કે શ્રી મહાવીરને ઉપ-સર્ગ કરવા આવ્યો ત્યાં પહેલા સક્રેંદ્ર બોલ્યો કે મહાવીરને કોઇ ચળાવી ન શકે ત્યારે સંગામો અભવ્ય દેવતા સક્રનો સામાનીક છે. તે બોલ્યો કે—

**अहं संगामो नाम सोहम्म कप्पवासी देवो सक्कसामाणिओ सोभणीइ देव-राया अहोरागे नउल्लवईको माणुसो देवो न चालीसई अहं चालेमि नाहे सकातं भवारेति मांजाणिहिति परनिसाए भगवंतवोकम्मं करोति एसो आगतो.**

**ભાવાર્થ**— ઇંહાં સક્રેંદ્રનો સામાનીક ઇંદ્ર સંગામો દેવતા કહ્યો અને અભવ્ય કહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. વળી સંદેહ દોલાવળી નામે ગ્રંથ છે તેહની વૃતિમાં કહ્યું છે કે—

**मन्वेवंतर्हि संगमकःप्राय माहा मिथ्यादिष्टि देवे विमान स्छं सिद्धायतनं प्रतिमा अपीनातनमिति चेत्तन्न्येतपच्युपुदि संगमं वत् अभव्य अपीदेवा मदियमिति बहुमानात् कल्प स्थितिवसानुरोधात् तदभूत प्रभावाद्दांन कदाचीत असमंजस क्रिया आरभ्यते. ॥**

**ભાવાર્થ**—એ સંગામો દેવતા અભવ્ય કહ્યો, અને ઇંદ્રનો સામાનીક પણ કહ્યો. સામાનીક દેવતા ઇંદ્ર સરખા વૈમાનનો ધણી ઉપજતી વેળાએ સૂરિયાભની પેરે પ્રતિમા દાઢા પુજે પોતાની કલ્પ સ્થિતિ માટે. એ ગ્રંથની શાખ આપી.

૪. વળી સિદ્ધાંત સાખ આપણે જોઇએ અભવ્ય અને મિથ્યાત્વદ્રષ્ટિ સામાનીક દેવતાપણે ઉપજે નહીં તો શ્રી મહાવીર પ્રત્યે સૂરિયાભે કેમ પુછયું કે સ્વામી હું ભવ્ય, અભવ્ય, સમ્યકદ્રષ્ટી, મિથ્યાત્વદ્રષ્ટી ઇત્યાદિક બાર બોલ કેમ પુછયા? જ્યારે સૂરિયાભ વૈમાને મિથ્યાત્વદ્રષ્ટી, અભવ્ય ઉપજે નહીંતો સંદેહ શેનો ઉપનો?

વળી કહે છે કે જેમ અનુત્તર વૈમાને અભવ્ય મિથ્યાત્વદ્રષ્ટી હોય નહીં તેમ વૈમાનના અધિપતિપણે પણ જાણવું કહે. તેનો ઉત્તર કે—જે પ્રતિમા પુજતા સમ્યકદ્રષ્ટી હોય તો સૂરિયાભે તો ઉપજતાવેંતજ પ્રતિમા પુજી છે અને ત્યારપછી ભગવંત પાસે વાંદવા આવ્યો છે તો પ્રતિમા પુજતાંજ સમ્યક્તદ્રષ્ટિ ને ભવ્ય તો થઇ ચુકયો સંદેહ ન રહ્યો ત્યારે પછી ભગવંતને પુછવાનું શું કારણ હતું? ત્યારે કોઇ કહેશે કે એણે જાણતા છતાં પણ નિઃસંદેહ થાવા માટે પુછયું એમ કહે. તેનો ઉત્તર કે—જો જાણતો નિઃસંદેહ થવા માટે પુછે તો આ મનુષ્ય લોકમાં ગણધર, સાધુ, શ્રાવક, સમ્યકત્વદ્રષ્ટિ, રાજા, શેઠ, સેનાપતિ. પોતાના જીવ આશ્રી તથા મનુષ્ય આશ્રી એ બાર બોલ કયાંઇ પુછયા કહ્યા નથી. જ્યાં ત્યાં બાર બોલની પુછા દેવતા આશ્રીયજ છે. જુવો. ભગવતી સતક સોળમે બીજે ઉદેશે સક્રેંદ્રના બાર બોલ ગૌતમે પુછયા. વળી ભગવતી સતક ત્રીજે પહેલે ઉદેશે સનતકુમારના બાર બોલ પણ ગૌતમે પુછયા. રાયપ્રસેણી મધ્યે સૂરીયાભે બાર બોલ પોતે પુછયા. એમ જાવ શબ્દ મધ્યે બાર બોલની પુછા ઘણે ઠેકાણે ચાલી છે, પણ ગણધર, સાધુ, શ્રાવક, મનુષ્યના પુછયા નથી. એટલાજ માટે એમજ જાણવું કે વૈમાનના ધણીપણે પણ બાર બોલવાળા ઉપજે છે. તે સર્વે પ્રતિમાને દાઢાને પુજે છે, તે માટે પ્રતિમા, દાઢાની પુજા સંસાર હેતે જીત આચારમાં જાણવી, પણ સૂત્ર ધર્મને ચારીત્ર ધર્મ મધ્યે જાણવી નહીં.

૧૪. વળી કોઇ કહે છે કે પ્રતિમાની પુજા દેવતાને ધર્મ ખાતે છે. એમ કહે છે તેનો ઉત્તર કે—પ્રતિમા તો ભગવંતના શરીર થકી જુદી છે. પણ સાક્ષાત ભગવંતનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીર તેનો મહોત્સવ તે પણ દેવતાના જીત આચારમાં કહ્યો છે તો પ્રતિમાની પુજા ધર્મ વ્યવહાર મધ્યે કયાંથી થાશે?

શ્રી જંબુદ્વીપ પન્નતિ મધ્યે છપન દિસા કુમારી સાક્ષાત ભગવંતના શરીરનો મહોત્સવ કરવા આવી ત્યાં પણ જીત આચાર કહ્યો છે તે પાઠ કહેછે.

**उपन्ने खलु भो जंबुद्वीवे २ भगवं तिथयरे तंजीय मेयं तीय पच्चुपन्न मणागयाणं अहोलोगं वथव्वाणं अठन्हं दिसाकुमारीणं भगवओ तिथयरस्स जम्मणं महिमं करित्तए. ॥**

**શબ્દાર્થ**—**ઉ૦** ઉપનો. **ખ૦** નિચ્ચે. **ભો૦** અહો! ઇતિ આમંત્રણે. **જ૦** જંબુદ્વીપનામા દ્વીપને વિષે. **ભ૦** ભગવંત. **તિ૦** તિર્થંકર. **તં૦** તેહ ભણી. **જી૦** જીત આચાર છે. **એ૦** એહ. **અ૦** અતીત કાળ થયો. **પ૦** હમણાં વર્તમાન કાળ છે. **અ૦** અને આગળે અનાગત કાળે થાશે. **અ૦** અધોલોકની વસનારી. **અ૦** આઠ દિશા કુમારી. **ભ૦** ભગવંત **તિ૦** તિર્થંકરનો. **જ૦** જન્મ મહોત્સવ ( મહીમા ) **ક૦** કરવાનો આચાર છે.

વળી રૂપભદેવ સ્વામીના નિર્વાણ સમયને અધિકારે જંબુદ્વીપ પન્નંતીમાં. સક્રેંદ્રે એમ વિચાર્યું કે—

**परिनिवुए खलु जंबुद्वीवे २ भारहेवासे उसभे अरहा कोसलीये तं जीयं मेयं तीय पच्चुप्पन्न मणागयाणं सक्काणं देविंदाणं देवराया तिणं तिथगराणं परिनिव्वाणं महिमं करित्तए ॥**

**શબ્દાર્થ**—**પ૦** પરીનીવૃત મોક્ષ પોહતા. **ખ૦** નિસ્ચે. **જં૦** જંબુદ્વીપનામા દ્વીપને વિષે. **ભ૦** ભરતક્ષેત્રે. **ઉ૦** રૂપભદેવ. **અ૦** અરીહંત. **કો૦** કોસળીક. **તં૦** તે માટે જીત આચાર છે માહરો. વળી **અ૦** એહ અતીત કાળના. **પ૦** વર્તમાન કાળના અને **અ૦** અનાગત કાળના. **સ૦** સુધર્મેંદ્ર તે. **દે૦** દેવતાનો ઇંદ્ર. **દે૦** દેવતાનો રાજા હોય તે. **તી૦** તિર્થંકરનો. **પ૦** પરિનિર્વાણ. **મ૦** મહિમા. (નીર્વાણ મોહોત્સવ) **ક૦** કરે.

**ભાવાર્થ**—એજ રીતે સર્વ ઇંદ્રને સક્રેંદ્રની પરે વિચારણા થઇ. હવે જુવો સાક્ષાત જીનના શરીરનો મહોત્સવ જીત વ્યવહાર મધ્યે કહ્યો છે, તો પછે પ્રતિમાની પુજા ધર્મ વ્યવહાર મધ્યે કયાંથી થાશે? જન્મ મહોત્સવ, દિક્ષા મહોત્સવ અને નિર્વાણ મહોત્સવ મધ્યે અનેક ક્રોડાગમે દેવતા આવે તે સર્વે જીત વ્યવહાર મધ્યે ગણ્યા છે. અને જ્યાં જીત વ્યવહાર કહ્યો ત્યાં સમ્યકત્વદ્રષ્ટિ, મિથ્યાત્વદ્રષ્ટિ, ભવ્ય અભવ્યનું શું કારણ રહ્યું?

વળી સક્ર, સૂરિયાભ દદુરદેવતા પ્રમુખ સહીત જે ભગવંતને વાંદવા આવ્યા ત્યાં જીત વ્યવહાર નથી કહ્યો માટે એમ જાણજો જે દેવતા જે જે કરતવ્ય કરે. નમોથુણં, પુજા, જન્મ મહોત્સવ, દિક્ષા મહોત્સવ, નિર્વાણ મહોત્સવ, દાઢા લેવી, સ્થુભ કરાવવાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સર્વે કામ જીત વ્યવહારનાં છે. જો ધર્મ વ્યવસાયના હોય તો મનુષ્ય, શ્રાવક, સમ્યક-ત્વદ્રષ્ટિ, રાજા, શેઠ, સાર્થવાહાદિક કેમ ન કરે?

વળી કોઈ કહે કે ઋષભદેવ સ્વામી તથા નવાણું ભાઈ મુક્તિ ગયા તેહના ચૈત્યસ્થુભ ભરથેશ્વરે કરાવ્યાં એમ કહે છે તે વાત ખોટી છે. કેમકે જંબુદ્વીપ પન્નતિ મધ્યે ઋષભ-દેવનો એક સ્થુભ દેવતાએ કર્યો કહ્યું છે. તેમાં ભરથેશ્વરનું નામ પણ નથી અને ત્રેવીશ તિર્થંકરના સ્થુભે ઇંદ્રે કર્યા, તે પોતાના જીત આચાર માટે પણ કોઇ મનુષ્ય શ્રાવકે કર્યા નથી કહ્યા. વળી ઇંદ્ર સરખે પણ ગર્ભમાં રહ્યા તિર્થંકરને નમોથુણં કર્યા, પ્રતિમા આગળ નમોથુણં કર્યા, પણ શ્રી વીત્તરાગને વાંદવા આવ્યા ત્યાં સાક્ષાત ભગવંતને નમોથુણં કોઇ દેવતાએ કહ્યું નહીં. તો શું પ્રતિમા થકી ભગવંત કાંઇ ઉતરતા હતા? પણ એમ જાણવું કે દેવતાનો જીત વ્યવહાર એહવોજ જણાય છે.

વળી ભગવતી શતક સતરમે ઉદેશે બીજે કહ્યું કે—

**जीवाणं भंते किं धम्मेठिया अधम्मेठिया धम्माधम्मेठिया पुछा गोयमा जीवा धम्मेविठिया अधम्मेविठिया धम्माधम्मेविठिया नेरइयाणं पुछा गोयमा नेरइया नो धम्मेठिया अधम्मेठिया नो धम्माधम्मेठिया एवं जाव चउरिंदियाणं पचंदिय तिरिखजोणीयाणं पुछा गोयमा नो धम्मेठिया अधम्मेठिया धम्माधम्मे-ठिया मणुसा जहा जीवा वाणमंतर जोइसिय वेमाणीया जहा नेरइया. ॥**

**અર્થ**—જીવ હે ભગવંત શું ધર્મને વિષે રહ્યા કહીએ? અથવા અધર્મને વિષે રહ્યા કહીએ? કે ધર્માધર્મને વિષે રહ્યા કહીએ? પ્રતિપ્રશ્ન ઉત્તર—હે ગૌતમ જીવ ધર્મને વિષે પણ રહ્યા કહીએ. અધર્મને વિષે પણ રહ્યા કહીએ. અને ધર્માધર્મને વિષે પણ રહ્યા કહીએ.-નારકી હે ભગવંત ઇત્યાદિક પ્રશ્ન પુર્વપરે. ઉત્તર હે ગૌતમ્ નારકીને સર્વ વીરતીના અભાવથકી ધર્માસ્થિત ન કહીએ, અધર્માસ્થિતજ કહીએ, તેમજ દેસવીરતીના અભાવથકી ધર્માધર્માસ્થિત પણ ન કહીએ. એમ જાવત્ ઠેઠ ચઉરેંદ્રિય સુધી કહેવું. પછી પચેંદ્રિય તિર્યચયોનીનો પ્રશ્ન પણ ઉપર પ્રમાણે પુછ્યો. તેનો ઉત્તર કે હે ગૌતમ ધર્મને વિષે રહ્યા ન કહીએ. અધર્મસ્થિત કહીએ. ધર્માધર્મને વિષે પણ દેસવરતીના સભાવથકી રહ્યા કહીએ. મનુષ્યના પ્રશ્નમાં હે ગૌતમ જેમ સમચે જીવ કહ્યા તેમ કહેવા. પછી વાણવ્યંતર, જ્યો-તિષી અને વૈમાનિકનો પ્રશ્ન પણ ઉપર પ્રમાણે કર્યો. તે ઉત્તર જેમ નારકી કહ્યા તેમ કહેવા.

**ભાવાર્થ**—એ લેખે દેવતાને ભગવંતે અધર્માસ્થિત કહ્યા તે કર્તવ્યરૂપ ધર્મ નથી, પણ સમ્યકત્વ આશ્રી તથા શુભ જોગ આશ્રી દેવતા ધરમી કહીએ. વળી રાયપ્રસેણી સૂત્ર મધ્યે પુસ્તક વાંચીને દેવતા ઉઠ્યો ત્યારે "**धम्मीयं ववसाइ गीन्हिजा**" કહ્યું તે પાઠ ઉપર કોઇ કહે છે કે—પ્રતિમા પુજી તે ધર્મ વ્યવસાય મધ્યે છે. તેનો ઉત્તર કે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ધર્મ વ્યવસાય ગ્રહ્યા કહ્યું. તે પ્રતિમા પુજવા આશ્રીજ કહ્યું એમ નથી, પણ એ ધર્મ વ્યવસાય ગ્રહ્યા, ત્યાર પછી જે જે વસ્તુ પુજી તે તે પોતાના જીત આચારની વિધિ તે સર્વ ધર્મ વ્યવસાયમાં આવી, તે તોરણ, ખડગ પ્રમુખ પુજ્યા તે સર્વ ધર્મ વ્યવસાય ગ્રહ્યા કેડે તથા પુસ્તક વાંચ્યા કેડે જે જે વસ્તુ પુજી તેજ વસ્તુ જો ધર્મ વ્યવસાયમાં ગણુશો તો પુસ્તક પુજવો અને વાંચવો એ સ્યામાં ગણુવો ?

વળી ધર્મ વ્યવસાય કહ્યો, તે મધ્યે તો શ્રી ઠાણાંગ સૂત્રમાં દશમે ઠાણે દશ પ્રકારે ધર્મ કહ્યો છે તે કહે છે.

**दस विहे धम्मे पन्नंत्ते तंजहा गामधम्मे नगरधम्मे रठधम्मे पासंडधम्मे कुलधम्मे गणधम्मे संघधम्मे सूयधम्मे चरित्तधम्मे अथिकायधम्मे ॥**

**શબ્દાર્થ—દ૦** દશ પ્રકારે. **ધ૦** ધર્મ. **પં૦** કહ્યા. **તં૦** તે કહે છે. **ગા૦** ગ્રામ ધર્મ તે લોકનું સ્થાનક તેહનો ધર્મ આચાર તે સ્થિતિ ગ્રામ ગ્રામ પ્રત્યે જુદી જુદી અથવા ગામ ઇંદ્રિય ગ્રામ તેહનો ૧, **ન૦** નગર ધર્મ તે નગરાચાર તે નગર પ્રત્યે જુદો જુદો હોય તે ૨, **ર૦** રાષ્ટ્ર (દેશ) ધર્મ તે દેશાચાર ૩, **પા૦** પાખંડ ધર્મ તે ૩૬૩ પાખંડીનો આચાર ૪, **કુ૦** કુળધર્મ તે ઉગ્રાદિક કુળનો આચાર ૫. **ગ૦** ગણ ધર્મ તે ગચ્છ ધર્મ ગચ્છાચાર ૬, **સ૦** સંઘ ધર્મ તે ચતુરવિધિ સંઘ તેહનો ધર્મ ૭. **સૂ૦** સૂત્રધર્મ તે આચારંગાદિક દ્વાદસાંગીનો ધર્મ જે દૂરગતિ પડતાં જાણી પ્રાણી ને ધરી રાખે તે ભણી ધર્મ ૮. **ચ૦** ચારીત્ર ધર્મ તે પાંચ મહાવ્રત રૂપ. ૯. **આ૦** અસ્તિકાય ધર્મ તે ધર્માસ્તિ–( અધર્માસ્તિ, આકાસ્તિ, જીવાસ્તિ, પુદ્‌ગલાસ્તિ. ) કાયાદિકનો સ્વભાવ તે ધર્મ. ૧૦.

**ભાવાર્થ—**એહ વાવ, હથીયાર, પ્રતિમા, દાઢા પ્રમુખ પુજ્યા તે સર્વ કુળ ધર્મ રીત મધ્યે તે માટે **"धम्मीयं ववसाय"** કહ્યો પણ કાંઇ સૂતધર્મ શ્રધારૂપ ધર્મ નહીં તેમ ચારીત્રની કરણીરૂપ પણ ધર્મ નહીં. કેમકે ચારીત્ર ધર્મ અનુષ્ટાન પાળવાં તે વિરતી રૂપ. તે તો દેવતાને નથી અને શ્રુતધર્મ તો શ્રધારૂપ છે, તે કાંઇ કરતવ્યરૂપ નથી. વળી સૂતધર્મમધ્યે. એ વાવ, હથીયાર, પ્રતિમા, દાઢા, વૃક્ષ, વાવડી, પુજવા કહ્યાં નથી, કેમકે જો સૂત ધર્મ મધ્યે એહવા બોલ પુજવા કહ્યા હોય તો મનુષ્ય રાજાદિક શ્રાવકે કેમ ન પુજ્યા ? કેમકે શ્રુત, ચારિત્ર ધર્મના સ્વામી તો મનુષ્ય છે. તે તો પુજતા નથી.

વળી સૂરિયાભ શ્રી મહાવીર સ્વામી પાસે આવ્યો ત્યાં ફુલ, પાણી, વસ્ત્ર, આભરણ થકી જેમ પ્રતિમા પુજી તેમ શ્રી મહાવીરને કેમ પુજ્યા નહિ? વળી પ્રતિમા આગળ કહ્યું છે કે **" धुवंदाउण जीणवराणं "** ત્યારે સાક્ષાત જીનવરને કેમ ધુપ દીધો નહીં ? તે કહો. ત્યારે કોઇ કહેશે કે પહેલાંથી સેવક દેવતા આવ્યા તેણે માંડલો પુજ્યો, છાંટયો, વરસાવ્યો, ધુપ્યો એટલા કામ કર્યા છે કહે. તેનો ઉત્તર કે–ત્યાં તો એમ કહ્યું છે કે માંડલો સોધ્યો, વરસાદ કર્યો, ધુપ ધડીજોયો **" दीवं सुराभि गमन जोगं करेह "**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેતાં દેવતાને આવવા જોગ કરો એમ કહ્યું, પણ એમ નથી કહ્યું કે ભગવંતને રહેવા જોગ કરો. તે વિચારવા યોગ્ય છે.

એ ચઉદ પ્રશ્નોતરે કરી રાયપસેણી ૧. ઉત્તરાધ્યયન ૨. પ્રશ્નવ્યાકરણ ૩. સમવાયંગ ૪. ભગવતી ૫. જીવાભિગમ ૬. જંબુદ્વીપપન્નતિ ૭. ઠાણાંગ ૮. વૃહત્કલ્પ ૯. અંતગડ ૧૦. ઉવવાઇ ૧૧ ને જ્ઞાતા ૧૨. સૂત્રની સાખે કરી તથા આવશ્યક નિર્યુક્તિની વૃતિ ૧ અને સંદેહ દોલાવલી ગ્રંથોની સાખે કરી. એક સૂરિયાભનો પ્રશ્ન કહ્યો તે ધર્માભિલાષી હશે. તે વીચારી અનુભવમાં લેશે.

આ પ્રશ્નોતરમાં એક વાત બીજીવાર આવી હશે તેને પુનરપી દોષ ગણવાનો નથી, માત્ર વાતને દ્રઢાવવાને વારંવાર સમજુત કરેલ છે એટલું કહી હવે મુળ ભાષાંતર આગળ શરૂ થાય છે.

## ૬૯ જંબુદ્વીપના દ્વારનો અધિકાર ચાલુ.

**પ્રશ્ન**—હે ભગવંત, જંબુદ્વીપનું વિજયંત નામે બીજું દ્વાર કયાં કહ્યું છે?

**ઉત્તર**—હે ગૌતમ, મધ્ય જંબુદ્વીપના મેરૂ પર્વતથકી દક્ષીણ દીસે પીસ્તાલીસ હજાર જોજનની અબાધાએ (છેટે) જઇએ ત્યારે જંબુદ્વીપે દક્ષીણ દીસને છેડે ને દક્ષીણ દીશીના લવણ સમુદ્રને ઉત્તર દીસે ઇહાં જંબુદ્વીપનામા દ્વીપનું વિજયંતનામા દ્વાર કહ્યું છે. તે દ્વાર આઠ જોજન ઉંચું ઉંચપણે છે. ને ચાર જોજન પહોળપણે છે. તેની વક્તવ્યતા જેમ વિજયદ્વારની કહી. તેમજ સર્વ કહેવી. જાવત્ નિત્ય છે.

**પ્રશ્ન**—હે ભગવંત, વિજ્યંતનામા દેવતાની વિજ્યંતનામા રાજધાની કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેની દક્ષીણદીસે અનેરે અસંખ્યાતમે જંબુદ્વીપે વિજ્યંતનામા રાજધાની છે. તે વિજ્ય રાજધાની સરખી છે. તે વિજ્યંતનામા દ્વાર અને વિજયંત રાજધાનીનો સ્વામી વિજ્યંતનામા દેવતા વિજય દેવતાનીપરે વસે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જંબુદ્વીપનામા દ્વીપનું જયંતનામા (ત્રીજું) દ્વાર કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, જંબુદ્વીપનામા દ્વીપને વિષે મેરૂપર્વતને પશ્ચિમ દિસે પીસ્તાલીસ હજાર જોજનની અબાધાએ (વેગળું) જંબુદ્વીપને પશ્ચિમ દીસીને છેડે અને પશ્ચિમ દીસીના લવણ સમુદ્રને પુર્વની દીસે સીતોદા મહા નદીને ઉપરે ઇહાં જંબુદ્વીપનામા દ્વીપનું જયંત નામા દ્વાર છે. તેનું સર્વ પ્રમાણ વિજયદ્વારનીપરે કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, તેની જયંતનામા રાજધાની કયાં કહી છે?

**ઉત્તર**—હે ગૌતમ, જંબુદ્વીપથકી અનેરે અસંખ્યાતમે જંબુદ્વીપે પશ્ચિમ દીસે જયંતનામે રાજધાની છે. જાવત્ ત્યાં જયંતનામા દેવતા મહર્ધિક વસે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જંબુદ્વીપનું ચોથું અપરાજીતનામા દ્વાર કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, જંબુદ્વીપના મેરૂપર્વતથકી ઉત્તર દીસે પીસ્તાલીસ હજાર જોજનની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અબાધાએ (મર્યાદાએ) જંબુદ્વીપને ઉત્તરને છેડે ને લવણ સમુદ્રના ઉત્તરાર્ધથકી દક્ષીણ દીસે ઇહાં જંબુદ્વીપનું અપરાજીતનામા દ્વાર કહ્યું છે. તેનું પ્રમાણ તેમજ વિજયદ્વારની પરે સર્વ જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, તેહની અપરાજીતનામા રાજધાની કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, જંબુદ્વીપથકી ઉત્તર દીસે અનેરે અસંખ્યાતમે જંબુદ્વીપે તેહની અપરાજીતનામા રાજ્યધાની છે. ત્યાં અપરાજીતનામા દેવતા વસેછે જાવત્ નિત્ય છે. એની વક્તવ્યતા વિજય રાજ્યધાનીપરે કહેવી. (ચારે રાજ્યધાની અનેરે અસંખ્યાતમે જંબુદ્વીપેછે.)

**પ્રશ્ન**—હે ભગવંત, જંબુદ્વીપનામા દ્વીપના દ્વાર દ્વારને (એટલે એક દ્વારથી બીજા દ્વારને કેટલું અબાધાએ અંતર (છેટું) છે?

**ઉત્તર**—હે ગૌતમ, ઓગણાએંસી હજાર. બાવન જોજન ને તે ઉપર કાંઇક ઉણું અર્ધ જોજન એટલું એક દ્વારથી બીજા દ્વારને અબાધાએ આંતરૂં છે (તે કેમ. તેનો વીવરો કરે છે. જંબુદ્વીપની પરિધી ત્રણ લાખ, સોળ હજાર બસેં સતાવીશ જોજન ત્રણ ગાઉ એકસો અઠાવીશ ધનુષ ને સાડાતેર આંગુલ કાંઇક ઝાઝેરાની છે. તેમાંથી ચાર ચાર જોજન દ્વારના પોહોળપણાના એટલે ચાર દ્વારના મળી સોળ જોજન ને બારસાકનો વિસ્તાર બે કોસનો એટલે ચારે બારસાકનો વિસ્તાર મળીને આઠ કોસનો થયો તેના જોજન બે તે સોળમાં ભેળતાં અઢાર જોજન ઉપરની પરિધીમાંથી બાદ કરતાં બાકી ત્રણ લાખ, સોળ હજાર, બસેં નવ જોજન ત્રણ ગાઉ, એકસો અઠાવીશ ધનુષ ને સાડાતેર આંગુળ કાંઇક ઝાઝેરાં પરિધી રહી. તે ચાર ભાગે વહેંચતાં એકેકે ભાગે ઓગણાએંસી હજાર બાવન જોજન ને એક કોસ આવે. હવે ઉપરલાં પરીધીના જે ત્રણ ગાઉ છે તેના છ હજાર ધનુષ્ય થાય તેમાં પરિધીનાં ઉપરલાં એકસો અઠાવીશ ધનુષ્ય ભેળતાં છ હજાર એકસો અઠાવીશ ધનુષ થાય. તેને ચાર ભાગે વહેંચતાં પંદરસેં બત્રીસ ધનુષ એકેકે ભાગે આવે. હવે ઉપરલાં સાડાતેર આંગુલ કાંઇક ઝાઝેરાં છે તેહને ચાર ભાગે વહેંચતાં દરેક ભાગે ત્રણ ત્રણ આંગુલ આવે. હવે એક આંગુલના આઠ જવ તેમાં પરિધીના પાંચ જવ ભેળતાં તેર જવ થાય. તે ચાર ભાગે વહેંચતાં એકેકે ભાગે ત્રણ ત્રણ જવ આવે ને ઉપર વધ્યો એક જવ. તે એક જવની જુંકા (જું) આઠ થાય તેને ચારે ભાગે વહેંચતાં એકેકે ભાગે બે જુંકા આવે. એટલે સર્વ સરવાળે ઓગણાએંસી હજાર બાવન જોજન. એક કોસ પંદરસેં બત્રીશ ધનુષ્ય ત્રણ આંગુલ ત્રણ જવ ને બે જુંકા. એટલો એક દ્વારથી બીજા દ્વારને અંતર જાણવો. એ ભાવ) એ જંબુદ્વીપના દ્વારનો વર્ણન થયો.

**પ્રશ્ન**—હે ભગવંત, જંબુદ્વીપનામા દ્વીપના પ્રદેશ લવણ સમુદ્રને સ્પર્શા છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા. સ્પર્શા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, તે પ્રદેશ જંબુદ્રીપમાંહે કહીએ, કે લવણ સમુદ્રમાંહે કહીએ?

**ઉત્તર**—હે ગૌતમ, તે પ્રદેશ જંબુદ્રીપમાંહે કહીએ પણ તે પ્રદેશ લવણ સમુદ્રમાંહે ન કહીએ. (તે કેમ જે હસ્તને વિષે રહી જે તર્જની, જેષ્ટાંગુલી સ્પર્શિ છે તે પોતાના પ્રદેશને ભજે પણ પરપ્રદેશને ન ભજે. તેણે ન્યાયે જંબુદ્રીપ ને લવણસમુદ્રના પ્રદેશ અનેરા કહીએ એ ભાવ.)

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રના પ્રદેશ જંબુદ્રીપને સ્પર્શા છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા સ્પર્શ્યા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે પ્રદેશ લવણ સમુદ્રમાંહે કહીએ, કે જંબુદ્રીપમાંહે કહીએ?

**ઉ-તર**—હે ગૌતમ, તે પ્રદેશ લવણ સમુદ્રમાંહે કહીએ પણ તે પ્રદેશ જંબુદ્રીપમાંહે ન કહીએ (પુર્વરીતે.)

**પ્રશ્ન**—હે ભગવંત, જંબુદ્રીપના જીવ એકંદ્રિયાદિક મરીને લવણ સમુદ્રમાંહે ઉપજે છે?

**ઊ-તર**—હે ગૌતમ, કેટલાએક જીવ ઉપજે છે ને કેટલાએક જીવ નથી ઉપજતા.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રના જીવ એકંદ્રિયાદિક મરીને જંબુદ્રીપમાંહે ઉપજે છે?

**ઉ-તર**—હે ગૌતમ, કેટલાએક જીવ ઉપજે છે ને કેટલાએક જીવ નથી ઉપજતા.

## ૭૦. ઉત્તરકુરૂ ક્ષેત્રનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, જંબુદ્રીપનામા દ્રીપ એહવું નામ શ્યે અર્થે કહો છો?

**ઉ-તર**—હે ગૌતમ, જંબુદ્રીપનામા દ્રીપને વિષે મેરૂ પર્વતથકી ઉત્તર દિશે, નીલવંત વર્ષધર પર્વતને દક્ષિણદિશે, માલવંતનામા ગજદંતા (હાથીદાંતને આકારે) વખારા પર્વતને પશ્ચિમદિશે, ગંધમાદનનામા ગજદંતા વખારા પર્વતને પુર્વદિશે ઇહાં ઉત્તરકુરૂ નામે કુરૂક્ષેત્ર છે. તે ક્ષેત્ર પુર્વ, પશ્ચિમદિશે લાંબું છે ને ઉત્તર, દક્ષિણદિશે પોહોળું છે. અર્ધ ચંદ્રમાને આકારે સંસ્થીત છે. તેહનો પ્રમાણ. અગ્યાર હજાર, આઠસેં, બેતાળીશ જોજન ને એક જોજનના ઓગણીશ ભાગ કરીએ એહવા બે ભાગ એટલું દક્ષિણ, ઉત્તરે પહોળું છે. (એટલો પ્રમાણ કેમ હોય તે કહે છે. મહાવિદેહ ક્ષેત્રનું પહોળપણું તેત્રીશ હજાર છસેં ચોરાશી જોજન ને ચાર કળા. તેમાંથી મેરૂનું વિષંભપણું દશ હજાર જોજન બાદ કરતાં બાકી ત્રેવીશ હજાર, છસેં, ચોરાશી જોજન અને ચાર કળા રહે. તેહને બે ભાગે વહેંચતાં એટલે તેનું અર્ધ અગ્યાર હજાર, આઠસેં, બેતાળીશ જોજન ને ઉપરે બે કળા એટલો પ્રમાણ હોય.) તેહની જીવા (પણછરૂપ) તે ઉત્તર દક્ષિણે (નીલવંત તરફ) પહોળી છે. ને પૂર્વ પશ્ચિમે બે છેહડે બે લાંબપણે છે વખારા પર્વતને સ્પર્શિ છે. તે કહે છે. પુર્વ, પશ્ચિમને છેહડે. તેમાં પુર્વદિશે જીવાનો છેહડો માલવંત ગજદંતા વખારા પર્વતને સ્પર્શ્યો છે. અને પશ્ચિમદિશે જીવાનો છેહડો પશ્ચિમ દિશીના ગંધમાદન ગજદંતા વખારા પર્વતને સ્પર્શ્યો છે. તે જીવા ત્રેપન હજાર જોજન પુર્વ, પશ્ચિમે લાંબપણે છે. (તે કેમ તેનો પ્રમાણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહે છે. મેરૂ પર્વતથકી પુર્વે ને પશ્ચિમે ભદ્રસાળ વનનો દીર્ઘપણો બાવીશ બાવીશ હજાર જોજનનો છે. તે બે પાસેનો દીર્ઘપણો ભેળો કરતાં ચઉમાલીશ હજાર જોજન થાય તેમાં મેરૂ પર્વતનું પહોળપણું દશ હજાર જોજન ભેળતાં ચોપન હજાર જોજન થાય તેમાંથી માલવંત અને ગંધમાદન બે ગજદંતા વખારા પર્વત પાંચસે પાંચસે જોજનના એટલે બંને મળી એક હજાર જોજન થાય તે કાઢતાં બાકી પ્રમાણ ત્રેપન હજાર જોજન રહે. એ ભાવ). તેની ધનુષપીઠ દક્ષિણ દિશે સાઠ હજાર ચારસેં અઢાર જોજન ને એક જોજનના ઓગણીશ ભાગ કરીએ એહવા બાર ભાગની કહી છે. એટલે એટલી પરધી છે. (ગંધમાદન અને માલવંતનો જુદો જુદો પ્રમાણ કહે છે. ત્રીશ હજાર બસેં નવ જોજન અને ૭ કળા એટલા લાંબપણે છે એટલે બંને મળી સાઠ હજાર ચારસેં અઢાર જોજન અને બાર કળાના જાણવા.)

**પ્રશ્ન**—હે ભગવંત, ઉત્તર કુરૂક્ષેત્રનો કેહવો આકાર ભાવ (સ્વરૂપ) કહ્યો છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેનો ઘણો સમ રમણીક ભૂમિભાગ છે. તે જેમ કોઇ આલીંગનામા (ઢોલ) વાજીંત્રનું પડું હોય. જાવત્ જેમ એકરૂક અંતરદ્વીપની વ્યક્તવ્યતા કહી તેમ સર્વ જાણવી. જાવત્ દેવલોક ગતિના જાણહાર (જાનાર) સર્વ મનુષ્યના સમુહ છે. અહો શ્રમણો આવખાવંતો! પણ એટલો વિશેષ છે જે ઉત્તરકુરૂના મનુષ્ય ૭ હજાર ધનુષ (ત્રણ ગાઉ) કાયાએ ઉંચા છે અને બસેં ને છપન પાંસળી છે. વળી તે જુગળને અઢમ ભકતે એટલે ત્રણ દિવસને અંતરે ચોથે દિવસે આહારની ઇચ્છા ઉપજે છે. તેનું આયુષ જઘન્યથી દેશેઉણુ ત્રણ પલ્યોપમનું છે તે પણ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ઉણુ છે ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ પુરૂં છે. તે જુગળ પોતાના બાળકની ઓગણપચાશ દીન પ્રતિપાલણા કરે. શેષ સર્વ અધિકાર એકરૂક અંતરદ્વીપની પરે જાણવો. વળી ઉત્તર કુરૂક્ષેત્રને વિષે ૭ પ્રકારના મનુષ્ય ઉપજે તે કહે છે. પદ્મગંધા ૧, (પદ્મ કમળ સમાન જેના શરીરની સુગંધ તે) મૃગગંધા ૨, (કસ્તુરીના જેવી જેના શરીરની ગંધ આવે તે) અમમા ૩, (મમતા રહિત.) અસહ ૪, (ભાઇબંધના પ્રતિબંધ રહિત) તેયલી ૫, ને સનીચારી ૬.

**પ્રશ્ન**—હે ભગવંત, ઉત્તરકુરૂ ક્ષેત્રને વિષે જમકનામા બે પર્વત કયાં કહ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, નીલવંત્ત વર્ષધર પર્વતથકી દક્ષિણ દીસે આઠસેં ચોત્રીસ જોજન ને એક જોજનના સાત ભાગ કરીએ એહવા ચાર ભાગ એટલી આબાધાએ (વેગળા) સીતા માહા નદીને બે પાસે (બે કાંઠે) ઇહાં ઉત્તરકુરૂને વિષે બે જમક નામે પર્વત કહ્યા છે તે એક પૂર્વને કાંઠે ને એક પશ્ચિમને કાંઠે છે. તે પર્વત એકેક હજાર જોજન ઉંચા ઉંચપણે છે, અઢીસેં જોજન ભૂમિ માંહે ઉંડા છે, મૂળે એક હજાર જોજન લાંબપણે, પહોળપણે છે, વચ્ચે સાડા સાતસેં જોજન લાંબપણે, પહોળપણે છે, ને ઉપરે પાંચસો જોજન લાંબપણે, પહોળપણે છે. મૂળે ત્રણ હજાર એકસો બાસઠ જોજન કાંઇક ઓઝેરાં પરિધીપણે છે, વચ્ચે બે હજાર ત્રણસેં બહોંતેર જોજન કાંઇક ઓઝેરાં પરિધીપણે છે, ને ઉપરે પંદરસેં એકાસી જોજન કાંઇક ઓઝેરાં પરિધીપણે છે. મૂળે વિસ્તીર્ણ છે, મધ્યે સંક્ષીપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(સાંકડો) છે ને ઉપરે પાતળો છે, ગોપુંછને સંસ્થાને સંસ્થિત છે. સર્વ સુવર્ણમય છે. આચ્છા સુકુમાળ જાવત્ પ્રતિરૂપ છે. પ્રત્યેક પ્રત્યેક પદ્મવર વેદીકાએ વીંટયા છે. પ્રત્યેક પ્રત્યેક વનખંડે વીંટયા છે. તે વેદીકા ને વનખંડનો વર્ણન પુર્વલી રીતે કરવો. વળી તે જમક પર્વતને ઉપરે ઘણું સમ રમણિક ભૂમિ ભાગ છે, જાવત્ ત્યાં દેવતા બેસે છે. તે ઘણું સમ રમણિક ભૂમિ ભાગને મધ્ય ભાગે (સમેવિચે) પ્રત્યેક પ્રત્યેક પ્રાસાદાવતંસક છે તે પ્રાસાદાવતંસક સાડી બાસઠ જોજન ઉંચા ઉંચપણે છે, ને સવા એકત્રીસ જોજન લાંબપણે, પહોળપણે છે. અત્યંત ઉંચા નિકળતા શિખર છે. તે પ્રાસાદાનું વર્ણન ભૂમિ ભાગ ઉલ્લેચ સર્વ પુર્વલી રીતે કરવું. વળી તે પ્રાસાદ માંહે બે જોજનની મણિપીઠીકા છે, તે ઉપરે સીંહાસન પરીવાર સહીત કહેવું. જાવત્ ત્યાં જમક નામે દેવતા વસે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, શ્યામાટે જમક પર્વત એહવું નામ કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, જમકનામા પર્વતને વિષે તે તે ઠામે ત્યાં ત્યાં ઘણી નાની નાની વાવ જાવત્ બીલપંક્તિ છે તે નાની નાની વાવને વિષે જાવત્ બીલપંક્તીને વિષે ઘણાં ઉત્પલ જાવત્ લક્ષપત્ર કમળ છે. તે જમક સરખાં પ્રભાએ છે, જમકને વર્ણે છે. ને વળી ઇહાં જમક નામે બે દેવતા મહર્ધિક (મોટી રૂધીના ધણી) છે. જાવત્ પલ્યોપમની સ્થિતિના વસે છે. તે દેવતા ત્યાં પ્રત્યેક પ્રત્યેક ચાર હજાર સામાનિક દેવતાનું, ચાર અગ્ર મહીષીનું, સોળ હજાર આતમ રક્ષક દેવતાનું, જાવત્ જમક પર્વતનું, જમક રાજ્યધાનીનું, અનેરાં ઘણાં વ્યંતરીક દેવતા ને દેવાંગ્નાનું અધિપતિપણું જાવત્ પાળતાંથકાં વિચરે છે. તે કારણે હે ગૌતમ જમક પર્વત એહવું નામ કહીએ છીએ. વળી હે ગૌતમ નિરંતરપણે નિશ્ચે એ જમક નામ સાસ્વતું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જમક દેવતાની જમક નામે રાજ્યધાનીયું કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, જમક પર્વતને ઉતર દીસે ત્રીજા અસંખ્યાતા દ્વીપ, સમુદ્ર વ્યતિક્રમી જઇએ ત્યાં અનેરા જંબુદ્વીપનામા દ્વીપને વિષે બાર હજાર જોજન અવગાહીને જઇએ, ઇહાં જમક દેવતાની જમક નામે બે રાજ્યધાની છે, તે રાજ્યધાની બાર હજાર જોજન લાંબી, પહોળી છે. તે જેમ વિજય દેવતાની વિજય રાજ્યધાની કહી તેમ સર્વ કહેવી. જાવત્ એહવા મહર્ધિક બે જમક દેવતા છે.

## ૭૧. નિલવંત દ્રહનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, ઉત્તરકુરૂ ક્ષેત્રને વિષે નીલવંત દ્રહ નામે દ્રહ કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, જમક પર્વતથકી દક્ષિણ દીસે આઠસેં ચોત્રીસ જોજન ને એક જોજનના સાત ભાગ કરીએ એહવા ચાર ભાગની અબાધાએ (વેગળો) સીતા મહા નદીને ઘણુ મધ્ય દેશ ભાગે ઇહાં ઉત્તરકુરૂ ક્ષેત્રે નીલવંત દ્રહનામા દ્રહ છે. તે ઉત્તર દક્ષિણે લાંબો છે ને પૂર્વ, પશ્ચિમે પહોળો છે. એક હજાર જોજન ઉત્તર દક્ષિણે લાંબપણે છે ને પાંચસેં જોજન પુર્વ પશ્ચિમે પહોળપણે છે. દશ જોજન ઉંડો છે. આછો સુકમાળ રૂપામય તટ છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોખૂણુ સમો તટ (કાઠા) છે. જાવત્ પ્રતિરૂપ છે. બે પાસે પુર્વે પશ્ચિમે બે પદ્મવર વેદિકાએ ને બે વનખંડે કરીને સઘળે ચોકફેર પરીક્ષીપ્ત (વિટયો) છે. એ વેદિકા ને વનખંડનો વર્ણન પુર્વે પરે કહેવો. વળી નીલવંત દ્રહને તે તે દેસે ત્યાં ત્યાં ઘણાં પગથીયાં છે તેહનો વર્ણન પુર્વલી પરે કહેવો. જાવત્ તોરણ લગે કહેવો.

## ૭૨. પદમ કમળનો અધિકાર વિસ્તાર સાથે.

વળી નીલવંત દ્રહને ઘણું મધ્ય દેસ ભાગે (વચે) ત્યાં એક મોટું પદ્મ (કમળ) છે. તે કમળ (ફુલ) એક જોજન લાંબપણે પોહોળ પણે છે. ત્રીગુણી વિશેષ એટલે ત્રણ જોજન ઝાઝેરી તેની પરધી છે. અર્ધ જોજન જાડ પણે છે, દશ જોજન ઉંડપણે (પાણીમાં) છે ને બે કોસ પાણીથકી ઉંચુ છે. સર્વ મળી સાડા દશ જોજન સર્વાગ્રે ઉંચપણે છે. તે કમળનો એહવો એહવે રૂપે વર્ણવાસ કહયો છે. તે કહે છે. વજ્ર રત્નમય મૂળ છે. અરીષ્ટ રત્નમય કંદ છે. વૈડુર્ય રત્નમય નાળ છે. વૈડુર્ય રત્નમય બાહીરલાં હેઠલાં પત્ર છે. જાંબુનંદ રત્નમય માહીલાં પત્ર પાંખડી છે. રાતા સુવર્ણમય કેસરાં છે. સુવર્ણમય કર્ણિકા (ડોડો) છે. અનેક મણિમય કમળના કણીયા (બીજ) છે. તે કર્ણિકા અર્ધ જોજન લાંબી પોહોળી છે, તેથી ત્રીગુણી ઝાઝેરી પરિધીપણે છે. એક કોસ જાડપણે છે, સર્વ સુવર્ણમય છે. આછા સુકમાળ જાવત્ પ્રતિરૂપ છે. વળી તે કર્ણિકા ઉપરે ઘણો સમ રમણિક ભૂમિ ભાગ છે. જાવત્ મણિએ કરી ઉપસોભીત છે. તે ઘણું સમ રમણીક ભૂમિ ભાગને ઘણું મધ્ય દેશ ભાગે ઇહાં એક મોટું ભવન છે. તે એક કોસ લાંબપણે છે, અર્ધ કોસ પહોળપણે છે ને દેશેઉણું એક કોશ ઉંચુ ઉંચપણે છે. અનેક સૈકડા ગમે સ્થંભે કરી સનિવિષ્ટ (સહીત) છે. જાવત્ તેનો વર્ણન પાછલીપરે કહેવો. તે ભવનને ત્રણ દીસે ત્રણ દ્વાર છે. પુર્વ ૧. દક્ષિણ ૨. ઉત્તર ૩. તે દ્વાર પાંચસે ધનુષ ઉંચા ઉંચપણે છે, અઢીસે ધનુષ પોહોળપણે છે, ને તેટલુંજ (અઢીસે ધનુષ) પ્રવેશપણે છે. સ્વેત છે. વર પ્રધાન કનકની થૂભિકા શીખર છે. જાવત્ વનમાળા લગે વર્ણન કહેવો. વળી તે ભવનની માંહે ઘણું સમો રમણિક ભૂમિ ભાગ છે તે જેમ કોઇ માદળનું પડું હોય જાવત્ મણિલગે વર્ણન કહેવો. વળી તે ઘણું સમ રમણિક ભૂમિ ભાગના ઘણું મધ્ય દેસ ભાગને વિષે ઇહાં એક મોટી મણિપીઠીકા છે. તે પાંચસે ધનુષ લાંબપણે પોહોળપણે છે. ને અઢીસેં ધનુષ જાડપણે છે. સર્વ મણિમય છે. તે મણિપીઠીકાને ઉપરે ઇહાં એક મોટી દેવસજ્યા છે તે દેવસજ્યાનો વર્ણન પુર્વલીપરે કહેવો.

વળી તે મુખ્ય પદ્મ કમળને અનેરાં એકસો આઠ તે મુખ્ય કમળથી અર્ધ ઉંચ પ્રમાણમાત્રે કમળે કરીને સઘળે ચોકફેર વિટયું છે. તે એકસો આઠ કમળ અર્ધ જોજન લાંબપણે પહોળપણે છે. તેથી ત્રીગુણી ઝાઝેરી પરધીપણે છે, કોસ જાડપણે છે, દશ જોજન પાણી માંહે ઉંડપણે છે ને એક કોસ પાણી ઉપરે ઉંચા છે. સવાદશ જોજન સર્વાગે ઉંચપણે છે. તે એકસો આઠ કમળનો એહવો એહવે રૂપે વર્ણન કહ્યો છે તે કહે છે. વજ્રમય મૂળ છે. જાવત્ અનેક મણિમય કમળ બીજ છે. તે એકસો આઠ કમળની કર્ણિકા એક કોસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાંબી પહોળી છે. તેથી ત્રીગુણી ઝાઝેરી પરિધીપણે છે, અર્ધકોસ જાડપણે છે. સર્વ કનક મય છે. આછા જાવત્ પ્રતિરૂપ છે. વળી તે કર્ણિકાને ઉપરે ઘણું સમ રમણિક ભૂમિ ભાગ છે. જાવત્ મણિનો વર્ણ, ગંધ, સ્પર્શ પુર્વપરે કહેવો. વળી તે મુખ્ય કમળને વાયવ્ય ખૂણે ઉત્તર દીસે ને ઇશાન ખૂણે નીલવંત દ્રહકુમાર દેવતાના ચાર હજાર સામાનીકના ચાર હજાર કમળ છે. એમ સર્વ પરીવારનાં કમળ કહેવાં. વળી તે મુખ્ય કમળ અનેરી. બીજી ત્રણ કમળની પરિધીએ કરીને સઘળે ચોફેર વીટયું છે તે કહે છે. અભ્યંતરની પરિધી ૧, મધ્ય પરિધી ૨ ને બાહીરલી પરિધી ૩ તેમાં અભ્યંતરની પરિધીએ બત્રીસ લાખ કમળ છે., મધ્ય પરિધીએ ચાલીસ લાખ કમળ છે. ને બાહીરલી પરિધીએ અડતાલીસ લાખ કમળ છે. એ ત્રણે પરિધીના મળીને એક ક્રોડ ને વીસ લાખ કમળ હોય એમ તિર્થંકરે કહ્યું છે.

(હવે સર્વ કમળ પરીવાર નીલવંત દ્રહમાં છે તે કહે છે. મુખ્ય કમળ ૧ તેને પરિધી ૧૦૮ની તેને પરિધી ૩૪,૦૧૧ની તેને પરિધી ૩૨,૦૦,૦૦૦ની તેને પરિધી ૪૦,૦૦,૦૦૦ની તેને પરિધી ૪૮,૦૦,૦૦૦ની સર્વ મળીને ૧,૨૦,૫૦,૧૨૦ એક ક્રોડ વીશ લાખ પચાસ હજાર એકસો વીશ કમળ થાય. હવે તેનો વીવરો કહી બતાવે છે.

| | |
|---|---|
| ૧ | મુખ્ય કમળ નીલવંત દ્રહકુમાર દેવતાનું છે. |
| ૧૦૮ | કમળ નીલવંત દ્રહકુમાર દેવતાના ભંડારના છે. |
| ૪ | કમળ નીલવંત દ્રહકુમાર દેવતાની ચાર અગ્રમહીષીનાં છે. |
| ૭ | કમળ નીલવંત દ્રહકુમાર દેવતાની અણીકા (કટક) સાત તેના સ્વામીના છે. |
| ૧૬,૦૦૦ | કમળ નીલવંત દ્રહકુમાર દેવતાના આતમ રક્ષકનાં છે. |
| ૪,૦૦૦ | કમળ નીલવંત દ્રહકુમાર દેવતાના સામાનીક દેવતાના છે. |
| ૮,૦૦૦ | કમળ નીલવંત દ્રહકુમાર દેવતાની અભ્યંતર પરખદાના દેવતાના છે. |
| ૧૦,૦૦૦ | કમળ નીલવંત દ્રહકુમાર દેવતાની મધ્ય પરખદાના દેવતાના છે. |
| ૧૨,૦૦૦ | કમળ નીલવંત દ્રહકુમાર દેવતાની બાહીરલી પરખદાના દેવતાના છે. |
| ૩૨,૦૦,૦૦૦ | કમળ ત્રણ કોટ છે તેમાં પહેલે કોટે એટલે પહેલી પરિધીએ છે. |
| ૪૦,૦૦,૦૦૦ | કમળ બીજે કોટે એટલે મુખ્ય કમળ થકી પાંચમી પરિધીએ છે. |
| ૪૮,૦૦,૦૦૦ | કમળ ત્રીજે કોટે એટલે છઠી પરિધીએ છે એમ. |
| ૧,૨૦,૫૦,૧૨૦ | સર્વાળો ૧ કરોડ ૨૦ લાખ ૫૦ હજાર એકસોવીશ કમળ છે. |

એ સર્વ કમળ સાસ્વતાં પ્રથવી પરીણામે છે. ત્યાં મુખ્ય કમળને વિષે નીલવંત દ્રહકુમાર દેવતા રહેછે. તેની પ્રથમ પરિધીએ ઉપસ્કર તેના ભાંડાદિક છે. બીજી પરિધીએ તેનો પરિવાર છે. ત્રીજી પરિધીએ તેના આતમરક્ષક દેવતા છે. ચોથી, પાંચમી અને છઠી પરિધીએ તેના કીંકર દેવતા રહેછે. વળી અભ્યંતર પરખદાના દેવતાના આઠ હજાર કમળ દક્ષિણે છે. મધ્ય પરખદાના દેવતાના દસ હજાર કમળ નૈરૂત્ય ખૂણે છે. ને બાહીરલી પરખદાના દેવતાના બાર હજાર કમળ પશ્ચિમને સાત કમળ એવા ચોત્રીસ હજાર અગીઆર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કમળ બીજી પરિધીએ છે. ને ત્રીજી પરિધીએ ચારે દીસે ચાર ચાર હજાર આત્મ રક્ષક દેવતાના કમળ એમ સોળ હજાર કમળ એ પરીવાર જાણવો. એ કમળનો વીવરો કરી બતાવ્યો.)

**પ્રશ્ન**—હે ભગવંત, તે શ્યામાટે નીલવંત દ્રહ એહવું નામ કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, નીલવંત દ્રહને વિષે ત્યાં જે ઉત્પલ કમળ છે. જાવત્ લક્ષપત્ર કમળ છે. તે સર્વ નીલે વર્ણે, નીલી પ્રભાએ છે, નીલી પ્રભા કાંન્તિ છે. વળી નીલવંત દ્રહકુમાર નામે ઇહાં નાગકુમાર દેવતા વસે છે. તે જમક દેવતા સરીખો કહેવો. જાવત્ તે માટે નીલવંત દ્રહ એહવું નામ કહીએ છીએ.

વળી તે નીલવંત દ્રહને પૂર્વદીસે ને પશ્ચિમદીસે બે પાસે દશ દશ જોજનને આંતરે ઇહાં દશ દશ કાંચનગીરી પર્વત છે. બે પાસે થઇને વીસ છે. તે કાંચનગીરી સો સો જોજન ઉંચા ધરતીથકી ઉંચપણે છે. ને પચવીશ જોજન ઉંડા ધરતી માંહે છે. મૂળે એકેકા સો સો જોજન લાંબપણે પોહોળપણે છે, વચ્ચે પંચોતેર પંચોતેર જોજન લાંબપણે પોહોળ પણે છે ને ઉપરે પંચાસ પંચાસ જોજન લાંબપણે પોહોળપણે છે. મૂળે ત્રણસેં સોળ જોજન કાંઇક ઝાંઝેરાં પરિધીપણે છે, વચે બસેં સાડત્રીશ જોજન કાંઇક ઝાઝેરા પરિધીપણે છે ને ઉપરે એકસો અઠાવન જોજન કાંઈક ઝાઝેરા પરિધીપણે છે, મૂળે વિસ્તીર્ણ છે (સો જોજન માટે) વચે સાંકડા છે. (પંચોતેર જોજન માટે) ને ઉપરે પાતળા છે (પચાસ જોજન માટે) ગોપુંછને સંસ્થાને (આકારે) સંસ્થીત છે. સર્વ કનકમય છે. આછા પ્રત્યેક પ્રત્યેક પદ્મવર વેદિકાએ ને પ્રત્યેક પ્રત્યેક વનખંડે વીટયા છે. તે કાંચનગિરી પર્વતને ઉપરે ઘણું સમો રમણિક ભૂમિભાગ છે. જાવત્ ત્યાં દેવતા, દેવાંગ્ના રમે છે, વસે છે, ક્રીડા કરે છે. વળી તે કાંચન પર્વતે પ્રત્યેક પ્રત્યેક પ્રાસાદાવતંસક છે. તે સાડીબાસઠ જોજન ઉંચા ઉંચપણે છે ને સવાએકત્રીશ જોજન લાંબપણે પહોળપણે છે. તે પ્રાસાદમાંહે મણિપીઠીકા છે તે બે જોજનની છે. તે ઉપરે સીંહાસન પરીવાર સહીતછે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે શ્યા માટે કાંચનગિરી પર્વત એહવું નામ કહો છો ?

**ઉત્તર**—હે ગૌતમ, કાંચનગિરી પર્વતને વિષે તે તે ઠામે વાવી પ્રમુખે ઉત્પલ પ્રમુખ કાંચનને વર્ણે કમળ છે. જાવત્ ત્યાં કાંચનગિરીનામા દેવતા મહર્ધિક જાવત્ વસે છે તે કારણે હે ગૌતમ, કાંચનગિરી પર્વત એહવું નામ કહીએ છીએ.

**પ્રશ્ન**—હે ભગવંત, કાંચન દેવતાની કાંચનનામા રાજ્યધાની કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, કાંચન પર્વત થકી ઉત્તર દીસે કાંચન નામા રાજ્યધાની ત્રીછા અસંખ્યાતમે અનેરે જંબુદ્રીપને વિષે છે. તેહનો વર્ણન સર્વ વિજય રાજ્યધાનીની પરે કહેવો.

**પ્રશ્ન**—હે ભગવંત, જંબુદ્રીપે ઉત્તર કુરૂક્ષેત્રે ઉત્તરકુરૂનામા દ્રહ કયાં કહયો છે?

**ઉત્તર**—હે ગૌતમ, નીલવંત દ્રહથકી દક્ષીણ દીસે આઠસેં ચોત્રીસ જોજન ને એક જોજનના સાત ભાગ કરીએ એહવા ચાર ભાગ એટલી અબાધાએ (છેટે) ઉત્તરકુરૂ દ્રહ છે. તે જેમ નીલવંત દ્રહ કહયો તેમ સર્વ અધિકાર તેના સરખો કહેવો. દ્રહના નામે દેવતા છે. સર્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રહને પુર્વ દીસે ને પશ્ચિમ દીસે કાંચન ગીરી પર્વત દસ દસ છે. તે સર્વ પર્વત એક પ્રમાણે જાણવા તે સર્વની રાજ્યધાની અસંખ્યતમે અનેરા જંબુદ્રીપને વિષે ઉતર દીસે છે એ બે દ્રહ કહયા હવે ચંદ્ર દ્રહ ત્રીજો ઐરાવત દ્રહ ચોથો અને માલવંત દ્રહ પાંચમો. એમ એકેકો દ્રહ નીલવંત દ્રહ સરખો જાણવો. એ દ્રહના અધિપતિ દેવતા તેની રાજ્યધાની ઓ એ સર્વ જાણવું.

( ત્રીજો ચંદ્ર દ્રહ ઉત્તર કુરૂ દ્રહને દક્ષિણ દિશાના છેહડાથી ઉત્તર દક્ષિણ દિશે આઠ શે ચોત્રીશ જોજન ને જોજનના સાતીયા ચ્યાર ભાગ એટલે છેટે, સીતાનામે મહા નદીનાં ઘણા મધ્ય ભાગે ઉત્તરકુરૂ ક્ષેત્રને વિષે ચંદ્ર દ્રહ નામે દ્રહ કહ્યો છે. એહનો વર્ણવ નીલવંત દ્રહની પરે લાંબપણે, પોહોળપણે, બે પદમવર વેદિકા, વનખંડ, ત્રીસોપાન, ( પગથીયાં ) તોરણ, મૂળભૂત્ત, પદમકમળ, પરિવારનાં કમળ સર્વ જાણવાં, પણ એટલો વિશેષ જે તેહના કમળાદિક ચંદ્રમાની પ્રભા કાન્તિ વાળા છે. ચંદ્રને આકારે છે. ચંદ્રનામે ત્યાં દેવતા વસેછે. તે માટે ચંદ્ર દ્રહ કહીએ જાવત્ ચંદ્ર રાજ્યધાની, કાચન ગીરી પર્વત રાજ્યધાની લગે સર્વ પૂર્વની પરે કહેવું.

ચોથો ઐરાવત દ્રહ તે ચંદ્ર દ્રહના દક્ષિણના છેડાથી દક્ષણ દિશે આઠશે ચોત્રીશ જોજને ને જોજનના સાતીયા ચાર ભાગ અધિક એટલે છેટે સીતા મહા નદીના બહુ મધ્ય ભાગે ઐરાવત દ્રહ છે. એહની હકીકત નીલવંત દ્રહની પરે લાંબપણે પોહોળપણે સર્વ કહેવી. જાવત્ ઐરાવત રાજ્યધાની ઐરાવત દેવતા વીગેરે સર્વ પૂર્વની પરે જાણવું.

પાંચમો માલવંત દ્રહ. તે ઐરાવત દ્રહના દક્ષિણના છેહડાથી ઓરા દક્ષિણદિશે આઠશે ચોત્રીસ જોજન ને જોજનના સાતીયા ચાર ભાગ અધીક, એટલે છેટે સીતા મહાનદીના ઘણા મધ્ય દેશ ભાગે એટલે અંતરે ઉત્તરકુરૂને વિષે માલવંત નામા દ્રહ છે. તેનો સર્વ વર્ણવ. નીલવંત દ્રહના સરખો જાણવો. જાવત્ પદમ કમળ માલવંત નામે દેવતા, માલવંત રાજ્યધાની સર્વ તેમજ કહેવું. એ પાંચે દ્રહના એકશો કાંચનગીરી પર્વત થાય છે. તે એમકે અકેકા દ્રહને એકેકે કાંઠે દસ, દસ કાંચનગીરી પર્વત્ત છે. એમ બને કાંઠાના મળી વીશ થાય. એમ પાંચે દ્રહના મળી સો કાંચનગીરી પર્વત છે. તેનો વર્ણન પૂર્વ પરે જાણવો. )

## ૭૩. જંબુપીઠ ને જંબુસુદર્શન વૃક્ષ. વિસ્તાર સાથે.

**પ્રશ્ન**—હે ભગવંત, ઉત્તર કુરૂક્ષેત્રને વિષે જંબુસુદર્શન વૃક્ષનો જંબુપીઠનામા પીઠ કયાં છે? **ઊત્તર**—હે ગૌતમ, જંબુદ્રીપનામા દ્રીપને વિષે મેરૂ પર્વતથકી ઇશાન ખૂણે, નીલવંત વખારા પર્વતથકી દક્ષીણ દીસે, માલવંત નામા ગજદંતાકારે વખારા પર્વતથકી પશ્ચિમ દીસે, ગંધમાદન નામા ગજદંતાકારે વખારા પર્વતથકી પૂર્વદીસે, સીતામહા નદીને પૂર્વદીસીને કાંઠે. ઇહાં ઉત્તરકુરૂને વિષે જંબુપીઠ નામાપીઠ છે. તે પીઠ પાંચસેં જોજન લાંબપણે પોહોળપણે છે. પંદરસેં એકાસી જોજન કાંઇક ઝાઝેરો પરિધી પણે છે. તેહને ઘણું મધ્ય દેસ ભાગે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(વચે) બાર જોજન જાડપણે છે. ત્યાર પછી માત્રાએ માત્રાએ પ્રદેશની હાણીએ ઘટતું ઘટતું થકું સઘળે છેહડે ચોકફેર બે કોસ જાડપણે છે. તે સર્વ જંબુનંદમય છે. આછો જાવત્ પ્રતિરૂપ છે. તે જંબુપીઠ એક પદ્મવર વેદિકાએ ને એક વનખંડે કરીને સઘળે ચોકફેર વિટેલ છે. તે વનખંડ ને વેદિકાનું વર્ણન પૂર્વલીપરે કહેવું તે જંબુપીઠને ચારે દીસે ચાર ત્રીસોપાન (પગથીયાં) છે. તેનો વર્ણન પૂર્વલીનીરે જાવત્ તોરણ, ધ્વજા છત્રા તિ છત્રસુધી કહેવો. તે જંબુપીઠને ઉપરે ઘણું સમ રમણીક ભૂમિભાગ છે. તે જેમ કોઈ માદળનું પડ હોય જાવત્ મણિના સ્પર્શલગે કહેવું. તે ઘણું સમ રમણિક ભૂમિભાગને ઘણું મધ્ય દેશ ભાગે ઇહાં એક મોટી મણિપીઠીકા છે. તે મણિપીઠીકા આઠ જોજન લાંબપણે પોહોળપણે છે ને ચાર જોજન જાડપણે છે. સર્વ મણિમય આછી સુકમાળ જાવત્ પ્રતિરૂપ છે.

વળી તે મણિપીઠીકાને ઉપરે ઇહાં એક મોટો જંબુસુદર્શના નામા વૃક્ષ કહ્યો છે. તે આઠ જોજન ઉંચો ઉંચપણે છે અર્ધ જોજન ભૂમિમાંહે ઉંડપણે છે. બે જોજનનો સ્કંધ પ્રદેશ તે થડ છે. તે થડ અર્ધ જોજન પોહોળપણે છે ને છ જોજનની ઉંચી નીકળતી તેની શાખા છે. તે જંબુસુદર્શન નામા વૃક્ષનો એહવો એહવે રૂપે વર્ણવાસ કહ્યો છે. તે કહેછે. વજ્ર રત્નમય મૂળ છે. રૂપામય સુપ્રતિષ્ટ મૂળના અંકુર છે. અરીષ્ટ રત્નમય વિસ્તીર્ણ કંદ છે. વૈડુર્ય રત્નમય મનોહર સ્કંધ તે થડ છે. સુજાત ઉત્તમ રૂપામય ધુરથી વિસ્તીર્ણ શાખા છે. અનેક મણિરત્નમય વિવિધ પ્રકારની શાખા પ્રશાખા છે. વૈડુર્ય રત્નમય પત્ર છે. રક્ત સુવર્ણમય પાંનનાં બીટ છે. જંબુનંદ રત્નમય રાતા મૃદુ સુકમાળ પ્રવાળ કુંપલ્ર ને અંકુર તેનો ધરણહાર છે. વિચિત્ર પ્રકારના મણિરત્નમય સુગંધી ફુલ છે. ફળને ભારે કરીને તેહની શાખા નમી છે. છાંયાવંત છે, કાંન્તિવંત છે, સંશ્રીક છે, ઉદ્યોતવંત છે, અત્યંત મનને સુખકારી મન પ્રસન્નકારી છે. તે જંબુસુદર્શનાને ચાર દીસે ચાર શાખા છે. તે કહે છે. પુર્વદીસે ૧. દક્ષણદીસે ૨. પશ્ચિમદીસે ૩. ને ઉત્તરદીસે ૪.

ત્યાં જે પુર્વ દીસીની સાખા છે ઇહાં એક મોટું ભવન (ઘર) છે, તે એક કોસ લાંબપણે છે, અર્ધ કોસ પહોળપણે છે ને દેસે ઉણું એક કોસ ઉંચું ઉંચપણે છે અનેક સ્થંભે કરી સહીત છે. તેનો વર્ણન કહેવો. જાવત્ ભવનનું દ્વાર તેહજ પ્રમાણે પાંચસેં ધનુષ ઉંચું ઉંચપણે છે, અઢીસેં ધનુષ પહોળપણે છે. જાવત્ ત્યાં વનમાળા ભૂમિ ભાગ ઉલેચનો વર્ણન પુર્વલી પરે કહેવો. મણિપીઠીકા પાંચસેં ધનુષની ઉંચી ઉંચપણે છે. દેવ સજ્યા સર્વ પુર્વલી રીતે વર્ણન કહેવો.

વળી ત્યાં જે દક્ષિણ દીસીની સાખા છે. ઇહાં એક મોટો પ્રાસાદાવતંસક છે, તે એક કોસ ઉંચો ઉંચપણે છે, ને અર્ધ કોસ લાંબપણે, પહોળપણે છે અત્યંત ઉંચો મનોહર છે માંહે ઘણું સમો રમણિક ભૂમિ ભાગ છે. ઉલેચનો વર્ણન કહેવો. તે ઘણું સમ રમણિક ભૂમિ ભાગને ઘણું મધ્ય દેસ ભાગે સીંહાસન પરીવાર સહીત વર્ણન કહેવું.

વળી ત્યાં જે પશ્ચિમ દીસીની શાખા છે, ઇહાં એક મોટો પ્રાસાદાવતંસક છે તેનું પણ તેહજ પ્રમાણ જાણવું. સિંહાસન પરીવાર સહીત કહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી ત્યાં જે ઉત્તર દીસીની શાખા છે, ઇહાં એક મોટો પ્રાસાદાવતંસક છે. તેનું પણ તેહજ પ્રમાણ જાણવું. ત્યાં પણ સિંહાસન પરીવાર સહીત કહેવું.

વળી ત્યાં જે સ્કંધ (થડ) ઉપરે મધ્ય ભાગે ઉંચી શાખા છે, ઇહાં એક મોટું સિદ્ધાયતન છે તે એક કોસ લાંબપણે છે, અર્ધ કોસ પહોળપણે છે ને દેસે ઉણું એક કોસ (પોણો કોસ) ઉંચું ઉંચપણે છે. અનેક સૈકડાગમે સ્થંભે કરી સહીત છે. તેહનો વર્ણન પાછલી પરે કહેવો. તેહને ત્રણ દીસે ત્રણ દ્વાર છે. તે પાંચસેં ધનુપ ઉંચા ઉંચપણે છે, ને અઢીસેં ધનુપ પહોળપણે છે. તે માંહે મણિપીઠીકા છે. તે પાંચસેં ધનુપની લાંબી, પહોળી છે, તેની ઉપરે એક દેવછંદો પાંચસેં ધનુપ પહોળો છે. કાંઇક અધીકેરાં પાંચસેં ધનુપ ઉંચો છે. ત્યાં દેવછંદાને વિષે એકસો આઠ જીન (દેવતાની) પ્રતિમા છે, તે જીન (દેવતાની) કાયા પ્રમાણે છે. એમ સર્વ સિદ્ધાયતનની વ્યક્તવ્યતા પુર્વલી પરે કહેવી. જાવત્ ધુપના કડછા છે. તે સિદ્ધાયતનનો ઉપરલો ભાગ સોળ પ્રકારને રત્ને કરી ઉપશોભીત છે.

વળી તે જંબુ સુદર્શનને મૂળે બાર પદ્મવર વેદિકાએ કરી સઘળે ચોકફેર વેષ્ટીત છે. તે પદ્મવર વેદિકા અર્ધ જોજન ઉંચી ઉંચપણે છે પાંચસેં ધનુપ પહોળપણે છે, તેનો વર્ણન પુર્વલી પરે કહેવો.

વળી તે જંબુ સુદર્શન વૃક્ષ અનેરાં એકસો આઠ જંબુ મૂળ જંબુથકી અર્ધ ઉંચપણે તેણે કરી સઘળે ચોકફેર વ્યાપ્ત છે. તે જંબુ વૃક્ષ ચાર જોજન ઉંચા ઉંચપણે છે, એક કોસ ઉંડપણે છે, એક જોજનનો સ્કંધ તે થડ છે. તે થડ એક કોસ પહોળપણે છે. ત્રણ જોજનની નીકળતી ઉંચી શાખા છે ઘણું મધ્ય દેશ ભાગે ચાર જોજન લાંબપણે પહોળપણે છે. સવાચાર જોજન સર્વાંગે ઉંચપણે છે. તેના વજ્રમય મૂળ છે. તેહનો વર્ણન ચૈત્યવૃક્ષના સરખો કરવો.

વળી તે જંબુ સુદર્શનાને વાયવ્ય ખૂણે ઉત્તર દીસે ઇશાન ખૂણે ઇહાં અનાધૃત દેવતાના, ચાર હજાર સામાનીક દેવતાના, ચાર હજાર જંબુ છે. જંબુ સુદર્શનને પુર્વ દીસે ઇહાં અનાધૃત દેવતાની ચાર અગ્ર મહીષીના ચાર જંબુ છે. એમ સર્વ પરીવાર કહેવો. જંબુને જાવત્ ચારે દીસે આત્મ રક્ષકના સોળ હજાર જંબુ છે. હવે તેનો વિસ્તાર કહેછે. મૂળ જંબુ ૧. તેને ફરતાં ૧૦૮, તેને ફરતાં ૩૪,૦૧૧, તેને ફરતાં ૧૬,૦૦૦, સર્વ મળીને ૫૦,૧૨૦) જંબુ છે તે સર્વ પૃથ્વીકાય રૂપ છે સાસ્વતે ભાવે છે તે મૂળ જંબુએ આનાધૃત દેવતા પોતે રહે છે, ને તેની પહેલી પરિધીએ તેહના ભૂષણાદિ ઉપકરણ છે. બીજી પરિધીએ પરીવાર રહે છે, ને ત્રીજી પરિધીએ આત્મ રક્ષક દેવતા રહે છે. હવે સહુ સહુના જુદા જુદા જંબુ કહે છે.

૧ મૂળ જંબુસુદર્શન અનાધૃત દેવતાનું છે.
૧૦૮ જંબુ સુદર્શન અનાધૃત દેવતાના ભંડારનાં છે.
૪ જંબુ સુદર્શન અનાધૃત દેવતાની ચાર અગ્રમહીષીનાં છે.
૭ જંબુ સુદર્શન અનાધૃત દેવતાના સાત કટકના સાત સ્વામીનાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪,૦૦૦ જંબુ સુદર્શન અનાધૃત દેવતાના સામાનીક દેવતાનાં છે.
૮,૦૦૦ જંબુ અનાધૃત દેવતાની અભ્યંતરની પરખદાના આઠ હજાર દેવતાનાં છે.
૧૦,૦૦૦ જંબુ સુદર્શન અનાધૃત દેવતાની મધ્ય પરખદાના દશ હજાર દેવતાનાં છે.
૧૨,૦૦૦ જંબુ અનાધૃત દેવતાની બાહીરલી પરખદાના બાર હજાર દેવતાનાં છે.
૧૬,૦૦૦ જંબુ સુદર્શન અનાધૃત દેવતાના આત્મ રક્ષક દેવતાના ત્રીજી પરિધીએ છે.
૫૦,૧૨૦ સર્વ સર્વાળે પચાશ હજાર એકસો વીશ જંબુ સુદર્શન વૃક્ષ છે.

એ વિસ્તાર કરી બતાવ્યો. વળી જંબુ સુદર્શનને સો સો જોજનનાં ત્રણ વનખંડ છે. તેણે કરીને સઘળે ચોકફેર પરીક્ષીપ્ત વેષ્ટીત (વીટેલ) છે તે કહે છે. પહીલું ૧, બીજું ૨, ને ત્રીજું ૩. એ પ્રત્યેક સો સો જોજનનાં જાણવાં.

વળી તે જંબુ સુદર્શનને પુર્વદીશે પહેલું વનખંડ પચાશ જોજન અવગાહીને જઇએ ઇહાં એક મોટું ભવન છે. તેનો વર્ણન જેમ જંબુ સુદર્શન ઉપરે પૂર્વશાખાએ ભવન કહ્યું તેમ કહેવો. જાવત્ દેવસજ્યા ત્યાંલગે સર્વ કહેવું, એમ દક્ષીણે, પશ્ચિમે, ને ઉત્તર દીશે ચાર ભવન કહેવાં.

વળી તે જંબુ સુદર્શનથી ઉત્તર પૂર્વે ઇશાનખૂણે પહેલું વનખંડ પચાશ જોજન અવગાહી જઇએ ઇહાં ચાર નંદા પુષ્પકરણી છે તેનાં નામ કહે છે. પદ્મા ૧, પદ્મપ્રભા ૨, કુમુદા ૩, ને કુમુદપ્રભા ૪. તે એક કોશ લાંબી છે, અર્ધકોશ પહોળી છે ને પાંચસેં ધનુષ ઉંડી છે. આછી સુકમાળ લષ્ટ, ઘુષ્ટ, મૃષ્ટ, પંક રહીત, રજ રહીત જાવત્ પ્રતિરૂપ છે. તેનો વર્ણન પૂર્વલીપરે જાવત્ તોરણલગે કહેવો. વળી તે ચાર નંદા પુષ્પકરણીને ઘણું મધ્ય દેશભાગે ઇહાં એક પ્રાસાદાવતંસક છે, તે એક કોશ લાંબપણે છે, અર્ધકોશ પહોંળપણે છે તેનો વર્ણન પુર્વલીપરે કહેવો. જાવત્ ત્યાં સિંહાસન પરીવાર રહીત કહેવું. એમ દક્ષીણ, પૂર્વે અગ્નીખૂણે પણ પચાસ જોજન અવગાહી જઇએ ત્યાં વનખંડમાંહે ચાર નંદા પુષ્પકરણી છે તે કહે છે. ઉત્પલ ગુલ્મા ૧, નલીના ૨, ઉત્પલા ૩. ને ઉત્પલજવલા ૪. તેહનું પ્રમાણ પુર્વલીપરે તેમજ પ્રાસાદાવતંસક તેહનું પ્રમાણ પૂર્વપરે કરવું. એમ દક્ષિણ, પશ્ચિમ ને નૈઋત્યખૂણે પણ વનખંડમાંહે પચાસ જોજન અવગાહી જઇએ ત્યાં પણ ચાર નંદા પુષ્પકરણી છે તેહનાં નામ કહે છે. ભૃંગા ૧, ભૃંગનિભા ૨, અંજના ૩, ને કજળપ્રભા ૪. શેષ સર્વ તેમજ પૂર્વલીપરે કહેવું. વળી જંબુ સુદર્શનાથકી ઉત્તર પશ્ચિમે વાયવ્યખૂણે પહેલું વનખંડ પચાસ જોજન અવગાહી જઇએ ઇહાં ચાર નંદા પુષ્પકરણી છે. તેનાં નામ શ્રીકંતા ૧, શ્રીમહિતા ૨, શ્રીચંદ્રા ૩, તેમજ શ્રીનિલયા ૪. તેનું પ્રમાણ પણ તેમજ જાણવું. ને તેમજ વીચે એક પ્રાસાદાવતંસક છે.

વળી તે જંબુ સુદર્શનાએ પુર્વદીશીના ભવનને ઉત્તરદીશે ને ઇશાનખૂણાના પ્રાસાદાવતંસકને દક્ષિણ દિશે ઇહાં એક મોટો કૂટ કહ્યો છે તે આઠ જોજન ઉંચો ઉંચપણે છે મૂળે બાર જોજન લાંબપણે, પહોળપણે છે, મધ્યવચે આઠ જોજન લાંબપણે પહોળપણે છે ને ઉપરે ચાર જોજન લાંબપણે પહોળપણે છે. મૂળે કાંઇક ઝાઝેરાં સાડત્રીશ જોજન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિધીપણે છે, વચ્ચે કાંઇક અ્રેરાં પચવીશ જોજન પરિધીપણે છે ને ઉપરે કાંઇક અઝેરાં બાર જોજન પરિધીપણે છે. મૂળે વિસ્તીર્ણ છે (બાર જોજન માટે) વચ્ચે સાંકડો છે (આઠ જોજન માટે) ને ઉપરે પાતળો છે (ચાર જોજન માટે) ગોપુંછને સંસ્થાને સંસ્થીત છે. સર્વ જંબુનંદમય છે. આછો જાવત્ પ્રતિરૂપ છે. તે કૂટ એક પદ્મવર વેદિકાએ ને એક વનખંડે કરી સઘળે ચોકફેર વિંટયો છે. તે વેદિકા ને વનખંડનો વર્ણન પુર્વપરે કહેવો. જાવત્ દેવતા બેસે છે. વળી તે કૂટને ઘણું મધ્યદેશભાગે ઇહાં એક મોટું સિદ્ધાયતન છે. તે એક કોશ લાંબપણે છે, અર્ધકોશ પહોળપણે છે ને દેશેઉણું એક કોશ (પોણો કોશ) ઉંચું ઉંચપણે છે. જાવત્ એકસો આઠ જીન (દેવતાની) પ્રતિમા છે. જાવત્ તેની વ્યક્તવ્યતા સર્વ પૂર્વલીપરે કહેવી.

વળી તે જંબુ સુદર્શનાએ પુર્વદીશીના ભવનને દક્ષિણદીશે ને અગ્નીખૂણાના પ્રાસાદાવતંસકને ઉત્તરદીશે ઇહાં એક મોટો કૂટ કહ્યો છે. (એ બીજો કૂટ) તેહજ પ્રમાણ પહેલા કૂટનીપરે ત્યાં સિદ્ધાયતન છે.

વળી જંબુ સુદર્શનાના વનખંડમાંહે દક્ષિણદીશીના ભવનને પૂર્વદીશે ને દક્ષીણ પૂર્વ અગ્નીખૂણાના પ્રાસાદાવતંસકને પશ્ચિમદીશે ઇહાં એક મોટો કૂટ કહ્યો છે. તેનું તેહજ પ્રમાણ ને સિદ્ધાયતન કહેવું (એ ત્રીજો કૂટ).

વળી જંબુસુદર્શનાના વનમાં દક્ષણદીસીના ભવનને પશ્ચિમદીસે ને દક્ષિણ પશ્ચિમ નૈરૂત્ય ખૂણના પ્રાસાદાવતંસકને પૂર્વદીસે ઇહાં એક મોટો કૂટ કહ્યો છે ( એ ચોથો કૂટ ) તેહજ પ્રમાણ ને સિદ્ધાયતન કહેવું.

વળી જંબુસુદર્શનાના વનમાં પશ્ચિમ દીસીના ભવનને દક્ષિણદીસે ને દક્ષિણ પશ્ચિમ નૈરૂત્યખૂણના પ્રાસાદાવતંસકને ઉત્તરદીસે ઇહાં એક મોટો કૂટ છે. ( એ પાંચમો કૂટ. ) તેહજ પ્રમાંણ ને સિદ્ધાયતન કહેવું.

વળી જંબુસુદર્શનાના વનમાં પશ્ચિમ દીસીના ભવનને ઉત્તરદીસે ને ઉત્તર પશ્ચિમ વાયવ્યખૂણના પ્રાસાદાવતંસકને દક્ષિણદીસે ઇહાં એક મોટો કૂટ છે. (એ છઠો કૂટ.) તેહજ કૂટનું પ્રમાણ ને ત્યાં સિદ્ધાયતન કહેવું.

વળી જંબુસુદર્શનાના વનમાં ઉત્તદીસીના ભવનને પશ્ચિમદીસે ને ઉત્તર પશ્ચિમ વાવ્યખૂણના પ્રાસાદાવતંસકને પૂર્વદીસે ઇહાં એક મોટો કૂટ છે. ( એ સાતમો કૂટ. ) તેહજ પ્રમાણ ને સિદ્ધાયતન કહેવું.

વળી તે જંબુસુદર્શનાના વનમાંહે ઉત્તરદીસીના ભવનને પૂર્વદીસે ને ઉત્તર પૂર્વ ઇશાન ખૂણના પ્રાસાદાવતંસકે પશ્ચિમદીસે ઇહાં એક મોટો કૂટ છે. (એ આઠમો કૂટ) તેહજ પ્રમાણ પહેલા કૂટની પરે અને ઉપરે તેમજ સિદ્ધાયતન કહેવું.

વળી તે સુદર્શના અનેરે ઘણે તિલક વૃક્ષે કરી, લકુચ વૃક્ષે કરી જાવત્ રાજવૃક્ષે કરી જાવત્ ચોકફેર વીટેલ છે. તે જંબુસુદર્શનાને ઉપરે ઘણાં આઠ આઠ મંગળીક છે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેછે. સાથીઓ ૧, શ્રીવછ ૨, જાવત્ દર્પણ ૮, ક્રષ્ણચામર ધ્વજા જાવત્ છત્રા તિ છત્રછે.

વળી તે જંબુ સુદર્શનાના બાર નામ કહ્યાં છે તે કહે છે. સૂભકાર દર્શન માટે સુદર્શના ૧, નિષ્ફળ નહીં શાસ્વતા છે માટે અમોઘા ૨, મણિરત્ન બંધ માટે. સુપ્રબદ્ધા ૩, જસવંત માટે. જસોધરા ૪, જંબુદ્વીપનું નામ વિસ્તારે માટે વિદેહ જંબુ ૫, ઉત્તમ વૃક્ષ માટે સોમનસ ૬. સાસ્વતા માટે નિયતા ૭, સ્થિર માટે નિત્યમંડીતા ૮, ભદ્રકારી માટે સુભદ્રા ૯, વિસ્તીર્ણ માટે વિશાળા ૧૦. ભલો તે સુજાયા ૧૧, ને દેખતાં મન પ્રશ્ન થાય માટે સુમના ૧૨, એ બાર ભેદ. એટલે સુદર્શના જંબુવૃક્ષના એ બાર નામ કહ્યાં.

**પ્રશ્ન**—હે ભગવંત, તે શ્યા માટે જંબુ સુદર્શના એહવું નામ કહોછો?

**ઉ-તર**—હે ગૌતમ, જંબુ સુદર્શનાને વિષે જંબુદ્વીપનો અધિપતિ (સ્વામી) અનાધૃત નામે દેવતા મહર્ષિક જાવત્ પલ્યોપમના આવખાવંત વસેછે. તે દેવતા ત્યાં ચાર હજાર સામાનીક દેવતાનું જાવત્ જંબુદ્વીપનું, જંબુ સુદર્શનાનું, અનાધૃત રાજ્યધાનીનું અધિપતિપણું કરતો થકો જાવત્ વિચરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, અનાધૃત દેવતાની અનાધૃત નામે રાજ્યધાની કયાં છે?

**ઉ-તર**—હે ગૌતમ, જંબુદ્વીપના મેરૂ પર્વતથકી ઉત્તર દીશે ત્રીછા અસંખ્યાતા દ્વીપ સમુદ્ર પછી અનેરો જંબુદ્વીપ આવે ત્યાં અનાધૃત રાજ્યધાની છે. જાવત્ મહર્ધિક એમ સર્વ વ્યક્તવ્યતા વિજય રાજ્યધાનીની પરે કહેવી. તેમ વળી હે ગૌતમ જંબુદ્વીપનામા દ્વીપે ઉત્તર કુરૂ ક્ષેત્રને વિષે તે તે ઠામે ત્યાં ત્યાં ઘણાં જંબુવૃક્ષ. જંબુના વર્ણ, જંબુના વનખંડ. નિત્ય ફુલ્યાં ફુલ્યાં જાવત્ શોભાએ કરી અત્યંત અત્યંત ઉપ શોભતાં થકાં રહેછે. તેણે અર્થે હે ગૌતમ જંબુદ્વીપનામા દ્વીપ એહવું નામ કહીએ છીએ. તેમ વળી સદાઇ નિરંતર છે. હે ગૌતમ જંબુદ્વીપનામા દ્વીપનું નામ સાસ્વતું છે. જે કોઇ કાળે એ નામ હતું નહીં એમ નથી. જાવત્ નિત્ય સાસ્વતું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જંબુદ્વીપનામા દ્વીપને વિષે કેટલા ચંદ્રમા પ્રભાસ્યા, પ્રભાસે છે ને પ્રભાસશે. કેટલા સૂર્ય તપ્યા, તપે છે ને તપશે. કેટલા નક્ષત્ર ચંદ્રમાદિ ગ્રહો સાથે જોગ જોડયા, જોડે છે ને જોડશે. કેટલા મહાગ્રહ ચાર ચરતા હુયા, ચરે છે ને ચરશે. કેટલા તારાના સમુહની ક્રોડાક્રોડીઓ શોભતી હુઇ, શોભે છે, ને શોભશે. (એ પાંચે પ્રકારના જ્યોતીષીની ત્રણે કાળની પુછા કરી.)

**ઉ-તર**—હે ગૌતમ, જંબુદ્વીપનામા દ્વીપને વિશે બે ચંદ્રમા પ્રભાસ્યા, પ્રભાસે છે ને પ્રભાસશે. બે સૂર્ય તપ્યા, તપે છે, ને તપસે. છપન નક્ષત્ર ચંદ્રમા સાથે જોગ જોડયા, જોડે છે ને જોડશે. એકસો છોંતેર મહાગ્રહ ચાર ચરતા હુઆ. ચરે છે, ને ચરશે. એક લાખ, તેત્રીશ હજાર, નવસેં ને પચાશ એટલી ક્રોડાક્રોડી ૧,૩૩,૯૫૦૦૦૦૦૦૦૦૦૦૦ તારાગણ સમુહ શોભતા હુઆ, શોભે છે, ને શોભશે. એટલે એ જંબુ દ્વીપનો અધિકાર સંક્ષેપ માત્ર પુરો થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે જંબુદ્રીપનામા દ્વીપ પ્રતે લવણનામા સમુદ્ર વૃત્ત વળીયાને આકારે રહ્યોથકો જંબુ-દ્વીપને સઘળે ચોકફેર વીંટીને રહયો છે જેથી કરી લવણ સમુદ્રનો અધિકાર હવે કહે છે.

## ૭૪. લવણ સમુદ્રનો અધિકાર. ॥૧॥

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્ર શું સમ ચક્રવાળે સંસ્થિત છે કે વિષમ ચક્રવાળે સંસ્થિત છે?

**ઉ-તર**—હે ગૌતમ, સમ ચક્રવાળે સંસ્થિત છે, પણ વિષમ ચક્રવાળે સંસ્થિત નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણનામા સમુદ્ર કેટલો ચક્રવાળે પહોળપણે ફરતો છે? ને કેટલો પરિધીપણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, લવણ સમુદ્ર બે લાખ જોજન ચક્રવાળ ફરતો પહોળપણે છે ને પંદર લાખ એકાસી હજાર એકસો ઓગણપચાશ જોજન કાંઇક ઝાઝેરા પરિધીપણે છે.

તે લવણ સમુદ્ર એક પદ્મવર વેદિકાએ ને એક વનખંડે કરી સઘળે ચોકફેર વીંટયો થકો રહે છે. તે પદ્મવર વેદિકા ને વનખંડનો વર્ણન પુર્વ પરે કરવો. તે પદ્મવર વેદિકા અર્ધ જોજન ઉંચી ઉંચપણે છે. પાંચસેં ધનુષ પહોળપણે છે, ને લવણ સમુદ્ર જેવડી પરિધીપણે છે. શેષ સર્વ તેમજ પુર્વપરે કહેવું. તે વનખંડ દેસે ઉણા બે જોજન પહોળ-પણે છે. જાવત્ દેવતા વિચરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રનાં કેટલાં દ્વાર કહ્યાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેનાં ચાર દ્વાર કહ્યાં છે. વિજય ૧, વિજયંત ૨, જયંત ૩, ને અપ-રાજીત ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રનું વિજય નામે દ્વાર કયાં કહ્યું છે?

**ઉ-તર**—હે ગૌતમ, લવણ સમુદ્રને પુર્વને અંતે ને ધાતકીખંડ દ્વીપને પુર્વાર્ધે પશ્ચિમની દીસે સીતા મહા નદીને ઉપરે ત્યાં લવણ સમુદ્રનું વિજયનામા દ્વાર કહ્યું છે, તે દ્વાર આઠ જોજન ઉંચું ઉંચપણે છે ને ચાર જોજન પહોળપણે છે. એમ જંબુ દ્વીપના વિજયદ્વાર ની પરે સર્વ સરખો વર્ણવ જાવત્ આઠ આઠ મંગળિકના વર્ણવ સુધી કહેવો પણ એટલો વિશેષ જે રાજ્યધાની પૂર્વને દીશે અનેરે લવણ સમુદ્રે કહી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રનું વિજયંતનામા દ્વાર કયાં કહ્યું છે?

**ઉત્તર**—હે ગૌતમ, લવણ સમુદ્રને દક્ષિણ દીસને અંતે ને ધાતકીખંડ દ્વીપને પાંતે દક્ષણાર્ધથકી ઉત્તરે વિજયંતનામા દ્વાર કહ્યું છે. શેષ સર્વ વિજયદ્વારની પરે કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રનું જયંતનામા દ્વાર કયાં કહ્યું છે?

**ઉત્તર**—હે ગૌતમ, લવણ સમુદ્રની પશ્ચિમ દીસીને અંતે ને ધાતકીખંડ દ્વીપને પાંતે પશ્ચિમાર્ધથકી પુર્વે સીતા મહા નદીને ઉપરે જયંતનામા દ્વાર કહ્યું છે. શેષ સર્વ તેમજ પુર્વ પરે કહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રનું અપરાજીતનામા દ્વાર કયાં કહ્યું છે?

**ઉત્તર**—હે ગૌતમ, લવણ સમુદ્રની ઉત્તર દીસીને અંતે ને ધાતકીખંડ દ્વીપને પાંતે ઉત્તરાર્ધથકી દક્ષિણે અપરાજીતનામા દ્વાર છે. શેષ સર્વ પુર્વે પરે વિજયદ્વાર જેવું કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રનાં દ્વારદ્વારને એટલે એક દ્વારથી બીજા દ્વારને આબાધાએ કેટલું અંતર કહ્યું છે?

**ઉત્તર**—હે ગૌતમ, ત્રણ લાખ, પંચાણું હજાર, બસેં એંશી જોજન ને તે ઉપર એક કોસ એટલું આંતરૂં કહ્યું છે, (તે કેમજે એકેક દ્વારનું પહોળપણું ચાર ચાર જોજનનું એટલે ચારે દ્વાર થઇને સોળ જોજન થાય. વળી એકેકે દ્વાર બારશાખની શાખા એકેકા કોસની એટલે ચાર દ્વારની શાખા ગણતાં ચાર દુ આઠ કોસ થાય. તે આઠ કોસના બે જોજનને પુર્વલા સોળ જોજનમાં ભેળતાં અઢાર જોજન થાય, તે લવણની મૂળગી પરિધી માંહેથી બાદ કરીએ ને બાકી રહેલાને ચાર ભાગે વહેંચીએ ત્યારે ત્રણ લાખ, પંચાણું હજાર, બસેં એંશી જોજન એક કોશ એટલું એક દ્વારથી બીજા દ્વારને આંતરૂં ( છેટું ) જાણવું. એ ભાવાર્થ.)

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રના પ્રદેશ ધાતકીખંડને સ્પર્શ્યા છે?

**ઉ-તર**—હે ગૌતમ, જેમ જંબુદ્વીપનું વ્યાખ્યાન કર્યું તેમ ધાતકીનામને આળાવે પણ સર્વ તેમજ કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રના જીવ મરીને ધાતકીખંડે ઉપજે?

**ઉ-તર**—હે ગૌતમ, જંબુદ્વીપની પરે સર્વ આળાવા સહીત કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્ર એહવું નામ શ્યામાટે કહો છો?

**ઊ-તર**—હે ગૌતમ, લવણ સમુદ્રનું ઉદક (પાણી) આંબીલ, રજવંત, વેળેકરી કાળે વર્ણે, સ્વભાવે નિષર કડુય લવણ (મીઠા) સરખું અપ્રીય છે. ઘણા દુપદ, ચતુષ્પદ. મૃગ, પશુ, પંખીયા, સરીસર્પાદિ તેહને પીવા જેગ્ય નથી. પણ એટલો વિશેષ જે ત્યાંના ઉપના મચ્છાદિક તેહને અપ્રીય નથી (લવણ સમુદ્ર થકી ઉપના તે સ્વયોની માટે તેહને પ્રીય છે.) વળી સુસ્થિત એહવે નામે મહર્ધિક ત્યાં લવણાધિપતિ દેવતા જાવત્ પલ્યોપમની સ્થિતિવંત છે. તે ત્યાં ચાર હજાર સામાનીક દેવતાનું જાવત્ લવણ સમુદ્રનું, સુસ્થિત રાજ્યધાનીનું, અનેરા ઘણાનું અધિપતિપણું કરતો થકો વીચરે છે. તેણે અર્થે લવણ સમુદ્ર એહવું નામ કહીએ. વળી લવણ સમુદ્ર એહવું સાસ્વતું નામ કહ્યું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રને વિષે કેટલા ચંદ્રમા કાન્તિએ કરી દીપતા હુવા, દીપે છે ને દીપસે? એમ સૂર્ય, નક્ષત્ર, ગ્રહ, તારા. એ પાંચે જ્યોતિષી પુછ્યા.

**ઉ-તર**—હે ગૌતમ, લવણ સમુદ્રને વિષે ચાર ચંદ્રમા દીપતા હુવા, દીપેછે ને દીપશે. ચાર સૂર્ય તપતા હુવા, તપેછે ને તપશે. એકસો બાર નક્ષત્ર ચંદ્રમાદિક સાથે જોગ જોડયા. જોડેછે, ને જોડશે. ત્રણસેં બાવન ગ્રહ ક્ષેત્ર પ્રતે ચાર ચરતા હુવા, ચરેછે ને ચરશે. બે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાખ, સતસઠ હજાર ને નવસેં એટલી ક્રોડા ક્રોડી એટલા તારાના સમુહ (જથ્થો) લવણ સમુદ્ર માંહે શોભતા હુવા, શોભેછે ને શોભશે.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રનું જળ (પાણી) શ્યા કારણે ચઉદશ, આઠમ, અમાવાસ્યા, પુનમે. અત્યંત અધિક અધિક વધે ઘટે (ભરતી ઓટ થાય) છે?

**ઉત્તર**—હે ગૌતમ, જંબુદ્વીપનામા દ્વીપની ચારે દીસે બાહીરલી વેદિકાના અંતથકી લવણ સમુદ્ર પંચાણું પંચાણું હજાર જોજન અવગાહી જઇએ ત્યાં ચાર અત્યંત મોટા આલયવંત મોટા અલંજર (ભાજન વિશેષ) તેહને સંસ્થાને સંસ્થિત માહા પાતાળા કળશા છે. તેના નામ. પૂર્વ દીસે વળયા મુખ ૧, દક્ષિણે કેતુમુખ ૨, પશ્ચિમે યુપ ૩, ને ઉત્તરે ઇશ્વર ૪. તે માહા પાતાળા કળશા એકેક લાખ, લાખ જોજન જળ માંહે ઊંડપણે છે. મૂળે દશ હજાર જોજન પોહોળપણે છે. ત્યારપછી એકેક પ્રદેશે વધતા વધતા થકા વીચે એક પ્રદેશની શ્રેણીએ એક લાખ જોજન પોહોળપણે છે. ને ત્યારપછી વળી પ્રદેશ પ્રદેશ ઘટતાં ઘટતાં થકાં ઉપરે મુખને મૂળે દશ હજાર જોજન પોહોળપણે છે. વળી તે માહા પાતાળા કળશાની ફૂટીને કડાહ ઠીકરી સઘળે સરખી એક હજાર જોજન જાડપણે છે. તે સર્વ વજ્ર રત્નમય નિર્મળ જાવત્ પ્રતિરૂપ છે. ત્યાં ઘણા જીવ, ઘણા પુદગળ આશ્રય છે, ઉપજે છે, ચવે છે. તે ઠીકરી દ્રવ્યાર્થપણે સાસ્વતિ છે. ને વર્ણાદિકને પર્યાયે કરી અસાસ્વતિ છે. વળી તે ચાર પાતાળા કળશે ચાર દેવતા મહર્ધિક જાવત્ એક પલ્યોપમની સ્થિતિએ વસે છે- તેનાં નામ. વડવા મુખે કાળ ૧, કેયુપે મહાકાળ ૨, યુપે વેલંબ ૩, ને ઇશ્વરે પ્રભંજન ૪. તે માહા પાતાળા કળશાને ત્રણ ત્રણ ભાગ છે. તે કહેછે. હેઠલ્યો ત્રીભાગ ૧, મધ્યનો ત્રીભાગ ૨, ને ઉપરલો ત્રીભાગ ૩, તે ત્રણ ભાગ માહીલો એકેકો ત્રીભાગ તેત્રીશ હજાર, ત્રણસેં તેત્રીશ જોજન ને એક જોજનનો ત્રીજો ભાગ એટલો જાડપણે છે. (લાખના ત્રણ ભાગ કરવા.) ત્યાં જે હેઠલો ત્રીભાગ તેમાં વાયુકાય કેવળ વાયરો છે. ને જે વચલો ત્રીભાગ તેમાં વાયુકાય ને અપકાય (વાયરો, પાણી.) ભેળો રહે છે ને જે ઉપરલો ત્રીજો ભાગ છે ત્યાં કેવળ અપકાય (પાણી) છે.

તેમ વળી હે ગૌતમ લવણ સમુદ્રને વિષે તે તે ઠામે ઘણા નાહના અલંજર ભાજનને સંસ્થાને સંસ્થિત તે નાહના પાતાળા કળશા છે. તે નાના પાતાળા કળશા એક હજાર જોજન ઉંડા છે. મૂળે સો જોજન પોહોળા છે. ત્યાર પછી પ્રદેસે પ્રદેસે વધતા વધતાથકાં વચ્ચે એક પ્રદેશની શ્રેણીએ એકેક હજાર જોજન પોહોળા છે. ત્યાર પછી પ્રદેસે પ્રદેસે ઘટતાં ઘટતાંથકાં ઉપરે મુખને ઠામે સો જોજન પોહોળા છે, તે લઘુ (નાના) પાતાળા કળશા ની ઠીકરી સઘળે સરીખી દશ જોજન જાડી છે. તે સર્વ વજ્રમય નિર્મળ જાવત્ પ્રતિરૂપ છે. ત્યાં ઘણાં જીવ, ઘણા પુદ્‌ગળ ઉપજે છે, ચવે છે. તે ઠીકરી દ્રવ્યપણે સાસ્વતિ છે. ને વર્ણાદિકને પર્યાએ કરી અસાસ્વતિ છે. પ્રત્યેક પ્રત્યેક અર્ધ પલ્યોપમની સ્થિતિના દેવતાએ સહીત છે. તે લઘુ પાતાળા કળશાને પણ ત્રણ ત્રણ ભાગ છે. તે કહે છે. હેઠલો ત્રીભાગ ૧, વચલો ત્રીભાગ ૨, ને ઉપરલો ત્રીભાગ ૩. તે એકેકો ત્રીભાગ ત્રણસેં, તેત્રીશ જોજન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ને એક જોજનનો ત્રીજો ભાગ એટલું જાડપણે છે. (હજાર જોજનના ત્રણ ભાગ કરવા) ત્યાં જે હેઠલો ત્રીભાગ છે ત્યાં કેવળ વાયરો છે. ને વચલે ત્રીભાગે વાયરો ને પાણી છે. ને ઉપરલે ત્રીભાગે કેવળ પાણી છે. એમ સર્વે નાહના મોહટા મળીને લવણ સમુદ્રને વિષે સાત હજાર, આઠસેં, ચોરાશી પાતાળા કળશા હોય એમ તિર્થંકરે કહ્યું છે. હવે જ્યારે તે મોટા પાતાળા કળશા ને નાહના પાતાળા કળશાને હેઠલા ને વચલા ત્રીભાગને વિષે ઘણા ઉદાર ઉર્ધ (ઉંચા) ગમન સ્વભાવવંત વાયરા ઉપજે છે, મુર્છના પામે છે, હાલે છે, ચાલે છે, કંપે છે, ક્ષોભાય છે, સંઘટ પામે છે માંહોમાંહે આથડે છે, તે તે ભાવપ્રત્યે પરીણમે છે. ત્યારે તે પાણી ઉંચું ઉછળે છે, ઉભરાય છે, ને જ્યારે તે નાહના પાતાળા કળશા ને મોટા પાતાળા કળશા હેઠલા ને વચલા ત્રીભાગને વિષે ઘણા ઉદાર ઉર્ધ ગમન સ્વભાવવંત વાયરા નથી હાલતા જાવત્ તે તે ભાવપ્રતે ન પરીણમે ત્યારે તે ઉદક (પાણી) ઉંચું ઉછળે નહીં, ઉભરાય નહી. વળી તે પાતાળા કળશાના વાયરા અહોરાત્રી મધ્યે બેવાર તે વાયુ પ્રેરે છે ત્યારે અહોરાત્રી મધ્યે બેવાર પાણી ઉંચું ઉછળે છે તે કારણે અહોરાત્રી મધ્યે બેવાર વેળ ભરાય છે (ભરતી ઓટ થાય છે) ને જ્યારે તે કળશાના વાયરા અધવચાળે અનેરા વાયરાપ્રતે ઉદેરે નહીં ત્યારે અધવચાળેથકી તે પાણી ઉભરાય નહીં, ઉછળે નહીં. એમ નિશ્ચે હે ગૌતમ લવણ સમુદ્ર ચઉદસ, આઠમ, અમાવાસ્યા, પુનમને વિષે અત્યંત અધીકા વધે તથા ઘટે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રનું પાણી અહોરાત્રના (દીવસ રાત્રી થઇને) ત્રીશ મુહુર્ત્ત માંહે કેટલી વાર અત્યંત વધે, ઘટે છે? (ભરતી ઓટ થાય છે).

**ઉત્તર**—હે ગૌતમ, લવણ સમુદ્રનું પાણી ત્રીશ મુહુર્ત્તમાંહે બેવાર અત્યંત વધે ઘટે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્યામાટે એમ કહો છો જે લવણ સમુદ્રનું પાણી દિવસ રાત્રમાંહે બે વાર વધે, ઘટે છે?

**ઉત્તર**—હે ગૌતમ, લવણ સમુદ્રે ત્રીશ મુહુર્ત્તમાંહે બેવાર અધવચાળેથી વાયરો ઉઠે છે (પાતાળા કળશાનીં વાયરે કરીને ચઉદસ, આઠમ, પુનમ, અમાવાસ્યાએ પાણી ઉભરે છે. પાણી અધવચાળે સમુદ્રમાંહે અનેરા વાયરા પાતાળા કળશાને વાયરે પ્રેર્યાથકાં અહોરાત્રમાં બે વાર ઉઠે છે તેણે કરી અહોરાત્રમાં બેવાર વેળ ભરાય છે ઇતિભાવ.) ત્યારે અધવચાળેથીજ પાણી ઉછળે તે માટે હે ગૌતમ દીવસની ત્રીશ મુહુર્ત્તમાંહે તે વાયરાની અપેક્ષાએ કરીને બેવાર વધે, ઘટે છે. જાવત્ વાયુને પ્રકોપે લવણ સમુદ્રને વિષે સીખા ઉડતી છે. ચક્રવાળની વિખંભ ગતિ છે. આવર્ત્ત આકારે અથવા વૃત્તાકારે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રની સીખા કેટલી ચક્રવાળે ફરતી પહોળપણે છે, ને કેટલી વધે ઘટે છે?

**ઉત્તર**—હે ગૌતમ, લવણ સમુદ્રની સીખા દશ હજાર જોજન ચક્રવાળ ફરતી પોહોળપણે છે. ને કાંઇક ઉણું અર્ધ જોજન તે સીખા ઉપરે વેળ વધે, ઘટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રની કેટલા હજાર નાગ કુમાર દેવતા અભ્યંતર (માહીલી) વેળ (જંબુદ્વીપ તરફ) ધરે છે, કેટલા હજાર નાગકુમાર દેવતા બાહીરલી વેળ (ધાતકી-ખંડ તરફ) ધરે છે, ને કેટલા હજાર નાગકુમાર દેવતા અગ્રોદક (શીખા ઉપરલું પાણી) લવણ સમુદ્રનું ધરે છે? (દબાવે છે)

**ઊ-તર**—હે ગૌતમ, બેતાળીસ હજાર નાગકુમાર દેવતા અભ્યંતર (જંબુદ્વીપમાં માહીલી) વેળ ધરે છે. બોંહોતેર હજાર નાગકુમાર દેવતા બાહીરલી (ધાતકી ખંડમાં) વેળ ધરે છે, ને સાઠ હજાર નાગકુમાર દેવતા અગ્રોદક (સીખા ઉપરલું પાણી) ધરે છે. એણી રીતે સર્વ મળીને એક લાખ, ચમોતેર હજાર, નાગકુમાર દેવતા હોય એમ તિર્થંકરે કહ્યું.

**પ્રશ્ન**—હે ભગવંત, કેટલા વેળંધર નાગકુમાર રાજા છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચાર વેળંધર નાગકુમાર રાજા છે તેના નામ–ગોથુભ ૧, સીવક ૨, શંખ ૩, ને મનોસીલક ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, તે ચાર વેળંધર નાગ રાજાના કેટલા આવાસ પર્વત છે?

**ઊ-તર**—હે ગૌતમ, તેના ચાર આવાસ પર્વત છે તેના નાંમ-ગોથુભ **૧**, દગભાસ ૨, શંખ ૩, ને દગસીમક ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, ગોથુભનામા વેળંધર નાગરાજાનો ગોથુભનામા આવાસ પર્વત કયાં છે?

**ઉ-તર**—હે ગૌતમ, જંબુદ્વીપના મેરૂ પર્વતને પુર્વ દીસે લવણ સમુદ્ર પ્રતે બેતાળીશ હજાર જોજન અવગાહી જઇએ ત્યાં ગોસ્થુભનામા વેળંધર નાગરાજાનો ગોસ્થુભ નામા આવાસ પર્વત છે. તે સતરસેં ને એકવીશ જોજન ઉંચો ઉંચપણે છે. ચારસેં ને સવાત્રીસ જોજન ઉંડો ઉંડપણે છે. મૂળે એક હજાર બાવીશ જોજન લાંબપણે, પોહોળપણે છે. વીચે સાતસેં ત્રેવીસ જોજન લાંબપણે પોહોળપણે છે ને ઉપરે ચારસેં ચોવીસ જોજન લાંબ-પણે પોહોળપણે છે. મૂળે ત્રણ હજાર બસેં ને બત્રીસ જોજન કાંઇક ઉંણા પરિધીપણે છે, વીચે બે હજાર બસેં ને અઠયાસી જોજન કાંઇક અધીકેરાં પરિધીપણે છે ને ઉપરે એક હજાર, ત્રણસેં ને એકતાલીસ જોજન કાંઇક ઉંણા પરિધીપણે છે મૂળે વિસ્તીર્ણ છે, વચે સંક્ષીપ્ત (સાંકડો) છે, ને ઉપરે સંકીર્ણ (સાંકડો) છે. ગોપુંછને સંસ્થાને સંસ્થિત છે. સર્વ કનકમય છે નિર્મળજાવત્ પ્રતિરૂપ છે.

વળી તે ગોસ્થુભ પર્વત એક પદ્મવર વેદિકાએ ને એક વનખંડે કરીને સઘળે ચોક-ફેર વીંટયો છે. તે વેદિકા ને વનખંડનો વર્ણન પુર્વપરે કહેવો. તે ગોસ્થુભનામા આવાસ પર્વતને ઉપરે ઘણું સમ રમણિક ભૂમિભાગ છે. જાવત્ દેવતા વસે છે. તે ઘણું સમ-રમણિક ભૂમિ ભાગને મધ્ય ભાગે ત્યાં એક મોટો પ્રાસાદાવતંસક છે તે પ્રાસાદાવતંસક સાડાબાસઠ જોજન ઉંચપણે છે, તેમજ ઉંચપણાનું અર્ધ સવા એકત્રીસ જોજન લાંબ-પણે, પોહોળપણે છે. તેનો વર્ણન કહેવો જાવત્ સિંહાસન પરીવાર સહીત કહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ગોસ્થુભનામા આવાસ પર્વત એવું નામ સ્યે અર્થે કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, ગોસ્થુભનામા આવાસ પર્વત્તને વિષે તે તે ઠામે ત્યાં ત્યાં ઘણી નાની મોટી વાવ છે. જાવત્ ત્યાં ગોસ્થુભને વર્ણે ઘણાં કમળ છે. તેમજ પુર્વલી પરે જાવત્ ગોસ્થુભ નામે ત્યાં દેવતા મહર્ધિક જાવત્ એક પલ્યોપમની સ્થિતિના વસે છે તે દેવતા ત્યાં ચાર હજાર સામાનીક દેવતાનું જાવત્ ગોસ્થુભનામા આવાસ પર્વતનું, ગોસ્થુભનામા રાજ્યધાનીનું જાવત્ અધિપતિપણું કરતો વિચરે છે તેને અર્થે હે ગૌતમ ગોસ્થુભ આવાસ પર્વત નામ કહીએ જાવત્ એ નામ નિત્ય છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ગોસ્થુભનામા દેવતાની ગોસ્થુભનામા રાજ્યધાની કયાં છે?

**ઉ-તર**—હે ગૌતમ, ગોસ્થુભ પર્વતને પૂર્વદીસે ત્રીછા અસંખ્યાતા દ્વીપ, સમુદ્ર વ્યતીક્રમીને અનેરા લવણ સમુદ્રને વિષે ગોસ્થુભ રાજ્યધાની છે તેહીજ પ્રમાણ કહેવું. તેમજ સર્વ વર્ણન જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, સીવકનામા વેળંધર નાગરાજાને દગભાસનામા આવાસ પર્વત કયાં છે?

**ઉ-તર**—હે ગૌતમ, જંબુદ્વીપના મેરૂપર્વતને દક્ષિણદીસે લવણ સમુદ્ર બેતાલીસ હજાર જોજન અવગાહી જઇએ ત્યાં સીવકનામા વેળંધર નાગરાજાનો દગભાસનામા આવાસ પર્વત છે. તેનું પ્રમાણ જેમ ગોસ્થુભનું કહ્યું તેમ જાણવું પણ એટલો વિશેષ જે સર્વ અંક રત્નમય છે. નિર્મળ છે જાવત્ પ્રતિરૂપ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, દગભાસનામા આવાસ પર્વત એહવું નામ સ્યે અર્થે કહો છો ?

**ઉ-તર**—હે ગૌતમ, દગભાસનામા આવાસ પર્વત લવણ સમુદ્રમાંહે આઠ જોજન પ્રમાણ ક્ષેત્રમાંહે પાણીપ્રતે સઘળે ચોકફેર દીપાવે છે, ઉદ્યોત કરે છે, તપે છે, કાન્તિ વધારે છે. ને સીવકનામા ત્યાં દેવતા મહર્ધિક છે તે કારણે એ નામ કહીએ જાવત્ તેની રાજ્યધાની દક્ષીણ દીસે અસંખ્યાતમે લવણ સમુદ્રે સીવક નામે દગભાસની સેપ સર્વ તેમજ પૂર્વલી પરે કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સંખનામા વેળંધર નાગરાજાનો સંખનામા આવાસ પર્વત કયાં છે ?

**ઉ-તર**—હે ગૌતમ, જંબુ દ્વીપના મેરૂ પર્વતને પશ્ચિમ દીસે લવણ સમુદ્રપ્રતે બેતાળીસ હજાર જોજન અવગાહી જઇએ ત્યાં સંખનામા વેળંધર નાગરાજાનો સંખનામા આવાસ પર્વત છે તેનું પ્રમાણ ગોસ્થુભનીપરે કહેવું. પણ એટલો વિશેષ જે સર્વ રૂપામય છે નિર્મળ છે તે એક પદ્મવર વેદિકાએ ને એક વનખંડે કરી સહીત છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સંખનામા આવાસ પર્વત એહવું નામ સ્યે અર્થે કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, સંખનામા આવાસ પર્વતને વિષે તે તે ઠામે ત્યાં ત્યાં ઘણી નાની વાવ પ્રમુખને વિષે જાવત્ ઘણાં કમળ પ્રમુખ સંખની પ્રભા સરીખાં છે. સંખને વર્ણે ધોળાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, સંખવર્ણની પ્રભાવંત છે. સંખનામા દેવતા મહર્ધિક જાવત્ રાજ્યધાની પશ્ચિમદીસે સંખપર્વતને સંખનામા રાજ્યધાની છે. તેહીજ પ્રમાણ સર્વ પુર્વપરે કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, મનોસીલક વેળંધર નાગરાજાનો દગસીમક આવાસ પર્વત કયાં છે?

**ઊત્તર**—હે ગૌતમ, જંબુદ્વીપના મેરૂપર્વતને ઉત્તરદીસે લવણ સમુદ્ર બેતાલીસ હજાર જોજન અવગાહીને જઇએ ત્યાં મનોસીલકનામા વેળંધર નાગરાજાનો દગસીમકનામા આવાસ પર્વત છે તેહીજ પ્રમાણ પૂર્વલી રીતે કહેવું પણ એટલો વિશેષ જે સર્વ સ્ફટીક રત્નમય આછો નિર્મળ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, દગસીમકનામા આવાસ પર્વત એહવું નામ સ્યે અર્થે કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, દગશીમકનામા આવાસ પર્વત છે તે સીતા, સીતોદા મહાનદીનો પ્રવાહ તે પર્વતલગે સમદ્રમાં જુજુઓ ચાલે છે ને તે પર્વતને આથડીને સમુદ્રના પાણીમાં ભળી જાય છે તેણે અર્થે દગસીમક નામ કહીએ. જાવત્ એ નામ નિત્ય છે. ત્યાં મનોસીલક નામા દેવતા મહર્ધિક છે જાવત્ ત્યાં ચાર હજાર સામાનીક જાવત્ વીચરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, મનોસીલક વેળંધર નાગરાજાની મનોસીલકા રાજ્યધાની કયાં છે?

**ઊત્તર**—હે ગૌતમ, દગસીમક આવાસ પર્વતને ઉત્તરદીસે ત્રીછા અસંખ્યાતા દ્વીપ, સમુદ્ર મુકી જઇએ ત્યાં અનેરા લવણ સમુદ્રને વિષે ત્યાં મનોસીલક નામે રાજ્યધાની છે. તેહીજ પ્રમાણ પૂર્વપરે જાણવું જાવત્ મનોસીલકનામે દેવતા ત્યાં રહે છે.

(ચારેની વ્યાખ્યા) પેહેલો કનકમય ૧, બીજો અંકરત્નમય ૨, ત્રીજો રૂપામય ૩, ને ચોથો સફટીક રત્નમય ૪, એ ચાર વેળંધર દેવતાના આવાસ પર્વત ગોસ્થુભાદિક જાણવા ને અનુવેળંધર રાજાના પર્વત્ત છે તે ચારે રત્નમય છે.

**પ્રશ્ન**—હે ભગવંત, અનુવેળંધર નાગદેવતાના રાજા કેટલા છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચાર અનુવેળંધર નાગદેવતાના રાજા છે. કર્કોટક ૧. કર્દમક ૨. કૈલાસ ૩. ને અરૂણપ્રભ ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, કર્કોટક અનુવેળંધર નાગરાજાનો કર્કોટક આવાસ પર્વત્ત કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, જંબુદ્વીપના મેરૂપર્વત્તને ઇશાનખૂણે લવણસમુદ્ર બેતાલીસ હજાર જોજન અવગાહીને જઇએ ત્યાં કર્કોટકનામા અનુવેળંધર નાગરાજાનો કર્કોટકનામા આવાસ પર્વત્ત છે તે સતરસેં, એકવીસ જોજન ઉંચો છે તેહીજ પ્રમાણ જેમ ગોસ્થુભનું કહ્યું તેમજ જાણવું પણ એટલો વિશેષ જે સર્વ રત્નમય છે નિર્મળ જાવત્ નિરવિશેષપણે સર્વ કહેવું જાવત્ સિંહાસન પરીવાર સહીત કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, કર્કોટકનામા આવાસ પર્વત્ત એહવું નામ સ્યે અર્થે કહોછો?

**ઉત્તર**—હે ગૌતમ, ત્યાં ઘણાં ઉત્પલ કમળ કર્કોટક સરખાં છે પ્રભાએ કરી સેષ સર્વ તેમજ કહેવું. પણ એટલો વિશેષ જે તેની કર્કોટા રાજ્યધાની કર્કોટક પર્વત્તને ઇશાનખૂણે અનેરે લવણ સમુદ્રે છે તેમજ સર્વ કહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી કર્દમનામા અનુવેળંધર નાગરાજાનો પણ તેહજ ગમો અપરીશેષપણે કર્કોટક-નીપરે કહેવો. પણ એટલો વિશેષ જે અગ્નીખૂણે છે. કર્દમનામા આવાસ પર્વત્ત એહની વિદ્યુત્પ્રભા રાજ્યધાની તે પણ અગ્નીખૂણે અસંખ્યાતમે લવણ સમુદ્રે છે.

વળી કૈલાસનામા અનુવેળંધર નાગરાજા પણ એમજ કહેવો. પણ એટલો વિશેષ જે નૈરૂત્યખૂણે કૈલાસનામા પર્વત્ત છે ને તેહની કૈલાસીકાનામા રાજ્યધાની તે પણ તેજ દીસે નૈરૂત્યખૂણે અનેરે અસંખ્યાતમે લવણ સમુદ્રે છે.

વળી અરૂણપ્રભનામા અનુવેળંધર નાગરાજાનો આવાસ પર્વત્ત પણ એમજ કહેવો પણ એટલો વિશેષ જે વાયુખૂણે છે ને તેહની અરૂણપ્રભાનામા રાજ્યધાની તે પણ તેહીજ વાયુખૂણે અનેરે અસંખ્યાતમે લવણ સમુદ્રે જાણવી.

એ ચારે આવાસપર્વત્ત એક પ્રમાણે સરખા છે અને સર્વ રત્નમય છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સુસ્થિત લવણ સમુદ્રનો અધિપતિ દેવતા તેહનો ગૌતમ દ્વીપ કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, જંબુદ્વીપના મેરૂ પર્વત્તને પશ્ચિમદીસે લવણ સમુદ્ર બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં સુસ્થિતનામા લવણ સમુદ્રના અધિપતિ દેવતાનો ગૌતમ દ્વીપનામા દ્વીપ છે તે બાર હજાર જોજન લાંબપણે પોહોળપણે છે. સાડત્રીસ હજાર નવસેં અડતાળીશ જોજન કાંઇક ઊંણા પરધીપણે છે. તે દ્વીપ જંબુદ્વીપની દીસે સાડી અઠયાસી જોજન ને એક જોજનના પંચાણું ભાગ કરીએ એહવા ચાળીશ ભાગ એટલો જળથકી ઊંચો છે. ને લવણ સમુદ્રની દીશે બે કોસ જળથકી ઉંચો છે. વળી તે ગૌતમદ્વીપ એક પદ્મવર વેદિકાએ ને એક વનખંડે કરી સઘળે ચોકફેર વિટયો છે. તે વેદિકા ને વનખંડનો વર્ણન પુર્વલીપરે કહેવો. તે ગૌતમદ્વીપનામા દ્વીપને ઉપરે ઘણું સમો રમણિક ભૂમિ ભાગ છે. તે જેમ કોઇ માદળનું તળું જાવત્ ત્યાં દેવતા બેસે છે. તે ઘણું સમોરમણિક ભૂમિભાગને મધ્ય ભાગે ત્યાં સુસ્થિત લવણાધિપતિ દેવતાનો એક મોટો આક્રીડાવાસનામા ભૂમિ વિહાર છે તે ક્રીડા કરવાનો પ્રાસાદ છે. તે સાડીબાસઠ જોજન ઉંચપણે છે તે થકી અર્ધ એટલે સવા એકત્રીશ જોજન લાંબપણે પોહોળપણે છે. અનેક સૈંકડા સ્થંભ તેણે કરી સહીત છે. ભવનનો વર્ણન કહેવો. તે આક્રીડાવાસ ભૂમિ વિહારને માંહે ઘણું સમો રમણિક ભૂમિભાગ છે જાવત્ મણિના સ્પર્શ લગે કહેવું. તે ઘણું મધ્યભાગે તીહાં એક મણિપિઠીકા છે તે મણિપીઠીકા બે જોજન લાંબી પોહોળી છે ને એક જોજન જાડપણે છે. સર્વ મણિમય છે નિર્મળ છે. તે મણિપીઠીકાને ઉપરે તીહાં એક દેવસયની (દેવતાની સજ્યા ઢોલીયારૂપ) છે તેનો વર્ણન પુર્વલીપરે કહેવો.

**પ્રશ્ન**—હે ભગવંત, ગૌતમ દ્વીપનામા દ્વીપ એહવું નામ શ્યે અર્થે કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, તે ગૌતમ દ્વીપે તે તે ઠામે ત્યાં ત્યાં ઘણાં કમળ જાવત્ ગૌતમની કાન્તિવંત છે (ગૌતમ નામે કોઇક વસ્તુ વિશેષ જાણવી). તેણે અર્થે હે ગૌતમ, ગૌતમ દ્વીપ એહવું નામ કહીએ છીએ. જાવત એ નામ નિત્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન—**હે ભગવંત, સુસ્થિતનામા લવણાધિપતિ દેવતાની સુસ્થિતનામા રાજ્યધાની ક્યાં છે?
**ઉત્તર—**હે ગૌતમ, ગૌતમ દ્વીપને પશ્ચિમ દીશે ત્રીછા અસંખ્યાતા દ્વીપ, સમુદ્ર મુકીને જાવત્ અનેરા લવણ સમુદ્રને વિષે બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં સુસ્થિતા રાજ્યધાની છે, એણી પરે તેમજ સર્વ પુર્વવત્ જાણવું. જાવત્ સુસ્થિત દેવતા વસે છે.
**પ્રશ્ન—**હે ભગવંત, જંબુદ્વીપના ચંદ્રમાના ચંદ્રદ્વીપનામા દ્વીપ ક્યાં છે?
**ઊત્તર—**હે ગૌતમ, જંબુ દ્વીપના મેરૂ પર્વતને પુર્વ દીશે લવણ સમુદ્ર બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં જંબુ દ્વીપના ચંદ્રમાના ચંદ્રદ્વીપ નામે દ્વીપ છે, તે દ્વીપ જંબુ દ્વીપની દીશે સાડી અઠયાસી જોજન ને એક જોજનના પંચાણું ભાગ કરીએ એહવા ચાળીશ ભાગ એટલા જળથકી ઉંચા છે, અને લવણ સમુદ્રની દીશે બે કોશ જળથકી ઉંચા છે. તે દ્વીપ બાર હજાર જોજન લાંબપણે, પહોળપણે છે. શેષ સર્વ તેમજ જેમ ગૌતમ દ્વીપની પરિધી કહી તેમજ કહેવી. વળી તે દ્વીપ પ્રત્યેક પ્રત્યેક પદ્મવર વેદિકાએ ને પ્રત્યેક પ્રત્યેક વનખંડે કરી સહીત છે. તે વેદિકા ને વનખંડનો વર્ણન પુર્વલી પરે કહેવો. તે દ્વીપ ઉપર ઘણું સમ રમણિક ભૂમિ ભાગ છે જાવત્ ત્યાં ઘણા જ્યોતિષી દેવતા બેશે છે. તે ઘણું સમરમણિક ભૂમિ ભાગને મધ્ય ભાગે પ્રાસાદાવતંસક છે. તે સાડી બાસઠ જોજન ઉંચા તેહને મધ્ય ભાગે મણિપીઠીકા બે જોજનની છે જાવત્ ત્યાં સિંહાસન પરીવાર સહીત કહેવાં.

**પ્રશ્ન—**હે ભગવંત, ચંદ્રદ્વીપનામા દ્વીપ એહવું નામ શ્યે અર્થે કહીએ?
**ઉત્તર—**હે ગૌતમ, ત્યાં ઘણી નાની મોટી વાવને વિષે ઘણાં કમળ ચંદ્રમાને વર્ણે છે. ચંદ્રમા શરખી કાન્તિવંત છે. ચંદ્રનામે ત્યાં જ્યાતિષીના ઇંદ્ર દેવતા મહર્ધિક જાવત્ એક પલ્યોપમની સ્થિતિવંત વસે છે. તે તે ત્યાં ત્યાં પ્રત્યેક પ્રત્યેક ચાર હજાર સામાનીક દેવતાનું જાવત્ ચંદ્રદ્વીપનું ચંદ્ર રાજ્યધાનીનું અનેરા ઘણા જ્યોતિષી દેવતા દેવાંગ્નાનું અધિપતિપણું કરતાં થકાં જાવત્ વિચરે છે તેણે અર્થે હે ગૌતમ ચંદ્રદ્વીપ એહવું નામ કહીએ. જાવત્ એ નામ નિત્ય છે.

**પ્રશ્ન—**હે ભગવંત, જંબુ દ્વીપના ચંદ્રમાની ચંદ્ર નામે રાજ્યધાનીયું ક્યાં છે?

**ઉત્તર—**હે ગૌતમ, લવણ સમુદ્રના ચંદ્રદ્વીપને પૂર્વ દીશે ત્રીછા અસંખ્યાતા દ્વીપ છાંડીને જાવત્ અનેરા જંબુ દ્વીપને વિષે બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં ચંદ્રા રાજ્યધાની છે તેહીજ પ્રમાણ જાવત્ એહવા મહર્ધિક ચંદ્ર દેવતા છે.

**પ્રશ્ન—**હે ભગવંત, જંબુ દ્વીપના સૂર્યના સૂર્યનામા દ્વીપ ક્યાં છે?

**ઉત્તર—**હે ગૌતમ, જંબુ દ્વીપના મેરૂ પર્વતને પશ્ચિમ દીશે લવણ સમુદ્ર બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં સૂર્ય દ્વીપ છે. તેમજ પુર્વલી (ચંદ્રદ્વીપની) પરે ઉંચપણું લાંબપણું, પહોળપણું, પરિધીપણું કહેવું. વળી પદ્મવર વેદિકા, વનખંડ, ભૂમિ ભાગ તેમજ કહેવો જાવત્ જ્યોતિષી દેવતા વસે છે. વળી પ્રાસાદાવતંસકનું પણ તેહીજ પ્રમાણ કહેવું. મણિપીઠીકા સીંહાસન પરીવાર સહીત કહેવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, સૂર્યદ્વીપનામા દ્વીપ એહવું નામ શ્યે અર્થે કહીએ?

**ઉત્તર**—હે ગૌતમ, ત્યાંના કમળ સૂર્યની કાન્તિ સરખાં છે જાવત્ જ્યોતિષી દેવતા વસેછે સૂર્યનામા ત્યાં જ્યોતીષીના ઇંદ્ર દેવતા વસે છે. તેણે અર્થે સૂર્યદ્વીપ એહવું નામ કહીએ.

**પ્રશ્ન**—હે ભગવંત, જંબુદ્વીપના સૂર્યની સૂર્યનામે રાજ્યધાનીયું કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેહની રાજ્યધાની લવણુ સમુદ્રના સૂર્ય દ્વીપને પશ્ચિમ દિસે અનેરા અસંખ્યાતમે જંબુદ્વીપે છે. શેષ સર્વ તેમજ જાવત્ સૂર્ય દેવતા ત્યાં વસે છે.

**પ્રશ્ન**—હે ભવગંત, લવણ સમુદ્રની શીખા માંહી જંબુદ્રીપની દીસે ફરે છે તે અભ્યંતર લાવણીક ચંદ્રમાના ચંદ્ર દ્વીપ કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, જંબુદ્રીપના મેરૂ પર્વતને પૂર્વ દીસે લવણ સમુદ્ર બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં અભ્યંતર લવણ સમુદ્રના ચંદ્રમાના ચંદ્રદ્રીપનામા દ્રીપ છે તે જેમ જંબુદ્રીપના ચંદ્રમાના દ્રીપ કહ્યા તેમજ કહેવા. પણ એટલો વિશેષ જે રાજ્યધાનીયું અનેરા લવણ સમુદ્રને વિષે કહેવી. શેષ સર્વ તેમજ કહેવું એમ અભ્યંતર લવણ સમુદ્રના સૂર્યના દ્રીપ તે પશ્ચિમ દિશે લવણ સમુદ્ર બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં છે. તેમજ સર્વ રાજ્યધાની પણ કહેવી.

**પ્રશ્ન**—હે ભગવંત., લવણ સમુદ્રની શીખા બાહીર અને ધાતકીખંડ દીસે ફરે છે તે બાહ્ય લાવણીક ચંદ્રમાના ચંદ્રદ્રીપ કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, લવણ સમુદ્રની પૂર્વ દીસેની વેદિકાથકી લવણ સમુદ્ર પશ્ચિમ દીશે બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં બાહીરલા લવણ સમુદ્રના ચંદ્રમાના ચંદ્ર દ્રીપ છે. તે દ્રીપ ધાતકી ખંડ દીસે સાડા અઠયાસી જોજન ને એક જોજનના પંચાણું ભાગ કરીએ એવા ચાળીશ ભાગ એટલા જળ થકી ઉંચા છે અને લવણ સમુદ્ર દીસે બે કોસ જળથકી ઉંચા છે. બાર હજાર જોજન લાંબપણે પોહોળપણે છે તે દ્રીપે પદ્મવર વેદિકા, વનખંડ, ઘણું સમરમણિક ભૂમિભાગ, મણિપીઠીકા, સિંહાશન પરીવાર સહીત તેમજ નામનો અર્થ પુર્વપરે કહેવો. તેની રાજયધાની બાહીરલા લવણ સમુદ્રના ચંદ્ર દ્રીપને પૂર્વ દીસે ત્રીછા અસંખ્યાતમા અનેરા લવણ સમુદ્રને વિષે છે. શેષ સર્વ તેમજ કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, બાહીરલા લવણ સમુદ્રના સૂર્યના સૂર્યદ્રીપનામા દ્રીપ કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, લવણ સમુદ્રની પશ્ચિમ દિસિની વેદીકાથકી લવણ સમુદ્ર પૂર્વ દીસે બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં સૂર્ય દ્રીપ છે. જાવત્ ધાતકીખંડ દીસે તે દ્રીપ સાડા અઠયાસી જોજન ને એક જોજનના પંચાણું ભાગ કરીએ એહવા ચાળીશ ભાગ જળ થકી ઉંચા છે અને લવણ સમુદ્રની દિસે બે કોસ જળથકી ઉંચા છે. જાવત્ રાજ્યધાની બાહીરલા લવણના સૂર્ય દ્રીપથકી પશ્ચિમ દિસે ત્રીછા અસંખ્યાતમે લવણ સમુદ્રે બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં છે. તેમજ સર્વ પૂર્વપરે કહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૭૫. ધાતકી ખંડથી માંડીને સ્વયંભૂ રમણ સમુદ્ર. તેના ચંદ્ર, સૂર્યના ચંદ્ર, સૂર્યદ્વીપ ને ચંદ્ર, સૂર્ય રાજ્યધાનીની આમ્ના.

**પ્રશ્ન**—હે ભગવંત, ધાતકીખંડ દ્વીપના ચંદ્રમાના ચંદ્રદ્વીપ ક્યાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, ધાતકીખંડ દ્વીપના પૂર્વ દિસીની વેદિકા થકી કાળોદધી સમુદ્ર બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં ધાતકીખંડ દ્વીપના ચંદ્રમાના ચંદ્ર દ્વીપનામા દ્વીપ છે. તે સઘળે ચોકફેર બે કોસ પાણીથકી ઉંચા છે. (કાળોદધી સમુદ્ર સરખે સમો છે તે માટે.) બાર હજાર જોજન લાંબપણે પોહોળપણે છે તેમજ વિપભ, પરિધિ ભૂમિ ભાગ, પ્રાસાદાવતંસક, મણિપીઠીકા, સિંહાસન પરીવાર સહીત, અર્થ પણ તેમજ કહેવો. ને તેની રાજ્યધાની પોતાના દ્વીપથકી પૂર્વ દીસે અનેરા અસંખ્યાતમે ધાતકીખંડ દ્વીપને વિશે છે. શેષ સર્વ તેમજ પૂર્વપરે કહેવું એમ સૂર્ય દ્વીપ પણ કહેવા. પણ એટલો વિશેષ જે ધાતકીખંડ દ્વીપની પશ્ચિમ દિસની વેદિકા થકી કાળોદધી સમુદ્ર બાર હજાર જોજને તેમજ સર્વે કહેવું જાવત્ તેહની રાજ્યધાની સૂર્ય દ્વીપને પશ્ચિમ દિસે અનેરે ધાતકીખંડ દ્વીપે છે શેષ સર્વ તેમજ પૂર્વલીપરે કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, કાળોદધી સમુદ્રના ચંદ્રમાના ચંદ્રદ્વીપ ક્યાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, કાળોદધી સમુદ્રની પૂર્વ દિશીની વેદિકાના અંતથકી (અભ્યંતર) કાળોદધિ સમુદ્ર પશ્ચિમ દિશે બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં કાળોદધિ સમુદ્રના ચંદ્રમાના ચંદ્રદ્વીપ છે. તે સઘળે ચોકફેર બે કોસ જળથકી ઉંચા છે. સેષ સર્વ તેમજ પૂર્વલીપરે કહેવું. જાવત્ રાજ્યધાની તે પોતાના દ્વીપથકી પૂર્વદીસે અનેરે અસંખ્યાતમે કાળોદધી સમુદ્રે બાર હજાર જોજન અવગાહીને શેષ સર્વ તેમજ કહેવું. જાવત્ ત્યાં ચંદ્ર દેવતા રહે છે. એમ સૂર્યના દ્વીપા પણ કહેવા. પણ એટલો વિશેષ જે કાળોદધી સમુદ્રની પશ્ચિમ દીસીની વેદીકાના અંતથકી કાળોદધી સમુદ્ર પૂર્વદીસે બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં સૂર્યદ્વીપ છે. ને તેની રાજ્યધાની પોતાના દ્વીપને પશ્ચિમદીસે અનેરા કાળોદધી સમુદ્રને વિશે સેષ સર્વ તેમજ કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, પુષ્કરવર દ્વીપના ચંદ્રમાનાં ચંદ્રદ્વીપ ક્યાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, પુષ્કરવર દ્વીપના ચંદ્રમાના ચંદ્રદ્વીપ પુષ્કરવર દ્વીપની પૂર્વદીસીની વેદિકાના અંતથકી પુષ્કરવર સમુદ્ર બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં છે અને તેની રાજ્યધાની અનેરા પુષ્કરવર દ્વીપે છે તેમજ સર્વ કહેવું ને સૂર્યદ્વીપ પુષ્કરવર દ્વીપની પશ્ચિમ દીસીની વેદિકાના અંતથકી પુષ્કરોદધી સમુદ્ર બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં છે તેમજ સર્વ જાવત્ રાજ્યધાની અનેરા પુષ્કરોદધી સમુદ્રે છે.

હવે સર્વ દ્વીપના જે ચંદ્રમા, સૂર્ય. તેહના દ્વીપ આગળેજ સમુદ્રને બાહીરલે પાસે છે. તેમાં વળી ચંદ્રદ્વીપ સર્વ પૂર્વદીસે છે ને સૂર્યદ્વીપ સર્વ પશ્ચિમદીસે છે. ને સર્વ સમુદ્રના જે ચંદ્રમા, સૂર્ય તેહના દ્વીપ તેહજ સમુદ્રે છે. દ્વીપના ચંદ્રમા, સુર્યના દ્વીપ તે આગલા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમુદ્રને માહીલે પાસે છે ને સમુદ્રના ચંદ્રમા, સૂર્યના દ્વીપ તેહીજ સમુદ્રે છે. તેહની રાજ્યધાનીયું દ્વીપના ચંદ્રમા, સૂર્યની પોતાના સરીખા નામને દ્વીપે છે અને સમુદ્રના ચંદ્રમા, સૂર્યની પોતાના સરીખા નામને સમુદ્રે છે. તેમા પણ વળી ચંદ્રની રાજ્યધાની પૂર્વદીસે અને સૂર્યની રાજ્યધાની પશ્ચિમ દીસે છે.

હવે દ્વીપ, સમુદ્રના નામ જાણવાને અર્થે એ ગાથાનો અર્થ કહે છે. પેહેલો જંબુદ્વીપ, લવણ સમુદ્ર, ધાતકી દ્વીપ, કાળોદધી સમુદ્ર, પુષ્કરવર દ્વીપ, પુષ્કરવર સમુદ્ર, વારૂણીવર દ્વીપ, વારૂણીવર સમુદ્ર, ક્ષીરવર દ્વીપ, ક્ષીરવર સમુદ્ર, ધૃતવર દ્વીપ, ધૃતવર સમુદ્ર, ઇક્ષુવર દ્વીપ, ઇક્ષુવર સમુદ્ર, નંદીસ્વર દ્વીપ, નંદીસ્વર સમુદ્ર, અરૂણ દ્વીપ, અરૂણ સમુદ્ર, અરૂણ-વર દ્વીપ, અરૂણવર સમુદ્ર, કુંડળ દ્વીપ, કુંડળ સમુદ્ર, રૂચક દ્વીપ, રૂચક સમુદ્ર, આભરણને નામે, વસ્ત્રને નામે, ગંધને નામે, કમળને નામે, તીલકને નામે, પૃથ્વીને નામે, નિધાનને નામે, રત્નને નામે, વર્ષધરને નામે, દ્રહને નામે, નદીને નામે, વિજયને નામે, વખારાને નામે, બાર દેવલોકને નામે, ચોસઠ ઇંદ્રને નામે, દેવકુરૂ, ઉત્તર કુરૂને નામે, મેરૂને નામે, આવાસને નામે, શીખરને નામે, અઠાવીશ નક્ષત્રને નામે, ચંદ્રને નામે, સૂર્યને નામે, એમ સર્વ ઉત્તમ વસ્તુને નામે, અસંખ્યાતા દ્વીપ, સમુદ્ર કહેવાં.

**પ્રશ્ન—**હે ભગવંત, દેવદ્વીપ (છેલા સ્વયંભૂરમણથકી પુંઠે (વાંસે) પાંચમો દ્વીપ) તેના ચંદ્રમાના ચંદ્રદ્વીપનામા દ્વીપ કયાં છે ?

**ઊત્તર—**હે ગૌતમ, દેવદ્વીપની પૂર્વ દિશીની વેદિકાના અંતથકી દેવોદધી સમુદ્ર બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં ચંદ્રમાના દ્વીપ છે. તે પૂર્વલી રીતે જાણવા. જાવત્ રાજ્યધાની પોતાના દ્વીપથકી પૂર્વ દીસે આગે દેવ સમુદ્ર અસંખ્યાતા હજાર જોજન અવગાહી જઇએ ત્યાં દેવદ્વીપના ચંદ્રમાની ચંદ્રમા નામે રાજ્યધાનીઓ કહી છે. શેષ સર્વ તેમજ પૂર્વલી પરે જાણવું. દેવદ્વીપના ચંદ્રમાના જેમ એ દ્વીપ કહ્યા તેમજ દેવદ્વીપના સૂર્યના પણ દ્વીપ કહેવા, પણ એટલો વિશેષ જે પશ્ચિમ દીશે તેહીજ સમુદ્રમાં કહેવા.

**પ્રશ્ન—**હે ભગવંત, દેવ સમુદ્રના ચંદ્રમાના ચંદ્રદ્વીપ કયાં છે ?

**ઉત્તર—**હે ગૌતમ, દેવોદધી સમુદ્રની પૂર્વ દીસીની વેદિકાના અંતથકી દેવોદક સમુદ્ર પશ્ચિમ દીશે બાર હજાર જોજન અવગાહી જઇએ તેમજ અનુક્રમે જાવત્ રાજ્યધાની પોતાના ચંદ્રદ્વીપથકી પશ્ચિમ દિશે દેવોદધી સમુદ્ર અસંખ્યાતા હજાર જોજન અવગાહી જઇએ ત્યાં દેવોદધી સમુદ્રના ચંદ્રમાની ચંદ્રાનામે રાજ્યધાની છે. શેષ સર્વ તેમજ કહેવું. એમ સૂર્યના દ્વીપ પણ કહેવા પણ એટલો વિશેષ જે દેવોદધી સમુદ્રની પશ્ચિમ દિશીની વેદિકાના અંત થકી દેવોદધી સમુદ્ર પૂર્વ દિશે બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં સૂર્યદ્વીપ છે. અને તેની રાજ્યધાનીઓ પોતાના દ્વીપને પૂર્વ દિશે દેવોદધી સમુદ્ર અસંખ્યાતા હજાર જોજન અવગાહીને જઇએ ત્યાં છે.

વળી એમ નાગ દ્વીપ, નાગ સમુદ્ર. જક્ષ દ્વીપ, જક્ષ સમુદ્ર, ભૂત દ્વીપ, ભૂત સમુદ્ર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેના ચંદ્રમા, સૂર્યના ચંદ્ર, સૂર્યદ્વીપ ને તેની રાજ્યધાની તે જેમ દેવોદધી દ્વીપ, સમુદ્રની કહી તેમજ કહેવી. એટલે એ ચારે દ્વીપ, સમુદ્રની એક રીત કહેવી.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્વયંભૂરમણ દ્વીપના ચંદ્રમાના ચંદ્રદ્વીપ નામે દ્વીપ કયાં છે?

**ઉ-તર**—હે ગૌતમ, સ્વયંભૂરમણ દ્વીપના પૂર્વ દિશીની વેદિકાના અંતથકી સ્વયંભૂરમણોદક સમુદ્ર બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં ચંદ્રદ્વીપ છે અને તેની રાજ્યધાની પોત-પોતાના ચંદ્રદ્વીપને પૂર્વદિશે સ્વયંભૂરમણ સમુદ્ર અસંખ્યાતા હજાર જોજન અવગાહી જઇએ ત્યાં છે તેમજ પૂર્વવત્ કહેવું. એમ સૂર્યના દ્વીપ સ્વયંભૂરમણ દ્વીપના પશ્ચિમ દિશીની વેદિકાના અંતથકી સ્વયંભૂરમણ સમુદ્રમાં બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં છે અને તેની રાજ્યધાની પોતપોતાના દ્વીપથકી પશ્ચિમદિશે સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્યાતા જોજન જઇએ ત્યાં છે. શેષ સર્વ તેમજ કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્વયંભૂરમણ સમુદ્રના ચંદ્રમાના ચંદ્રદ્વીપ કયાં છે?

**ઉ-તર**—હે ગૌતમ, સ્વયંભૂરમણ સમુદ્રના પૂર્વદિશીની વેદિકાના અંતથકી સ્વયંભૂરમણ સમુદ્ર પશ્ચિમદિશે બાર હજાર જોજન જઇએ ત્યાં ચંદ્રદ્વીપ છે. શેષ સર્વ તેમજ પૂર્વલીપરે કહેવું. ને તેની રાજ્યધાનીયું પોતપોતાના દ્વીપને પશ્ચિમદિશે સ્વયંભૂરમણ સમુદ્રમાંહે અસંખ્યાતા જોજન અવગાહી જઇએ ત્યાં છે. તેમજ સર્વ કહેવું. એમ સૂર્યના દ્વીપ પણ સ્વયંભૂરમણ સમુદ્રમાંહે પશ્ચિમાંતથકી પૂર્વદિશે બાર હજાર જોજન અવગાહી જઇએ ત્યાં સૂર્યદ્વીપ છે ને તેની રાજ્યધાનીયું પોતપોતાના દ્વીપથકી પૂર્વદિશે સ્વયંભૂરમણ સમુદ્ર અસંખ્યાતા હજાર જોજન અવગાહી જઇએ ત્યાં સ્વયંભૂરમણ સમુદ્રના સૂર્યની રાજ્ય-ધાનીઓ છે. જાવત્ ત્યાં સૂર્યદેવતા ઇંદ્ર છે. એ દ્વીપ સમુદ્ર તેના ચંદ્ર સૂર્યના દ્વીપ અને રાજ્યધાનીનો અધિકાર પુરો થયો. હવે લવણનો તો અધિકાર ચાલેછે તેજ હવે કહે છે.

## ૭૬. લવણ સમુદ્રની સાથે બીજા સમુદ્રનો મુકાબલો.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રમાંહે વેળંધરનામા નાગરાજા, અગ્ર, સીખા, નમણ, (નીચાણ) અને ગ્રાસ, વૃદ્ધિ (વધ, ઘટ) છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા છે. (નીચાણ, વધ, ઘટ છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, જેમ લવણ સમુદ્રે વેળંધરનામા નાગરાજા, અગ્ર, સીખા, નમણ, ગ્રાસ, વૃદ્ધિ છે. તેમ બાહીરલા જે કાળોદધી પ્રમુખ અસંખ્યાતા સમુદ્ર છે ત્યાં વેળંધર-નામા નાગરાજા, અગ્ર, સીખા, નમણ, તે ગ્રાસ, વૃદ્ધિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. (એટલે એહવા નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રનું શું ઉંચું સીખાવંત પાણી છે? કે પ્રસ્તારવંત સમું પાણી છે? કે શું વાયરે ક્ષોભાતું પાણી છે? કે અણક્ષોભાતું પાણી છે?.

**ઊ-તર**—હે ગૌતમ, લવણ સમુદ્રનું ઉંચું સીખાવંત પાણી છે, પણ સમું પ્રસ્તારવંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાણી નથી. વાયરે કરી ક્ષોભાતું જળ (પાણી) છે, પણ અણક્ષોભાતું સ્થિર પાણી નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, જેમ લવણ સમુદ્રનું ઉંચું સીખાવંત પાણી છે, પણ સમું પ્રસ્તારવંત પાણી નથી. વાયરે કરી ક્ષોભાતું પાણી છે, પણ અણક્ષોભાતું સ્થિર પાણી નથી. તેમ બાહીરલા જે અસંખ્યાતા સમુદ્ર છે તેનું પાણી શું ઉંચું સીખાવંત છે, કે પ્રસ્તારવંત સમું પાણી છે? વાયરે કરી ક્ષોભાતું પાણી છે, કે અણક્ષોભાતું સ્થિર પાણી છે?

**ઊત્તર**—હે ગૌતમ, બાહીરલા કાળોદધી પ્રમુખ સર્વ સમુદ્રનું સીખાવંત ઉંચું પાણી નથી, પણ પ્રસ્તારવંત સમું પાણી છે. વાયરે કરી ક્ષોભાતું પાણી નથી, પણ અણક્ષોભાતું સ્થિર પાણી છે. (પાતાળા કળશાના અભાવ માટે.) જળેકરી પૂર્ણ છે. પૂર્ણ પ્રમાણ ભર્યા છે છળતા નથી. અને ઉણા પણ નથી સમા ભર્યા ઘડાની પરે રહ્યા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રને વિષે ઘણા ઉદાર અપકાયરૂપ મેઘ ઉપજે છે? વરસે છે?

**ઊત્તર**—હે ગૌતમ, હા, ઉપજે છે, વરસે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જેમ લવણ સમુદ્રને વિષે ઘણા ઉદાર બાદર અપકાયરૂપ મેઘ ઉપજે છે, સમુર્છના પામે છે, વરસે છે તેમ બાહીરલા જે કાળોદધિ પ્રમુખ અસંખ્યાતા સમુદ્ર છે તેને વિષે ઘણા ઉદાર અપકાયરૂપ મેઘ ઉપજે છે? સમુર્છના પામે છે? વરસે છે?

**ઉ-તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં (એટલે મેઘ વરસતા નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, બાહીરલા સમુદ્ર મેઘની વૃષ્ટિવિના જળે કરી પૂર્ણ પૂર્ણ પ્રમાણે ભર્યા છે પણ મેઘ વરસતા નથી, છળતા નથી, ઊણાપણ નથી, સમા ભર્યા ઘડાની પરે રહે છે. એમ શ્યે અર્થે કહો છો?

**ઊત્તર**—હે ગૌતમ, બાહીરલા સમુદ્રને વિષે મેઘની વૃષ્ટિ વિના ઘણા બાદર અપકાયા ઉદક જોનીયા જીવ પુદ્ગળ પાણીપણે આશ્રય છે, ઉપજે છે, પૂષ્ટ થાય છે, ઉપચય પ્રતે પામે છે. તેણે અર્થે હે ગૌતમ એમ કહીએ છીએ જે બાહીરલા સમુદ્ર મેઘવૃષ્ટિ વિના પાણીએ ભર્યા જાવત્ સમા ભર્યા ઘડાની પરે રહે છે.

## ૭૭. લવણ સમુદ્રના ડગમાળાનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્ર કેટલો ઉંડપણે વૃદ્ધિએ વધતો છે?

**ઉત્તર**—હે ગૌતમ, લવણ સમુદ્રને બે પાસેથી (જંબુદ્રીપની જગતીથી ને ધાતકી ખંડ તરફથી) માંહે પંચાણું પંચાણું પ્રદેશ જઇએ ત્યારે એકેક પ્રદેશ ઉંડપણે વધે. પંચાણું પંચાણું વાળાગ્ર જઇએ ત્યારે એકેક વાળાગ્ર ઉંડો વધે છે. એમ પંચાણું પંચાણું લીક્ષા જઇએ ત્યારે એકેક લીક્ષા પ્રમાણ ઉંડો છે. એમ પંચાણું જુંએ એક જું વધે. એમ એણે અભિપ્રાયે પંચાણું જવે એક જવ. પંચાણું આંગુલે એક આંગુલ. પંચાણું વિહથે (વેંતે) એક વિહથ. પંચાણું હાથે એક હાથ. પંચાણું કુક્ષીએ (છાતીના મધ્ય ભાગ સુધી એટલે બે હાથનું નામ) એક કુક્ષી. પંચાણું ધનુષે (વાંભે) એક ધનુષ. પંચાણું ગાઉએ એક ગાઉ. પંચાણું જોજને એક જોજન. પંચાણું સતે (સેંકડે) એક સત. જાવત્ પંચાણું હજાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોજન જઇએ ત્યારે એક હજાર જોજન ઉંડપણે વધે છે. (જે ગણત્રી લેવી તે તમામ જગતીના કાંઠેથી લેવી.)

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્ર કેટલો ઉંચપણે શિખાએ વધતો છે?

**ઉત્તર**—હે ગૌતમ, લવણ સમુદ્રને બે પાસે પંચાણું પંચાણું પ્રદેશ જઇએ ત્યારે સોળ સોળ પ્રદેશ શીખા ઉંચપણે વધે છે. એમ અનુક્રમે જાવત્ પંચાણું પંચાણું હજાર જોજન જઇએ ત્યારે સોળ હજાર જોજન ઉંચપણે શીખા વધે છે* (જેમ પ્રથમથી ગણત્રી તેમજ લેવી પણ એટલો વિશેષ જે ઉંચપણું સોળગણું લેવું.)

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રનો કેવડો મોટો ગોતિર્થ કહ્યો છે? (ગોતિર્થ તે ચડતું ઉતરતું પાણી.)

**ઉત્તર**—હે ગૌતમ, લવણ સમુદ્રને બે પાસે પંચાણું પંચાણું હજાર જોજન ગોતિર્થ છે.

---

* આ રીતની જળ વૃદ્ધિથી કેટલાએકના મનમાં એમ શંકા થાય જે આમ જળ વૃદ્ધિ ગણતાં લવણ સમુદ્ર મધ્યેના જુગળીયાના અંતરદ્વીપા, ગૌત્તમદીપ, ચંદ્ર, સૂર્યના દ્વીપા, વેળંધર પર્વત્તો વગેરે ડુબી જવા જોઇએ, પણ તેમ નથી. કારણકે ભગવંતે જે જળવૃદ્ધિ બતાવી છે તે અપેક્ષા વચનથીજ સત્યજ છે. તેનું એમ સમજાય છે કે—તે ગણતરી લવણ સમુદ્રના કાંઠાથી તે ડગમાળાના અગ્ર ભાગની દોરીછંટ એકંદર ગણતરી જણાય છે.

હવે જળવૃદ્ધિ ગણતાં દ્વીપા વગેરેને હરકત આવે નહીં તે સંબંધમાં સમાધાન એ છે કે જગતીથકી પાંચસેં જોજન લવણ સમુદ્રમાં જઇએ ત્યારે જુગળીયાનો પાંચશો જોજનનો લાંબો, પહોળો ત્રીજો અંતરદ્વીપો આવે. તે દ્વીપો જંબુદ્વીપ તરફ સાડાત્રણ જોજન ને પંચાણુયા પાંસઠ ભાગ એટલો જળથકી ઉંચો દેખાય છે, ને લવણ સમુદ્રમાં ડગમાળા તરફ અર્ધ જોજન (બે કોશ) જળથકી ઉંચો દેખાય છે. એ હીશાબે પાંચસેં જોજને ત્રણ જોજન ને પંચાણુયા પાંસઠ ભાગ જળ વૃદ્ધિ થઇ. તેને બમણા કરતાં એટલે એક હજાર ને સાત જોજન ને જોજનના પંચાણુયા પાંત્રીશ ભાગની જળ વૃદ્ધિ થઇ. તેને પંચાણુયે ગુણતાં સાતસેં જોજન થાય એટલે પંચાણુ હજાર લવણ સમુદ્રમાં જઇએ ત્યાં સાતસેં જોજનની જળ વૃદ્ધિ થાય.

વળી જગતીથકી લવણ સમુદ્રમધ્યે બાર હજાર જોજન જઇએ ત્યારે બાર હજાર જોજનનો લાંબો, પોહોળો, ગૌતમદ્વીપો આવે છે તે દ્વીપો જગતી તરફ જળથી સાડી અઠયાશી જોજન ને પંચાણુંયા ચાળીશ ભાગ ઉંચો દેખાય છે ને લવણ સમુદ્રના ડગમાળા તરફ અર્ધ જોજન જળથકી ઉંચો દેખાય છે. એ હિસાબે પણ બાર હજાર જોજનમાં જળવૃદ્ધિ અઠયાશી જોજનને પંચાણુયા ચાળીશ ભાગ થાય. એ સૂત્રના ન્યાયથી એક હજાર ને સાત જોજન ને જોજનના પંચાણુયા પાંત્રીશ ભાગની જળવૃદ્ધિ થાય. એટલે પંચાણું હજાર જોજન લવણ સમુદ્રમાં જઇએ ત્યારે સાતસેં જોજનની જળવૃદ્ધિ થાય છે. એ હકીકત ન્યાયપૂર્વક સાચી જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રનું કેવડું મોટું ગોતિર્થ રહીત સમું (સરખું) પાણી ક્ષેત્ર છે?

**ઉત્તર**—હે ગૌતમ, લવણ સમુદ્રનું દશ હજાર જોજન પ્રમાણ ચક્રવાળ વિષંભે ગોતિર્થ રહીત સમુક્ષેત્ર છે.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રનો કેવડો મોટો ઉદકમાળ પાણીનો ઉંચો માળ છે?

**ઉત્તર**—હે ગૌતમ, દશ હજાર જોજન ચક્રવાળે પોહોળપણે ઉંચો ઉપર સમો ઉદકમાળ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્ર શ્યે સંસ્થાને (આકારે) છે?

**ઉત્તર**—હે ગૌતમ, ગોતિર્થને સંસ્થાને છે, નાવાને સંસ્થાને છે, છીપ સંપૂટને સંસ્થાને વચે ઉંચો છે, અસ્વના સ્કંધને સંસ્થાને છે, વલભીઘરને સંસ્થાને બે પાસે નમતો છે, વચે ઉંચો, વૃત્ત વાટલો ફીરતો વળીયાને સંસ્થાને સંસ્થિત છે.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્ર કેટલો ચક્રવાળે ફરતો પોહોળપણે છે? કેટલો પરિધીપણે છે? કેટલો ઉંડપણે છે? કેટલો ઉંચપણે છે? ને કેટલો સર્વાંગે ઉંડપણે, ઉંચપણે થઇને છે?

**ઉત્તર**—હે ગૌતમ, લવણ સમુદ્ર બે લાખ જોજન ચક્રવાળે સઘળે ફરતો પોહોળપણે છે. પંદર લાખ, એકાસી હજાર, એકસો ઓગણચાળીસ જોજન કાંઇક ઉણા પરિધિપણે છે. એક હજાર જોજન ઉંડપણે છે. સોળ હજાર જોજન ઉંચપણે શીખા છે. સતર હજાર જોજન ઉંડપણે, ઉંચપણે મળીને સર્વાંગે પાણીનો પીંડ જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, યદયપી જો તે લવણ સમુદ્ર બે લાખ જોજન ચક્રવાળ સઘળે પોહોળ પણે છે; પંદર લાખ, એકાસી હજાર, એકસો, ઓગણ ચાળીસ જોજન કાંઇક ઉણા પરિધીપણે છે. એક હજાર જોજન ઉંડપણે છે સોળ હજાર જોજન ઉંચપણે સીખા છે. સત્તર હજાર જોજન ઉંડપણે, ઉંચપણે મળીને સર્વાંગે જળપીંડ છે. તો શ્યે કારણે હે ભગવંત લવણ સમુદ્ર જંબુદ્રીપનામા દ્રીપપ્રતે પાણીએ કરી રેલતો નથી? પીડા ઉપજાવતો નથી? તેમ વળી નિશ્ચે એકોદક જળમય (જળાકાર) કેમ કરતો નથી?

**ઉત્તર**—હે ગૌતમ, જંબુદ્રીપનામા દ્રીપને વિષે ભરત, ઐરવત ક્ષેત્રે અરીહંત, ચક્રવર્તિ, બળદેવ, વાસુદેવ, જંઘા ચારણ સાધુ વિધ્યાચારણ સાધુ, વિધ્યાધર, સાધુ, સાધવી, શ્રાવક, શ્રાવિકા, બીજાએ મનુષ્ય છે. તે પ્રકૃતિ સ્વભાવેજ ભદ્રિક છે, સ્વભાવેજ વનિત છે, સ્વભાવેજ જેહને પાતળા અલ્પ (થોડો) ક્રોધ, માન, માયા ને લોભ છે. જેહને મૃદુ સુકુમાળ, માર્દવ કોમળતા તેણે કરી સહીત છે. વૈરાગ્યથી સંસારમાં લેપાયેલ નથી, ભદ્રક છે, વનિત છે. તેહની નેશ્રાએ તેહને પ્રભાવે કરી લવણ સમુદ્ર જંબુદ્રીપ પ્રતે પાણીએ રેલતો નથી, પીડતો નથી, જળમય કરતો નથી બોળતો નથી.

વળી ગંગા ૧, સિંધુ ૨, રક્તા ૩, અને રક્તવઇ ૪, એ નદીને વિષે અધિષ્ટાયક દેવીઓ મહર્ધિક જાવત્ એક પલ્યોપમની સ્થિતિવંત વસેછે. તેહની નેશ્રાએ કરી તેહને પ્રભાવે કરી લવણ સમુદ્ર જાવત્ એકોદક કરતો નથી, બોળતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી ચુલહિમવંત અને શિખરીનામા વર્ષધર પર્વતને વિષે દેવતા મહર્ધિક વસેછે તેહની નેશ્રાયે તેહને પ્રભાવે કરીને લવણ સમુદ્ર રેલતો નથી.

વળી હીમવંત, ઐરણ્યવંત ક્ષેત્રને વિષે જુગળીયા મનુષ પ્રમુખ પ્રકૃતિ સ્વભાવેજ ભદ્રિક છે તેહને પ્રભાવે કરી રેલતો નથી.

વળી રોહીતા ૧, રોહીતંસા ૨, સુવર્ણકૂળા ૩, ને રૂપકૂળા ૪, એ નદીને વિષે દેવીઓ મહર્ધિક વસેછે જાવત્ તેહની નેશ્રાએ, પ્રભાવે કરીને રેલતો નથી.

વળી શબ્દાપાતિ, વિકટાપાતિ. વૃત્ત વૈતાઢ્ય પર્વતને વિષે દેવતા મહર્ધિક જાવત્ પલ્યોપમની સ્થિતિવંત વસે છે તેહને પ્રભાવે કરીને રેલતો નથી.

વળી મહા હેમવંત, રૂપી. વર્ષધર પર્વતને વિષે દેવતા મહર્ધિક છે જાવત્ પલ્યો-પમની સ્થિતિવંત વસે છે તેહને પ્રભાવે કરીને રેલતો નથી.

વળી હરીવાસ, રમ્યકવાસ. ક્ષેત્રને વિષે જુગળીયા મનુષ પ્રમુખ પ્રકૃતિ સ્વભાવે ભદ્રિક છે તેહને પ્રભાવે કરીને રેલતો નથી.

વળી નરકંતા ૧, નારીકંતા ૨, હરીકંતા ૩, ને હરીસલીલા ૪, એ મહા નદીને વિષે દેવીઓ મહર્ધિક છે. જાવત્ તેહની નેશ્રાએ, પ્રભાવે કરીને રેલતો નથી.

વળી ગંધાપાતી માલવંતનામા વૃત્ત વૈતાઢ્ય પર્વતને વિષે દેવતા મહર્ધિક છે તેહને પ્રભાવે કરીને રેલતો નથી.

વળી નીષધ. નીલવંત નામા વર્ષધર પર્વતને વિષે દેવતા મહર્ધિક છે તેહને પ્રભાવે કરીને રેલતો નથી.

વળી પદ્મદ્રહ ૧, માહા પદમ દ્રહ ૨, પુંડરીક દ્રહ ૩, મહા પુંડરીક દ્રહ ૪, તીગચ્છ દ્રહ ૫, ને કેસરી દ્રહ ૬, એને વિષે શ્રી ૧, હ્રી ૨, ધૃત્તિ ૩, કિર્તિ ૪, બુદ્ધિ ૫, ને લક્ષ્મી ૬. એ છ દેવીઓ મહર્ધિક છે તેહની નેશ્રાએ, પ્રભાવે કરી રેલતો નથી.

વળી પૂર્વ માહાવિદેહ, પશ્ચિમ માહાવિદેહ ક્ષેત્રને વિષે અરિહંત, ચક્રવર્તિ, બળદેવ, વાસુદેવ, જંઘાચારણ, વિધ્યાચારણ સાધુ, વિધ્યાધર, સાધુ, સાધવી, શ્રાવક, શ્રાવિકા, બીજાએ મનુષ્ય પ્રકૃતિ સ્વભાવે ભદ્રીક છે તેહની નેશ્રાએ, પ્રભાવે લવણ સમુદ્ર લોપે નહીં.

વળી સીતા, સીતોદા. મહા નદીને વિષે દેવીઓ મહર્ધિક છે. તેહને પ્રભાવે કરી રેલતો નથી.

વળી દેવકુરૂ, ઉત્તરકુરૂ ક્ષેત્રને વિષે જુગળીયા મનુષ્ય પ્રકૃતિએ ભદ્રક છે તેહને પ્રભાવે કરી રેલતો નથી.

વળી મેરૂ પર્વતે દેવતા મહર્ધિક વસે છે તેહને પ્રભાવે કરી રેલતો નથી.

વળી જંબુ સુદર્શના વૃક્ષે જંબુદ્રીપનો અધિપતિ અનાધૃતનામા દેવતા મહર્ધિક વસે છે. તેહની નેશ્રાએ, પ્રભાવે કરી લવણ સમુદ્ર રેલતો નથી, પીડતો નથી, નિશ્ચય જળમય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતો નથી. તેમ વળી હે ગૌતમ એ લોકની સ્થિતિ છે, એ લોકનોજ સ્વભાવ છે, જેથી કરી લવણ સમુદ્ર જંબુદ્વીપ પ્રતે રેલતો નથી, પાણીએ કરી પીડતો નથી, નિસ્ચે એકોદક જળમય કરતો નથી, બોળતો નથી. એ લવણ સમુદ્રનો અધિકાર સંપૂર્ણ થયો. એ મંદર-નામા ઉદ્દેશો ત્રીજી પડિવતિનો સંપૂર્ણ થયો.

## ૭૮. ધાતકીખંડ દ્વીપનો અધિકાર. ॥૨॥

હવે તે લવણ સમુદ્ર પ્રતે ધાતકીખંડનામા દ્વીપ વૃત વળ્યાને આકારે રહ્યોથકો. સઘળે ચોકફેર વીંટીને રહ્યો છે. (જેથી તેનો અધિકાર કહે છે).

**પ્રશ્ન**—હે ભગવંત, ધાતકીખંડનામા દ્વીપ શું સમ ચક્રવાળે સંસ્થીત છે (સમ ગોળ છે) કે વિષમ ચક્રવાળે સંસ્થીત (વિષમ ગોળ) છે?

**ઉત્તર**—હે ગૌતમ, સમ ચક્રવાળ સંસ્થીત છે, પણ વિષમ ચક્રવાળ સંસ્થીત નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, ધાતકીખંડનામા દ્વીપ કેટલો ચક્રવાળે ફરતો પહોળપણે છે? ને કેટલો પરિધીપણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચાર લાખ જોજન ચક્રવાળ પહોળપણે છે, ને એકતાલીસ લાખ, દશ હજાર, નવસેં એકસઠ જોજન કાંઇક ઉણા પરિધીપણે છે, (તે એક લાખ જોજનનો જંબુદ્વીપ, બે લાખ જોજનનો લવણ સમુદ્ર છે, તે પુર્વ પશ્ચિમના મળી ચાર લાખ જોજન ને ચાર લાખ જોજન ધાતકીખંડના પૂર્વ પશ્ચિમના મળી આઠ લાખ, ને લવણના ચાર લાખ, ને જંબુદ્વીપ એક લાખ જોજન. કુલ તેર લાખ જોજનને ત્રણગણા ઓઝેરા કરતાં થાય.) તે ધાતકીખંડનામા દ્વીપ એક પદ્મવર વેદિકાએ ને એક વનખંડે કરી સઘળે ચોક-ફેર વિટયો છે. તે વેદિકા ને વનખંડનો વર્ણવ સર્વ પૂર્વલી પરે કહેવો, અને તેની દ્વીપ સમાન પરિધીએ ફરતા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ધાતકીખંડ દ્વીપનાં કેટલાં દ્વાર કહ્યાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેનાં ચાર દ્વાર કહ્યાં છે. વિજય ૧, વિજયંત ૨, જયંત ૩ ને અપરાજીત ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, ધાતકીખંડ દ્વીપનું વિજયનામા દ્વાર કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, ધાતકીખંડને પૂર્વ દિસીને છેડે અને કાળોદધી સમુદ્રના પૂર્વાર્ધ ને પશ્ચિમ દિશે સીતામહા નદીને ઉપરે ઇહાં ધાતકીખંડનું વિજયનામા દ્વાર છે તેનો વર્ણન સર્વ જંબુદ્વીપના દ્વારની પરે કહેવો. ને તેની રાજ્યધાની અનેરા ધાતકીખંડ દ્વીપે છે તેની વ્યક્તવ્યતા સર્વ વિજય રાજ્યધાનીની પરે કહેવી. એમ ચારે દ્વાર અને રાજ્યધાનીનો સર્વ વર્ણવ પૂર્વ પરે કહેવો.

**પ્રશ્ન**—હે ભગવંત, ધાતકીખંડનામા દ્વીપના દ્વાર દ્વારને કેટલું અબાધાએ અંતર (છેટું) છે?

**ઉત્તર**—હે ગૌતમ, દશ લાખ, સત્યાવીશ હજાર, સાતસેં પાંત્રીશ જોજન અને ત્રણ કોસ એટલું દ્વાર દ્વારને એટલે એક દ્વારથી બીજા દ્વારને આંતરૂં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ધાતકીખંડ દ્વીપના પ્રદેશ કાળોદધી સમુદ્રને સ્પર્શ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા. સ્પર્શ્યા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્યારે તે પ્રદેશ ધાતકીખંડ કહીએ, કે કાળોદધી સમુદ્ર કહીએ?

**ઉત્તર**—હે ગૌતમ, તે પ્રદેશ ધાતકીખંડ કહીએ, પણ કાળોદધી સમુદ્ર કહીએ નહીં. એમ કાળોદધી સમુદ્ર તેના પ્રદેશ પણ કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, ધાતકીખંડ દ્વીપના જીવ મરીને કાળોદધી સમુદ્રે ઉપજે છે?

**ઉત્તર**—હે ગૌતમ, કેટલાએક ઉપજે છે, ને કેટલાએક નથી ઉપજતા. એમ કાળોદધી સમુદ્રના જીવ પણ ધાતકીખંડમાં કેટલાએક ઉપજે છે, ને કેટલાએક નથી ઉપજતા.

**પ્રશ્ન**—હે ભગવંત, ધાતકીખંડનામા દ્વીપ એહવું નામ શ્યે અર્થે કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, ધાતકીખંડ દ્વીપને વિષે તે તે દેશે તીહાં તીહાં ઘણાં ધાતકીના વૃક્ષ, ધાતકી વૃક્ષના વન છે, ધાતકીખંડે ધાતકી વૃક્ષના વનખંડ છે તે નિત્યે ફળ્યાં ફુલ્યાં જાવત્ શોભતાંથકાં રહે છે. અને વળી ધાતકીખંડને પુર્વાર્ધે ઉતરકુરૂ ક્ષેત્રે ધાતકી વૃક્ષ છે, અને પશ્ચિમાર્ધે ઉતરકુરૂ ક્ષેત્રે મહા ધાતકી વૃક્ષ છે. તે જંબુ વૃક્ષ જેહવા સાસ્વતા છે ત્યાં સુદર્શન અને પ્રીયદર્શન એહવે નામે બે દેવતા મહર્ધિક જાવત્ પલ્યોપમની સ્થિતિના વસે છે. તેણે અર્થે હે ગૌતમ ધાતકીખંડ દ્વીપ એહવું નામ કહીએ. તેમ વળી હે **ગૌતમ!** નિત્ય સાસ્વતું એ નામ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ધાતકીખંડ દ્વીપે કેટલા ચંદ્રમા દીપતા હુવા, દીપે છે **અને દીપશે?** કેટલા સૂર્ય તપતા હુવા, તપે છે, અને તપશે? કેટલા માહાગ્રહ ચારપ્રતે ચરતા હુવા, ચરે છે, અને ચરશે? કેટલા નક્ષત્ર જોગ જુંજતા હુવા, જુંજે છે, અને જુંજશે? કેટલી ક્રોડાક્રોડી તારા શોભતા હુવા, શોભે છે, અને શોભશે?

**ઉત્તર**—હે ગૌતમ, ધાતકીખંડ દ્વીપે બાર ચંદ્રમા દીપતા હુવા, દીપે છે, અને દીપશે. બાર સૂર્ય તપતા હુવા, તપે છે, અને તપશે. (સૂર્ય, ચંદ્ર મળીને ચોવીશ છે.) ત્રણસેં, છત્રીશ નક્ષત્ર છે. એક હજાર, છપન ગ્રહ છે. અને આઠ લાખ, ત્રણ હજાર, સાતસેં એટલી ક્રોડાક્રોડી તારા શોભતા હુવા, શોભે છે, અને શોભશે. એ ધાતકીખંડનો અધિકાર **થયો.**

## ૭૯. કાળોદધી સમુદ્રનો અધિકાર. ॥૨॥

તે ધાતકીખંડ દ્વીપપ્રતે કાળોદધીનામા સમુદ્ર વૃત્ત વળીયાકારે સંસ્થિત સઘળે ચોફેર વિંટીને રહ્યો છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કાળોદધી સમુદ્ર શું સમ ચક્રવાળે સંસ્થિત છે, કે વિષમ ચક્રવાળે સંસ્થિત છે?

**ઉત્તર**—હે ગૌતમ, સમ ચક્રવાળ સંસ્થિત છે, પણ વિષમ ચક્રવાળ સંસ્થિત નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, કાળોદધી સમુદ્ર કેટલો ચક્રવાળે પોહોળપણે છે અને કેટલો પરિધિપણે છે ?

**ઉ-તર**--હે ગૌતમ, આઠ લાખ, જોજન ચક્રવાળે પોહોળપણે છે. અને એકાણું લાખ, સીતેર હજાર છસેં, પંચોતેર જોજન કાંઇક અધિકેરાં પરિધિપણે છે (સર્વ અભ્યંતરના દ્વીપ, સમુદ્રના મળીને થાય) તે કાળોદધી સમુદ્ર એક પદ્મવર વેદિકાએ અને એક વનખંડે કરી ચોફેર વિંટયો છે. તે વેદિકા અને વનખંડનો વર્ણન પૂર્વપરે જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, કાળોદધી સમુદ્ર તેને કેટલાં દ્વાર છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ચાર દ્વાર છે. વિજય ૧, વિજયંત ૨. જયંત ૩. ને અપરાજીત ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, કાળોદધિ સમુદ્રનું વિજયનામા દ્વાર કયાં છે?

**ઉ-તર**—હે ગૌતમ, કાળોદધી સમુદ્રના પૂર્વદિસીને અંતે ને પુષ્કરવર દ્વીપના પૂર્વાર્ધને પશ્ચિમ દિસે સીતોદા મહા નદીને ઉપરે ઇહાં કાળોદધી સમુદ્રનું વિજયનામા દ્વાર છે. તે આઠ જોજન ઉચપણે છે તેહીજ પ્રમાણ પૂર્વલીપરે કહેવું જાવત્ રાજ્યધાની લગે અધિકાર કહેવો.

**પ્રશ્ન**—હે ભગવંત, કાળોદધી સમુદ્રનું વિજયંતનામા દ્વાર કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, કાળોદધી સમુદ્રની દક્ષિણ દિસીને છેડે અને પુષ્કરવર દ્વીપના દક્ષણાર્ધ ને ઉત્તર દિસે ઇહાં કાળોદધી સમુદ્રનું વિજયંતનામા દ્વાર છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કાળોદધી સમુદ્રનૂં જયંતનામા દ્વાર કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, કાળોદધી સમુદ્રની પશ્ચિમ દિશાને અંતે ને પુષ્કરવર દ્વીપના પશ્ચિમાર્ધ ને પૂર્વ દિસે સીતા માહા નદીને ઉપરે ઇહાં કાળોદધી સમુદ્રનું જયંતનામા દ્વાર છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કાળોદધી સમુદ્રનું અપરાજીતનામા દ્વાર કયાં છે?

**ઉ-તર**—હે ગૌતમ, કાળોદધી સમુદ્રની ઉત્તર દિશાને અંતે ને પુષ્કરવર દ્વીપના ઉત્તરાર્ધ ને દક્ષિણ દીશે ઇહાં કાળોદધી સમુદ્રનું અપરાજીતનામા દ્વાર છે. શેષ સર્વ તેમજ પૂર્વલી પરે દ્વારનું માન ને રાજ્યધાની તમામ જંબુદ્વીપના વિજયદ્વારની પરે નિરવિશેષપણે અધિકાર કહેવો.

**પ્રશ્ન**—હે ભગવંત, કાળોદધી સમુદ્રનાં એક દ્વારથી બીજા દ્વારને કેટલું અબાધાએ અંતર છે?

**ઉ-તર**—હે ગૌતમ, બાવીશ લાખ, બાણું હજાર, છસેં બેતાલીસ જોજન ને ત્રણ કોસ એટલો દ્વારાંતર છે (એટલે એક દ્વારથી બીજા દ્વારને એટલું છેટું છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, કાળોદધી સમુદ્રના પ્રદેશ પુષ્કરવર દ્વીપને સ્પર્શ્યા છે ?

**ઉ-તર**—હે ગૌતમ, પૂર્વલીપરે કહેવું. એમ પુષ્કરવર દ્વીપના પણ પ્રદેશ સ્પર્શ્યા કહેવા, ને જીવ ઉપજવાનું પ્રશ્ન પણ સર્વ પૂર્વલી રીતે કહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, કાળોદધી સમુદ્ર એહવું નામ શ્યે અર્થે કહો છો ?

**ઉત્તર**—હે ગૌતમ, કાળોદધી સમુદ્રનું પાણી આસ્વાદવા જોગ્ય છે, પુષ્ટ ભારે પાણી છે, મનોહર છે, કાળો વર્ણ છે, અડદના ઢગલાને વર્ણે છે, ને સ્વભાવિક પાણીના રસ સમાન સ્વાદ છે. વળી કાળોદધી સમુદ્રે કાળ અને મહા કાળ નામે ઇહાં બે દેવતા મહર્ધિક જાવત્ એક પલ્યોપમની સ્થિતિવંત વસે છે તેણે અર્થે હે ગૌતમ કાળોદધી સમુદ્ર એહવું નામ કહીએ. જાવત્ કાળોદધી સમુદ્ર એ નામ નિત્ય છે. સાસ્વતું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કાળોદધી સમુદ્રને વિષે કેટલા ચંદ્રમા દીપતા હુવા, દીપે છે, અને દીપશે ? એમ પાંચે જ્યોતિષી પુછ્યા ?

**ઉત્તર**—હે ગૌતમ, કાળોદધી સમુદ્રે બેતાલીશ ચંદ્રમા, ને બેતાલીશ સૂર્ય દીપતા હુવા, દીપે છે ને દીપશે. સબંધ લેશ્યાવંત છે એમ એક હજાર, એકસો છોંતેર નક્ષત્ર ચાર ચરે છે. ત્રણ હજાર, છસેં ને છનું એટલા માહા ગૃહ છે. અઠાવીશ લાખ, બાર હજાર, નવસેં પચાશ એટલી ક્રોડાક્રોડી તારા કાળોદધી સમુદ્રને વિષે શોભતા હુવા, શોભે છે, ને શોભશે, એ કાળોદધી સમુદ્ર કહયો.

## ૮૦. પુષ્કરવર દ્વીપનો અધિકાર. ॥૩॥

તે કાળોદધી સમુદ્રને પુષ્કરવર દ્વીપ વૃત વળીયાકારે સંસ્થીતથકો ચોકફેર વીંટીને રહ્યો છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પુષ્કરવર દ્વીપ શું સમ ચક્રવાળ સંસ્થીત્ત છે, કે વિષમ ચક્રવાળ સંસ્થીત છે ?

**ઉત્તર**—હે ગૌતમ, સમ ચક્રવાળ સંસ્થીત છે, પણ વિષમ ચક્રવાળ સંસ્થીત નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, પુંષ્કરવરનામા દ્વીપ કેટલો ચક્રવાળ પહોળપણે છે, અને કેટલો પરિધીપણે છે ?

**ઉત્તર**—હે ગૌતમ, સોળ લાખ જોજન ચક્રવાળ પહોળપણે છે અને એક ક્રોડી, બાણું લાખ, નેવાશી હજાર, આઠસેં ચોરાણું જોજન એટલો પરિધીપણે છે. તે પુષ્કરવર દ્વીપ એક પદ્મવર વેદિકાએ ને એક વનખંડે કરી ચોકફેર વિટયો છે, તે વેદિકા અને વનખંડનો વર્ણવ સર્વ પૂર્વપરે કહેવો.

**પ્રશ્ન**—હે ભગવંત, પુષ્કરવર દ્વીપને કેટલાં દ્વાર છે ?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ચાર દ્વાર છે. વિજય ૧, વિજયંત ૨, જયંત ૩. ને અપરાજીત ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, પુષ્કરવર દ્વીપનું વિજયનામા દ્વાર કયાં છે ?

**ઉત્તર**—હે ગૌતમ, પુષ્કરવર દ્વીપની પૂર્વ દિશાને અંતે અને પુષ્કરોદધી સમુદ્રના પૂર્વાર્ધને પશ્ચિમ દિશે ઇહાં પુષ્કરવર દ્વીપનું વિજયનામા દ્વાર છે. તેનો વર્ણવ પૂર્વપરે કહેવો. એમ ચારે દ્વાર કહેવાં, પણ સીતા, સીતોદા મહા નદીને ઉપરે કહેવાં નહીં. (જે ભણી પુંષ્કરવર દ્વીપના બાહીરલા અર્ધમાં સીતા, સીતોદા પ્રમુખ કોઇ નદી નથી તે માટે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, પુષ્કરવર દ્વીપના દ્વાર દ્વારને કેટલું અબાધાએ વચ્ચે અંતર છે?

**ઉત્તર**—હે ગૌતમ, અડતાલીશ લાખ, બાવીશ હજાર, ચારસેં ઓગણોતેર જોજન એટલું દ્વાર દ્વારને અંતર છે.

પુષ્કરવર દ્વીપ અને પુષ્કરવર સમુદ્ર બંનેના પ્રદેશ પરસ્પરે સ્પર્શ્યા છે. તેમજ જીવ બંનેના પરસ્પરે કેટલાએક ઉપજે, ચવે છે ને કેટલાએક નથી ઉપજતા, ચવતા. તેમજ સર્વ પૂર્વે પરે કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, પુષ્કરવર દ્વીપ એહવું નામ સ્યે અર્થે કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, પુષ્કરવરદ્વીપને વિષે તે તે ઠામે તીહાં તીહાં ઘણાં પદ્મના વૃક્ષ છે, પદ્મના વનખંડ છે. તે નિત્યે ફળ્યા ફુલ્યા જાવત્ રહે છે. ને ઉત્તરકુરૂ ક્ષેત્રે પદ્મ ને મહા પદ્મ એ ત્યાં વૃક્ષ છે તે જંબુવૃક્ષ સરખાં સાસ્વતાં છે તેને વિષે પદ્મ અને પુંડરીક નામે બે દેવતા મહર્ધિક છે જાવત્ એક પલ્યોપમની સ્થિતિવંત વસે છે તેણે અર્થે હે ગૌતમ! પુષ્કરવરદ્વીપ એવું નામ કહીએ છીએ. જાવત્ એ નામ નિત્ય છે. સાસ્વતું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પુષ્કરવર દ્વીપે કેટલા ચંદ્રમા પ્રભાએકરી દીપતા હુવા, દીપ છે અને દીપશે? એમ પાંચે જ્યોતીષી (ત્રણ કાળ આશ્રી) પુછ્યા?

**ઉત્તર**—હે ગૌતમ, એકસો ચમાલીશ ચંદ્રમા ને એકસો ચમાલીશ સૂર્ય પુષ્કરવર દ્વીપને વિષે ચાલે છે. પ્રકાશ કરે છે. ચાર હજાર બત્રીસ નક્ષત્ર છે. બાર હજાર છસેં બહોંતેર મહા ગૃહ છે. છનુ લાખ ચમાળીશ હજાર ચારસેં એટલી ક્રોડાક્રોડી તારા શોભતા હુવા, શોભે છે ને શોભશે. એ પુષ્ફરવર દ્વીપ કહ્યો.

## ૮૧. માંનુષોત્તર પર્વત ને મનુષ્ય ક્ષેત્ર.

**પ્રશ્ન**—હે ભગવંત, પુષ્કરવર દ્વીપે માનુષોત્તરનામા પર્વત્ત કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, પુષ્કરવર દ્વીપને મધ્ય ભાગે ઇહાં માનુષોત્તરનામા પર્વત્ત છે. તે વૃત્ત વળીયાને આકારે રહ્યો છે. તે માનુષોત્તર પર્વત્ત પુષ્કરવર દ્વીપ પ્રતે બે ભાગે વહેંચીને મધ્ય ભાગ વચ્ચે રહ્યો છે તે કેમ એક અભ્યંતર પુષ્કરાર્ધ માનુષોત્તર માહીલો ૧, ને માનુષોત્તર બાહીરે તે બાહ્ય પુષ્કરાર્ધ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, અભ્યંતર પુષ્કરાર્ધ કેટલો ચક્રવાળે પોંહોળપણે છે અને કેટલો પરિધિપણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, આઠ લાખ જોજન ચક્રવાળ પહોળપણે છે. અને એક ક્રોડ, બેતાલીસ લાખ ત્રીસ હજાર, બસેંઓગણપચાશ જોજન એટલી પુષ્કરવરદ્વીપના માહીલા અર્ધ પુષ્કરવરની પરિધિ જાણવી. એમ એ મનુષ્ય ક્ષેત્રની પણ પરિધિ જાણવી.

**પ્રશ્ન**—હે ભગવંત, તે અભ્યંતર પુષ્કરાર્ધ એવું નામ સ્યે અર્થે કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, પુષ્કરવર દ્વીપનો માહીલો અર્ધ માનુષોત્તર પર્વત્તે ચોકફેર વિંટયો છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેણે અર્થે હે ગૌતમ! અભ્યંતર માહીલો પુષ્કરાર્ધ એવું નામ કહીએ છીએ તેમ વળી હે ગૌતમ! જાવત્ એ નામ નિત્ય છે.

**પ્રશ્ન**—હે ભગવંત, અભ્યંતર પુષ્કરાર્ધે કેટલા ચંદ્ર પ્રકાશ કરે છે? તેમજ પાંચે પુછયા જાવત્ કેટલા ક્રોડાક્રોડી તારા છે?

**ઉત્તર**—હે ગૌતમ, બોહોતેર ચંદ્રમા છે ને બોહોતેર સૂર્ય દીપે છે. ૭ હજાર ત્રણસેં છત્રીસ મહાગ્રહ પુષ્કરવર દ્વીપને માહીલે અર્ધે ચાર ચરે છે. બે હજાર, સોળ નક્ષત્ર છે. ને અડતાલીસ લાખ, બાવીસ હજાર બસેં એટલી ક્રોડાક્રોડી તારા પુષ્કરાર્ધને વિષે શોભતા હુવા, શોભે છે અને શોભશે.

**પ્રશ્ન**—હે ભગવંત, સમયક્ષેત્ર કેટલું લાંબપણે, પોહોળપણે અને કેટલું પરિધિપણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, પીસ્તાળીશ લાખ જોજન લાંબપણે, પોહોળપણે છે અને એક ક્રોડ બેતાલીસ લાખ, ત્રીસ હજાર, બસેં ઓગણપચાસ જોજન પરિધિપણે છે. (જેટલી અભ્યંતર પુષ્કરાર્ધની પરિધિ તેટલી ઇહાં પણ કહેવી.)

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્યક્ષેત્ર એવું નામ શ્યે અર્થે કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, એ અઢી દ્વીપ પ્રમાણ મનુષ્ય ક્ષેત્રને વિષે ત્રણ પ્રકારના મનુષ્ય વસે છે કર્મભૂમિના ૧, અકર્મભૂમિના ૨, ને અંતરદ્વીપના ૩, તેણે અર્થે હે ગૌતમ મનુષ્યક્ષેત્ર એવું નામ કહીએ છીએ. (વળી મનુષ્યના જન્મ, મરણ પણ મનુષ્ય ક્ષેત્રને વિષેજ થાય છે, પણ બાહીર થતાં નથી. એટલુંજ નહિ પણ પૂર્વે જન્મ મરણ થયાં નથી, હમણા થતાં નથી ને આગળે થશે નહીં. કદાપી કોઇ મનુષ્યને કોઇ દેવ, દાનવ, વિધ્યાધર પૂર્વે વૈર વાળવાને અર્થે એમ વિચારે જે આ મનુષ્યને આંહીથી ઉપાડી મનુષ્ય ક્ષેત્ર બાહીર નાખું તો સુકાઇ સુકાઇને મરી જાય. પણ લોકના સ્થીતી ભાવથી મહીમાથી તેવી બુદ્ધિ પાછી ફરી જાય તેથી કરી સંહરણ થાયજ નહિ. તેમ છતાં વખતે સંહરણ કરે તો પણ પાછો લાવી મનુષ્ય ક્ષેત્રમાં મુકવાની બુદ્ધિ થઇ જાય. પણ સંહરણ આશ્રી પણ કોઇ મનુષ્યનું મરણ મનુષ્ય ક્ષેત્ર બાહીર થયું નથી, થતું નથી ને થશે પણ નહીં. વળી જંઘા ચારણ વિધ્યા ચારણ સાધુ લબ્ધીથી નંદીશ્વરાદિક દ્વીપ સુધી અપ્પપી જાય છે પણ ત્યાં મરણ પામે નહીં એટલુંજ નહીં પણ ઉચ્ચાર પાસવણાદિક પણ થઇ શકે નહીં જે ક્ષેત્રની મર્યાદા માનુષોત્તર પર્વત સીમા કરીને રહ્યો છે, ત્યાં સુધી મનુષ્યક્ષેત્ર કહીએ. જાવત્ હે ગૌત્તમ! મનુષ્યક્ષેત્ર એવું નીત્ય સાસ્વતું નામ છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્યક્ષેત્રને વિષે કેટલા ચંદ્રમા દીપતા હુવા, દીપે છે ને દીપસે? કેટલા સૂર્ય તપતા હુવા, તપે છે ને તપશે? એમ પાંચે જ્યોતિષી પુછયા ?

**ઉત્તર**—હે ગૌતમ, એકસો બત્રીસ ચંદ્રમા છે ને એકસો બત્રીસ સૂર્ય છે. સર્વ મનુષ્ય લોકને વિષે. (અઢી દ્વીપ અને બે સમુદ્રના થઇને તે કેમ થાય તે કહે છે. બે ચંદ્ર ને બે સૂર્ય જંબુદ્વીપના, ચાર ચંદ્ર ને ચાર સૂર્ય લવણ સમુદ્રના, બાર ચંદ્ર ને બાર સૂર્ય ધાતકી ખંડના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેતાળીશ ચંદ્ર ને બેતાળીશ સૂર્ય કાળોદધી સમુદ્રના, બહોતેર ચંદ્ર ને બહોંતેર સૂર્ય અભ્યંતર પુષ્કરાર્ધના. એ સર્વ એકસો બત્રીસ ચંદ્ર ને એકસો બત્રીશ સૂર્ય થાય તેને અઠાસી ગુણા કરતા ગ્રહ થાય. અઠાવીશ ગુણા કરતા નક્ષત્ર થાય.) ચાલે છે ને પ્રકાશ કરેછે, અગ્યાર હજાર છસેં સોળ. એટલા માહા ગૃહ ચાર પ્રતે ચરે છે. ત્રણ હજાર, છસેં છનું એટલા નક્ષત્ર છે. અઠયાસી લાખ ચાળીશ હજાર, સાતસેં એટલી ક્રોડાક્રોડી તારા શોભતા હુવા, શોભે છે ને શોભશે.

એ તારાનો પીંડ સર્વ સમુદાએ મળીને મનુષ્યલોક માંહી છે, અને મનુષ્યક્ષેત્ર બાહીરે તારા તિર્થંકરે અસંખ્યાતા કહ્યા છે. એટલો તારાનો સમુહ કહ્યો છે. મનુષ્ય લોક માંહે તે સર્વ કદંબ પુષ્પને સંસ્થાને સંસ્થિત જ્યોતીવંત ચાર ચરે છે તે મેરૂ પર્વત્ત દીસે સંકિર્ણ (સાંકડા) અને બાહીરલી તરફ વિસ્તિર્ણ પ્રકાશવંત છે. સૂર્ય, ચંદ્રમા, ગૃહ, નક્ષત્ર. એટલા કહ્યા છે. મનુષ્યલોક માંહી જેહના નામ અને ગોત્ર પ્રગટપણે કહ્યા છે. છાસઠ પીટક (પરિધીરૂપ પંક્તિ) ચંદ્રમા, સૂર્યના મનુષ્યલોક માંહી છે. બે ચંદ્રમા, બે સૂર્ય એકેકે પીટકે હોય. છાસઠ પીટક (પરિધીરૂપે પંક્તિ) છે. નક્ષત્રના મનુષ્ય લોકને વિષે છપન નક્ષત્ર એકેકે પીટકે હોય. છાસઠ પીટક (પરિધીરૂપે પંક્તિ) છે. માહા ગૃહના મનુષ્ય લોકને વિષે એકસો છોંતેર ગૃહ એકેકે પીટકે હોય. ચાર પંક્તિ છે. મેરૂથકી માનુષોત્તર સાહમી ચંદ્રમા, સૂર્યની મનુષ્ય લોકને વિષે છાસઠ છાસઠ ચંદ્ર, સૂર્ય એકેકી પંકતે હોય. છપન પંક્તિ મેરૂથી માનુષોત્તર સાહમી નક્ષત્રની મનુષ્ય લોકને વિષે છાસઠ છાસઠ નક્ષત્ર એકેકી પંકતે હોય. એકસો છોંતેર પંક્તિ છે ગૃહની મેરૂથકી માનુષોત્તર સાહમી મનુષ્ય લોકને વિષે છાસઠ છાસઠ ગ્રહની એકેકી પંકતે હોય. તે સર્વ જ્યોતિષી મેરૂ પર્વત્તને ફરેછે પ્રદક્ષણાવર્ત્તે સવળે ફેરે ફરે છે. (પરિધી ફરતાંથકાં જમણો હાથ મંડળ માંહે રહે ને ડાબો હાથ બાહીરલી તરફ રહે તે પ્રદક્ષણાવૃત્ત સવળો ફેર કહીએ.) અનવસ્થિત જોગે કરીને જુજુઆ નક્ષત્ર સાથે જોગે કરીને તથા વક્રઅતિચાર પ્રમુખ અનવસ્થિત જોગે ચંદ્રમા, સૂર્ય અને ગૃહના સમુહ અને નક્ષત્ર તારાના મંડળ તે સદાઇ અવસ્થિત જાણવા. સદાઈ સરખી ગતીવંત છે. તે પણ પ્રદક્ષણાવર્તે સવળે ફેરે મેરૂ પુંઠેજ ફરે છે. ચંદ્રમા અને સૂર્યનો હેઠો તથા ઉંચો સંક્રમ નથી. સમભૂ તળથકી જેટલા ઉંચા છે તેટલેજ ચાલે છે પણ તેથી ઉંચો નીચો ચાર કરતા નથી, અને ત્રીછું મંડળનું સંક્રમ છે. માહીલે, બાહીરલે માંડલે ત્રીછા આવે જાય છે. સૂર્ય, ચંદ્રમા. ચંદ્રમા, સૂર્ય, નક્ષત્ર અને માહાગૃહ. એ ચારને વિષે રાસીભોગ નક્ષત્ર ભોગે કરીને ઇહાં મનુષ્યને સુખ, દુઃખ ફળની પ્રાપ્તિ થાય. વળી તે ચંદ્ર, સૂર્યાદિક બાહ્ય મંડળથકી જેમ જેમ માહીલે મંડળે પેસે તેમ તેમ તાપક્ષેત્ર વધે. નિસ્ચે દીનમાન મોટું થાય, અને તેહીજ વળી અનુક્રમે અભ્યંતર મંડળથકી બાહ્ય મંડળે જેમ જેમ નીકળે તેમ તેમ તાપક્ષેત્ર ઘટે રાત્રમાન વધે. તે સૂર્યાદિકને કદંબ વૃક્ષના ફુલને આકા તાપક્ષેત્રનો માર્ગ હોય. સકટ (ગાડા)ને આકારે એટલે માંહે મેરૂ દીશે સાંકડો અને બાહીર લવણ સમુદ્ર દીશે પહોળો હોય.

**પ્રશ્ન**—હે ભગવંત, શ્યે કારણે ચંદ્રમા શુકલપક્ષે વધે છે? ને શ્યે કારણે ચંદ્રમા કૃષ્ણ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પક્ષે ઘટે છે? દીવસે દીવસે એક કૃષ્ણપક્ષ અને એક શુકલપક્ષ તે શ્યે કારણે ચંદ્રમાનો થાયછે? **ઉત્તર—**હે ગૌતમ, અંજન રત્નમય કાળું રાહુનું વૈમાન છે તે નિત્ય સદાઇ ચંદ્રમા સાથે વિરહ રહીત રહે છે. તે ચાર આંગુલ નીચું ચંદ્ર વૈમાનની હેઠે ચાલે છે. ચંદ્ર વૈમાનના બાસઠ ભાગ કરીએ એહવા ચાર ચાર ભાગ દીવસે દીવસે અંજવાળીએ પખવાડે ચંદ્રમા વધે છે, અને તેહજ ચાર ચાર ભાગ અંધારે પખવાડે રાહુ ચંદ્રમાને ઢાંકે, અને બે ભાગ સદાઇ અમાવાસ્યાએ પણ ઉઘાડા રહે. ચંદ્રબીંબના પંદર ભાગ કરીએ એહવો એકેકો ભાગ દીન દીન પ્રતે અંધારે પખવાડે રાહુ ચંદ્રમાને ઢાંકે એમ કરતાં અમાવાસ્યાએ સમગ્રહ ચંદ્રમા ઢાંકે. તેવીજ રીતે એકેકો ભાગ અંજવાળે પખવાડે રાહુ ચંદ્રમાને મુકે. એમ કરતાં પુનમે સમગ્ર ચંદ્રમા મુકે. એણી રીતેજ ચંદ્રમા શુકલપક્ષે વધે છે. અને એણી રીતેજ ચંદ્રમા કૃષ્ણપક્ષે ઘટે છે તેણે કારણે ચંદ્રમાનો કૃષ્ણપક્ષ, અને શુકલપક્ષ થાય છે.

મનુષ્યક્ષેત્ર અઢીદ્વીપ માંહે ચારોવવન છે. તે ચાર પ્રત્યે ઉત્પન કહેતાં પામેલા એટલે ફરતા રહેછે. પાંચે પ્રકારના જ્યોતિષિ દેવતા. ચંદ્રમા ૧, સૂર્ય ૨, ગૃહ ૩, નક્ષત્ર ૪, અને તારા ૫. તે અઢીદ્વીપ ઉપરાંત જે શેષ ચંદ્રમા, સૂર્ય, ગૃહ, નક્ષત્ર અને તારા. જે અસંખ્યાતે દ્વીપ, સમુદ્રે છે. તેહને ગતિ નથી અને ચાર પણ નથી. એટલે તે જ્યોતિષી અવસ્થિત સ્થિર છે, હાલતા નથી.

હવે દ્વીપ સમુદ્ર ગત ચંદ્ર, સૂર્યાદિ સંખ્યાની સંકલના જાણવા કારણ કહે છે. બે ચંદ્રમા અને બે સૂર્ય જંબુદ્વીપે છે. તેહથી બમણા લવણ સમુદ્રે છે. લવણ સમુદ્રના ચંદ્ર, સૂર્ય તે થકી ત્રીગુણા ચંદ્રમા, સૂર્ય ધાતકીખંડે છે. બે ચંદ્રમા અને બે સૂર્ય એ જંબુદ્વીપે છે. અને ચાર ચંદ્રમા ચાર સૂર્ય લવણ સમુદ્રે છે. અને ધાતકીખંડ દ્વીપે બાર ચંદ્રમા બાર સૂર્ય છે. ધાતકીખંડ દ્વીપ થકી આગળે પૂર્વલાદ્વીપ, સમુદ્રના ચંદ્ર, સૂર્ય ત્રીગુણા કરીએ અને તે પૂર્વે જે દ્વીપ, સમુદ્રના સૂર્ય, ચંદ્ર હોય તે સહીત કરીએ ત્યારે આગળે દ્વીપ સમુદ્રે સૂર્ય, ચંદ્રની સંખ્યા થાય (ઉદાહરણ યથા:-ધાતકીખંડે બાર ચંદ્રમાને ત્રીગુણા કર્તા છત્રીશ થાય તેમાં પૂર્વલા જંબુના બે અને લવણના ચાર એ છ મેળવતાં બેંતાલીસ ચંદ્ર, સૂર્ય કાળોદધિએ થાય. તે કાળોદધીના બેંતાલીશ ચંદ્ર, સૂર્યને ત્રીગુણા કરતાં એકસો છવીસ થાય. તેમાં પૂર્વલા જંબુના બે, લવણના ચાર, ધાતકીના બાર. એ અઢાર મેળવતાં એકસો, ચમાલીસ પુષ્કરવર દ્વીપે થાય. તેમાંથી અર્ધ એટલે બોંહોતેર ચંદ્ર, સૂર્ય પુષ્કરવર દ્વીપ અભ્યંતરાર્ધે થાય. તે આગળે તો જુદી રીતે છે તે આગળે કહેશે. નક્ષત્ર, ગ્રહ અને તારાની સંખ્યા જે દ્વીપે તથા સમુદ્રે જાણવા વાંછીએ તે દ્વીપે તથા સમુદ્રે જેટલા ચંદ્રમા હોય તેટલા ગુણો એક ચંદ્રમાનો પરીવાર કરીએ ત્યારે તે દ્વીપ તથા સમુદ્રના નક્ષત્ર, ગ્રહ, તારાની સંખ્યા થાય.) માનુષોત્તર પર્વત્ત બાહીરે ચંદ્રમાથકી સૂર્યને અને સૂર્યથકી ચંદ્રમાને પચાસ હજાર જોજન પુરાં અંતર (છેટું) હોય. અને સૂર્યથકી સૂર્યને અને ચંદ્રમાથકી ચંદ્રમાને માનુષોત્તર પર્વત્ત બાહીરે એક લાખ જોજનનું અંતર છે. સૂર્યને અંતરે ચંદ્રમા છે અને ચંદ્રમાને અંતરે સૂર્ય છે. તે આપાપણી મર્યાદાએ તેજવંત છે. સુખકારી અને મંદ લેશ્યાવંત છે. એટલે ચંદ્રમા અતી સીતળ નથી અને સૂર્ય અતી તપતા નથી. હવે એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદ્રમાનો પરિવાર કહેછે. અઠયાસી ગૃહ, અઠાવીશ નક્ષત્ર અને છાસઠ હજાર, નવસેં પંચોતેર. એટલા ક્રોડા ક્રોડી તારા. એટલો એક ચંદ્રમાનો પરીવાર જાણવો. ( સૂર્યનો જુદો પરીવાર સમજવો નહીં. એ જે પરીવાર કહ્યો તેમાં સૂર્ય, ચંદ્રનો સમાવેશ સમજવો એટલે એ પરીવાર એક સૂર્ય, ચંદ્રમાનો જાણવો પણ કહેવાય ચંદ્રમાનો. એ ભાવ.)

**પ્રશ્ન**—હે ભગવંત, માનુષોત્તરનામા પર્વત્ત કેટલો ઉંચપણે છે ? કેટલો ઉંડપણે ધરતીમાં છે? કેટલો મૂળે પોહોળપણે છે? કેટલો વચ્ચે પોહોળપણે છે? કેટલો શીખરે ( ઉપરે ) પોહોળપણે છે? કેટલો માહીલી (ધરતીમાં) પરીધે ફરતો છે? કેટલો બાહીરલી તરફ મૂળે (જમીનના થડમાં) ફરતો છે? કેટલો બાહીરલી તરફ વચે પરીધિ પણે ફરતો છે? અને કેટલો બાહીરલી તરફ શીખરે (ઉપરે) પરીધિપણે ફરતો છે?

**ઉત્તર**—હે ગૌતમ, માનુષોત્તરનામા પર્વત્ત સત્તરસેં, એકવીસ જોજન ( ધરતી થકી ) ઉંચો છે. ચારસેં, ત્રીશ જોજન અને એક કોશ ઉંડો (ધરતીમાં) છે. મૂળે એક હજાર, બાવીસ જોજન પોહોળો છે. વચે સાતસેં, ત્રેવીશ જોજન પોહોળો છે. ઉપરે ચારસેં, ચોવીસ જોજન પોહોળો છે. હવે માહીલી પરીધિ (ધરતી માંહે) એક ક્રોડ, બેંતાલીસ લાખ, ત્રીસ હજાર બસેં, ઓગણ પંચાસ જોજન કાંઇક અધિકેરી માહીલી પરીધિ છે. હવે બાહીરલી હેઠલી પરીધિ એક ક્રોડ, બેંતાલીશ લાખ, છત્રીશ હજાર, સાતસેં ચઉદ જોજનની છે. હવે બાહીરલી મધ્ય ભાગની પરિધી એક ક્રોડ, બેતાલીશ લાખ, ચોત્રીસ હજાર, આઠસેં, ત્રેવીશ જોજનની છે. હવે બાહીરલી તરફ ઉપરની પરિધિ એક ક્રોડ, બેતાલીશ લાખ, છત્રીશ હજાર, નવસેં, બત્રીશ જોજન બાહીરલી ગમા ઉપરે એટલો પરિધિપણે છે. મૂળે વિસ્તિર્ણ (પહોળો) છે, વચે સંક્ષીપ્ત (સાંકડો) છે અને ઉપરે પાતળો છે. મધ્યભાગે ઉંચો છે. બાહીરલે પાસે દેખવા જોગ્ય મનોહર છે. લગારેક શ્લક્ષણ છે. બેઠો ઢળતો છે. બેઠા સીંહને સંસ્થાને છે. અર્ધા જવની રાસને સંસ્થાને સંસ્થિત છે. (જેમ અર્ધા અર્ધા જવ કરીને જોડે માંડીએ જાડા પાસા બાહીરલી તરફ રાખીએ તે સંસ્થાને છે.) માહીલે પાસે સુકુમાળ ભિતિ ચિત્તરૂપ પાધરો છે સર્વ જાંબુનંદનામા રક્ત સુવર્ણમય છે. નિર્મળ સુકમાળ જાવત્ પ્રતિરૂપ છે. એ પાસે એટલે માંહે અને બાહીરે બે પદ્મવર વેદિકાએ ને બે વનખંડે કરીને સઘળે ચોકફેર વિંટયો છે. તે વેદિકા ને વનખંડનો વર્ણન પૂર્વપરે કરવો.

**પ્રશ્ન**—હે ભગવંત. માનુષોત્તર પર્વત્ત એહવું નામ સ્યે કારણે કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, માનુષોત્તર પર્વત્તને માંહે મનુષ્ય છે ઉપરે સુવર્ણકુમાર દેવતા છે ને બાહીરે દેવતા છે. તેમ વળી નિશ્ચે હે ગૌતમ! માનુષોત્તર પર્વત્તપ્રતે મનુષ્ય ક્યારેય પણ પોતાની શક્તિ વ્યક્તિક્રમી (ઉલંઘી) ગયા નથી, વ્યતીક્રમી જાતા નથી ને વ્યતીક્રમી જાશે પણ નહીં. પણ એટલો વિશેષ જે જંઘાચારણ, વિદ્યાચારણ સાધુ તથા વિદ્યાધર તથા દેવ પ્રયોગે મનુષ્ય માનુષોત્તર પર્વત્ત ઉલંઘી બાહીર જાય પણ અન્યથા ન જાય. કદાચિત વિદ્યાબળે તથા દેવપ્રયોગે માનુષોત્તર બાહીરે જાય, અન્યથા ન જાય તોપણ ત્યાં રહ્યાંથકાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આહાર, નિહાર, જન્મ, મરણ. એ ચાર વાનાં થાય નહીં. તેણે અર્થે હે ગૌતમ! માનુષોત્તર પર્વત્ત એહવું નામ કહીએ. તેમ વળી નિત્ય શાશ્વતું નામ છે.

વળી જ્યાંલગી ઘર છે, ઘર હાટ છે. ત્યાંલગી એ મનુષ્યલોક કહીએ. જ્યાંલગે ગામ, નગર જાવત્ રાજ્યધાની છે. ત્યાંલગે એ મનુષ્યલોક કહીએ. જ્યાંલગી અરીહંત, ચક્રવર્ત્તિ બળદેવ, વાસુદેવ, જંઘાચારણ વિદ્યાચારણ સાધુ, વિદ્યાધર, સાધુ, સાધવી, શ્રાવક, શ્રાવિકા, મનુષ્ય પ્રકૃતિ ભદ્રક, વનીત ત્યાંલગે એ મનુષ્યલોક કહીએ.

વળી જ્યાંલગે સમય, (અતી સુક્ષ્મ કાળ) અસંખ્યાતા સમયની આવળીકા, ચાર હજાર, ચારસેં, બેતાલીસ. આવળીકાનો શ્વાસોશ્વાસ. સાત શ્વાસે સ્તોક. સાત સ્તોકે લવ. સીતોતેર લવે મુહુર્ત્ત. પંદર મુહુર્ત્તે દીવસ. ત્રીશ મુહુર્ત્તે અહોરાત્ર. પંદર અહોરાત્રે પક્ષ. બે પક્ષે માસ. બે માસની ૠતુ. ત્રણ ૠતુએ અયન. બે અયને સંવત્સર. પાંચ સંવત્સરનો જુગ. વીશ જુગે સત (સો) વર્ષ. દશ સત વર્ષે સહસ્ર (હજાર) વર્ષ. સો સહસ્રે લક્ષ (લાખ) વર્ષ. ચોરાશી લાખ વર્ષે એક પુર્વાંગ ૧, ચોરાશી લાખ પુર્વાંગે એક પુર્વ ૨, ચોરાસી લાખ પુર્વે એક ત્રુટિતાંગ ૩, ચોરાસી લાખ ત્રુટિતાંગે એક ત્રુટિત ૪, ચોરાસી લાખ ત્રુટિતે એક અડડાંગ ૫, ચોરાસી લાખ અડડાંગે એક અડડ ૬, ચોરાસી લાખ અડડે એક અવવાંગ ૭, ચોરાસી લાખ અવવાંગે એક અવવ ૮, ચોરાસી લાખ અવવે એક હુહુતાંગ ૯, ચોરાસી લાખ હુહુતાંગે એક હુહુત ૧૦, ચોરાસી લાખ હુહુતે એક ઉત્પલાંગ ૧૧, ચોરાસી લાખ ઉત્પલાંગે એક ઉત્પલ ૧૨, ચોરાસી લાખ ઉત્પલે એક પદ્માંગ ૧૩, ચોરાસી લાખ પદ્માંગે એક પદ્મ ૧૪, ચોરાસી લાખ પદ્મે એક નલિનાંગ ૧૫, ચોરાસી લાખ નલિનાંગે એક નલિન ૧૬, ચોરાસી લાખ નલિને એક અર્થનિકુરાંગ ૧૭, ચોરાસી લાખ અર્થનિકુરાંગે એક અર્થનિકુર ૧૮. ચોરાસી લાખ અર્થનિકુરે એક અયુતાંગ ૧૯. ચોરાશી લાખ અયુતાંગે એક અયુત ૨૦ ચોરાસી લાખ અયુતે એક પ્રયુતાંગ ૨૧. ચોરાસી લાખ પ્રયુતાંગે એક પ્રયુત ૨૨. ચોરાશી લાખ પ્રયુતે એક નયુતાંગ ૨૩. ચોરાશી લાખ નયુતાંગે એક નયુત્ત ૨૪. ચોરાસી લાખ નયુતે એક ચૂલીકાંગ ૨૫. ચોરાશી લાખ ચૂલીકાંગે એક ચૂલિકા ૨૬. ચોરાશી લાખ ચૂલિકાએ એક શીર્ષ પ્રહેલીકાંગ ૨૭. ચોરાશી લાખ શીર્ષ પ્રહેલીકાંગે એક શીર્ષ પ્રહેલીકા થાય. ૨૮. (એકસો છનુ આંકે એક શીર્ષ પ્રહેલીકા થાય) તે ઉપરાંત ગણીત નથી. અસંખ્યાતે વર્ષે એક પલ્યોપમ થાય. (પાલાની ઓપમાએ) દશ ક્રોડાક્રોડ પલ્યોપમે એક સાગરોપમ થાય. દશ ક્રોડાક્રોડી સાગરોપમે એક અવસર્પિણી થાય. અને દશ ક્રોડાક્રોડી સાગરોપમે એક ઉત્સર્પિણી થાય. વીશ ક્રોડાક્રોડ સાગરોપમે એક કાળ ચક્ર થાય એવું કાળમાન જહાં છે તે એહ મનુષ્યલોક કહીએ. સમયક્ષેત્ર કહીએ.

વળી જ્યાં બાદર વીજળી અને બાદર સ્થનીત ગર્જારવ શબ્દ છે ત્યાં એ મનુષ્ય લોક કહીએ. સમયક્ષેત્ર કહીએ. વળી જ્યાં લગે ઉદાર ઘણા બાદર મેઘ વરસાદ ઉપજે છે. સંમૂર્છના પામે જમાવ કરે છે, વરસે છે ત્યાં એ મનુષ્ય લોક કહીએ. વળી જ્યાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લગે બાદર તેજસ્કાય (અગ્ની) છે ત્યાંલગે એ મનુષ્ય લોક કહીએ. વળી જ્યાં લગે સૂવર્ણાદિકના આગર છે, નિધાન ભૂમિગત ધન છે. ત્યાં લગે એ મનુષ્ય લોક કહીએ. વળી જ્યાં લગે અગડ, કુવા, ખાડ, નદી વહે છે ત્યાં લગે એ મનુષ્યલોક કહીએ. વળી જ્યાં લગે ચંદ્રગ્રહણ સૂર્યગ્રહણ, ચંદ્રમા પુઠે પરિધિ હોય (કુંડાળું) સૂર્યને પરિધિ હોય પ્રતિચંદ્રમા (પ્રતિબિંબ) દીસે છે પ્રતિસૂર્ય (પ્રતિબિંબ) દીસે છે, ઇંદ્ર ધનુષ્ય, ઉદકમચ્છ, કપિહસિત પૂર્વે વર્ણન કરેલ છે તે સર્વે છે ત્યાં લગે એ મનુષ્યલોક કહીએ. વળી જ્યાં લગે ચંદ્રમા, સૂર્ય, ગ્રહ ગણ, નક્ષત્ર, તારાને અતી ગમન વક્રગતી ચાર પ્રમુખ નિર્ગમન બાહ્ય અભ્યંતર મંડલે સંક્રમણ ચંદ્ર બીજની હાણી, વૃદ્ધિ શુકલ પક્ષ, કૃષ્ણપક્ષાદિકે ઇત્યાદિક અવસ્થીત સંસ્થાનક કહીએ છીએ ત્યાં લગે એ મનુષ્યલોક કહીએ સમયક્ષેત્ર કહીએ. અઢી દ્વીપ પીસ્તાલીસ લાખ જોજન પ્રમાણ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્ય ક્ષેત્ર માંહે જે ચંદ્રમા, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા છે. તે દેવતા શું ઉંચા ઉર્ધ્વ લોકે (કલ્પાતીતમાં) ઉત્તપન છે એટલે ઉર્ધલોક વાસી છે, કે કલ્પ (સૌધર્માદિક) દેવલોકના વસણહાર છે, કે વૈમાનના વસણહાર છે, કે ચારોપપન તે ચાર પ્રત્યે (મંડળ ગતિયે પરિભ્રમણ કરવું) પામ્યા છે, કે ચાર સ્થીતીક સ્થીર છે, કે ગતિને વિષે આશક્તિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તે દેવતા ઉર્ધ્વ લોક ઉત્પન નથી, તેમ કલ્પોપન પણ નથી. એટલે દેવલોકવાસી નથી. ત્રીજા લોકમાં પોતાના જ્યોતિષીના વૈમાનને વિષે ઉત્પન છે. ચારોપપન છે, ચાર ચરે છે. પણ સ્થિર ચારી નથી. ગતીને વિષે આસક્ત છે. ગતીપ્રતેજ આશ્રય છે. ઉર્ધ્વમૂખ કલંબુકા પુષ્પને સંસ્થાને સંસ્થીત અનેક સહસ્ત્રગમે જોજન પ્રમાણ તાપ ક્ષેત્રે કરી સહીત થકાં અનેક સહસ્ત્ર ગમે બાહીરલી વૈકુર્વિત પરખદાએ કરી સહીત થકાં મોટે મોટે સ્વરે વજાડતાં નાટક ગોગ્ય ગીત, વાજીંત્ર, વીણા, હસ્તતાળ, કાંસ્યતાલ, તુટિત, મોટું મૃદંગ, પડહ: એવે વાજીંત્રને શબ્દે કરીને મોટા ઉત્કૃષ્ટા સીંહનાદ બોલ કલકલ હર્ષને કોળાહળ શબ્દે કરી વિપુળ વિસ્તીર્ણ દેવસંબંધી ભોગ પ્રતે ભોગવતાં થકાં આછો નિર્મળ પર્વત્તનો રાજા (મેરૂ) પ્રતે દક્ષણાવર્ત્ત સવળે ફેરે મંડળ કરતાં થકાં મેરૂ પર્વત્તે પુંઠે પર્યટણ કરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જ્યારે તે જ્યોતિષી દેવતાનો ઇંદ્ર ચવે ત્યારે દેવતા ઇંદ્ર રહીત દેવકાર્ય કેમ કરે?

**ઉત્તર**—હે ગૌતમ, ત્યારે ચાર પાંચ સામાનીક દેવતા તે ઇંદ્ર સ્થાનક અંગીકાર કરીને વિચરે જ્યાં લગે ત્યાં અનેરો ઇંદ્ર ઉપજે ત્યાં લગે તે દેવકાર્ય પ્રતે કરે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે ઇંદ્રની ઉપજવાની સજ્યા કેટલા કાળ લગે ઇંદ્રિ વીરહીત રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમય ને ઉત્કૃષ્ટપણે છ માસનો વિરહ હોય.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્યક્ષેત્ર બાહીરલા જે ચંદ્રમા, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા છે. તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવતા શું ઉર્ધ્વ લોકે ઉત્પન છે, કે કલ્પના છે, ચાર કરે છે, કે સ્થીર ચારવંત છે, કે ગતીને વિષે આસક્ત છે, ગતી પ્રતે આશ્રય છે?

**ઉત્તર—**હે ગૌતમ, તે દેવતા ઉર્ધ્વ લોકે ઉત્પન નથી, (ત્રીછે લોકે વસે છે.) તેમ દેવલોકના રહેણુહાર પણ નથી. વૈમાનોપ્તન છે. પોતાને વૈમાને રહે છે. ચારોપ્તન નથી. ચાર સ્થીતીક છે, સ્થીર છે. ગતીને વિષે આસક્ત નથી. ગતી પ્રતે આશ્રયા નથી. પાકી ઇંટને સંસ્થાને સંથીત (ચોખૂણા) છે. લક્ષ જોજન પ્રમાણ તાપ ક્ષેત્રે કરી સહીતથકાં અને સહશ્રગમે બાહીરલી વૈક્રુવિ પરખદાએ સહીતથકાં મોટે મોટે શબ્દે વજાડતાં નાટીક યોગ્ય ગીત વાજીંત્રને શબ્દે કરીને દેવ સબંધી ભોગ ભોગવતાથકાં સુભ કાન્તિવંત સીતળ લેશ્યાવંત મંદ છે, આતાપ જેહનો એહવી લેશ્યાવંત વિચીત્ર મનોહર છે. એ ને અંતરે કીરણ જેહના શીખરની પરે સ્થાને સ્થીર રહ્યાંથકાં માંહો માંહે ભલી રીતે અવગાઢ કરી રહી. લેશ્યાઓ તેણે સહીત છે. એટલે ચંદ્ર, સૂર્યની પ્રત્યેક લેશ્યાનો વિસ્તાર લાખ જોજનનો છે, ને ચંદ્ર, સૂર્યને સુચી પંકિતએ રહેલાને પરસ્પર અંતર પચાશ હજાર જોજનનું છે, માટે ચંદ્રની પ્રભાએ સમિશ્ર મળેલી સૂર્યની પ્રભા છે, ને સૂર્યની પ્રભાએ સમિશ્ર મળેલી ચંદ્રપ્રભા છે. એમ પરસ્પર અવગાઢ કરી રહી લેશ્યા સહીત છે. એહવે કીરણે કરીને તે ક્ષેત્રના પ્રદેશ પ્રતે સઘળે ચોકફેર ઉધ્યોત કરે છે. અવભાસે છે, તપે છે, કાન્તિએ કરી દીપાવે છે.

**પ્રશ્ન—**હે ભગવંત, જ્યારે તે દેવતાનો ઇંદ્ર ચવે ત્યારે દેવતા દેવકાર્ય કેમ કરે?

**ઉત્તર—**હે ગૌતમ, જ્યાં લગે ત્યાં અનેરો ઇંદ્ર ઉપજે ત્યાં લગે ચાર પાંચ સામાનીક દેવતા તે ઇંદ્ર સ્થાનક અંગીકાર કરીને વિચરે.

**પ્રશ્ન—**હે ભગવંત, ઇંદ્ર સ્થાનક દેવ સંજ્યા કેટલો કાળ ઇંદ્ર રહીત રહે?

**ઊત્તર—**હે ગૌતમ, જઘન્યથી એક સમય ને ઉત્કૃષ્ટપણે ૭ માસનો વીરહ હોય. એ મનુષ્યક્ષેત્ર ને માનુષોત્તર પર્વત્તનો પ્રસંગે આવેલ અધિકાર કહ્યો.

## ૮૨. પુષ્કરોદધી સમુદ્ર. ॥૩॥

હવે તે પુષ્કરવર દ્વીપપ્રતે પુષ્કરોદધી નામે સમુદ્ર વૃત્ત વળીયાને આકારે જાવત્ વીંટીને રહયો છે.

**પ્રશ્ન—**હે ભગવંત, પુષ્કરોદધીનામા સમુદ્ર કેટલો ચક્રવાળે પહોળપણે પહોળો છે, અને કેટલો પરિધીપણે ફરતો છે?

**ઉત્તર—**હે ગૌતમ, સંખ્યાતા લાખ જોજન (બત્રીસ લાખ જોજન) ચક્રવાળે પહોળપણે છે અને સંખ્યાતા લાખ જોજન (ત્રણ ક્રોડ, પંચાણું લાખ, અઠયાવીશ હજાર, ચારસેં ઇકાતેર જોજન) પરિધીપણે ફરતો છે, તેને એક પદ્મવર વેદિકા ને એક વનખંડે કરી ચોતરફ વીંટેલ છે.

**પ્રશ્ન—**હે ભગવંત, પુષ્કરોદધી સમુદ્રને કેટલાં દ્વાર છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, ચાર દ્વાર છે તેમજ સર્વ કહેવું. પુષ્કરોદધી સમુદ્રને પૂર્વ દીશાને અંતે અને વારૂણીવર દ્વીપના પૂર્વાર્ધને પશ્ચિમ દીશે ઇહાં પુષ્કરોદધી સમુદ્રનું વિજયનામા દ્વાર છે. એમ શેષ ત્રણ દ્વાર પણ કહેવાં. દ્વાર દ્વારનું અંતર સંખ્યાતા લાખ જોજનનું અબાધાએ વચ્ચે અંતર છે. પ્રદેશ અને જીવ તેમજ કહેવા માંહોમાંહે સ્પર્શ્યા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, શ્યે અર્થે એમ કહો છો જે પુષ્કરોદધી સમુદ્ર એહવું નામ?

**ઉત્તર**—હે ગૌતમ, પુષ્કરોદધી સમુદ્રનું પાણી નિર્મળ છે, પથ્ય નિરોગ જાતવંત હળવું છે. સ્ફટીક રત્ન સરખું વરણે છે. સ્વભાવીક પાણી સમાન સ્વાદવંત છે. શ્રીધર ૧, ને શ્રીપ્રભ ૨, નામે બે દેવતા મહર્ધિક છે. જાવત્ પલ્યોપમની સ્થિતીવંત વસે છે તેણે અર્થે હે ગૌતમ! જાવત્ એ નામ નિત્ય છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પુષ્કરોદધી સમુદ્રને વિષે કેટલા ચંદ્રમા પ્રકાશ કરતા હુવા, કરે છે ને કરશે જાવત્ કેટલી ક્રોડા ક્રોડી તારાગણ શોભતા હુવા, શોભે છે અને શોભશે?

**ઉત્તર**—હે ગૌતમ, સંખ્યાતા ચંદ્રમા દીપતા હુવા, દીપે છે ને દીપશે. જાવત્ સંખ્યાતી ક્રોડા ક્રોડી તારાગણ શોભતા હુવા, શોભે છે ને શોભશે.

## ૮૩. વારૂણીવર દ્વીપ. ॥૪॥

તે પુષ્કરોદધી સમુદ્રપ્રતે વારૂણીવરનામા દ્વીપ વૃત્ત વળીયાકારે જાવત્ વીંટીને રહ્યો છે. તેમજ સમ ચક્રવાળ સંસ્થીત છે.

**પ્રશ્ન**—હે ભગવંત, વારૂણીવર દ્વીપ કેટલો ચક્રવાળ પોહોળો છે ને કેટલો પરીધિપણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, સંખ્યાતા લાખ જોજન (ચોસઠ લાખ જોજન) ચક્રવાળ પોહોળપણે છે અને સંખ્યાતા લાખ જોજન (આઠ ક્રોડ, પાંચ હજાર, છસેં પચવીસ જોજન) પરિધિપણે છે. તે વારૂણીવર દ્વીપ પદ્મવર વેદિકાએ ને વનખંડે વીટેલ છે તેનો વર્ણન પૂર્વપરે કહેવો. દ્વારાંતર, પ્રદેશ, જીવ તેમજ સર્વ પૂર્વપરે કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, વારૂણીવર દ્વીપ એહવું નામ શ્યે અર્થે કહોછો?

**ઉત્તર**—હે ગૌતમ, વારૂણીવરનામા દ્વીપે તે તે ઠામે તીહાં તીહાં ઘણી નાની મોટી વાવ જાવત્ બીલ પંક્તિ છે આછી છે. પ્રત્યેક પ્રત્યેક પદ્મવર વેદિકાએ અને વનખંડે પરીક્ષીપ્ત છે. તે વારૂણી સરખી પાણીએ ભરી છે તે દેખવા જોગ્ય મનને પ્રશ્નકારી છે. તે નાની મોટી વાવને વિષે જાવત્ બીલ પંક્તિને વિષે ઘણા ઉત્પાત પર્વત્ત છે. જાવત્ ખડહડક સ્થાનક વિશેષ તે સર્વ સ્ફટીક રત્નમય છે. આછા તેમજ કહેવા. વરૂણ ૧, અને વરૂણપ્રભ ૨. એ બે ઇહાં દેવતા મહર્ધિક છે જાવત્ વસેછે તેણે અર્થે એમ કહીએ છીએ જાવત્ એ નામ નિત્ય સાસ્વતું છે.

જ્યોતીષી સર્વ સંખ્યાતા કહેવા જાવત્ તારા ગણ સંખ્યાતી ક્રોડા ક્રોડીઓ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૮૪. વારૂણોદધી સમુદ્ર. ॥૪॥

તે વારૂણીવર દ્વીપપ્રતે વારૂણોદધી સમુદ્ર વૃત્ત વળીયાકારે જાવત્ વીંટીને રહ્યો છે. સમ ચક્રવાળ સંસ્થીત છે. તેમજ સર્વ કહેવું. પોહોળપણે અને પરધીપણે સંખ્યાતા લાખ જોજન છે. (એક ક્રોડ, અઠયાવીશ લાખ જોજન પોહોળો છે અને સોળ ક્રોડ, નવ લાખ, ઓગણસાઠ હજાર, નવસેં તેત્રીશ જોજન પરિધી છે.) દ્વારાંતર પણ એમજ કહેવું. પદ્મવર વેદિકા, વનખંડ, પ્રદેશ, જીવ. એ સર્વ પૂર્વલીપરે કહેવાં.

**પ્રશ્ન—**હે ભગવંત, વારૂણોદધી સમુદ્ર એહવું નામ શ્યે અર્થે કહોછો?

**ઉત્તર—**હે ગૌતમ, વારૂણોદધી સમુદ્રનું પાણી જેમ કોઇ ચંદ્રપ્રભા મદિરા , મણીસીલાકા મદિરા, પ્રધાન સીંધુ, (મદ્ય વિશેષ) વર ઉત્તમ વારૂણી (મદ્ય વિશેષ) પત્રનો આસવ, (રસ) પુલનો આસવ, ચુઆનો આસવ, ફળનો આસવ, મધુ મેરક, (મદ્ય જાતી) જાતવંત રસના મદિરા, ખજુર સાર, દ્રાખનો સાર, કાપીસાયન (મદ્ય જાતી) તથા ભલી રીતે પાકો કર્યો જે તાડીનો રસ તે સરખો મદ્ય વિશેષ તથા ઘણા સંસ્કારે ઘણી વસ્તુના સમોહ યુક્ત પોસ માસે નીપજાવવા યોગ્ય નિપહત કોઇ રીતે જેનો અટકાવ ન થઇ શકે, હણાય નહિ, ઘણે કાળે, ઘણા ઉપચારે નીપજાવેલી સૂરા સુધી અમૃત સરખી તથા ઉત્કૃષ્ટે કરી અષ્ટ પ્રકારના પીષ્ટ પાકે નીપજાવેલી સુખે કીધો પ્રધાન કોઇ કર્દમ વિશેષ તે સરખી એલચી પ્રમુખ વસ્તુ વતે કાળી પ્રશ્નરૂપ નિર્મળ પ્રધાન વારૂણી સૂરા અતી રસે યુક્ત જાંબુના ફળ સમાન વર્ણવંત સૂજાત ભલી લીગારેક હોઠે પીતાં અવલંબ કરે (મીઠી માટે) અત્યંત મધુર મીઠી પીવા જોગ્ય લગારેક રાતી આંખ કરે (ચડાહે કરી) કપોળ સ્થળને કોમળ કરે એહવી જે મદિરા હીતની કરણહારી અનેહુત અન્યાય કરણ તે અનોપમ કાર્યની કરણહાર, હર્ષપ્રતે ઉપજાવણહાર સંતોષ વિભૂમ વિલાસની કરણહાર, વલભ મનની કરણહાર, વિશેષ અધિક સત્વની ઉપજાવણહાર એહવી મદિરા હોય, સંગ્રામને દેસે તે ઠામે રણસંગ્રામને રસે મદે કરી યુક્ત હૃદયને કોમળની કરણહાર હોય. ઉપવેસીત કીધીથકી સહકાર (આંબા) ને સુગંધ રસ તેણે દીપાવી સુગંધી ગંધવંત આસ્વાદવા જોગ્ય, વિશેષે સ્વાદવા જોગ્ય, શરીરની વૃદ્ધિની કરણહાર, પુષ્ટીની કરણહાર, દર્પની વધારણહાર, કંદર્પની વધારણહાર, સર્વ ઇંદ્રી અને ગાત્ર જે શરીર તેહને પ્રહલાદની કરણહારી સ્વાદવા જોગ્ય, પુષ્ટીકારી મનોહર શુભ વર્ણે કરી સહીત, ગંધે કરી સહીત, રસે કરી સહીત, સ્પર્શે કરી સહીત એહવી હોય. ત્યારે ગૌતમ પુછે છે.

**પ્રશ્ન—**હે ભગવંત, એહવે સ્વાદે વારૂણોદધી સમુદ્રનું પાણી છે ?

**ઊત્તર—**હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. વારૂણોદધી સમુદ્રનું પાણી એથકી અત્યંત ઇષ્ટ મનોહર જાવત્ સ્વાદે કરીને છે. વળી તે વારૂણોદધી સમુદ્રે વારૂણી ને વારૂણીકાંત નામે બે દેવતા મહર્ધિક વસે છે તેણે અર્થે હે ગૌતમ! વારૂણોદધી નામ છે. જાવત્ નિત્ય સાસ્વતું નામ છે. ચંદ્રાદિક સર્વ જ્યોતિષી સંખ્યાતે આંકે જાણવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૮૫. ક્ષીરવર દ્વીપ. ॥૫॥

તે વારૂણીવર સમુદ્રપ્રતે ક્ષીરવરનામા દ્વીપ વૃત્ત વળીયાને આકારે ચોકફેર વીટીને રહ્યો છે. તે સંખ્યાતા જોજન પોહોળપણે અને પરિધિપણે જાણવો. (એ પાંચમો ક્ષીરવર દ્વીપ બે ક્રોડ, છપન લાખ જોજન પોહોળો છે ને બત્રીશ ક્રોડ, અઠયાવીશ લાખ, અડસઠ હજાર, પાંચસેં, ઓગણપચાશ જોજન પરિધિપણે છે) જાવત્ અર્થ કહે છે. ત્યાં ઘણી નાની મોટી વાવ જાવત્ સરોવરની પંક્તિ છે તે દુધ સમાન પાણીએ ભરી છે. મન પ્રસન્નકારી છે. તે નાની મોટી વાવને વિષે જાવત્ બિલપંક્તિને વિષે ઘણા ઉત્પાત્ત પર્વત્ત છે. તે સર્વ રૂપામય છે. જાવત્ પ્રતિરૂપ છે. ત્યાં પુંડરીક અને પુષ્ફદંત નામે બે દેવતા મહર્ધિક (મોટી રૂદ્ધિના ધણી) જાવત્ વસે છે તેણે અર્થે ક્ષીરવર દ્વીપ નામ કહીએ છીએ જાવત્ નિત્ય શાશ્વતું છે. ચંદ્રાદિક જ્યોતિષી સર્વ સંખ્યાતા કહેવા.

## ૮૬. ક્ષીરોદધી સમુદ્ર. ॥૫॥

તે ક્ષીરવર દ્વીપપ્રતે ક્ષીરોદધીનામા સમુદ્ર વૃત્ત વળીયાને આકારે સંસ્થિત જાવત્ ચોકફેર વીટીને રહ્યો છે. સમ ચક્રવાળ સંસ્થિત છે પણ વિષમ ચક્રવાળ સંસ્થિત નથી. સંખ્યાતા જોજન પોહોળપણે અને પરિધિપણે છે. (એ પાંચમો ક્ષીર સમુદ્ર પાંચ ક્રોડ, બાર લાખ જોજન પોહોળો છે અને ચોસઠ ક્રોડ, છાસઠ લાખ, પંચાસી હજાર, સાતસેં, એકાસી જોજન પરિધિપણે છે.) તેમજ સર્વ કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, ક્ષીરોદધી સમુદ્ર એહવું નામ શ્યે અર્થે કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, ક્ષીરોદધી સમુદ્રનું પાણી જેમ કોઇ યથા દ્રષ્ટાંતે ઔષધિ સર્વ ઔષધિ દેશ વિશેષ જાણવી. અર્જુન નામે તરૂણ રસે સહિત, કોમળ પત્રે સહિત છેદ્યા નથી તૃણના આગલા ભાગ જેના તેનો રસ તથા પોંડગ નામે વનસ્પતિ વરિત્યુ દેશ વિશેષ જાણવી વર વારૂણિ તથા લવંગ વૃક્ષનાં પાન, ફુલ, ફળ કુંપલવંત અંકુરા તથા કંકોલનામા ફળ વૃક્ષ તથા ઘણા ગુચ્છ, ગુલ્મે સહીત એલચીની લાકડીનો રસ જેઠીમધ તથા પ્રચુર પીપરફળી ફુલી વેલડી છે જીહાં તેનો રસ તથા પ્રધાન વારૂણી સૂરા વિશેષ એહવી વર પ્રધાન વિવર ભૂમિભાગની વીચરણહારી અલ્પ ઉદકવંત કાદવ રહીત સરસ ભૂમિભાગને વિષે નિર્ભયપણે સુખે બેસણહારી રોગેકરી વર્જિત એહવી નિરૂપહત તે નિર્ભય સુખસ્થાને ભલી રીતે રહેલી, ઉપદ્રવ રહીત છે. અખંડ શરીરવંત ક્રીડાએ સુખે પ્રસવ છે જેહને એહવી બીજીવાર ત્રીજીવાર પ્રસવી (વીઆણી) હોય એહવી. વળી જેહવું અંજન હોય તથા વર પ્રધાન મહીષ શ્રંગનું (પાડાના શીંગનું) વળય તથા મેઘ તથા જાંબુ અંજન તથા અરીષ્ટ તથા ભ્રમર એ સરખી કાળી ગાય. (કાળી ગાયનું દૂધ વિશેષ વખાણવા જોગ્ય છે તે માટે. વળી શાસ્ત્રમાં ઠેકાણે ઠેકાણે કાળી ગાયની વાત આવે છે પણ ભેંશની વાત ક્યાંઇ આવતી નથી જેથી ભેંસને કાળી ગાય કહીને બોલાવી હોય એમ સંભવ થાય છે.) તેનું કુંડા સરીખું મોટું આઉ છે અથવા ચાર સ્થાંનકે પરીણમીત (તે કેમ દશ હજાર ગાયનું દૂધ એક હજાર ગાયને પાઇએ. તે એક હજાર ગાયનું દૂધ એકસો ગાયને પાઇએ તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકસો ગાયનું દૂધ દશ ગાયને પાઇએ. તે દશ ગાયનું દૂધ એક ગાયને પાઇએ. એ ચાર સ્થાનક.) એહવું કાળી ગાયનું દૂધ મધુર રસ તેહને ઘણે દ્રવ્યે સહીત ઉદ્યમે કરી મંદાગ્નીએ કરેલું આયુક્ત ખાંડ, ગોળ, સાકરની પાય તેણે યુક્ત રાજા ચાતુરંત ચક્રવર્ત્તિ તેહને અર્થે નીપજાવેલ તે ખીર (દૂધપાક) આસ્વાદવા જોગ્ય. વિશેષે સ્વાદ લેવા જોગ્ય શરીરને પુષ્ટ કરે જાવત્ સર્વ ઇંદ્રિ ને ગાત્ર જે શરીર તેહને પ્રમોદ કરે. શુભવર્ણે કરી સહીત જાવત્ સ્પર્શે કરી સહીત હોય ત્યારે ગૌતમ પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એહવું તે ક્ષીર સમુદ્રનું પાણી હોય?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. ક્ષીરોદધી સમુદ્રનું પાણી એ થકી અત્યંત ઇષ્ટ છે. જાવત્ આસ્વાદે કરીને છે. વળી વિમળ અને વિમળપ્રભ નામે ઇહાં બે દેવતા મહર્ધિક જાવત્ વસે છે. તેણે અર્થે ક્ષીરોદધી સમુદ્ર એહવું નામ કહીએ. સંખ્યાતા ચંદ્રમા જાવત્ સંખ્યાતા તારા છે.

## ૮૭. ધૃતવર દ્વીપ. ॥૬॥

તે ક્ષીરોદધી સમુદ્ર પ્રતે ધૃતવરનામા દ્વીપ વૃત વળીયાને આકારે જાવત્ ચોકફેર વીંટીને રહ્યો છે. તે સમ ચક્રવાળ સંસ્થીત છે પણ વિષમ ચક્રવાળે નથી. સંખ્યાતા જોજન પોહોળપણે ને પરિધિપણે છે. (એ છઠો ધૃતવર દ્વીપ દશ ક્રોડ ચોવીસ લાખ જોજન પોહોળપણે છે ને એકસો ઓગણત્રીસ ક્રોડ, ત્રેતાળીસ લાખ, વીશ હજાર, બસેં પીસ્તાલીસ જોજન પરિધિપણે છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, ધૃતવરનામા દ્વીપ એવું નામ સ્યે અર્થે કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, તે ધૃતવર દ્વીપે તે તે ઠામે ત્યાં ત્યાં ઘણી નાની મોટી વાવ છે જાવત્ ધૃત સમાન પાણીએ ભરી છે તે વાવમાંહી ઉત્પાત પર્વત્ત છે જાવત્ ખડહડક તે સર્વ કાંચનમય છે આછા જાવત્ પ્રતિરૂપ છે. વળી કનક અને કનકપ્રભ નામે ઇહાં બે દેવતા મહર્ધિક છે તે અર્થે ધૃતવર દ્વીપ એવું નામ કહીએ. ત્યાં ચંદ્રાદિક જ્યોતિષી સર્વ સંખ્યાતા છે.

## ૮૮. ધૃતોદધિ સમુદ્ર. ॥૬॥

તે ધૃતવર દ્વીપ પ્રતે ધૃતોદધી નામા સમુદ્ર વૃત વળીયાને આકારે જાવત્ વીંટીને રહ્યો છે. સમ ચક્રવાળ છે તેમજ વિખંભ, પરિધિ, દ્વારાંતર પ્રદેશ, જીવ કહેવા. (એ છઠો ધૃતવર સમુદ્ર વીશ ક્રોડ ને અડતાલીસ લાખ જોજન પોહોળપણે છે અને બસેં અઠાવન ક્રોડ, પંચાણું લાખ, નેવાસી હજાર, એકસો તોંતેર જોજન પરિધિપણે છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, ધૃતવર સમુદ્ર એવું નામ સ્યે અર્થે કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, ધૃતોદધી સમુદ્રનું પાણી જેમ કોઇ ફુલ્યા વિકસ્વર કણયરના ફુલ જેવાં હોય તથા સરસ તાજાં વિકસ્વર કોરંટ વૃક્ષના ફુલની માળા સરખો સ્વેત પીંડ છે. જેનો ચીગટ તે ગુણે અને તેજે કરી દીપમાન નિરૂપમહત ઉત્તમ સુંદર અત્યંત એવું દધી જાતીવંત મથીને તેજ દીવસનું ગૃહીત માંખણ ભલે પ્રકારે તાવ્યું અત્યંત પુષ્ટ સુગંધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગંધ મુકતું મનોહર મધુર પરણામે કરી દેખવા જોગ્ય પ્રસસ્થ નિર્મળ સુખે ઉપભોગ શરદ કાળને વિષે ગૌધૃતનો મંડ એટલે ધૃતના સમૂહ ઉપર રહેલું પ્રધાન ઘીઇ (ગાયના ઘીથી પણ અધીક) હોય ત્યારે ગૌતમ પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એવું ઘી જેવું ધૃતોદધી સમુદ્રનું પાણી સ્વાદવંત છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. ધૃતોદધી સમુદ્રનું પાણી એ થકી અત્યંત ઇષ્ટ છે. આસ્વાદે કરીને. વળી કાંત અને સુકાંત નામે ઇહાં બે દેવતા મહર્ધિક જાવત્ વસે છે. શેષ સર્વ તેમજ કહેવું. ચંદ્રાદિક જ્યોતિષી સંખ્યાતા છે. જાવત્ સંખ્યાતી ક્રોડાક્રોડી તારાગણ છે.

## ૮૯. ઇક્ષુવર દ્વીપ. ॥૭॥

તે ધૃતોદધી સમુદ્રપ્રતે ઇક્ષુવરનામા દ્વીપ વૃત વળીયાને આકારે જાવત્ વીંટીને રહ્યો છે તેમજ સર્વ કહેવું. (એ સાતમો ઇક્ષુવર દ્વીપ ચાલીસ ક્રોડ ને છનુ લાખ જોજન પોહોળપણે છે અને પાંચસેં અઢાર ક્રોડ, એકલાખ, સતાવીસ હજાર, ને ઓગણત્રીશ જોજન પરિધિપણે છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, ઇક્ષુવર દ્વીપ એવું નામ સ્યે અર્થે કહો છો?

**ઊત્તર**—હે ગૌતમ, ઇક્ષુવર દ્વીપને વિષે તે તે ઠામે ત્યાં ત્યાં નાની મોટી વાવ છે. જાવત્ તે ઇક્ષુરસ શરખે પાણીએ ભરી છે. ત્યાં ઉત્પાત પર્વત્ત છે. તે સર્વ વૈડુર્ય રત્નમય છે જાવત્ પ્રતિરૂપ છે. વળી સુપ્રભ અને મહાપ્રભ એ બે દેવતા ઇહાં મહર્ધિક છે જાવત્ વસે છે. તેણે અર્થે ઇક્ષુવર દ્વીપ નામ કહીએ.

સર્વ જ્યોતિષી ચંદ્રાદિક જાવત્ તારા લાગે સર્વ સંખ્યાતા છે.

## ૯૦. ઇક્ષુવર સમુદ્ર. ॥૭॥

તે ઇક્ષુવર દ્વીપ પ્રતે ઇક્ષુવરનામા સમુદ્ર વૃત વળીયાને આકારે વીંટીને રહ્યો છે. જાવત્ સંખ્યાતા જોજન પોહોળપણે અને પરિધિપણે છે. (એ સાતમો ઇક્ષુવર સમુદ્ર એકાસી ક્રોડ ને બાણું લાખ જોજન પોહોળપણે છે, અને એક હજાર છત્રીસ ક્રોડ બાર લાખ, બે હજાર સાતસેં એકતાલીશ જોજન પરિધિપણે છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, ઇક્ષુવર સમુદ્ર એવું નામ સ્યે અર્થે કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, ઇક્ષુરવર સમુદ્રનું પાણી જેમ કોઇ મનોહર પ્રસસ્ત વિશ્રાંત સ્નીગ્ધ સુકમાળ એહવો ભૂમિ ભાગ ધરતી છે જ્યાંહાં. એહવા ક્ષેત્રને વિષે કાષ્ટનું લષ્ટ વિસીષ્ટ જે હળ તેણે ખેડીને પ્રયતને કરી નિપૂણ કારીગરે તે શેલડી વાવી. પરીકર્મ અનુપાળીત સુજાતે ભલા બુદ્ધિવંત જને પીલીત અને તૃણના દોષ તેણે કરી વરજીત (રહીત) નિવૃર્તિ સ્થાનકે વધી નિર્મળ પાકી સુંદર પરીણત પાકી પીનપુષ્ટ જાડી થાય ભલી મીઠી રસવંત ઉપદ્રવ્યે વરજીત તાઢે કરી ફરશીત એટલે સીતળ કાળની જીવ જંતુના ઉપદ્રવ્ય રહીત એવા તાજા ભાંગેલા સાંઠાના વિચાલાના ત્રીજા ભાગની અપનીત (નીચલો તથા ઉપલો ભાગ કાઢીને)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટાળ્યા છે મૂળ જેહના અને વળી ગાંઠ કાઢી નાંખી છે. સાંઠાની માંહે મનુષ્યે કાપી ઉંચ દેશની જાવત્ ખોડ દેશની ઉપની બળવંત મનુષ્યે યંત્ર કોળુએ (ચીચોડે) તત્કાળ પીલી એહવી શેલડીનો રસ હોય તે વસ્ત્રે કરી ગળીને ચતુર્યાત સુગંધ દ્રવ્યે વાસીત અત્યંત પથ્ય હળવો વર્ણે કરી સહીત જાવત્ તેમજ આસાદવા જોગ્ય છે. ત્યારે ગૌતમ પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ઇક્ષુવર સમુદ્રનું પાણી એહવું સ્વાદવંત છે?

**ઊત્તર—**હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. ઇક્ષુવર સમુદ્રનું પાણી એ થકી અત્યંત ઇષ્ટ છે. જાવત્ આસ્વાદે કરીને છે. વળી પૂર્ણભદ્ર અને માણીભદ્ર એહવે નામે બે દેવતા મહર્ધિક જાવત્ વિચરે છે. શેષ સર્વ તેમજ કહેવું. ચંદ્રાદિક જ્યોતિષી સર્વ સંખ્યાતા છે.

## ૯૧. નંદીશ્વર દ્વીપ. ॥૮॥

તે ઇક્ષુવર સમુદ્રપ્રતે નંદીસ્વરનામા દ્વીપ વૃત્ત વળીયાકારે વીંટીને રહયો છે. તેમજ સંખ્યાતા ક્રોડ જોજન પહોળપણે ને પરિધીપણે છે. (એ આઠમો નંદીસ્વર દ્વીપ એકસો ત્રેસઠ ક્રોડ ને ચોરાસી લાખ જોજન પહોળપણે છે, ને બે હજાર, બહોંતેર, ક્રોડ, તેત્રીશ લાખ, ચોપન હજાર, એકસો પાંસઠ જોજન પરિધીપણે છે.) વળી પદ્મવર વેદિકા, વનખંડ તેહનું માન, દ્વારનામ, માન, દ્વારાંતર, પ્રદેશ, જીવ. સર્વ તેમજ પૂર્વલી રીતે કહેવાં.

**પ્રશ્ન—**હે ભગવંત, નંદીસ્વરનામા દ્વીપ એહવું નામ શ્યે અર્થે કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, નંદીસ્વર દ્વીપે તે તે ઠામે ઘણી નાની મોટી વાવ છે. જાવત્ બીલ પંક્તિ છે. તે શેલડીના રસ સરીખે પાણીએ કરી ભરી છે. ઉત્પાત પર્વત્ત સર્વ વજ્ર રત્નમય છે. પંક્તિ છે. આછા જાવત્ પ્રતિરૂપ છે.

## ૯૨. ચાર અંજનગીરી પર્વત્તનો અધિકાર.

તેમ વળી હે ગૌતમ નંદીસ્વર દ્વીપના ચક્રવાળ વિખંભ પહોળપણાને મધ્ય ભાગે ઇહાં ચારે દિશે ચાર અંજનગીરી પર્વત્ત છે. તે અંજનગીરી પર્વત્ત ચોરાશી હજાર જોજન ઉંચપણે છે. એક હજાર જોજન ઉંડપણે છે. હેઠા મૂળે કાંઇક અધીકેરાં દશ હજાર જોજન લાંબપણે,પહોળપણે છે, ને ધરતી તળે પુરા દશ હજાર જોજન લાંબપણે પોહોળપણે છે. ત્યાર પછી માત્રાએ માત્રાએ પ્રદેશ પ્રદેશની હાણીએ ઘટતા ઘટતા થકાં ઉપરે એક હજાર જોજન લાંબપણે પહોળપણે છે. મૂળે એકત્રીશ હજાર, છસેં ત્રેવીશ જોજન કાંઇક ઝાઝેરા પરિધીપણે છે. ધરતી તળે એકત્રીશ હજાર, છસેં ત્રેવીશ જોજન કાંઇક ઉણા પરિધીપણે છે. શીખર તળે ઉપરે ત્રણ હજાર, એકસો બાસઠ જોજન કાંઇક ઝાઝેરાં પરિધીપણે છે. મૂળે વિસ્તીર્ણ છે, વચ્ચે સાંકડા છે ને ઉપરે પાતળા છે. ગોપુંછને સંસ્થાને સંસ્થીત છે. સર્વ અંજન રત્નમય (સ્યામ કાળા) છે. આછા જાવત્ પ્રત્યેક પ્રત્યેક પદ્મવર વેદિકાએ પરીક્ષીપ્ત છે. પ્રત્યેક પ્રત્યેક વનખંડે પરિક્ષીપ્ત છે. તે વેદિકા અને વનખંડનો વર્ણન પૂર્વપરે કહેવો.

તે અંજનગીરી પર્વત્તને ઉપરે પ્રત્યેકે પ્રત્યેકે ઘણું સમ રમણિક ભૂમિ ભાગ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે જેમ કોઇ માદળનું તળું હોય જાવત્ દેવતા વસે છે. તે ઘણું સમ રમણિક ભૂમિભાગને મધ્યભાગે પ્રત્યેક પ્રત્યેક સિદ્ધાયતન છે. તે એકેક સો જોજન લાંબપણે છે, પચાશ જોજન પહોળપણે છે, ને બહોંતેર જોજન ઉંચપણે છે. અનેક સ્થંભના સૈકડા તેણે કરી સનિ·વિષ્ટ છે. વર્ણન પૂર્વલી પરે કરવું. તે સિદ્ધાયતનને પ્રત્યેકે પ્રત્યેકે ચાર દિશે ચાર દ્વાર છે. તેનાં નામ કહે છે. દેવ દ્વાર ૧, અસુર દ્વાર ૨, નાગ દ્વાર ૩, ને સુવર્ણ દ્વાર ૪. ત્યાં ચાર દેવતા મહર્ધિક જાવત્ એક પલ્યોપમની સ્થિતિના વશે છે. તેનાં નામ કહે છે. દેવ ૧, અસુર ૨, નાગ ૩, ને સુવર્ણ ૪. તે દ્વાર સોળ જોજન ઉંચપણે છે આઠ જોજન પોહોળપણે છે. તેટલાજ પ્રવેસપણે છે. સ્વેત છે. ઉત્તમ સુવર્ણમય છે. વર્ણન સર્વ કહેવો. જાવત્ વનમાળા છે. તે દ્વારને ચારે દિશે ચાર મુખમંડપ છે. તે મુખમંડપ એક સો જોજન લાંબપણે છે. પચાસ જોજન પોહોળપણે છે કાંઇક અધીકેરાં સોળ જોજન ઉંચપણે છે. તેનો વર્ણન પૂર્વલી રીતે કહેવો. તે મુખમંડપને ચારે દિશે ચાર દ્વાર છે. તે દ્વાર સોળ જોજન ઉંચપણે છે. આઠ જોજન પોહોળપણે છે તેટલાજ પ્રવેશપણે છે. શેષ સર્વ તેમજ જાવત્ વનમાળા લગે કહેવું. એમ પ્રેક્ષાઘર મંડપ પણ તેહીજ પ્રમાણ કહેવું. જેમ મુખ મંડપના દ્વાર કહ્યા તેમ પ્રેક્ષાઘર મંડપના દ્વાર પણ તેમજ કહેવાં. તે પ્રેક્ષાઘર મંડપને મધ્યભાગે અક્ષાટક છે. તે વિચે મણિપીઠીકા છે તે આઠ જોજન પ્રમાણ છે. તે ઉપર સીંહાસન છે. પરીવાર રહીત જાવત્ દામ છે. ચારે દિશે સ્થુભ છે (ચૈત્યરૂપ) તેમજ કહેવાં. પણ તે સોળ જોજન પ્રમાણ છે. કાંઇક ઝાઝેરા સોળ જોજન ઉંચા છે. શેષ તેમજ જાવત્ ત્યાં જીન (દેવતાની) પ્રતિમા છે. ચૈત્યવૃક્ષ તેમજ ચાર દિશે ચાર છે. તેહીજ પ્રમાણ સર્વ વિજય રાજ્યધાની પરે કહેવું. પણ એટલો વિશેષ જે મણિપીઠીકા સોળ જોજન પ્રમાણ છે. ચૈત્યવૃક્ષની. તે ચૈત્યવૃક્ષને ચારે દિશે ચાર મણિપીઠીકા છે. તે આઠ જોજન લાંબી પોહોળી ચાર જોજન જાડી છે તે ઉપરે મહેંદ્ર ધ્વજ છે. તે સાઠ જોજનનો છે. તે આગળ વાવ છે તે સો સો જોજન લાંબપણે છે. પચાસ જોજન પોહોળપણે છે. દશ જોજન ઉંડપણે છે. શેષ સર્વ તેમજ. મનોગુલિકા અને ગૌમાનસીકા અડતાલીશ અડતાલીશ હજાર છે. તે કહેછે પૂર્વદિશે સોળ હજાર, પશ્ચિમ દિશે સોળ હજાર, દક્ષિણ દિશે આઠ હજાર ને ઉત્તર દિશે આઠ હજાર, એમ અડતાળીશ હજાર. શેષ સર્વ તેમજ પૂર્વલી પરે કહેવાં. ઉલોચ ભૂમિ ભાગ કહેવા. જાવત્ તે સિદ્ધાયતનને મધ્યભાગે મણીપીઠીકા છે તે સોળ જોજન લાંબપણે પોહોળપણે છે. આઠ જોજન જાડપણે છે. તે મણીપીઠીકાને ઉપરે દેવછંદા છે. તે સોળ જોજન લાંબા પોલોળા છે. અને કાંઇક ઝાઝેરા સોળ જોજન ઉંચપણે છે. સર્વ રત્નમય છે તે માંહી એકસો આઠ જીન (દેવતાની) પ્રતિમા છે. સર્વ તેહજ ગમો જાણવો. જેમ વૈમાનીક સિદ્ધાયતનનો અધિકાર (સૂર્યાભ વૈમાનના સિદ્ધાયતનનો અધિકાર રાયપ્રસેણી સૂત્રમાં) છે. તેમ જાણવો.

વળી તીહાં જે પૂર્વદિશીનો અંજનગીરી પર્વત્ત છે. તેને ચારે દિસે ચાર નંદાપુષ્કરણી વાવ છે. નંદોત્તરા ૧, નંદા ૨, આનંદા ૩. ને નંદીવર્ધના ૪. તે નંદાપુષ્કરણી એકેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાખ જોજન લાંબી પોહોળી છે. દશ જોજન ઉંડી છે નિર્મળ સુકમાળ છે. તે પ્રત્યેક પ્રત્યેક પદ્મવર વેદિકાએ ને પ્રત્યેક પ્રત્યેક વનખંડે કરી પરીક્ષીપ્ત છે. તીહાં જાવત્ ત્રીસોપાન (પગથીયાં) તોરણ કહેવાં. તે પુષ્કરણીને મધ્યભાગે વિચે પ્રત્યેક પ્રત્યેક દધીમુખ પર્વત્ત છે. તે ચોસઠ હજાર જોજન ઉંચપણે છે એક હજાર જોજન ઉંડા છે સઘળે મૂળે અને શીખરે ધાન ભરવાના પાલાને સંસ્થાને સંસ્થીત છે. દશ હજાર જોજન લાંબપણે પોહોળપણે છે. એકત્રીશ હજાર છસેંને ત્રેવીશ જોજન પરિધીપણે ફરતા છે. સર્વ રત્નમય છે. આછા જાવત્ પ્રતિરૂપ છે. પ્રત્યેક પ્રત્યેક પદ્મવર વેદિકાએ ને વનખંડે પરીક્ષીપ્ત છે. વેદિકા ને વનખંડનો વર્ણન કરવો. તે ઉપરે સમ ભૂમિભાગ છે. જાવત્ દેવતા વસેછે. તે વચે સિદ્ધાયતન છે. પૂર્વે માન અંજનગીરી પર્વત્તને વિષે જે સિદ્ધાયતનની વ્યક્તવ્યતા કહી તેહીજ નિરવિશેષપણે કહેવી. જાવત્ ઉપરે આઠ આઠ મંગળીક. છે.

વળી તીહાં જે દક્ષિણ દિશનો અંજન પર્વત્ત છે તેહને ચારે દિશે ચાર નંદાપુષ્કરણી વાવ છે. તે ભદ્રા ૧, વિશાળા ૨, કુમુદા ૩, ને પુંડરંગિણ ૪. તેહીજ પ્રમાણ કહેવું. તેમજ તે માંહે વચે દધીમુખ પર્વત્ત છે તેહીજ પ્રમાણ તીહાં સિદ્ધાયતન છે.

વળી તીહાં જે પશ્ચિમ દિશીનો અંજન ગીરી પર્વત્ત છે. તેહને ચારે દિશે ચાર નંદાપુષ્કરણી છે. નંદિષેના ૧, અમોધા ૨, ગોસ્થુભા ૩. ને સુદર્શના ૪. એહનું માન, એ માંહે દધીમુખ પર્વત્ત છે તેહનું માન સર્વ તેમજ કહેવું જાવત્ તે દધીમુખ ઉપરે સિદ્ધાયતન છે.

વળી તીહાં જે ઉત્તર દિશીનો અંજન પર્વત્ત છે તેહને ચાર દિશે ચાર નંદા પુષ્પકરણી છે. વિજયા ૧, વિજયંતી ૨, જયંતી ૩, ને અપરાજીત ૪ શેષ સર્વ તેમજ વાવનું માન તે માંહે દધીમુખ પર્વત્ત છે તેહનું માન. તે ઉપરે સિદ્ધાયતન છે તેહનું માન જાવત્ ચૈત્યવૃક્ષ લગે સર્વ વર્ણન પૂર્વલીપરે જાણવું.

(વળી તે વાવને અંતરાળે બે બે રતીકર પર્વત્ત છે એમ સોળ વાવ વચે બત્રીશ રતીકર પર્વત્ત છે તે ઇહાં કહ્યા નથી પણ બીજે સૂત્રે કહ્યા છે. તે માટે ચાર અંજનગીરી, સોળ દધીમુખ, ને બત્રીશ રતીકર એમ બાવન પર્વત્તે બાવન સિદ્ધાયતન નંદીસ્વર દ્વીપેછે.) તીહાં ઘણાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષિ, વૈમાનિક દેવતા ત્રણ ચોમાસાં તે. અશાડ ચોમાસું, કાર્તિક ચોમાસું, ને ફાગુણ ચોમાસું, ને સંવત્સરી પર્યુષણ પર્વ તથા અનેરી પણ ઘણી તિથિને વિષે તિર્થંકરના જન્મ કલ્યાણિક, દીક્ષા કલ્યાણિક, કેવળજ્ઞાન પ્રાપ્તિ કલ્યાણિક, પરિનિર્વાણ કલ્યાણિક ઇત્યાદિક દેવતા સંબંધી કાર્યને વિષે, દેવતા સમુદાયને વિષે, દેવ સંબંધી ગોષ્ટીને વિષે, દેવ સંબંધી સમવાયને વિષે, દેવ સંબંધી એહવા જીત પ્રયોજનને વિષે એકાંત એકઠાં મળ્યાંથકાં પ્રમુદિત અત્યંત હર્ષવંત થકાં અષ્ટાનિકા માહા મહોત્સવ કરતાંથકાં સુખે સુખે વિચરે છે. વળી કઇલાસ અને હરીવાહન નામે ઇહાં બે દેવતા મહર્ધિક જાવત્ પલ્યોપમની સ્થિતિએ વસે છે તેણે અર્થે હે ગૌતમ! નંદીસ્વર દ્વીપ એહવું નામ કહીએ. જાવત્ એ નામ શાશ્વતું છે.

જ્યોતિષી ચંદ્રાદિક સર્વ સંખ્યાતા છે. એ નંદીસ્વર દ્વીપ કહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૯૩. દ્વીપ સમુદ્રનાં નામ, વિષ્ંભ, ને પરિધિપણાની સમજુતી.

| નંબર. | દ્વીપ, સમુદ્રનાં નામ. | દ્વીપ, સમુદ્રનું પોહોળપણું. | દ્વીપ, સમુદ્રનું પરિધિપણું. |
|---|---|---|---|
| ૧ | જંબુદ્વીપ. | જોજન, ૧૦૦૦૦૦ | ૩૧૬૨૨૭-૩-૧૨૮-૧૩॥ |
| ૧ | લવણ સમુદ્ર. | ૨૦૦૦૦૦ | ૧૫૮૧૧૩૯ કાંઇક માહેરી |
| ૨ | ધાતકીખંડ દ્વીપ. | ૪૦૦૦૦૦ | ૪૧૧૦૯૬૧ |
| ૨ | કાળોદધી સમુદ્ર. | ૮૦૦૦૦૦ | ૯૧૭૦૬૦૫ |
| ૩ | પુષ્કરવર દ્વીપ. | ૧૬૦૦૦૦૦ | ૧૯૨૦૦૮૯૪ |
| ૩ | પુષ્કરોદધી સમુદ્ર. | ૩૨૦૦૦૦૦ | ૩૯૫૨૮૪૭૧ |
| ૪ | વારૂણીવર દ્વીપ. | ૬૪૦૦૦૦૦ | ૮૦૦૦૫૬૨૫ |
| ૪ | વારૂણોદધી સમુદ્ર. | ૧૨૮૦૦૦૦૦ | ૧૬૦૯૫૯૯૩૩ |
| ૫ | ક્ષીરવર દ્વીપ. | ૨૫૬૦૦૦૦૦ | ૩૨૨૮૬૮૫૪૯ |
| ૫ | ક્ષીરોદધી સમુદ્ર. | ૫૧૨૦૦૦૦૦ | ૬૪૬૬૮૫૭૮૧ |
| ૬ | ઘૃતવર દ્વીપ. | ૧૦૨૪૦૦૦૦૦ | ૧૨૯૪૩૨૦૨૪૫ |
| ૬ | ઘૃતોદધી સમુદ્ર. | ૨૦૪૮૦૦૦૦૦ | ૨૫૮૯૫૮૯૧૭૩ |
| ૭ | ઇક્ષુવર દ્વીપ. | ૪૦૯૬૦૦૦૦૦ | ૫૧૮૦૧૨૭૦૨૯ |
| ૭ | ઇક્ષુદધી સમુદ્ર. | ૮૧૯૨૦૦૦૦૦ | ૧૦૩૬૧૨૦૨૭૪૧ |
| ૮ | નંદીસ્વર દ્વીપ. | ૧૬૩૮૪૦૦૦૦૦ | ૨૦૭૨૩૩૫૪૧૬૫ |
| ૮ | નંદીસ્વર સમુદ્ર. | ૩૨૭૬૮૦૦૦૦૦ | ૪૧૪૪૭૬૫૭૦૧૩ |
| ૯ | અરૂણ દ્વીપ. | ૬૫૫૩૬૦૦૦૦૦ | ૮૨૮૯૬૨૬૨૭૦૯ |
| ૯ | અરૂણ સમુદ્ર. | ૧૩૧૦૭૨૦૦૦૦૦ | ૧૬૫૭૯૩૪૭૪૧૦૧ |
| ૧૦ | અરૂણવર દ્વીપ. | ૨૬૨૧૪૪૦૦૦૦૦ | ૩૩૧૫૮૭૮૯૬૮૮૫ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નંબર | દ્વીપ, સમુદ્રનાં નામ. | દ્વીપ, સમુદ્રનું પોહોળપણું. | દ્વીપ, સમુદ્રનું પરિધિપણું. |
|---|---|---|---|
| ૧૦ | અરૂણવર સમુદ્ર. | ૫૨૪૨૮૮૦૦૦૦૦ | ૬૬૩૧૭૬૭૪૨૪૫૩ |
| ૧૧ | અરૂણવરાવભાસ દ્વીપ. | ૧૦૪૮૫૭૬૦૦૦૦૦ | ૧૩૨૬૩૫૪૪૩૩૫૮૯ |
| ૧૧ | અરૂણવરાવભાસ સમુદ્ર. | ૨૦૯૭૧૫૨૦૦૦૦૦ | ૨૬૫૨૭૦૯૮૧૫૮૬૧ |
| ૧૨ | કુંડલ દ્વીપ. | ૪૧૯૪૩૦૪૦૦૦૦૦ | ૫૩૦૫૪૨૦૫૮૦૪૦૫ |
| ૧૨ | કુંડલ સમુદ્ર. | ૮૩૮૦૮૬૦૮૦૦૦૦૦ | ૧૦૬૧૦૮૪૨૧૦૯૪૯૩ |
| ૧૩ | કુંડલવર દ્વીપ. | ૧૬૭૭૭૨૧૬૦૦૦૦૦ | ૨૧૨૨૧૬૮૫૧૬૭૬૬૯ |
| ૧૩ | કુંડલવર સમુદ્ર. | ૩૩૫૫૪૪૩૨૦૦૦૦૦ | ૪૨૪૪૩૩૭૧૨૮૪૦૨૧ |
| ૧૪ | કુંડલવરાવભાસ દ્વીપ. | ૬૭૧૦૮૮૬૪૦૦૦૦૦ | ૮૪૮૮૬૭૪૩૫૧૬૭૨૫ |
| ૧૪ | કુંડલવરાવભાસ સમુદ્ર. | ૧૩૪૨૧૭૭૨૮૦૦૦૦૦ | ૧૬૯૭૭૩૪૮૭૯૮૨૧૩૩ |
| ૧૫ | રૂચક દ્વીપ. | ૨૬૮૪૩૫૪૫૬૦૦૦૦૦ | ૩૩૯૫૪૬૯૭૬૫૧૨૯૪૯ |
| ૧૫ | રૂચક સમુદ્ર. | ૫૩૬૮૭૦૯૧૨૦૦૦૦૦ | એમ સઘળે પૂર્વલી પરિધિને |
| ૧૬ | રૂચકવર દ્વીપ. | ઇહાંથી આગળે અસં- | બમણી કરીને તે માંહે |
| ૧૬ | રૂચકવર સમુદ્ર. | ખ્યાતા જોજનના દ્વીપ, | ૯૪૮૬૮૩ નવ લાખ, અડ- |
| ૧૭ | રૂચકવરાવભાસ દ્વીપ. | સમુદ્ર કહેવા (ક્રોડાક્રોડ | તાલીશ હજાર, છસેં, ત્રીયાશી |
| ૧૭ | રૂચકવરાવભાસ સમુદ્ર. | ઉપરાંત તે લોક વ્યવહારે | એટલા ભેળવીએ તેની જે |
| ૧૮ | હાર દ્વીપ. | અસંખ્યાતું કહીએ તે | સંખ્યા થાય તે આગળે પરિધિ |
| ૧૮ | હાર સમુદ્ર. | માટે.) | થાય એમ સર્વત્ર સમજવું. |
| ૧૯ | હારવર દ્વીપ. | | (એ આમ્ના લખી છે.) |
| ૧૯ | હારવર સમુદ્ર. | | |
| ૨૦ | હારવરાવભાસ દ્વીપ. | | |
| ૨૦ | હારવરાવભાસ સમુદ્ર. | | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પંદરમો રૂચક દ્વીપ ને પંદરમો રૂચક સમુદ્ર ત્યાં લગે દ્વીપ સમુદ્રના માન પોહોળપણે તથા પરિધિપણે સંખ્યાતા જોજન પ્રમાણ છે. (જંઘાચારણ સાધુ પ્રમુખ મનુષ્ય પણ પંદરમા રૂચક દ્વીપ લગે જઇ શકે તે આગળે ન જાય.) જ્યોતિપ ચક્ર પણ સર્વ સંખ્યાતું કહેવું, અને એ આગળે જે દ્વીપ, સમુદ્ર છે તે સર્વ એકેકથી બમણા પોહોળપણે અસંખ્યાતા જોજનના કહેવા. ત્યાં જ્યોતીપ ચક્ર પણ સર્વ અસંખ્યાતું કહેવું. (ક્રોડાક્રોડ ઉપરાંત તે લોક વ્યવહારે અસંખ્યાતું કહીએ તે ભાવે.) વળી જંબુ, લવણાદિક નામે પ્રત્યેકે પ્રત્યેકે અસંખ્યાતા છે જાવત્ સૂરવરાવભાસ સમુદ્ર લગે કહેવું. તે પછી પાંચ દ્વીપ ને પાંચ સમુદ્ર છેહલા છે. તે એકેક નામે છે (એ નામે બીજા વધારે નથી) તેના નામ. દેવદ્વીપ ૧. દેવસમુદ્ર ૧. નાગદ્વીપ ૨. નાગસમુદ્ર ૨, યક્ષદ્વીપ ૩, યક્ષસમુદ્ર ૩, ભૂતદ્વીપ ૪, ભૂતસમુદ્ર ૪. સ્વયંભૂરમણ દ્વીપ ૫, સ્વયંભૂરમણ સમુદ્ર ૫. તે છેલો સ્વયંભૂરમણ સમુદ્ર રાજનો ચોથો ભાગ ઝાઝેરો પોહોળપણે છે ને ત્રણ રાજ અને રાજનો છઠો ભાગ એટલો ફરતો પરિધિપણે છે. તથા જંબુદ્વીપના મધ્ય મેરૂપર્વત્તથકી માંડીને એક દિશાએ સ્વયંભૂરમણ દ્વીપનાં છેહ (છેડા) લગે સર્વ અસંખ્યાતા દ્વીપ, સમુદ્ર દોઢ લાખ જોજને ઓછા રાજના ચોથા ભાગમાં રહ્યા છે. એક છેલો એક સ્વયંભૂરમણ સમુદ્ર એક દિશાએ પોહોળપણે દોઢ લાખ જોજને અધીક રાજના ચોથા ભાગમાં રહ્યોછે તથા પ્રતર ગણીતે ગણીત ભાગપદ જોઇએ ત્યારે રત્નપ્રભા પૃથવીના ચોથા ભાગ માઠેરા માંહે અસંખ્યાતા સર્વ દ્વીપ, સમુદ્ર રહ્યા છે. અને ત્રણ ભાગ ઝાઝેરામાંહે એક સ્વયંભૂરમણ સમુદ્ર રહ્યો છે. એવડો સ્વયંભૂરમણ સમુદ્ર મોટો છે. તથા રત્નપ્રભા પ્રથ્વીના ચાર ભાગ માંહે સર્વ સમુદ્ર છે અને પાંચમા એક ભાગ માંહે સર્વ દ્વીપ છે. (ઇતિ તત્વં.) એ દ્વીપ સમુદ્રના નામ તથા સમજુતી કહી.

### ૯૪. નંદીસ્વર સમુદ્ર. ॥૮॥

તે નંદીસ્વર દ્વીપ પ્રતે નંદીસ્વરનામા સમુદ્ર વૃત વળીયાને આકારે વીટીને રહ્યો છે. જાવત્ તેમજ સર્વ પૂર્વલીપરે અર્થ કહેવાં. ઇક્ષુવર સમુદ્રની પરે ઇક્ષુરસ સમાન પાણી છે, જાવત્ સુમનસ ને સૌમનસ નામે ઇહાં બે દેવતા મહર્ધિક જાવત્ વસે છે. શેષ સર્વ તેમજ સંખ્યાતા જ્યોતિષી તારા લગે કહેવું.

### ૯૫. અરૂણ દ્વીપ. ॥૯॥

તે નંદીસ્વર સમુદ્ર પ્રતે અરૂણનામા નવમો દ્વીપ વૃત વળીયાને આકારે વીટીને રહ્યો છે.

**પ્રશ્ન**—હે ભગવંત, અરૂણનામા દ્વીપ શું સમચક્રવાળે સંસ્થીત છે કે વિપમ ચક્રવાળે સંસ્થીત છે?

**ઉત્તર**—હે ગૌતમ, સમ ચક્રવાળે સંસ્થીત છે પણ વિષમ ચક્રવાળે સંસ્થીત નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, અરૂણનામા દ્વીપ કેટલો પોહોળપણે છે ને કેટલો પરિધિપણે ફરતો છે?

**ઉત્તર**—હે ગૌતમ, સંખ્યાતા લાખ જોજન ચક્રવાળે પોહોળપણે છે અને સંખ્યાતા લાખ જોજન ફરતો પરિધિપણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી પદ્મવર વેદિકા, વનખંડ, દ્વારાંતર તેમજ કહેવાં સંખ્યાતા લાખ જોજન દ્વારના અંતર છે. જાવત્ અર્થ કહે છે. તે દ્વીપે વાવ પ્રમુખ છે તે ઇક્ષુરસ સમાન પાણીએ ભરી છે. ને ઉત્પાત પર્વત્ત છે તે સર્વ વજ્ર રત્નમય છે. અશોક અને વિતશોક નામા ઇહાં બે દેવતા મહર્ધિક જાવત્ વસે છે. તેણે અર્થે અરૂણદ્વીપ નામ કહીએ જાવત્ સર્વ જ્યોતિષી સંખ્યાતા છે.

## ૯૬. અરૂણોદધી સમુદ્ર. ॥૯॥

તે અરૂણદ્વીપ પ્રતે અરૂણોદધીનામા સમુદ્ર વૃત વળીયાને આકારે વીંટીને રહ્યો છે. તેનો પણ તેમજ વિષંભ, પરીક્ષેપ સંખ્યાતા જોજનનો છે અર્થ ઇક્ષુવર સમુદ્રની પરે કહેવો. પણ એટલો વિશેષ જે સુભદ્ર ને સમણભદ્રનામા ઇહાં બે દેવતા મહર્ધિક વસે છે શેષ સર્વ તેમજ કહેવું.

## ૯૭. અરૂણવર દ્વીપ. ॥૧૦॥

તે અરૂણોદધી સમુદ્ર પ્રતે અરૂણવરનામા દસમો દ્વીપ વૃત્ત વળીયાને આકારે વીંટીને રહ્યો છે. તેમજ સર્વ કહેવું. જાવત્ અર્થ કહે છે. ત્યા વાવ પ્રમુખ ઇક્ષુરસ સમાન પાણીએ ભરી છે. ત્યાં ઉત્પાત પર્વત્ત છે. તે સર્વ વજ્ર રત્નમય છે. આછા છે. અરૂણવરભદ્ર ને અરૂણવર માહાભદ્ર નામે ઇહાં બે દેવતા મહર્ધિક વસે છે.

## ૯૮. અરૂણોવરદધિ સમુદ્ર. ॥૧૦॥

તે દ્વીપને અરૂણોવરદધી સમુદ્ર વીંટીને રહ્યો છે. જાવત્ અરૂણવર ને અરૂણ મહાવર નામે ઇહાં બે દેવતા છે શેષ સર્વ તેમજ કહેવું.

## ૯૯. અરૂણવરાવભાસ દ્વીપ. ॥૧૧॥

તે અરૂણવર સમુદ્ર પ્રતે અરૂણવરાવ ભાસનામા અગ્યારમો દ્વીપ વૃત વીંટીને રહયો છે. જાવત્ અરૂણવરાવભાસભદ્ર ને અરૂણવરાવભાસ મહાભદ્ર નામે ઇહાં બે દેવતા મહર્ધિક વસેછે.

## ૧૦૦. અરૂણવરાવભાસ સમુદ્ર ॥૧૧॥

તે દ્વીપને અરૂણવરાવભાસ સમુદ્ર વીંટીને રહયો છે. ત્યાં અરૂણવરાવભાસવર ને અરૂણવરાવભાસ માહાવર નામે ઇહાં બે દેવતા મહર્ધિક વસે છે.

## ૧૦૧. કુંડલ દ્વીપ. ॥૧૨॥

તે કેડે બારમો કુંડલ દ્વીપ છે. ત્યાં કુંડલભદ્ર ને કુંડલ માહાભદ્ર નામે બે દેવતા મહર્ધિક છે.

## ૧૦૨. કુંડલોદધી સમુદ્ર ॥૧૨॥

તે પુંઠે કુંડલોદધી સમુદ્ર છે. તીહાં ચક્ષુસુભ ને ચક્ષુકાન્ત એ બે દેવતા મહર્ધિક વસેછે.

## ૧૦૩. કુંડલવર દ્વીપ ॥૧૩॥

તે કેડે તેરમો કુંડલવર દ્વીપ છે તીહાં કુંડલવર ભદ્ર ને કુંડલવર મહાભદ્ર નામે બે દેવતા મહર્ધિક વસે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ૧૦૪. કુંડલવર સમુદ્ર ॥૧૩॥

તે કેડે કુંડલવર સમુદ્ર છે. તીહાં કુંડલવર ને કુંડલ મહાવર નામે બે દેવતા મહર્ધિક વસે છે.

### ૧૦૫. કુંડલવરાવભાસ દ્વીપ. ॥૧૪॥

તે કેડે કુંડલવરાવભાસનામા દ્વીપ છે. તે ચઉદમો દ્વીપ છે. તીહાં કુંડલવરાવભાસ ભદ્ર ને કુંડલવરાવભાસ માહા ભદ્ર નામે બે દેવતા વસે છે.

### ૧૦૬. કુંડલવરાવભાસ સમુદ્ર. ॥૧૪॥

તે આગળે કુંડલવરાવભાસ સમુદ્ર છે. તીહાં કુંડલવરાવભાસવર ને કુંડલવરાવભાસ માહા વર. એવે નામે બે દેવતા મહર્ધિક વસે છે.

### ૧૦૭. રૂચક દ્વીપ. ॥૧૫॥

તે કુંડલવરાવભાસ સમુદ્રપ્રતે પંદરમો રૂચકનામા દ્વીપ છે. તે વૃત્ત વળીયાને આકારે વીંટીને રહ્યો છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે રૂચક દ્વીપ શું સમ ચક્રવાળે છે, કે વિષમ ચક્રવાળે છે?

**ઉત્તર**—હે ગૌતમ, સમ ચક્રવાળે છે, પણ વિષમ ચક્રવાળે નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, તે રૂચક દ્વીપ કેટલો ચક્રવાળે પહોળો, ફરતો છે?

**ઉત્તર**—હે ગૌતમ, સંખ્યાતા લાખ જોજન ચક્રવાળે પહોળપણે છે. જાવત્ તીહાં સર્વાર્થ ને મનોરમ નામે બે દેવતા વસે છે. શેષ સર્વ તેમજ કહેવું.

### ૧૦૮. રૂચકોદધી સમુદ્ર. ॥૧૫॥

તે આગળે રૂચકોદધીનામા સમુદ્ર છે. જેમ ઇક્ષુવર સમુદ્ર તેમ અર્થ કહેવો. તે સંખ્યાતા લાખ જોજન પહોળપણે છે, ને સંખ્યાતા લાખ જોજન પરિધીપણે છે. દ્વાર થકી દ્વારનું અંતર પણ સંખ્યાતા લાખ જોજન છે. જ્યોતિષી પણ સર્વ સંખ્યાતા કહેવા અર્થ પણ ઇક્ષુવર સમુદ્રની પરે કહેવો. પણ તીહાં સુમનસ ને સૌમાનસ નામે બે દેવતા વસે છે. તેમજ કહેવું.

એ રૂચક સમુદ્ર લગે સર્વ સંખ્યાતું છે, ને તે પછી સર્વ અસંખ્યાતું છે. દ્વીપ સમુદ્રનું પહોળપણું, પરિધી, દ્વારાંતર, જ્યોતિષી, એ સર્વ અસંખ્યાતું કહેવું.

### ૧૦૯. રૂચકવર દ્વીપ. ॥૧૬॥

તે રૂચકોદધી સમુદ્રપ્રતે સોળમો રૂચકવર દ્વીપ વૃતાકારે વીંટીને રહ્યો છે. રૂચકવર ભદ્ર ને રૂચકવર માહા ભદ્ર નામે ઇહાં બે દેવતા વસે છે.

### ૧૧૦. રૂચકવરોદધી સમુદ્ર. ॥૧૬॥

તે કેડે રૂચકવરોદધી સમુદ્ર છે. રૂચકવર અને રૂચકમાહાવર નામે બે દેવતા વસે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ૧૧૧. રૂચકવરાવભાસ દ્વીપ. ॥૧૭॥

તે આગળે સતરમો રૂચકવરાવભાસ દ્વીપ છે. ત્યાં રૂચકવરાવભાસ ભદ્ર ને રૂચકવરાવભાસ માહા ભદ્ર નામે ઇહાં બે દેવતા મહર્ધિક છે.

### ૧૧૨. રૂચકવરાવભાસ સમુદ્ર. ॥૧૭॥

તે પછી રૂચકવરાવભાસ સમુદ્ર છે. ત્યાં રૂચકવરાવભાસવર ને રૂચકવરાવભાસ માહાવર નામે બે દેવતા વસે છે.

### ૧૧૩. હાર દ્વીપ. ॥૧૮॥

તે કેડે અઢારમો હાર દ્વીપ છે. ત્યાં હારભદ્ર ને હાર માહાભદ્ર નામે બે દેવતા વસેછે.

### ૧૧૪. હાર સમુદ્ર. ॥૧૮॥

તે કેડે હાર સમુદ્ર છે. ત્યાં હારવર ને હાર મહાવર નામે બે દેવતા વસે છે.

### ૧૧૫. હારવર દ્વીપ. ॥૧૯॥

તે પછી ઓગણીશમો હારવર દ્વીપ છે. ત્યાં હારવરભદ્ર ને હારવર મહાભદ્ર નામે બે દેવતા મહર્ધિક વસે છે.

### ૧૧૬. હારવર સમુદ્ર. ॥૧૯॥

તે પછી હારવર સમુદ્ર છે. ત્યાં હારવર ને હાર મહાવર નામે બે દેવતા વસે છે.

### ૧૧૭. હારવરાવભાસ દ્વીપ. ॥૨૦॥

તે પછી વીસમો હારવરાવભાસ દ્વીપ છે. ત્યાં હારવરાવભાસ ભદ્ર ને હારવરાવભાસ મહાભદ્ર નામે બે દેવતા વસે છે.

### ૧૧૮. હારવરાવ ભાસ સમુદ્ર. ॥૨૦॥

તે પછી હારવરાવ ભાસ સમુદ્ર છે. ત્યાં હારવરાવ ભાસવર ને હારવરાવભાસ મહાવર નામે બે દેવતા વસેછે.

એમ સર્વ દ્વીપ, સમુદ્ર ત્રીપત્યવતાર એટલે એકેકે નામે ત્રણ ત્રણ જાણવા જાવત્ સૂર્યવરાવભાસ સમુદ્ર લગે. ત્રીપત્યવતાર જાણવા. વળી દ્વીપને વિષે ભદ્ર ને મહાભદ્ર દેવતા ને સમુદ્રને વિષે વર ને મહાવર નામે દેવતા છે ને તેહને પુંઠે દ્વીપ, સમુદ્રનું નામ જોડીએ. ઇક્ષુવર થકી માંડીને સ્વયંભૂરમણ દ્વીપ લગે સર્વ દ્વીપને વિષે વાવ પ્રમુખ છે તે ઇક્ષુ રસ સમાન પાણીએ સર્વત્ર ભરી છે. તે વાવ માંહી ઉત્પાત્ત પર્વત છે તે સર્વ વજ્ર રત્નમય છે.

### ૧૧૯. દેવદ્વીપ. ॥૨૧॥

તે સૂર્યવરાવભાસ સમુદ્ર પછી દેવદ્વીપ છે. ત્યાં બે દેવતા મહર્ધિક દેવભદ્ર ને દેવ-માહાભદ્ર નામે વસે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૨૦. દેવોદધી સમુદ્ર. ॥૨૧॥

તે પછી દેવોદધી સમુદ્ર છે. ત્યાં દેવવર ને દેવ મહાવર નામે બે દેવતા વસે છે.

દેવ દ્વીપ, દેવ સમુદ્ર, નાગ દ્વીપ, નાગ સમુદ્ર, યક્ષ દ્વીપ, યક્ષ સમુદ્ર, ભૂત દ્વીપ, ભૂત સમુદ્ર જાવત્ સ્વયંભૂરમણ દ્વીપ, ને સ્વયંભૂરમણ સમુદ્ર તે પછી દ્વીપ, સમુદ્ર નથી, પણ અલોક છે. જાવત્ સ્વયંભૂરમણ દ્વીપે સ્વયંભૂરમણ ભદ્ર ને સ્વયંભૂરમણ મહાભદ્ર નામે બે દેવતા મહર્ધિક વસે છે.

## ૧૨૧. સ્વયંભૂરમણ સમુદ્ર. ॥૨૨॥

તે સ્વયંભૂરમણ દ્વીપને સ્વયંભૂરમણ સમુદ્ર વૃત્ત વળીયાને આકારે ફરતો વીટીને રહ્યો છે. જાવત્ અસંખ્યાતા લાખ જોજન પોહોળપણે અને પરિધિપણે છે (દોઢ લાખ જોજને અધીક રાજનો ચોથો ભાગ પોહોળપણે છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સ્વયંભૂરમણ સમુદ્ર એવું નામ સ્યે અર્થે કહો છો?

**ઉત્તર**—હે ગૌતમ, સ્વયંભૂરમણ સમુદ્રનું પાણી નિર્મળ છે. આછું, પથ્ય નિરોગ, જાચુ, હળવું સ્ફટિક સરખું વરણે કરી નિર્મળ ને સ્વભાવીક પાણી સમાન સ્વાદે કરીને છે. વળી સ્વયંભૂરમણવર ને સ્વયંભૂરમણમહાવર નામે ઇહાં બે દેવતા વસે છે. શેષ સર્વ તેમજ પૂર્વલીપરે જાણવું. જાવત્ અસંખ્યાતી ક્રોડાક્રોડી તારાના સમુહ શોભતા હુવા, શોભે છે ને શોભશે.

## ૧૨૨. સર્વ દ્વીપ, સમુદ્ર આશ્રી અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, કેટલા જંબુદ્વીપ એવે નામે દ્વીપ છે?

**ઉત્તર**—હે ગૌતમ, અસંખ્યાતા જંબુદ્વીપ નામે દ્વીપ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કેટલા લવણ સમુદ્ર એહવે નામે સમુદ્ર છે?

**ઉત્તર**—હે ગૌતમ, અસંખ્યાતા લવણ સમુદ્ર નામે સમુદ્ર છે.

વળી એમ ધાતકીખંડ નામે પણ અસંખ્યાતા દ્વીપ છે. એમ જાવત્ અસંખ્યાતા સૂર્યવરાવભાસ સમુદ્ર નામે છે. પણ દેવદ્વીપ નામે એકજ દ્વીપ છે. તેમ દેવોદધી સમુદ્ર નામે એકજ સમુદ્ર છે એમ નાગ દ્વીપ, નાગ સમુદ્ર, યક્ષ દ્વીપ, યક્ષ સમુદ્ર, ભૂત દ્વીપ, ભૂત સમુદ્ર, સ્વયંભૂરમણ દ્વીપ, સ્વયંભૂરમણ સમુદ્ર. એ પાંચ દ્વીપ, સમુદ્ર, નામથકી એકેકાજ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણનામા સમુદ્રનું પાણી કેવે સ્વાદે છે?

**ઉત્તર**—હે ગૌતમ, લવણ સમુદ્રનું પાણી આંબીલ મલીન છે. ગોમૂત્ર સરખું, લુણસરખું કડુયુ, ખારૂં, અણપીવાજોગ્ય ઘણા દુપદ, ચઉપદ, મૃગ, પશુ, પંખી. સરીસર્પ, મનુષ્યને પીવા જોગ્ય નથી, પણ એટલો વિસેષ જે કેવળ તે જળમાંહે જે મચ્છાદિક ઉપના છે તેહને પીવા જોગ્ય છે.

**પ્રશ્ન**—હે ભવગંત, કાળોદધી નામા સમુદ્રનું પાણી કહેવું આસ્વાદે છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, આસલે સુખકારી, પુષ્ટકારી, મનોહર છે. વર્ણે કાળું છે. અડદના પુંજ (ઢગલા) સરખું વર્ણે છે. ને સ્વભાવીક પાણી સમાન સ્વાદ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પુષ્કરોદધી સમુદ્રનું પાણી કેહવું સ્વાદે છે?

**ઉત્તર**—હે ગૌતમ, આછુ, નિર્મળ, જાચુ, હળવું સ્ફટિક સરીખું સ્વેત વર્ણે ને નિર્મળ સ્વભાવિક પાણી સમાન સ્વાદે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, વારૂણોદધી સમુદ્રનું પાણી કેહવું સ્વાદે છે?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ કોઇ પત્રનો આસવ હોય, ફુલનો આસવ હોય, ખજુરનો સાર હોય, ધ્રાખનો સાર (રસ) હોય, પાકી સેલડીનો રસ હોય, મેરક મદ્યજાતી, કાપીસાયન (મદિરા વિશેષ) ચંદ્રપ્રભા મદિરા, મણિસીલાકા મદિરા, વરપ્રધાન સીંપુ (મદ્ય) ઉત્તમ વારૂણી મદિરા, આઠ વાર પીષ્ટે પરણીત મદિરા, જાંબુના ફળ સમાન કાળી ઉત્તમ મદિરા, ઉત્કૃષ્ટ મદવંત, લગારેક હોઠે પીતાં વિલંબ કરે (મીઠી માટે) ચડાહે કરી લગારેક આંખ લાલ કરે. આસ્વાદવા જોગ્ય છે. પુષ્ટકારી, મનોહર, વર્ણે કરી સહીત જાવત્ સ્પર્શે કરી સહીત હોય. ત્યારે ગૌતમ પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, વારૂણોદધી સમુદ્રનું પાણી એહવે સ્વાદે છે?

**ઉ-તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં વારૂણોદધી સમુદ્રનું પાણી એથકી અત્યંત ઇષ્ટ છે. જાવત્ સ્વાદે કરીને કહ્યું છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ક્ષીરોદધી સમુદ્રનું પાણી કેહવે સ્વાદે છે?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ કોઇ રાજા ચાતુરંત ચક્રવર્ત્તિને અર્થે ચાતુરંત ચાર ઠામે પરણીત એહવું ગાયનું દૂધ હોય. (દશ હજાર ગાયનું દૂધ એક હજાર ગાયને પાઇએ, હજારનું સોને, સોનું દશને, અને દશ ગાયનું દૂધ એક ગાયને પાઇએ તે ચાતુરક કહીએ.) તે દૂધ વળી પ્રયત્ને, ઉદ્યમે કરીને મંદ અગ્નીએ કઢયું વર્ણે કરી સહીત ઉત્તમ ખાંડ, ગોળ અને સાકર તેણે કરી સહીત જાવત્ સ્પર્શે કરી સહીત હોય ત્યારે ગૌતમ પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ક્ષીરોદધી સમુદ્રનું પાણી એહવે સ્વાદે છે?

**ઉ-તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. એ ક્ષીર સમુદ્રનું પાણી એથકી અત્યંત ઇષ્ટ જાવત્ આસ્વાદે કરીને છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ઘૃતોદધી સમુદ્રનું પાણી કેહવું સ્વાદે છે?

**ઉ-તર**—હે ગૌતમ, ઘૃતોદધી સમુદ્રનું પાણી જેમ કોઇ શરદકાળનો ગૌઘૃતનો (ગાયનાઘીનો) માંડો, (સમુહ) સલકી તથા સ્વેદ કણયર તેહનાં ફુલને વર્ણે ધોળો ભલી પરે કઢીને ઉદાર મનોહર તાજુ તાવેલું કીટા કચરા રહીત વર્ણે કરી સહીત જાવત્ સ્પર્શે કરી સહીત હોય. ત્યારે ગૌતમ પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ઘૃતોદધી સમુદ્રનું પાણી એહવે સ્વાદે છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. ધૃતોદધી સમુદ્રનું પાણી એથકી અત્યંત ઇષ્ટછે.

**પ્રશ્ન**—હે ભગવંત, ઇક્ષુવર સમુદ્રનું પાણી કેહવું સ્વાદે છે?

**ઊ-તર**—હે ગૌતમ, જેમ કોઇ સેળડી જાચી, ખુડ દેશની ઉપની, હરીયાળ સરીખી પીત્ત વર્ણે પરીપકપણાથી કાળી ગાંઠ છે. સાંઠાનો હેઠલો ભાગ ને ઉપરલો ભાગ વરજીને વચલો ભાગ રાખીને બળવંત મનુષ્યે યંત્ર કોળા (સીચોડા) માંહે ઘાલીને પીલી તેહનો જે રસ હોય તે વસ્ત્રે કરી ગળીત. તજ, એલચી, કેશર, કપુર. એ ચાતુર્જાતકે વાસીત. અત્યંત પથ્ય નિરોગ હળવો વર્ણે કરી સહીત જાવત્ સ્પર્શે કરી સહીત હોય ત્યારે ગૌતમ પુછે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ઇક્ષુવર સમુદ્રનું પાણી એહવે સ્વાદે છે?

**ઉ-તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. ઇક્ષુવર સમુદ્રનું પાણી એથકી અત્યંત ઇષ્ટ છે. એમ શેષ સર્વ સમુદ્રના પાણી ઇક્ષુરસ સરીખાં જાણવાં. જાવત્ ભૂતોદધી સમુદ્ર લગે એમ કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્વયંભૂરમણ સમુદ્રનું પાણી કેહવું સ્વાદે છે?

**ઉત્તર**—હે ગૌતમ, સ્વયંભૂરમણ સમુદ્રનું પાણી આછું, જાચુ, પથ્ય, નિર્મળ, જેમ પુષ્કરોદધી સમુદ્રનું પાણી કહ્યું તેમ કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, કેટલા સમુદ્રના પાણી જુદા જુદા સ્વાદવંત છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચાર સમુદ્રના પાણી, જુદા જુદા સ્વાદવંત છે. લવણ સમુદ્ર ૧, વારૂણોદધી સમુદ્ર ૨, ક્ષીરોદધી સમુદ્ર ૩, ને ધૃતોદધી સમુદ્ર ૪. એ ચારના જુદા જુદા સ્વાદ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કેટલા સમુદ્રનાં પાણી સ્વભાવીક પાણી જેહવાં સ્વાદે છે?

**ઊ-તર**—હે ગૌતમ, ત્રણ સમુદ્રનાં પાણી સ્વભાવીક પાણી સરખાં સ્વાદે છે. કાળોદધી સમુદ્ર ૧, પુષ્કરોદધી સમુદ્ર ૨, ને સ્વયંભૂરમણ સમુદ્ર ૩, એમ શેષ સર્વ સમુદ્રનાં પાણી પ્રાએ સેળડીના રસ સમાન સ્વાદવંત છે. અહો શ્રમણો આવખાવંતો!

**પ્રશ્ન**—હે ભગવંત, કેટલા સમુદ્ર ઘણે મચ્છ કચ્છપાદિ જળચર જીવે કરી સહીત સમુદ્રછે?
**ઉત્તર**—હે ગૌતમ, ત્રણ સમુદ્ર ઘણે મચ્છ કચ્છાદિ જળચર જીવે કરી સહીત છે. લવણ સમુદ્ર ૧, કાળોદધી સમુદ્ર ૨, ને સ્વયંભૂરમણ સમુદ્ર ૩. અવશેષ બીજા સર્વ સમુદ્ર થોડે મચ્છ કચ્છપે કરી સહીત છે.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રને વિષે કેટલી મચ્છની કુળકોડી છે ને જોનીના લક્ષ છે?
**ઉ-તર**—હે ગૌતમ, સાત લક્ષ કુળકોડી મચ્છની જાત છે ને અનેક જોની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કાળોદધી સમુદ્ર તેને વિષે કેટલી મચ્છની જાતી કુળકોડી જોની છે?

**ઉત્તર**—હે ગૌતમ, નવ લક્ષ કુળકોડી મચ્છની જાત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, સ્વયંભૂરમણ સમુદ્રને વિષે કેટલી મચ્છની કુળકોડી જાત છે?

**ઉત્તર**—હે ગૌતમ, સાડીબાર લાખ કુળકોડી મચ્છની જાત છે.

**પ્રશ્ન**—હે ભગવંત, લવણ સમુદ્રને વિષે મચ્છની કેવડી મોટી શરીરની અવગાહના છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી આંગુળનો અસંખ્યાતમો ભાગ ને ઉત્કૃષ્ટપણે પાંચસેં જોજન મચ્છના શરીર છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કાળોદધી સમુદ્રને વિષે મચ્છની કેવડી મોટી શરીરની અવગાહના છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય આંગુળનો અસંખ્યાતમો ભાગ ને ઉત્કૃષ્ટપણે સાતસેં જોજન મચ્છનાં શરીર છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્વયંભૂરમણ સમુદ્રને વિષે મચ્છની કેવડી મોટી શરીરની અવગાહનાછે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય આંગુળનો અસંખ્યાતમો ભાગ ને ઉત્કૃષ્ટપણે એક હજાર જોજન મચ્છનાં શરીર છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કેટલે નામે કરી દ્વીપ, સમુદ્ર છે?

**ઉત્તર**—હે ગૌતમ, જેટલા લોકને વિષે સુભ નામ છે, સુભ વર્ણ છે. જાવત્ સુભ સ્પર્શ છે, એટલે નામે દ્વીપ, સમુદ્ર છે.

**પ્રશ્ન**—હે ભગવંત, દ્વીપ, સમુદ્ર કેટલા ઉદ્ધાર સમયને માને કહ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, જેટલા અઢી સાગરોપમના ઉદ્ધાર સમય થાય (ઉછેદા આંગુળના જોજન પ્રમાણ લાંબો પોહોળો પાલો કરીએ તેમાં જુગળીયાના બાળકના કેશ (મોવાળા) એકેકના સંખ્યાતા ખંડ કલ્પીને તેણે ઠાંસે ભરીએ. તે સમયે સમયે એકેકો ખંડ કાઢતાં જેટલે કાળે તે પાલો ઠાલો થાય ત્યારે એક ઉદ્ધાર પલ્યોપમ થાય. એહવા દશ ક્રોડાક્રોડ પલ્યોપમે એક ઉદ્ધાર સાગરોપમ થાય. એહવા અઢી સાગરોપમના સમય પ્રમાણ દ્વીપ, સમુદ્ર છે.) એટલા દ્વીપ, સમુદ્ર ઉદ્ધાર સમયને માને છે.

**પ્રશ્ન**—હે ભગવંત, દ્વીપ, સમુદ્ર શું પૃથ્વી પરીણામે છે, કે જીવ પરીણામે છે, કે પુદ્ગળ પરીણામે છે?

**ઉત્તર**—હે ગૌતમ, પૃથ્વી પરીણામે છે. જીવ પરિણામે છે ને પુદ્ગળ પરીણામે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, દ્વીપ સમુદ્રને વિષે સર્વે પ્રાણી (બેઇંદ્રિયાદિક) સર્વે ભૂત (વનસ્પતિ) સર્વે જીવ (પચેંદ્રિ) સર્વે સત્વ (પૃથ્વ્યાદિ) પૃથ્વીકાયપણે જાવત્ ત્રસકાયપણે પૂર્વે ઉપના છે?

**ઉત્તર**—હે ગૌતમ, અનેકવાર વારંવાર અનંતીવાર સર્વે ઉપના છે. એ દ્વીપ, સમુદ્રનો અધિકાર સર્વ પુરો થયો.

## ૧૨૩. ઇંદ્રિયનો વિષય અને દેવસત્તા.

**પ્રશ્ન**—હે ભગવંત, કેટલે ભેદે ઇંદ્રિય વિષયરૂપ પુદ્ગળ પરીણામ કહ્યો છે?

**ઉત્તર**—હે ગૌતમ, પાંચ ભેદે ઇદ્રીય વિષય પુદ્ગળ પરીણામ કહ્યાં છે. તે શ્રોતેંદ્રીનો વિષય ૧, જાવત્ સ્પર્શેંદ્રીનો વિષય. ૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, શ્રોતેંદ્રીયનો પુદ્ગળ પરીણામ કેટલે ભેદે કહ્યો છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે ભેદે કહયો છે. શુભ શબ્દ પરીણામ ૧, ને દુષ્ટ સબ્દ પરીણામ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, ચક્ષુ ઇંદ્રિયનો વિષય પુદ્ગળ પરીણામ કેટલે ભેદે કહયો છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે ભેદે કહયો છે. સુરૂપ પરીણામ ૧. ને દુરૂપ પરીણામ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, ઘ્રાણેંદ્રિયનો વિષય પુદ્ગળ પરીણામ કેટલે ભેદે કહયો છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે ભેદે કહયો છે. સુગંધ પરીણામ ૧. ને દુર્ગંધ પરીણામ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, રસેંદ્રિય વિષયનો પુદ્ગળ પરીણામ કેટલે ભેદે કહયો છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે ભેદે કહયો છે. સુભ રસ પરીણામ ૧. ને દુષ્ટ રસ પરીણામ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્પર્શેંદ્રિય વિષયનો પુદ્ગળ પરીણામ કેટલે ભેદે કહયો છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે ભેદે કહયો છે. સુસ્પર્શ પરીણામ ૧. ને દુસ્પર્શ પરીણામ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, તે નિશ્ચે અનેક પ્રકારના શબ્દ પરીણામને વિષે, અનેક પ્રકારના રૂપ પરીણામને વિષે, એમ ગંધ પરીણામને વિષે, રસ પરીણામને વિષે, સ્પર્શ પરીણામને વિષે પરીણમતા પુદ્ગળ તેહને પરીણામે છે એમ કહીએ?

**ઉત્તર**—હે ગૌતમ, હા. અનેક પ્રકારના શબ્દ પરીણામને વિષે જાવત્ પરીણમતા પુદ્ગળ તેહને પરીણામે છે એમ કહીએ.

**પ્રશ્ન**—હે ભગવંત, તે નિશ્ચય શુભ શબ્દના પુદ્ગળ દુષ્ટ શબ્દપણે પરીણમે? ને દુષ્ટ શબ્દના પુદ્ગળ શુભ શબ્દપણે પરીણમે?

**ઉત્તર**—હે ગૌતમ, હા. શુભ શબ્દના પુદ્ગળ દુષ્ટ શબ્દપણે પરીણમે છે ને દુષ્ટ શબ્દના પુદ્ગળ શુભ શબ્દપણે પરીણમે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે નિશ્ચય સુગંધ પુદ્ગળ દુર્ગંધપણે પરીણમે છે? ને દુર્ગંધ પુદ્ગળ સુગંધપણે પરીણમે છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા. એમ સુગંધ પુદ્ગળ દુર્ગંધપણે પરીણમે છે ને દુર્ગંધ પુદ્ગળ સુગંધપણે પરીણમે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એમ સુ રસ પુદ્ગળ દુ રસપણે? ને દુ રસ પુદ્ગળ સુ રસપણે પરીણમેછે?

**ઉત્તર**—હે ગૌતમ, હા. એમજ પરીણમે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એમ સુ સ્પર્શ પુદ્ગળ દુ સ્પર્શપણે? ને દુ સ્પર્શ પુદ્ગળ સુ સ્પર્શપણે પરીણમે છે?

**ઉત્તર**—હે ગૌતમ, હા. એમજ પરીણમે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, કોઇક દેવતા મહર્ધિક જાવત્ મોટો પ્રભાવવંત છે તે પૂર્વે જે પુદ્ગળ પાષાણાદિક પ્રતે બળે કરી નાંખીને સમર્થ થાય? તેહીજ પાષાણાદિકને પુંઠે ફરીને ધરતીએ પડયા પહેલાં ગ્રહી શકે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, હા. એમ કરવાને સમર્થ થાય.

**પ્રશ્ન**—હે ભગવંત, તે કેણે અર્થે એમ કહો છો જે દેવતા મહર્ધિક જાવત્ ગ્રહી શકે?

**ઉ-તર**—હે ગૌતમ, પાષાણાદિક પુદ્ગળ નાખતી વેળાએ પ્રથમ સીઘ્ર (ઉતાવળી) ગતીવંત થઇને, ત્યાર પછી મંદ (હળવી) ગતીવંત થાય. ને દેવતા મહર્ધિક જાવત્ માહા પ્રભાવંત પૂર્વે પણ ને પછી પણ ઉતાવળો ઉતાવળી ગતીવંત હોય તેણે અર્થે હે ગૌતમ! એમ કહીએ છીએ જે જાવત્ તે દેવતા નિશ્ચે જંબુદ્વીપને પછવાડે એકવીસ વાર ફરીને તે પુદ્ગળને ગ્રહે. મેરૂની ચૂલિકાએ દેવતા બેઠો. ને જગતીની પોળે દેવાંજ્ઞા રહી ને તે હાથથી પાષાણાદિ પુદ્ગળ નાખે, ભૂમિ ઉપર મુકે એટલે તે દેવતા મેરૂથકી જંબુદ્વીપની પાછળ એકવીશ વાર ફરીને તે પાષાણાદિક પુદ્ગળને ભૂમિએ પડે નહીં એવામાં ગ્રહણ કરી લે એવી સીઘ્ર ગતિ દેવતા કરે.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતા કોઇક મહર્ધિક જાવત્ માહા પ્રભાવવંત બાહીરલા અન્ય પુદ્ગળ શરીરથી લીધા વિના પૂર્વે પહેલાંજ વાળ પ્રતે છેદયા ભેદયા વિનાં ગ્રહવા **સમર્થ** થાય? ગાંઠ બાંધી શકે?

**ઉ-તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. (એટલે ગ્રહણ કરવા સમર્થ ન થાય.)

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતા મહર્ધિક બાહીરલા અન્ય પુદ્ગળ, શરીરથી લીધા વિનાં પૂર્વેજ વાળપ્રતે છેદી ભેદીને ગ્રહવા સમર્થ થાય? ગાંઠ બાંધી શકે?

**ઉ-તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. એટલે ગ્રહણ કરવા સમર્થ ન થાય.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતા મહર્ધિક બાહીરલા પુદ્ગળ ગ્રહીને પૂર્વેજ વાળ પ્રતે છેદયા ભેદયા વિના ગ્રહવા સમર્થ થાય? ગાંઠ કરી શકે?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ **સમર્થ** નહીં.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતા મહર્ધિક બાહીરલા પુદ્ગળ ગ્રહીને પૂર્વેજ વાળપ્રતે છેદી ભેદીને ગ્રહવા **સમર્થ** થાય? ગાંઠ કરી શકે?

**ઊત્તર**—હે ગૌતમ, હા. સમર્થ થાય ગ્રંથી કરવા દ્રઢ બંધને બાંધે તેહીજ ગાંઠ પ્રતે છદ્મસ્થ જીવ ન જાણે ન દેખે એહવી સુક્ષ્મ ગાંઠ તે દેવતા કરે.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતા મહર્ધિક બાહીરલા પુદ્ગળ અણગ્રહેથકે પૂર્વેજ વાળ પ્રતે છેદયા વિના ભેદયા વિના દીર્ઘ (મોટો લાંબો) કરવા અથવા હ્રસ્વ (લઘુ નાનો ટુંકો) કરવા સમર્થ થાય?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. (કરી શકે નહીં.)

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતા મહર્ધિક બાહીરલા શરીરથી અન્ય પુદ્ગળ લીધા વીના પૂર્વેજ વાળ પ્રતે છેદી ભેદીને દીર્ઘ કરવા અથવા લઘુ કરવા સમર્થ થાય?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ **સમર્થ** નહીં. (કરી શકે નહીં.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતા મહર્ધિક બાહીરલા પુદ્‌ગળ ગ્રહીને પૂર્વેજ વાળ પ્રતે છેદયા ભેદયા વિના સમર્થ થાય? દીર્ઘ કરવા અથવા લઘુ કરવા?

**ઉ-તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં. (કરી શકે નહીં.)

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતા મહર્ધિક બાહીરલા પુદ્‌ગળ ગ્રહીને પૂર્વેજ વાળ પ્રતે છેદી ભેદીને સમર્થ થાય? તે ગાંઠ દીર્ઘ કરવા અથવા લઘુ કરવા?

**ઉત્તર**—હે ગૌતમ, હા સમર્થ થાય. તે ગાંઠ પ્રતે છદ્મસ્થ જીવ ન જાણે ન દેખે એહવી સુક્ષ્મપણે ગાંઠને દીર્ઘ (મોટી) કરે અથવા લઘુ (નાની) કરે. એ ઇંદ્રીય વિષય તથા દેવ સત્તાનો વિચાર પુરો થયો. હવે ચાલતી જ્યોતિષિની વાત કહે છે.

## ૧૨૪. જ્યોતિષી દેવતાનો અધિકાર ચાલુ.

**પ્રશ્ન**—હે ભગવંત, ચંદ્રમા સૂર્યના વૈમાનની હેઠે જે તારારૂપ જ્યોતિષી દેવતા છે. તે કાન્તે કરી હીણુ (ઓછા) તથા તુલ્ય (સરીખા) છે? વળી ચંદ્રમા સૂર્યને સમભાગે (જોડે) તારા છે તે કાન્તે કરી હીણુ તથા તુલ્ય છે? વળી ચંદ્રમા સૂર્યના વૈમાનને ઉપરે તારા છે તે કાન્તે કરી હીણુ તથા તુલ્ય છે?

**ઉ-તર**—હે ગૌતમ, હા. તે તારા કાન્તે કરી હીણુ તથા તુલ્ય છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે શ્યે અર્થે એમ કહો છો જે ચંદ્રમા સૂર્યના વૈમાનની હેઠે જાવત્ ઉપરે તારા છે તે કાન્તિયાદિકે કરી હીણુ તથા તુલ્ય છે?

**ઉ-તર**—હે ગૌતમ, જેમ જેમ જેવા જેવા તે તારારૂપ વૈમાનના અધિષ્ટાયક દેવતાનાં પૂર્વ ભવને વિષે તપ, નિયમ, બ્રહ્મચર્ય પ્રમુખ ઉત્કૃષ્ટા કીધાં ઉદયે આવ્યાં તેમ તેમ તે દેવતાને કાંન્તાદિકે કરી તેવાં તેવાં લઘુપણે તુલ્ય બરોબરપણે કહેવાય. તેણે અર્થે હે ગૌતમ! ચંદ્રમા સૂર્યને જાવત્ ઉપરે પણ તારા કાન્તાદિકે હીણુ તથા તુલ્ય છે. (જેણે પાછલે ભવે તપ, નિયમ, બ્રહ્મચર્યાદિક મંદપણે કર્યાં છે તે પ્રાણી તારારૂપ વૈમાનાધિપતિ દેવ ભવને પામ્યા. ચંદ્ર, સૂર્યથી ઘુતિ કાંન્તિ વૈભવાદિકની અપેક્ષાયે હીન થાય છે, ને જેણે ભવાંન્તરને વિષે તપ, નિયમ બ્રહ્મચર્યાદિ ઉત્કૃષ્ટપણે આચર્યા છે તે પ્રાણી તારારૂપ વૈમાનનું અધિપતિપણું પામ્યા ઘુતિ કાંન્તિ વૈભવાદિકે ચંદ્ર, સૂર્ય, દેવ બરોબર વૈમાન હોય, જેમ મનુષ્ય રાજ્ય પામ્યા નથી પણ રાજાની બરોબર સુખ ભોગવે છે તેમ.)

**પ્રશ્ન**—હે ભગવંત, એકેકા ચંદ્રમા સૂર્યને કેટલા નક્ષત્રનો પરીવાર છે? કેટલા મોટા ગ્રહનો પરીવાર છે? ને કેટલી ક્રોડાક્રોડી તારાનો પરીવાર છે?

**ઉત્તર**—હે ગૌતમ, એકેકા ચંદ્રમા સૂર્યને અઠયાસી મોહોટા ગ્રહ (મંગળ પ્રમુખ) ને અઠયાવીસ નક્ષત્ર (અભિચિત પ્રમુખ) એ એક ચંદ્રમાનો પરીવાર છે. (ગ્રહ, નક્ષત્ર, તારા એ સર્વ ચંદ્રમાના સેવક છે તો પણ ઇહાં સૂર્ય, ચંદ્રમા બે ઇંદ્ર છે તે માટે બનેનો મધ્યસ્થ ભાવે પરીવાર કહ્યો.) હવે તારાની સંખ્યા કહે છે. છાસઠ હજાર, નવસે પંચોતેર એટલી ક્રોડાક્રોડી તારા એક ચંદ્રમાનો પરીવાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, જંબુદ્રીપનામા દ્વીપે મેરૂ પર્વત્તના પૂર્વે દીસીના ચરીમાંતથકી કેટલા અબાધાએ (વેગળા) જ્યોતિષી દેવતા ચાર કરે છે ? (ફરે છે ?)

**ઉત્તર**—હે ગૌતમ, અગ્યારસેં ને એકવીશ જોજન એટલા અબાધાએ ( છેટે ) જ્યોતિષી ફરે છે. એમ દક્ષિણના, પશ્ચિમના, ઉત્તરના છેડાથી અગ્યારસેં એકવીસ જોજન વેગળે જાવત્ ફરે છે મેરૂથી એટલે છેટે જ્યોતિષી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, લોકના અંતથકી (માહીલીકોરે) કેટલે વેગળા જ્યોતિષી રહે છે ?

**ઉ-તર**—હે ગૌતમ, અગ્યારસેં ને અગ્યાર જોજનની અબાધાએ જ્યોતિષી રહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, એ રત્નપ્રભા પૃથ્વીના ઘણું સમ રમણિક ભૂમિ ભાગથકી (સમભૂતળ થકી) કેટલે ઉંચા સર્વથી હેઠલા તારામંડળ ચાર કરે છે ? કેટલે ઉંચા સૂર્ય વૈમાન ચાર કરે છે ? કેટલે ઉંચા ચંદ્રમા વૈમાન ચાર કરેછે? કેટલે ઉંચા સર્વથી ઉપરલા તારામંડળ ચાર કરે છે?

**ઊ-તર**—હે ગૌતમ, એ રત્નપ્રભા પૃથ્વીના ઘણું સમ રમણિક ભૂમિભાગથકી સાતસેં, નેવું જોજન ઉંચા સર્વથકી હેઠલા તારા ચાર કરે છે. સમભૂતળથકી આઠસેં જોજન ઉંચા સૂર્ય વૈમાન ચાર કરે છે. સમભૂતળથકી આઠસેં, એંસી જોજન ઉંચા ચંદ્ર વૈમાન ચાર કરે છે. સમભૂતળથકી નવસેં જોજન ઉંચા સર્વથકી ઉપરલા તારામંડળ ચાર કરેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, સર્વથકી હેઠલા તારામંડળથકી કેટલે ઉંચા સૂર્ય વૈમાન ચાર કરે છે? કેટલે ઉંચા ચંદ્ર વૈમાન ચાર કરે છે ? કેટલે ઉંચા સર્વથકી ઉપરલા તારામંડળ ચાર કરે છે ? (ફરે છે.)

**ઊ-તર**—હે ગૌતમ, સર્વથી હેઠલા તારાથકી દશ જોજને ઉંચા સૂર્ય વૈમાન ચાર કરે છે. નેવું જોજને ઉંચા ચંદ્ર વૈમાન ચાર કરે છે. એકસો દશ જોજને ઉંચા સર્વથકી ઉપરલા તારામંડળ ચાર કરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૂર્યવૈમાનથકી કેટલે ઉંચા ચંદ્ર વૈમાન ચાર કરેછે ? ને કેટલે ઉંચા સર્વથકી ઉપરલા તારા ચાર કરે છે ?

**ઉ-તર**--હે ગૌતમ, સૂર્યવૈમાનથકી એંશી જોજન ઉંચા ચંદ્ર વૈમાન ચાર કરેછે ને એકસો જોજન ઉંચા સર્વથકી ઉપરલા તારામંડળ ચાર કરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચંદ્ર વૈમાનથકી કેટલા ઉંચા સર્વથકી ઉપરલા તારામંડળ ચાર કરેછે?

**ઊ-તર**—હે ગૌતમ, ચંદ્ર વૈમાનથકી વીશ જોજન ઉંચા સર્વથકી ઉપરલા તારામંડળ ચાર કરે છે.

એવી રીતે સર્વ મળીને એકસો દશ જોજન જાડપણે ને ત્રીછા અસંખ્યાતા જ્યોતિષી દેવતાનો વિષય છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જંબુદ્રીપનામા દ્રીપને વિષે કયું નક્ષત્ર સર્વથકી માહીલે માંડલે ચાર

37

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે છે? કયું નક્ષત્ર સર્વથકી બાહીરલે માંડલે ચાર ચરે છે? કયું નક્ષત્ર સર્વથકી ઉંચો ચાર ચરે છે? અને કયું નક્ષત્ર સર્વથકી હેઠલો ચાર ચરે છે?

**ઉ-તર**—હે ગૌતમ, જંબુદ્રીપનામા દ્રીપને વિષે અભીજીત નક્ષત્ર સર્વથકી માહીલે માંડલે ચાર ચરે છે. મૂળ નક્ષત્ર સર્વથકી બાહીરલે માંડલે ચાર ચરે છે. સ્વાંતી નક્ષત્ર સર્વથકી ઉપરલે માંડલે ચાર ચરે છે અને ભરણી નક્ષત્ર સર્વથકી હેઠે ચાર ચરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચંદ્રમાનું વૈમાન કયે સંસ્થાને સંસ્થીત છે?

**ઉત્તર**—હે ગૌતમ, અર્ધા કોઠ ફળને સંસ્થાને સંસ્થીત છે. સર્વ સ્ફટિક રત્નમય છે. અભ્યુ-દ્દગત ઉંચી વધતી પ્રબળપણે સર્વ દિશાઓમાં પ્રસરતી પ્રભા કાન્તિ તેણે કરી મનોહર વર્ણન પૂર્વલીપરે કહેવું.

એમ સૂર્ય વૈમાન, ગૃહ વૈમાન, નક્ષત્ર વૈમાન, અને તારા વૈમાન. એ સર્વે વૈમાન અર્ધા કોઠને સંસ્થાને (આકારે) સંસ્થીત છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચંદ્રમાનું વૈમાન કેટલું લાંબપણે પોહોળપણે છે? કેટલું પરિધિપણે છે? ને કેટલું જાડપણે છે?

**ઉ-તર**—હે ગૌતમ, એક જોજનના એકસઠ ભાગ કરીએ એહવા છપન ભાગ લાંબપણે પોહોળપણે છે. તેથકી ત્રગણું ઝાઝેરૂં પરિધિપણે છે ને એક જોજનના એકસઠ ભાગ કરીએ એહવા અઠાવીશ ભાગ જાડપણે (ઉંચપણે) છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૂર્યનું વૈમાન કેટલું લાંબપણે, પોહોળપણે, પરિધિપણે અને જાડપણેછે?

**ઉત્તર**—હે ગૌતમ, એક જોજનના એકસઠ ભાગ કરીએ એહવા અડતાલીસ ભાગ લાંબપણે પોહોળપણે છે, તેથી ત્રીગણું ઝાઝેરૂં પરિધિપણે છે ને એક જોજનના એકસઠ ભાગ કરીએ એહવા ચોવીશ ભાગ જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ગૃહ વૈમાન કેટલું લાંબપણે, પોહોળપણે, પરિધિપણે ને જાડપણે છે?

**ઉ-તર**—હે ગૌતમ, અર્ધ જોજન લાંબપણે પોહોળપણે છે. તેથી ત્રીગણું ઝાઝેરૂં પરિધિપણે છે ને એક કોસ જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત. નક્ષત્ર વૈમાન કેટલું લાંબપણે, પોહોળપણે, પરિધિપણે ને જાડપણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, એક કોસ લાંબપણે પોહોળપણે છે. તેથી ત્રીગણું ઝાઝેરૂં પરિધિપણે છે. ને અર્ધ કોસ જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તારાનાં વૈમાન કેટલાં લાંબપણે, પોહોળપણે, પરિધિપણે અને જાડપણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, અર્ધ કોસ લાંબપણે પોહોળપણે છે. તેથી ત્રીગણું ઝાઝેરૂં પરિધિપણે છે ને પાંચસેં ધનુષ જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચંદ્રમાનું વૈમાન કેટલા હજાર દેવતા ઉપાડે છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, સોળ હજાર દેવતા ઉપાડે છે. પૂર્વદિશે ચાર હજાર દેવતા ઉપાડે છે, એમ જાવત્ ઉત્તર દીસે ચાર હજાર દેવતા ઉપાડેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચંદ્રમાનું વૈમાન સોળ હજાર દેવતા ઉપાડે છે. તેમાં ચાર હજાર દેવતા પૂર્વ દિશે ઉપાડે છે તે કેહવે રૂપે ઉપાડે છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચંદ્ર વૈમાને પૂર્વ દિસે ચાર હજાર દેવતા સીંહને રૂપે ઉપાડે છે. તે સીંહ કહેવા છે તે કહેછે. શ્વેત ધોળા ઉત્તમ કાન્તિવંત જેહવું સંખનું તળું ધોળું હોય તથા નિર્મળ દધીનો પીંડ તથા ગાયના દુધના ફીણ તથા રજનીકર (ચંદ્રમા) તે સરીખા ધોળા પ્રકાશવંત છે. વળી સ્થિર અડગ લષ્ટ અત્યંત પુષ્ટ સ્નિગ્ધ ઘન ગોળ અત્યંત તીંખી એહવી દાઢાએ કરી તેહનું મુખ શોભીત છે. રાતા કમળની પરે સુકમાળ તેહની જીભ ને તાળવું છે. પ્રસસ્ત ભલા વૈડુર્ય રત્નમય દેદિપમાન કર્કસ તેહના નખ છે. વિસ્તીર્ણ ને પુષ્ટ ઉરૂ તેના સાથળ છે. પ્રતિપુર્ણ વિપુલ તેહના સ્કંધ છે. મૃદુ વિસદ અતી સુકમાળ પ્રસસ્ત સુક્ષ્મ લક્ષણવંત વિસ્તારવંત એહવે કેસરાંને આટોપે કરીને શોભીત છે. ચક્રમીતા, લલીતા, પુલીતા, ગતી. અને ધાવન (દોડવું) તેણે કરી ગર્વવંત તેહની ગતી છે. ઉંચું કરીને નમાડયું નીચું જાતીવંત આસ્ફાલીતું એહવું તેહનું પુંછ છે. વજ્ર રત્નમય તેહના નખ છે. વજ્ર રત્નમય તેહની દાઢા છે. રાતા સુવર્ણમય તેની જીભ છે. રાતા સુવર્ણમય તેહનું તાળવું છે. રક્ત સુવર્ણને જોત્રે કરી જોતર્યા છે. ઇચ્છાએ તેહનું ગમન છે. પ્રીતીકારી ગમનવંત મનનીપરે ઉતાવળી ગતીવંત મનોહર અણમવી (મપાય નહીં તેવી) તેહની ગતી છે. અણમવ્યું બળ વીર્ય પુરૂષાકાર તેહનું પરાક્રમ છે. મોહોટા આસ્ફોટિત સીંહનાદ બોલ કળકળ તે ઘણાનો કોળાહળ એહવે શબ્દે કરી, મનોહર શબ્દે કરી આકાશપ્રતે પુરતાંથકાં દશે દિશપ્રતે શોભાવતાં થકાં એહવા ચાર હજાર દેવતા સીંહ રૂપના ધરણહાર પૂર્વ દિશીની બાંહાપ્રતે વહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત, તીહાં ચંદ્ર વૈમાને દક્ષિણ દિશે ચાર હજાર દેવતા ઉપાડે છે. તે દેવતા કહેવે રૂપે ઉપાડે છે.

**ઉત્તર**—હે ગૌતમ, ચંદ્ર વૈમાને દક્ષીણ દિશે ચાર હજાર દેવતા હાથીને રૂપે ઉપાડે છે. તે હાથી કહેવા છે તે કહેછે. ધોળા સૂભ કાન્તિ સહીત. જેહવું સખનું તળું હોય, જેહવો નિર્મળ દધીનો પીંડ હોય, ગાયના દુધના ફીણ, રજનીકર ચંદ્રમા તેહ સરીખો તેહનો ધોળો પ્રકાશ છે. વજ્ર રત્નમય કુંભસ્થળ જુગળ તેહને વિષે સુસ્થિત પીવર પુષ્ટ વજ્રમય સોડી (સુંઢ) તેણે કરી દેદિપમાન રક્ત કમળ સમાન અભ્યુનત શોભતા તેહના ગુણ છે. રક્ત સુવર્ણમય વિસ્તિર્ણ ચંચળ અતી ચપળ એહવા તેહના કાન વિમળ (ઉજળા) છે. મધુર વર્ણે દીપતા સ્નીગ્ધ પીંગળ પાંપણ સહીત ત્રણ વર્ણના મણિરત્નમય તેહના લોચન છે. ઉંચા ઉપડતા છે. અચળ (હાલે નહીં.) માલીકાના ફુલ જેહવા ધોળા સમ સરીખા રજ્ઞા વર્ણે સહીત દ્રઢ સ્ફટિક રત્નમય સુજાત ભલા એહવા દંતમુસળ તેણે કરી શોભીત છે. સોનાની ખોળીએ જડ્યા દાંતના અગ્ર ને વળી નિર્મળ મણિરત્ને કરી મનોહર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાંતના પેરંત છેહ તીણે વિચીત્રરૂપે કરી બીરાજીત છે. રક્ત સુવર્ણમય વિશાળ તીલક પ્રમુખ તેણે કરી પરીમંડીત સહીત છે. અનેક મણિરત્નમય અગ્ર ઉત્કૃષ્ટાં મુદુલિત જે ગ્રૈવેયક પ્રમુખ ગળાને વિષે ભૂષણુ બાંધ્યા છે. વૈડુર્ય રત્નમય તેહનો ડંડ છે. એહવો નિર્મળ વજ્રરત્નમય તીંખો લષ્ટ અંકુસ કુંભસ્થળને વિષે થાપ્યો છે જેહને. તપનીય સુવર્ણમય સુધ બાંધ્યો જે કક્ષાબંધ વિશેષ તેહને દર્પે કરી બળવંત છે. જાંબુનંદ રત્નમય નિર્મળ તેહનું નિવડ મંડળ છે. વજ્ર રત્નમય વચે લાલા (ઘંટાને વચે લટકે છે તે) તેણે કરી મનોહરે અનેક મણિ રત્નમય તીહાં ઘંટાના પાસાં છે. રૂપામય દોરડીએ કરી બાંધી એહવી ઘંટાનું જુગળ તેહને મધુરે સ્વરે કરીને મનોહર છે. લય રહીત પ્રમાણોપેત વૃત્ત સુજાત ભલે લક્ષણે કરી પ્રશસ્ત એહવી રક્ત સુવર્ણમય તેહની જીભ છે. રાતા સુવર્ણમય જોત્રે કરી જોતર્યા છે. ઇચ્છાએ તેહનું ગમન છે. પ્રીતિકારી તેહનું ગમન છે. મનને અનુસારે તેહનું ગમન છે. મનોહર છે. અણુમવી તેહની ગતિ છે. અણમવ્યું તેહનું બળ વીર્ય પુરૂષાકાર પ્રાક્રમ છે મોહોટે ગંભીર ગુલગુલાટ શબ્દે કરીને મધુર મીઠે મનોહર શબ્દે કરીને આકાશપ્રતે પુરતાંથકાં ને દશે દિશીપ્રતે શોભાવતાંથકાં એહવા ચાર હજાર દેવતા હાથીના રૂપના ધરણહાર દક્ષિણ દિશીની બાંહાંપ્રતે વહેછે.

**પ્રશ્ન**—હે ભગવંત ચંદ્રવૈમાને પશ્ચિમ દિસે ચાર હજાર દેવતા ઉપાડે છે તે કેહવે રૂપે ઉપાડે છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચંદ્ર વૈમાને પશ્ચિમ દિસે વૃષભ (બળદ) ને રૂપે ઉપાડે છે. તે વૃષભ કહેવા છે. તે કહે છે. સ્વેત સુભગ કાન્તિ સહીત છે. ચક્રમીત લલિત પુલિતનામા ગતી કરી હાલવું ચંચળ એહવું કંકુદ તે કુટી તેણે કરી શોભતા સમ્યક પ્રકારે નમતા તેહના પાસાં છે. મીલતા પાસાં છે. સુજાત ભલાં પાસાં છે. મીતમવ્યા પ્રમાણોપેત પુષ્ટ રતિદાઈ પાસાં છે. ઝખમ મચ્છ તથા વીહંગ (પંખી) તેહની પરે સુજાત ભલી તેહની કુંખ છે. પ્રસરત સ્નીગ્ધ મધુનીપરે ગોળી દેદીપમાન પીળી તેહની આંખ છે. વિસ્તિર્ણુ પુષ્ટ તેહના ઉરૂ છે. પ્રતિપૂર્ણ વિસ્તિર્ણ તેહના સ્કંધ છે. વૃત પ્રતિપૂર્ણ વિપુળ વિસ્તિર્ણ એહવે કપોળે કરી સહીત છે. લગારેક નમતાં વૃષભના હ્રષ્ટ છે. ઘણ નિચિત સુબધ લક્ષણે કરી સહીત ચક્રમીત લલીત ચક્રવાળ એહવી ચંચળ ગર્વવંત તેહની ગતી છે. પુષ્ટ વૃત્ત આકારે સુ સંસ્થિત તેહની કેડ છે. અવલંબ મલંબ લાંબા લક્ષણે કરી પ્રસરત રમણિક મનોહર તેહનાં પુંછ છે. સમી ખૂરીના ધરણહાર. સમ લિખીત સમા ને તીંખા એહવા તેહના શૃંગ છે. તણુ પાતળી સુક્ષ્મ સુજાત ભલી સ્નીગ્ધ એહવી રોમરાયના ધરણહાર છે. ઉપચીત પુષ્ટ માંસળ વિશાળ પ્રતિપૂર્ણ વૈડુર્ય રત્નમય દેદીપમાન કટાક્ષે કરી નિરીક્ષણુ તેહનું જોવું છે. યુક્ત પ્રમાણે પ્રધાન ઉત્તમ સ્વસ્થ રમણિક એહવે ગળકંબલે કરી શોભીત છે. ઘૂઘરમાળે કરી સુબુધ કંઠ (ગળું) તેણે મંડીત સહીત છે અનેક મણિરત્ને ઘટિત કચ્છનામા આભૂષણ સુકૃત રચી તેહને ગળે માળા છે. વર પ્રધાન ઘંટને શબ્દે કરી શોભતા સશ્રીક છે. પદ્મવર ઉત્પલ કમળ તેહની સુગંધ માળાએ કરીને વિભૂષિત છે. વજ્ર રત્નમય તેહની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખૂરી છે. સ્ફટિક રત્નમય તેહના દાંત છે. રાતા સૂવર્ણમય તેહની જીભ છે. રાતા સૂવર્ણ-મય તેહનું તાળવું છે. રાતા સૂવર્ણમય જોત્રે કરી જોતર્યા છે. ઇચ્છાએ તેહનું ગમન છે. પ્રીતિકારી તેહનું ગમન છે. મનને અનુસારે તેહનું ગમન છે. મનોહર છે. અણુમવી તેહની ગતિ છે. અણુમવ્યું બળ વીર્ય પુરૂષાકાર તેહનું પ્રાક્રમ છે. મોહોટે ગંભીર ગર્જિત શબ્દે કરીને ત્રાડુ કરવે કરીને મધુર મનોહર શબ્દે કરીને આકાશ પ્રતે પુરતાંથકાં. દશે દિસીપ્રતે શોભાવતાંથકાં એહવા ચાર હજાર દેવતા વૃષભના રૂપના ધરણહાર પશ્ચિમ દિશીની બાંહા પ્રતે વહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત ચંદ્ર વૈમાને ઉત્તર દિશે ચાર હજાર દેવતા ઉપાડે છે. તે કેહવે રૂપે ઉપાડે છે?

**ઉત્તર—હે** ગૌતમ, ચંદ્ર વૈમાને ઉત્તર દિશે ચાર હજાર ઘોડાને રૂપે ઉપાડેછે. તે ઘોડા કેહવા છે તે **કહેછે.** સ્વેત સૂભગ કાન્તિવંત જાતિવંત પ્રધાન યોવનવંત તરૂણ હરિમેલા વનસ્પતિ વિશેષ, મલિકા વનસ્પતિ તેના જેવી ઉજ્વળ છે આંખ જેહની. ધન નિવડ નિચિત પુષ્ટ એહવા માદળની પરે ઉનત. ચક્રમિત, લલિત, પુલિત, એહવી ચંચળ ચપળ તેહની ગતી છે. ઉલંઘવું, વગગવું, દ્રોડવું, શ્રેણીબંધ ચાલવું, ત્રીપદી છેદવી. એહવી સીખી છે ગતી જેણે. નમતાં તેહના પાસા છે. સૂજાત ભલા પાસા છે. મિત માત્રાએ મવ્યા પુષ્ટ રચીત તેહના પાસા છે. મચ્છ તથા પંખીની પરે સૂજાત ઉત્તમ તેહની કુક્ષી છે પીનપુષ્ટ વૃત આકારે સુસ્થિત તેહની કડી છે. અવલંબ, પ્રલંબ લંબાયમાન લક્ષણે કરી પ્રસસ્ત રમ-ણીક તેહનાં પુંછ છે. તણુ પાતળા સુક્ષ્મ સુજાત સ્નીગ્ધ એહવી રોમરાયના ધરણહાર છે. મૃદુ સુકમાળ વિશાળ પ્રસસ્ત સુક્ષ્મ લક્ષણોપેત વિસ્તિર્ણ એહવા કાંધના કેશ તે કેશવાળી કહીએ તેહના ધરણહાર છે, લલિત લાસક વર ઉત્તમ ભૂષણના ધરણહાર છે. સુખનું મંડન ગાયના મૂલ પુંછના ચામર, ઘોસગ આભરણ વિશેષ તેણે કરી પરીમંડીત છે કટી પ્રદેશ જેનો. રાતા સૂવર્ણમય તેહની ખૂરી છે. રાતા સૂવર્ણમય તેહની જીભ છે. રાતા સૂવર્ણમય જોત્રે કરી જોતર્યા છે. ઇછાએ તેહનું ગમન છે. પ્રિતિકારી તેહનું ગમન છે. મનને અનુસારે તેહનું ગમન છે, મનોહર છે. અણુમવી તેહની ગતી છે. અણુમવ્યું બળ વીર્ય પુરૂષાકાર તેહનું પ્રાક્રમ છે. મોહોટા ઘોડાના હેંષારવ શબ્દ અને ઘણા ઘોડાનો એકઠો શબ્દ તે કલકલાટ શબ્દ તેણે કરીને મધુર મનોહર શબ્દે કરીને આકાશપ્રતે પુરતાંથકાં દિશીપ્રતે શોભાવતાંથકાં એવા ચાર હજાર દેવતા ઘોડાને રૂપે ઉત્તર દિસીની બાહાંપ્રતે વહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૂર્ય વૈમાન કેટલા હજાર દેવતા ઉપાડે છે?

**ઊ-તર**—હે ગૌતમ, સોળ હજાર દેવતા ઉપાડે છે તે પૂર્વલી ચંદ્ર વૈમાનની પરે સર્વ જાણવું.

**પ્રશ્ન—હે** ભગવંત, ગ્રહ વૈમાન કેટલા દેવતા ઉપાડે છે?

**ઉત્તર**—હે ગૌતમ, આઠ હજાર દેવતા ઉપાડે છે. તે પૂર્વલીપરે બે હજાર દેવતા પૂર્વ દિસીની બાંહા ઉપાડે છે તે સિંહને રૂપે છે. પૂર્વલીપરે બે હજાર દેવતા દક્ષિણ દિસિની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાંહા હાથીને રૂપે વહે છે. બે હજાર દેવતા પશ્ચિમ દિસીની બાંહા વૃષભને રૂપે વહે છે. ને બે હજાર દેવતા ઉત્તર દિસીની બાંહા ઘોડાને રૂપે વહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, નક્ષત્ર વૈમાન કેટલા દેવતા ઉપાડે છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચાર હજાર દેવતા ઉપાડે છે. તે કહેછે. સિંહ રૂપના ધરણહાર એક હજાર દેવતા પૂર્વ દિસીની બાંહા ઉપાડે છે એમ ચારે દિશાએ એકેક હજાર જાણવાં.

**પ્રશ્ન**—હે ભગવંત, તારા વૈમાન કેટલા દેવતા ઉપાડે છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે હજાર દેવતા ઉપાડે છે તે કહેછે. સિંહ રૂપના ધરણહાર પાંચસેં દેવતા પૂર્વ દિસીની બાંહા ઉપાડે છે એમ ચારે દિસે પાંચસેં પાંચસેં જાણવાં.

**પ્રશ્ન**—હે ભગવંત, ચંદ્રમા ૧, સૂર્ય ૨, ગ્રહ ૩, નક્ષત્ર ૪, ને તારા ૫. એ માંહે કયા કયા થકી ઉતાવળી ગતીવંત છે? અથવા હળવી ગતીવંત છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચંદ્રમા થકી સૂર્ય સીઘ્ર (ઉતાવળી) ગતીવંત છે. સૂર્યથકી ગ્રહ સીઘ્ર ગતીવંત છે. ગ્રહથકી નક્ષત્ર સીઘ્ર ગતીવંત છે. નક્ષત્રથકી તારા સીઘ્ર ગતીવંત છે. ને સર્વ થકી ચંદ્રમા મંદ (હળવી) ગતીવંત છે. ને સર્વ થકી તારા સીઘ્ર ગતીવંત છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચંદ્રમા ૧, સૂર્ય ૨, ગ્રહ ૩, નક્ષત્ર ૪, ને તારા ૫. એ માંહે કયા કયા થકી અલ્પ રૂધીવંત છે? અથવા મહા રૂધીવંત છે?

**ઉત્તર**—હે ગૌતમ, તારાથકી નક્ષત્ર મહર્ધિક (મોટી રૂધીવંત) છે. નક્ષત્રથકી ગ્રહ મહર્ધિક છે. ગ્રહથકી સૂર્ય મહર્ધિક છે ને સૂર્યથકી ચંદ્રમા મહર્ધિક છે. સર્વથકી અલ્પ રૂધીવંત તારા છે ને સર્વથકી મોટી રૂધીવંત ચંદ્રમા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, જંબુદ્વીપને વિષે એક તારાથકી બીજા તારાને કેટલું અબાધાએ અંતર છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે પ્રકારે અંતર કહ્યું છે. તે કહે છે. એક વ્યાઘાતપણે અંતર ને બીજું નિર્વ્યાઘાતપણે અંતર. ત્યાં જે વ્યાઘાતપણે અંતર છે તે જઘન્યથી બસેં છાસઠ જોજન અંતર છે. (તે કેમ જે નિષધ ને નિલવંત પર્વત્ત સ્વભાવે ચારશે જોજન ઉંચા છે, તે ઉપરે પાંચસેં જોજનના કુટ ઉંચા છે. તે મૂળે પાંચસેં જોજનના લાંબા પહોળા છે, મધ્યે ત્રણશેં પંચોતેર જોજનના ને શીખર ઉપરે તે બંને પર્વત્તના કૂટો અઢીસો જોજન પોહોળા છે ને તેને બે પાસે આઠ આઠ જોજન વેગળા (છેટે) તારા ચાલે છે. એમ મળીને બસેં છાસઠ જોજન વ્યાઘાતપણે જઘન્ય અંતર હોય.) ને ઉત્કૃષ્ટપણે બાર હજાર, બસેં બેતાલીસ જોજન અંતર હોય. (તે કેમ જે દશ હજાર જોજનનો મેરૂ પર્વત્ત પોહોળપણે છે ને તેને બે પાસે અગ્યારશે ને એકવીસ જોજન વેગળા તારા ચાલે છે. એ રીતે ત્રણ પીંડ મળીને બાર હજાર બસેં બેતાલીસ જોજન વ્યાઘાતપણે ઉત્કૃષ્ટ અંતર હોય એ ભાવ.) વળી ત્યાં જે નિર્વ્યાઘાતપણે અંતર છે તે જઘન્યથી પાંચસેં ધનુષનો ને ઉત્કૃષ્ટપણે બે ગાઉનો એક તારાથી બીજા તારાને અંતર (છેટું) કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ચંદ્રમા જ્યોતીષીનો ઇંદ્ર જ્યોતીષીનો રાજા તેને કેટલી અગ્રમહિષી છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચાર અગ્રમહિષી (દેવાંગ્ના સ્ત્રી) છે. તે કહે છે. ચંદ્રપ્રભા ૧, દોશીનાભા ૨, અર્ચિમાલી ૩, ને પ્રભંકરા ૪, ત્યાં એ ચાર માહીલી એકેકી દેવીને ચાર ચાર હજાર દેવાંગ્નાનો પરીવાર છે. એમ સોળ હજાર દેવાંગ્ના જાણવી. તે અગ્રમહિષી માહીલી એકેકી દેવી અનેરી ચાર ચાર હજાર દેવાંગ્નાનો પરીવાર વિકુર્વવાને સમર્થ થાય. એમ સર્વ મળી સોળ હજાર દેવાંગ્ના વિકુર્વણાની થાય. એ ત્રુટિત અંતઃપુરનો પરીવાર કહીએ.

**પ્રશ્ન**—હે ભગવંત ચંદ્રમા જ્યોતીષીનો ઇંદ્ર જ્યોતીષીનો રાજા ચંદ્રાવતંસક વૈમાનને વિષે સુધર્મા સભાએ ચંદ્રનામા સિંહાસને તે ત્રુટીત સ્ત્રીના વૃંદ સાથે દેવ સંબંધી ભોગ ભોગવતો થકો વીચરવાને સમર્થ થાય?

**ઉત્તર**—હે ગૌતમ, એ અર્થ સમર્થ નહીં (ભોગ ભોગવે નહીં.)

**પ્રશ્ન**—હે ભગવંત, તે શ્યે અર્થે એમ કહોછો જે એ અર્થ સમર્થ નહીં?

**ઉત્તર**—હે ગૌતમ, ચંદ્રમા જ્યોતીષીનો રાજા ચંદ્રાવતંસક વૈમાનને વિષે સુધર્મા સભાએ ચંદ્રનામા સિંહાસને ત્રુટિત તે સ્ત્રીના વૃંદ સાથે દેવતા સંબંધી ભોગ ભોગવતો થકો વીચરે નહીં. હે ગૌતમ! ચંદ્રમા જ્યોતિષીનો ઇંદ્ર જ્યોતીષિના રાજાને ચંદ્રાવતંસક વૈમાને સુધર્મા સભાએ માણવકનામા ચૈત્ય સ્થંભ છે. તેહને વિષે વજ્ર રત્નમય ગોળ વૃત દાબડા છે તેહને વિષે ઘણી જીન દાઢા છે. તે દાઢા ચંદ્રમા જ્યોતિષીનો ઇંદ્ર જ્યોતીષિના રાજાને ને અનેરાએ ઘણા જ્યોતિષી દેવતા દેવાંગ્નાને અર્ચવા જોગ્ય છે જાવત્ સેવવા જોગ્ય છે. તેહને માટે સમર્થ નહીં. ચંદ્રમા જ્યોતીષિનો રાજા ચદ્રાવતંસક વૈમાને ચંદ્ર સીંહાસનને વિષે સ્ત્રીના વૃંદ સાથે દેવ સંબંધી ભોગ ભોગવતો તેણે અર્થે વિચરે નહીં. હે ગૌતમ! સમર્થ નહીં. ચંદ્રમા જ્યોતીષીનો રાજા ચંદ્રાવતંસક વૈમાને સુધર્માસભાએ ચંદ્રનામા સીંહાસનને વિષે સ્ત્રીના વૃંદ સાથે દેવ સંબંધી ભોગ ભોગવતો થકો વીચરે નહીં. તેમ વળી હે ગૌતમ! સમર્થ છે ચંદ્રમા જ્યોતીષિનો ઇંદ્ર જ્યોતીષિનો રાજા ચંદ્રાવતંસક વૈમાને સુધર્મા સભાએ ચંદ્રનામા સીંહાસનને વિષે ચાર હજાર સામાનીક દેવતા જાવત્ સોળ હજાર આત્મ રક્ષક દેવતા અનેરાએ ઘણા જ્યોતીષિ દેવતા દેવાંગ્ના સાથે પરીવર્યો થકો મોહોટે શબ્દે વજાડતાં નાટીક, ગીત, વાજીંત્ર, તંત્રી વીણા, હસ્તતાલ, ઘણ, કાંસ્યતાળ, મૃદંગ, ત્રુટિત, એહવા પડવડા વાજીંત્રને શબ્દે કરીને દેવતા સંબંધી ભોગ ભોગવતો વીચરે. ગીત વાજીંત્ર નાટક જોય. કેવળ વિષય ત્રષ્ણા રહીત સ્ત્રીના વૃદને દ્રષ્ટી કરી જોવે. પણ ત્યાં મૈથુનવાર્તા ન કરે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૂર્યનામા જ્યોતિષીના રાજાને કેટલી અગ્રમહિષી છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચાર અગ્ર મહિષી છે. સૂર્યપ્રભા ૧, આતપ્રભા ૨, અર્ચિમાલી ૩, ને પ્રભંકરા ૪. એમ શેષ અધિકાર સર્વ ચંદ્રમાની પરે કહેવો. પણ એટલો વિશેષ જે સૂર્યાવતંસક વૈમાન અને સૂર્યનામા સિંહાસને કહેવું.

તેમજ સર્વ ગ્રહાદિક જ્યોતીષિને પણ ચાર ચાર અગ્રમહિષી છે. તે કહેછે. વિજયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧, વીજ્યંતી ૨, જયંતી ૩, ને અપરાજીતા ૪. તેહનો પણ સર્વ અધિકાર ચંદ્રમાની પરે કહેવો.

**પ્રશ્ન**—હે ભગવંત, ચંદ્રમાના વૈમાનને વિષે દેવતાને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ પનવણાને ચોથે સ્થિતિપદે કહી છે તે કહેછે. ચંદ્રમાની જઘન્ય પા પલ્યની ને ઉત્કૃષ્ટી એક પલ્યને એક લાખ વરસની.

**પ્રશ્ન**—હે ભગવંત, ચંદ્રમાની દેવાંગ્નાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય પા પલ્યની ને ઉત્કૃષ્ટપણે અર્ધ પલ્યને પચાસ હજાર વરસની.

**પ્રશ્ન**—હે ભગવંત, સૂર્ય વૈમાનના દેવતાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય પા પલ્યની ને ઉત્કૃષ્ટી એક પલ્ય ને હજાર વરસની.

**પ્રશ્ન**—હે ભગવંત, સૂર્યની દેવાંગ્નાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય પા પલ્યની ને ઉત્કૃષ્ટી અર્ધ પલ્ય ને પાંચશો વરસની.

**પ્રશ્ન**—હે ભગવંત, ગ્રહ વૈમાને દેવતાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય પા પલ્યની ને ઉત્કૃષ્ટી એક પલ્યની.

**પ્રશ્ન**—હે ભગવંત, ગ્રહ વૈમાનની દેવાંગ્નાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય પા પલ્યની ને ઉત્કૃષ્ટી અર્ધ પલ્યની.

**પ્રશ્ન**—હે ભગવંત, નક્ષત્ર વૈમાને દેવતાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય પા પલ્યની ને ઉત્કૃષ્ટી અર્ધ પલ્યની.

**પ્રશ્ન**—હે ભગવંત, નક્ષત્ર વૈમાનની દેવાંગ્નાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય પા પલ્યની ને ઉત્કૃષ્ટી પા પલ્ય ઝાઝેરાની.

**પ્રશ્ન**—હે ભગવંત, તારા વૈમાને દેવતાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય પલ્યનો આઠમો ભાગ ને ઉત્કૃષ્ટી પા પલ્યની.

**પ્રશ્ન**—હે ભગવંત, તારા વૈમાનની દેવાંગ્નાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય પલ્યનો આઠમો ભાગ ને ઉત્કૃષ્ટી પલ્યોપમના આઠમા ભાગ ઝાઝેરાની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચંદ્રમા ૧, સૂર્ય ૨, ગ્રહ ૩, નક્ષત્ર ૪, ને તારા ૫. એ માંહે કયા કયા થકી થોડા અથવા ઘણા અથવા સરખા અથવા વિશેષાધિક છે?

**ઉત્તર**—હે ગૌતમ, ચંદ્રમા સૂર્ય એ બે પરસ્પરે તેટલાજ (બરાબર) ને બીજા જ્યોતિષી કરતાં થોડા છે. તે થકી નક્ષત્ર સંખ્યાત ગુણા (અઠાવીશ ગુણા) છે. તે થકી ગ્રહ સંખ્યાત ગુણા (ચંદ્ર. સૂર્યથી અઠાસી ગુણા) છે. ને નક્ષત્રથી ત્રીગુણા ઝાઝેરા છે. તે થકી તારા સંખ્યાત ગુણા છે. તારા ક્રોડાક્રોડી ગમે છે. એ જ્યોતિષીનો અધિકાર પુરો થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૨૫. વૈમાનિક દેવતાના અધિકારનો પહેલો ઉદ્દેશો.

**પ્રશ્ન**—હે ભગવંત, વૈમાનીક દેવતાના વૈમાન કયાં કહ્યાં છે? ને વૈમાનિક દેવતા કયાં વસેછે?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ પનવણાના બીજા સ્થાનપદને વિષે કહ્યું છે તેમ સર્વ કહેવું. પણ એટલો વિશેષ જે પર્ખદા કહેવી. જાવત્ ત્યાં શક્ર સૌધર્મ ઇંદ્ર ચોરાશી હજાર સામાનીક જાવત્ અનેરાએ ઘણા સુધર્મ દેવલોકના વાસી વૈમાનીક દેવતા, દેવાંગ્નાનું અધિપતિપણું કરતો થકો વિચરે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, શક્રનામા દેવેંદ્ર દેવતાના રાજાને કેટલી પરીખદા કહી છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને ત્રણ પરખદા કહી છે. સમિતા ૧, ચંડા ૨, ને જાયા ૩. તેમાં અભ્યંતર પરખદા સમમિતા ૧, મધ્ય પરખદા ચંડા ૨, ને બાહ્ય પરખદા જાયા ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, સક્રનામા દેવેંદ્ર દેવતાના રાજાને અભ્યંતર પરખદાએ કેટલા હજાર દેવતાછે, મધ્ય પરખદાએ કેટલા હજાર દેવતાછે, ને બાહ્ય પરખદાએ કેટલા હજાર દેવતા છે?

**ઉત્તર**—હે ગૌતમ, સક્રનામા દેવેંદ્ર દેવતાના રાજાને અભ્યંતર પરખદાએ બાર હજાર દેવતા છે, મધ્ય પરખદાએ ચઉદ હજાર દેવતા છે, ને બાહ્ય પરખદાએ સોળ હજાર દેવતાછે.

**પ્રશ્ન**—હે ભગવંત, સક્રેંદ્ર દેવતાનો રાજા તેને અભ્યંતર પરખદાએ કેટલી સો દેવી છે? જાવત્ બાહીરલી પરખદાએ કેટલી સો દેવી છે?

**ઉત્તર**—હે ગૌતમ, સક્રેંદ્ર દેવીંદ્ર દેવતાના રાજાને અભ્યંતર પરખદાએ સાતસેં દેવી છે. મધ્ય પરખદાએ છસેં દેવી છે. ને બાહીરલી પરખદાએ પાંચસેં દેવી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સક્રનામા દેવેંદ્ર દેવતાના રાજાની અભ્યંતર પરખદાના દેવતાની કેટલા કાળની સ્થિતિ છે? એમ મધ્ય પરખદાએ કેટલી સ્થિતિ છે ને બાહ્ય પરખદાએ કેટલી સ્થિતિ છે? એમ જાવત્ દેવીની ત્રણ પરખદાની સ્થિતિ પુછી.

**ઉત્તર**—હે ગૌતમ, સક્રેંદ્રનામા દેવેંદ્ર દેવતાના રાજાની અભ્યંતર પરખદાએ દેવતાની પાંચ પલ્યોપમની સ્થિતિ છે, મધ્ય પરખદાએ દેવતાની ચાર પલ્યોપમની સ્થિતિ છે ને બાહ્ય પરખદાએ દેવતાની ત્રણ પલ્યોપમની સ્થિતિ છે. અભ્યંતર પરખદાએ દેવીની ત્રણ પલ્યોપમની સ્થિતિ છે, મધ્ય પરખદાએ દેવીની બે પલ્યોપમની સ્થિતિ છે, ને બાહ્ય પરખદાએ દેવીની એક પલ્યોપમની સ્થિતિ છે.

ત્રણે પરખદાનો અર્થ તેમજ ભવનપતિની પરે કહેવો.

**પ્રશ્ન**—હે ભગવંત, ઇશાન દેવલોકના દેવતાના વૈમાન કયાં કહ્યાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેમજ સર્વ પનવણાના સ્થાનપદની પરે કહેવું. જાવત્ ઇશાન ઇંદ્રનામા તીહાં દેવેંદ્ર દેવતાનો રાજા વસે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ઇશાનઇંદ્રનામા દેવેંદ્ર દેવતાના રાજાને કેટલી પરખદા છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને ત્રણ પરખદા છે. સમિતા ૧, ચંડા ૨, ને જાયા ૩. તેમજ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ કહેવું. પણ એટલો વિશેષ જે અભ્યંતર પરખદાએ દશ હજાર દેવતા છે, મધ્ય પરખદાએ બાર હજાર દેવતા છે, ને બાહ્ય પરખદાએ ચઉદ હજાર દેવતા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ઇશાનઇંદ્રનામા દેવેંદ્ર દેવતાના રાજાને અભ્યંતર પરખદાએ કેટલી દેવી છે, મધ્ય પરખદાએ કેટલી દેવી છે, ને બાહ્ય પરખદાએ કેટલી દેવી છે?

**ઉત્તર**—હે ગૌતમ, ઇશાનઇંદ્રિનામા દેવેંદ્ર દેવતાના રાજાને અભ્યંતર પરખદાએ નવસેં દેવી છે, મધ્ય પરખદાએ આઠસેં દેવી છે, ને બાહ્ય પરખદાએ સાતસેં દેવી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ઇશાન ઇંદ્રનામા દેવેંદ્ર દેવતાના રાજાની અભ્યંતર પરખદાના દેવતાની કેટલા કાળની સ્થિતિ છે. જાવત્ બાહ્ય પરખદાએ દેવતાની કેટલી સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, અભ્યંતર પરખદાએ દેવતાની સાત પલ્યોપમની સ્થિતિ છે, મધ્ય પરખદાએ દેવતાની છ પલ્યોપમની સ્થિતિ છે, ને બાહ્ય પરખદાએ દેવતાની પાંચ પલ્યોપમની સ્થિતિ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ઇશાન ઇંદ્રિનામા દેવેંદ્ર દેવતાના રાજાની અભ્યંતર પરખદાની દેવીની કેટલા કાળની સ્થિતિ છે. જાવત્ બાહ્ય પરખદાએ દેવીની કેટલી સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, અભ્યંતર પરખદાએ દેવીની પાંચ પલ્યોપમની સ્થિતિ છે, મધ્ય પરખદાએ દેવીની ચાર પલ્યોપમની સ્થિતિ છે, ને બાહ્ય પરખદાએ દેવીની ત્રણ પલ્યોપમની સ્થિતિ છે.

ત્રણે પરખદાનો અર્થ તેમજ ભવનપતિની પરે કહેવો.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રીજા સનતકુમાર દેવલોકના વૈમાન પુછયાં?

**ઊત્તર**—હે ગૌતમ, તેમજ પનવણાના બીજા સ્થાનપદની પરે કહેવું. જાવત્ સનત કુમારેંદ્રને ત્રણ પરખદા છે. સમિતા ૧, ચંડા ૨, ને જાયા ૩. તેમજ કહેવી પણ એટલો વિશેષ જે અભ્યંતર પરખદાએ આઠ હજાર દેવતા છે, મધ્ય પરખદાએ દશ હજાર દેવતા છે ને બાહ્ય પરખદાએ બાર હજાર દેવતા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રીજા સનતકુમાર દેવલોકના ઇંદ્રિને અભ્યંતર પરખદાના દેવતાની કેટલા કાળની સ્થિતિ છે જાવત્ બાહ્ય પરખદાએ દેવતાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઊત્તર**—હે ગૌતમ, અભ્યંતર પરખદાએ દેવતાની સાડા ચાર સાગરોપમ ને પાંચ પલ્યોપમની સ્થિતિ છે, મધ્ય પરખદાએ દેવતાની સાડા ચાર સાગરોપમ ને ચાર પલ્યોપમની સ્થિતિ છે ને બાહ્ય પરખદાના દેવતાની સાડા ચાર સાગરોપમ ને ત્રણ પલ્યોપમની સ્થિતિ છે. (બીજા દેવલોક ઉપરાંત દેવી નથી.)

અર્થ તેહીજ પૂર્વલીપરે જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, મહેંદ્ર દેવલોકનું પુછયું?

**ઉત્તર**—હે ગૌતમ, એમ મહેંદ્રકલ્પે પણ તેમજ કહેવું. જાવત્ ત્રણ પરખદા, પણ એટલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષ જે અભ્યંતર પરખદાએ છ હજાર દેવતા છે, મધ્ય પરખદાએ આઠ હજાર દેવતા છે, ને બાહ્ય પરખદાએ દશ હજાર દેવતા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તેના ત્રણે પરખદાના દેવતાની સ્થિતિ પુછી?

**ઉત્તર**—હે ગૌતમ, અભ્યંતર પરખદાએ દેવતાની સાડા ચાર સાગરોપમ ને સાત પલ્યોપમની સ્થિતિ છે, મધ્ય પરખદાના દેવતાની સાડા ચાર સાગરોપમ ને છ પલ્યોપમની સ્થિતિ છે, ને બાહ્ય પરખદાના દેવતાની સાડા ચાર સાગરોપમ અને પાંચ પલ્યોપમની સ્થિતિ છે.

તેમજ સર્વે ઇંદ્રના સ્થાન પદેથી વૈમાન કહેવાં. ત્યાર પછી પરખદા પ્રત્યેકે પ્રત્યેકે સર્વને કહેવી.

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચમા દેવલોકના બ્રહ્મેંદ્રને કેટલી પરખદા છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને પણ ત્રણ પરખદા છે, પણ અભ્યંતર પરખદાએ ચાર હજાર દેવતા છે, મધ્ય પરખદાએ છ હજાર દેવતા છે ને બાહ્ય પરખદાએ આઠ હજાર દેવતા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે દેવતાની સ્થિતિ કેટલી છે?

**ઉત્તર**—હે ગૌતમ, અભ્યંતર પરખદાએ દેવતાની સાડા આઠ સાગરોપમ અને પાંચ પલ્યોપમની સ્થિતિ છે, મધ્ય પરખદાએ દેવતાની સાડા આઠ સાગરોપમ અને ચાર પલ્યોપમની સ્થિતિ છે, ને બાહ્ય પરખદાના દેવતાની સાડા આઠ સાગરોપમ અને ત્રણ પલ્યોપમની સ્થિતિ છે.

અર્થ તેમજ પૂર્વલી પરે જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, લાંતક ઇંદ્રને કેટલી પરખદા છે?

**ઊત્તર**—હે ગૌતમ, તેને પણ ત્રણ પરખદા છે. જાવત્ અભ્યંતર પરખદાએ બે હજાર દેવતા છે, મધ્ય પરખદાએ ચાર હજાર દેવતા છે ને બાહ્ય પરખદા એ છ હજાર દેવતા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે દેવતાની સ્થિતિ પૂછી ?

**ઉ-તર**—હે ગૌતમ, અભ્યંતર પરખદાના દેવતાની બાર સાગરોપમ ને સાત પલ્યોપમની સ્થિતિ છે, મધ્ય પરખદાના દેવતાની બાર સાગરોપમ ને છ પલ્યોપમની સ્થિતિ છે ને બાહ્ય પરખદાના દેવતાની બાર સાગરોપમ ને પાંચ પલ્યોપમની સ્થિતિ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, માહાસુક્રેંદ્રને કેટલી પરખદા છે ?

**ઊત્તર**—હે ગૌતમ, તેને પણ જાવત્ ત્રણ પરખદા છે. જાવત્ અભ્યંતર પરખદાએ એક હજાર દેવતા છે, મધ્ય પરખદાએ બે હજાર દેવતા છે ને બાહ્ય પરખદાએ ચાર હજાર દેવતા છે,

**પ્રશ્ન**—હે ભગવંત, તે દેવતાની સ્થિતિ પૂછી ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, અભ્યંતર પરખદાના દેવતાને સાડા પનર સાગરોપમ અને પાંચ પલ્યોપમની સ્થિતિ છે, મધ્ય પરખદાના દેવતાને સાડા પનર સાગરોપમ અને ચાર પલ્યોપમની સ્થિતિ છે અને બાહ્ય પરખદાએ દેવતાને સાડા પનર સાગરોપમ અને ત્રણ પલ્યોપમની સ્થિતિ છે.

અર્થ તેહીજ પૂર્વલીપરે જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, સહસારેંદ્રની પરખદા પૂછી?

**ઉત્તર**—હે ગૌતમ, જાવત્ અભ્યંતર પરખદાએ પાંચસેં દેવતા છે, મધ્ય પરખદાએ એક હજાર દવતા છે ને બાહ્ય પરખદાએ બે હજાર દેવતા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તેહની સ્થિતિ પૂછી?

**ઉત્તર**—હે ગૌતમ, અભ્યંતર પરખદાએ સાડા સત્તર સાગરોપમ અને સાત પલ્યોપમની સ્થિતિ છે, મધ્ય પરખદાએ સાડા સતર સાગરોપમ અને છ પલ્યોપમની સ્થિતિ છે અને બાહ્ય પરખદાએ દેવતાની સાડા સતર સાગરોપમ અને પાંચ પલ્યોપમની સ્થિતિ છે.

અર્થ તેહીજ પૂર્વપરે જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, આનંત, પ્રાણુંત. બે દેવલોકનો એક પ્રાણુંતેંદ્ર તેહની પરખદા પુછી?

**ઉત્તર**—હે ગૌતમ, જાવત્ ત્રણ પરખદા છે. અભ્યંતર પરખદાએ અઢીસેં દેવતા છે, મધ્ય પરખદાએ પાંચસેં દેવતા છે અને બાહ્ય પરખદાએ એક હજાર દેવતા છે.

**પ્રશ્ન**—હે ભગવંત,તે દેવતાની સ્થિતિ કેટલી છે?

**ઉત્તર**—હે ગૌતમ, અભ્યંતર પરખદાએ દેવતાની ઓગણીશ સાગરોપમ ને પાંચ પલ્યોપમની સ્થિતિ છે, મધ્ય પરખદાએ દેવતાની ઓગણીસ સાગરોપમ ને ચાર પલ્યોપમની સ્થિતિ છે. ને બાહ્ય પરખદાએ દેવતાની ઓગણીસ સાગરોપમ ને ત્રણ પલ્યોપમની સ્થિતિછે.

અર્થ તેહીજ પૂર્વલીપરે જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, આરણ અને અચ્યુત દેવલોકના દેવતાના વિમાન કયાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેમજ કહેવાં. અચ્યુતેંદ્ર પરીવાર સહીત જાવત્ વિચરે છે. અચ્યુતેંદ્રના દેવેંદ્રને ત્રણ પરખદા છે. તેમાં અભ્યંતર પરખદાએ સવાસો દેવતા છે, મધ્ય પરખદાએ અઢીસો દેવતા છે. ને બાહ્ય પરખદાએ પાંચસો દેવતા છે. વળી અભ્યંતર પરખદાએ દેવતાની એકવીશ સાગરોપમ ને સાત પલ્યોપમની સ્થિતિ છે, મધ્ય પરખદાના દેવતાની એકવીશ સાગરોપમ ને છ પલ્યોપમની સ્થિતિ છે ને બાહ્ય પરખદાના દેવતાની એકવીશ સાગરોપમ ને પાંચ પલ્યોપમની સ્થિતિ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, હેઠલી ત્રીક. ગ્રૈવેયકના દેવતાના વૈમાન કયાં કહ્યાં છે? ને હેઠલી ત્રીક. ગ્રૈવેયકના દેવતા કયાં વસે છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, જેમ પનવણાને બીજે સ્થાન પદે કહ્યું છે તેમજ જાણવું.

એમ મધ્ય ત્રીક ગ્રૈવેયકનાં દેવતા, ઉપલી ત્રીક ગ્રૈવેયકના દેવતા, અનુત્તર વૈમાનના દેવતા. જાવત્ તે નવ ગ્રૈવેયક અને અનુત્તર વાસી દેવતા સર્વ અહમિંદ્ર છે. ચાકર ઠાકર નથી. તે માટે ત્યાં પરખદા ન કહેવી. અહો શ્રમણો આવખાવંતો! એ વૈમાનીક દેવતાનો પહેલો ઉદ્દેશો થયો.

## ૧૨૬. વૈમાનીક દેવતાના અધિકારનો બીજો ઉદ્દેશો.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇસાન દેવલોકે વૈમાનની પૃથ્વી શ્યે આધારે રહી છે?

**ઉત્તર**—હે ગૌતમ, ઘનોદધી (નિવડ પાણીરૂપ) તેહને આધારે રહી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સનતકુમાર, માહેંદ્ર. દેવલોકે વૈમાનની પૃથ્વી શ્યે આધારે રહી છે?

**ઉત્તર**—હે ગૌતમ, ઘનવાય (નિવડ વાયરો) તેને આધારે રહી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બ્રહ્મ દેવલોકે વૈમાનની પૃથ્વી શ્યે આધારે રહી છે?

**ઉત્તર**—હે ગૌતમ, ઘનવાયને આધારે રહી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, લાંતક દેવલોકે વૈમાનની પૃથ્વી શ્યે આધારે રહી છે?

**ઉત્તર**—હે ગૌતમ, ઘનોદધી ને ઘનવાય. એ બેને આધારે રહી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, માહાશુક્ર ને સહસાર. દેવલોકે વૈમાનની પૃથ્વી શ્યે આધારે રહી છે?

**ઉત્તર**—હે ગૌતમ, ઘનોદધી ને ઘનવાય. એ બેને આધારે રહી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, આનંત, પ્રાણુંત, આરણ ને અચ્યુત. એ ચાર દેવલોકે વૈમાનની પૃથ્વી શ્યે આધારે રહી છે?

**ઉત્તર**—હે ગૌતમ, આકાશને આધારે રહી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, ગ્રૈવેયકના વૈમાનની પૃથ્વી શ્યે આધારે રહી છે?

**ઉત્તર**—હે ગૌતમ, આકાશને આધારે રહી છે.

**પ્રશ્ન**—હે ભગવંત,અનુત્તર વૈમાનની પૃથ્વી શ્યે આધારે રહી છે?

**ઉત્તર**—હે ગૌતમ, આકાશને આધારે રહી છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન. કલ્પને વિષે વૈમાનની પૃથ્વી કેટલી જાડપણે છે?

**ઉ-તર**—હે ગૌતમ, સતાવીશસેં જોજન જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સનતકુમાર, માહેંદ્ર. કલ્પે વૈમાનની પૃથ્વી કેટલી જાડપણે છે?

**ઉ-તર**—હે ગૌતમ, છવીસસેં જોજન જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બ્રહ્મ, લાંતિક. દેવલોકે વૈમાનની પૃથ્વી કેટલી જાડપણે છે?

**ઉ-તર**—હે ગૌતમ, પચવીસસેં જોજન જાડપણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, માહાસુક્ર, સહસાર. દેવલોકે વૈમાનની પૃથ્વી કેટલી જાડપણે છે ?

**ઉ-તર**—હે ગૌતમ, ચોવીસસેં જોજન જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, આનંત, પ્રાણુંત, આરણ ને અચ્યુત કલ્પે વૈમાનની પૃથ્વી કેટલી જાડપણે છે ?

**ઉત્તર**—હે ગૌતમ, ત્રેવીસસેં જોજન જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, નવ ગ્રૈવેયકની પૃથ્વી કેટલી જાડપણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, બાવીસસેં જોજન જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, અનુત્તર વૈમાનની પૃથ્વી કેટલી જાડપણે છે ?

**ઉ-તર**—હે ગૌતમ, એકવીસસેં જોજન જાડપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન. દેવલોકે વૈમાન કેટલા જોજન ઉંચપણે છે ?

**ઉ-તર**—હે ગૌતમ, પાંચસેં જોજન ઉંચપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સનતકુમાર, માહેંદ્ર. દેવલોકે વૈમાન કેટલા જોજન ઉંચપણે છે ?

**ઉત્તર**—હે ગૌતમ, છસેં જોજન ઉંચપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બ્રહ્મ, લાંતક. દેવલોકે વૈમાન કેટલા જોજન ઉંચપણે છે ?

**ઉ-તર**--હે ગૌતમ, સાતસેં જોજન ઉંચપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, માહાસુક્ર, સહસાર. દેવલોકે વૈમાન કેટલા જોજન ઉંચપણે છે ?

**ઉત્તર**—હે ગૌતમ, આઠસેં જોજન ઉંચપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, આનંત, પ્રાણુંત, આરણ ને અચ્યુત. દેવલોકે વૈમાન કેટલા ઉંચપણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, નવસેં જોજન ઉંચપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, નવ ગ્રૈવેયકના વૈમાન કેટલા જોજન ઉંચપણે છે ?

**ઉત્તર**—હે ગૌતમ, એક હજાર જોજન ઉંચપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચ અણુત્તર વૈમાન કેટલા ઉંચપણે છે ?

**ઉત્તર**—હે ગૌતમ, અગ્યારસેં જોજન ઉંચપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન. દેવલોકે વૈમાન સ્યે આકારે સંસ્થિત છે ?

**ઉ-તર**—હે ગૌતમ, તે વૈમાન બે પ્રકારના છે. તે એક આવળીકા પ્રવિષ્ટ તે શ્રેણીબંધ છે. ને બીજા આવળીકાથકી બાહીર છુટક (પુફાવિકરણ) છે. વળી તેમાં જે આવળિકા પ્રવિષ્ટ શ્રેણીબંધ છે તે ત્રણ પ્રકારનાં છે. વૃત્ત (ગોળ) ૧. ત્રંસ (ત્રીખૂણા) ૨. ને ચતુરસ. (ચોરસ) ૩. તેમાં તીહાં જે આવળિકાથકી બાહીર છે તે પુપ્ફાવિકર્ણ (છુટા ફુલની પરે) અનેક નાના પ્રકારના ઉત્તમ સંસ્થાને છે. એમ જાવત્ ગ્રૈવેયકના વૈમાન લગે કહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચ અણુત્તર વૈમાન શ્યે આકારે સંસ્થિત છે?

**ઉત્તર—**હે ગૌતમ, પાંચ અણુત્તર વૈમાન બે પ્રકારે છે. વચે એક વૃત્ત (ગોળ) છે. ને ચ્યાર દીસે ચ્યાર ત્રીખૂણા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન. દેવલોકે વૈમાન કેવડાં લાંબપણે, પોહોળપણે છે? ને કેટલા પરિધિપણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે પ્રકારે છે, સંખ્યાતા વિસ્તારના ને અસંખ્યાતા વિસ્તારના જેમ નરકાવાસા કહ્યા તેમ જાણવા. જાવત્ અણુત્તર વૈમાન વચલું એક (સરવાર્થ સિદ્ધ) સંખ્યાતા જોજનનું છે. ને ચાર દીસે ચાર (વિજયાદિક) અસંખ્યાતા જોજનનાં છે. ત્યાં જે સંખ્યાતા વિસ્તારનું (સરવાર્થસિદ્ધ) છે. તે જંબુદ્વીપ પ્રમાણે લાખ જોજન વિસ્તારે છે. ને જે અસંખ્યાતા વિસ્તારના વૈમાન છે, તે અસંખ્યાતા લાખ જોજન લાંબપણે પોહોળપણે છે ને અસંખ્યાતા લાખ જોજન પરિધિપણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન દેવલોકે વૈમાન કેટલા વર્ણના છે?

**ઉત્તર—**હે ગૌતમ, પાંચ વર્ણના છે. કાળા ૧, લીલા ૨, રાતા ૩, પીળાં ૪, ને ધોળાં ૫.

**પ્રશ્ન**—હે ભગવંત, સનતકુમાર, માહેંદ્ર કલ્પે વૈમાન કેટલા વર્ણના છે?

**ઉત્તર—**હે ગૌતમ, ચાર વર્ણના છે. લીલાં ૧, રાતાં ૨, પીળાં ૩, ને ધોળાં ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, બ્રહ્મલોક, લાંતક કલ્પે વૈમાન કેટલા વર્ણનાં છે?

**ઉત્તર—**હે ગૌતમ, ત્રણ વર્ણનાં છે. તે રાતાં ૧, પીળાં ૨, ને ધોળાં ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, માહાશુક્ર, સહસારે. વૈમાન કેટલા વર્ણનાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે વર્ણના છે. પીળાં ૧, ને ધોળાં ૨.

**પ્રશ્ન—**હે ભગવંત, આનંત, પ્રાણંત, આરણ ને અચ્યુતે કેટલા વર્ણના છે?

**ઉત્તર**—હે ગૌતમ, એક ધોળા વર્ણના છે.

**પ્રશ્ન—**હે ભગવંત, નવ ગ્રૈવેયકના વૈમાન કેટલા વર્ણના છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ પણ એક ધોળે વર્ણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પાંચ અણુત્તર વૈમાન કેવે વર્ણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, પરમ શુકલ વર્ણે ધોળાં છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઈશાન દેવલોકે વૈમાન કહેવાં પ્રભાએ કાન્તિએ કરીને છે?

**ઉત્તર**—હે ગૌતમ, નિત્યે પ્રકાશવંત છે. નિત્યે ઉદ્યોતવંત છે. પોતાની કાન્તિએ કરી સહીત છે. એમ જાવત્ અણુત્તર વૈમાન નિત્યે પ્રકાશવંત છે. નિત્યે ઉદ્યોતવંત છે. પોતાની પ્રભાએ કરીને સહીત છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન દેવલોકે વૈમાન કેહવી ગંધે કરીને છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, જેમ કોઇ કઠના પુડા હોય જાવત્ ગંધે કરીને જાવત્ એહથકી અત્યંત ઇષ્ટ ગંધવંત છે. એમ જાવત્ અણુત્તર વૈમાન લગે ગંધનું કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન દેવલોકે વૈમાન કેહવે સ્પર્શે કરીને છે?

**ઉ-તર**—હે ગૌતમ, જેમ કોઇ મૃગચર્મ (મૃગનું ચામડું) હોય તથા રૂ હોય તેમજ પૂર્વલીપરે સર્વ સુકમાળ સ્પર્શ કહેવો. જાવત્ અણુત્તર વૈમાન લગે કહેવો.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન દેવલોકે વૈમાન કેવડાં મોટાં છે?

**ઉત્તર**—હે ગૌતમ, એહ જંબુદ્વીપનામા દ્વીપ સર્વ દ્વીપ ને સમુદ્રની મધ્યે છે. તેમજ પૂર્વલીપરે તે પુંઠે ત્રણ ચપટીમાંહે એકવીશ વાર ફરે એહવી ગતીએ કોઇક દેવતા છ માસ લગે તે વૈમાનમાંહે ચાલે ત્યારે કોઇક વૈમાનનો પાર આવે ને કોઇક વૈમાનનો પાર પણ ન આવે એવડાં મોટાં વૈમાન છે. એમ જાવત્ અણુત્તર વૈમાન એક સર્વાર્થસિદ્ધ વૈમાન પ્રતે વ્યતિક્રમી જાય. ને વિજયાદિક ચાર વૈમાન પ્રતે વ્યતિક્રમી જાય નહીં.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન દેવલોકે વૈમાન શ્યામય છે? (શેનાં છે.)

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ રત્નમય છે. ત્યાં ઘણા જીવ ને પુદ્‍ગળ એકંદ્રિપણે ઉપજે છે, ચવે છે, પુષ્ટ થાય છે. તે વૈમાન દ્રવ્યાર્થપણે શાશ્વતાં છે ને વર્ણને પર્યાયે, ગંધને પર્યાયે, રસને પર્યાયે ને સ્પર્શને પર્યાયે અશાશ્વતાં છે. એમ જાવત્ અણુત્તર વૈમાન લગે કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન દેવલોકને વિષે દેવતા ક્યાંથી આવી ઉપજે?

**ઉ-તર**—હે ગૌતમ, ઉપપાતનો આળાવો જેમ પનવણાને છઠે વ્યુક્રાંતિ પદે કહ્યો છે તેમ કહેવો. તિર્યંચ, મનુષ્ય. પચેંદ્રી સમુર્છિમ વરજીને ગર્ભજ પચેંદ્રી તિર્યંચ, મનુષ્યમાંહેથી આવ્યા ઉપજે. એમ ઉપપાત વ્યુક્રાંતિ પદને અનુસારે જાવત્ અણુત્તર વૈમાન લગે કહેવું. (આઠમા દેવલોક સુધી ગર્ભજ મનુષ્ય, તિર્યંચ ઉપજે, ને નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વૈમાન સુધી એક ગર્ભજ મનુષ્ય ઉપજે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન દેવલોકે દેવતા એક સમયે કેટલા ઉપજે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક, બે, ત્રણ ઉપજે ને ઉત્કૃષ્ટપણે સંખ્યાતા પણ ઉપજે અને અસંખ્યાતા પણ ઉપજે એમ જાવત્ સહસાર આઠમા દેવલોક લગે જાણવાં (તિર્યંચ આઠમા દેવલોક સુધી ઉપજે છે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, આણંતાદિક ચાર દેવલોકે, નવ ગ્રૈવેયકે ને પાંચ અણુત્તર વૈમાને એક સમયે કેટલા દેવતા ઉપજે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક, બે ત્રણ ઉપજે ને ઉત્કૃષ્ટપણે સંખ્યાતાજ ઉપજે. (આણંતાદિક દેવલોકે ગર્ભજ મનુષ્યજ ઉપજે, ને ગર્ભજ મનુષ્યછે તે સંખ્યાતાજ છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન દેવલોકે દેવતા સમયે સમયે એકેકો અપહરતાં (કાઢતાં) કેટલે કાળે સર્વ અપહરાય રહે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉ-તર**—હે ગૌતમ, તે દેવતા અસંખ્યાતા સમયે સમયે અપહરતાંથકાં અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી લગી અપહરે તો પણ તે સર્વ અપહરાય નહીં. એટલા છે. એમ જાવત્ સહસાર આઠમા દેવલોક લગી કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, આણુંતાદિક ચાર દેવલોકે, નવ ગ્રૈવેયકે, ને પાંચ અણુત્તર વૈમાને દેવતા સમયે સમયે એકેકો અપહરતાં થકાં કેટલે કાળે સર્વ અપહરાય રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તે પણ અસંખ્યાતા છે માટે સમયે સમયે અસંખ્યાતા અપહરતા થકાં ક્ષેત્ર પલ્યોપમના સૂક્ષ્મપણે અસંખ્યાતા ભાગ લગી અપહરીએ તો પણ સર્વ અપહરાય નહીં એટલા છે. પણ નિશ્ચે ક્યારેય પણ અપહર્યા નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન દેવલોકે દેવતાને કેવડી મોટી શરીરની અવગાહના છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેની બે ભેદે શરીરની અવગાહના છે. એક ભવધારણીક ને બીજી ઉત્તર વૈક્રીય. તેમાં જે ભવધારણીક શરીર તે જઘન્યથી આંગુલને અસંખ્યાતમે ભાગે છે. (ઉપજતી વેળાએ) ને ઉત્કૃષ્ટપણે સાત હાથની છે. ને તીહાં જે ઉત્તર વૈક્રીય. શરીર તે જઘન્યથી આંગુલને સંખ્યાતમે ભાગે છે (પ્રારંભ વેળાએ.) ને ઉત્કૃષ્ટપણે લાખ જોજનની છે. બાર દેવલોક સુધી.

ત્યાર પછી એકેકો હાથ ઓછો કરીએ. તે એમકે. સનતકુમાર, માહેંદ્રે ૭ હાથ. બ્રહ્મ, લાંતકે. પાંચ હાથ. માહાસુક્ર, સહસારે ચાર હાથ. આનંતાદિક ચાર દેવલોકે ત્રણ હાથ. નવ ગ્રૈવેયકે બે હાથ. જાવત્ અનુત્તર. વૈમાનના દેવતાને એક હાથ શરીરની અવગાહના છે. તેમાં વળી નવ ગ્રૈવેયકે ને અણુત્તર વૈમાને એકજ ભવધારણીય શરીર છે. ઉત્તર વીક્રીય શરીર નથી. ( કરવાની શક્તિ છે પણ કરે નહીં કાર્યના અભાવ માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન. દેવલોકે દેવતાના શરીર કયે સંઘયણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, ૭ સંઘયણુ રહીત અસંઘયણી છે. હાડ નથી, રૂધિર નથી, ને નસ પણ નથી. તે. માટે સંઘયણુ નથી. (હાડ નસનો બંધ તે સંઘયણુ કહીએ તે માટે.) વળી જે પુદ્ગળ ઇષ્ટ, કાંન્ત, મનોહર છે. જાવત્ તે તેહના શરીરના સમુહપણે પરીણમે છે. એમ જાવત્ અણુત્તર વૈમાનના દેવતા લગી કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન. દેવલોકે દેવતાના શરીર શ્યે સંસ્થાને સંસ્થિત છે?

**ઉત્તર**—હે ગૌતમ, તે દેવતાના શરીર બે પ્રકારે છે. એક ભવ ધારણીય શરીર ને બીજા ઉત્તર વૈક્રીય શરીર. તેમાં જે ભવધારણીય શરીર છે તે સર્વ સમ ચતુરસ સંસ્થાને છે. ને તેમાં જે ઉત્તર વૈક્રીય શરીર છે, તે અનેક સંસ્થાને સંસ્થીત છે. (જેહવા રૂપ ચીંતવે તેહવા રૂપ વૈકુવે.) એમ જાવત્ બારમા અચ્યુત દેવલોક લગી જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, નવ ગ્રૈવેયક અને અણુત્તર વૈમાનના દેવતાના શરીર સ્યે સંસ્થાને છે?

**ઉત્તર**—હે ગૌતમ તેને એક ભવધારણીય શરીર છે તે સમ ચતુરસ સંસ્થાને સંસ્થીત છે તેને ઉત્તર વૈક્રીય શરીર નથી, (પ્રયોજનના અભાવ માટે આવા ગમન નથી.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન. દેવલોકે દેવતા કહેવા વર્ણે કરીને છે?

**ઉત્તર**—હે ગૌતમ, તપ્ત સુવર્ણ શરીખા રાતા વર્ણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સનતકુમાર, માહેંદ્ર. દેવલોકના દેવતા કહેવા વર્ણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, કમળના કેસરાં શરીખા ગૌર વર્ણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બ્રહ્મ દેવલોકના દેવતા કહેવે વર્ણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, આદ્ર મધુક વનસ્પતિ શરીખાં પીળે વર્ણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, લાંતકાદિક જાવત્ ગ્રૈવેયકના દેવતા કેવે વર્ણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, સુકલ વર્ણે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, અનુત્તર વૈમાનના દેવતા કેવે વર્ણે છે?

**ઉત્તર**—હે ગૌતમ, પરમ સુકલ વર્ણે છે

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન. દેવલોકે દેવતાનાં શરીર કહેવા ગંધવંત છે?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ કોઇ કઠના પુડા હોય તેમજ સર્વ પૂર્વલીપરે જાવત્અત્યંત મનોહર ગંધે કરીને છે. એમ જાવત્ અનુત્તર વૈમાનના દેવતા લગી કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન. દેવલોકે દેવતાના શરીર કહેવે સ્પર્શે કરીને છે?

**ઉત્તર**—ગૌતમ, સ્થિર મૃદુ, સુકુમાળ, સ્નિગ્ધ એહવી શરીરની ત્વચા (ચામડી) છે. એહવા સુકમાળ સ્પર્સવંત છે. એમ જાવત્ અનુત્તર વૈમાનના દેવતા લગી કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન. દેવલોકે દેવતાને કેહવા પુદ્દગળ સ્વાસો સ્વાસ પણે પરીણમે છે?

**ઉ-તર**—હે ગૌતમ, જે પુદ્દગળ ઇષ્ટ, કાંન્ત, મનોહર જાવત્ તે પુદ્દગળ તે દેવતાને સ્વાસો સ્વાસપણે પરીણમે છે એમ જાવત્ અનુત્તર વિમાનના દેવતા લગી કહેવું.

**પ્રશ્ન**—હે ભવગંત, સૌધર્મ, ઇશાન. દેવલોકે દેવતાને કહેવા પુદ્દગળ આહારપણે પરીણમેછે?

**ઊ-તર**—હે ગૌતમ, જે પુદ્દગળ ઇષ્ટ, કાંન્ત. મનોહર જાવત્ તે પુદ્દગળ તે દેવતાને આહરપણે પરીણમે છે એમ જાવત્ અનુત્તર લગી કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન. દેવલોકના દેવતાને કેટલી લેસ્યા છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને એક તેજુ લેશ્યા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સનતકુમાર, માહેંદ્ર. કલ્પના દેવતાને કેટલી લેશ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને એક પદ્મ લેશ્યા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બ્રહ્મ દેવલોકના દેવતાને કેટલી લેશ્યા છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને એક પદ્મ લેશ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, લાંતક દેવલોકે જાવત્ નવ ગ્રૈવેયકના દેવતાને કેટલી લેશ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને એક સુકલ લેશ્યા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, અનુત્તર વૈમાનના દેવતાને કેટલી લેશ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને એક પરમ સુકલ લેશ્યા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન. દેવલોકના દેવતા શું. સમ્યકત્વ દ્રષ્ટી છે? કે મિથ્યાત્વ દ્રષ્ટી છે? કે મિશ્ર દ્રષ્ટી છે?

**ઉત્તર**—હે ગૌતમ, એ ત્રણે દ્રષ્ટી બારમા દેવલોક સુધી છે. એમ જાવત્ નવ ગ્રૈવેયકના દેવતા સમ્યકત્વ દ્રષ્ટી છે. મિથ્યાત્વ દ્રષ્ટી છે; પણ મિશ્ર દ્રષ્ટી નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, અનુત્તર વૈમાનના દેવતા શું. સમ્યકત્વ દ્રષ્ટી છે? કે મિથ્યાત્વ દ્રષ્ટી છે? કે મિશ્ર દ્રષ્ટી છે?

**ઉત્તર**—હે ગૌતમ, સમ્યકત્વ દ્રષ્ટી છે પણ મિથ્યાત્વ દ્રષ્ટી નથી તેમ મિશ્ર દ્રષ્ટી પણ નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ. ઇશાન દેવલોકના દેવતા શું. જ્ઞાની છે, કે અજ્ઞાની છે?

**ઉત્તર**—હે ગૌતમ, ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન નિશ્ચય છે. એમ જાવત્ નવ ગ્રૈવેયક લગી જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, અનુત્તર વૈમાનના દેવતા શું. જ્ઞાની છે, કે અજ્ઞાની છે?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ જ્ઞાની છે પણ અજ્ઞાની નથી. ત્રણ જ્ઞાન નિશ્ચય છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સર્વ વૈમાનીક દેવતાને કેટલા જોગ છે?

**ઉત્તર**—હે ગૌતમ, મન, વચન અને કાયા એ ત્રણ જોગ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તેહને કેટલા ઉપયોગ છે?

**ઉત્તર**—હે ગૌતમ, સાકાર અને નિરાકાર એ બે ઉપયોગ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાનના દેવતા અવધિજ્ઞાને કરીને કેટલું ક્ષેત્ર જાણે, દેખે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી આંગુળનો અસંખ્યાતમો ભાગ દેખે અને ઉત્કૃષ્ટપણે હેઠું જાવત્ રત્નપ્રભા પૃથ્વી લગી દેખે. ઉંચુ જાવત્ પોતાના વૈમાન લગી દેખે. અને ત્રીછું જાવત્ અસંખ્યાતા દ્વીપ, સમુદ્ર લગી દેખે. એણી રીતે સૌધર્મ, ઇશાનના દેવતા પહેલી પૃથ્વી લગી અવધિજ્ઞાને કરી દેખે.

**પ્રશ્ન**—હે ભગવંત, સનતકુમાર, માહેંદ્રના દેવતા અવધિજ્ઞાને કરી કેટલું ક્ષેત્ર દેખે?

**ઉત્તર**—હે ગૌતમ, તે ત્રીજા, ચોથા દેવલોકના દેવતા બીજી પૃથ્વી લગી દેખે.

**પ્રશ્ન**— હે ભગવંત, બ્રહ્મ, લાંતકના દેવતા અવધીજ્ઞાને કરી કેટલું દેખે?

**ઉત્તર**—હે ગૌતમ, તે પાંચમા છઠ્ઠા દેવલોકના દેવતા ત્રીજી પૃથ્વી લગી દેખે.

**પ્રશ્ન**—હે ભગવંત, માહાસુક્ર, સહસારના દેવતા અવધીજ્ઞાને કરી કેટલું દેખે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌત્તમ, તે સાતમા, આઠમા દેવલોકના દેવતા ચોથી પૃથ્વી લગી દેખે.

**પ્રશ્ન—**હે ભગવંત, આણુંત, પ્રાણુંતના દેવતા અવધીજ્ઞાને કરી કેટલું દેખે ?

**ઉત્તર—**હે ગૌતમ, તે નવમા, દશમા દેવલોકના દેવતા પાંચમી પૃથ્વી લગી દેખે.

**પ્રશ્ન**— હે ભગવંત, આરણુ, અચ્યુતના દેવતા અવધીજ્ઞાને કરી કેટલું દેખે ?

**ઉત્તર**—હે ગૌતમ, તે અગ્યારમા, બારમા દેવલોકના દેવતા પણ પાંચમી પૃથ્વી લગી દેખે.

**પ્રશ્ન**—હે ભગવંત, હેઠલી ત્રીક અને મધ્યની ત્રીક એ છ ગ્રૈવેયકના દેવતા કેટલું દેખે ?

**ઉત્તર**—હે ગૌતમ, તે છ ત્રીકના દેવતા છઠી પૃથ્વી લગી દેખે.

**પ્રશ્ન—**હે ભગવંત, ઉપરલી ત્રીક ગ્રૈવેયકના દેવતા અવધી જ્ઞાને કરી કેટલું દેખે ?

**ઉત્તર**— ગૌતમ, તે ઉપરલી ત્રીકના દેવતા સાતમી પૃથ્વી લગી દેખે.

**પ્રશ્ન**—હે ભગવંત, અણુત્તર વૈમાનના દેવતા અવધીજ્ઞાને કરી કેટલું ક્ષેત્ર દેખે ?

**ઉત્તર**—હે ગૌતમ, કાંઇક ઉણી સમગ્ર લોકનાળ દેખે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાનના દેવતાને કેટલી સમુદ્‌ઘાત છે ?

**ઉત્તર**—હે ગૌતમ, તેને પાંચ સમુદ્‌ઘાત છે. વેદના સમુદ્‌ઘાત ૧, કષાય સમુદ્‌ઘાત ૨, મારણાંતિક સમુદ્‌ઘાત ૩, વૈક્રીય સમુદ્‌ઘાત ૪, ને તેજસ સમુદ્‌ઘાત ૫. એમ જાવત્ બારમા અચ્યુત દેવલોક લગી પાંચ સમુદ્‌ઘાત છે.

**પ્રશ્ન**—હે ભગવંત, નવ ગ્રૈવેયક ને પાંચ અનુત્તર વૈમાનના દેવતાને કેટલી સમુદ્‌ઘાત છે!

**ઉત્તર**—હે ગૌતમ, તેને ધુરલી (પ્રથમની) વેદના ૧, કષાય ૨, ને મારણાંતિક ૩, એ ત્રણ સમુદ્‌ઘાત છે. (વૈક્રીયાદિક નથી પ્રયોજનના અભાવ માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાનના દેવતા કેહવી ક્ષુધા, તૃષા ભોગવતાંથકાં વિચરે છે ?

**ઉત્તર**—હે ગૌતમ, ક્ષુધા, તૃષા નથી એમ જાવત્ અનુત્તર વૈમાનના દેવતા લગી જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન દેવલોકે દેવતા એક રૂપ અથવા ઘણાં રૂપ નવાં વૈકુવી શકે ?

**ઉત્તર**—હે ગૌતમ, હા. એક અથવા ઘણાં રૂપ વૈકુવે. એમ એક રૂપ વૈકુવતાંથકાં એકેંદ્રીનું, બેઇંદ્રીનું, તેઇંદ્રીનું, ચૌરેંદ્રીનું રૂપ અથવા પચેંદ્રીનું રૂપ વૈકુવે. ને ઘણા રૂપ વૈકુવતાંથકાં પણ એકેંદ્રીનાં રૂપ અથવા જાવત્ પચેંદ્રીયનાં રૂપ વૈકુવે. વળી સંખ્યાતા પણ વૈકુવે ને અસંખ્યાતા પણ વૈકુવે.

**પ્રશ્ન**—હે ભગવંત, જે રૂપ વૈકુવે તે સરખાં રૂપ વૈકુવે, કે અણુસરખાં રૂપ વૈકુવે ?

**ઉત્તર**—હે ગૌતમ, સરખાં પણ વૈકૃવે ને અણુસરખાં પણ વૈકૃવે.

**પ્રશ્ન**—હે ભગવંત, તે રૂપ સંબંધપણે વૈકૃવે, કે અસંબંધપણે વૈકૃવે.

**ઉત્તર**—હે ગૌતમ, સંબંધ પણ વૈકૃવે ને અસંબંધ પણ વૈકૃવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, તે રૂપ તેવાં વૈકુર્વીને શું કરે?

**ઉત્તર**—હે ગૌતમ, પોતાના મન ચીંતવ્યાં કાર્ય કરે. એમ જાવત્ બારમા અચ્યુત દેવલોક લગી કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, ગ્રૈવેયકના અને અનુત્તર વૈમાનના દેવતા શું એક રૂપ વૈકુવવા **સમર્થ** છે, કે ઘણા રૂપ વૈકુવવા સમર્થ છે?

**ઉત્તર**—હે ગૌતમ, એક રૂપ પણ વૈકુવવા સમર્થ છે ને ઘણા રૂપ પણ વૈકુવવા **સમર્થ** છે. પણ નહીં. નિશ્ચે તે સંપતિ વૈકુવતા ન હોય, વૈક્રવતા નથી, ને વૈકુવશે નહીં. (પ્રયોજનના અભાવ માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઈશાનના દેવતા કેહવુંક સુખશાતા ભોગવતાથકા વિચરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, મનોજ્ઞ શબ્દ, રૂપ, રસ જાવત્ સ્પર્શ ભોગવતાથકાં વિચરે છે. એમ જાવત્ અનુત્તર વૈમાન લગી કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઈશાનના દેવતા કેહવીક રૂદ્ધિવંત છે?

**ઉત્તર**—હે ગૌતમ, મહા રૂદ્ધિવંત છે, મહા જ્યુતીવંત છે, જાવત્ માહા પ્રભાવંત છે. રૂદ્ધિએ કરી સહીત છે. એમ જાવત્ બારમા અચ્યુત દેવલોક લગી કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, ગ્રૈવેયક, અનુત્તર વૈમાનના દેવતાને કેહવીક રૂદ્ધિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ મહર્ધિક છે જાવત્ સર્વે મહા પ્રભાવવંત ઈંદ્રાદિક વ્યવહાર રહીત છે. જાવત્ તે સર્વ દેવતાના ગણ અહમેંદ્ર છે. અહો શ્રમણો આવખાવંતો!

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઈશાનના દેવતા વિભૂષાયે શૃંગારે કરી કેહવા છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે પ્રકારે છે. ઉત્તર વૈક્રીય શરીરવંત ને ભવધારણીય શરીરવંત. તીહાં જે ઉત્તર વૈક્રીય શરીરવંત છે. તે હારે કરી બીરાજીત છે હૃદય જેહનાં એહવાં છે, જાવત્ દશે દિશીપ્રતે ઉદ્યોત કરતાથકાં પ્રકાશ કરતાથકાં જાવત્ પ્રતિરૂપ છે. ને ત્યાં જે ભવધારણીય શરીરવંત છે. તે આભરણ, વસ્ત્ર રહીત છે ને તે સ્વભાવિક વિભૂષાયે કરી સહીત છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન દેવલોકે દેવાંગ્ના વિભૂષાએ કરી કેહવી છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે પ્રકારે છે. ઉત્તર વૈક્રીય શરીરવંત ને ભવધારણીય શરીરવંત. ત્યાં જે ઉત્તર વૈક્રીય શરીરવંત છે. તે ઝાંઝર પ્રમુખ આભૂષણ સહીત છે, સુવર્ણમય ઘુઘરી શબ્દવંત સહીત, પ્રવર ઉત્તમ જેણીએ વસ્ત્ર પહીર્યા છે, ચંદ્રમા સમાન મુખ છે. ચંદ્રમાનીપરે વિલાસવંત છે. અર્ધ ચંદ્ર સમાન તેહના નિલાડ છે, શૃંગાર અને આકારે કરીને તેહનો મનોહર વેશ છે, સંગત પ્રમુખ જાવત્ પ્રતિરૂપ છે. અને ત્યાં જે ભવધારણીય શરીરવંત છે તે દેવાંગ્ના આભરણ વસ્ત્રે કરી રહીત છે. ને સ્વભાવિક શરીરની શોભાએ કરી સહીત છે. બે દેવલોક ઉપરાંત શેષ દેવલોકે દેવતાજ છે, દેવાંગ્ના નથી એમ જાવત્ અચ્યુત બારમા દેવલોક લગી કહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ગ્રૈવેયકના દેવતા વિભૂષાયે શૃંગારે કરી કેહવા છે?

**ઉત્તર**—હે ગૌતમ, આભરણ વસ્ત્રે કરી રહીત છે. ને સ્વભાવીક શરીરની શોભાએ કરી સહીત છે. એમ અનુત્તર વૈમાનના દેવતા પણ કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાનના દેવતા કહેવા કામ ભોગ ભોગવતાંથકાં વિચરે છે?

**ઉત્તર**—હે ગૌતમ, ઇષ્ટ શબ્દ, ઇષ્ટ રૂપ જાવત્ ઇષ્ટ સ્પર્શ ભોગવે છે એમ જાવત્ ગૈવેયકના દેવતા લગી કહેવું. અને અનુત્તર વૈમાનના દેવતાને ઉત્કૃષ્ટ શબ્દ જાવત્ ઉત્કૃષ્ટ સ્પર્શ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, વૈમાનીક દેવતા, દેવાંગ્નાની સ્થિતિ કેટલી છે?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ પનવણાના સ્થિતિ પદને અનુસારે સર્વની સ્થિતિ કહેવી. તે પહેલા દેવલોકના દેવતાની સ્થિતિ જઘન્ય એક પલ્યોપમની ને ઉત્કૃષ્ટી બે સાગરોપમની. તેની પરિગ્રહિત દેવીની જઘન્ય એક પલ્યની ને ઉત્કૃષ્ટી સાત પલ્યની. ને અપરિગ્રહિત દેવીની જઘન્ય એક પલ્યની ને ઉત્કૃષ્ટી પચાશ પલ્યની. બીજા દેવલોકના દેવતાની સ્થિતિ જઘન્ય એક પલ્ય ઝાઝેરી. ને ઉત્કૃષ્ટી બે સાગર ઝાઝેરી. તેની પરિગ્રહિત દેવીની જઘન્ય એક પલ્ય ઝાઝેરી ને ઉત્કૃષ્ટી નવ પલ્યની. ને અપરિગ્રહિત દેવીની જઘન્ય એક પલ્ય ઝાઝેરી ને ઉત્કૃષ્ટી પંચાવન પલ્યની. ત્રીજા દેવલોકના દેવતાની સ્થિતિ જઘન્ય બે સાગરની ને ઉત્કૃષ્ટી સાત સાગરની. ચોથા દેવલોકના દેવતાની સ્થિતિ જઘન્ય બે સાગર ઝાઝેરી ને ઉત્કૃષ્ટી સાત સાગર ઝાઝેરી. પાંચમા દેવલોકના દેવતાની સ્થિતિ જઘન્ય સાત સાગરની ને ઉત્કૃષ્ટી દશ સાગરની. છઠા દેવલોકના દેવતાની સ્થિતિ જઘન્ય દશ સાગરની ને ઉત્કૃષ્ટી ચઉદ સાગરની. સાતમા દેવલોકના દેવતાની સ્થિતિ જઘન્ય ચઉદ સાગરની ને ઉત્કૃષ્ટી સતર સાગરની. આઠમા દેવલોકના દેવતાની સ્થિતિ જઘન્ય સતર સાગરની ને ઉત્કૃષ્ટી અઢાર સાગરની. નવમા દેવલોકના દેવતાની સ્થિતિ જઘન્ય અઢાર સાગરની ને ઉત્કૃષ્ટી ઓગણીશ સાગરની. દશમા દેવલોકના દેવતાની સ્થિતિ જઘન્ય ઓગણીસ સાગરની ને ઉત્તકૃષ્ટી વીશ સાગરની. અગ્યારમા દેવલોકના દેવતાની સ્થિતિ જઘન્ય વીશ સાગરની ને ઉત્તકૃષ્ટી એકવીશ સાગરની. બારમા દેવલોકના દેવતાની સ્થિતિ જઘન્ય એકવીશ સાગરની. ને ઉત્તકૃષ્ટી બાવીશ સાગરની. પેહેલી ગ્રૈવેયકના દેવતાની સ્થિતિ જઘન્ય બાવીશ સાગરની. ને ઉત્કૃષ્ટી ત્રેવીશ સાગરની. બીજી ગૈવેયકના દેવતાની સ્થિતિ જઘન્ય ત્રેવીશ સાગરની ને ઉત્કૃષ્ટી ચોવીશ સાગરની. ત્રીજી ગ્રૈવેયકના દેવતાની સ્થિતિ જઘન્ય ચોવીશ સાગરની ને ઉત્કૃષ્ટી પચવીશ સાગરની. ચોથી ગ્રૈવેયકના દેવતાની સ્થિતિ જઘન્ય પચવીશ સાગરની ને ઉત્કૃષ્ટી છવીશ સાગરની. પાંચમી ગ્રૈવેયકના દેવતાની સ્થિતિ જઘન્ય છવીશ સાગરની ને ઉત્કૃષ્ટી સતાવીશ સાગરની. છઠી ગ્રૈવેયકના દેવતાની સ્થિતિ જઘન્ય સતાવીશ સાગરની ને ઉત્કૃષ્ટી અઠાવીશ સાગરની. સાતમી ગ્રૈવેયકના દેવતાની સ્થિતિ જઘન્ય અઠાવીશ સાગરની ને ઉત્કૃષ્ટી ઓગણત્રીશ સાગરની. આઠમી ગ્રૈવેયકના દેવતાની સ્થિતિ જઘન્ય ઓગણત્રીશ સાગરની ને ઉત્કૃષ્ટી ત્રીશ સાગરની. નવમી ગ્રૈવેયકના દેવતાની સ્થિતિ જઘન્ય ત્રીશ સાગરની ને ઉત્કૃષ્ટી એકત્રીશ સાગરની. ચાર અણુત્તર વૈમાનના દેવતાની સ્થિતિ જઘન્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકત્રીશ સાગરની ને ઉત્કૃષ્ટી તેત્રીશ સાગરની. સર્વાર્થસિદ્ધ વૈમાનના દેવતાની સ્થિતિ જઘન્ય ને ઉત્કૃષ્ટી તેત્રીશ સાગરની.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતા માંહેથી આંતરા રહીત ચવીને કયાં જાય? કયાં ઉપજે?

**ઉ-તર**—હે ગૌતમ, જેમ પનવણાના વ્યુત્ક્રાંતિ પદમાં કહ્યું છે તેમ સર્વ કહેવું. તે સંક્ષેપમાં એમ જે પહેલા બીજા દેવલોકના દેવતા ચવીને બાદર પૃથ્વી, પાણી, વનસ્પતિ, ગર્ભજ તિર્યંચ ને મનુષ્ય એ પાંચમાં જાય. ત્રીજેથી આઠમા દેવલોક સુધીના દેવતા ચવીને ગર્ભજ તિર્યંચ, મનુષ્યમાં જાય. ને નવમા દેવલોકથી તે સરવાર્થ સિદ્ધના દેવતા ચવીને એક ગર્ભજ મનુષ્યમાંજ જાય.

**પ્રશ્ન**—હે ભગવંત, સૌધર્મ, ઇશાન દેવલોકે સર્વ પ્રાણી, સર્વ ભૂત્ત, સર્વ જીવ, સર્વ સત્વ. પૃથ્વીકાયપણે, જાવત્ વનસ્પતિકાયપણે, દેવતાપણે, દેવીપણે, આસન, શયન, યાન, ભાંડ, ઉપગરણપણે પૂર્વે ઉપના છે?

**ઉત્તર**—હે ગૌતમ, વારંવાર, અનેકવાર, અનંતીવાર ઉપના છે. સર્વ દેવલોકને વિષે એમજ કહેવું. પણ એટલો વિશેષ જે બે દેવલોક ઉપરાંત દેવીપણે નથી ઉપના (કેમકે બે દેવલોક ઉપરાંત દેવી નથી તે માટે.) એમ ગ્રૈવેયકને વિષે પણ કહેવું. ને અનુત્તર વૈમાનને વિષે પણ એમજ કહેવું. પણ એમાં એટલો વિશેષ જે દેવતાપણે નથી ઉપના ને દેવીપણે પણ નથી ઉપના (કેમકે દેવી તો તીહાં નથી ને દેવતા પણ તીહાંના એક બે ચાર ભવ કરે તે માટે તીહાંના દેવપણે સર્વ જીવ ઉપના નથી.) એ વૈમાનિકનો અધિકાર પુરો થયો.

## ૧૨૭. ચારે ગતિની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અબાધાકાળ અને અલ્પ બહુત્વનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, નારકીને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશ હજાર વર્ષની ને ઉત્કૃષ્ટપણે તેત્રીશ સાગરોપમની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમની સ્થિતિ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્યની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેની પણ તિર્યંચનીપરે ત્રણ પલ્યોપમની સ્થિતિ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતાને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉ-તર**—હે ગૌતમ, દેવતાની સ્થિતિ નારકીની પરે સ્થિતિ કહેવી.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતા, નારકીને કેટલા કાળની કાયસ્થિતિ છે?

**ઉ-તર**—હે ગૌતમ, તેની જે ભવસ્થિતિ કહી તેહીજ કાયસ્થિતિ જાણવી. (એકજ ભવ કરે તે માટે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચને કેટલા કાળની કાયસ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તિર્યંચ તિર્યંચપણે જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે. (તિર્યંચપણે એકજ લઘુ ભવ કરે ત્યારે) ને ઉત્કૃષ્ટપણે અનંતો વનસ્પતિનો કાળ અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી અસંખ્યાતા પુદ્દગળ પરાવર્ત્ત લગી રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્ય મનુષ્યપણે કેટલો કાળ રહે?

**ઊ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે. (એકજ લઘુ ભવ કરે ત્યારે.) ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ પૂર્વ ક્રોડી પૃથક્ત્વે અધીક રહે. (સાત ભવ પૂર્વ ક્રોડીના કરીને આઠમો ભવ ત્રણ પલ્યોપમનો જુગળીયાનો કરે ત્યારે.)

**પ્રશ્ન**—હે ભગવંત, નારકી, મનુષ્ય, દેવતાને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો અંતર પડે (અંતર્મુહુર્ત્તનો અન્ય ભવ કરીને પાછો તેહીજ થાય ત્યારે) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ અંતર પડે. (વનસ્પતિમાં જાય ત્યારે.)

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો અંતર પડે. (અંતર્મુહુર્ત્તનો નાહનો મનુષ્યનો એકજ ભવ કરીને પાછો તિર્યંચ થાય ત્યારે) ને ઉત્કૃષ્ટપણે સાગરોપમ શત પૃથક્ત્વ ઝાઝેરાનું અંતર પડે. (તિર્યંચ ટાળી બાકી ત્રણ ગતીમાંહે ઉત્કૃષ્ટો એટલોજ કાળ રહેવાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, નારકી ૧, તિર્યંચ ૨, મનુષ્ય ૩, અને દેવતા ૪. એ માંહે કયા કયા થકી થોડા, ઘણા, તુલ્ય, વિશેષાધિક હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા મનુષ્ય છે ૧, તેથકી નારકી અસંખ્યાત ગુણા છે ૨, તે થકી દેવતા અસંખ્યાત ગુણા છે ૩, ને તે થકી તિર્યંચ અનંત ગુણાછે ૪. (વનસ્પતિ અનંતા માટે.) એટલે એ અધિકાર પૂરો થયો. એ ચાર પ્રકારે સંસારી જીવ કહ્યા. એ શ્રી જીવાભીગમ સૂત્રે ચતુર્વિધ જીવની પ્રતિપતિ સંપૂર્ણ થઇ.

## ૧૨૮. પાંચ પ્રકારે સંસારી જીવ. તેમાં તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર ને અલ્પ બહુત્વનો અધિકાર.

ત્યાં જે આચાર્ય એમ કહે છે જે પાંચ પ્રકારે સંસારી જીવ કહ્યા છે. તે એવી રીતે કહે છે જે એકેંદ્રિ ૧, બેઇંદ્રિય ૨, તેઇંદ્રિય ૩, ચઉરેંદ્રિય ૪, ને પચંદ્રિય ૫.

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રિય જીવના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ કહ્યા છે. પર્યાપ્તા ૧, ને અપર્યાપ્તા ૨, એમ જાવત્ પચેંદ્રિય પણ બે ભેદે છે. પર્યાપ્તા ને અપર્યાપ્તા.

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રિય જીવને કેટલા કાળની સ્થિતિ છે?

**ઊ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે બાવીસ હજાર વરસની સ્થિતિ છે (પૃથ્વીકાય આશ્રી બાવીસ હજાર વરસની.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, બેઇંદ્રિય જીવને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે બાર વરસની સ્થિતિ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તેઇંદ્રિય જીવને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે ઓગણપચાસ રાત દીવસની સ્થિતિછે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચઉરેંદ્રિય જીવને કેટલા કાળની સ્થિતિ છે ?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે છ માસની સ્થિતિ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પચેંદ્રિય જીવને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે. (નારકી દેવતા આશ્રી).

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રિય અપર્યાપ્તાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્ત જાણવી. એમ જાવત્ પચેંદ્રિય અપર્યાપ્તા ને અંતર્મુહુર્ત્તની સ્થિતિ છે. (અપર્યાપ્તી પણાનો કાળ એટલોજ હોય તે માટે).

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રિય પર્યાપ્તાને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે બાવીસ હજાર વરસ અંતર્મુહુર્ત્તે ઉણાની છે (ઉપજતી વેળાએ અંતર્મુહુર્ત્ત અપર્યાપ્તો હોય તે માટે.) એમ સર્વ પર્યાપ્તાને ઉત્કૃષ્ટી સ્થિતિ અંતર્મુહુર્ત્તે ઉણી જાણવી (ઉપજતી વેળાએ અંતર્મુહુર્ત્ત લગી સર્વ જીવ અપર્યાપ્તા હોય તે માટે).

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રિય જીવ એકેંદ્રિયપણે કેટલા કાળ લગી રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે. (એકજ નાહનો ભવ કરે ત્યારે) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ રહે. (વનસ્પતિમાં જાય ત્યારે વનસ્પતિના કાળ જેટલો રહે).

**પ્રશ્ન**—હે ભગવંત, બેઇંદ્રિય બેઇંદ્રિયપણે કેટલો કાળ રહે ?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે સંખ્યાતો કાળ રહે. (સંખ્યાતા ભવ બેઇંદ્રિયમાં કરે તે માટે).

**પ્રશ્ન**—હે ભગવંત, તેઇંદ્રિય તેઇંદ્રિયપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, પૂર્વલી રીતે સંખ્યાતો કાળ રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, ચૌરેંદ્રીય ચૌરેંદ્રીયપણે કેટલો કાળ રહે ?

**ઉત્તર**—હે ગૌતમ, પૂર્વલી રીતે સંખ્યાતો કાળ રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, પચેંદ્રીય પચેંદ્રીયપણે કેટલોક કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે ને ઉત્કૃષ્ટપણે હજાર સાગરોપમ઼ ઝાઝેરાં રહે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રીય અપર્યાપ્તા એકેંદ્રીય અપર્યાપ્તાપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે. ને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્તજ રહે. (અપર્યાપ્તાના ઘણા ભવ કરે તો પણ અંતર્મુહુ-ર્તજ થાય.) એમ બેંદ્રીય, તેંદ્રીય, ચૌરેંદ્રીય ને પચેંદ્રીય અપર્યાપ્તાપણે કાય સ્થિતિ કહેવી.

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રીય પર્યાપ્તા એકેંદ્રીય પર્યાપ્તાપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે ને ઉત્કૃષ્ટપણે સંખ્યાતા હજાર વરસ રહે. (પર્યાપ્તાપણે ભવ આઠ કરે તે માટે.) એમ બેઇંદ્રીય પર્યાપ્તાપણે સંખ્યાતા વરસ લગી રહે. તેઇંદ્રીય પર્યાપ્તાપણે સંખ્યાતા અહોરાત્ર રહે. ચૌરેંદ્રીય પર્યાપ્તાપણે સંખ્યાતા માસ લગે રહે ને પચેંદ્રીય પર્યાપ્તાપણે સાગરોપમ સત પૃથકત્વ લગી રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રીય જીવને કેટલા કાળનું અંતર હોય? (એકેંદ્રીયપણું છાંડીને પાછું કેટલે કાળે એકેંદ્રીયપણું પામે?)

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત. (અંતર્મુહુર્તનો એકજ ભવ બેઇંદ્રિયાદિકનો કરીને પાછો એકેંદ્રીય થાય.) ને ઉત્કૃષ્ટપણે બે હજાર સાગરોપમ સંખ્યાતા વરસે અધીક. (એટલો કાળ બેઇંદ્રિયાદિકમાં રહે. પછે પાછો એકેંદ્રીય થાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, બેઇંદ્રિયને કેટલા કાળનું અંતર હોય?

**ઊ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુ-ર્ત ને ઉત્કૃષ્ટપણે વનસ્પતિનો અનંતો કાળ અંતર પડે.

એમ તેઇંદ્રીયનું પણ અંતર કહેવું. એમ ચૌરેંદ્રીયનું પણ અંતર કહેવું. એમ પચેંદ્રીયનું પણ અંતર કહેવું. અપર્યાપ્તા સર્વને ઓઘીકની પરે એમજ કહેવું. અને પર્યાપ્તાપણે પણ એમજ ઓઘીકની પરે અંતર કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રિ ૧, બેઇંદ્રી ૨, તેઇંદ્રી ૩, ચૌરેંદ્રી ૪, ને પચેંદ્રી ૫. એ માંહે કયા કયાથકી થોડા, ઘણા, સરખા ને વિશેષાધિક છે?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા પચેંદ્રી ૧. તે થકી ચૌરેંદ્રી વિશેષાધિક છે ૨. તે થકી તેઇંદ્રિ વિશેષાધિક છે. ૩, તે થકી બેઇંદ્રી વિશેષાધિક છે ૪. ને તે થકી એકેંદ્રી અનંત ગુણા છે. ૫, અને તે થકી સઇંદ્રી તે સર્વ સંસારી જીવ તે વિશેષાધિક છે ૬. (બેઇંદ્રિયાદિક સહીત માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રી અપર્યાપ્તા જાવત્ પચેંદ્રી અપર્યાપ્તા એ માંહે કયા કયાથકી થોડા, ઘણા, તુલ્ય ને વિશેષાધિક છે?

**ઊત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા પચેંદ્રી અપર્યાપ્તા છે ૧, તે થકી ચૌરેંદ્રીય અપર્યાપ્તા વિશેષાધિક છે. ૨. તે થકી તેઇંદ્રીય અપર્યાપ્તા વિશેષાધિક છે ૩. તે થકી બેઇંદ્રિય અપર્યાપ્તા વિશેષાધિક છે ૪. તે થકી એકેંદ્રી અપર્યાપ્તા અનંતગુણા છે. ૫. તે થકી સઇંદ્રી તે સર્વ સંસારી જીવ અપર્યાપ્તા વિશેષાધિક છે ૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રી પર્યાપ્તા જાવત્ પચેંદ્રી પર્યાપ્તા. એ માંહે કયા કયા થકી થોડા, ઘણાં, તુલ્ય ને વિશેષાધિક છે?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા ચૌરેંદ્રી પર્યાપ્તા છે ૧, તે થકી પચેંદ્રી પર્યાપ્તા વિશેષાધિક છે ૨. તે થકી બેઇંદ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે ૩, તે થકી તેઇંદ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે ૪, તે થકી એકેંદ્રી પર્યાપ્તા વિશેષાધિક છે ૫, ને તે થકી સઇંદ્રીય પર્યાપ્તા વિશેષાધિક છે ૬.

**પ્રશ્ન**—હે ભગવંત, સઇંદ્રી જીવ પર્યાપ્તા ને અપર્યાપ્તા એ માંહે કયા કયાથકી થોડા જાવત્ વિશેષાધિક હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા સઇંદ્રી અપર્યાપ્તા છે ૧, તે થકી સઇંદ્રી પર્યાપ્તા સંખ્યાતગુણા છે ૨. એમ એકેંદ્રી પર્યાપ્તા, અપર્યાપ્તાનું પણ અલ્પ બહુત્વ કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, બેઇંદ્રિ પર્યાપ્તા, અપર્યાપ્તા. એ માંહે કયા કયાથકી થોડા, ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા બેરિંદ્રી પર્યાપ્તા છે ૧. તેથકી બેરિંદ્રી અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે ૨. એમ તેંદ્રીય, ચઉરીંદ્રય, અને પચેંદ્રીય પણ કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રી ૧, બેઇંદ્રી ૨, તેઇંદ્રીય ૩, ચઉરીંદ્રી ૪, ને પચેંદ્રી ૫, પર્યાપ્તા, અપર્યાપ્તા ૧૦. એ માંહે કયા કયા થકી થોડા જાવત્ વિશેષાધિક હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા ચઉરીંદ્રી પર્યાપ્તા છે ૧, તે થકી પચેંદ્રી પર્યાપ્તા વિશેષાધિક છે ૨. તે થકી બેઇંદ્રી પર્યાપ્તા વિશેષાધિક છે ૩. તે થકી તેંઇદ્રીય પર્યાપ્તા વિશેષાધિક છે ૪. તે થકી પચેંદ્રી અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૫. તે થકી ચઉરીંદ્રી અપર્યાપ્તા વિશેષાધિક છે ૬. તે થકી તેઇંદ્રિ અપર્યાપ્તા વિશેષાધિક છે ૭. તે થકી બેઇંદ્રિ અપર્યાપ્તા વિશેષાધિક છે ૮, તે થકી એકીંદ્રી અપર્યાપ્તા અનંતગુણા છે ૯. તે થકી સઇંદ્રિ અપર્યાપ્તા વિશેષાધિક છે ૧૦. તે થકી એકેંદ્રી પર્યાપ્તા સંખ્યાત ગુણા છે ૧૧. અને તે થકી સઇંદ્રિ પર્યાપ્તા વિશેષાધિક છે ૧૨. એ પાંચ પ્રકારે સંસારી જીવ કહ્યા. એ શ્રી જીવાભીગમ સૂત્રે પંચવિધ પ્રતિપતિ સંપૂર્ણ થઇ.

## ૧૨૯. ૭ પ્રકારે સંસારી જીવ તેમાં તેની ભવસ્થિતિ, કાય સ્થિતિ, અંતર અને અલ્પ બહુત્વનો અધિકાર.

ત્યાં જે આચાર્ય એમ કહેછે જે ૭ પ્રકારે સંસારી જીવ છે તે એવી રીતે કહેછે જે. પૃથ્વીકાયા ૧, અપકાયા ૨, તેઉકાયા ૩, વાયુકાયા ૪, વનસ્પતિકાયા ૫, ને ત્રસકાયા ૬.

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથવિકાયા જીવ કેટલે ભેદે છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે ભેદે છે. સુક્ષ્મ પૃથ્વીકાયા ૧, ને બાદર પૃથ્વીકાયા ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ પૃથ્વીકાયાના કેટલા ભેદ છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે ભેદ છે. પર્યાપ્તા ૧, ને અપર્યાપ્તા ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ બાદર પૃથ્વીકાયા પણ બે ભેદે છે. એમ ચાર ચાર ભેદે કરીને અપકાયા, તેઉકાયા, વાયુકાયા ને વનસ્પતિકાયા. તે પણ સુક્ષ્મ ૧, બાદર ૨, પર્યાપ્તા ૩, ને અપર્યાપ્તા ૪, એમ ચાર ચાર ભેદ કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રસકાયા જીવ કેટલે ભેદે છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે ભેદે છે, પર્યાપ્તા ૧, ને અપર્યાપ્તા ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વિકાયા જીવની કેટલા કાળની સ્થિતિ છે?

**ઊ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તની અને ઉત્કૃષ્ટપણે બાવીશ હજાર વરસની સ્થિતિ છે.

એમ સર્વની સ્થિતિ કહેવી. ત્રસકાયાને જઘન્યથી અંતર્મુહુર્ત્તની અને ઉત્કૃષ્ટપણે તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે. અપર્યાપ્તા સર્વને જઘન્યપણે અને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુ-ર્તની સ્થિતિ છે. પર્યાપ્તા સર્વને જઘન્યથી અંતર્મુહુ-ર્તની અને ઉત્કૃષ્ટપણે આપ આપણી ઉત્કૃષ્ટી સ્થિતિ તે અંતર્મુહુ-ર્તે ઉણી કહેવી. (અંતર્મુહુ-ર્ત અપર્યાપ્તાપણાનો કાળ જાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વીકાયા જીવ પૃથ્વીકાયાપણે કેટલા કાળ લગી રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે ને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો કાળ. કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણિ ને ક્ષેત્રથી અસંખ્યાતા લોકના આકાશ પ્રદેશ જેટલી ઉત્સર્પિણી અવસર્પિણી લગી પૃથ્વીકાયાપણે રહે.

એમ અપકાયા, તેઉકાયા, ને વાયુકાયાને સ્થિતિ કહેવી. ને વનસ્પતિકાયા વનસ્પતિ માંહે જઘન્ય અંતર્મુહુર્ત્ત રહે ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ અનંતી ઉત્સર્પિણી, અવસર્પિણી અનંતા લોકના આકાશ પ્રદેશ પ્રમાણ રહે. આવળીકાના અસંખ્યાતમાં ભાગમાં જેટલા સમય હોય તેટલા પુદ્‌ગળ પરાવર્ત્ત લગી રહે. ત્રસકાયા જીવ ત્રસકાયાપણે જઘન્યથી અંત-ર્મુહુર્ત્ત રહે, ને ઉત્કૃષ્ટપણે બે હજાર સાગરોપમ સંખ્યાતે વરસે અધીક એટલું રહે. વળી અપર્યાપ્તા છએ કાયના જીવ જઘન્યથી ને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્ત લગીજ રહે. (અપર્યાપ્તાપણે સંખ્યાતા ભવ કરે પણ તે સર્વ થઇને અંતર્મુહુર્ત્તજ થાય.) ને પર્યાપ્તા પૃથ્વી ૧, અપ ૨, વાયુ ૩, ને વનસ્પતિની કાયસ્થિતિ સંખ્યાતા હજાર વરસની હોય. (પર્યાપ્તાપણે ઉત્કૃષ્ટા પણ સંખ્યાતાજ ભવ કરે તે માટે.) ને પર્યાપ્તા તેઉકાયને સંખ્યાતા દીવસની કાયસ્થિતિ હોય. ત્રસકાયા પર્યાપ્તાપણે સાગરોપમ સત પ્રથકત્વ ઝાઝેરાં રહે. એ પર્યાપ્તા સર્વને એમ કાયસ્થિતિ જાણવી.

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વીકાયાને કેટલા કાળનું અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું ને ઉત્કૃષ્ટપણે અનંતો (વનસ્પતિનો) કાળ અંતર પડે.

એમ અપકાયા, તેઉકાયા ને વાયુકાયાને પણ અંતર કહેવું. ને વનસ્પતિકાયાને અંતર જઘન્ય અંતર્મુહુર્ત્તનું ને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો કાળ અંતર પડે. વળી ત્રસકાયાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંતો કાળ અંતર પડે. (વનસ્પતિમાં જાય માટે) એમ. અપર્યાપ્તા પૃથ્વી ૧, અપ ૨, તેઉ ૩, વાયુ ૪, અને ત્રસ ૫. તેને અનંતાકાળનો (વનસ્પતિ કાળનો) અંતર પડે. ને અપર્યાપ્તા વનસ્પતિને અસંખ્યાતા કાળનો (પૃથ્વીયાદિકની કાયસ્થિતિનો) અંતર પડે. વળી પર્યાપ્તા પૃથ્વી ૧, અપ ૨. તેઉ ૩, વાયુ ૪, ને ત્રસ ૫. તેને અનંતો કાળ (વનસ્પતિનો કાળ) અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત. પૃથ્વીકાયા ૧, જાવત્ ત્રસકાયા ૬. એ માંહે કયા કયાથકી થોડા ૧. જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા ત્રસકાયા જીવ છે ૧. તેથકી તેઉકાયા અસંખ્યાતગુણા છે ૨. તેથકી પૃથ્વીકાયા વિશેષાધિક છે ૩, તેથકી અપકાયા વિશેષાધિક છે ૪. તેથકી વાયુકાયા વિશેષાધિક છે ૫. ને તેથકી વનસ્પતિકાયા અનંતગુણા છે ૬.

એમ અપર્યાપ્તાનું અલ્પ બહુત્વ પણ કહેવું અને પર્યાપ્તાનું પણ એમજ કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વીકાયા પર્યાપ્તા ૧, ને અપર્યાપ્તા ૨, એમાંહે કયા કયાથકી થોડા ૧, જાવત્ વિશેષાધિક હોય? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા પૃથ્વીકાયા અપર્યાપ્તા છે ૧, તેથકી પૃથ્વીકાયા પર્યાપ્તા સંખ્યાત ગુણા છે ૨, (સુક્ષ્મ પૃથ્વીકાયા પર્યાપ્તા ઘણા છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, અપકાયા પર્યાપ્તા ૧, ને અપર્યાપ્તા ૨, એ માંહે કયા કયાથકી થોડા ૧. જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથી થોડા અપકાયા અપર્યાપ્તા છે ૧, તેથકી અપકાયા પર્યાપ્તા સંખ્યાત ગુણા છે. ૨, એમ જાવત્ વનસ્પતિકાયા લગી અલ્પ, બહુત્વ કહેવો.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રસકાયા પર્યાપ્તા ૧, ને અપર્યાપ્તા ૨. એ માંહે કયા કયાથકી થોડા ૧, ઘણા છે? ૨.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા ત્રસકાયા પર્યાપ્તા છે ૧, તે થકી ત્રસકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વીકાયા પર્યાપ્તા ૧, જાવત્ ત્રસકાયા પર્યાપ્તા ૬, ને અપર્યાપ્તા ૧૨. એ માંહે કયા કયાથકી થોડા ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા ત્રસકાયા પર્યાપ્તા છે ૧, તે થકી ત્રસકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૨. તે થકી તેઉકાયા અપર્યાપ્તા સંખ્યાત ગુણા છે ૩, તે થકી પૃથ્વીકાયા અપર્યાપ્તા વિશેષાધિક છે ૪, તે થકી અપકાયા અપર્યાપ્તા વિશેષાધિક છે ૫, તે થકી વાયુકાયા અપર્યાપ્તા વિશેષાધિક છે ૬, તે થકી તેઉકાયા પર્યાપ્તા સંખ્યાત ગુણા છે ૭, તે થકી પૃથ્વીકાયા પર્યાપ્તા વિશેષાધિક છે ૮, તે થકી અપકાયા પર્યાપ્તા વિશેષાધિક છે ૯, તે થકી વાયુકાયા પર્યાપ્તા વિશેષાધિક છે ૧૦, તે થકી વનસ્પતિકાયા અપર્યાપ્તા અનંત ગુણા છે ૧૧, તે થકી સકાયા અપર્યાપ્તા વિશેષાધિક છે ૧૨, તે થકી વનસ્પતિકાયા પર્યાપ્તા સંખ્યાત ગુણા છે ૧૩, ને તે થકી સકાયા પર્યાપ્તા વિશેષાધિક છે ૧૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૩૦. સુક્ષ્મ જીવની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર ને અલ્પ બહુત્વનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ જીવની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્તનીજ સ્થિતિ છે.

એમ સુક્ષ્મ પૃથ્વી ૧, અપ ૨, તેઉ ૩, વાયુ ૪, વનસ્પતિ ૫, અને નિગોદની સ્થિતિ કહેવી. વળી એમ સર્વ સુક્ષ્મ અપર્યાપ્તા ને પર્યાપ્તાને પણ જઘન્યથી અંતર્મુહુ-ર્તની ને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્તની સ્થિતિ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ જીવ સુક્ષ્મપણે કેટલા કાળ લગી રહે? (કાયસ્થિતિપણે?)

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે ને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો કાળ અસંખ્યાતા લોકના આકાશ પ્રદેશ તેટલી ઉત્સર્પિણી, અવસર્પિણી લગી રહે.

એમ પૃથ્વિઆદિક સર્વ સુક્ષ્મને પૃથ્વિનો કાળ કહેવો. જાવત્ સુક્ષ્મ નિગોદને પણ પૃથ્વિનો કાળ કહેવો, ને અપર્યાપ્તા સર્વને જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે પણ અંત-ર્મુહુર્ત્તની કાયસ્થિતિ છે. એમ પર્યાપ્તા પણ સર્વને જઘન્ય પણે ને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્ત કાયસ્થિતિ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ જીવને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો ને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો કાળ. તે કાળથકી અ-સંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણી. ને ક્ષેત્રથકી આંગુળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આકાસ શ્રેણી માંહે જેટલા આકાશ પ્રદેશ હોય તેટલી ઉત્સર્પિણી, અવસર્પિણીનો અંતર પડે.

એમ સુક્ષ્મ વનસ્પતિકાયાને ને સુક્ષ્મ નિગોદને પણ આંગુળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આકાશ શ્રેણી માંહે જેટલા આકાશ પ્રદેશ તેટલી ઉત્સર્પિણી, અવસર્પિણીનો અંતર પડે. ને સુક્ષ્મ પૃથ્વી ૧, અપ ૨, તેઉ ૩, ને વાયુકાય ૪, તેને વનસ્પતિના કાળ પ્રમાણ (અનંતા કાળનું) અંતર પડે. એમ અપર્યાપ્તાને પણ અંતર કહેવું, ને પર્યાપ્તાને પણ એમજ અંતર કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ જીવ ૧, જાવત્ સુક્ષ્મ નિગોદ ૭. એ માંહે કયા કયાથકી થોડા ૧, ઘણા છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા સુક્ષ્મ તેઉકાયા છે ૧, તે થકી સુક્ષ્મ પૃથ્વીકાયા વિ-શેષાધિક છે ૨. તે થકી સુક્ષ્મ અપકાયા વિશેષાધિક છે ૩, તે થકી સુક્ષ્મ વાયુકાયા વિશેષાધિક છે ૪, તે થકી સુક્ષ્મ નિગોદ અસંખ્યાત ગુણા છે ૫. (સુક્ષ્મ નિગોદ તે સુક્ષ્મ વનસ્પતિના શરીર જાણવાં અને તે એકેકે નિગોદે અનંતા જીવ છે.) તે થકી સુક્ષ્મ વન-સ્પતિકાયા જીવ અનંત ગુણા છે ૬. (એકેકા નિગોદે અનંતા જીવ છે તે માટે) ને તે થકી સર્વ સુક્ષ્મ જીવ વિશેષાધિક છે ૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ અપર્યાપ્તાનું પણ અલ્પ, બહુત્વ કહેવું. ને પર્યાપ્તાનું અલ્પ, બહુત્વ પણ એમજ કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ પર્યાપ્તા ૧, અપર્યાપ્તા ૨ એ માંહે કયા કયાથકી થોડા ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા સુક્ષ્મ જીવ અપર્યાપ્તા છે ૧, તે થકી સુક્ષ્મ પર્યાપ્તા સંખ્યાત ગુણા છે. ૨,

એમ જાવત્ સુક્ષ્મ નિગોદ લગી અપર્યાપ્તાથકી પર્યાપ્તા સંખ્યાત ગુણા કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ ૧, સુક્ષ્મ પૃથ્વીકાયા ૨, જાવત્ સુક્ષ્મ નિગોદ પર્યાપ્તા ૭. અપર્યાપ્તા ૧૪. એ માંહે કયા કયાથકી થોડા ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા સુક્ષ્મ તેઉકાયા અપર્યાપ્તા છે ૧. તે થકી સુક્ષ્મ પૃથ્વીકાયા અપર્યાપ્તા વિશેષાધિક છે ૨. તે થકી સુક્ષ્મ અપકાયા અપર્યાપ્તા વિશેષાધિક છે ૩, તે થકી સુક્ષ્મ વાયુકાયા અપર્યાપ્તા વિશેષાધિક છે ૪, તે થકી સુક્ષ્મ તેઉકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૫, તે થકી સુક્ષ્મ પૃથ્વીકાયા પર્યાપ્તા વિશેષાધિક છે ૬, તે થકી સુક્ષ્મ અપકાયા પર્યાપ્તા વિશેષાધિક છે ૭, તે થકી સુક્ષ્મ વાયુકાયા પર્યાપ્તા વિશેષાધિક છે ૮, તે થકી સુક્ષ્મ નિગોદ અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૯. તે થકી સુક્ષ્મ નિગોદ પર્યાપ્તા સંખ્યાત ગુણા છે ૧૦, તે થકી સુક્ષ્મ વનસ્પતિકાયા પર્યાપ્તા અનંત ગુણા છે ૧૧, તેથકી સુક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક છે ૧૨, તે થકી સુક્ષ્મ વનસ્પતિકાયા પર્યાપ્તા સંખ્યાત ગુણા છે ૧૩, ને તે થકી સુક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે ૧૪. એ સુક્ષ્મ જીવનો અધિકાર પુરો થયો.

## ૧૩૧. બાદર જીવની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર ને અલ્પ બહુત્વનો અધિકાર.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર જીવની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તની ને ઉત્કૃષ્ટપણે તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે. (દેવતા નારકી આશ્રી).

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર પૃથ્વીકાયની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય અંતર્મુહુર્ત ને ઉત્કૃષ્ટપણે બાવીસ હજાર વરસની સ્થિતિ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર અપકાયાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત ને ઉત્કૃષ્ટપણે સાત હજાર વરસની સ્થિતિ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર તેઉકાયાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે ત્રણ અહોરાત્રીની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર વાયુકાયાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય અંતર્મુહુર્ત ને ઉત્કૃષ્ટપણે ત્રણ હજાર વરસની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર વનસ્પતિકાયાની કેટલા કાળની સ્થિતિ છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર—**હે ગૌતમ, જઘન્ય અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે દશ હજાર વરસની છે.

**પ્રશ્ન—**હે ભગવંત, પ્રત્યેક શરીરિ બાદર વનસ્પતિકાયાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર—**હે ગૌતમ, જઘન્ય અંતર્મુહુ-ર્ત ને ઉત્કૃષ્ટપણે દશ હજાર વરસની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર નિગોદની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય અને ઉત્કૃષ્ટપણે અંતર્મુહુ-ર્તની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર ત્રસકાયાની કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર—**હે ગૌતમ, જઘન્ય અંતર્મુહુ-ર્ત ને ઉત્કૃષ્ટપણે તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે.

**પ્રશ્ન—**હે ભગવંત, સર્વ અપર્યાપ્તાને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર—**હે ગૌતમ, જઘન્યપણે અને ઉત્કૃષ્ટપણે અંતર્મુહુ-ર્તની છે.

**પ્રશ્ન—**હે ભગવંત, સર્વ પર્યાપ્તાને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર—**હે ગૌતમ, જઘન્ય અંતર્મુહુ-ર્ત અને ઉત્કૃષ્ટપણે પોતપોતાની ઉત્કૃષ્ટી સ્થિતિ છે તેથી અંતર્મુહુ-ર્તે ઉણી કહેવી. (સર્વને અંતર્મુહુ-ર્ત અપર્યાપ્તાપણે જાય તે માટે)

**પ્રશ્ન—**હે ભગવંત, બાદર જીવ બાદરપણે કેટલા કાળ લગી રહે?

**ઉત્તર—**હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુ-ર્ત ને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો કાળ રહે. તે કાળ થકી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી. અને ક્ષેત્રથકી આકાસને અસંખ્યાતમે ભાગે આકાશ શ્રેણી માંહે જેટલા આકાશ પ્રદેશ હોય તેટલી ઉત્સર્પિણી અવસર્પિણી લગી બાદરપણે રહે.

બાદર પૃથ્વીકાયા ૧, બાદર અપકાયા ૨, બાદર તેઉકાયા ૩, બાદર વાયુકાયા ૪. પ્રત્યેક શરીરિ બાદર વનસ્પતિકાયા ૫, ને બાદર નિગોદ ૬. એટલાને પ્રત્યેકે (એકેકાને) જઘન્યથી અંતર્મુહુ-ર્તની ને ઉત્કૃષ્ટપણે સીત્તેર ક્રોડાક્રોડ સાગરોપમની કાય સ્થિતિ જાણવી. અને અસંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણી આંગુળના અસંખ્યાતમા ભાગ માંહે જેટલા આકાશ પ્રદેશ હોય તેટલા લગી ઓઘપણે બાદરમાંહે અને બાદર વનસ્પતિપણે રહે.

શેષ થાકતાનો અનુબંધ કહું છું—શેષ બાદર પૃથ્વી ૧, અપ ૨, તેઉ ૩, વાયુ ૪, પ્રત્યેક શરીરિ બાદર વનસ્પતિ ૫, ને બાદર નિગોદ ૬. એ ૭ માંહે પ્રત્યેકે (એકેકાને) સાડી ત્રણ ઉત્સર્પિણી, અવસર્પિણી લગી રહે એટલે સીત્તેર ક્રોડાક્રોડ સાગરોપમ લગી રહે. ને સૂક્ષ્મ, બાદર બે મળીને સામાન્ય થકી નિગોદપણે અઢી પુદ્ગળ પરાવ-ર્ત લગી રહે.

**પ્રશ્ન—**હે ભગવંત, ત્રસકાયા ત્રસકાયપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ. જઘન્યથી અંતમુહુ-ર્ત ને ઉત્કૃષ્ટપણે બે હજાર સાગરોપમ ઝાઝેરાં રહે.

**પ્રશ્ન—**હે ભગવંત, સર્વ અપર્યાપ્તાની કાયસ્થિતિ કેટલા કાળની હોય?

**ઉ-તર—**હે ગૌતમ, જઘન્ય ને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુ-ર્તની હોય. (અપર્યાપ્તાપણે ઘણા ભવ કરે તો પણ અંતર્મુહુ-ર્તજ રહે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે પર્યાપ્તા બાદરને ને પર્યાપ્તા બાદર ત્રસકાયાને એ એની કાયસ્થિતિ સાગરોપમ સત પ્રથકત્વ ઝાઝેરાની હોય.

પર્યાપ્તા તેઉકાયાપણે સંખ્યાતા અહોરાત્ર રહે અને બે પ્રકારના નિગોદપણે અંતર્મુહુર્ત લગે રહે. અને શેષ પૃથ્વિ ૧, અપ ૨, વાયુ ૩, ને પ્રત્યેક વનસ્પતિ ૪. એટલા પર્યાપ્તાપણે સંખ્યાતા હજાર વરસ લગી રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર જીવને કેટલા કાળનો અંતર પડે? પાછું બાદરપણું કેટલે કાળે પામે?

**ઉત્તર**—હે ગૌતમ, બાદરજીવ ૧. બાદર વનસ્પતિકાયા ૨. પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયા ૩. ને બાદર નિગોદ ૪. એ ચારેને પૃથ્વીનો કાળ જાવત્ અસંખ્યાતા લોકના આકાશ પ્રદેશ જેટલી ઉત્સર્પિણી, અવસર્પિણી એટલો અંતર પડે. ને શેષ પૃથ્વી ૧, અપ ૨, તેઉ ૩, વાયુ ૪, ને ત્રસ ૫. એ પાંચ બાદરને અનંતો વનસ્પતિનો કાળ અંતર પડે. એમ એ નવ પર્યાપ્તાને પણ અંતર કહેવું. ને અપર્યાપ્તાને પણ એમજ અંતર કહેવું.

હવે ઓઘપણે બાદર જીવ ૧, બાદર વનસ્પતિકાયા ૨, પ્રત્યેક શરીરિ બાદર વનસ્પતિકાયા ૩, ને બાદર નિગોદ ૪. એ ચારને અસંખ્યાતો (પૃથ્વીનો) કાળ અંતર હોય. ને શેષ બાદર પૃથ્વી ૧, અપ ૨, તેઉ ૩, વાયુ ૪, ને ત્રસ ૫. એ પાંચને અનંતો વનસ્પતિનો કાળ અંતર હોય.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર જીવ ૧, બાદર પૃથ્વીકાયા ૨, જાવત્ બાદર ત્રસકાયા ૯. એ માંહે કયા કયાથકી થોડા ૧. જાવત્ વિશેષાધિક છે ? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા બાદર ત્રસકાયા છે ૧, તેથકી બાદર તેઉકાયા અસંખ્યાત ગુણા છે. ૨, તેથકી પ્રત્યેક શરીરિ બાદર વનસ્પતિકાયા અસંખ્યાત ગુણા છે ૩, તેથકી બાદર નિગોદ અસંખ્યાત ગુણા છે ૪, તેથકી બાદર પૃથ્વીકાયા અસંખ્યાત ગુણા છે ૫, તેથકી બાદર અપકાયા અસંખ્યાત ગુણા છે ૬, તેથકી બાદર વાયુકાયા અસંખ્યાત ગુણા છે ૭, તેથકી બાદર વનસ્પતિકાયા અનંત ગુણા છે ૮, ને તેથકી સર્વ બાદર જીવ વિશેષાધિક છે ૯.

એમ એજ રીતે અપર્યાપ્તાનું પણ અલ્પ બહુત્વ કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર જીવ પર્યાપ્તા ૧, બાદર પૃથ્વી પર્યાપ્તા ૨, જાવત્ બાદર ત્રસકાયા પર્યાપ્તા ૯. એ માંહે કયા કયાથકી થોડા ૧. જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ. સર્વથકી થોડા બાદર તેઉકાયા પર્યાપ્તા છે ૧, તેથકી બાદર ત્રસકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૨, તેથકી પ્રત્યેક શરીરિ બાદર વનસ્પતિકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૩, તેથકી બાદર નિગોદ અસંખ્યાત ગુણા છે ૪, તેથકી બાદર પૃથ્વી પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૫, તેથકી બાદર અપકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૬, તેથકી બાદર વાયુકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૭, તેથકી બાદર વનસ્પતિકાયા પર્યાપ્તા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત ગુણા છે ૮, તેથકી સર્વ બાદર જીવ પર્યાપ્તા વિશેષાધિક છે. ૯.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર જીવ પર્યાપ્તા ૧, અપર્યાપ્તા ૨. એ માંહે કયા કયાથકી થોડા, ઘણા હોય ?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા બાદર જીવ પર્યાપ્તા છે ૧, તેથકી બાદર જીવ અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૨.

એમ સઘળાએ બાદર જાવત્ ત્રસકાયા લગી પર્યાપ્તાથકી અપર્યાપ્તા અસંખ્યાતગુણા કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર જીવ ૧, બાદર પૃથ્વીકાયા ૨, જાવત્ બાદર ત્રસકાયા પર્યાપ્તા ૯. ને અપર્યાપ્તા ૧૮. એ માંહે કયા કયાથકી થોડા ૧. જાવત્ વિશેષાધિક હોય? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા બાદર તેઉકાયા પર્યાપ્તા છે ૧, તે થકી બાદર ત્રસકાયા પર્યાપ્તા અસંખ્યાતગુણા છે ૨. તે થકી તેહીજ બાદર ત્રસકાયા અપર્યાપ્તા અસંખ્યાતા ગુણા છે. ૩. તે થકી પ્રત્યેક શરીરિ બાદર વનસ્પતિકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે. ૪. તે થકી બાદર નિગોદ પર્યાપ્તા અસંખ્યાત ગુણાં છે ૫. તે થકી બાદર પૃથ્વીકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૬. તે થકી બાદર અપકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૭. તે થકી બાદર વાયુકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૮. તે થકી બાદર તેઉકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૯. તે થકી પ્રત્યેક શરીરિ બાદર વનસ્પતિકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૧૦. તે થકી બાદર નિગોદ અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૧૧. તે થકી બાદર પૃથ્વીકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૧૨. તે થકી બાદર અપકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૧૩. તે થકી બાદર વાયુકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૧૪. તે થકી બાદર વનસ્પતિકાયા પર્યાપ્તા અનંત ગુણા છે ૧૫. તે થકી બાદર પર્યાપ્તા વિશેષાધિક છે ૧૬. તે થકી બાદર વનસ્પતિકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૧૭. તે થકી બાદર અપર્યાપ્તા વિશેષાધિક છે ૧૮. ને તે થકી સર્વ બાદર જીવ વિશેષાધિક છે. ૧૯. એ બાદર જીવનો અધિકાર પુરો થયો.

## ૧૩૨. સુક્ષ્મ, બાદર, જીવનો ભેળો અલ્પ, બહુત્વ.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ જીવ ૧. સુક્ષ્મ પૃથ્વીકાયા ૨. જાવત્ સુક્ષ્મ નિગોદ ૮, બાદર જીવ ૯, બાદર પૃથ્વીકાયા ૧૦, જાવત્ બાદર ત્રસકાયા ૧૬, એ માંહે કયા કયા થકી થોડા ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા બાદર ત્રસકાયા છે ૧, તે થકી બાદર તેઉકાયા અસંખ્યાત ગુણા છે ૨. તે થકી પ્રત્યેક શરીરિ બાદર વનસ્પતિકાયા અસંખ્યાત ગુણા છે. ૩. તે થકી બાદર નિગોદ અસંખ્યાત ગુણા છે ૪. તે થકી બાદર અસંખ્યાત ગુણા છે ૫. તેથકી બાદર પૃથ્વીકાયા અસંખ્યાત ગુણા છે ૬. તે થકી બાદર અપકાયા અસંખ્યાત ગુણા છે ૭. તે થકી બાદર વાયુકાયા અસંખ્યાત ગુણા છે ૮. તેથકી સુક્ષ્મ તેઉકાયા અસંખ્યાત ગુણા છે ૯. તે થકી સુક્ષ્મ પૃથ્વીકાયા વિશેષાધિક છે ૧૦. તે થકી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુક્ષ્મ અપકાયા વિશેષાધિક છે ૧૧. તે થકી શુક્ષ્મ વાયુકાયા વિશેષાધિક છે ૧૨. તે થકી સુક્ષ્મ નિગોદ અસંખ્યાત ગુણા છે ૧૩. તે થકી બાદર વનસ્પતિકાયા અનંત ગુણા છે ૧૪. તે થકી બાદર જીવ વિશેષાધિક છે ૧૫. તે થકી સુક્ષ્મ વનસ્પતિકાયા અસંખ્યાત ગુણા છે ૧૬. અને તે થકી સર્વ સુક્ષ્મ વિશેષાધિક છે. ૧૭.

એમ એજ પ્રમાણે અપર્યાપ્તાનું પણ અલ્પ બહુત્વ કહેવું. હવે પર્યાપ્તાનું કહે છે.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ જીવ ૧. સુક્ષ્મ પૃથ્વીકાયા ૨. જાવત્ સુક્ષ્મ નિગોદ પર્યાપ્તા ૮. બાદર જીવ ૯. બાદર પૃથ્વીકાયા ૧૦. જાવત્ બાદર ત્રસકાયા પર્યાપ્તા ૧૬. એ માંહે કયા કયા થકી થોડા ૧, જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા બાદર તેઉકાયા પર્યાપ્તા છે ૧. તેથકી બાદર ત્રસકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૨. તેથકી પ્રત્યેક શરીરિ બાદર વનસ્પતિકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૩. તેથકી બાદર નિગોદ પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૪. તેથકી બાદર પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૫. તેથકી બાદર પૃથ્વીકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૬. તેથકી બાદર અપકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૭. તેથકી બાદર વાયુકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૮. તેથકી સુક્ષ્મ તેઉકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૯. તેથકી સુક્ષ્મ પૃથ્વીકાયા પર્યાપ્તા વિશેષાધિક છે ૧૦. તેથકી સુક્ષ્મ અપકાયા પર્યાપ્તા વિશેષાધિક છે ૧૧. તેથકી સુક્ષ્મ વાયુકાયા પર્યાપ્તા વિશેષાધિક છે ૧૨. તેથકી સુક્ષ્મ નિગોદ પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૧૩. તેથકી બાદર વનસ્પતિકાયા પર્યાપ્તા અનંત ગુણા છે ૧૪. તેથકી બાદર જીવ પર્યાપ્તા વિસેષાધિક છે ૧૫. તેથકી સુક્ષ્મ વનસ્પતિકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૧૬. ને તે થકી સર્વ સુક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે ૧૭.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ ૧. બાદર ૨. પર્યાપ્તા ૩. ને અપર્યાપ્તા ૪. એ માંહે કયા કયા થકી થોડા ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા બાદર પર્યાપ્તા છે ૧. તેથકી બાદર અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે ૨. તેથકી સુક્ષ્મ અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૩. ને તેથકી સુક્ષ્મ પર્યાપ્તા સંખ્યાત ગુણા છે ૪.

એમ સુક્ષ્મ પૃથ્વી, બાદર પૃથ્વીનું અલ્પ, બહુત્વ કહેવું. જાવત્ સુક્ષ્મ નિગોદ, બાદર નિગોદનું પણ અલ્પ બહુત્વ એમજ કહેવું. પણ તેમાં એટલો વિશેષ જે પ્રત્યેક શરીરિ બાદર વનસ્પતિકાયા પર્યાપ્તા સર્વથકી થોડા ને તે થકી અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે. (પ્રત્યેક વનસ્પતિ સુક્ષ્મમાં નથી તે માટે તેને બેજ બોલનું અલ્પ બહુત્વ જાણવું. ને બીજાને પૂર્વલા ચાર બોલનું જાણવું.) વળી બાદર ત્રસકાયાનું પણ એમજ બે બોલનું અલ્પ, બહુત્વ કહેવું. (કેમકે સુક્ષ્મમાં ત્રસ નથી તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ ૧. સુક્ષ્મ પૃથવ્યાદિક સર્વ ૮. બાદર ૯. બાદર પૃથવ્યાદિક સર્વ પર્યાપ્તા ૧૬. ને અપર્યાપ્તા ૩૨. એ માંહે કયા કયા થકી થોડા ૧. જાવત્ વિશેષાધિક છે? ૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઊત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા બાદર તેઉકાયા પર્યાપ્તા છે ૧. તે થકી બાદર ત્રસકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૨. તે થકી તેહીજ બાદર ત્રસકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૩. તે થકી પ્રત્યેક શરીરિ બાદર વનસ્પતિકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૪. તે થકી બાદર નિગોદ પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૫. તે થકી બાદર પૃથ્વીકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૬. તે થકી બાદર અપકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૭. તે થકી બાદર વાયુકાયા પર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૮. તેથકી બાદર તેઉકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૯. તે થકી પ્રત્યેક શરિરી બાદર વનસ્પતિકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૧૦. તે થકી બાદર નિગોદ અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૧૧. તે થકી બાદર પૃથ્વીકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૧૨. તે થકી બાદર અપકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૧૩. તે થકી બાદર વાયુકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૧૪. તે થકી સુક્ષ્મ તેઉકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૧૫. તે થકી સુક્ષ્મ પૃથ્વીકાયા અપર્યાપ્તા વિશેષાધિક છે ૧૬. તે થકી સુક્ષ્મ અપકાયા અપર્યાપ્તા વિશેષાધિક છે. ૧૭. તે થકી સુક્ષ્મ વાયુકાયા અપર્યાપ્તા વિશેપાધિક છે ૧૮. તે થકી સુક્ષ્મ તેઉકાયા પર્યાપ્તા સંખ્યાત ગુણા છે ૧૯. તે થકી સુક્ષ્મ પૃથ્વીકાયા પર્યાપ્તા વિશેષાધિક છે ૨૦. તે થકી સુક્ષ્મ અપકાયા પર્યાપ્તા વિશેષાધિક છે ૨૧. તે થકી સુક્ષ્મ વાયુકાયા પર્યાપ્તા વિશેષાધિક છે ૨૨. તે થકી સુક્ષ્મ નિગોદ અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૨૩. તે થકી સુક્ષ્મ નિગોદ પર્યાપ્તા સંખ્યાત ગુણા છે ૨૪. તે થકી બાદર વનસ્પતિકાયા પર્યાપ્તા અનંતગુણા છે ૨૫. તે થકી બાદર પર્યાપ્તા વિશેષાધિક છે ૨૬. તે થકી બાદર વનસ્પતિકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૨૭. તે થકી બાદર અપર્યાપ્તા વિશેષાધિક છે ૨૮. તે થકી સર્વ બાદર વિશેષાધિક છે ૨૯. તે થકી સુક્ષ્મ વનસ્પતિકાયા અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે ૩૦. તે થકી સુક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક છે ૩૧. તે થકી સુક્ષ્મ વનસ્પતિકાયા પર્યાપ્તા સંખ્યાત ગુણા છે ૩૨. તે થકી સુક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે ૩૩. ને તે થકી સર્વ સુક્ષ્મ જીવ વિશેષાધિક છે ૩૪. એ સુક્ષ્મ, બાદર જીવને અલ્પ, બહુત્વ પુરો થયો.

## ૧૩૩. નિગોદને અધિકાર અલ્પ બહુત્વ સાથે.

**પ્રશ્ન**—હે ભગવંત, નિગોદ કેટલે ભેદે કહ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે ભેદે કહ્યા છે. સુક્ષ્મ વનસ્પતિમાંહે તે સુક્ષ્મ નિગોદ ૧. ને બાદર વનસ્પતિમાંહે તે બાદર નિગોદ ૨. ને તે નિગોદના જીવ. (અનંતા જીવનું સાધારણ રૂપે એકઠું શરીર તે એક નિગોદ કહીએ તે વનસ્પતિમાંહેજ હોય.)

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ નિગોદ કેટલે ભેદે કહ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે ભેદે કહ્યા છે. પર્યાપ્તા નિગોદ ૧, ને અપર્યાપ્તા નિગોદ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર નિગોદ કેટલે ભેદે કહ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, તે પણ બે ભેદે કહ્યા છે. પર્યાપ્તા નિગોદ ૧, ને અપર્યાપ્તા નિગોદ ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, નિગોદના જીવ કેટલે ભેદે કહ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે ભેદે કહ્યા છે. સુક્ષ્મ નિગોદના જીવ ૧, ને બાદર નિગોદના જીવ ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ નિગોદના જીવ કેટલે ભેદે કહ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, બે ભેદે કહ્યા છે. સુક્ષ્મ નિગોદ જીવ પર્યાપ્તા ૧. ને અપર્યાપ્તા ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર નિગોદના જીવ કેટલે ભેદે કહ્યા છે?

**ઉત્તર**—હે ગૌતમ, તે પણ બે ભેદે કહ્યાછે. બાદર નિગોદ જીવ પર્યાપ્તા ૧, ને અપર્યાપ્તા ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, નિગોદ દ્રવ્યાર્થપણે શું સંખ્યાતા છે, કે અસંખ્યાતા છે, કે અનંતા છે?

**ઉત્તર**—હે ગૌતમ, સંખ્યાતા નથી, અસંખ્યાતા છે. (એક નિગોદ તે એક દ્રવ્ય કહીએ તે માટે. અસંખ્યાતા નિગોદ અસંખ્યાતા દ્રવ્ય.) પણ અનંતા નથી.

એમ પર્યાપ્તા પણ કહેવા ને અપર્યાપ્તા પણ એમજ કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ નિગોદ દ્રવ્યાર્થપણે શું સંખ્યાતા છે, કે અસંખ્યાતા છે, કે અનંતા છે?

**ઉત્તર**—હે ગૌતમ, સંખ્યાતા નથી. અસંખ્યાતા છે. પણ અનંતા નથી.

એમ સુક્ષ્મ નિગોદ પર્યાપ્તા પણ કહેવા. ને અપર્યાપ્તા પણ એમજ કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદરનિગોદ દ્રવ્યાર્થપણે શું સંખ્યાતા છે, કે અસંખ્યાતા છે, કે અનંતાછે?

**ઉત્તર**—હે ગૌતમ, સંખ્યાતા નથી અસંખ્યાતા છે. પણ અનંતા નથી.

એમ બાદર નિગોદ પર્યાપ્તા પણ કહેવા. ને અપર્યાપ્તા પણ એમજ કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, નિગોદના જીવ દ્રવ્યાર્થપણે શું સંખ્યાતા છે, કે અસંખ્યાતા છે, કે અનંતા છે?

**ઉત્તર**—હે ગૌતમ, સંખ્યાતા નથી, અસંખ્યાતા નથી, પણ અનંતા છે. (જે ભણી એકેક નિગોદમાંહે અનંતા અનંત જીવ હોય માટે.)

એમ પર્યાપ્તા જીવ પણ કહેવા. ને અપર્યાપ્તા જીવ પણ એમજ કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ નિગોદના જીવ દ્રવ્યાર્થપણે શું સંખ્યાતા છે, કે અસંખ્યાતા છે, કે અનંતા છે?

**ઉત્તર**—હે ગૌતમ, સંખ્યાતા નથી, અસંખ્યાતા પણ નથી. પણ અનંતા છે.

એમ સુક્ષ્મ નિગોદના જીવ પર્યાપ્તા પણ કહેવા. ને અપર્યાપ્તા પણ એમજ કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર નિગોદના જીવ દ્રવ્યાર્થપણે શું સંખ્યાતા છે, કે અસંખ્યાતા છે, કે અનંતા છે?

**ઉત્તર**—હે ગૌતમ, સંખ્યાતા નથી, તેમ અસંખ્યાતા નથી. પણ અનંતા છે.

એમ બાદર નિગોદના જીવ પર્યાપ્તા પણ કહેવા. ને અપર્યાપ્તા પણ એમજ કહેવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, નિગોદ પ્રદેશાર્થપણે શું સંખ્યાતા છે, કે અસંખ્યાતા છે, કે અનંતાછે?
**ઉત્તર**—હે ગૌતમ, સંખ્યાતા નથી. તેમ અસંખ્યાતા નથી. પણ અનંતા છે. (જે ભણી એકેકા નિગોદ અનંતે પુદ્ગળ પ્રદેશે નિષ્પન એકેંદ્રિય શરીરરૂપ છે તે માટે.)

એમ પર્યાપ્તા પણ કહેવા, ને અપર્યાપ્તા નિગોદના પણ અનંતા પર્યાય કહેવા.

વળી એમ એજ પ્રમાણે સુક્ષ્મ નિગોદ, બાદર નિગોદ, પર્યાપ્તા, અપર્યાપ્તા. સર્વને નવે આળાવે પ્રદેશાર્થપણે અનંતા કહેવા. એમજ નિગોદના જીવ પણ નવે આળાવે પ્રદેશાર્થપણે સર્વ અનંતા કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ નિગોદ ૧, બાદર નિગોદ ૨, પર્યાપ્તા ૩, ને અપર્યાપ્તા ૪. એ દ્રવ્યાર્થપણે એ માંહે કોણ કયા કયાથકી થોડા, ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા બાદર નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે છે ૧, તેથકી બાદર નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાત ગુણા છે ૨, તેથકી સુક્ષ્મ નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાત ગુણા છે ૩, ને તેથકી સુક્ષ્મ નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાત ગુણા છે. ૪.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ નિગોદ ૧, બાદર નિગોદ ૨, પર્યાપ્તા ૩, ને અપર્યાપ્તા ૪. એ પ્રદેશાર્થપણે એ માંહે કોણ કયા કયાથકી થોડા ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ દ્રવ્યાર્થપણે કહ્યું. એમ પ્રદેશાર્થપણે પણ ચારે બોલ કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ નિગોદ ૧, બાદર નિગોદ ૨, પર્યાપ્તા ૩, અપર્યાપ્તા ૪. એ ચાર દ્રવ્યાર્થપણે ને એ ચાર પ્રદેશાર્થપણે ભેળા એટલે આઠ ૮. એ માંહે કયા કયાથકી થોડા ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા બાદર નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે છે ૧, તેથકી બાદર નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાત ગુણા છે ૨, તેથકી સુક્ષ્મ નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાત ગુણા છે ૩, તેથકી સુક્ષ્મ નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાત ગુણા છે ૪. તે સુક્ષ્મ નિગોદ પર્યાપ્તાના દ્રવ્યાર્થપણાથકી બાદર નિગોદ પર્યાપ્તા પ્રદેશાર્થપણે અનંત ગુણા છે ૫, (અનંત પ્રદેશની એકેક નિગોદ છે તે માટે.) તેથકી બાદર નિગોદ અપર્યાપ્તા પ્રદેશાર્થપણે અસંખ્યાત ગુણા છે ૬, તેથકી સુક્ષ્મ નિગોદ અપર્યાપ્તા પ્રદેશાર્થપણે અસંખ્યાત ગુણા છે ૭, ને તે થકી સુક્ષ્મ નિગોદ પર્યાપ્તા પ્રદેસાર્થપણે સંખ્યાત ગુણા છે ૮,

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ નિગોદના જીવ ૧. બાદર નિગોદના જીવ ૨. પર્યાપ્તા ૩. અપર્યાપ્તા ૪. એ ચારે દ્રવ્યાર્થપણે ને ચારે પ્રદેસાર્થપણે વળી એ ચારે દ્રવ્યાર્થપણે ને એ ચારે પ્રદેસાર્થપણે ભેળા એટલે આઠ ૮. એ માંહે કયા કયા થકી થોડા ૧. જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, જેમ સુક્ષ્મ, બાદર નિગોદનું કહ્યું. તેમજ સુક્ષ્મ, બાદર. નિગોદના જીવનું પણ અલ્પ બહુત્વ કહેવું. પણ તેમાં એટલો વિશેષ જે દ્રવ્યાર્થથકી પ્રદેસાર્થપણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંક્રમે સુક્ષ્મ નિગોદના જીવ પર્યાપ્તાના દ્રવ્યાર્થપણાથકી બાદર નિગોદના જીવ પર્યાપ્તા પ્રદેસાર્થપણે અસંખ્યાત ગુણા કહેવા. શેષ સર્વ તેમજ કહેવું જાવત્ સુક્ષ્મ નિગોદના જીવ પર્યાપ્તા પ્રદેસાર્થપણે સંખ્યાત ગુણા છે. ૮.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ નિગોદ ૧, બાદર નિગોદ ૨, પર્યાપ્તા ૩, અપર્યાપ્તા ૪. વળી સુક્ષ્મ નિગોદના જીવ ૫, બાદર નિગોદના જીવ ૬, પર્યાપ્તા ૭, ને અપર્યાપ્તા ૮. એ આઠ દ્રવ્યાર્થપણે એ માંહે કોણ કયા કયા થકી થોડા ઘણા છે?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા બાદર નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે છે ૧. તેથકી બાદર નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાત ગુણા છે ૨. તેથકી સુક્ષ્મ નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાત ગુણા છે ૩. તેથકી સુક્ષ્મ નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાત ગુણા છે ૪. તે સુક્ષ્મ નિગોદ પર્યાપ્તાના દ્રવ્યાર્થપણા થકી બાદર નિગોદના જીવ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે અનંતગુણા છે ૫. તે થકી બાદર નિગોદના જીવ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાત ગુણા છે ૬. તે થકી સુક્ષ્મ નિગોદના જીવ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાત ગુણા છે ૭. ને તે થકી સુક્ષ્મ નિગોદના જીવ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાત ગુણા છે ૮.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ નિગોદ ૧, બાદર નિગોદ ૨, પર્યાપ્તા ૩, અપર્યાપ્તા ૪, વળી સુક્ષ્મ નિગોદના જીવ ૫, બાદર નિગોદના જીવ ૬, પર્યાપ્તા ૭, અપર્યાપ્તા ૮. એ આઠે પ્રદેસાર્થ પણે એ માંહે કોણ કયા કયા થકી થોડા ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા બાદર નિગોદના જીવ પર્યાપ્તા પ્રદેશાર્થપણે છે ૧, તે થકી બાદર નિગોદના જીવ અપર્યાપ્તા પ્રદેસાર્થપણે અસંખ્યાત ગુણા છે ૨, તેથકી સુક્ષ્મ નિગોદના જીવ અપર્યાપ્તા પ્રદેસાર્થપણે અસંખ્યાત ગુણા છે ૩, તેથકી સુક્ષ્મ નિગોદના જીવ પર્યાપ્તા પ્રદેસાર્થપણે સંખ્યાત ગુણા છે ૪, તે સુક્ષ્મ નિગોદના જીવ પર્યાપ્તાના પ્રદેસાર્થપણા થકી બાદર નિગોદ પર્યાપ્તાના પ્રદેસ અનંત ગુણા છે ૫, (એક નિગોદ અનંત પુદ્‌ગળ પ્રદેસ એક નિગોદના જીવ થકી પણ અનંત ગુણા છે તે માટે.) તેથકી બાદર નિગોદ અપર્યાપ્તા પ્રદેસાર્થપણે અસંખ્યાત ગુણા છે ૬, તે થકી સુક્ષ્મ નિગોદ અપર્યાપ્તા પ્રદેસાર્થપણે અસંખ્યાત ગુણા છે ૭, ને તેથકી સુક્ષ્મ નિગોદ પર્યાપ્તા પ્રદેસાર્થપણે સંખ્યાત ગુણા છે. ૮.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ નિગોદ ૧, બાદર નિગોદ ૨, પર્યાપ્તા ૩, અપર્યાપ્તા ૪, વળી સુક્ષ્મ નિગોદના જીવ ૫, બાદર નિગોદના જીવ ૬, પર્યાપ્તા ૭, ને અપર્યાપ્તા ૮. એ આઠ દ્રવ્યાર્થપણે ને એ આઠ પ્રદેસાર્થપણે એકઠા એટલે એ ૧૬. સોળ. તે માંહે કોણ કયા કયા થકી થોડા ૧. જાવત્ વિશેષાધિક છે? ૪.

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા બાદર નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે છે ૧, (પ્રતરને અસંખ્યાતમે ભાગે જેટલા આકાશ પ્રદેશ છે તેટલા છે.) તે થકી બાદર નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાત ગુણા છે ૨. (અસંખ્યાતા લોકાકાસ પ્રદેસ પ્રમાણે છે.) તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થકી સુક્ષ્મ નિગોદ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાત ગુણા છે ૩, તે થકી સુક્ષ્મ નિગોદ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાત ગુણા છે. ૪, તે સુક્ષ્મ નિગોદ પર્યાપ્તાના દ્રવ્યાર્થપણાથકી બાદર નિગોદના જીવ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે અનંત ગુણા છે ૫, (એકેક નિગોદમાં અનંતા જીવ છે તે માટે.) શેષ બોલ તેમજ કહેવા. તે એમ કે તે થકી બાદર નિગોદના જીવ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાત ગુણા છે ૬, તે થકી સુક્ષ્મ નિગોદના જીવ અપર્યાપ્તા દ્રવ્યાર્થપણે અસંખ્યાત ગુણા છે ૭, તેથકી સુક્ષ્મ નિગોદના જીવ પર્યાપ્તા દ્રવ્યાર્થપણે સંખ્યાત ગુણા છે ૮, તે સુક્ષ્મ નિગોદના જીવ પર્યાપ્તા તેહના દ્રવ્યાર્થપણા થકી બાદર નિગોદના જીવ પર્યાપ્તા પ્રદેસાર્થપણે અસંખ્યાત ગુણા છે ૯, (એકેક જીવને અસંખ્યાતા પ્રદેશ છે તે માટે.) શેષ બોલ એમજ તે એમકે તેથકી બાદર નિગોદના જીવ અપર્યાપ્તા પ્રદેસાર્થપણે અસંખ્યાત ગુણા છે ૧૦, તેથકી સુક્ષ્મ નિગોદના જીવ અપર્યાપ્તા પ્રદેસાર્થપણે અસંખ્યાત ગુણા છે ૧૧, તેથકી સુક્ષ્મ નિગોદના જીવ પર્યાપ્તા પ્રદેસાર્થપણે સંખ્યાત ગુણા છે ૧૨. તે સુક્ષ્મ નિગોદના જીવ પર્યાપ્તાના પ્રદેસાર્થપણાથકી બાદર નિગોદ પર્યાપ્તાના પ્રદેશ અનંત ગુણા છે ૧૩, (એક નિગોદ અનંતા પુદ્ગળ પ્રદેશે નિસ્પન છે. તે એકેક નિગોદના પુદ્ગળ એક નિગોદના જીવથકી પણ અનંત ગુણા છે તે માટે.) તેથકી બાદર નિગોદ અપર્યાપ્તા પ્રદેસાર્થપણે અસંખ્યાત ગુણા છે ૧૪, તે થકી સુક્ષ્મ નિગોદ અપર્યાપ્તા પ્રદેસાર્થપણે અસંખ્યાત ગુણા છે ૧૫, ને તેથકી સુક્ષ્મ નિગોદ પર્યાપ્તા પ્રદેસાર્થપણે સંખ્યાત ગુણા છે ૧૬. એ નિગોદનો અધિકાર પુરો થયો. એટલે ૭ પ્રકારે સંસારી જીવ કહ્યા. એટલે શ્રી જીવાભીગમ સૂત્રે ખટ વિધ પ્રતિપત્તિ સંપૂર્ણ થઇ.

## ૧૩૪. સાત પ્રકારના સંસારી જીવ તેમાં તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર, ને અલ્પ, બહુત્વનો અધિકાર.

ત્યાં જે આચાર્ય એમ કહે છે જે સાત પ્રકારે સંસારી જીવ છે તે એવી રીતે કહે છે કે. નારકી ૧. તિર્યંચ પુરૂષ, નપુંસક ભેળા ૨. તિર્યંચણી સ્ત્રી ૩. મનુષ્ય પુરૂષ, નપુંસક ભેળા ૪. મનુષ્યણી સ્ત્રી ૫. દેવતા ૬. ને દેવાંગ્ના ૭.

**પ્રશ્ન**—હે ભગવંત, નારકીની સ્થિતિ કેટલા કાળની છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશ હજાર વરસની ને ઉત્કૃષ્ટપણે તેત્રીશ સાગરોપમની છે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચ પુરૂષ ને નપુંસક ને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમની છે.

એમ તિર્યંચણી સ્ત્રીને, મનુષ્ય પુરૂષ, નપુંસકને ને મનુષ્ય સ્ત્રીને પણ જઘન્ય અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમની સ્થિતિ છે.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતાને કેટલા કાળની સ્થિતિ છે.

**ઉત્તર**—હે ગૌતમ, દેવતાને નારકીનીપરે જઘન્ય દશ હજાર વરસ ને ઉત્કૃષ્ટપણે તેત્રીશ સાગરોપમની સ્થિતિ જાણવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, દેવાંગ્નાને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશ હજાર વરસની ને ઉત્કૃષ્ટપણે પંચાવન પલ્યોપમની. (અપરીગ્રહીત આશ્રી જાણવું.) હવે કાયસ્થિતિ કહે છે.

નારકી દેવતા ને દેવી. એહને જે ભવસ્થિતિ છે તેહીજ કાયસ્થિતિ જાણવી.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચ જોનીયા તિર્યંચજોનીયાપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે અનંતો વનસ્પતિનો કાળ એકેંદ્રીયાદિકમાંહે રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચણી સ્ત્રી તિર્યંચણીપણે કેટલો કાળ રહે?

**ઉતર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તની કાયસ્થિતિ જાણવી ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ પૂર્વક્રોડી પૃથકત્વ વરસે અધિક રહે. (તિર્યંચણીના સાત ભવ પૂર્વક્રોડીના કરીને આઠમો ભવ ત્રણ પલ્યોપમનો જુગળણીનો કરે ત્યારે એ માન થાય.)

એમ મનુષ્ય ને મનુષ્યણીને પણ ત્રણ પલ્યોપમ પૂર્વક્રોડી પૃથકત્વે અધીક કાયસ્થિતિ જાણવી.

**પ્રશ્ન**—હે ભગવંત, નારકીને કેટલા કાળનું અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું. (તિર્યંચનો લઘુભવ કરીને પાછો નારકી થાય તે માટે) ને ઉત્કૃષ્ટપણે અનંતો વનસ્પતિનો કાળ એટલું અંતર પડે. (વનસ્પતિમાંજાયતો.)

એમ સર્વ જીવને તિર્યંચ જોનીયા જીવ વરજીને અંતર જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચ જોનીયાને કેટલા કાળનું અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અંતર હોય. ને ઉત્કૃષ્ટપણે સાગરોપમ સત પ્રથકત્વ ઝાઝેરાનું અંતર પડે. (એટલે કાળે પાછું તિર્યંચપણું અવસ્ય પામે.)

**પ્રશ્ન**—હે ભગવંત, નારકી ૧, જાવત્ દેવાગ્ના ૭, એ માંહે કયા કયા થકી થોડાઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડી મનુષ્ય સ્ત્રી છે ૧, (સંખ્યાતી છે તે માટે) તેથકી મનુષ્ય અસંખ્યાત ગુણા છે ૨, (સમુર્છિમ ભળ્યા માટે.) તે થકી નારકી અસંખ્યાત ગુણા છે ૩, તે થકી તિર્યંચણી સ્ત્રી અસંખ્યાત ગુણી છે ૪, તે થકી દેવતા અસંખ્યાત ગુણા છે ૫, તે થકી દેવાંગ્ના સંખ્યાત ગુણી છે ૬, તેથકી તિર્યંચજોનીયા અનંતગુણા છે ૭, (એકેંદ્રિયાદિક સર્વ ભળ્યા માટે.) એ સાત પ્રકારે સંસારી જીવ કહ્યા. એટલે શ્રી જીવાભીગમ સૂત્રે સપ્તવિધ પ્રતિપતિ સંપૂર્ણ થઇ.

## ૧૩૫. આઠ પ્રકારે સંસારી જીવ તેમાં તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર.

ત્યાં જે આચાર્ય એમ કહે છે જે આઠ ભેદે સંસારી જીવ કહ્યા છે તે એમ કહે છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે પ્રથમ સમયના ઉપના નારકી ૧. (તત્કાલોત્પન) ઉપપાત સમય ટાળીને દ્વીતીયાદિક સમયના તે અપ્રથમ સમયના નારકી ૨. એમ પ્રથમ સમયના તિર્યંચ ૩. અપ્રથમ સમયના તિર્યંચ ૪. પ્રથમ સમયના મનુષ્ય ૫. અપ્રથમ સમયના મનુષ્ય ૬. પ્રથમ સમયના દેવતા ૭. ને અપ્રથમ સમયના દેવતા ૮.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયોત્પન્ન નારકીને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગાૈતમ, જઘન્યથી એક સમય ને ઉત્કૃષ્ટપણે પણ એક સમયની સ્થિતિ છે. (તે એક ઉપજવાનો સમય વહી જાય ત્યારે તો અપ્રથમ સમયનો કહેવાય તે માટે ઉપજતાં પ્રથમ સમય લગીજ પ્રથમ સમયીક હોય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના નારકીને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગાૈતમ, જઘન્યથી દશ હજાર વરસ એક સમયે ઉણી (ઉપજવાને પહેલે સમયે પ્રથમ સમયી કહેવાય તે ન ગણાય તે માટે.) ને ઉત્કૃષ્ટપણે તેત્રીશ સાગરોપમ એક સમયે ઉણી સ્થિતિ જાણવી. (ઉપજવાને સમયે ઉણી જાણવી.) એમ સર્વત્ર જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયોત્પન્ન તિર્યંચને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગાૈતમ, જઘન્યપણે ને ઉત્કૃષ્ટપણે પણ એક સમયની સ્થિતિ હોય. (પછે અપ્રથમ સમયી થાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના તિર્યંચને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગાૈતમ, જઘન્યથી ક્ષુલ્લક ભવ ગ્રહણ એક સમયે ઉણાની (સર્વથકી નાહનો બસેં ને છપન્ન આવળીકાનો ભવ તે ક્ષુલ્લક ભવ કહીએ. ને સમયોત્પન્ન તે પૂર્વવત્ત જાણવું.) ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ એક સમયે ઉણી સ્થિતિ હોય.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયી મનુષ્યને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગાૈતમ, પ્રથમ સમયી મનુષ્યને ને અપ્રથમ સમયી મનુષ્યને જેમ તિર્યંચની સ્થિતિ કહી તેમજ કહેવી.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયી દેવતાને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગાૈતમ, પ્રથમ સમયી દેવતાને ને અપ્રથમ સમયી દેવતાને જેમ નારકીની સ્થિતિ કહી તેમજ કહેવી.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયીના નારકીને કેટલા કાળની કાય સ્થિતિ હોય?

**ઉત્તર**—હે ગાૈતમ, પ્રથમના નારકીને ને અપ્રથમ સમયના નારકીને જે ભવ સ્થિતિ કહી તેજ કાય સ્થિતિ જાણવી. (નારકી મરી અંતર રહીત નારકી ન થાય તે માટે.) એમજ દેવતાની પણ કાય સ્થિતિ નારકી પરે જાણવી.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના તિર્યંચ, પ્રથમ સમયના તિર્યંચ પણે કેટલો કાળ રહે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમય ને ઉત્કૃષ્ટપણે પણ એક એજ સમય રહે. ( એક સમય પછી અપ્રથમ સમયી કહેવાય માટે. )

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના તિર્યંચ, અપ્રથમ સમયના તિર્યંચપણે કેટલો કાળ રહે? **ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી ક્ષુલ્લક ભવ તે પણ પહીલે એક સમયે ઉણો રહે ને ઉત્કૃષ્ટપણે અનંતો વનસ્પતિનો કાળ રહે. ( જે ગતિમાં જે જીવ જાય. તે જીવ ત્યાં પ્રથમ તે ભવને પહેલે સમયે પ્રથમ સમયી જાણવો. પછે ગમે તેટલા ભવ તે ગતી માંહે કરે તો પણ અપ્રથમ સમયીજ કહીએ પણ પ્રથમ સમયી ન કહીએ એ ભાવ.)

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના મનુષ્ય, પ્રથમ સમયના મનુષ્યપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમય રહે ને ઉત્કૃષ્ટપણે પણ એકજ સમય રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયી મનુષ્ય અપ્રથમ સમયીના મનુષ્યપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી ક્ષુલ્લક ભવ તે પણ એક સમયે ઉણો રહે. ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ પૂર્વ ક્રોડી પ્રથકત્વે અધીક રહે. ( સાત ભવ પૂર્વ ક્રોડીના કરીને આઠમો ભવ ત્રણ પલ્યોપમને આવખે જુગળીયાનો કરે ત્યારે એ માન થાય. )

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયી નારકીને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશ હજાર વરસ અંતર્મુહુર્ત્ત અધીક એટલો અંતર પડે (કેમકે દશ હજાર વરસ સમયે ઉંણા અપ્રથમ સમયી નારકી રહીને ત્યાંથી મરી અંતર્મુહુર્ત્તનો તિર્યંચનો ભવ કરી ફરી પાછો નારકી થાય ત્યાં પ્રથમ સમયી કહેવાય તે માટે) ને ઉત્કૃષ્ટપણે વનસ્પતિના જેટલો ( અનંતો ) કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના નારકીને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો અંતર પડે. ( તે એમ જે મનુષ્ય તિર્યંચનો ભવ કરીને ફરી નારકી થાય ત્યારે. ને ઉત્કૃષ્ટપણે (અનંતો) વનસ્પતિનો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના તિર્યંચને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી બે ક્ષુલ્લક ભવ સમયે ઉંણા અંતર પડે ( તે એમ જે એક તો તેહીજ તિર્યંચનો સમયે ઉણો ક્ષુલ્લક ભવ ભોગવીને બીજો મનુષ્યનો ક્ષુલ્લક ભવ કરીને પાછો તિર્યંચમાં ઉપજે ત્યારે પ્રથમ સમયી થાય. ) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ અંતર પડે. ( તે એમજે અંનતો કાળ તિર્યંચમાં રહે ત્યાં કયાંઇ પ્રથમ સમયી ન કહેવાય પણ જ્યારે ત્યાંથી મરી મનુષ્ય, દેવતા, નારકીનો ભવ કરીને પાછો તિર્યંચમાં ઉપજે ત્યાં પ્રથમ સમયી થાય. એ ભાવ જાણવો. )

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના તિર્યંચને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક ક્ષુલ્લક ભવ સમયાધિક અંતર પડે. ( તે એમજે એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમયે મરીને મનુષ્યમાં ક્ષુલ્લક ભવ કરીને પાછો તિર્યંચ થાય ત્યારે એટલો અંતર પડે. ) ને ઉત્કૃષ્ટપણે સાગરોપમ સત પ્રથકત્વ ઝાઝેરો અંતર પડે. ( તે એમજે મનુષ્ય, દેવતા, નારકીમાં રહીને પાછો તિર્યંચ થાય. ત્યારે એ અંતર જાણવો. કેમકે તિર્યંચ ટાળી શેષ ત્રણ ગતીમાં એટલોજ ઉત્કૃષ્ટો કાળ છે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયી મનુષ્યને કેટલા કાળનો અંતર પડે ?

**ઉ-તર**—હે ગૌતમ, જધન્યથી બે ક્ષુલ્લક ભવ સમયે ઉંણા અંતર પડે. ( તે એમજે એકતો તેહીજ મનુષ્યનો સમયે ઉણો ક્ષુલ્લક ભવ ભોગવીને બીજો તિર્યંચનો ક્ષુલ્લક ભવ કરીને પાછો મનુષ્યમાં ઉપજે તીહાં પ્રથમ સમયી થાય ત્યારે એ અંતર જાણવું. ) ને ઉત્કૃષ્ટપણે ( અનંતો ) વનસ્પતિનો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના મનુષ્યને કેટલા કાળનો અંતર પડે ?

**ઉત્તર**—હે ગૌતમ, જધન્યથી એક ક્ષુલ્લક ભવ સમયે અધીક અંતર પડે. ( તે એમજે ત્યાંથી મરી તિર્યંચનો એક ક્ષુલ્લક ભવ કરી પાછો મનુષ્ય થાય ત્યારે. ) ને ઉત્કૃષ્ટપણે ( અનંતો ) વનસ્પતિનો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના દેવતાને કેટલા કાળનો અંતર પડે ?

**ઉ-તર**—હે ગૌતમ, જધન્યથી દશ હજાર વરસ અંતર્મુહુર્ત્તે અધીક અંતર પડે. ( તે એમજે દશ હજાર વરસ સમયે ઉંણા અપ્રથમ સમયી દેવતાનો પોતાનો ભવ ભોગવીને ત્યાંથી મરી અંતર્મુહુર્ત્તનો તિર્યંચનો ભવ કરી પાછો ફરી દેવતા થાય ત્યારે. ) ને ઉત્કૃષ્ટપણે અનંતો ) વનસ્પતિનો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના દેવતાને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જધન્યથી અંતર્મુહુર્ત્તનો અંતર પડે. (તે એમજે અંતર્મુહુર્ત્તનો તિર્યંચનો ભવ કરીને પાછો દેવતા થાય ત્યારે) ને ઉત્કૃષ્ટપણે (અનંતો) વનસ્પતિનો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના નારકી ૧, જાવત્ પ્રથમ સમયના દેવતા ૪, એ ચાર માંહે કયા કયા થકી થોડા, ધણાં હોય?

**ઉ-તર**—હે ગૌતમ, સર્વથકી થોડા પ્રથમ સમયના ઉપના મનુષ્ય છે ૧. તે થકી પ્રથમ સમયના નારકી અસંખ્યાત ગુણા છે ૨, તે થકી પ્રથમ સમયના દેવતા અસંખ્યાત ગુણા છે ૩, ને તેથકી પ્રથમ સમયના તિર્યંચ અસંખ્યાત ગુણા છે ૪, (તિર્યંચતો નિશ્ચે એક સમયે અનંતા ઉપજતા પામીએ પણ ઇહાં તિર્યંચ માંહેથી મરીને પાછા તિર્યંચ માંહે ઉપજે છે તે તો અપ્રથમ સમયીજ કહીએ માટે તે લેવા નહીં. ને જે મનુષ્ય, દેવતા,, નારકી એ ત્રણ ગતી માંહેથી મરીને જે તિર્યંચ માંહે ઉપજે છે તેજ પ્રથમ સમયી કહીએ તે તો અસંખ્યાતાજ હોય તે માટે અસંખ્યાતા કહીએ એ ભાવાર્થ જાણવો. )

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના નારકી ૧. જાવત્ અપ્રથમ સમયના દેવતા ૪. એ ચાર માંહે કયા કયા થકી થોડા ધણાં હોય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, એ ચારેનું અલ્પ, બહુત્વ જેમ પ્રથમ સમયના ચારનું કહ્યું તેમજ કહેવું. પણ તેમાં એટલો વિશેષ જે અપ્રથમ સમયના તિર્યંચ અનંત ગુણા કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના નારકી ૧. ને અપ્રથમ સમયના નારકી ૨. એ બે માંહે કયા કયા થકી થોડા ઘણાં હોય ?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા પ્રથમ સમયના નારકી છે ૧. તે થકી અપ્રથમ સમયના નારકી અસંખ્યાત ગુણા છે. ૨.

એમ શેષ ત્રણે ગતીના નારકી પરે કહેવા. પણ તેમાં એટલો વિશેષ જે પ્રથમ સમયના તિર્યંચ થકી અપ્રથમ સમયના તિર્યંચ અનંત ગુણા છે.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના નારકી ૧. જાવત્ અપ્રથમ સમયના દેવતા ૮. એ આઠ માહે કયા કયા થકી થોડા, ઘણાં હોય ?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા પ્રથમ સમયના મનુષ્ય છે ૧. તેથકી અપ્રથમ સમયના મનુષ્ય અસંખ્યાત ગુણા છે ૨. ( સમુર્છિમ સહીત ) તેથકી પ્રથમ સમયના નારકી અસંખ્યાત ગુણા છે ૩. તેથકી પ્રથમ સમયના દેવતા અસંખ્યાત ગુણા છે ૪. તે થકી પ્રથમ સમયના તિર્યંચ અસંખ્યાત ગુણા છે ૫. ( એહની ભાવના પૂર્વવત્. ) તેથકી અપ્રથમ સમયના નારકી અસંખ્યાત ગુણા છે ૬. તેથકી અપ્રથમ સમયના દેવતા અસંખ્યાત ગુણા છે ૭. ને તેથકી અપ્રથમ સમયના તિર્યંચ અનંત ગુણા છે. ૮. એ આઠ પ્રકારે સંસારી જીવ કહ્યાઃ એટલે શ્રી જીવાભીગમ સૂત્રે અષ્ટવિધ પ્રતિપતિ સંપૂર્ણ થઇ.

## ૧૩૬. નવ પ્રકારે સંસારી જીવ તેમાં તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર.

ત્યાં જે આચાર્ય એમ કહે છે જે નવ ભેદે સંસારી જીવ કહ્યા છે તે એવી રીતે કહે છે કે પૃથ્વિકાયા ૧. અપકાયા ૨. તેઉકાયા ૩. વાયુકાયા ૪. વનસ્પતિકાયા ૫. બેરિંદ્રીય ૬. તેંદ્રીય ૭. ચઉરિંદ્રીય ૮. ને પચેંદ્રીય ૯.

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વકાયાની સ્થિતિ કેટલા કાળની છે ?

**ઉત્તર**—હે ગૌતમ, પૃથ્વિકાયા આદ દેઇને જાવત્ પચેંદ્રીય તે સર્વની સ્થિતિ પૂર્વપરે કહેવી.

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વિકાયા પૃથ્વીકાયપણે કેટલો કાળ રહે ?

**ઉત્તર**—હે ગૌતમ, પૃથ્વીકાયાને કાયસ્થિતિ પૂર્વલીપરે પૃથ્વિ કાળ જાણવો. જાવત્ વાયુકાયા લગે પૃથ્વિ કાળ કહેવો. ને વનસ્પતિકાયને કાયસ્થિતિ વનસ્પતિનો કાળ કહેવો. વળી બેરિંઇદ્રી ૧. તેઇદ્રી. ૨. ને ચઉરીંદ્રીની કાયસ્થિતિ સંખ્યાતા કાળની છે ને પચેંદ્રીં જીવની કાયસ્થિતિ હજાર સાગરોપમ ઝાઝેરાંની જાણવી.

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વીકાયાને અંતર કેટલા કાળનું પડે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, પૃથ્વી આદીકને અંતર સર્વને અનંતાકાળનું પડે. ને વનસ્પતિકાયાને અસંખ્યાતા કાળનું અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વીકાયા ૧, જાવત્ પચેંદ્રીકાયા ૯, એ નવમાંહે કયા કયા થકી થોડા, ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ સર્વથકી થોડા પચેંદ્રીજીવ છે ૧, તેથકી ચૌરેંદ્રી જીવ વિશેષાધિક છે ૨, તેથકી તેરેંદ્રીય વિશેષાધિક છે ૩, તેથકી બેરેંદ્રીય વિશેષાધિક છે ૪, તેથકી તેઉકાયા અસંખ્યાત ગુણા છે ૫. તેથકી પૃથ્વિકાયા વિશેષાધિક છે ૬. તેથકી અપકાયા વિશેષાધિક છે ૭. તેથકી વાયુકાયા વિશેષાધિક છે ૮. ને તેથકી વનસ્પતિકાયા અનંત ગુણા છે. ૯. એ નવ પ્રકારે સંસારી જીવ કહ્યા. એ શ્રી જીવાભીગમ સૂત્રે નવ વિધ પ્રતિપતિ સંપૂર્ણ થઇ.

## ૧૩૭. દશ પ્રકારે સંસારી જીવ તેમાં તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર ને અલ્પ બહુત્વનો અધિકાર.

ત્યાં જે આચાર્ય એમ કહે છે જે દશ પ્રકારે સંસારી જીવ કહ્યા છે. તે એવી રીતે કહે છે કે. પ્રથમ સમયના એકેંદ્રીય ૧. અપ્રથમ સમયના એકેંદ્રીય ૨. પ્રથમ સમયના બેરિંઇદ્રીય ૩. એમ જાવત્ પ્રથમ સમયના પચેંદ્રીય ૯. ને અપ્રથમ સમયના પચેંદ્રીય ૧૦.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના એકેંદ્રીયને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમયની ને ઉત્કૃષ્ટપણે પણ એક સમયની સ્થિતિ છે. (પછે અપ્રથમ સમયી કહેવાય.)

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના એકેંદ્રીયને કેટલા કાળની સ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અતિ લઘુ બસેં ને છપન આવળીકાનો એક ક્ષુલ્લક ભવ તે પણ એક સમયે ઉણાની. ને ઉત્કૃષ્ટપણે બાવીશ હજાર વરસ એક સમયે ઉણાની સ્થિતિ છે.

એમ એણે અભીપ્રાયે સર્વ પ્રથમ સમયીને જઘન્યથી એક સમય ને ઉત્કૃષ્ટપણે પણ એક સમયની સ્થિતિ કહેવી. ને અપ્રથમ સમયી સર્વને જઘન્યથી એક ક્ષુલ્લક ભવ તે પણ એક સમયે ઉણાની ને ઉત્કૃષ્ટપણે જેહને જેટલી સ્થિતિ છે તે સમયે ઉણી કહેવી. એમ જાવત્ અપ્રથમ સમયી પચેંદ્રીયને ઉત્કૃષ્ટી સ્થિતિ તેત્રીશ સાગરોપમ એક સમયે ઉણી કહેવી.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના એકેંદ્રીને કેટલા કાળની કાયસ્થિતિ છે?

**ઉત્તર**—હે ગૌતમ, પ્રથમ સમયી સર્વને જઘન્યથી એક સમયની ને ઉત્કૃષ્ટપણે પણ એક સમયની કાયસ્થિતિ કહેવી. ને અપ્રથમ સમયી સર્વને જઘન્યથી એક ક્ષુલ્લક ભવ તે પણ સમયે ઉણાની ને ઉત્કૃષ્ટપણે એકેંદ્રીયને (અનંતો) વનસ્પતિનો કાળ, બેરિંઇદ્રી, તેઇદ્રી, ચઉરીંદ્રીને સંખ્યાતો કાળ અને પચેંદ્રીયને હજાર સાગરોપમ ઝાઝેરાની કાયસ્થિતિ કહેવી.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના એકેંદ્રીયને કેટલા કાળનું અંતર હોય?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી બે ક્ષુલ્લક ભવ સમયે ઉણાનું ( તે એમજે એકતો તેહીજ ક્ષુલ્લક ભવ ને અંતર માટે એક અન્ય ક્ષુલ્લક ભવ કરીને પાછો એકેંદ્રીય થાય તે માટે. ) અને ઉત્કૃષ્ટપણે ( અનંતો ) વનસ્પતિનો કાળ અંતર પડે. ( એકેંદ્રીય માંહે અનંતો કાળ રહે પણ પ્રથમ સમયી ન કહેવાય. પણ જ્યારે બેઈંદ્રીયદિકનો ભવ કરીને પાછો એકેંદ્રી થાય ત્યારે પ્રથમ સમયી થાય તે માટે. )

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના એકેંદ્રીને કેટલા કાળનો અંતર હોય ?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક ક્ષુલ્લક ભવ સમયે અધીક. ( બેઇદ્રીયાદિકપણે એક ક્ષુલ્લક ભવ કરીને પાછો એકેંદ્રી થાય ત્યારે. ) ને ઉત્કૃષ્ટપણે બે હજાર સાગરોપમ સંખ્યાતે વરસે અધીક ( એટલું બેઈંદ્રીયાદિકપણે રહીને પાછો એકેંદ્રી થાય તે માટે. )

શેષ સર્વ બેઈંદ્રીયાદિક પ્રથમ સમયીને અંતર જઘન્યથી બે ક્ષુલ્લક ભવ સમયે ઉણાનું. ( તે એમજે એક તો પોતાનો ક્ષુલ્લક ભવ અને અંતર માટે એક અન્ય જાતનો ક્ષુલ્લક ભવ કરે એ જઘન્ય અંતર જાણવું. ) અને ઉત્કૃષ્ટપણે ( અનંતો ) વનસ્પતિનો કાળ અંતર પડે.

વળી અપ્રથમ સમયી શેષ સર્વ બેઇદ્રિયાદિકને જઘન્યથી એક ક્ષુલ્લક ભવ સમયે અધીક (તેહની ભાવના પૂર્વવત્ત.) ને ઉત્કૃષ્ટપણે (અનંતો) વનસ્પતિનો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના એકેંદ્રી ૧. જાવત્ પ્રથમ સમયના પચેંદ્રી ૫. એ પાંચ માંહે કયા કયા થકી થોડા ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા પ્રથમ સમયના પચેંદ્રીય છે ૧. તેથકી પ્રથમ સમયના ચઉરેંદ્રી વિશેષાધિક છે ૨. તેથકી પ્રથમ સમયના તેઈદ્રિ વિંશેષાધિક છે ૩. તેથકી પ્રથમ સમયના બેઇદ્રિ વિશેષાધિક છે ૪. તેથકી પ્રથમ સમયના એકેંદ્રી વિશેષાધિક છે ૫. (એકેંદ્રી પૂછા સમયે સદાઇ અનંતા ઉપજતાં પામીએ પણ તે ઇહાં ન લેવા કેમકે જે બેઇદ્રિયાદિક માંહેથી એકેંદ્રીપણે ઉપજતા હોય તે પ્રથમ સમયી કહીએ તે માટે )

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના એકેંદ્રી ૧, જાવત્ અપ્રથમ સમયના પચેંદ્રી ૫. એ પાંચ માંહે કયા કયા થકી થોડા ઘણા હોય?

**ઉત્તર**—ગૌતમ, જેમ પ્રથમ સમયીનું અલ્પ બહુત્વ કહ્યું તેમજ કહેવું. પણ તેમાં એટલો વિશેષ છે જે આંહી અપ્રથમ સમયના એકંદ્રી અનંત ગુણા કહેવા ૫. ( એકેંદ્રી અપ્રથમ સમયના અનંતા છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના એકેંદ્રી ૧. ને અપ્રથમ સમયના એકેંદ્રી ૨. એ બે માંહે કયા કયા થકી થોડા ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા પ્રથમ સમયના એકેંદ્રી છે ૧. (અસંખ્યાતા પામીએ તે માટે.) તેથકી અપ્રથમ સમયના એકેંદ્રી અનંત ગુણા છે ૨.

શેષ બેઈંદ્રિયાદિક સર્વ માંહે સર્વ થકી થોડા પ્રથમ સમયી છે. ને તે થકી અપ્રથમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમયી અસંખ્યાત ગુણા છે ૮.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના એકેંદ્રી ૧. અપ્રથમ સમયના એકેંદ્રી ૨. જાવત્ પ્રથમ સમયના પચેંદ્રી ૯. ને અપ્રથમ સમયના પચેંદ્રી ૧૦. એ દશ માંહે કોણ કયા કયા થકી થોડા ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા પ્રથમ સમયના પચેંદ્રી છે ૧, તેથકી પ્રથમ સમયના ચઉરીંદ્રી વિશેષાધિક છે ૨, તેથકી પ્રથમ સમયના તેઇંદ્રિ વિશેષાધિક છે ૩, તેથકી પ્રથમ સમયના બેઇંદ્રિ વિશેષાધિક છે ૪, તેથકી પ્રથમ સમયના એકેંદ્રી વિશેષાધિક છે ૫, (બેઇંદ્રિયાદિક માંહેથી ઉપજતા અસંખ્યાતાજ પામીએ તે માટે.) તેથકી અપ્રથમ સમયના પચેંદ્રી અસંખ્યાત ગુણા છે ૬, તેથકી અપ્રથમ સમયના ચઉરીંદ્રી વિશેષાધિક છે ૭, તેથકી અપ્રથમ સમયના તેઇંદ્રિય વિશેષાધિક છે ૮, તેથકી અપ્રથમ સમયના બેઇંદ્રિ વિશેષાધિક છે ૯, ને તેથકી અપ્રથમ સમયના એકેંદ્રી અનંત ગુણા છે ૧૦. એ દશ પ્રકારના સંસારી જીવ કહ્યા. એટલે શ્રી જીવાભીગમ સુત્રે દશ વિધ પ્રતિપતિ સંપૂર્ણ થઇ. એટલે સંસારી જીવનો અભિગમ વાર્તારૂપ સંપૂર્ણ થયો.

## ૧૩૮. સર્વ જીવનો અધિકાર.

સર્વ જીવને વિષે એહ નવ પ્રતિપતિ એણી પરે કહીએ. તે કહેછે. કેટલાએક આચાર્ય એમ કહેછે જે બે ભેદે સર્વ જીવ કહ્યા છે. જાવત્ કેટલાએક આચાર્ય એમ કહેછે જે દશ ભેદે સર્વ જીવ કહ્યા છે. તેમાં પ્રથમ બે ભેદ કહે છે.

## ૧૩૯. બે ભેદે સર્વ જીવના આળાવા ૧૩. તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ બહુત્વનો અધિકાર.

તેમાં જે આચાર્ય એમ કહેછે જે બે ભેદે સર્વ જીવ છે તે એમ કહેછે કે. સીદ્ધ ૧, ને અસિદ્ધ તે સંસારી જીવ ૨.

**પ્રશ્ન**— હે ભગવંત, સિદ્ધ સિદ્ધપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, સિદ્ધની આદિ છે પણ અંત નથી. (માટે તેનો કાળ કહેવાય નહીં.

**પ્રશ્ન**—હે ભગવંત, અસિદ્ધ અસિદ્ધપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, અસિદ્ધ તે સંસારી જીવ તેના બે ભેદ છે. તે એક જેની આદિ પણ નહિ અને અંત પણ નહિ. તે અભવ્યજીવ ૧, અને જેની આદિ નથી પણ અંત છે તે ભવ્ય જીવ કહીએ ૨, પણ એ બેના કાળનું માન કહેવાય નહિ.

**પ્રશ્ન**—હે ભગવંત, સિદ્ધને કેટલા કાળનું અંતર છે?

**ઉત્તર**—હે ગૌતમ, સાદિ અપર્યવસિત (આદિ છે પણ અંત નથી) ને અંતર નથી. (સિદ્ધ પાછા શંસારી થાય નહીં માટે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, અસિદ્ધ જે સંસારી જીવ તેહને કેટલા કાળનું અંતર છે ?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. તેમાં જે અનાદિ અપર્યવસિત તે અભવ્ય જીવ તેહને અંતર નથી (કેમકે અભવ્ય જીવ સિદ્ધ ન થાય તે માટે.) ને અનાદિ સપર્યવસિત તે ભવ્ય જીવ મોક્ષ જાસે પણ પાછા ફરી સંસારી જીવ ન થાય તે માટે તેને પણ અંતર નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, સિદ્ધ ૧, ને અસિદ્ધ તે સંસારી જીવ ૨. એ બે માંહે કયા કયાથકી થોડા ઘણા છે ?

**ઊત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા સિદ્ધ છે ૧, તેથકી અસિદ્ધ જે સંસારી જીવ તે અનંત ગુણા છે ૨. ॥૧॥

અથવા વળી બે ભેદે સર્વ જીવ કહ્યા છે સઇંદ્રિય (તે ઇંદ્રિય સહીત સંસારી જીવ) ૧, ને અનેંદ્રિય (તે ઇંદ્રિ રહીત સિદ્ધના જીવ) ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, સઇંદ્રિય સઇંદ્રિયપણે કેટલો કાળ રહે ?

**ઉત્તર**—હે ગૌતમ, સઇંદ્રિય બે ભેદે છે. અનાદિ અપર્યવસિત તે અભવ્ય ૧, ને અનાદિ સપર્યવસિત તે ભવ્ય ૨, એ બેના કાળનું માન કહેવાય નહીં.

**પ્રશ્ન**—હે ભગવંત, અનેંદ્રિય જે સિદ્ધ તે અનેંદ્રિયપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, અનેંદ્રિ જે સિદ્ધ તે સાદિ અપર્યવસીત છે તેની આદી છે પણ અંત નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, સઇંદ્રીયને અંતર કેટલા કાળનું પડે ?

**ઉત્તર**—હે ગૌતમ, સઇંદ્રીયને અંતર નથી (કેમકે અનેંદ્રી થઇ સઇંદ્રીય નહીં થાય માટે) એમ અનેંદ્રીને પણ અંતર નથી. (બનેની ભાવના પૂર્વવત્ત.)

**પ્રશ્ન**—હે ભગવંત, સઇંદ્રીય ૧. ને અનેંદ્રીય ૨. એ બે માંહે કયા થકી થોડા, ઘણા હોય ?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથી થોડા તે અનેંદ્રી સિદ્ધ છે ૧. તેથકી સઇંદ્રીય તે સંસારી અનંત ગુણા છે. ૨. ॥૨॥

અથવા વળી બે ભેદે સર્વ જીવ કહ્યા છે. સકાયા ૧, (તે સંસારી જીવ) ને અકાયા ૨. (તે સિદ્ધના જીવ.)

એમજ સ્થિતિ અંતર પ્રમુખ પૂર્વપરે કહેવું. ॥૩॥

અથવા વળી બે ભેદે સર્વ જીવ કહ્યા છે. સજોગી ૧. (તે સંસારી જીવ પેહેલેથી તેરમા ગુણસ્થાન લગીના) ને અજોગી ૨. (તે ચઉદમા ગુણઠાણાના ને સિદ્ધ.)

તેમજ એહની કાયસ્થિતિ, અંતર, અલ્પ, બહુત્વ તે જેમ સકાયા, અકાયાને કહ્યું તેમજ કહેવું. ॥૪॥

અથવા વળી બે ભેદે સર્વ જીવ કહ્યા છે. સવેદી ૧. (તે નવમા ગુણઠાણા લગી) ને અવેદી ૨. (તે દશમા ગુણઠાણાથી ઉપરના અને સિદ્ધ.)

43

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, સવેદી સવેદી પણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, સવેદી ત્રણ ભેદે છે. તે અનાદિ અપર્યવસિત ૧. (તે અભવ્ય કયારેય પણ સવેદી નહીં ટળે) અનાદિ સપર્યવસિત ૨. (તે ભવ્ય કયારેક પણ અવેદિથાસે) ને સાદિ સપર્યવસીત ૩. (તે ઉપસમ શ્રેણીથી પડયા તે) તેમાં જે સાદિ સપર્યવસિત ઉપસમ શ્રેણીથી પડીને સવેદી થયા છે તે જઘન્યથી અંતર્મુહુર્ત્ત સવેદી રહે (પછે પાછો શ્રેણી ચડીને અવેદી થાય તે માટે( અને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ સવેદી રહે એટલે અનંતી ઉતસર્પિણી અવસર્પિણી ક્ષેત્રથી અર્ધ પુદ્ગળ દેસે ઉણું પરાવર્ત્ત સંસારમાં ભમે પછે મોક્ષ જાય. અને જે અનાદિ અપર્ય વસીત ને અનાદિ સપર્ય વસીત છે તેહના કાળનું માન કહેવાય નહીં.

**પ્રશ્ન**—હે ભગવંત, અવેદી અવેદીપણે કેટલો કાળ રહે?

**ઊત્તર**—હે ગૌતમ, અવેદિ બે ભેદે છે. તે સાદિ અપર્ય વસીત ૧, (તે સીદ્ધ તથા બારમા ગુણઠાણા ઉપરના જીવ) ને સાદિ સપર્ય વસીત ૨, (તે દસમે અગ્યારમે ગુણઠાણે અવેદિ તે) તેમાં જે સાદિ સપર્ય વસીત અવેદિ છે તે જઘન્યથી એક સમય રહે. (તે એમજે એક સમેજ કાળ કરે ત્યારે સવેદિ થાય તે માટે) અને ઉત્કૃષ્ટપણે અંતર્મુહુર્ત્ત રહે (દશમા, અગ્યામા ગુણઠાણનું એટલુંજ માન છે પછે ત્યાંથી પડેતો સવેદી થાય તે માટે) અને જે સાદિ અપર્યવસીત છે તેના કાળનું માન કહેવાય નહીં. (કારણ કે બારમા ગુણઠાણા ઉપરલાને પડવું નથી અને સિદ્ધ પણ કયારેય સવેદી ન થાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સવેદીને કેટલા કાળનું અંતર હોય?

**ઊત્તર**—હે ગૌતમ, અનાદિ અપર્ય વસિત (જે અભવ્ય) તેહને અંતર નથી. અનાદિ સપર્ય વસિત (તે ભવ્ય) તેને પણ અંતર નથી. ને સાદિ સપર્ય વસિત તે જે ઉપસમ શ્રેણી અવેદી થઇને કાળ કરે ત્યાં સવેદી થાય તેહને જઘન્યથી એક સમયનું અંતર પડે ને ઉત્કૃષ્ટપણે અંતર્મુહુર્ત્તનું અંતર પડે. (એટલું અવેદી રહીને સવેદી થાય તે માટે અંતર્મુહુર્ત્ત હોય.)

**પ્રશ્ન**—હે ભગવંત, અવેદીને કેટલા કાળનું અંતર હોય?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. સાદિ અપર્યવસીત તે ક્ષપક શ્રેણી ચઢી અવેદિ થાય તેહને અંતર નથી ૧. (પાછો સવેદી ન થાય તે માટે) અને સાદિ સપર્યવસિત (તે દશમા, અગ્યારમા ગુણઠાણાના) અવેદિ તેહને જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અંતર પડે (સવેદી થઇને અંતર્મુહુર્ત્તે પાછો શ્રેણી માંડે ત્યાં અવેદી થાય તે માટે) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ જાવત્ અર્ધ પુદ્ગળ પરાવર્ત્ત દેશે ઉણો અંતર પડે. (એટલો કાળ સવેદી પણે રહીને પાછો અવેદી થાય.)

**પ્રશ્ન**—હે ભગવંત, સવેદી ૧. ને અવેદી ૨. એ બે માંહે કયા કયા થકી થોડા ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા અવેદી છે ૧. તે થકી સવેદી જીવ અનંત ગુણા છે ૨. ॥૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા વળી બે ભેદે સર્વ જીવ કહ્યા છે સકષાય ૧. (દશમા ગુણઠાણા લગી) ને અકષાય ૨. (તે દસમા ગુણઠાણા ઉપરલા ને સિદ્ધ).

તે જેમ સવેદી અવેદી કહ્યા તેમજ સર્વ કહેવા. ॥૬॥

અથવા વળી બે ભેદે સર્વ જીવ કહ્યા છે. સલેશી ૧. (તે સંસારી તેરમા ગુણઠાણા લગી) ને અલેશી ૨. (તે ચઉદમા ગુણઠાણાના ને સિદ્ધ.) તે જેમ અસિદ્ધ, સિદ્ધને કહ્યું તેમ સર્વ કહેવું. તેમાં થોડા અલેશી છે ૧. ને તે થકી સલેશી અનંત ગુણા છે ૨. ॥૭॥

અથવા વળી બે ભેદે સર્વ જીવ કહ્યા છે. જ્ઞાની ૧, (તે બીજા ને ચોથા ગુણઠાણા ઉપરલા ને સિદ્ધ.) અને અજ્ઞાની ૨, (તે પહેલા ત્રીજા ગુણઠાણાના જીવ.)

**પ્રશ્ન**—હે ભગવંત, જ્ઞાની જ્ઞાની પણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જ્ઞાની બે ભેદે છે. સાદિ અપર્યવસિત (અપ્રતિપાતિ) જ્ઞાની ૧. ને સાદિ સપર્યવસિત (તે જે પડે) જ્ઞાની ૨. તેમાં જે સાદિ સપર્યવસિત જ્ઞાન છે તે જઘન્યથી અંતર્મુહુર્ત્ત અને ઉત્કૃષ્ટપણે છાસઠ સાગરોપમ ઝાઝેરાં રહે (ક્ષાયોપસમ સમ્યકત્વીને મતિ,શ્રુત જ્ઞાન રહે પછે પડે તે માટે) અને જે સાદિ અપર્યવસીત જ્ઞાન છે તેના તો કાળનું માન હોય નહીં. (કેમકે આવ્યું જાયજ નહીં.)

**પ્રશ્ન**—હે ભગવંત, અજ્ઞાની અજ્ઞાની પણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, અજ્ઞાની ને સવેદીની પરે ત્રણ ભેદે કહેવા. (અનાદિ અપર્ય વસીત ૧, અનાદિ સપર્ય વસીત ૨, સાદિ સપર્ય વસીત ૩.)

**પ્રશ્ન**—હે ભગવંત, જ્ઞાની ને અંતર કેટલા કાળનું હોય?

**ઉત્તર**—હે ગૌતમ, જ્ઞાની બે ભેદે છે. તેમાં જ્ઞાની જે સાદી અપર્ય વસીતને અંતર નથી. (અણપડવા માટે અપ્રતિપાતિ જ્ઞાનવંત) અને સાદી સપર્યવસીત જે જ્ઞાની તે જે પડે તે. તેને જઘન્યથી અંતર અંતર્મુહુર્ત્તનું (તે પાછો અંતર્મુહુર્ત્તે સમયકત્વ પામે તે માટે) અને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ અર્ધ પુદ્‌ગળ પરાવર્ત્ત દેશે ઉણો અંતર પડે. (એટલું મિથ્યાત્વમાં રહીને ફરી જ્ઞાન પામે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, અજ્ઞાનીને અંતર કેટલા કાળનું હોય?

**ઉત્તર**—હે ગૌતમ, અજ્ઞાની ત્રણ ભેદે છે (તે પૂર્વવત્ત) તેમાં જે અનાદિ અનંત અને અનાદિ સાંત એ બેને તો અંતર નથી. અને જે સાદી સપર્યવસિત તેને જઘન્યથી અંતર્મુહુર્ત્ત અંતર પડે અને ઉત્કૃષ્ટપણે છાસઠ સાગરોપમ ઝાઝેરાનું અંતર પડે. (એટલો કાળ જ્ઞાની પણે રહીને વળી પાછો અજ્ઞાની થાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, જ્ઞાની ૧. ને અજ્ઞાની ૨. એ બે માંહે કયા કયા થકી થોડા ઘણા છે?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથી થોડા જ્ઞાની છે. ૧, તેથકી અજ્ઞાની અનંતગુણા છે ૨. ॥૮॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા વળી બે ભેદે સર્વ જીવ કહ્યા છે. આહારી ૧, ને અણાહારી ૨, (વિગ્રહ ગતિ, કેવળ સમુદ્ઘાતે, અજોગી અને સિદ્ધ.)

**પ્રશ્ન**—હે ભગવંત, આહારી જીવ આહારીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, આહારી જીવ બે ભેદે છે. તે છદ્મસ્થ આહારી ૧, અને કેવળી આહારી ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, છદ્મસ્થ જીવ આહારીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક ક્ષુલ્લક ભવ તેપણ બે સમયે ઉણો રહે. (તે કેમજે વિગ્રહગતી બે સમય અણુહારી રહીને ક્ષુલ્લક ભવ કરે તે ભોગવીને વળી વિગ્રહગતિ અણાહારી થાય ત્યારે એ માન જાણવું.) અને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો કાળ જાવત્ ક્ષેત્રથી આંગુળના અસંખ્યાતમા ભાગ માંહે જેટલા આકાશ પ્રદેશ હોય તેટલી ઉત્સર્પિણિ અવસર્પિણિ લગી રહે (વિગ્રહગતી ન કરે આહારીજ રહે.)

**પ્રશ્ન**—હે ભગવંત, કેવળી આહારીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત અને ઉત્કૃષ્ટપણે દેસે ઉણી પૂર્વ ક્રોડી લગી આહારી હોય.

**પ્રશ્ન**—હે ભગવંત, અણાહારી અણાહારીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, અણાહારી બે ભેદે છે. છદ્મસ્થ અણાહારી ૧, અને કેવળી અણાહારી ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, છદ્મસ્થ અણાહારી છદ્મસ્ત અણાહારીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમય રહે અને ઉત્કૃષ્ટપણે બે સમય રહે (વિગ્રહગતિ વર્તતો થકો એટલું અણાહારી રહે તે માટે. વળી ગ્રંથાંતરે ત્રણ સમય પણ અણાહારી કહ્યા છે પણ શ્રી સિદ્ધાંત માંહે કહ્યું તે તહેત છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, કેવળી અણાહારી કેવળી અણાહારીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. તે સિદ્ધ થયા તે કેવળી સદાય અણાહારી છે ૧, અને મનુષ્ય ભવે રહ્યા. કેવળી કયારેક અણાહારી (કેવળ સમુદ્ઘાત વેળા) હોય. ૨.

**પ્રશ્ન**—હે ભગવંત,સિદ્ધ થયા તે કેવળી અણાહારી કેટલા કાળ લગી રહે?

**ઉત્તર**—હે ગૌતમ, અણાહારી થયાની આદિ છે પણ અંત નથી. (સિદ્ધ પાછા આહારી નહીં થાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, ભવસ્થ કેવળી અણાહારીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, ભવસ્થ કેવળી અણાહારી બે ભેદે છે. સજોગી ૧, (તેરમે ગુણઠાણે ભવસ્થ કેવળી સમુદ્ઘાત કરતાં અણાહારી હોય) અને અજોગી ૨. (ચઉદમે ગુણઠાણે ભવસ્થ કેવળી અણાહારી હોય.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, સજોગી તેરમે ગુણઠાણે ભવસ્થ કેવળી અણાહારી કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યપણે અને ઉત્કૃષ્ટપણે પણ કેવળી સમુદ્દ્ઘાત કરતાં ત્રણ સમય અણાહારી રહે. (આઠ સમયનો કેવળી સમુદ્દ્ઘાત છે તેમાં ત્રીજો, ચોથો અને પાંચમો સમય અણાહારી હોય.)

**પ્રશ્ન**—હે ભગવંત, અજોગી ચઉદમે ગુણઠાણે ભવસ્થ કેવળી અણાહારી કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય પણે અને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્તજ અણાહારી રહે. (ચઉદમા ગુણઠાણાનું એટલુંજ પાંચ લઘુ અક્ષરનું માન છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, છદ્મસ્થ આહારીને કેટલા કાળનું અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમય અંતર પડે ને ઉત્કૃષ્ટપણે બે સમયનું અંતર પડે. (વિગ્રહગતિ અણાહારી હોય તે માટે આહારનો અંતર પડે.)

**પ્રશ્ન**—હે ભગવંત, કેવળી આહારકને કેટલા કાળનું અંતર પડે.)

**ઉત્તર—હે** ગૌતમ, જઘન્યપણે અને ઉત્કૃષ્ટપણે પણ ત્રણ સમયનું અંતર પડે (કેવળી સમુદ્દ્ઘાતે અણાહારી હોય ત્યારે આહારનો અંતર પડે.)

**પ્રશ્ન**—હે ભગવંત, છદ્મસ્થ અણાહારી ને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્ય પણે ક્ષુલ્લક ભવ બે સમયે ઉણાનો અંતર પડે. (તે એમ જે વિગ્રહગતી બે સમય અણાહારી રહીને ક્ષુલ્લક ભવ કરે ત્યાં આહારી થઇને વળી વિગ્રહગતી કરે તે માટે) અને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો કાળ જાવત્ આંગુળના અસંખ્યાતમા ભાગ માંહે જેટલા આકાશ પ્રદેશ હોય તેટલી ઉત્સર્પિણી, અવસર્પિણી લગી રહે. (વિગ્રહગતી કરેજ નહીં ત્યારે અંતર પડે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સિદ્ધ કેવળી અણાહારીને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તે તો સાદી અપર્યવસિત છે તેને અંતર નથી. (ફરીને આહારી નહીં થાય તે માટે.)

**પ્રશ્ન—હે** ભગવંત, સજોગી તેરમે ગુણઠાણે ભવસ્થ કેવળી આહારીને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યપણે અને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્તનું અંતર પડે. (કેવળી સમુદ્દ્ઘાત પછી અંતર્મુહુર્ત્તે ચઉદમું ગુણઠાણું પડીવરજે તે માટે.)

**પ્રશ્ન—હે** ભગવંત, અજોગી ભવસ્થ કેવળી અણાહારીને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર—હે** ગૌતમ, તેને અંતર નથી. (કેમકે ચઉદમા ગુણઠાણાથી પાધરોજ મુક્તિ જાય વચે આહાર ન કરે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, આહારક ૧, ને અણાહારક ૨. એ બે માંહે કયા કયાથકી થોડા ઘણા છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા જીવ અણાહારી છે ૧, તેથકી આહારી જીવ અસંખ્યાત ગુણા છે ૨, (નિગોદનો અસંખ્યાતમો ભાગ સદાઈ વિગ્રહગતી વર્ત્તતા અણાહારી પામીએ તે માટે અણાહારીથી આહારી અનંતા ન કહીએ એ ભાવ.) ॥૯॥

અથવા વળી પ્રકારાંતરે બે ભેદે સર્વ જીવ કહ્યા છે. ભાષક ૧, (તે ભાષાએ બોલે તે). અને અભાષક ૨. (તે જે મૌન રહે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સભાષક સભાષકપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યપણે એક સમય રહે ને ઉત્કૃષ્ટપણે અંતર્મુહુર્ત્ત લગી ભાષા વર્ગણા સહીત રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, અભાષક અભાષકપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, અભાષક બે ભેદે છે. સિદ્ધ અભાષક ૧, (જેની આદિ છે પણ અંત નથી) ને સંસારી અભાષક ૨. (જેની આદિ પણ છે, ને અંત પણ છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સિદ્ધ અભાષક અભાષકપણે કેટલા કાળ લગી રહે?

**ઉત્તર**—હે ગૌતમ એના કાળનું માન કહેવાય નહીં. (કેમકે સિદ્ધ કયારેય પણ બોલશે નહીં)

**પ્રશ્ન**—હે ભગવંત, સંસારી અભાષક અભાષકપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત લગી રહે ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી ક્ષેત્રથી અસંખ્યાતા પુદ્ગળ પરાવર્ત્ત લગી અભાષકપણે રહે. (એકેંદ્રિમાંહે રહે ત્યાં અભાષક છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સભાષકને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો અંતર પડે ને ઉત્કૃષ્ટપણે (અનંતો) વનસ્પતિનો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, અભાષકને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. સિદ્ધ અભાષક ૧, ને સંસારી અભાષક ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, સિદ્ધ અભાષકને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને અંતર નથી (સિદ્ધ કયારેય પણ બોલે નહીં તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સંસારી અભાષકને કેટલા કાળનું અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમય (ભાષાદ્રવ્ય ગ્રહણરૂપ) ને ઉત્કૃષ્ટપણે અંતર્મુહુર્ત્તનો અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, ભાષક ૧, ને અભાષક ૨, એ બે માંહે કયા કયાથકી થોડા ઘણા હોય?
**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા ભાષક છે ૧, તેથકી અભાષક અનંત ગુણા છે ૨. (એકેંદ્રીય ને સિદ્ધ અનંતા છે તે માટે.) ॥૧૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા વળી બે ભેદે સર્વ જીવ કહ્યા છે. સશરીરી ૧, (તે સંસારી જીવ) ને અશરીરી ૨. (તે સિદ્ધ ભગવંત.)

તે જેમ સિદ્ધ, અસિદ્ધને કહ્યું તેમ સર્વ કહેવું. ત્યાં થોડા અશરીરી છે ૧, ને તેથકી સશરીરી અનંત ગુણા છે ૨. ॥૧૧॥

અથવા વળી બે ભેદે સર્વ જીવ કહ્યા છે. ચરીમ ૧, (તે ભવ્ય) ને અચરીમ ૨. (તે અભવ્ય ને સિદ્ધ.)

**પ્રશ્ન**—હે ભગવંત, ચરીમ ચરીમ પણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, ચરીમની આદિ નથી પણ અંત છે. (મોક્ષ જાશે ત્યારે.)

**પ્રશ્ન**—હે ભગવંત, અચરીમ અચરીમ પણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, અચરીમ બે ભેદે છે. તે અનાદિ અપર્યવસીત ૧, (તે અભવ્ય) ને સાદિ અપર્યવસીત ૨, (તે સિદ્ધ.)

**પ્રશ્ન**—હે ભગવંત, ચરીમને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને અંતર નથી. (કેમકે ચરીમ તે ભવ્ય મોક્ષ જાય ત્યારે અચરીમ થાય ત્યાંથી પાછો ચરીમ ન થાય કેમકે પાછું આવવું નથી માટે અંતર નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, અચરીમને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે, તે અનાદિ અપર્યવસીત ૧, (તે અભવ્ય) ને સાદિ અપર્યવસીત ૨. (તે સિદ્ધ.) એ અચરીમ બનેને અંતર નથી. (કેમકે ચરીમ તે અચરીમ થાય પણ અચરીમ તે ચરીમ ન થાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, ચરીમ ૧, ને અચરીમ ૨, એ બે માંહે કયા કયા થકી થોડા ઘણા છે?

**ઊત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા અચરીમ છે ૧, (અભવ્ય અને સિદ્ધ) તે થકી ચરીમ અનંત ગુણા છે ૨, (ભવ્ય.) ॥૧૨॥

અથવા વળી બે ભેદે સર્વ જીવ કહ્યા છે, તે સાકારોપયોગવંત ૧, (તે જ્ઞાનોપયોવંત) ને અનાકારોપયોગવંત ૨, તે દર્શનોપયોગવંત).

એ બેને સંતિષ્ટના કાયસ્થિતિ અને અંતર પણ જઘન્યથી અંતર્મુહુર્ત્ત ને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્ત. (ઉપયોગનો કાળ એટલોજ હોય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સાકારોપયોગવંત ૧, ને અનાકારોપયોગવંત ૨, એ બે માંહે કયા કયાથકી થોડા ઘણા હોય?

**ઊત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા અનાકારોપયોગી છે ૧, (સામાન્ય દર્શનના કાળ થોડા તે માટે) તે થકી સાકારોપયોગી સંખ્યાત ગુણા છે ૨. (વિશેષ જ્ઞાન કાળ ઘણા તે માટે) ॥૧૩॥ હવે સંગ્રહણી ગાથા કહેછે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सिद्ध सइंदिय काए, जोए वेए कसाय लेसाय॥
नाणुं वयोगा हारा, भास शरीराय चरमोय ॥१॥ (टीकायां)

અર્થ—સિદ્ધ ૧, સઇંદ્રીય ૨, કાય ૩, જોગ ૪, વેદ ૫, કષાય ૬, લેશ્યા ૭, જ્ઞાન ૮, ઉપયોગ ૯, આહારી ૧૦, ભાષક ૧૧, સશરીરી ૧૨, ને ચરીમજીવ ૧૩. એ તેર આળાવાની સંગ્રહણી ગાથા કહી. એ શ્રી જીવાભીગમ સૂત્રે સર્વ જીવની દ્વિવિધિ પ્રતિપતિ સંપૂર્ણ થઇ.

## ૧૪૦. ત્રણ પ્રકારે સર્વ જીવ. તેના આળાવા સાત. તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર.

ત્યાં જે આચાર્ય એમ કહે છે જે ત્રણ પ્રકારે સર્વ જીવ કહ્યા છે તે એવી રીતે કહે છે કે સમ્યક્દ્રષ્ટી ૧, મિથ્યાદ્રષ્ટી ૨, ને સમ્યક, મિથ્યાદ્રષ્ટી તે મીશ્રદ્રષ્ટી ૩.

**પ્રશ્ન**—હે ભગવંત, સમ્યક્દ્રષ્ટી સમ્યક્દ્રષ્ટીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, સમ્યકદ્રષ્ટી બે ભેદે છે. તે. સાદિ અપર્યવસિત ૧, (તે અનાદિ મીથ્યાત્વમાંથી સમ્યકત્વ પામ્યો તેની આદી છે પણ અંત નથી કેમકે ક્ષાયક સમ્યકદ્રષ્ટી પડે નહીં મોક્ષ જાય તે માટે.) ને સાદિ સપર્ય વસીત ૨. (તે જે સમ્યકત્વ પામીને વમી પડવાય થાય છે તે.) તેમાં જે સાદિ સપર્યવસીત સમ્યકત્વદ્રષ્ટી છે તે જઘન્યથી અંતર્મુહુર્ત રહે (ઉપસમ સમ્યકત્વ પ્રમુખ) ને ઉત્કૃષ્ટપણે છાસઠ સાગરોપમ ઝાઝેરાં રહે (ક્ષાયોપસમીક સમ્યકત્વંત.)

**પ્રશ્ન**—હે ભગવંત, મિથ્યાદ્રષ્ટી મિથ્યાદ્રષ્ટીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, મિથ્યાદ્રષ્ટી ત્રણ ભેદે છે. તે સાદિ સપર્ય વસિત ૧. (તે પડવાય) અનાદિ અપર્યવસીત ૨. (તે મિથ્યાત્વી અભવ્ય) અને અનાદિ સપર્યવસિત ૩. (તે ભવ્ય) તેમાં જે સાદિ સપર્યવસીત મિથ્યાત્વી સમ્યક્તથી પડીને મિથ્યાત્વમાં આવ્યા છે તે જઘન્યથી અંતર્મુહુર્ત રહે ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ જાવત્ અર્ધ પુદ્ગળ પરાવર્ત્ત દેશે ઉણો રહે પછી સમ્યકત્વ પામે. (અને શેષ બેના કાળનું માન થાય નહીં.)

**પ્રશ્ન**—હે ભગવંત, મીશ્રદ્રષ્ટી મિશ્રદ્રષ્ટીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, મિશ્રદ્રષ્ટી (ત્રીજે મીશ્ર ગુણઠાણે) તે જઘન્યપણે અને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્તજ રહે. (પછી સમ્યકત્વ પામે અથવા મિથ્યાત્વમાં જાય.)

**પ્રશ્ન**—હે ભગવંત, સમ્યકદ્રષ્ટીને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, સમ્યકદ્રષ્ટીના બે ભેદ છે. સાદિ અપર્યવસિત ૧, ને સાદિ સપર્યવસિત ૨, તેમાં જે સાદિ અપર્યવસીત (ક્ષાયક સમ્યકત્વી) તેહને અંતર નથી (કેમકે તે પાછો મિથ્યાત્વી ન થાય તે માટે) અને જે સાદિ સપર્યવસીત (તે ઉપસમી ક્ષાયોપસમી સમ્યકત્વી) તેહને જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અંતર પડે અને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ જાવત્ અર્ધ પુદ્ગળ પરાવર્ત દેસે ઉણો અંતર પડે (એટલે કાળે વળી પાછો ફરીને અવસ્ય સમ્યકત્વ પામે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, મિથ્યાદ્રષ્ટીને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, મિથ્યાદ્રષ્ટીના ત્રણ ભેદ છે. અનાદિ અપર્યવસિત ૧, (તે અભવ્ય) અનાદિ સપર્યવસીત ૨, (તે ભવ્ય) ને સાદિ સપર્યવસીત ૩ (તે સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વી થયા છે તે) તેમાં પ્રથમ અનાદિ અપર્યવસીતને અંતર નથી. તેમ અનાદિ સપર્યવસીત તેને પણ અંતર નથી. અને જે સાદિ સપર્યવસીત છે તેહને અંતર જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે છાસઠ સાગરોપમ ઝાઝેરાનું અંતર પડે. (એટલું સમ્યક્ત્વમાં રહીને પાછો મિથ્યાત્વ પામે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, મિશ્રદ્રષ્ટીને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અંતર પડે. ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ જાવત્ અર્ધ પુદ્ગળ પરાવર્ત્ત દેશેઉણો અંતર પડે. (એટલે કાળે ફરી સમ્યક્ત્વ પામતાં મિશ્રપણું આવે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સમ્યક્દ્રષ્ટી ૧, મિથ્યાદ્રષ્ટી ૨, ને મિશ્રદ્રષ્ટી ૩. એ ત્રણ માંહે કયા કયાથકી થોડા ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા મિશ્રદ્રષ્ટી છે ૧, તેથકી સમ્યક્ત્વ દ્રષ્ટી અનંત ગુણા છે ૨. (સિદ્ધ અનંતા માટે) ને તેથકી મિથ્યાત્વદ્રષ્ટી અનંત ગુણા છે ૩. (નિગોદ ભળ્યા તે માટે.) ॥૧॥

અથવા વળી ત્રણ ભેદે સર્વ જીવ કહ્યા છે. પરીત્ત ૧, (પ્રત્યેક શરીરી તથા પરીત્ત સંસારી) અપરીત્ત ૨, (સાધારણ શરીરી તથા બહુળ સંસારી) ને નોપરીત્ત, નો અપરીત્ત ૩. (તે સિદ્ધ.)

**પ્રશ્ન**—હે ભગવંત, પરીત્ત જીવ પરીત્તપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, પરીત્ત જીવ બે ભેદે છે. કાયપરીત્ત ૧, (તે પ્રત્યેક શરીરી) ને સંસાર પરીત્ત ૨. (તે અલ્પ સંસારી).

**પ્રશ્ન**—હે ભગવંત, કાયપરીત્ત કાયપરીત્તપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુર્ત્ત રહે ને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો કાળ રહે. જાવત્ અસંખ્યાતા લોકના આકાશ પ્રદેશ જેટલી ઉત્સર્પિણી અવસર્પિણી લગી પ્રત્યેક શરીરપણે રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, સંસાર પરીત્ત સંસાર પરીત્તપણે કેટલા કાળ લગી રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે. (પૂછ્યા સમયે તત્કાળ કેવળ પામી મુક્તિ જાય તે માટે) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ જાવત્ અર્ધ પુદ્ગળ પરાવર્ત્ત દેશે ઉણો રહે. (એટલા માંહે જેહને સંસાર ભ્રમણ રહ્યું હોય તે પરીત્ત સંસારી કહીએ.)

**પ્રશ્ન**—હે ભગવંત, અપરિત્ત અપરિતપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, અપરીત બે ભેદે છે. તે કાય અપરીત ૧. (તે સાધારણ શરીરી) ને સંસાર અપરીત ૨. (તે બહુળ સંસારી.)

**પ્રશ્ન**—હે ભગવંત, કાય અપરીત કાય અપરીતપણે કેટલો કાળ રહે?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે. (નિગોદ માંહે) અને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ રહે. (તે કાળથકી અનંતી ઉત્સર્પિણી, અવસર્પિણી ક્ષેત્રથકી અનંતા લોકાકાશ પ્રમાણે અસંખ્યાત પુદ્દગળ પરાવર્તન કરે તે આવળકાને અસંખ્યાતમે ભાગે જેટલા સમય થાય તેટલો કાળ રહે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સંસાર અપરીત્ત સંસાર અપરીત્તપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે, અનાદિ અપર્યવસિત ૧. (તે અભવ્ય જીવ) અને અનાદિ સપર્યવસિત ૨. (તે ભવ્ય જીવ છે ને જેને અર્ધ પુદ્દગળ ઉપરાંત સંસાર છે તે.) (એના કાળનું માન કહેવાય નહીં.)

**પ્રશ્ન**—હે ભગવંત, નોપરીત્ત, નો અપરીત્ત (તે સિદ્ધ) કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તેહની આદિ છે, પણ અંત નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, કાય પરીત્તને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો અંતર પડે. (એકજ નિગોદનો ભવ કરી પાછો પ્રત્યેક થાય તે માટે.) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ અંતર પડે. (નિગોદમાં રહીને પ્રત્યેક થાય ત્યારે અને નિગોદનો કાળ અઢી પુદ્દગળ પરાવર્ત્ત છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સંસાર પરીત્તને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેહને અંતર નથી. (કેમકે જે અલ્પ સંસારી છે તે બહુળ સંસારી ન થાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, કાય અપરિતને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, કાય અપરીત તે સાધારણ શરીરી તેહને અંતર જઘન્યથી અંતર્મુહુર્ત-નો પડે ને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો પૃથ્વીની કાયસ્થિતિનો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, સંસાર અપરીત (તે અનાદિ અપર્ય વસીત અભવ્ય) તેહને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેહના બે ભેદ છે. તે અનાદિ અપર્ય વસિત ૧, (તે અભવ્ય) અને અનાદિ સપર્ય વસીત ૨. (તે ભવ્ય જીવ પણ બહુળ સંસારી જાણવા) તેમાં અનાદિ અપર્ય વસીતને પણ અંતર નથી અને અનાદિ સપર્ય વસીતને પણ અંતર નથી. (કારણ કે અભવ્યને ભવ્ય થાવું નથી માટે અંતર નથી અને જે ભવ્ય છે તે અલ્પ સંસારી પરીત્ત થાશે પણ પાછો બહુળ સંસારી નહીં થાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, નોપરીત્ત, નો અપરીત્ત (તે સિદ્ધ) તેને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેહને અંતર નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, પરીત્ત ૧, અપરીત ૨, અને નોપરીત્ત નોઅપરીત ૩. એ ત્રણ માંહે કયા કયા થકી થોડા ઘણા હોય?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા પરીત છે ૧, (પ્રત્યેક શરીરી અને અલ્પ સંસારી માટે.) તે થકી નોપરીત નો અપરિત (સિદ્ધ) તે અનંત ગુણા છે ૨. તે થકી અપરીત્ત (તે સાધારણ શરીરી અને બહુળ સંસારી) અનંતગુણા છે ૩. ॥૨॥

અથવા વળી ત્રણ પ્રકારે સર્વ જીવ કહ્યા છે. પર્યાપ્તા ૧, અપર્યાપ્તા ૨, ને નોપર્યાપ્તા નોઅપર્યાપ્તા ૩. (તે સિદ્ધ.)

**પ્રશ્ન**—હે ભગવંત, પર્યાપ્તા જીવ પર્યાપ્તાપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત રહે અને ઉત્કૃષ્ટપણે સાગરોપમ સત પ્રથકત્વ ઝાઝેરાં લગી પર્યાપ્તાનાજ ભવ કરે. અપર્યાપ્તાપણે મરે નહીં તે આશ્રી.

**પ્રશ્ન**—હે ભગવંત, અપર્યાપ્તા જીવ અપર્યાપ્તાપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે અને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્તજ રહે. (અપર્યાપ્તાના ઘણા ભવ કરે તો પણ અંતર્મુહુર્ત્ત માંહે જેટલા ભવ થાય તેટલાજ કરે.)

**પ્રશ્ન**—હે ભગવંત, નોપર્યાપ્તા, નોઅપર્યાપ્તા (તે સિદ્ધ) કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તેતો સાદિ અપર્યવસીત છે. (એટલે તેહની આદિ છે પણ અંત નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, પર્યાપ્તાને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યપણે અંતર્મુહુર્ત્તનો ને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્તનો અંતર પડે. (એટલોજ અપર્યાપ્તાનો કાળ છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, અપર્યાપ્તાને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો ને ઉત્કૃષ્ટપણે સાગરોપમ સત પ્રથકત્વ ઝાઝેરાનો અંતર પડે (એટલોજ પર્યાપ્તાનો કાળ છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, નોપર્યાપ્તા, નોઅપર્યાપ્તા (સિદ્ધ) તેહને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેહને અંતર નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, પર્યાપ્તા ૧, અપર્યાપ્તા ૨, ને નોપર્યાપ્તા, નોઅપર્યાપ્તા ૩. એ ત્રણ માંહે કયા કયાથકી થોડા ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા નોપર્યાપ્તા, નોઅપર્યાપ્તા (સિદ્ધ) છે ૧, તેથકી અપર્યાપ્તા અનંતગુણા છે ૨, (નિગોદીઆ સિદ્ધથી અનંતગુણા છે તે માટે) ને તે થકી પર્યાપ્તા જીવ સંખ્યાતગુણા છે ૩, (સુક્ષ્મ માંહે પર્યાપ્તા ઘણાં છે તે માટે.) ॥૩॥

અથવા વળી ત્રણ ભેદે સર્વ જીવ કહ્યા છે. સુક્ષ્મ ૧, બાદર ૨, નોસુક્ષ્મ, નોબાદર ૩. (તે સિદ્ધ).

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ જીવ સુક્ષ્મપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે ને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો કાળ પૃથ્વીની કાયસ્થિતિ જેટલો અસંખ્યાતો કાળ રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર જીવ બાદરપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે ને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો કાળ. તે કાળથકી અસંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણી અને ક્ષેત્રથકી આંગુળના અસંખ્યાતમા ભાગે આકાશ શ્રેણીમાંહે જેટલા આકાશ પ્રદેશ હોય તેટલી ઉત્સર્પિણી, અવસર્પિણી લગી રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, નોસુક્ષ્મ, નોબાદર (સિદ્ધ) કેટલો કાળ રહે?

**ઊ-તર**—હે ગૌતમ, તેતો સાદિ અપર્ય વસીત છે (તેની આદિ છે પણ અંત નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ જીવને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને બાદરપણાની કાયસ્થિતિના કાળ જેટલો અંતર જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, બાદર જીવને કેટલા કાળનો અંતર પડે?

**ઉ-તર**—હે ગૌતમ, તેને સુક્ષ્મપણાની કાયસ્થિતિના કાળ જેટલો અંતર જાણવો.

**પ્રશ્ન**—હે ભગવંત, નોસુક્ષ્મ, નોબાદર તેહને અંતર કેટલા કાળનો પડે?

**ઊ-તર**—હે ગૌતમ, તેહને અંતર નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, સુક્ષ્મ ૧, બાદર ૨, અને નોસુક્ષ્મ નોબાદર ૩, એ ત્રણ માંહે કયા કયાથકી થોડા ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા નોસુક્ષ્મ નોબાદર (સિદ્ધ)છે. ૧, તે થકી બાદર જીવ અનંત ગુણા છે ૨, ને તે થકી સુક્ષ્મ જીવ અસંખ્યાત ગુણા છે. ૩, ॥૪॥

અથવા વળી ત્રણ ભેદે સર્વ જીવ કહ્યા છે, તે સંજ્ઞી ૧, (મન સહીત પચેંદ્રી.) અસંજ્ઞી ૨, (તે મન રહીત) ને નોસંજ્ઞી નોઅસંજ્ઞી ૩, (તે સિદ્ધ)

**પ્રશ્ન**—હે ભગવંત, સંજ્ઞી જીવ સંજ્ઞીપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે ને ઉત્કૃષ્ટપણે પ્રથકત્વ સો સાગર ઝાઝેરાં રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, અસંજ્ઞી જીવ અસંજ્ઞીપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**,—હે ગૌતમ, જઘન્યપણે અંતર્મુહુર્ત્ત રહે. ને ઉત્કૃષ્ટપણે વનસ્પતિના જેટલો (અનંતો) કાળ રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, નોસંજ્ઞી નોઅસંજ્ઞી (તે સિદ્ધ.) કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તે તો સાદિ અપર્ય વસીત છે. ( તેની આદિ છે પણ અંત નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, સંજ્ઞી જીવને અંતર કેટલા કાળનો પડે?

**ઉ-તર**—હે ગૌતમ. જઘન્યથી અંતર્મુહુર્ત્તનો અંતર પડે અને ઉત્કૃષ્ટપણે (અનંતો) વનસ્પતિનો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, અસંજ્ઞી જીવને અંતર કેટલા કાળનો પડે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો અંતર પડે ને ઉત્કૃષ્ટપણે પ્રથકત્વ સો સાગરોપમ ઝાઝેરાનું અંતર પડે. (એટલો સંજ્ઞીનો કાળ છે તે માટે.)

**પ્રશ્ન**—હે ગૌતમ, નોસંજ્ઞી, નોઅસંજ્ઞી ને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેહને અંતર નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, સંજ્ઞી ૧, અસંજ્ઞી ૨, ને નોસંજ્ઞી, નોઅસંજ્ઞી ૩, (તે સિદ્ધ.) એ ત્રણ માંહે કયા કયાથકી થોડા ઘણાં હોય?

**ઉ-તર**—હે ગૌતમ, સર્વથકી થોડા સંજ્ઞી (મન સહીત) છે ૧, તે થકી નોસંજ્ઞી, નોઅસંજ્ઞી (સિદ્ધ) તે અનંત ગુણા છે ૨, ને તે થકી અસંજ્ઞી અનંત ગુણા છે ૩, ॥૫॥

અથવા વળી ત્રણ પ્રકારે સર્વ જીવ કહ્યા છે. તે ભવ સિદ્ધિયા ૧, (તે ભવ્ય) અભવ્ય સિદ્ધિયા ૨, (તે અભવ્ય) ને નોભવ્યસિદ્ધિયા, નોઅભવ્યસિદ્ધિયા ૩, (તે સિદ્ધ).

**પ્રશ્ન**—હે ભગવંત ભવ્યસિદ્ધિયા ભવ્યસિદ્ધિયાપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તે અનાદિ સપર્યવસીત છે. (તેની આદિ નથી પણ અંત છે).

**પ્રશ્ન**—હે ભગવંત, અભવ્યસિધિયા અભવ્યસિધિયાપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, તે અનાદિ અપર્યવસીત છે. (એટલે તેની આદિ પણ નથી. ને અંત પણ નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, નોભવ્યસિધિયા, નોઅભવ્યસિધિયા કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, તે સાદિ અપર્યવસીત છે (એટલે તેની આદિ છે પણ અંત નથી).

એ ત્રણેને અંતર નથી (કેમકે ભવ્ય છે તે અભવ્ય ન થાય, અભવ્ય છે તે ભવ્ય ન થાય ને સિદ્ધ છે તે અસિદ્ધ ન થાય તે માટે).

**પ્રશ્ન**—હે ભગવંત, ભવ્ય ૧, અભવ્ય ૨, ને નોભવ્ય નોઅભવ્ય ૩, એ ત્રણ માંહે કયા કયાથકી થોડા ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા અભવ્ય છે ૧, તે થકી નોભવ્ય નોઅભવ્ય (તે સિદ્ધ) અનંત ગુણા છે ૨. ને તે થકી ભવ્ય અનંત ગુણાં છે ૩. ॥૬॥

અથવા વળી ત્રણ પ્રકારે સર્વ જીવ કહ્યા છે. તે ત્રસ ૧, (બે ઇંદ્રીયાદિક) સ્થાવર ૨, (તે એકેંદ્રી) નોત્રસ નોસ્થાવર ૩. (તે સિદ્ધ.)

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રસજીવ ત્રસપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુ-ર્ત ને ઉ-ત્કૃષ્ટપણે બે હજાર સાગરોપમ ઝાઝેરાં રહે. (પૂર્વે દ્રીવિધિ પ્રતિપતિને વિષે તેઉ, વાયુને પણ ત્રસ કહ્યા છે પણ ઇહાં સ્થાવરમાં ગણ્યા છે અને ઇહાં તો ફકત બે ઇંદ્રિયાદિકજ ત્રસ જાણવા તો તે માંહે તો બે હજાર સાગરોપમ ઝાઝેરાં રહે. એ ભાવ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, સ્થાવર જીવ સ્થાવરપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, વનસ્પતિના જેટલો (અનંતો) કાળ રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, નોત્રસ નોસ્થાવર જીવ (તે સિદ્ધ) કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, તેતો સાદિ અપર્યવસીત છે. (તેની આદિ છે પણ અંત નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રસ જીવને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, વનસ્પતિના જેટલો (અનંતો) કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્થાવર જીવને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, બે હજાર સાગરોપમ ઝાઝેરાંનો અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, નોત્રસ નોસ્થાવર તેને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેહને અંતર નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, ત્રસ ૧, સ્થાવર ૨, ને નોત્રસ નોસ્થાવર ૩, એ ત્રણ માંહે કયા કયા થકી થોડાં ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા ત્રસ જીવ છે ૧, તેથકી નોત્રસ નોસ્થાવર તે અનંત ગુણા છે ૨, ને તે થકી સ્થાવર જીવ અનંત ગુણા છે ૩. ॥૭॥ એ શ્રી જીવાભિગમ સૂત્રે સર્વ જીવની ત્રીવિધિ પ્રતિપતિ સંપૂર્ણ થઇ.

## ૧૪૧. ચાર પ્રકારે સર્વ જીવના આળાવા ચાર. તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર.

ત્યાં જે આચાર્ય એમ કહેછે જે ચાર ભેદે સર્વ જીવ કહ્યાછે. તે કહે છે. મનજોગી ૧, (સંજ્ઞી પચેંદ્રી તે પણ મન વ્યાપાર સહીત) વચનજોગી ૨, (તે બેઇંદ્રિયાદિક તે પણ વચન વ્યાપારવંત) કાયજોગી ૩, (સર્વ જીવ) ને અજોગી ૪. (તે સિદ્ધ અને ચઉદમા ગુણઠાણાના.)

**પ્રશ્ન**—હે ભગવંત, મનજોગી મનજોગીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમય રહે (મનો વર્ગણાના પુદ્ગળ લેવારૂપ) ને ઉત્કૃષ્ટપણે અંતર્મુહુર્ત રહે. (મન વ્યાપાર ચીંતનરૂપ) એમ વચનજોગી પણ કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, કાયજોગી કાયજોગીપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યપણે અંતર્મુહુર્ત રહે અને ઉત્કૃષ્ટપણે વનસ્પતિના જેટલો (અનંતો) કાળ રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, અજોગી અજોગીપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, તેતો સાદિ અપર્યવસીત છે (એટલે તેની આદિ છે પણ અંત નથી.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, મનજોગીને અંતર કેટલા કાળનું પડે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે વનસ્પતિના જેટલો (અનંતો) કાળ અંતર પડે. એમ વચન જોગીને પણ અંતર કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, કાયજોગીને અંતર કેટલા કાળનું પડે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યપણે એક સમયનું ને ઉત્કૃષ્ટપણે અંતર્મુહુ-ર્તનું અંતર પડે. (મનોજોગ, વચન જોગ વ-ર્તતા હોય.)

**પ્રશ્ન**—હે ભગવંત, અજોગીને અંતર કેટલા કાળનું પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને અંતર નથી. (અજોગી પાછો સજોગી ન થાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, મનજોગી ૧, વચન જોગી ૨, કાયજોગી ૩, ને અજોગી ૪. એ ચાર માંહે કયા કયા થકી થોડા ઘણાં હોય?

**ઉ-તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા મનજોગી છે ૧, તે થકી વચનજોગી અસંખ્યાતગુણા છે ૨, તે થકી અજોગી અનંત ગુણા છે ૩, ને તે થકી કાયજોગી અનંતગુણા છે ૪. ॥૧॥

અથવા વળી ચાર પ્રકારે સર્વ જીવ કહ્યા છે તે. સ્ત્રીવેદી ૧, પુરૂષવેદી ૨, નપુંસક વેદી ૩, ને અવેદી ૪, (તે નવમા ગુણઠાણા ઉપરના ને સિદ્ધ.)

**પ્રશ્ન**—હે ભગવંત, સ્ત્રીવેદિ સ્ત્રીવેદપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, એકસો દશ પલ્યોપમ તથા સો પલ્યોપમ. તથા અઢાર પલ્યોપમ તથા ચૌદ પલ્યોપમ તથા પલ્ય પ્રથકત્વ એ સર્વ પૂર્વ ક્રોડી પ્રથકત્વે અધિક. ને જઘન્ય એક સમય રહે. (એ સર્વેની ભાવના પૂર્વે જેમ ત્રીવિધિ પ્રતિપતિ માંહે કહી છે તેમ જાણવી.)

**પ્રશ્ન**—હે ભગવંત, પુરૂષવેદી પુરૂષવેદપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જન્ઘયથી અંતર્મુહુર્ત રહે. ને ઉત્કૃષ્ટપણે પ્રથકત્વ સો સાગરોપમ ઝાઝેરાં રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, નપુંસકવેદી નપુંસકવેદપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમય રહે. (ઉપસમ શ્રેણી અવેદી થઇને પડતાં પાછો એક સમય નપુંસક વેદી થઇને મરી અનુત્તર વૈમાને જાય ત્યાં પુરૂષવેદી થાય તે માટે.) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ રહે. (એકંદ્રિયાદિક માંહે.)

**પ્રશ્ન**—હે ભગવંત, અવેદી અવેદીપણે કેટલો કાળ રહે?

**ઊત્તર**—હે ગૌતમ, અવેદી બે ભેદે છે. તે સાદિ અપર્યવસીત ૧, (તે ક્ષીણવેદી અને સિદ્ધ.) અને સાદિ શપર્ય વસીત ૨, (તે ઉપશાંત વેદી દશમે, અગ્યારમે ગુણઠાણે.) તેમાં જે સાદિ સપર્ય વસિત (ઉપસાંત વેદી) તે જઘન્યથી એક સમય રહે અને ઉત્કૃષ્ટપણે અંતર્મુહુર્ત્ત લગી રહે. (એટલોજ ઉપસાંત મોહનો કાળ છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સ્ત્રીવેદને અંતર કેટલા કાળનો પડે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો અંતર પડે (અવેદી તથા પુરૂષવેદી થાતાં અંતર પડે તે) અને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ અંતર પડે. (તે એમ જે વનસ્પતિ માંહે જાય ત્યારે.)

**પ્રશ્ન**—હે ભગવંત, પુરૂષવેદને અંતર કેટલા કાળનો પડે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમયનો. (ઉપસાંત નવમે ગુણઠાણે એક સમય અવેદી રહી અનુત્તર વૈમાને જાય ત્યાં વળી પુરૂષવેદી થાય તે માટે.) અને ઉત્કૃષ્ટપણે વનસ્પતિના જેટલો (અનંતો) કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, નપુંસકવેદીને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો (ઉપસાંત વેદ તથા અન્ય વેદને ભવાંતર) અને ઉત્કૃષ્ટપણે સાગરોપમ પ્રથકત્વ શો ઝાઝેરાંનો અંતર પડે. (એટલું પુરૂષવેદપણે રહે પછી નપુંસક વેદ થાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, અવેદીને અંતર કેટલા કાળનો પડે?

**ઉ-તર**—હે ગૌતમ, અવેદી બે ભેદે છે. તે સાદિ અપર્ય વશિત ૧, (તે ક્ષીણવેદી અને સિદ્ધ) તેહને અંતર નથી. અને સાદિ સપર્ય વસીત ૨. (તે ઉપસાંત વેદી દશમે, અગ્યારમે ગુણઠાણે) તેહને જઘન્યથી અંતર્મુહુર્ત્તનો અંતર પડે. ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ જાવત્ અર્ધ પુદ્ગળ પરાવર્ત દેશે ઉણો એટલો અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, સ્ત્રીવેદી ૧, પુરૂષવેદી ૨, નપુંસકવેદી ૩, ને અવેદી ૪. એ ચાર માંહે કયા કયા થકી થોડા ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા પુરૂષવેદી છે ૧, તે થકી સ્ત્રીવેદી સંખ્યાત ગુણા છે ૨, તે થકી અવેદી અનંત ગુણા છે ૩. (સિદ્ધ અનંતા તે માટે) ને તે થકી નપુંસકવેદી અનંતગુણા છે ૪. (એકેંદ્રી અનંતા તે માટે.)

અથવા વળી ચાર ભેદે સર્વ જીવ કહ્યા છે. તે ચક્ષુ દર્શણી ૧, (આંખે દેખે તે) અચક્ષુ દર્શણી ૨, (આંખ વિના શેષ ચાર ઇંદ્રીએ જાણે તે,) અવધિ દર્શણી ૩, (અવધી દર્શને દેખે તે) ને કેવળ દર્શણી ૪, (તે કેવળ દર્શને દેખે તે.)

**પ્રશ્ન**—હે ભગવંત, ચક્ષુ દર્શણિ ચક્ષુ દર્શનીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુ-ર્ત રહે ને ઉત્કૃષ્ટપણે હજાર સાગરોપમ ઝાઝેરાં રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, અચક્ષુ દર્શની અચક્ષુ દર્શનીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. અનાદિ અપર્યવસીત ૧, (તે અભવ્ય) ને અનાદી સપર્યવસીત ૨, (તે ભવ્ય) (એ બેના કાળનું માન કહેવાય નહીં.)

**પ્રશ્ન**—હે ભગવંત, અવધિ દર્શણી અવધી દર્શણીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમય રહે. (અવધિ પામ્યા પછીજ કોઇકને મરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય તે આશ્રિ) અને ઉત્કૃષ્ટપણે બે છાસઠ સાગરોપમ એટલે એકસો બત્રીસ સાગરોપમ ઝાઝેરાં (એક છાસઠ સાગર મનુષ્ય કે તિર્યંચ પચેંદ્રી સાતમી નરકે તેત્રીશ સાગરની સ્થિતિ પામે ત્યાં સમ્યક્ત્વ પામી ફરી સમ્યક્ત્વ વમી વળી સાતમી નરકે તેત્રીશ સાગરની સ્થિતિ પામે એમ છાસઠ સાગરોપમ થાય, ત્યારપછી સમ્યક્ત પામેછે વિભંગજ્ઞાન માંહેથી અવધી જ્ઞાન થાય. દેવતા, મનુષ્યપણે છાસઠ સાગર રહે એમ એકસો બત્રીસ સાગર ઝાઝેરાં લગી અવધિદર્શન રહે. અવધજ્ઞાન ને વિભંગજ્ઞાન એ બેમાં નામ ફેર છે પણ અવધિદર્શન તો એકજ છે.)

**પ્રશ્ન**—હે ભગવંત, કેવળ દર્શની કેવળ દર્શનીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તેની આદિ છે પણ અંત નથી (આવ્યું ન જાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, ચક્ષુ દર્શણીને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુ-ર્તનો અંતર પડે ને ઉત્કૃષ્ટપણે (અનંતો) વનસ્પતિનો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, અચક્ષુદર્શણીને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ,તેના બે ભેદ છે તે પૂર્વે કહ્યા છે તે બનેને અંતર નથી (સંસારી સર્વને અચક્ષુ દર્શન છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, અવધિ દર્શનીને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુ-ર્તનો અંતર પડે ને ઉત્કૃષ્ટપણે (અનંતો) વનસ્પતિનો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, કેવળ દર્શણીને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેતો સાદિ અપર્યવસિત છે (આવ્યું જાય નહિ) તે માટે અંતર નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, ચક્ષુ દર્શણી ૧, અચક્ષુ દર્શણી ૨, અવધિ દર્શણી ૩, ને કેવળ દર્શણી ૪, એ ચાર માંહે કયા કયાથકી થોડા, ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા અવધિ દર્શની છે ૧, (દેવતા, નારકી અને કેટલાએક પચેંદ્ર તીર્યંચ, મનુષ્યને હોય તે માટે.) તેથકી ચક્ષુદર્શની અસંખ્યાત ગુણા છે ૨, (ચઉરીંદ્રી અને પચેંદ્રી સર્વને છે તે માટે.) તેથકી કેવળ દર્શની અનંત ગુણા છે ૩, (સિદ્ધ અનંતા માટે) અને તેથકી અચક્ષુ દર્શની અનંત ગુણા છે ૪, (સર્વ સંસારી જીવને અચક્ષુ દર્શન છે તે માટે.) ॥૩॥

અથવા વળી ચાર ભેદે સર્વ જીવ કહ્યા છે. સંજત ૧, (સર્વ વિરતિ સાધુ) અસંજત ૨, (તે અવિરતી) સંજતા સંજત ૩, (તે દેસ વિરતિ શ્રાવક) ને નો સંજત, નો અસંજત, નો સંજતાસંજત ૪. (તે સિદ્ધ.)

**પ્રશ્ન**—હે ભગવંત, સંજત સંજતપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમય રહે. અને ઉત્કૃષ્ટપણે નવ વરસે ઉણી ક્રોડ પૂર્વ લગી રહે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, અસંજત અસંજતપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ કહ્યા છે, અનાદિ અપર્યવસીત ૧, (તે અભવ્ય) અનાદિ સપર્યવસીત ૨, (તે ભવ્ય) અને સાદિ સપર્યવસિત ૩, (તે પડવાય) તેમાં જે સાદિ સપર્યવસીત છે તે જધન્યથી અંતર્મુહુર્ત અને ઉત્કૃષ્ટપણે અર્ધ પુદ્ગળ પરાવર્ત માહેરો રહે. (શેષ બેનું કાળ માન ન કહેવાય.)

**પ્રશ્ન**—હે ભગવંત, સંજતા સંજત સંજતા સંજતપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જધન્યથી અંતર્મુહુર્ત રહે અને ઉત્કૃષ્ટપણે નવ વરસે ઉણીક્રોડ પુર્વલગી રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, નો સંજત, નોઅસંજત, નો સંજતા સંજત. (સિદ્ધ) કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તે તો સાદિ અપર્યવસીત છે. (તેની આદિ છે પણ અંત નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, સંજતને અંતર કેટલા કાળનું પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જધન્યથી અંતર્મુહુર્તનું (માઠા અધ્યવસાએ પડયા રૂપ) અને ઉત્કૃષ્ટપણે અર્ધ પુદ્ગળ પરાવર્ત્ત દેસે ઉણું એટલું અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, અસંજતને અંતર કેટલા કાળનું પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. તે અનાદિ અપર્યવસીત ૧, અનાદિ સપર્યવસીત ૨, અને સાદિ સપર્યવસીત ૩. તેમાં અનાદિ અપર્યવસીત અને અનાદિ સપર્યવસીત એ બેને અંતર નથી. અને સાદિ સપર્ય વસીત તેને જધન્યથી એક સમયનું અંતર પડે અને ઉત્કૃષ્ટપણે નવ વરસે ઉણું પૂર્વ ક્રોડીનું અંતર પડે. (એટલુંજ ચારીત્રનું માન છે પછે તે ઉપરાંત અવસ્યમેવ અવિરતિ આવે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સંજતા સંજતને કેટલા કાળનું અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ સંજતને કહ્યું તેમ જધન્ય અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે અર્ધ પુદ્ગળ પરાવર્ત્ત દેશે ઉણાનું અંતર કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, નોસંજત, નોઅસંજત, નોસંજતા સંજત (સિદ્ધ) તેહને કેટલું અંતર પડે.

**ઉત્તર**—હે ગૌતમ, તેહને અંતર નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, સંજત ૧. અસંજત ૨. સંજતા સંજત ૩. અને નોસંજત, નો અસંજત, નોસંજતાસંજત ૪. એ ચાર માંહે કયા કયા થકી થોડા, ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા સંજત છે ૧. (ઉત્કૃષ્ટપણે નવ હજાર ક્રોડ સાધુ પામીએ તે માટે.) તે થકી સંજતા સંજત અસંખ્યાત ગુણા છે ૨. (તિર્યંચ માંહે દેશ વિરતિ અસંખ્યાતા પામીએ તે માટે.) તે થકી નોસંજત, નોઅસંજત, નોસંજતા સંજત તે અનંત ગુણા છે ૩. (સિદ્ધ અનંતા માટે) તે થકી અસંજત અનંત ગુણા છે. ૪. ॥૪॥ એ શ્રી જીવાભિગમસૂત્રે ચતુર્વિધ સર્વ જીવની પ્રતિપતિ સંપૂર્ણ થઇ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૪૨. પાંચ પ્રકારે સર્વ જીવના આળાવા બે. તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ બહુત્વનો અધિકાર.

ત્યાં જે આચાર્ય એમ કહે છે જે પાંચ ભેદે સર્વ જીવ કહ્યા છે તે કહે છે. નારકી ૧. તિર્યંચ ૨. મનુષ્ય ૩. દેવતા ૪. અને સિદ્ધ ૫.

એહની કાયસ્થિતિ અને અંતર જેમ પૂર્વે કહ્યા છે તેમજ ઇહાં પણ જાણવાં.

**પ્રશ્ન**—હે ભગવંત, નારકી ૧. તિર્યંચ ૨. મનુષ્ય ૩. દેવતા ૪. અને સિદ્ધ ૫. એ પાંચ માંહે કયા કયા થકી થોડા, ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા મનુષ્ય છે ૧. તે થકી નારકી અસંખ્યાત ગુણા છે ૨. તે થકી દેવતા અસંખ્યાત ગુણા છે ૩. તે થકી સિદ્ધ અનંત ગુણા છે ૪. ને તે થકી તિર્યંચ અનંત ગુણા છે ૫. ॥૧॥

અથવા વળી પાંચ ભેદે સર્વ જીવ કહ્યા છે. ક્રોધકષાય ૧. માનકષાય ૨. માયાકષાય ૩. લોભકષાય ૪. અને અકષાય ૫. (તે સિદ્ધ અને દશમા ગુણઠાણાથી ઉપરલા જાણવા.)

**પ્રશ્ન**—હે ભગવંત, ક્રોધકષાય ક્રોધકષાયપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે અને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્તજ રહે. (પછે કષાયાંત્તરે ભજે.) એમ માનકષાય અને માયાકષાય પણ કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, લોભકષાય લોભકષાયપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમય રહે. (દશમે ગુણઠાણે જઘન્યથી એક **સમયજ** લોભોદય વેદી કાળ કરે ત્યાં પડતો અન્ય કષાય ભજે તે માટે) અને **ઉત્કૃષ્ટપણે અંતર્મુહુર્ત્ત** રહે. (પછે કષાયાંત્તર ભજે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, અકષાય અકષાયપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. તેમાં ક્ષીણ કષાય તે સાદિ અનંત છે ૧, અને ઉપસાંત કષાય (અગ્યારમે ગુણઠાણે) તે જઘન્યપણે એક સમય રહે અને ઉત્કૃષ્ટપણે અંતર્મુહુર્ત્ત રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, ક્રોધકષાયને અંતર કેટલા કાળનું પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમયનું અંતર પડે (લોભોદયનો સમય) અને ઉત્કૃષ્ટપણે અંતર્મુહુર્ત્તનો અંતર પડે. એમ માનકષાય અને માયાકષાયને પણ અંતર કહેવો.

**પ્રશ્ન**—હે ભગવંત, લોભકષાયને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો અને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્તનો અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, અકષાયને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે ક્ષીણ કષાય ૧. અને ઉપસાંત કષાય ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ક્ષીણ કષાયને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને અંતર નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, ઉપસાંત કષાયને કેટલા કાળનો અંતર પડે?

**ઊ-તર**—હે ગૌતમ, જઘન્યપણે અંતર્મુહુર્તનો અને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ અર્ધ પુદ્ગળ પરાવર્ત્ત માહેરો અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, ક્રોધકષાય ૧. જાવત્ અકષાય ૫. એ પાંચ માંહે કયા કયા થકી થોડા, ઘણા હોય?

**ઉ-તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા અકષાય છે ૧. તે થકી માનકષાય અનંત ગુણા છે ૨. તે થકી ક્રોધકષાય વિશેષાધિક છે ૩. તેથકી માયાકષાય વિશેષાધિક છે ૪. અને તેથકી લોભકષાય વિશેષાધિક છે ૫. ॥૨॥ એ શ્રીજીવાભિગમસૂત્રે પંચવિધ પ્રતિપતિ સર્વ જીવની સંપૂર્ણ થઇ.

## ૧૪૩. છ પ્રકારે સર્વ જીવના આળાવા બે. તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર.

ત્યાં જે આચાર્ય એમ કહે છે જે છ ભેદે સર્વ જીવ કહ્યા છે તે કહે છે. એકંદ્રી ૧. બેઇંદ્રી ૨. તેંદ્રી ૩. ચઉરીંદ્રી ૪. પચેંદ્રી ૫. અને અનેંદ્રી ૬. (તે સિદ્ધ.)

એહની કાયસ્થિતિ અને અંતર તે જેમ પૂર્વે કહ્યા છે તેમજ જાણવા.

**પ્રશ્ન**—હે ભગવંત, એકંદ્રી ૧. જાવત્ અનેંદ્રી ૬. એ ૭ માંહે કયા કયા થકી થોડા, ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા પચેંદ્રી છે ૧. તેથકી ચઉરીંદ્રી વિશેષાધિક છે ૨. તે થકી તેંદ્રી વિશેષાધિક છે ૩. તેથકી બેઇંદ્રી વિશેષાધિક છે ૪. તેથકી અનેંદ્રી અનંતગુણા છે ૫. અને તેથકી એકેંદ્રી અનંત ગુણા છે ૬. ॥૧॥

અથવા વળી ૭ ભેદે સર્વ જીવ કહ્યા છે. ઉદારીક શરીરી ૧. વૈક્રીય શરીરી ૨. આહરક શરીરી ૩, તેજસ શરીરી ૪, કાર્મણ શરીરી ૫, અને અશરીરી ૬, (તે સિદ્ધ)

**પ્રશ્ન**—હે ભગવંત, ઉદારીક શરીરી ઉદારીક શરીરપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી ક્ષુલ્લક ભવ બે સમયે ઉંણો રહે. (તે એમજે વીગ્રહગતી બે સમય ઉદારીક રહીત રહીને ક્ષુલ્લક ભવ કરી ત્યાં ઉદારીક શરીરી થઇને વળી વીગ્રહગતી ઉદારીક શરીર રહીત થાય તે માટે.) અને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો કાળ જાવત્ આંગુલને અસંખ્યાતમે ભાગે જેટલા આકાશ પ્રદેશ તેટલી ઉત્સર્પિણી અવસર્પિણી લગી રહે. (ત્યાં લગી વિગ્રહગતી ન કરે તે માટે)

**પ્રશ્ન**—હે ભગવંત, વૈક્રીય શરીરી વૈક્રીય શરીરપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**— હે ગૌતમ, જઘન્યથી એક સમયજ રહે. (તે એમજે વિકુર્વણાની ઇચ્છાએ એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમય વૈક્રીય પુદ્‌ગળ ગ્રહીને વિશરાળ કરે તે માટે) અને ઉત્કૃષ્ટપણે તેત્રીશ સાગરોપમ અંતર્મુહુર્ત્તે અધીક રહે. (તે એમ જે અંતર્મુહુર્ત્તની વૈક્રુર્વણાવંત મરીને દેવતા, નારકીપણે ઉપજે ત્યાં તેત્રીશ સાગર લગી રહે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, આહારક શરીરી આહરક શરીરપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ. જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે અને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહુર્ત્તજ રહે. (એટલીજ આહારક શરીરની સ્થિતિ છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, તેજસ શરીરી તેજસ શરીરપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના બે ભેદ છે. તે અનાદિ અપર્ય વસીત ૧. (તે અભવ્ય) અને અનાદિ સપર્ય વસીત ૨. (તે ભવ્ય) એમ કાર્મણ શરીરી પણ કહેવા. (તેના કાળનું માન ન થાય)

**પ્રશ્ન**—હે ભગવંત, અશરીરી (સિદ્ધ) કેટલા કાળ લગી રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તે તો સાદિ અપર્યવસીત છે (તેની આદિ છે પણ અંત નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, ઉદારીક શરીરીને અંતર કેટલા કાળનું પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમયનો (તે ચવન સમયે વિગ્રહગતીનો અંતર પડે) ને ઉત્કૃષ્ટપણે તેત્રીશ સાગરોપમ અંતર્મુહુર્ત્તે અધીક અંતર પડે. (તે એમ જે મનુષ્ય, તિર્યંચ વિકૃર્વણા કરતો મરીને દેવતા, નારકી માંહે તેત્રીશ સાગરોપમને આવખે ઉપજે પછે ફરી મનુષ્ય, તિર્યંચ થાય ત્યારે એ અંતર જાણવો.)

**પ્રશ્ન**—હે ભગવંત, વૈક્રીય શરીરીને અંતર કેટલા કાળનું પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો અંતર પડે. (તે એમ જે દેવતા, નારકી મરીને તિર્યંચનો ભવ અંતર્મુહુ-ર્તનો કરી ફરી દેવતા, નારકી થાય ત્યારે તથા વિકૃર્વણા સંહરી ફરી અંતર્મુહુ-ર્તે વિકૃવણા કરે મનુષ્ય, તિર્યંચ તે માટે.) ને ઉત્કૃષ્ટપણે અનંતો વનસ્પતિનો કાળ અંતર પડે. (વનસ્પતિમાં વૈક્રીય નથી તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, આહારક શરીરીને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો અંતર પડે. (તે એમજે આહરક શરીર કરીને સંહરી ફરી પાછું અંતર્મુહુર્ત્તે આહારક કરે ત્યારે) અને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ જાવત્ અર્ધ પુદ્‌ગળ પરાવર્ત્ત દેશે ઉણો એટલો અંતર પડે. (આહારક શરીર સમ્યકત્વી અપ્રમાદિ સાધુજ કરે અને તેહને એટલોજ સંસાય હોય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, તેજસ શરીરીને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને અંતર નથી. (કેમકે અનાદિ કાળના સર્વને છે અને છાંડયા પછી ફરી ન થાય તે માટે.) એમ કાર્મણ શરીરને પણ કહેવું. અને અશરીરી (સિદ્ધ)ને પણ અંતર નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, ઉદારીક શરીરી ૧. જાવત્ અશરીરી ૬. એ ૭ માંહે કયા કયાથકી થોડા, ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા આહારક શરીરી છે ૧. (ઉત્કૃષ્ટા નવ હજાર હોય તે માટે) તેથકી વૈક્રીય શરીરી અસંખ્યાત ગુણા છે ૨. (દેવતા, નારકી અને કેટલા એક મનુષ્ય, તિર્યંચને હોય તે માટે.) તેથકી ઉદારીક શરીરી અસંખ્યાત ગુણા છે ૩. (જો કે ઉદારીક શરીરી જીવ અનંતા છે તો પણ ઉદારીક શરીર અસંખ્યાત ગુણા છે કારણ કે એક શરીરે અનંતા જીવ છે તે માટે જીવ અનંતા છે પણ શરીર તો અસંખ્યાતાજ છે માટે અસંખ્યાત ગુણા કહ્યા છે એ ભાવ.) તેથકી અશરીરી (સિદ્ધ) અનંત ગુણા છે ૪. તેથકી તેજસ, કાર્મણ શરીરી એ બે પરસ્પરે તુલ્ય છે પણ પૂર્વલા થકી અનંત ગુણા છે ૬. (સર્વ જીવને પ્રત્યેકે પ્રત્યેકે તેજસ, કાર્મણ એ બે શરીર તો જુદા જુદા છે તે માટે) ॥૨॥ એ શ્રીજીવાભિગમ સૂત્રે ૭ ભેદે સર્વ જીવની પ્રતિપતિ સંપૂર્ણ થઇ.

## ૧૪૪. સાત પ્રકારે સર્વ જીવના આળાવા બે. તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર.

ત્યાં જે આચાર્ય એમ કહે છે જે સાત ભેદે સર્વ જીવ કહ્યા છે તે કહે છે. પૃથ્વિકાયા ૧. અપકાયા ૨. તેઊકાયા ૩. વાયુકાયા ૪. વનસ્પતિકાયા ૫. ત્રસકાયા ૬. અને અકાયા ૭. (તે સિદ્ધ.)

એહની કાયસ્થિતિ અને અંતર તે પૂર્વે કહ્યાં છે તેમ કહેવાં.

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વિકાયા ૧. જાવત્ અકાયા ૭. એ સાત માંહે કયા કયા થકી થોડા, ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા ત્રસકાયા છે ૧. તેથકી તેઊકાયા અસંખ્યાત ગુણા છે ૨. તેથકી પૃથ્વિકાયા વિશેષાધિક છે ૩. તેથકી અપકાયા વિશેષાધિક છે ૪. તેથકી વાયુકાયા વિશેષાધિક છે ૫, તે થકી અકાયા અનંત ગુણા છે ૬, અને તે થકી વનસ્પતિકાયા અનંત ગુણા છે ૭. ॥૧॥

અથવા વળી સાત ભેદે સર્વ જીવ કહ્યા છે. કૃષ્ણ લેશ્યાવંત ૧, નીલ લેશ્યાવંત ૨, કાપોત લેશ્યાવંત ૩, તેજો લેશ્યાવંત ૪, પદ્મ લેશ્યાવંત ૫, સુકલ લેશ્યાવંત ૬, અને અલેશ્યાવંત ૭, (તે સિદ્ધ.)

**પ્રશ્ન**—હે ભગવંત, કૃષ્ણ લેશ્યાવંત કૃષ્ણ લેશ્યાવંતપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે (તે મનુષ્ય, તિર્યંચ આશ્રી જાણવું.) અને ઉત્કૃષ્ટપણે તેત્રીશ સાગરોપમ અંતર્મુહુર્ત્ત અધિક રહે (તે એમ જે સાતમી નરકે તેત્રીશ સાગરોપમ અને અંતર્મુહુર્ત્ત અધિક તે આગલા ભવનું જાણવું.)

**પ્રશ્ન**—હે ભગવંત, નિલ લેશ્યાવંત નિલ લેશ્યાવંતપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે. અને ઉત્કૃષ્ટપણે દશ સાગરોપમ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પલ્યોપમને અસંખ્યાતમે ભાગે અધિક રહે. (તે એમજે ધુમ પ્રભાએ એટલા આવખાવંત લગી નિલ લેશ્યા છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, કાપોત લેશ્યાવંત કાપોત લેશ્યાવંતપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે. અને ઉત્કૃષ્ટપણે ત્રણ સાગરોપમ અને પલ્યોપમને અસંખ્યાતમે ભાગે અધિક રહે. (તે એમજે ત્રીજી નરકે એટલા આવખાવંત લગી કાપોત લેશ્યા છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, તેજો લેશ્યાવંત તેજો લેશ્યાવંતપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે ને ઉત્કૃષ્ટપણે બે સાગરોપમ અને પલ્યોપમને અંસખ્યાતમે ભાગે અધિક રહે. (ઇશાન દેવલોકે એટલું આવખું છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, પદ્મ લેશ્યાવંત પદ્મ લેશ્યાવંતપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે અને ઉત્કૃષ્ટપણે દશ સાગરોપમ અને અંતર્મુહુર્ત્તે અધિક રહે. (દશ સાગરોપમ પાંચમા દેવલોક આશ્રી અને અંતર્મુહુર્ત્ત પૂર્વલા ભવનું જાણવું.)

**પ્રશ્ન**—હે ભગવંત, શુક્લ લેશ્યાવંત શુક્લ લેશ્યાવંતપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે અને ઉત્કૃષ્ટપણે તેત્રીસ સાગરોપમ અને અંતર્મુહુર્ત્તે અધિક રહે. (સર્વાર્થ સિદ્ધ લગી સુકલ લેશ્યા છે તે માટે ને અંતર્મુહુર્ત્ત તે પૂર્વ ભવનું જાણવું.)

**પ્રશ્ન**—હે ભગવંત, અલેશ્યાવંત અલેશ્યાવંતપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, અલેસી (સિદ્ધ) તે સાદિ અપર્ય વસીત છે. (તેની આદિ છે પણ અંત નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, કૃષ્ણ લેશ્યાવંતને કેટલા કાળનું અંતર પડે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે તેત્રીસ સાગરોપમ અને અંતર્મુહુર્ત્તે અધિક એટલું અંતર પડે. (સુકલ લેશ્યાની એટલી સ્થિતિ છે માટે.) એમ નિલ લેશ્યાવંતને અને કાપોત લેશ્યાવંતને પણ અંતર કહેવો.

**પ્રશ્ન**—હે ભગવંત, તેજો લેશ્યાવંતને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો અને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ (નિગોદ માંહે રહે ત્યાં) અંતર પડે. એમ પદ્મ લેશ્યાવંતને પણ અંતર કહેવો અને સુકલ લેશ્યાવંતને પણ એમજ અંતર કહેવો.

**પ્રશ્ન**—હે ભગવંત, અલેશ્યાવંત (સિદ્ધ) તેહને કેટલા કાળનો અંતર પડે?

**ઉ-તર**—હે ગૌતમ, તેતો સાદિ અપર્યવસીત છે તેને અંતર નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, કૃષ્ણ લેશ્યાવંત ૧, નિલ લેશ્યાવંત ૨, કાપોત લેશ્યાવંત ૩, તેજો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેશ્યાવંત ૪, પદ્મ લેશ્યાવંત ૫, શુકલ લેશ્યાવંત ૬, અને અલેશ્યાવંત ૭. (સિદ્ધ) એ સાત માંહે કયા કયાથકી થોડા, ઘણા હોય?

**ઉ-તર**—હે ગૌતમ, સર્વથકી થોડા શુકલ લેશ્યાવંત જીવ છે ૧, તેથકી પદ્મ લેશ્યાવંત સંખ્યાત ગુણા છે ૨, તેથકી તેજો લેશ્યાવંત સંખ્યાત ગુણા છે ૩, તેથકી અલેશ્યાવંત (સિદ્ધ) અનંત ગુણા છે ૪, તેથકી કાપોત લેશ્યાવંત અનંત ગુણા છે ૫, તેથકી નિલ લેશ્યાવંત વિશેષાધિક છે ૬, અને તેથકી કૃષ્ણ લેશ્યાવંત જીવ વિશેષાધિક છે ૭. ॥૨॥ એ શ્રી જીવાભીગમ સૂત્રે સપ્તવિધ સર્વ જીવની પ્રતિપતિ સંપૂર્ણ થઇ.

## ૧૪૫. આઠ પ્રકારે સર્વ જીવના આળાવા એ. તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર.

ત્યાં જે આચાર્ય એમ કહે છે જે આઠ ભેદે સર્વ જીવ કહ્યા છે તે કહેછે. નારકી ૧, તિર્યંચ ૨, તિર્યંચની સ્ત્રી ૩, મનુષ્ય ૪, મનુષ્યની સ્ત્રી ૫, દેવતા ૬, દેવીઓ ૭, ને સિદ્ધ ૮.

**પ્રશ્ન**—હે ભગવંત, નારકી નારકીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશ હજાર વરસ ને ઉત્કૃષ્ટપણે તેત્રીસ સાગરોપમ રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચ તિર્યંચપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે ને ઉત્કૃષ્ટપણે અનંતો વનસ્પતિના જેટલો કાળ રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચણી સ્ત્રી તિર્યંચણી સ્ત્રીપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે અને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ પૂર્વ ક્રોડી પ્રથકત્વે અધિક રહે. (તે એમ જે સાત ભવ ક્રોડ પૂર્વના કરીને આઠમો ભવ ત્રણ પલ્યોપમ નો જુગળીકપણે કરે ત્યારે એ માન થાય.)

**પ્રશ્ન**—હે ભગવંત, મનુષ્ય મનુષ્યપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે અને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ પૂર્વ ક્રોડી પ્રથકત્વે અધિક રહે. (એહની ભાવના તિર્યંચણી સ્ત્રીની પરે પૂર્વવત્ત) એમ મનુષ્યણી સ્ત્રીની પણ કાયસ્થિતિ કહેવી.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતા દેવતાપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, દેવતા જઘન્ય દસ હજાર વરસ રહે ને ઉત્કૃષ્ટપણે તેત્રીશ સાગરોપમ રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, દેવી દેવીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યપણે દશ હજાર વરસ રહે અને ઉત્કૃષ્ટપણે પંચાવન પલ્યોપમ લગી રહે. (અપરીગ્રહિત દેવીની એટલી સ્થિતિ છે તે માટે)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, સિદ્ધ સિદ્ધપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તેતો સાદિ અપર્યવસીત છે. (તેની આદિ છે પણ અંત નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, નારકીને કેટલા કાળનું અંતર પડે?

**ઊત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું (તંદુલ મચ્છાદિકનો ભવ કરી પાછો નારકી થાય ત્યારે) અને ઉત્કૃષ્ટપણે વનસ્પતિના જેટલો અનંતો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચને કેટલા કાળનું અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે સાગરોપમ સત પ્રથકત્વ ઝાઝેરાનું અંતર પડે. (તિર્યંચ ટાળી શેષ ત્રણ ગતિ માંહે એટલોજ કાળ છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, તિર્યંચણી સ્ત્રીને કેટલા કાળનું અંતર પડે.

**ઊત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું ને ઉત્કૃષ્ટપણે અનંતો વનસ્પતિનો કાળ અંતર પડે. એમ મનુષ્ય ૧, મનુષ્યણી ૨, દેવતા ૩, ને દેવી ૪. એ ચારેને અંતર પૂર્વે જેમ તિર્યંચણીનું કહ્યું તેમ જઘન્ય અંતર્મુહુર્ત્તનું ને ઉત્કૃષ્ટપણે અનંતો વનસ્પતિના કાળનું અંતર કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સિદ્ધને કેટલા કાળનું અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તે તો સાદિ અપર્યવસીત છે તેને અંતર ન હોય.

**પ્રશ્ન**—હે ભગવંત, નારકી ૧, તિર્યંચ ૨, તિર્યંચની સ્ત્રી ૩, મનુષ્ય ૪, મનુષ્યણી ૫, દેવતા ૬, દેવી ૭, અને સિદ્ધ ૮, એ આઠ માંહે કયા કયાંથકી થોડા, ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડી મનુષ્યણી સ્ત્રી છે ૧, (સંખ્યાતી છે તે માટે.) તે થકી મનુષ્ય અસંખ્યાત ગુણા છે ૨, (સમુર્છિમ ભેળા માટે) તે થકી નારકી અસંખ્યાત ગુણા છે ૩, તે થકી તિર્યંચણી સ્ત્રી અસંખ્યાત ગુણી છે ૪, તે થકી દેવતા અસંખ્યાત ગુણા છે ૫, તે થકી દેવી સંખ્યાત ગુણી છે ૬, તે થકી સિદ્ધ અનંત ગુણા છે ૭, અને તે થકી તિર્યંચ અનંત ગુણા છે ૮. ॥૧॥

અથવા વળી આઠ ભેદે સર્વ જીવ કહ્યા છે. મતિજ્ઞાની ૧, શ્રુત્તજ્ઞાની ૨, અવધિજ્ઞાની ૩, મનપર્યવજ્ઞાની ૪, કેવળજ્ઞાની ૫, મતિઅજ્ઞાની ૬, શ્રુત્તઅજ્ઞાની ૭, ને વિભંગજ્ઞાની ૮.

**પ્રશ્ન**—હે ભગવંત, મતિજ્ઞાની જીવ મતિજ્ઞાનીપણે કેટલો કાળ રહે?

**ઊત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે અને ઉત્કૃષ્ટપણે છાસઠ સાગરોપમ ઝાઝેરાં રહે. (એટલોજ સમ્યકત્વનો કાળ છે તે માટે.)

એમ શ્રુત્તજ્ઞાની પણ મતિજ્ઞાનીની પરે કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, અવધિજ્ઞાની અવધિજ્ઞાની પણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમય રહે (ઊપજીને જાય તે માટે.) અને ઉત્કૃષ્ટપણે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છાસઠ સાગરોપમ ઝાઝેરાં રહે. (બે વાર અનુત્તર વૈમાને અથવા ત્રણ વાર અચ્યુત બારમે દેવલોકે અવધિ જ્ઞાન સહીત જાય આવે ત્યારે એ છાસઠ સાગરોપમ થાય અને જે મનુષ્યના વચ્ચે ભવ કરે તે સાધિકપણું જાણવું.)

**પ્રશ્ન**—હે ભગવંત, મનપર્યવજ્ઞાની મનપર્યવજ્ઞાનીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એકજ સમય રહે. (ઉપજીને જાય ત્યારે) અને ઉત્કૃષ્ટપણે દેશે ઊણી (નવ વરસે ઊણી) પૂર્વ ક્રોડી રહે. (કેમકે મનપર્યવજ્ઞાન ચારીત્રવંતનેજ હોય જેથી ચારીત્રનો તેટલોજ કાળ છે તે માટે)

**પ્રશ્ન**—હે ભગવંત, કેવળજ્ઞાની કેવળજ્ઞાની પણે કેટલો કાળ રહે?)

**ઉત્તર**—હે ગૌતમ, તે તો સાદિ અપર્ય વસીત છે. (તેની આદિ છે પણ અંત નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, મતિ અજ્ઞાની મતિ અજ્ઞાનીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. અનાદિ અપર્ય વસીત ૧, (તે અભવ્ય) અનાદિ સપર્ય વસીત ૨, (તે અપ્રાપ્ત સમ્યક્ત્વ અને ભવ્ય) અને સાદિ સપર્ય વસીત ૩, (તે સમ્યક્ત્વ પામીને પડયા છે તે.) તેમાં જે સાદિ સપર્ય વસીત (પડવાય છે) તે જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે અને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ જાવત્ અર્ધ પુદ્ગળ પરાવર્ત્ત દેશે ઊણો રહે. (પડવાય થયો અજ્ઞાની રહે.) એમ શ્રુત્ત અજ્ઞાની પણ મતિ અજ્ઞાનીનીપરે કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, વિભંગજ્ઞાની વિભંગજ્ઞાની પણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક સમય રહે અને ઊત્કૃષ્ટપણે તેત્રીશ સાગરોપમ દેશે ઊણી પૂર્વ ક્રોડી અધિક રહે. (તે એમ જે પૂર્વ ક્રોડીના આવખાવંત વિભંગજ્ઞાન સહિત મનુષ્ય મરીને સાતમી નરકે જાય ત્યારે એ માન થાય પછે વિભંગજ્ઞાની અવશ્ય મટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, મતિજ્ઞાનીને અંતર કેટલા કાળનું હોય?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ જાવત્ અર્ધ પુદ્ગળ પરાવર્ત્ત દેશે ઊણો અંતર પડે. (પડવાયને.)

એમ શ્રુત્ત જ્ઞાની ૧, અવધિ જ્ઞાની ૨, અને મન પર્યવ જ્ઞાની ૩, એ ત્રણેને મતિજ્ઞાનીનીપરે અંતર જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, કેવળજ્ઞાનીને કેટલા કાળનું અંતર હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સાદિ અપર્ય વસીતને અંતર ન હોય. (આવ્યું ન જાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, મતિ અજ્ઞાનીને કેટલા કાળનું અંતર હોય?

**ઉત્તર**—હે ગૌતમ, તેના ત્રણ ભેદ છે. તે અનાદિ અપર્ય વસીત ૧, (તે અભવ્ય) તેહને અંતર નથી. અનાદિ સપર્ય વસીત ૨, (તે અપ્રાપ્ત જ્ઞાની અને ભવ્ય) તેહને પણ અંતર નથી. અને સાદિ સપર્ય વસીત ૩, (તે પડવાય) તેહને અંતર જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે છાસઠ સાગરોપમ ઝાઝેરાનું અંતર પડે. (એટલોજ મતિજ્ઞાનીનો કાળ છે તે માટે.) એમ શ્રુત અજ્ઞાનીને પણ સર્વ મતિ અજ્ઞાનીનીપરે કહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, વિભંગ જ્ઞાનીને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ અંતર પડે. (વનસ્પત્તિ માંહે જાય ત્યારે તીહાં વીભંગ નથી તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, મતિજ્ઞાની ૧, શ્રુતજ્ઞાની ૨, અવધિજ્ઞાની ૩, મનપર્યવજ્ઞાની ૪, કેવળજ્ઞાની ૫, મતિઅજ્ઞાની ૬, શ્રુત્તઅજ્ઞાની ૭, અને વિભંગજ્ઞાની ૮, એ આઠ માંહે કયા કયાથકી થોડા, ઘણાં હોય?

**ઊત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા જીવ મનપર્યવ જ્ઞાની છે ૧, (તે એમ કે મનપર્યવ જ્ઞાન તો સુદ્ધ સાધુનેજ હોય તે માટે સંખ્યાતાજ પામીએ) તે થકી અવધિજ્ઞાની અસંખ્યાત ગુણા છે ૨. તે થકી મતિજ્ઞાની અને શ્રુત્તજ્ઞાની એ બે પરસ્પરે તુલ્ય છે. (મતિ, શ્રુત્ત જ્ઞાન સલીંગ હોય તે માટે) અને અવધિ જ્ઞાનીથી વિશેષાધિક છે. ૪, (ત્રિર્યંચ, મનુષ્ય માંહે ઘણાં તે માટે) તે થકી વિભંગ જ્ઞાની અસંખ્યાત ગુણા છે. (મિથ્યાત્વ દ્રષ્ટિ ઘણાં છે માટે) ૫, તે થકી કેવળજ્ઞાની અનંત ગુણા છે ૬, (સિદ્ધ અનંતા માટે) ને તે થકી મતિ અજ્ઞાની, અને શ્રુત્ત અજ્ઞાની એ બે પરસ્પરે તુલ્ય (સરખાં) છે સલીંગ માટે પણ કેવળજ્ઞાની થકી અનંત ગુણા છે ૮, (સીદ્ધ થકી એકંદ્રી અનંત ગુણા છે તે માટે) ॥૨॥ એ શ્રી જીવાભીગમ સૂત્રે અષ્ટવિધ પ્રતિપતિ સંપૂર્ણ થઇ.

## ૧૪૬. નવ પ્રકારે સર્વ જીવના આળાવા બે. તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વનો અધિકાર.

ત્યાં જે આચાર્ય એમ કહે છે જે નવ ભેદે સર્વ જીવ કહ્યા છે તે કહે છે એકંદ્રી ૧, બેઇંદ્રી ૨, તેઇંદ્રી ૩, ચૌરેંદ્રી ૪, નારકી ૫, પચેંદ્રી તિર્યંચ ૬, મનુષ્ય ૭, દેવતા ૮, ને સિદ્ધ ૯.

**પ્રશ્ન**—હે ભગવંત, એકંદ્રિ જીવ એકંદ્રિપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે અને ઉત્કૃષ્ટપણે અનંતો વનસ્પતિનો કાળ રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, બેઇંદ્રી બેઇંદ્રીપણે કેટલો કાળ રહે?

**ઊત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે અને ઉત્કૃષ્ટપણે સંખ્યાતો કાળ રહે?

એમ તેઇંદ્રી અને ચઉરીંદ્રીપણે પણ સંખ્યાતો કાળ કહેવો.

**પ્રશ્ન**—હે ભગવંત, નારકી નારકીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશ હજાર વરસ રહે અને ઉત્કૃષ્ટપણે તેત્રીસ સાગરોપમલગી રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, પચેંદ્રી તિર્યંચ પચેંદ્રી તિર્યંચપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત અને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ પૂર્વ ક્રોડી પ્રથકત્વે અધિક રહે. (આઠ ભવ કરવા થકી) એમ મનુષ્યને પણ કહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતા દેવતાપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, દેવતાને જઘન્ય દશ હજાર વરસ અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગર કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સિદ્ધ સિદ્ધપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, સાદિ અપર્ય વસીત છે. (તેની આદિ છે પણ અંત નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રીને અંતર કેટલા કાળનું પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યપણે અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે બે હજાર સાગરોપમ સંખ્યાતે વરસે અધિક અંતર પડે. (એકંદ્રી ટાળી શેષ એટલોજ કાળ છે તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, બેઇંદ્રીયને અંતર કેટલા કાળનું પડે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે (અનંતો) વનસ્પતિનો કાળ અંતર પડે. (એકેંદ્રી માંહે જાય ત્યારે.)

એમ તેંઇંદ્રી ૧, ચૌરેંદ્રી ૨, નારકી ૩, પચેંદ્રી તિર્યંચ ૪, મનુષ્ય ૫, અને દેવતા ૬, એ સર્વને બેઇંદ્રીની પરે જઘન્ય અંતર્મુહુર્તનું ને ઉત્કૃષ્ટપણે (અનંતો) વનસ્પતિનો કાળ અંતર પડે. (એકેંદ્રી માંહે જાય ત્યારે.)

**પ્રશ્ન**—હે ભગવંત, સિદ્ધને અંતર કેટલા કાળનું પડે ?

**ઉ-તર**—હે ગૌતમ, તે તો સાદિ અપર્ય વસીત છે તેને અંતર ન હોય.

**પ્રશ્ન**—હે ભગવંત, એકેંદ્રી ૧, બેઇંદ્રી ૨, તેઇંદ્રી ૩, ચઉરેંદ્રી ૪, નારકી ૫, પચેંદ્રી તિર્યંચ ૬, મનુષ્ય ૭, દેવતા ૮, અને સિદ્ધ ૯, એ નવ માંહે કયા કયાથકી થોડા, ઘણા હોય?

**ઉ-તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા મનુષ્ય છે ૧, તે થકી નારકી અસંખ્યાત ગુણા છે ૨, તે થકી દેવતા અસંખ્યાત ગુણા છે ૩, તે થકી પચેંદ્રી તિર્યંચ અસંખ્યાત ગુણા છે ૪, તે થકી ચઉરેંદ્રી વિશેષાધિક છે ૫, તે થકી તેઇંદ્રી વિશેષાધિક છે ૬. તે થકી બેઇંદ્રી વિશેષાધિક છે ૭, તેથકી સિદ્ધ અનંતગુણા છે ૮. અને તે થકી એકેંદ્રી અનંતગુણા છે ૯. ॥૧॥

અથવા વળી નવ ભેદે સર્વ જીવ કહ્યા છે. પ્રથમ સમયના નારકી ૧, અપ્રથમ સમયના નારકી ૨, પ્રથમ સમયના તિર્યંચ ૩, (પૂછા કાળે ઉપજવાને પહીલે સમયે વર્તતા તે પ્રથમ સમયી કહીએ અને શેષ સર્વ તે અપ્રથમ સમયી કહીએ), અપ્રથમ સમયના તિર્યંચ ૪, પ્રથમ સમયના મનુષ્ય ૫, અપ્રથમ સમયના મનુષ્ય ૬, પ્રથમ સમયના દેવતા ૭, અપ્રથમ સમયના દેવતા ૮, અને સિદ્ધ ૯.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના નારકી પ્રથમ સમયના નારકીપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, એક સમયજ રહે. (પછે અપ્રથમ સમયી થાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયી નારકી અપ્રથમ સમયી નારકીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશ હજાર વરસ એક સમયે ઊંણા રહે. ને ઉત્કૃષ્ટપણે તેત્રીસ સાગરોપમ એક સમયે ઉણા રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના તિર્યંચ પ્રથમ સમયના તિર્યંચપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, એકજ સમય રહે?

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના તિર્યંચ અપ્રથમ સમયના તિર્યંચપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી ક્ષુલ્લક ભવ એક સમયે ઉણો રહે ને ઉત્કૃષ્ટપણે અનંતો વનસ્પતિનો કાળ રહે. (ભાવના પૂર્વવત્ત.)

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના મનુષ્ય પ્રથમ સમયના મનુષ્યપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, એકજ સમય રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના મનુષ્ય અપ્રથમ સમયના મનુષ્યપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, જઘન્યથી ક્ષુલ્લક ભવ એક સમયે ઉણો રહે. ને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ પૂર્વ ક્રોડી પ્રથત્કત્વે અધિક રહે. (સાત આઠ ભવ કરવાથી)

**પ્રશ્ન**—હે ભગવંત, દેવતા દેવતાપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, દેવતા નારકીની પરે પ્રથમ સમયી અપ્રથમ સમયીના કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, સિદ્ધ સિદ્ધપણે કેટલો કાળ રહે?

**ઊત્તર**—હે ગૌતમ, તેતો સાદિ અપર્યં વસીત છે. (તેની આદિ છે પણ અંત નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના નારકીને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશ હજાર વરસ અંતર્મુહુર્તે અધિક અંતર પડે. (તે એમ જે દશ હજાર વરસનું નરકનું જઘન્ય આયુષ્ય ભોગવીને અંતર્મુહુર્તનો અન્ય ભવ કરી ફરી પાછો નરકમાંહે ઉપજે ત્યાં પ્રથમ સમયી થાય તે માટે.) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના નારકીને અંતર કેટલા કાળનો પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્તનો (તે એમ જે અંતર્મુહુર્તનો અન્ય ભવ કરી નરક માંહે ઉપજે ત્યારે) ને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના તિર્યંચને કેટલા કાળનું અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી બે ક્ષુલ્લક ભવ સમયે ઉંણાનો અંતર પડે. (તે એમ જે સમયે ઉંણો પોતાનો ક્ષુલ્લક ભવ ભોગવીને ફરી તિર્યંચ થાય ત્યાં પ્રથમ સમય થાય તે માટે.) અને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ અંતર પડે. (તે એમ જે અનંતો કાળ તિર્યંચમાં રહે પણ વચે અન્ય ગતીનો ભવ કર્યા વિના પ્રથમ સમયી ન થાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના તિર્યંચને કેટલાં કાળનું અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક ક્ષુલ્લક ભવ સમયે અધિક અંતર પડે. (એક મનુષ્યનો લઘુ ભવ કરીને પાછો તિર્યંચ થાય ત્યારે.) અને ઉત્કૃષ્ટપણે સાગરોપમ સત પ્રથત્કત્વ ઝાઝેરાનું અંતર પડે. (એટલો કાળ અન્ય ગતિમાં રહી પાછો તિર્યંચ થાય તે માટે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના મનુષ્યને કેટલા કાળનું અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ પ્રથમ સમયના તિર્યંચને કહ્યું તેમ અંતર કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના મનુષ્યને કેટલા કાળનું અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક ક્ષુલ્લક ભવ સમયે અધીકનું અંતર પડે. (તે એમ જે એક તિર્યંચનો લઘુ ભવ કરીને પાછો મનુષ્ય થાય ત્યારે) અને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ અંતર પડે. (વનસ્પતિમાં જાય ત્યારે.)

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના દેવતાને કેટલા કાળનું અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ પ્રથમ સમયના નારકીને અંતર કહ્યું તેમ અંતર કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના દેવતાને કેટલા કાળનું અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જેમ અપ્રથમ સમયના નારકીને અંતર કહ્યું તેમજ અંતર કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, સિદ્ધને અંતર કેટલા કાળનું પડે?

**ઉત્તર**—હે ગૌતમ, સાદિ અપર્યવસીતને અંતર નથી.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના નારકી ૧, પ્રથમ સમયના તિર્યંચ ૨, પ્રથમ સમયના મનુષ્ય ૩, પ્રથમ સમયના દેવતા ૪. એ ચાર માંહે કયા કયાથકી થોડા, ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા પ્રથમ સમયના મનુષ્ય છે ૧, તે થકી પ્રથમ સમયના નારકી અસંખ્યાત ગુણા છે ૨, તે થકી પ્રથમ સમયના દેવતા અસંખ્યાત ગુણા છે ૩, અને તે થકી પ્રથમ સમયના તિર્યંચ અસંખ્યાતગુણા છે ૪, (જો કે તિર્યંચ સદાય અનંતા ઉપજતા પામીએ પણ તે ઇહાં લેવા નહીં પણ જે દેવતા, નારકી અને મનુષ્ય માંહેથી જે તિર્યંચમાં ઉપજતા હોય તેનેજ પ્રથમ સમયના તિર્યંચ કહીએ તે માટે અસંખ્યાતાજ પામીએ એ ભાવાર્થ જાણવો.)

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના નારકી ૧, અપ્રથમ સમયના તિર્યંચ ૨, અપ્રથમ સમયના મનુષ્ય ૩, અને અપ્રથમ સમયના દેવતા ૪, એ ચાર માંહે કયા કયાથકી થોડા, ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા અપ્રથમ સમયના મનુષ્ય છે ૧, તે થકી અપ્રથમ સમયના નારકી અસંખ્યાત ગુણા છે ૨, તે થકી અપ્રથમ સમયના દેવતા અસંખ્યાત ગુણા છે ૩, અને તે થકી અપ્રથમ સમયના તિર્યંચ અનંત ગુણા છે ૪,

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના નારકી ૧, અને અપ્રથમ સમયના નારકી ૨, એ બે માંહે કયા કયાથકી થોડા, ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા પ્રથમ સમયના નારકી છે ૧, તે થકી અપ્રથમ સમયના નારકી અસંખ્યાત ગુણા છે ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના તિર્યંચ ૧, અને અપ્રથમ સમયના તિર્યંચ ૨, એ બે માંહે કયા કયાથકી થોડા, ઘણા હોય?

**ઊત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા પ્રથમ સમયના તિર્યંચ છે ૧, તેથકી અપ્રથમ સમયના તિર્યંચ અનંત ગુણા છે ૨, (તે એમ જે તિર્યંચ મરી તિર્યંચમાં ઉપજે ચવે છે તે સર્વે અપ્રથમ સમયનાજ કહીએ તે માટે.)

એમ મનુષ્ય અને દેવતાનું અલ્પ, બહુત્વ જેમ નારકીનું કહ્યું તેમ પ્રથમ સમયનાથી અપ્રથમ સમયના અસંખ્યાત ગુણા કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના નારકી ૧, પ્રથમ સમયના તિર્યંચ ૨, પ્રથમ સમયના મનુષ્ય ૩, પ્રથમ સમયના દેવતા ૪, અપ્રથમ સમયના નારકી ૫, અપ્રથમ સમયના તિર્યંચ ૬, અપ્રથમ સમયના મનુષ્ય ૭, અપ્રથમ સમયના દેવતા ૮, ને સિદ્ધ ૯. એ નવ માંહે કયા કયાથકી થોડા, ઘણા હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા પ્રથમ સમયના મનુષ્ય છે ૧, તેથકી અપ્રથમ સમયના મનુષ્ય અસંખ્યાત ગુણા છે ૨, તેથકી પ્રથમ સમયના નારકી અસંખ્યાત ગુણા છે ૩, તેથકી પ્રથમ સમયના દેવતા અસંખ્યાત ગુણા છે ૪, તેથકી પ્રથમ સમયના તિર્યંચ અસંખ્યાત ગુણા છે ૫, તેથકી અપ્રથમ સમયના નારકી અસંખ્યાત ગુણા છે ૬, તેથકી અપ્રથમ સમયના દેવતા અસંખ્યાત ગુણા છે ૭, તેથકી સિદ્ધ અનંત ગુણા છે ૮, અને તેથકી અપ્રથમ સમયના તિર્યંચ અનંત ગુણા છે ૯. ાારાા એ શ્રી જીવાભીગમ સૂત્રે નવ વિધ સર્વ જીવની પ્રતિપતિ સંપૂર્ણ થઇ.

## ૧૪૭. દશ પ્રકારે સર્વ જીવના આળાવા બે. તેમાં તેની કાયસ્થિતિ, અંતર ને અલ્પ, બહુત્વના અધિકાર.

ત્યાં જે આચાર્ય એમ કહે છે જે દશ ભેદે સર્વ જીવ કહ્યાછે તે કહેછે પૃથ્વિકાયા ૧, અપકાયા ૨, તેઉકાયા ૩, વાયુકાયા ૪, વનસ્પતિકાયા ૫, બેઇંદ્રિ ૬, તેઇંદ્રિ ૭, ચઉરેંદ્રિ ૮, પચેંદ્રિ ૯ અને અનેંદ્રિ ૧૦. (તે સિદ્ધ.)

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વીકાયા જીવ પૃથ્વીકાયાપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે અને ઉત્કૃષ્ટપણે અસંખ્યાતો કાળ અસંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણી એ કાળથી જાણવું, અને ક્ષેત્રથકી અસંખ્યાતા લોકના જેટલા આકાશ પ્રદેશ હોય તેટલી ઉત્સર્પિણી, અવસર્પિણી લગી રહે.

એમ અપકાયા ૧, તેઉકાયા ૨ અને વાયુકાયા ૩. એ ત્રણેને પૃથ્વીકાયાની પરે કહેવું.

**પ્રશ્ન**—હે ભગવંત, વનસ્પતિકાયા જીવ વનસ્પતિકાયપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે અને ઉત્કૃષ્ટપણે અનંતો કાળ અનંતી ઉત્સર્પિણી, અવસર્પિણી અનંતા લોકાકાશ પ્રદેશ જેટલી. અસંખ્યાતા પુદ્ગળ પરાવર્ત્ત આવળીકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમય હોય તેટલા પુદ્ગળ પરાવર્ત્ત લગી રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, બેઇંદ્રિ બેઇંદ્રિપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે અને ઉત્કૃષ્ટપણે સંખ્યાતો કાળ રહે.

એમ તેઇંદ્રિ ૧, અને ચઉરીંદ્રી ૨, એ બંનેની પણ કાયસ્થિતિ બેઇંદ્રીનીપરે કહેવી.

**પ્રશ્ન**—હે ભગવંત, પચેંદ્રી પચેંદ્રીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્ત રહે. અને ઉત્કૃષ્ટપણે હજાર સાગરોપમ ઝાઝેરાં લગી રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, અનેંદ્રી (સિદ્ધ) અનેંદ્રીપણે કેટલો કાળ રહે?

**ઉ-તર**—હે ગૌતમ, તેતો સાદિ અપર્યવસિત છે. (તેની આદિ છે પણ અંત નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, પૃથ્વીકાયાને અંતર કેટલા કાળનું પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનું અને ઉત્કૃષ્ટપણે વનસ્પતિના કાળ જેટલું અંતર પડે.

એમ અપકાયા ૧, તેઉકાયા ૨, વાયુકાયા ૩, બેઇંદ્રિ ૪, તેઇંદ્રિ ૫, ચઉરીંદ્રી ૬, અને પચેંદ્રી ૭, એ સાતેને અંતર જઘન્યથી અંતર્મુહુ-ર્તનું અને ઉત્કૃષ્ટપણે વનસ્પતિના જેટલો અનંતો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, વનસ્પતિકાયાને અંતર કેટલા કાળનું પડે?

**ઉત્તર**—હે ગૌતમ, અસંખ્યાતો કાળ. જેટલી પૃથ્વીકાયાની કાયસ્થિતિ છે તેટલું વનસ્પતિ કાયાને અંતર જાણવું.

**પ્રશ્ન**—હે ભગવંત, અનેંદ્રી (સિદ્ધ) ને અંતર કેટલા કાળનું હોય?

**ઉત્તર**—હે ગૌતમ, તેતો સાદિ અપર્યવસીત છે તેને અંતર ન હોય.

**પ્રશ્ન**—હે ગૌતમ, પૃથ્વીકાયા ૧, અપકાયા ૨, તેઉકાયા ૩, વાયુકાયા ૪, વનસ્પતિકાયા ૫, બેઇંદ્રિ ૬, તેઇંદ્રિ ૭, ચઉરીંદ્રી ૮, પચેંદ્રી ૯, અને અનેંદ્રી ૧૦, (સિદ્ધ) એ દશ માંહે કયા કયાથકી થોડા, ઘણા હોય?

**ઉ-તર**—હે ગૌતમ, સર્વથકી થોડા પચેંદ્રી છે ૧, તેથકી ચઉરીંદ્રી વિશેષાધિક છે ૨, તેથકી તેઇંદ્રિ વિશેષાધિક છે ૩, તેથકી બેઇંદ્રિ વિશેષાધિક છે ૪, તેથકી તેઉકાયા અસંખ્યાતગુણા છે ૫, તેથકી પૃથ્વીકાયા વિશેષાધિક છે ૬, તેથકી અપકાયા વિશેષાધિકછે ૭, તેથકી વાયુકાયા વિશેષાધિક છે ૮, તેથકી અનેંદ્રી (સિદ્ધ) અનંત ગુણા છે ૯, અને તે થકી વનસ્પતિકાયા અનંત ગુણા છે ૧૦. ॥૧॥

અથવા વળી દશ ભેદે સર્વ જીવ કહ્યા છે. પ્રથમ સમયના નારકી ૧, અપ્રથમ સમયના નારકી ૨, પ્રથમ સમયના તિર્યંચ ૩, અપ્રથમ સમયના તિર્યંચ ૪, પ્રથમ સમયના મનુષ્ય ૫, અપ્રથમ સમયના મનુષ્ય ૬, પ્રથમ સમયના દેવતા ૭, અપ્રથમ સમયના દેવતા ૮, પ્રથમ સમયના સિદ્ધ ૯, અને અપ્રથમ સમયના સિદ્ધ ૧૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના નારકી પ્રથમ સમયના નારકી પણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, એક સમય લગીજ રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના નારકી અપ્રથમ સમયના નારકીપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી દશ હજાર વરસ એક સમયે ઊંણા રહે. અને ઉત્કૃષ્ટપણે તેત્રીશ સાગરોપમ એક સમયે ઊંણા રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના તિર્યંચ પ્રથમ સમયના તિર્યંચ પણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, એક સમય લગી રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના તિર્યંચ અપ્રથમ સમયના તિર્યંચપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક ક્ષુલ્લક ભવ તે પણ એક સમયે ઊંણા રહે અને ઉત્કૃષ્ટપણે અનંતો વનસ્પતિના જેટલો કાળ રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના મનુષ્ય પ્રથમ સમયના મનુષ્યપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, એકજ સમય રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના મનુષ્ય અપ્રથમ સમયના મનુષ્યપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી ક્ષુલ્લક ભવ તે પણ સમયે ઊંણા રહે. અને ઉત્કૃષ્ટપણે ત્રણ પલ્યોપમ પૂર્વ ક્રોડી પ્રથકત્વે અધિક રહે. (સાત આઠ ભવ કરવાથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના દેવતા પ્રથમ સમયના દેવતા પણે કેટલો કાળ રહે ?

**ઉત્તર**—હે ગૌતમ, પ્રથમ સમયના દેવતા અને અપ્રથમ સમયના દેવતા જેમ નારકી કહ્યા તેમ કહેવા.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના સિદ્ધ પ્રથમ સમયના સિદ્ધપણે કેટલો કાળ રહે ?

**ઉત્તર**—હે ગૌતમ, એકજ સમય રહે.

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના સિદ્ધ અપ્રથમ સમયના સિદ્ધપણે કેટલો કાળ રહે?

**ઉત્તર**—હે ગૌતમ, તે તો સાદિ અપર્યવસીત છે. (તેની આદિ છે પણ અંત નથી.)

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના નારકીને કેટલા કાળનું અંતર પડે ?

**ઉત્તર**—હે ગૌતમ. જઘન્યથી દસ હજાર વરસ અંતર્મુહુર્ત્તે અધિક અંતર પડે. (તે એમજે દશ હજાર વરસનો નારકીનો ભવ ભોગવી અંતર્મુહુર્ત્તનો તિર્યંચનો ભવ કરી નારકી થાય ત્યારે) અને ઉત્કૃષ્ટપણે અનંતો વનસ્પતિનો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના નારકીને કેટલા કાળનો અંતર પડે ?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી અંતર્મુહુર્ત્તનો અંતર પડે (તે એમજે એક તિર્યંચનો ભવ કરી ફરી નારકી થાય ત્યારે) અને ઉત્કૃષ્ટપણે અનંતો વનસ્પતિનો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના તિર્યંચને કેટલા કાળનો અંતર પડે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી બે ક્ષુલ્લક ભવ સમયે ઊંણા અંતર પડે. (તે એમજે એકતો પોતાનો ક્ષુલ્લક લઘુ ભવ ભોગવી બીજો મનુષ્યનો ક્ષુલ્લક લઘુ ભવ ભોગવી ફરી ફરી તિર્યંચ થાય ત્યારે) અને ઉત્કૃષ્ટપણે અનંતો વનસ્પતિનો કાળ અંતર પડે. (અન્યગતી માંહેથી તિર્યંચમાં ઉપજતો પ્રથમ સમયી કહેવાય પણ તિર્યંચ માંહેથી ઉપજતો કહેવાય નહીં. માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના તિર્યંચને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક ક્ષુલ્લક ભવ સમયે અધિક અંતર પડે. (તે એમજે એક મનુષ્યનો લઘુ ભવ કરી ફરી તિર્યંચ થાય ત્યારે એ અંતર) અને ઉત્કૃષ્ટપણે સાગરોપમ સત પ્રથકત્વ ઝાઝેરાનું અંતર પડે. (અન્ય ત્રણ ગતિ માંહે એટલોજ કાળ રહેવાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના મનુષ્યને કેટલા કાળનું અંતર હોય?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી બે ક્ષુલ્લક ભવ સમયે ઊંણાનું (તે એમજે એકતો પોતાનો લઘુ ભવ ભોગવી બીજો તિર્યંચનો લઘુ ભવ કરી ફરી પાછો મનુષ્ય થાય ત્યારે એ અંતર પડે.) અને ઉત્કૃષ્ટપણે વનસ્પતિના જેટલો અનંતો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના મનુષ્યને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, જઘન્યથી એક ક્ષુલ્લક ભવ સમયે અધિક અંતર પડે. (તે એમજે વચ્ચે એક તિર્યંચનો લઘુ ભવ કરી ફરી પાછો મનુષ્ય થાય ત્યારે) અને ઉત્કૃષ્ટપણે વનસ્પતિના જેટલો અનંતો કાળ અંતર પડે.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના દેવતાને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, પ્રથમ સમયના દેવતાને અને અપ્રથમ સમયના દેવતાને જેમ નારકીને અંતર કહ્યું તેમજ કહેવું,

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના સિદ્ધને કેટલા કાળનું અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, તેને અંતર નથી. (કેમકે અપ્રથમ સમયી થઇને પાછા કયારેય પણ પ્રથમ સમયી ન થાય તે માટે.)

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના સિદ્ધને કેટલા કાળનો અંતર પડે?

**ઉત્તર**—હે ગૌતમ, સાદિ અપર્યવસિતને અંતર ન હોય.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના નારકી ૧, પ્રથમ સમયના તિર્યંચ ૨, પ્રથમ સમયના મનુષ્ય ૩, પ્રથમ સમયના દેવતા ૪, ને પ્રથમ સમયના સિદ્ધ ૫, એ પાંચ માંહે કયા કયા થકી થોડા, ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા પ્રથમ સમયના સિદ્ધ છે ૧, (ઉત્કૃષ્ટપણે પણ એકસો આઠજ પામીએ તે માટે) તે થકી અપ્રથમ સમયના મનુષ્ય અસંખ્યાત ગુણા છે ૨. (સમુર્છિમ મનુષ્ય એક સમયે અસંખ્યાતા ઉપજે તે માટે.) તે થકી પ્રથમ સમયના નારકી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસંખ્યાત ગુણા છે ૩, તે થકી પ્રથમ સમયના દેવતા અસંખ્યાત ગુણા છે ૪, અને તે થકી પ્રથમ સમયના તિર્યંચ અસંખ્યાત ગુણા છે ૫. (એહની ભાવના પૂર્વવત્.)

**પ્રશ્ન**—હે ભગવંત, અપ્રથમ સમયના નારકી ૧, જાવત્ અપ્રથમ સમયના સિદ્ધ ૫ એ પાંચ માંહે કયા કયા થકી થોડા, ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા અપ્રથમ સમયના મનુષ્ય છે ૧, તે થકી અપ્રથમ સમયના નારકી અસંખ્યાત ગુણા છે ૨, તે થકી અપ્રથમ સમયના દેવતા અસંખ્યાત ગુણા છે ૩, તે થકી અપ્રથમ સમયના સિદ્ધ અનંત ગુણા છે ૪, ને તે થકી અપ્રથમ સમયના તિર્યંચ અનંત ગુણા છે ૫.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના નારકી ૧, ને અપ્રથમ સમયના નારકી ૨, એ બે માંહે કયા કયા થકી થોડા, ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા પ્રથમ સમયના નારકી છે, ૧, તે થકી અપ્રથમ સમયના નારકી અસંખ્યાત ગુણા છે ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના તિર્યંચ ૧, અને અપ્રથમ સમયના તિર્યંચ ૨, એ બે માંહે કયા કયા થકી થોડા, ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા પ્રથમ સમયના તિર્યંચ છે ૧, ને તે થકી અપ્રથમ સમયના તિર્યંચ અનંત ગુણા છે ૨, (કારણ કે અન્ય ગતિ માંહેથી તિર્યંચપણે ઉપજે તે પ્રથમ સમયી તિર્યંચ કહીએ તે તો અસંખ્યાતાજ છે. અને જે તિર્યંચ મરી તિર્યંચમાં ઉપજે છે તે અપ્રથમ સમયી કહીએ જેથી તે અનંતગુણા છે એ ભાવાર્થ.)

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના મનુષ્ય ૧ ને અપ્રથમ સમયના મનુષ્ય ૨, એ બે માંહે કયા કયા થકી થોડા, ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા પ્રથમ સમયના મનુષ્ય છે ૧, અને તે થકી અપ્રથમ સમયના મનુષ્ય અસંખ્યાત ગુણા છે ૨, (સમુર્છિમ ભેળા માટે મનુષ્ય અસંખ્યાત કહ્યા).

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના દેવતા ૧, ને અપ્રથમ સમયના દેવતા ૨, એ બે માંહે કયા કયા થકી થોડા, ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા પ્રથમ સમયના દેવતા છે ૧, અને તે થકી અપ્રથમ સમયના દેવતા અસંખ્યાત ગુણા છે ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના સિદ્ધ ૧, ને અપ્રથમ સમયના સિદ્ધ ૨, એ બે માંહે કયા કયા થકી થોડા, ઘણાં હોય?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વ થકી થોડા પ્રથમ સમયના સિદ્ધ છે ૧, (ઉત્કૃષ્ટા એકસો આઠ હોય તે માટે.) ને તે થકી અપ્રથમ સમયના સિદ્ધ અનંત ગુણા છે ૨.

**પ્રશ્ન**—હે ભગવંત, પ્રથમ સમયના નારકી ૧, અપ્રથમ સમયના નારકી ૨, પ્રથમ સમયના તિર્યંચ ૩, અપ્રથમ સમયના તિર્યંચ ૪, પ્રથમ સમયના મનુષ્ય ૫, અપ્રથમ સમયના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્ય ૬, પ્રથમ સમયના દેવતા ૭, અપ્રથમ સમયના દેવતા ૮, પ્રથમ સમયના સિદ્ધ ૯, ને અપ્રથમ સમયના સિદ્ધ ૧૦. એ દશ માંહે કયા કયાથકી થોડા, અથવા ઘણા, અથવા સરીખા, અથવા વિશેષાધિક હોય ?

**ઉત્તર**—હે ગૌતમ, સર્વથકી થોડા પ્રથમ સમયના સિદ્ધ છે ૧, (ઉત્કૃષ્ટપણે પણ એકસો આઠ પામીએ તે માટે.) તેથકી પ્રથમ સમયના મનુષ્ય અસંખ્યાત ગુણા છે ૨, (સમુર્છિમ મનુષ્યે એક સમે અસંખ્યાતા ઉપજતા પામીએ તે માટે.) તેથકી અપ્રથમ સમયના મનુષ્ય અસંખ્યાત ગુણા છે ૩, તેથકી પ્રથમ સમયના નારકી અસંખ્યાત ગુણા છે ૪. તે થકી પ્રથમ સમયના દેવતા અસંખ્યાત ગુણા છે ૫, તે થકી પ્રથમ સમયના તિર્યંચ અસંખ્યાત ગુણા છે ૬. (જો કે તિર્યંચ તો સદાઈ એક સમયે અનંતા ઉપજતા પામીએ પણ ત્યાં જે તિર્યંચ માંહેથી મરીને તિર્યંચ માંહે ઉપજે છે તે તો અપ્રથમ સમયનાજ કહીએ તે માટે તે ઇહાં લેવા નહીં પણ જે અન્ય ત્રણ ગતિમાંહેથી મરી તિર્યંચ માંહે આવી ઉપજે છે તે ઉપપાત સમયે પ્રથમ સમયી કહીએ તે ઇહાં લેવાં તો તે તો અસંખ્યાતાજ પામીએ જેથી કરીને અસંખ્યાતજ કહ્યા છે.) તે થકી અપ્રથમ સમયના નારકી અસંખ્યાત ગુણા છે ૭. તે થકી અપ્રથમ સમયના દેવતા અસંખ્યાત ગુણા છે ૮. તે થકી અપ્રથમ સમયના સિદ્ધ અનંત ગુણા છે ૯. અને તે થકી અપ્રથમ સમયના તિર્યંચ અનંત ગુણા છે ૧૦. (સદાઇ તિર્યંચમાં ઉપજતા થકા પણ અપ્રથમ સમયીજ કહીએ તે માટે.) ॥૨॥

એ શ્રી જીવાભિગમ સૂત્રે દશ વિધ સર્વ જીવની પ્રતિપતિ સંપૂર્ણ થઇ. એટલે સર્વ સંસારી અને અસંસારી જીવનો અભિગમ સંપૂર્ણ થયો. એટલે શ્રી જીવાભિગમ સૂત્ર (ત્રીજૂં ઉપાંગ) સંપૂર્ણ થયું. તેમાં કાંઇ ભૂલ ચુક હોય તો અરિહંત અનંતા સિદ્ધ કેવળી ભગવંતની સાખે તસ્સ મિચ્છામિદુક્કડં.

**ઇતિ શ્રી જીવા ભગવતિ સૂત્ર ત્રીજું ઊપાંગ સંપૂર્ણ ॥**

## दोहरो.

**जवलगे मेरु अडगडे, जवलगे शशियर सूर; ॥**
**तवलगे ए पूस्तिका, रहो अखंड भरपूर. ॥१॥**

**સ મા પ્ત.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આશ્રયપત્ર.

આ પુસ્તક છપાયા પહેલાં અગાવથી ગ્રાહક થઇ આશ્રય આપનાર સદ્ગૃહસ્થોના મુબારક નામ ઉપકાર સાથે નીચે પ્રમાણે પ્રગટ કરવામાં આવે છે.—

## ૯૮ મુંબઇ બંદર.

૨ રા. રા. કેશવલાલ સખીદાસ સંઘાણી, એલ. સી. ઇ. માટુંગા.
૧ ,, પ્રભુદાસ વીરજી શાહ.
૧ ,, ડુંગરસી ભારમલ એન્ડ કો૦.
૧ ,, નારણજી પરષોત્તમ, કચ્છ–અંજારવાળા,
૫ ,, ગોકળદાસ પ્રેમજી શાહ, માંગરોળવાળા.
૩ ,, જેઠાલાલ રામજી શાહ, માંગરોળવાળા.
૧ ,, જગજીવન દયાળ શાહ, ,,
૨ ,, પુંજાભાઇ લાધાભાઇ પીપરીયા, માંગરોળવાળા.
૫ ,, મદનજી જુઠા શેઠ, ,,
૧ ,, દેવજી જુઠા શાહ, ,,
૧ રત્નચિંતામણી સ્થાનકવાસી જૈનમિત્ર મંડળ હા. રા. રા. જેઠાલાલ રામજી.

## રા. રા. અમરચંદ વીરજી શાહ, માંગરોળવાળા મારફત.

૧ રા. રા. અમરચંદ વીરજી શાહ, માંગરોળવાળા.
૧ ,, કપુરચંદ પ્રાગજી શાહ. ,,
૧ ,, હરિદાસ જગજીવન શાહ. ,,
૧ ,, જમનાદાસ ખુશાલચંદ વોરા, પોરબંદરવાળા.
૧ ,, શોભાગચંદ વસનજી, વેરાવળવાળા.
૧ ,, પાનાચંદ ફુલચંદ ગોવિંદજી. ,,
૧ ,, ગલાલચંદ શોમચંદ શાહ. ,,
૧ ,, મુળચંદ કેશવજી.
૧ ,, પ્રભુદાસ હીરજી.

## રા. રા. ગોકળ પાનાચંદ મેતા (સોની) મારફત.

૨ રા. રા. ગોકળ પાનાચંદ મેતા.
૧ ,, ઉમેદચંદ ગુલાબચંદ શાહ.
૧ ,, પ્રાગજી વસનજી શાહ.
૧ ,, સાંકળચંદ જગશી શેઠ.
૨ ,, લક્ષ્મીચંદ લાધા શાહ, કચ્છ પુનડીવાળા.
૧ ,, ગોણપત ચાંપશી શાહ, ગુંદાળાવાળા.
૨ ,, નરશીભાઇ વીરજી.
૩ ,, ગોકળદાસ જાદવજી.
૧ ,, દેવકરણ ઝવેર શાહ.
૧ ,, ગાંગજી મુળજી શાહ. કચ્છ પત્રીવાળા.
૧ ,, નેણશી રવજી શાહ, કચ્છ કપાઇયાવાળા.
૧ ,, ભીમજી રણશી શાહ, કચ્છ પત્રીવાળા.
૧ ,, તેજુલાલ શેઠ, કચ્છ કપાઇયાવાળા.
૧ ,, ભારમલ કોરશી શાહ.
૧ ,, મોનજી હીરજી શાહ.
૧ ,, વરજાંગ દેસા શાહ, કચ્છ ગુંદારા.

## રા. રા. અભેચંદભાઇ ગોપાળજી કોઠારી મારફત.

૨૫ રા. રા. તુલસીદાસ મોનજી શેઠ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧ ,, અભેચંદભાઇ ગોપાળજી કોઠારી.
૫ ,, ગુલાબચંદ મોતીચંદ શાહ.
૧ ,, પ્રેમચંદ નંદલાલ પારેખ.
૧ ,, કેશવજી મકનજી દોશી.
૧ ,, કપુરચંદ રામચંદ કંપાણી.
૧ ,, તારાચંદ હરખચંદ શાહ.

## ગોંડળ.

૧ રા. રા. ભાઇચંદ શીરાજ કોઠારી.
૧ ,, નરભેરામ જીવા શાહ.
૧ ,, કાનજી મીઠાચંદ શેઠ.
૧ ,, લલુ જેચંદ શાહ.
૧ ,, પાનાચંદ નારણજી મોદી.
૧ ,, લીલાધર ડોશા હા. ત્રીકમજી. દેશાઇ.
૧ ,, રવજી પ્રેમજી ગોડા.
૧ ,, ખુશાલચંદ વર્ધમાન શંઘાણી.
ગોંડળ સીટી ફોજદાર.
૧ ,, ગુલાબચંદ વાઘજી દોશી.
૧ ,, દુલભજી પ્રેમજી ગોડા.
૧ ,, નરભેરામ વલભજી મોદી.
૧ ,, માણેકચંદ કાળીદાશ ભરવાડા.
૧ ,, વીરપાળ જાદવજી ,,
૨ ,, અભેચંદ રણછોડ.
૧ ,, કલ્યાણજી દેવકરણ શેઠ.
૨ ,, નરભેરામ ડુંગરશી છરીયા.
૧ ,, પાનાચંદ શીરાજ મુખત્યાર.
૧ ,, અમરચંદ હેમચંદ શંઘાણી.
૧ ,, ચત્રભૂજ ટોકરશી કોઠારી,
ગોંડળ આ. રે. ક. સાહેબ.
૧ ,, પરશોતમ મુળચંદ પારેખ.
૧ ,, ત્રીભોવન જીવરાજ પારેખ.

## મોરબી મેતા ભાણજી મકનજી મારફત

૫ રા. રા. દેશાઇ અનોપચંદ જજભાઇ હા.
મણીબાઇ હાકેમચંદ જેતપરવાળા.
૧ ,, સંઘાણી અભેચંદ હંશરાજ ગોંડળ
૧ ,, ભાણજી મકનજી, મહેતા. ,,
૫ ,, મોરબી જૈનશાળા હા. ઝવેરી
ત્રીભોવન મોણસી.
૫ ,, અંબાવી ડોશાણી શેઠ.
૩ ,, વનેચંદ રાજપાળ દેશાઇ હા.
નાનુભાઇ પોપટભાઇ.
૩ ,, ઘેલા વાલજી શંઘવી.
૨ ,, જુઠા ડોશાણી શેઠ.
૨ ,, નીમચંદ દેવચંદ શેઠ.
૨ ,, ખુશાલચંદ જાદવજી શેઠ.
૨ ,, મોણસી અમુલખ ઝવેરી.
હા. ત્રીભોવનભાઇ.
૨ ,, મનસુખલાલ તારાચંદ,
મોરબી ટ્રાફીક સુપરી૦
૨ ,, સુખલાલ મોનજી હા. પુરીબાઇ.
૧ મોરબી લાઇબ્રેરી.
૧ ,, ત્રીકમજી મુળચંદ શંઘવી.
૧ ,, હીરાચંદ લક્ષ્મીચંદ મહેતા.
૧ ,, વનેચંદ પોપટ દફતરી.
૧ ,, ઉમીયાશંકર ફુલચંદ દફતરી.
૧ ,, ભાઇચંદ જગજીવન મહેતા.
૧ ,, ત્રીકમજી ધનજી મહેતા.
૧ ,, માણેકચંદ ગોવીંદજી મહેતા.

## ૨૯ વઢવાણ શાહેર.

## રા. રા. ચુનીલાલ નારણજી મારફત.

૩ રા. રા. ધનજી લાલચંદના ઉપાશ્રયખાતે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧ ,, સુંદરજી ધનજી વોરા.
૧ ,, ડાહ્યા જેઠા શાહ.
૧ ,, ઉજમશી કચરા શાહ.
૧ ,, હરચંદ હીમચંદ હા. નરશિદાસ.
૧ ,, જીવણ વખતચંદ હા. મગનલાલ ઉજમશી સંઘવી.
૧ ,, લલુભાઇ ઓધાભાઇ ગોશળીયા.
૧ ,, નાનજી વર્ધમાન શાહ.
૧ ,, વાલજી સંઘજી વકીલ.
૧ ,, હરખચંદ ચાંપશી શાહ.
૧ ,, ફુલા પનજી શાહ હા. બેન સંતોક.
૧ ,, ચુનીલાલ નરશી શાહ.
૧ ,, ગોગલ ગલા હા. મગનલાલ ભાવસાર.
૧ જ્ઞાનવર્ધક ફંડ હા. બહેચરદાસ નથુભાઇ.
૧ રા. રા. નાગરદાસ જેઠા હા. મોહનલાલ.
૧ ,, શીવલાલ હીમજી સંઘવી.
૧ ,, દેવકરણ ભુદર હા. બેન અચી.
૧ ,, હરગોવન ભુદર હા. બેન મણી.
૧ દરીયાપરી જૈન કન્યાશાળાના માસ્તર બાઇ મોંઘી.

## રા. રા. છોટાલાલ ત્રીભોવનદાસ ગાંધી મારફત.

૧ રા. રા. જેરાજભાઇ દેવચંદ ગાંધી.
૧ ,, ત્રીભોવન દેવચંદ ગાંધી.
૧ ,, માણેકચંદ ચાંપસી ગાંધી.
૧ ,, ઉકાભાઇ મુળચંદ ગાંધી.

## મલુકચંદ ઝુંઝાભાઇ શેઠ મારફત.

૧ રા. રા. ગોકળદાશ લધુભાઇ શાહ.
૨ ,, લલુભાઇ નગીનદાસ શ્રીસુરતવાળા.
૧ ,, ઝુંઝાભાઇ વેલશી.

## ૧૬ પોરબંદર.

## જીવણભાઇ આણંદજી શા. મારફત.

૧ રા. રા. જીવણભાઇ આણંદજી શાહ.
૨ ,, હીરજી રામજી શાહ.
૧ ,, મનમોહનદાસ કપુરચંદ ગોશળીયા
૧ ,, હરજીવનદાસ નેમીદાસ.
૧ ,, પોરબંદર જૈનશાળા ખાતે.
૧ ,, ધારશી જાદવજી શાહ હા. બાઇ જેકુંવર.
૧ ,, દેવીદાસ લખમીચંદ ધેવરીયા.
૧ ,, હરખચંદ વેલજી શાહ.
૧ ,, અમરચંદ જસરાજ શાહ.
૧ બાઇ કપુરબાઇ.
૧ ,, નાનજી ગીરધર.
૧ બાઇ ચાંપાબાઇ.
૧ ,, નાનચંદ તારાચંદ.
૧ ,, પોપટ જાદવજી શાહ.
૧ ,, કશળચંદ કાળીદાશ બાવીસી જેતપર વાળા.

## જામનગર.

## તારાચંદ રાયચંદ વારીયા મારફત.

૪ વીસા શ્રીમાળી લોકાગચ્છના ઉપાશ્રય તરફથી હા. પુનાતર ખેંગાર રાજપાળ વિગેરે.
૧ રા. રા. શોમચંદ આણંદજી પારેખ.
૧ ,, જગજીવન તથા હેમચંદ મહેતા.
૧ ,, મોહનલાલ હરખચંદ ખજુરીયા.
૧ ,, વલભજી હેમરાજ મહેતા.
૧ બાઇ ટમી બાઇ નારણજી.
૧ રા. રા. કરશનજી કમળશી મહેતા.
૧ ,, હીરાચંદ આણંદજી પારેખ.
૧ બાઇ શીવકુંવરબાઇ પદમસી.
૧ બાઇ મોતીબાઇ હરખચંદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૩૦ વેરાવળ.**

૨૫ રા. રા. શાહ ખુશાલચંદ મોરારજીની વિધવા બાઇ જીજીબાઇ નાનજી.
૨ ,, ફુલચંદ ગોવિંદજી શાહ.
૩ ,, નરોતમ જેઠા શાહ હા. બાઇ શીવકુંવર.

**૬ માંગરોળ.**

૨ રા. રા. નેમચંદ વસનજી શેઠ.
૧ ,, કપુરચંદ હરખચંદ શાહ.
૧ ,, કાળીદાસ પ્રેમચંદ શેઠ.
૧ બાઇ જવલ પ્રેમજી.
૧ રા. રા. હરખચંદ ખીમજી બદાણી.

**૬ સરસાઇ.**

**રા. રા. વિઠલજીભાઇ જેચંદ, સરસાઇ મહાલકરી સાહેબ મારફત.**

૧ રા. રા. વીઠલજીભાઇ જેચંદભાઇ.
૧ ,, કપુરચંદ નથુ શાહ.
૧ ,, અજરામર કાળા દોશી.
૧ ,, મોનજી કચરા દોશી.
૧ ,, નરભેરામ પ્રાગજી કાળસારી.
૧ ,, દામોદર પાનાચંદ. ,,

**૩ વડીયા.**

૧ રા. રા. પ્રાણુજીવન અંદરજી.
૧ જૈન સ્થાનક ખાતે હા. કોઠારી ઝવેરચંદ જીવાભાઇ.
૧ રા. રા. મોતીચંદ વાહાલજી દોશી.

**૬ રાજકોટ.**

૧ રા. રા. અનોપચંદ મુળચંદ મહેતા, હા. બાઇ જવલબાઇ.
૧ ,, ન્યાલચંદ કપુરચંદ મહેતા.
૧ ,, ઝવેરચંદ મુળચંદ મોદી.
૧ ,, મોતીચંદ ઓધવજી શેઠ.
૧ ,, દુલભજી ડાહ્યા શેઠ, હા. બાઇ જડાવબાઇ.
૧ ,, માણેકચંદ મોનજી દોશી.

**સિદ્ધપુર પાટણ (ગુજરાત).**

૧ રા. રા. પ્રભાશંકર લીલાધર દોશી પાટણ ન્યાયાધીશ સાહેબ.

**વોરા તારાચંદ દોલચંદ મારફત.**

૧ શ્રી પાટણ જૈન સ્થાનકવાસી સ્થાનક ખાતે.
૧ રા. રા. તારાચંદ દોલતચંદ વોરા.
૧ ,, જેઠુભાઇ હરખચંદ ભણુશાળી.
૧ ,, રતનચંદ ગગલચંદ શાહ.
૧ ,, કેશવલાલ મગનલાલ શેઠ.
૧ ,, મોહનલાલ લહેરભાઇ ભણુશાળી.
૧ ,, ડાહ્યાભાઇ ખુબચંદ ભણુશાળી.
૧ ,, સરૂપચંદ ત્રીભોવનદાસ ઝવેરી.

**સરધાર.**

૫ ,, શેઠ મુળચંદભાઇ કરશનજી શેઠ.

**જેતપુર.**

૫ ,, શામળજીભાઇ ખોડાભાઇ કામદાર.
૧ ,, પ્રેમચંદ કરશનજી બદાણી.

**અમદાવાદ.**

૧ ,, હીરાચંદ વેલજી સંઘાણી.
૧ ,, પુંજાભાઇ હીરાચંદ શાહ.

**ઠસા.**

૧ જૈનશાળા હા. રા. રા. વનમાળી વેલજી.

**ટીકર. (રણનું)**

૨ જૈનશાળા હા. રા. રા. ત્રીભોવન પીતાંબર.

**વેજલપુર.**

૨ રા. રા. કોદર છગનલાલ ગાંધી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**લાલપર.**

૧ સ્થાનક ખાતે હા. રા. રા. કચરા લાધા શા.

**જોડીયા.**

૧ જોડીયા જૈન મણિબાઇ લાયબ્રેરી તરફથી.
હા. ચત્રભજ પ્રેમજી વકીલ.

**અજમેર.**

૩ ટુ ધી મેનેજર જૈન બુક ડીપો.

**બીલખા.**

૧ સ્થાનક ખાતે હા. રા. રા. નાગજી વેલજી.

**૧ ધાંગધ્રા.**

૧ રા. રા. નાગરદાસ ગફલભાઇ સંઘવી.

**૩ સુરત.**

૩ પુસ્તકાલય ખાતે હા. રા. રા. તારા-
ચંદ ઉતમચંદ.

**૧ ધ્રોળ.**

**રા. રા. કપુરચંદ રૂપસી દોસી મારફત**

૧ ધ્રોળ સ્થાનકવાસી સંઘ સમસ્ત હા.
રા. રા. દોલતચંદ રામજી મોદી.

**૧ મેંદરડા.**

૧ રા. રા. ડોસાભાઇ હેમચંદ શાહ.

**૧ ઘાટવડ (કોડીનાર તાબે).**

૧ રા. રા. પીતાંબર પરષોતમ ગાંધી.

**૧ મેંગણી.**

૧ રા. રા. રામજી પ્રેમચંદ શેઠ.

**૧ સરપદડ.**

૧ રા. રા. જાદવજી મીઠા.

**૧ જામજોધપુર.**

**માસ્તર માણેકચંદ ખોડીદાસ મારફત.**

૧ સ્થાનક ખાતે હા. વિઠલજી કુંવરજી દોશી.

**૧ દાબીયા.**

૧ રા. રા. માનસંગ જેઠા.

**૧ અરજણસક.**

૧ રા. રા. કાળા રૂપસી પંચમીયા હા.
ભવાનભાઇ.

**૧ મેવાસા.**

૧ સ્થાનકખાતે હા. રા. રા. નથુ નાનજી.

**૨ સાજડીયારી.**

૧ રા. રા. દેવકરણ નથુ બાવીસી.
૧ ,, સવરાજ નાનજી.

**૪ કાળાવડ.**

**માસ્તર માણેકચંદ ખોડીદાસ મારફત.**

૧ કાળાવડ જૈનશાળા, હા. માસ્તર મા-
ણેકચંદ ખોડીદાસ શેઠ.
૧ રા. રા. ભાણજી પરષોતમ વકીલ.
૧ ,, સુંદરજી દેવશી રવાણી.
૧ ,, મેઘજી ડુંગરશી મહેતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org